સચિત્ર તત્ત્વજ્ઞાનનું નવલું નજરાણું....

ILLUSTRATED

JAIN COSMOLOGY

સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા



પ્રેરણાદાતા

પ.પૂ. દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યશ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે જૈન ધર્મનું અદ્વિતીય જ્ઞાન એનું નામ તત્ત્વજ્ઞાન
જે સાર અને અસારનો ભેદ બતાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે હેય અને ઉપાદેયનો વિવેક કરાવે અનું નામ તત્ત્વજ્ઞાન
જે દેહ અને આત્માનું ભેદ જ્ઞાન કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જીવનને ઉચ્ચ ગતિ તરફ પ્રેરે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જીવનને ઉજમાળ કરે તેનું નામ તત્ત્વજ્ઞાન
જે જીવન જીવવાની કળા શિખડાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જીવને અહિંસામય બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે આલોકમાં સમાધિ અપાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે પરલોકમાં સદ્ગતિ અપાવે અનું નામ તત્ત્વજ્ઞાન
જે પરંપરાએ પરમગતિ અપાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે આત્માને કલ્યાણ તરફ લઈ જાય એનું નામ તત્ત્વજ્ઞાન
જે કુગતિમાં જતા અટકાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જીવનને આરાધનામય બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે મૃત્યુને મહોત્સવ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે મુખ્ય ગુણોનું નિરુપમ નિધાન એનું નામ તત્ત્વજ્ઞાન
જે રસવૃત્તીને વશ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે કષાયરુપી કિચડને સુકવી નાંખે એનું નામ તત્ત્વજ્ઞાન
જે અત્યંત વિશુદ્ધ બુદ્ધિ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જગત માટે એક મહાન આદર્શ છે એનું નામ તત્ત્વજ્ઞાન
જે પરમશ્રદ્ધાને ઉત્પન્ન કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે પૂર્વ સૂરિ(આચાર્ય) ભગવંતોથી આવેલું એનું નામ તત્ત્વજ્ઞાન
જે પાંચમાં આરાનાં અંત સુધી રહેશે એનું નામ તત્ત્વજ્ઞાન
જે દરેક સમયે સુંવિશુદ્ધ પરિણામો બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે શરણાગત ઉપર વાત્સલ્યવાન્ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સચ્ચિદાનંદમય સ્વરુપને બતાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જૈનશાસન રુપી રથ માટે સારથી સમું એનું નામ તત્ત્વજ્ઞાન
જે સદ્ગુણ રુપી ગંગા નદીમાં પાણી સમાન એનું નામ તત્ત્વજ્ઞાન
જે માન રુપિ પર્વતને ભેદવામાં વજ્ર સમાન એનું નામ તત્ત્વજ્ઞાન
જે સર્વશાસ્ત્રોના પદાર્થના હાર્દને સમજાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સર્વજ્ઞ તીર્થંકરો દ્વારા પ્રરુપિત એનું નામ તત્ત્વજ્ઞાન
જે દ્વાદશાંગીધારક ગણધરો દ્વારા ગ્રથીત એનું નામ તત્ત્વજ્ઞાન
જે કલ્યાણકારી-મંગલકારી સંધિહતકારી એનું નામ તત્ત્વજ્ઞાન
જે સમતા-સમાધિ-સહિષ્ણુતાને સાક્ષાતકાર કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સંસારમાં રહેવા છતાં પણ અલિપ્ત બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે વર્તમાન યુગમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાન એનું નામ તત્ત્વજ્ઞાન
જે જિનશાસન રુપ ગગનાંગનમાં ધ્રુવ તારો એનું નામ તત્ત્વજ્ઞાન
જે પાંચાચાર પાલનમાં તત્પર બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જૈનશાસન પ્રતિ પૂર્ણ વફાદારી બજાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે કુમત રુપી ગંધહસ્તિઓ માટે સિંહ સમાન એનું નામ તત્ત્વજ્ઞાન
જે ઉન્માર્ગનું ઉન્મૂલન કરી સન્માર્ગમાં સ્થિર કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે કર્મરોગથી પિડિત માટે ભાવ વૈદ્ય સમાન એનું નામ તત્ત્વજ્ઞાન
જે ઉત્તમોત્તમપંડિત મરણ અપાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે દર્શન-જ્ઞાન-ચારિત્ર રુપ રત્નત્રયી સંપન્ન એનું નામ તત્ત્વજ્ઞાન

જે ષટ્જીવનિકાયનાં રક્ષણમાં તત્પર બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ભવ્યજીવોને સદ્ધર્મની દેશનાનું પાન કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સૌમ્યતાવડે ભવ્યજીવોનાં ચિત્તને રંજન કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સંસારરુપ અગ્નિમાં બળતા જીવો માટે વરસાદ સમાએનું નામ તત્ત્વજ્ઞાન
જે કલ્યાણરુપી વેલડી માટે જળની નહેર સમાએનું નામ તત્ત્વજ્ઞાન
જે અપૂર્વ ગુણોનાં અર્જનમાં તત્પર બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ૧૦ પ્રકારનાં યતિધર્મને પાલન કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ધર્મધ્યાનાદિ શુભ ભાવોમાં સદા રક્ત બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ચંદ્રની સમાન સોળે કળાએ ખીલેલું એનું નામ તત્ત્વજ્ઞાન
જે ગ્રહણ-આસેવન રુપ બે શિક્ષાઓ શિખડાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જીવને પ્રતિદિન ઉત્તરોત્તર સંવેગવાન બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે પાંચ ઈન્દ્રિયોનાં દમન કરાવવામાં તત્પર બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે શ્વાસે શ્વાસે પંચ પરમેષ્ઠિઓને યાદ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ૭૦ પ્રકારે કરણસિત્તરીના ભેદ-પ્રભેદ બતાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ૭૦ પ્રકારે ચરણસિત્તરીના ભેદ-પ્રભેદ બતાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ગુણિજનોને અત્યંત વલ્લભ-પ્રિય એનું નામ તત્ત્વજ્ઞાન
જે આ અવનીતલનું અલંકાર, શાસનનું શણગાર એનું નામ તત્ત્વજ્ઞાન
જે પૃથ્વી ઉપર વાયુની જેમ વિહાર કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ૧૮૦૦૦ શીલાંગરથને વહન કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જિનશાસન સપ સરોવર માટે રાજહંસ સમાન એનું નામ તત્ત્વજ્ઞાન
જે સદાળાય સાવદ્ય વ્યાપારોને ત્યાગ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ગુણોનાં સમુહનું એક માત્ર નિવાસ સ્થળ એનું નામ તત્ત્વજ્ઞાન
જે અકુશલ મન-વચન-કાયાની પ્રવૃત્તિ રોકાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સર્વજ્ઞ ભગવંતોનાં સિદ્ધાંતોનો પ્રચારક એનું નામ તત્ત્વજ્ઞાન
જે ૧૨ પ્રકારે મૈત્ર્યાદિ ભાવનાઓનું ચિંતન મનન કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે જિનેશ્વરોની આજ્ઞાનો મર્મ બતાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે નિત્ય પંચવિધ સ્વાધ્યાય નિમગ્ન બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સમ્યક્રુપથી જિનમતની પ્રરુપણા કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સંસારનું મમત્વ ત્યાગ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે હૃદયમાં અપાર સુખ અપાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે અનેક પ્રકારે વૃત્તિસંક્ષેપાદિ અભિગ્રહો ધરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે હજારો-લાખો શ્રાવકોને પ્રભુભક્તિમાં લીન બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સારણા-વારણાદિ કરાવવામાં કુશલ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે કલ્યાણ મિત્રની મૈત્રી કરાવવામાં અગ્રેસર અવું એનું નામ તત્ત્વજ્ઞાન
જે માન-અપમાનમાં સમવૃત્તિ-ધારક બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સ્વ-પર શાસ્ત્રોવ્હિ પારંગત બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સર્વ વિષયોમાં એક સ્થિર લક્ષ વાળો બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે ઉપાડેલી જવાબદારીને વહન કરવામાં વૃષભ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે તત્ત્વોને સમજાવવા વિશિષ્ટ બુદ્ધિ નિધાન બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે શાસન અને સંઘ પ્રતિ વાત્સલ્યવાન્ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સંયમસામ્રાજ્યનાં સિંહાસન પર બેસાડે એનું નામ તત્ત્વજ્ઞાન
જે સર્વ સાવદ્યનાં વિસર્જનમાં ઉદ્યત બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે પૃથ્વીની જેમ જીવને પણ સર્વસહા બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
જે હિત-મિત મધુર અને સ્પષ્ટભાષી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન

Jain Education International

- જે ૨૨ પરિષહ સહનમાં તત્પર બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ૧૪ રાજલોકનાં સમસ્ત જીવને અભય અપાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે કરુણા-ઉપેક્ષા-મૈત્र્યાદિથી દિગંતને પૂરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ઉત્કૃષ્ટ સંયમની સાધનાનાં સાધક બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે નમ્રતાની મૂરતી અને સમતાની સૂરતી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ત્યાગથી પણ વિશિષ્ટ વૈરાગ્યવાન્ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સંઘ એકતાની પ્રખર હિમાયતી કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે મનોજય પ્રાપ્ત કરી આભ્યંતર તપ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ઇન્દ્રિયજય પ્રાપ્ત કરી બાહ્યતપ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે મોહ રૂપ અંધકારને દૂર કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પરપરિણતીની રમણતાનો ત્યાગ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે શુદ્ધ આનંદના અદ્વિતીય ભોગી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સંઘ રૂપ સરોવરમાં મધ્યમધ્યાયમાન સુવર્ણ કમળ એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સુભાષિતોને સ્વ જીવનમાં ચરિતાર્થ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ક્ષમા-કરુણા-પ્રેમ-વાત્સલ્યતાનો દરિયો બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ચંદ્ર સમાન શીતલતા પ્રગટાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ભારંડ પક્ષીની જેમ અપ્રમત્તતા લાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સાગરની સમાન ગંભીરતા ધરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સૂર્યની સમાન તેજસ્વિતા લાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે શાસ્ત્રકારોનાં વચનોને જણાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે મોક્ષમાર્ગમાં સાર્થવાહ બને એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સંસારવાસથી નિરંતર વિરક્ત બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે મૈત્રી-ભક્તિ અને શુદ્ધિનો ત્રિવેણી સંગમ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે દેવગુરુનાં ગૌરવને ગગનવ્યાપી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે બાહ્યાભ્યંતર અગણિત ગુણોનાં સ્વામી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે અજ્ઞાનતાનાં અંધકારને મિટાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે શાંતી સામ્રાજ્યનાં સમ્રાટ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે શુદ્ધ ચૈતન્યભાવમાં સદા રમણ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ૧૪ પ્રકારે આભ્યંતર ગ્રંથીઓને તોડાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ૧૦ પ્રકારે સમાચારી પળાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ૪૨ દોષ રહિત ગોચરી ગ્રહણ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ૯ કોટિથી શુદ્ધ આહાર લેવડાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ઇન્દ્રિય રૂપી ઘોડાઓને વશ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ૯ પ્રકારનાં બ્રહ્મચર્યની વાડોને ધારણ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે દેવ ગુરુની અનુમોદના કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે વિનય ધર્મ દ્વારા પરમપ્રભુતા પ્રાપ્ત કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સમ્યક્ત્વાદિ ગુણો દ્રઢતાથી પળાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પુણ્ય-પ્રજ્ઞા-પવિત્રતાદિ વૈભવતાના ધણી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે નમ્રતા-નિખાલસતા-નિરાડંબરતા જીવનમાં લાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પરમશાંતીનું અનુપમ સ્થાન ધરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે મૂર્તિપૂજાદિ માટે આસ્થા જગાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સૂત્ર અને અર્થનો પારગામી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે જૈન સંસ્કૃતિ અને જૈનધર્મની ગૌરવગાથા એનું નામ તત્ત્વજ્ઞાન
- જે લોકાગ્રગત ભગવંતોનું ધ્યાન ધરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પરમોપકારી અરિહંતોનાં અતિશયો જણાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સમ્યક્ દર્શન નિર્મળ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સમ્યક્ જ્ઞાનની ગુણવત્તા વધારે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સમ્યક્ ચારિત્રની ચુસ્તતા જીવનમાં લાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સમ્યક્ તપોધનમાં રમતા રાખે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે જૈનશાસનનો અનુપમ અડગ સેનાની બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે અખંડ એવા આત્મતત્ત્વનાં અનુલક્ષી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે દેશ વિરતિધર-સર્વવિરતિધર બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સાવદ્ય નિવૃત્તિ અને નિરવદ્ય પ્રવૃત્તિનાં સ્વામી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે નશ્વરતાનો નાશ કરી શાશ્વત ધર્મનો સાદ સુનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે શિબિરોનાં માધ્યમથી હજારો-લાખોને સન્માર્ગમાં લાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે અર્હદ્ જ્ઞાનનાં અંતરંગ રહસ્યોનાં જાણકાર બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સર્વજ્ઞ શાસનનાં મર્મને સમજાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે જન્મ-જરા-મરણને દુઃખ રૂપ માની સંયમ લેવડાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સર્વ જીવો પ્રતિ કરુણાવાન્ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ચાલતા ફરતા જંગમતીર્થની જેમ સાક્ષાત્ હોય એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ઇચ્છિત ફળને આપવા માટે કલ્પવૃક્ષ સમાન એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સ્વાભરક્ષક-સંપ્રદાય રક્ષક-શાસન રક્ષક બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પરહિત કાર્યોમાં જ એક માત્ર આસક્ત બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે નિર્દોષ-નિર્મલ-નિષ્પાપી પ્રવૃત્તિનાં સ્વામી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે આગમોનાં અર્થ-ભાવના-પરમાર્થને યથાર્થ રૂપે જણાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે જડ વસ્તુઓ પ્રતિ અખંડ વૈરાગ્યવાન્ બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે જીવ માત્ર પ્રતિ "સવિ જીવ કરુ..."નીભાવના ધરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સંઘ અને શાસન માટે આવતા આક્રમણો સામે લાલબત્તી બને એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પુણ્યાઈ અને પ્રભુતાનો સુભગ સમન્વય કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સર્વે ગુણોમાં પ્રધાન ગુર્વાજ્ઞાકારી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પંચવિધ મિથ્યાત્વથી સદાય મુક્ત રાખે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ઉપશમલબ્ધિ ઉપકરણલબ્ધિ અને સ્થિરહસ્તલબ્ધિ ધારક બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પ્રતિદિન પરોપકાર કરવાના વ્યસની બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સ્વસ્વાર્થ ગૌણ કરી પરાર્થ કરવાના કોડ જગાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે મહાપુરુષોનાં આદર્શોને સામે લાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સર્વતોમુખી સિદ્ધિનાં સ્વામી બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે અકાટ્ય તર્કશૈલીથી લોકોનાં શંસયો ભાંજે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે દરેક સમયે વીતરાગ ભાવને પ્રાપ્ત કરવાની ઇચ્છા પ્રગટાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સમસ્યાઓ આવતા સમાધાન અપાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે પ્રતિકુલતામાં પણ પ્રસન્નતા વધારે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે અનુકુલતામાં પ્રશમતા વધારે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે જીવનપર્યંત દ્રવ્ય/ભાવ સમાધિ યુક્ત જીવન બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે આત્માનાં હિતની અપેક્ષા કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે આત્માનાં અહિતની ઉપેક્ષા કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે આશ્રિતવર્ગોમાં દોષોનો નિકાસ અને ગુણોનો વિકાસ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે અપ્રમત્તભાવે પઠન-પાઠનમાં લીન બનાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે સેવા-સમર્પણનો પ્રતિદિન યોગ કરાવે એનું નામ તત્ત્વજ્ઞાન
- જે ઉન્માર્ગમાં સ્થિત લોકોને સન્માર્ગમાં લાવે એનું નામ તત્ત્વજ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ऐं नमः ॥

॥ नमोऽस्तु तस्मै तव शासनाय ॥

॥ श्री तपागच्छाचार्य श्री प्रेम-भुवनभानु-जयघोष-जितेन्द्र-गुणरत्न-रश्मिरत्न-हीररत्नविजय सद्गुरुभ्यो नमः॥

सचित्र तत्त्वज्ञानનું નવલું નજરાણું....

ILLUSTRATED

JAIN COSMOLOGY

सर्वज्ञ कथित विश्व व्यवस्था

दिव्य आशीर्वाद

प. पू. सिद्धांतमहोदधि आ. श्रीमद् वि. प्रेमसूरीश्वरजी म. सा.
प. पू. न्यायविशारद आ. श्रीमद् वि. भुवनभानुसूरीश्वरजी म. सा.
प. पू. मेवाडदेशोद्धारक आ. श्रीमद् वि. जितेन्द्रसूरीश्वरजी म. सा.

शुभाज्ञा - आशीर्वाद

परम पूजय सिद्धांत दिवाकर सुविशाल गच्छाधिपति
आ. श्रीमद् विजय जयघोषसूरीश्वरजी म. सा.

पावन प्रेरणा


प. पू. दीक्षा दानेश्वरी आ. श्रीमद् वि. गुणरत्नसूरीश्वरजी म. सा.
प. पू. प्रवचन प्रभावक आ. श्रीमद् वि. रश्मिरत्नसूरीश्वरजी म. सा.

संशोधक

प. पू. पंन्यास प्रवर श्री चंद्रशेखरविजयजी म. सा. ना शिष्यरत्न
प. पू. पंन्यास प्रवर श्री मेघदर्शनविजयजी म. सा.

संकलक-संयोजक-संपादक

प. पू. मुनिराज श्री हीररत्नविजयजी म. सा. ना शिष्यरत्न
मुनि चारित्ररत्नविजय .....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☞ ગ્રંથનું નામ :- ILLUSTRATED
JAIN COSMOLOGY
સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા

☞ વિષય :- જૈનધર્મ સંબંધી ભૂગોળાદિની વિસ્તૃત માહિતી .....

☞ વિશેષતા :- ડબલ ક્રાઉન સાઈઝના ૫૦૦ ઉપરાંત પાનાઓમાં તૈયાર થયેલું મુખ્ય ૭ વિભાગોમાં વિભક્ત, એ જ ૭ વિભાગોમાં ૧૦૮ વિષયોને આવરતી સમ્યક્ અને સરળ ભાષામાં લખાયેલી લેખમાલાઓ, ૧૦૦ જેટલાપાનાઓમાં તૈયાર થયેલ દળદાર "જાણવા જેવી ભૂમિકા", ૧૫૦ થી વધુ આગમ-પ્રકરણ ગ્રંથોનો આધાર..., તેમજ ૬૮ જેટલા પ્રાચીન ચિત્રોની પ્રતિકૃતિઓનો વિશિષ્ટ સંગ્રહ અને ઉપરોક્ત ૧૦૮ વિષયોને જ સમજાવવા માટે ૨૦૦ ઉપરાંત ચિત્રોનું વિશાળ સંકલન.....

☞ ગ્રંથપ્રેરક :- પ. પૂ. દીક્ષાદાનેશ્વરી આ. શ્રી વિ. ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.
પ. પૂ. ષડ્દર્શનનિષ્ણાત આ. શ્રી વિ. રશ્મિરત્નસૂરીશ્વરજી મ. સા.

☞ સંશોધક :- પ. પૂ. પં. શ્રી મેઘદર્શનવિજયજી મ. સા....

☞ સંપાદક :- પ. પૂ. મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજી મ. સા....

☞ નિમિત્ત :- ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ પ. પૂ. આ. શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનું જન્મશતાબ્દિ વર્ષ.....

☞ પ્રકાશન વર્ષ :- વિ . સં. ૨૦૬૮, વી. સં. ૨૫૩૮, ઈ. સન્ ૨૦૧૨.

☞ આવૃત્તિ :- પ્રથમ (વૈશાખ માસ) ☞ નકલ (પ્રતિકૃતિ) :- ૬૦૦

☞ આવૃત્તિ :- દ્વિતીય (શ્રાવણ માસ) ☞ નકલ (પ્રતિકૃતિ) :- ૧૫૦૦ (સુધારા વધારા સાથે...)

☞ પૃષ્ઠ સંખ્યા :- ૩૮+૪૮૨=૫૨૦

☞ મૂલ્ય :- ૩૫૦-૦૦

☞ ફોટો સેટીંગ :- અપૂર્વભાઈ શાહ (અમદાવાદ)

: પ્રકાશક :
જિનગુણ આરાધક ટ્રસ્ટ
રાજદા બિલ્ડીંગ, ઓ. નં. ૯/૧૧, બીજો માળ,
જૂની હનુમાન કોસ લેન, કાલબાદેવી રોડ, મુંબઈ-૩.

: મુદ્રક :
Navrang Printers (Apurvabhai)
૧૩, અદાણી ચેમ્બર્સ, આસ્ટોડીયા રંગાટી બજાર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન.- 079-22110475 મોબાઈલ.-09428 500 401.

: પ્રાપ્તિસ્થાન :

✪ અમદાવાદ ✪
શાહ બાબુલાલજી સરેમલજી
"સિદ્ધાચલ", સેન્ટ એન્સ સ્કૂલની સામે,
હીરા જૈન સોસાયટી, સાબરમતી,
અમદાવાદ-૩૮૦૦૦૫.
(M) 94265 85904
(O) 079-22132543
(R) 079-27505720

✪ અમદાવાદ ✪
શાહ ભંવરભાઈ ચુનીલાલજી
C/O, ભૈરવ કોર્પોરેશન
S/55, વૈભવલક્ષ્મી કોમ્પલેક્ષ,
ઘી કાંટા રોડ, અમદાવાદ-૧.
(M) 94277 11733
(R) 079-27500725

✪ સૂરત ✪
શાહ અનિલભાઈ ભંવરભાઈ
C/O, વીતરાગ ક્રિયેશન
335/336,T.T. માર્કેટ, રિંગરોડ,સૂરત.
(M) 98792 73988
(R) 0261-3139522

✪ મહારાષ્ટ્ર ✪
ચેતનભાઈ એચ. મહેતા
A/303, પવનકુંજ, નાકોડા હોસ્પીટલની
બાજુમાં, ૯૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ)
401101 જિ. થાણા (મહારાષ્ટ્ર)
(M) 9867058940
(R) 022-28140706

✪ મુંબઈ ✪
માંગીલાલજી પારેખ
C/O, રમેશકુમાર લાલચંદજી એન્ડ કું.
૧૮૪-બી, પહલી ગલી, મંગલદાસ માર્કેટ
જુમ્મા મસ્જિદની સામે, મુંબઈ-૨
(M) 09773329503
(O) 022-22087002

કાયમી પ્રાપ્તિ સ્થાન સંપર્ક સૂત્ર
અરુણભાઈ (સાબરમતી)
(M) 9427522101, 9408252201

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



વંદના...
વર્તમાન ચોવિશીનાં પ્રથમ તીર્થંકર
શ્રી ઋષભદેવ પ્રભુને...



વંદના...
કલિકાલ કલ્પતરુ, વિઘ્ન વિદારક
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને.....



વંદના...
વર્તમાનતીર્થના સ્થાપક,
આસન્નોપકારી શ્રી મહાવીર સ્વામીને.....



વંદના...
અનંતલબ્ધિનિધાન, વિનયધર્મના
અજોડ સાધક એવા શ્રી ગૌતમસ્વામીને.....



વંદના...
લઘુહરિભદ્ર, પ. પૂ. મહામહોપાધ્યાય
વાચકવર્ય શ્રી યશોવિજયજીને.....



વંદના...
સિદ્ધાંતમહોદધિ, સુવિશાલગચ્છસર્જક
આ. વિ. પ્રેમસૂરીશ્વરજીને.....



વંદના...
વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ
આ. વિ. ભુવનભાનુસૂરીશ્વરજીને.....



વંદના...
સુવિશાલ ગચ્છાધિપતિ, સિદ્ધાંતદિવાકર
આ. વિ. જયઘોષસૂરીશ્વરજીને.....



વંદના...
મેવાડદેશોદ્ધારક, રાષ્ટ્રસંત
આ. વિ. જિતેન્દ્રસૂરીશ્વરજીને.....



વંદના...
દીક્ષા દાનેશ્વરી, યુવાજાગૃતિપ્રેરક
આ. વિ. ગુણરત્નસૂરીશ્વરજીને.....



વંદના...
પ્રવચન પ્રભાવક, ષડ્દર્શનનિષ્ણાત
આ. વિ. રશ્મિરત્નસૂરીશ્વરજીને.....

હે ઉપકારી ! તમારો ઉપકાર હું કદિએ ન વિસરું...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ वद वद वाग्वादिनि ! भगवति ! सरस्वती !
श्रुतदेवी ! मम जाड्यं... ... हर हर श्री भगवत्यैक
ठः ठः ठः स्वाहा..... ॥



सकलमंगलवृद्धिविधायिनि, सकलसद्गुणसन्ततिदायिनि ।
सकलमङ्गलसौख्यविकासिनि, हरतु मे दुरितानि सरस्वती ॥

पवरपण्डितपुरुषपूजिता, पवरकान्तिविभूषणराजिता ।
पवरदेहविभावरमण्डिता, हरतु मे दुरितानि सरस्वती ॥

॥ ऐँ नमः ॥

કવિજનોના મનોવાંછિતને પૂર્ણ
કરવા માટે કલ્પલતાની સમાન
હે શ્રુતાધિષ્ઠાયિકા ! સરસ્વતી માતા !

JAIN COSMOLOGY
(સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)

વિષયક આ ગ્રંથનું સુંદર આલેખન
થાય તે માટે સાનિધ્ય કરવાની પ્રાર્થના
સહ આપનું પ્રણિધાન કરું છું.....
તેથી હે દેવી ! આપ પ્રસન્નતા પૂર્વક
સાનિધ્ય કરજો..... બસ!
આટલું મંગલ કર્યા પછી હવે
આ ગ્રંથનો પ્રારંભ કરું છું.....



अमरदानवमानवसेविता, जगति जाड्यहरा श्रुतदेवता ।
विशदपक्षविहंगविहारिणी, हरतु मे दुरितानि सरस्वती ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

INDEX અનુક્રમણિકા INDEX

વિષય પૃષ્ઠ

☞ ગ્રન્થ નામાદિ....1
☞ વિશેષતા-પ્રાપ્તિસ્થાનાદિ....2
☞ અનુક્રમણિકા....3
☞ પ્રકાશકીય નિવેદન....4
☞ त्वदीयं तुभ्यं समर्पयामि....5
☞ અહો સુકૃતમ્....6
☞ પ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ની જીવન ઝલક....7
☞ પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ની જીવન ઝલક....8
☞ પ. પૂ. આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા. ની જીવન ઝલક....9
☞ પ. પૂ. આ. શ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની જીવન ઝલક....10
☞ પ. પૂ. આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ. સા. ની જીવન ઝલક....11
☞ પ. પૂ. આ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ. સા. ની જીવન ઝલક....12
☞ પ. પૂ. ગચ્છાધિપતિશ્રીજીનાં આશીર્વચન....13
☞ ज्ञानस्य फलं विरतिः....13
☞ જૈન વિશ્વ રચના....14
☞ तेणं कालेणं तेणं समयेणं....15
☞ અદ્‌ભુત એવા જિનશાસનને વંદન.... વંદન... વંદન. 16
☞ એક ઉમદા ગ્રંથનુ સર્જન એટલે 20
☞ વિજ્ઞાન વિકાસની પરાકાષ્ટાએ કે પગદંડીએ ?....21
☞ વિશ્વ વ્યવસ્થાના અજ્ઞાત રહસ્યો પર પ્રકાશ....22
☞ JAIN COSMOLOGY અર્થાત્ સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા....24
☞ સંપાદકની કલમે....26
☞ અભિપ્રાય પત્રોની આંશિક ઝલક....32
☞ JAIN COSMOLOGY ગ્રંથનો પરિચય અને વિભાગીકરણ....34
☞ ઋણ મુક્તિ નહીં પણ ઋણ સ્મૃતિ....37
☞ ગ્રંથ પ્રારંભ - અનુક્રમણિકા - આધારગ્રંથાદિ....૧-૮
☞ લોકવર્ણન....૯-૩૬
☞ અધોલોક....૩૭-૫૮
☞ મધ્યલોક....૫૯-૧૭૪
☞ ઉર્ધ્વલોક....૧૭૫-૧૯૮
☞ પ્રકીર્ણક....૧૯૯-૨૫૦
☞ જાણવા જેવી ભૂમિકા....૨૫૧-૩૫૦
☞ પરિશિષ્ટ - ૧....૩૫૧-૪૧૬
☞ પરિશિષ્ટ - ૨....૪૧૭-૪૮૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકીય નિવેદન.....

જૈનધર્મ તે અનાદિકાળથી ચાલતો આવે છે તેમજ અનંતકાળ સુધી આ જૈનધર્મ પૃથ્વી ઉપરથી અનંતાનંત આત્માઓને મોક્ષે જવામાં નિમિત્ત બનવાનો છે વળી કહેવાતા આ જૈનશાસ્ત્રો (જૈનાગમો) માં વિશ્વ સંબંધી સંપૂર્ણ વ્યવસ્થા, અસંખ્ય દ્વીપ-સમુદ્રોથી વ્યાપ્ત મધ્યલોક, ખગોળ સંબંધી સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારા વગેરે, ઉર્ધ્વલોક રુપે રહેલ ૧૨ દેવલોક - ૯ ગ્રૈવેયક - ૫ અનુત્તરાદિ, અધોલોક રુપે રહેલ ૭ નરકો, તેમજ પ્રકીર્ણક રુપે રહેલ જૈનશાસનના છુટા-છવાયા પદાર્થોની બાબતે પાયાની નક્કર હકિકતો આપવામાં આવેલી છે. જે સંપૂર્ણ વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ પણ છે. આ વિશ્વનું તેમજ તેમાં રહેલ પદાર્થોનું જે સાચુ સ્વરુપ છે તેનું વર્ણન કરતાં શાસ્ત્રોને જૈનધર્મમાં **"દ્રવ્યાનુયોગ"** તરીકે ઓળખાવવામાં આવે છે, આ દ્રવ્યોના ગુણોથી થતી સૂક્ષ્મ ગણતરીને **"ગણિતાનુયોગ"** કહેવામાં આવે છે, આ દ્રવ્યોને પારખીને મોક્ષ મેળવવાનો જે ભવ્ય પુરુષાર્થ કરવામાં આવે છે તેને **"ચરણકરણાનુયોગ"** કહેવામાં આવે છે. તેમજ જેઓ ચરણકરણાનુયોગને સાધીને મોક્ષે જાય છે તેવા વિશિષ્ટ આત્માઓની કથાને **"ધર્મકથાનુયોગ"** કહેવામાં આવે છે.

પ. પૂ. ત્રિશતાધિક દીક્ષા દાનેશ્વરી આચાર્યદેવ શ્રીમદ્વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી મ. સા. ની પાવન પ્રેરણાને ઝીલીને મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજી મ. સા. એ....**JAIN COSMOLOGY (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)** નામે ગ્રંથને રચી.....જીવવિચાર, નવતત્ત્વાદિ પ્રકરણ ગ્રંથોની સૃષ્ટિમાં આ એક નવા ગ્રંથનો સમાવેશ કરાવી જૈનશાસનના ચરણે એક અદ્‌ભુત ગ્રંથની ભેટ ધરી છે. જે ખરેખર ખૂબ જ અનુમોદનીય છે, આવા અનેક ગ્રંથો જૈનશાસનના ચરણે ભેંટ ધરતા રહે..... તેવી મુનિશ્રીને ભાવભરી વિનંતિ કરીએ છીએ.

JAIN COSMOLOGY (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) નામક ગ્રંથની પ્રથમ આવૃત્તિ ટૂંક સમયમાં જ પૂર્ણ થઈ જતા અને વધુ માંગ આવવાથી દ્વિતીય આવૃત્તિનું ચતુર્વિધ શ્રી સંઘના ચરણોમાં પ્રકાશન કરતા અમે આનંદની અનુભૂતિ કરીએ છીએ..... તેમજ આધુનિક વિજ્ઞાનમાં અંધશ્રદ્ધા ધરાવતા સૌ કોઈ આ ગ્રંથ વાંચી વિશ્વના સાચા સ્વરુપનો જ્ઞાન મેળવી તેનો ઉપયોગ પોતાના આત્માના ઉદ્ધાર માટે કરે તેવી અંતરની ભાવના સાથે...

લિ. જિનગુણ આરાધક ટ્રસ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्वदीयं तुभ्यं समर्पयामि

☞ જેમની અનંત કરુણા - કૃપા - આશીર્વાદ - વરદાન અને વાત્સલ્યની ધારા વિશ્વના તમામ જીવો પર વરસી રહી છે .... એવા વિશ્વમંગલના મૂલાધાર, પ્રાણ-પ્રાણેશ્વર, રાજ-રાજેશ્વર, મારા હૃદયના ખાસ હૃદયેશ્વર, સર્વેશ્વર એવા .... કલિકાલ કલ્પતરુ **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના** .... કરકમળોમાં ....

☞ અનંત લબ્ધિના ભંડાર, વિનયધર્મના અજોડ સાધક, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન પિઠિકામાં મુખ્ય સ્થાન ધરાવનારા, સમર્પણના અદ્વિતીય ધણી, પરમ શ્રદ્ધેય એવા .... **શ્રી ગૌતમસ્વામીજી મહારાજના** .... કરકમળોમાં ....

☞ સમવસરણમાં પરમ પિતા પરમાત્માના મુખકમળમાં જે બિરાજમાન છે..... અને જિનવાણીના સ્વરૂપમાં પ્રકાશિત બની રહ્યાં છે, તેમજ સર્વ અક્ષર, સર્વ વર્ણ અને સર્વ સ્વરમાળાની જે માતા છે વળી જે આ ગ્રંથના પ્રત્યેક અક્ષરને સમ્યગ્જ્ઞાનમાં પરિણમન કરી રહી છે એવી વામહસ્તક-પુસ્તકધારિણી, હંસવાહિની, જ્ઞાનેશ્વરી **મા સરસ્વતીજીના** .... કરકમળોમાં ....

☞ જન્મ-શતાબ્દિ વર્ષમાં જેમની અપાર કૃપાથી અને દિવ્ય સાંનિધ્યથી આ ગ્રંથ રચવાના સુંદર એવા મનોરથો ઉત્પન્ન થયા.... અને જેમના અવિરત એવા દિવ્ય આશીર્વાદથી આ ગ્રંથરત્નનું નિર્માણ થયું. એવા બ્રહ્મચર્યસમ્રાટ, ત્રિશતાધિક શ્રમણોના સર્જક, સિદ્ધાંત મહોદધિ, **પ. પૂ. આ. ભ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજના** આજીવન અંતેવાસી, પરમ વિનીત શિષ્ય, અધ્યાત્મ યુવાશિબિરના આદ્યપ્રણેતા, સંઘહિતચિંતક, વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ, સ્વહસ્તે ૪૦૦ થી વધુ દીક્ષાના દાતા **પ. પૂ. આ. ભ. શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના** .... કરકમળોમાં ....

☞ મેવાડ અને માલવામાં ૩૫-૩૫ વર્ષો સુધી વિચરણ કરી .... આગમોથી સંબંધિત અકાટ્ય તર્ક યુક્ત તેમજ ઐતિહાસિક તથ્ય અને પ્રસંગોની સાથે પ્રવચનની ધારા વહાવી માર્ગ ભૂલેલી મેવાડી પ્રજાને જૈનશાસન રૂપી મોક્ષમાર્ગમાં સ્થિર કરનાર .... મેવાડદેશોદ્ધારક - રાષ્ટ્રસંત .... **પ. પૂ. આ. શ્રી વિ. જિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજના** .... કરકમળોમાં ....



આ ગ્રંથનો પ્રત્યેક વિભાગ, પ્રત્યેક વિષય, પ્રત્યેક અક્ષર .....

साદર સમર્પણમ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। अहो सुकृतम् ।।

મુખ્ય આધાર સ્તંભ

શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ.

તથા શ્રી કુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ.

અઠવાલાઈન્સ લાલ બંગલા, સૂરત.

પ. પૂ. સિદ્ધાંતમહોદધિ આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ના

સંસારી પરિવારથી પિંડવાડા નિવાસી

સંઘવી માતુશ્રી હંજબેન ભૂરમલજી સાદરિયા પરિવાર

સુપુત્ર - લલિતકુમાર, સુપુત્રવધુ - શોભાબેન

સુપૌત્રી - રિતુ, ડોલી, નીતુ સહ પરિવાર (હાલ-સુરત)

વિશેષ સૂચના

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થોએ મૂલ્ય ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

પરમપૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને ભણવા માટે અને જૈનસંઘના યોગ્ય જ્ઞાનભંડારોને

આ પુસ્તક વિના મૂલ્યે ભેંટ આપવામાં આવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરસ્વામીની ૭૬મી પાટને દીપાવનારા, બ્રહ્મચર્યસમ્રાટ, ૩૦૦થી અધિક શ્રમણોના સર્જક

સિદ્ધાંત મહોદધિ સ્વ. પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની જીવન ઝલક

☞ **સંસારી નામ :** પ્રેમચંદજી ☞ **માતાજી :** કંકુબેન ☞ **પિતાજી :** ભગવાનદાસજી.

☞ **જન્મ :** વિક્રમ સંવત્ ૧૯૪૦, ફાગણ સુદ ૧૫ ☞ **જન્મભૂમિ :** નાંદિયા (રાજસ્થાન).

☞ **દીક્ષા :** વિક્રમ સંવત્ ૧૯૫૭, કારતક વદ ૬, પાલિતાણા ☞ **કર્મભૂમિ :** વ્યારા (ગુજરાત).

☞ **દીક્ષા નામ :** મુનિ શ્રી પ્રેમવિજયજી મ. સા. ☞ **વતન :** પિંડવાડા (રાજસ્થાન).

☞ **ગુરુદેવશ્રી :** સકલાગમ રહસ્યવેદી પ્રૌઢગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મ. સા.

☞ **ગણિપદ :** વિક્રમ સંવત્ ૧૯૭૬, ફાગણ વદ ૬, ડભોઈ.

☞ **પંન્યાસ પદ :** વિક્રમ સંવત્ ૧૯૮૧, ફાગણ વદ ૬, અમદાવાદ.

☞ **ઉપાધ્યાય પદ :** વિક્રમ સંવત્ ૧૯૮૭, ફાગણ વદ ૩, મુંબઈ.

☞ **આચાર્ય પદ :** વિક્રમ સંવત્ ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૪, રાધનપુર.

☞ **શિષ્ય પ્રશિષ્ય પરિવાર :** ૫૯૫ સાધુઓ.

☞ **પ્રબળ વૈરાગ્ય :** ૧૬ વર્ષની વયે દીક્ષા લેવા માટે વ્યારાથી ચાલીને સુરત પહોંચ્યા, ત્યારબાદ પાલિતાણામાં ખાનગી (એકાંતમાં) દીક્ષા લીધી.

☞ **ગુરુ સમર્પણ :** ગુરુવર્યોને સંપૂર્ણ સમર્પિત બનીને અલ્પ સમયમાં જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગાદિની સાથે જૈન શાસ્ત્રોના સંપૂર્ણ જ્ઞાતા-પારગામી બન્યા.

☞ **નૂતન કર્મશાસ્ત્ર સર્જન :** કર્મપ્રકૃતિ જેવા જટિલ ગહન શાસ્ત્રનો ગુરુકૃપાના બળે સ્વયં ઊંડો અભ્યાસ કરી સ્વશિષ્યોને અભ્યાસ કરાવી કર્મપ્રકૃતિ વિષયક લાખો શ્લોક પ્રમાણ નૂતન સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથરૂપ સાહિત્યોનું સર્જન કર્યું.

☞ **વિરાટ શ્રમણ સર્જક :** જગદ્ગુરુ શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. સા. બાદ પ્રથમ વાર તેજસ્વી-જ્ઞાની-ધ્યાની-શાસનની ધુરાને વહન કરી શકે તેવા ૩૦૦ થી વધુ શિષ્યોનું સર્જન કર્યું.

☞ **ઉચ્ચ ધ્યેય :** નૈષ્ઠિક બ્રહ્મચર્યના પાલન સાથે સાધુઓને પ્રેમ-વાત્સલ્યપૂર્વક ભણાવી ગણાવી સારા સંયમી-જ્ઞાની-ત્યાગી-તપસ્વી અને શાસનના રક્ષક બનાવ્યા.

☞ **અપૂર્વ શાસન પ્રભાવના :** સેંકડો વર્ષો સુધી જિનશાસનની ધુરાને વહન કરી શકે તેવા પુણ્યશાળી-પ્રભાવક સમર્થ શિષ્યોની ભેટ શાસનના ચરણે ધરી...

☞ **સંઘ એકતા ઇચ્છુક :** આજીવન પૂર્ણ સમર્પિત એવા આચાર્ય શ્રી વિ. યશોદેવસૂરિજી, આચાર્ય શ્રી વિ. હીરસૂરિજી, આચાર્ય શ્રી વિ. ભુવનભાનુસૂરિજી આદિ અનેક સમર્થ શિષ્યોના સાથપૂર્વક સંઘએકતાની ભાવનાને વિ. સં. ૨૦૨૦ આદિના પટ્ટકો કરવા દ્વારા સાકર કરી.

☞ **પ્રસિદ્ધ વિશેષણો :** સિદ્ધાંત મહોદધિ / કર્મશાસ્ત્રનિષ્ણાંત / વાત્સલ્ય મહોદધિ...

☞ **સ્વર્ગવાસ :** વિક્રમ સંવત્ ૨૦૨૪, વૈશાખ વદ ૧૧, ખંભાત.

☞ **યશસ્વી સમુદાય પ્રણેતા :** સમગ્ર જૈન સંઘોમાં સર્વતોમુખી પ્રગતિ અને પ્રભાવના કરવા-કરાવવા દ્વારા જેમનો સમુદાય વર્તમાનકાળે પ્રથમ શ્રેણીમાં બિરાજી રહ્યો છે ... તે મહાપુરુષના ચરણોમાં કોટી કોટી વંદન...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરસ્વામીની ૭૭મી પાટને શોભાવનારા, અધ્યાત્મ-યુવા શિબિરના આદ્યપ્રણેતા ...
૨૦૦ શ્રમણોના સર્જક, સંઘહિતચિંતક, વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ

સ્વ. પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની જીવન ઝલક

પ્રકૃષ્ટ પુણ્યના સ્વામી એવા પૂજ્યશ્રીના વ્યક્તિત્વને સંપૂર્ણપણે ઉપસાવવું એ તો અતિ અતિ મુશ્કેલ કે અસંભવપ્રાયઃ છે જ, પરંતુ આંશિકપણે ઉપસાવવા પણ ગ્રંથોનાં ગ્રંથો નાના પડે. એટલે ચાલો, જીવનયાત્રાના કેટલાક માઈલસ્ટોનોનું ઉપરછલ્લું માત્ર દિગ્દર્શન કરી લઈએ.

☞ **સંસારી નામ** : કાંતિભાઈ ☞ **માતાજી** : ભૂરીબહેન ☞ **પિતાજી** : ચિમનભાઈ.

☞ **જન્મ** : વિક્રમ સંવત્ ૧૯૬૭, ચૈત્ર વદ ૬, તા. ૧૯-૪-૧૯૧૧, અમદાવાદ. ☞ **વ્યવહારિક અભ્યાસ** : **G. D. A.** (**C. A.** સમકક્ષ).

☞ **દીક્ષા** : વિક્રમ સંવત્ ૧૯૯૧, પોષ સુદ ૧૨, તા. ૧૬-૧૨-૧૯૩૪, ચાણસ્મા (લઘુબંધુ પોપટભાઈની સાથે)

☞ **વડીદીક્ષા** : વિક્રમ સંવત્ ૧૯૯૧, મહા સુદ ૧૦, ચાણસ્મા ☞ **પ્રથમ શિષ્ય** : મુનિ શ્રી પદ્મવિજયજી મ. (પાછળથી પંન્યાસશ્રી)

☞ **ગુરુદેવશ્રી** : સિદ્ધાંતમહોદધિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા.

☞ **ગણિપદ** : વિક્રમ સંવત્ ૨૦૧૨, ફાગણ સુદ ૧૧, તા. ૨૨-૨-૧૯૫૬, પૂના.

☞ **પંન્યાસ પદ** : વિક્રમ સંવત્ ૨૦૧૫, વૈશાખ સુદ ૬, તા. ૨-૫-૧૯૫૯, સુરેન્દ્રનગર.

☞ **આચાર્ય પદ** : વિક્રમ સંવત્ ૨૦૨૯, માગસર સુદ ૨, તા. ૭-૧૨-૧૯૭૨, અમદાવાદ.

☞ **૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ** : વિક્રમ સંવત્ ૨૦૨૬, આસો સુદ ૧૫, તા. ૧૪-૧૦-૧૯૭૦, કલકત્તા.

☞ **૧૦૮ ઓળીની પૂર્ણાહૂતિ** : વિક્રમ સંવત્ ૨૦૩૫, ફાગણ વદ-૧૩, તા. ૨૫-૩-૧૯૭૯, મુંબઈ.

☞ **સુપ્રસિદ્ધ વિશિષ્ટ ગુણો** : આજીવન ગુરુકુલવાસ સેવન, સંયમશુદ્ધિ, ઉછળતો વૈરાગ્ય, પરમાત્માની વિશિષ્ટ ભક્તિ, વિશુદ્ધ ક્રિયા, અપ્રમત્તતા, જ્ઞાનમગ્નતા, તપ-ત્યાગ-તિતિક્ષા, સંઘવાત્સલ્ય, શ્રમણ ઘડતર, તીક્ષ્ણ શાસ્ત્રાનુસારી પ્રજ્ઞાદિ...

☞ **શાસનોપયોગી અતિવિશિષ્ટ કાર્યો** : ધાર્મિક શિબિર રૂપ શિક્ષણ દ્વારા યુવાજનોદ્ધારનો પ્રારંભ, વિશિષ્ટ અધ્યાપન, પદાર્થસંગ્રહ શૈલીનો વિકાસ, તત્ત્વજ્ઞાન-જીવનચરિત્રોને લોકમાનસમાં દૃઢ બનાવવા દૃશ્ય માધ્યમ (ચિત્રો)નો ઉપયોગ, બાલદીક્ષા પ્રતિબંધક બીલનો વિરોધ, કતલખાનાઓને તાળા લગાવ્યા, ૪૨ વર્ષ સુધી દિવ્યદર્શન સાપ્તાહિકના માધ્યમે જિનવચન પ્રચાર-પ્રસાર, સંઘએકતા માટેનો પ્રચંડ પુરુષાર્થ, અનેકાંતવાદ સામેના આક્રમણો સામે સંઘર્ષ, ચારિત્રશુદ્ધિનો યજ્ઞ, અમલનેરમાં ૨૭ દીક્ષા, મલાડમાં ૧૬ દીક્ષાદિ ૪૦૦ જેટલી સ્વહસ્તે દીક્ષાપ્રદાન, આયંબિલ તપને વ્યાપક પ્રસિદ્ધિ અપાવનાર... ઇત્યાદિ.

☞ **કલાત્મક સર્જન** : જૈન ચિત્રાવલી, મહાવીર ચરિત્ર, પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ, ગુજરાતી-હિન્દી બાળપોથી, મહાપુરુષોના જીવન ચરિત્રોના ૧૨ અને ૧૮ ફોટાના ૨ સેટ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મ. સા. ના જીવનચિત્રોનો સેટ, બામણવાડજીમાં ભગવાન મહાવીર ચિત્ર ગેલેરી, પિંડવાડામાં પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરિજી મ. સા. ના જીવનચિત્રો, થાણા-મુનિસુવ્રતસ્વામી જિનાલયે શ્રીપાલ-મયણાના જીવનચિત્રો વગેરે.

☞ **પ્રિય બાબતો** : શાસ્ત્ર સ્વાધ્યાય ઘોષ, સાધુ વાચના, અષ્ટાપદ પૂજામાં મગ્નતા, સ્તવનોના રહસ્યાર્થની પ્રાપ્તિ, દેવદ્રવ્યાદિની શુદ્ધિ, ચાંદનીમાં લેખન, માંદગીમાં પણ ઊભા ઊભા ઉપયોગપૂર્વક પ્રતિક્રમણાદિ ક્રિયાઓ, સંયમજીવનની પ્રેરણા, તેમજ આશ્રિતો પાસે સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનું વિવેચનાદિ....

☞ **વિશિષ્ટ શાસન પ્રભાવના** : ૪૦૦ થી વધુ સ્વહસ્તે દીક્ષાદાન, ૨૦ પ્રતિષ્ઠા, ૧૨ અંજનશલાકા, ૨૦ ઉપધાનાદિ.

☞ **તપસાધના** : વર્ધમાન તપની ૧૦૮ ઓળી, છઠ્ઠના પારણે છઠ્ઠ, પર્વતિથિએ છઠ્ઠ, ઉપવાસ, આયંબિલાદિ, ફ્રુટ, મેવા, ફરસાણાદિ આજીવન ત્યાગ...

☞ **ચારિત્ર પર્યાય** : ૫૮ વર્ષ ☞ **આચાર્યપદ પર્યાય** : ૨૦ વર્ષ ☞ **કુલ આયુષ્ય** : ૮૨ વર્ષ

☞ **પુસ્તક લેખન** : ૧૧૪ થી વધુ.

☞ **કાળધર્મ** : વિક્રમ સંવત્ ૨૦૪૯, ચૈત્ર વદ ૧૩, તા. ૧૯-૪-૧૯૯૩, પંકજ સોસાયટી, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરસ્વામીની ૭૮મી પાટે બિરાજમાન સિદ્ધાંતદિવાકર... ગીતાર્થમૂર્ધન્ય, ૯૦૦ સાધુ-સાધ્વીના અધિપતિ

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજની જીવન ઝલક

	વિક્રમ સંવત્	દિવસ	તારીખ	સ્થળ
☞ જન્મ :	૧૯૯૨	આસો વદ ૨	૬-૭-૧૯૩૬	મુંબઈ-ગુલાલવાડી
☞ દીક્ષા :	૨૦૦૬	વૈશાખ વદ ૬	૭-૫-૧૯૫૦	મુંબઈ-ભાયખલા
☞ વડી દીક્ષા :	૨૦૦૬	આસો વદ ૬	૧-૧૦-૧૯૫૦	પાલિતાણા
☞ ગણિપદ :	૨૦૩૧	કારતક વદ ૧૦	૮-૧૨-૧૯૭૪	અમદાવાદ-પંકજ સોસાયટી
☞ પંન્યાસ પદ :	૨૦૩૪	વૈશાખ સુદ ૫	૧૨-૫-૧૯૭૮	અમદાવાદ-ગીરધરનગર
☞ આચાર્યપદ :	૨૦૪૦	મહા સુદ ૧૩	૧૫-૨-૧૯૮૪	મહારાષ્ટ્ર - જલગાંવ
☞ ગચ્છાધિપતિ પદ :	૨૦૪૯	વૈશાખ વદ ૪	૮-૫-૧૯૯૩	મુંબઈ-ગોરેગાંવ

☞ **સંસારી નામ** : જવાહર ☞ **માતા-પિતા** : કાંતાબેન મફતલાલ શાહ ☞ **વતન** : પાટણ (ગુજરાત)

☞ **શિક્ષણ** : ૬ ધોરણ ☞ **નિવાસસ્થાન** : ગુલાલવાડી (મુંબઈ)

☞ **ગુરુદેવશ્રી** : સ્વ. મુનિરાજ શ્રી ધર્મઘોષવિજયજી મ. સા. (સંસારી પક્ષે પિતાશ્રી) ☞ **દાદાગુરુ** : પૂ. આ. શ્રી વિ. ભુવનભાનુસૂરિ મ. સા.

☞ **બાલદીક્ષિત** : મોહમયી મુંબઈનગરી મધ્યે ૧૪ વર્ષની વયે પિતાજી સાથે દીક્ષિત બન્યા.

☞ **સર્વજનપ્રિય** : ગુર્વાજ્ઞા પાલન અને ગુરુ ભક્તિ દ્વારા ગુરુઓના હૃદયમાં સ્થાન પામ્યા અને સહાયક ગુણ દ્વારા સહવર્તી સાધુઓના કૃપાપાત્ર બન્યા.

☞ **ગુરુસેવા** : પૂ. પ્રેમસૂરીશ્વરજી મ. સા., પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા., પૂ. ધર્મઘોષવિ. મ. સા. આદિ ગુરુવર્યોની સમર્પિતતા સાથે નિઃસ્વાર્થ સેવાના પ્રભાવે અપૂર્વ આત્મિક અને બાહ્ય ઉન્નતિના સ્વામી બન્યા.

☞ **શાસ્ત્ર રહસ્યવેત્તા** : પૂજ્ય પ્રેમસૂરિજી મહારાજે નાની ઉંમરમાં કર્મ સાહિત્ય તેમજ જૈનશાસનના અત્યંત ગૂઢ એવા છેદશાસ્ત્રોના રહસ્ય જાતે ભણાવ્યા.

☞ **ગુરુકૃપાપાત્ર** : સ્વસમુદાયના હિત માટે પૂ. પ્રેમસૂરિજી મહારાજે કરેલા પટ્ટકમાં "પં. ભાનુવિજયજીની જવાબદારી મુનિ જયઘોષવિજયજીને સોંપવી" તેમજ શાસ્ત્રીય વિષયમાં મતભેદ પડે ત્યારે "મુનિ જયઘોષવિજયજીની પણ સલાહ લેવાની" કલમ કરેલ જે પટ્ટક વર્તમાનમાં મોજુદ છે.

☞ **પરોપકાર પરાયણ** : કોઈપણ જાતની સ્પૃહા વગર સ્વશિષ્યોની જેમ સર્વ સાધુ ભગવંતોની આંતરિક અને બાહ્ય બંને પ્રકારની કાળજી કરનારા તેમજ ગ્લાન તથા વૃદ્ધ સાધુઓની વિશેષ કાળજી લેનારા.

☞ **નૈષ્ઠિક બ્રહ્મચર્ય** : બહેનો કે સાધ્વી સમક્ષ સામી દૃષ્ટિથી વાત પણ નહિ કરનારા આ મહાપુરુષ મન-વચન અને કાયાથી વિશુદ્ધ બ્રહ્મવ્રતધારી છે.

☞ **નિકટ મોક્ષગામી** : નિકટમાં મોક્ષ આપનારા, સરળતા-નિઃસ્પૃહતા-વિદ્વત્તા-નમ્રતા-ઉદારતા-ગંભીરતા-નિર્માણતા-વાત્સલ્ય-પરોપકારતા-પ્રબળ વૈરાગ્યાદિ અનેક ગુણગણ ભંડાર...

☞ **શુદ્ધ પ્રાયશ્ચિત્ત પ્રદાતા** : ચતુર્વિધ શ્રીસંઘના હજારો સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ જેમની પાસે પોતાના પાપોની આલોચના કરી વિશુદ્ધ બન્યા છે અને બની રહ્યા છે.

☞ **સ્વાધ્યાય રસિક** : ગચ્છાધિપતિ જેવા વિશિષ્ટ પદે આરૂઢ હોવા છતાં જેઓશ્રી આજે પણ સાધુઓને ભણાવી રહ્યા છે તેમજ સમય કાઢીને દશવૈકાલિક-ઉત્તરાધ્યયન આદિ સૂત્રોનો સ્વાધ્યાય કરી રહ્યા છે.

☞ **અંતર્મુખજીવન** : દીક્ષાજીવનમાં હજી સુધી વર્તમાનપત્રો, છાપાઓ, મેગેઝીનો વગેરે કદીય જોયા નથી, વળી હાથ પણ લગાડ્યો નથી.

☞ **નિઃસ્પૃહ શિરોમણી** : ૬૦ વર્ષના દીક્ષા પર્યાયમાં શિષ્યની સ્પૃહા કે પ્રયત્ન ક્યારેય ન કરવા છતાં બધા શિષ્યો ગુરુદેવોએ સામેથી કરી આપ્યા.

☞ **ગુરુદત્ત પદવી** : સિદ્ધાંતોનું અગાધ જ્ઞાન તેમજ જ્ઞાનની પરિણતિવાળું જીવન જોઈને ગુરુવરોએ આચાર્ય પદવી વખતે "સિદ્ધાંતદિવાકર" પદવીથી વિભૂષિત કર્યા.

☞ **સુવિહિત ગચ્છાધિપતિ** : ૪૫૦ સાધુ તેમજ ૪૫૦ સાધ્વીઓના વિરાટ સમુદાયનું સફળ અને સક્ષમ રીતે નેતૃત્વ કરી રહેલા એવા વિશુદ્ધ પુણ્યશાળી મહાપુરુષના ચરણોમાં કોટી કોટી વંદના...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરસ્વામીની ૭૯મી પાટને શોભાવનારા મેવાડદેશોદ્ધારક, રાષ્ટ્રસંત

સ્વ. પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજની જીવન ઝલક

☞ **સંસારી નામ :** જેઠમલજી હીરાચંદજી ☞ **પિતા :** હીરાચંદજી જેરુપજી ☞ **માતા :** મનુબાઈ હીરાચંદજી

☞ **જન્મ :** વિક્રમ સંવત્ ૧૯૭૯, વૈશાખ વદ ૬, તા. ૩-૬-૧૯૨૯ ☞ **જન્મસ્થલ :** પાદરલી, જિ. જાલોર (રાજ.)

☞ **દીક્ષા :** વિક્રમ સંવત્ ૨૦૦૮, જેઠ સુદ-૫, તા. ૨૯-૫-૧૯૫૨ ☞ **દીક્ષાસ્થલ :** ભાયખલા (મુંબઈ)

☞ **દીક્ષાદાતા :** સિદ્ધાંત મહોદધિ પ. પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ. સા. ☞ **ગુરુવર :** પૂ. આ. શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.

☞ **વડી દીક્ષા :** વિક્રમ સંવત્ ૨૦૦૮, આસો સુદ ૧૪, તા. ૨-૧૦-૧૯૫૨ ☞ **વડીદીક્ષાસ્થલ :** લાલબાગ (મુંબઈ)

☞ **ગણિપદ :** વિક્રમ સંવત્ ૨૦૩૮, ચૈત્ર સુદ ૧, તા. ૨૬-૩-૧૯૮૨ ☞ **ગણિપદ પ્રદાતા :** પ. પૂ. આ. શ્રી વિ. રાજતિલકસૂરિ મ. સા.

☞ **પંન્યાસપદ :** વિક્રમ સંવત્ ૨૦૪૧, જેઠ સુદ ૭, તા. ૨૭-૫-૧૯૮૫ ☞ **પંન્યાસપદ પ્રદાતા :** પ. પૂ. આ. શ્રી વિ. ભદ્રંકરસૂરિ મ. સા.

☞ **આચાર્યપદ :** વિક્રમ સંવત્ ૨૦૪૪, ફાગણ વદ ૩, તા. ૬-૩-૧૯૮૮ ☞ **રાષ્ટ્રસંત પદવી :** ૧૭-૧૨-૨૦૦૦, અજમેર

☞ **પ્રથમ શિષ્ય અને લઘુભ્રાતા :** દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ગુણરત્નસૂરીશ્વર મ. સા.

☞ **સાંસારિક ભાણેજ :** પ્રવચન પ્રભાવક પ. પૂ. આ. રશ્મિરત્નસૂરીશ્વર મ. સા.

☞ **પ્રબલ વૈરાગ્ય :** ૨૯ સાલની ઉંમરમાં લગ્ન કરેલા છતાં સવા (૧¼) વર્ષના પુત્રનો ત્યાગ કરી સમસ્ત પરિવાર છોડી દીક્ષા લીધી.

☞ **ગુરુ સમર્પણ :** પોતાના ગુરુવર્યો પ્રતિ સંપૂર્ણ સમર્પિત બની અલ્પ સમયમાં જ જ્ઞાની-ધ્યાની-ત્યાગી-તપસ્વી થવા સાથે શાસ્ત્રોમાં પારંગત બન્યા.

☞ **નૂતન કર્મશાસ્ત્ર સર્જન :** કર્મપ્રકૃતિ જેવા જટિલ અને ગહન શાસ્ત્રોને ગુરુકૃપાના બળથી ઊંડાણથી અભ્યાસ કરી કર્મપ્રકૃતિ વિષયક ૨૫,૦૦૦ શ્લોક પ્રમાણ "रसबंधो" નામક નૂતન સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યનું સર્જન કર્યું.

☞ **અપૂર્વ શાસન પ્રભાવના :** મેવાડ અને માલવામાં ૩૫-૩૫ વર્ષો સુધી વિચરણ, ૪૦૦થી અધિક દેરાસરોનો જિર્ણોદ્ધાર, ૨૨૨ થી અધિક નૂતન જિનાલયોની પ્રતિષ્ઠા, ૩૦૦ થી અધિક સાધુ-સાધ્વીઓના યોગક્ષેમકર્તા, ૨૫ જ્ઞાનભંડારો અને ૨૯ ઉપાશ્રયોનું નિર્માણ તેમજ અનેકાનેક પાંજરાપોળોના પ્રેરણાદાતા...

☞ **પ્રભાવક પ્રવચન શક્તિ :** આગમોથી સંબંધિત અકાટ્ય તર્ક યુક્ત તેમજ ઐતિહાસિક તથ્ય અને પ્રસંગોની સાથે પ્રવચનની ધારા વહાવી માર્ગ ભૂલેલી મેવાડી પ્રજાને જૈનશાસન રૂપી મોક્ષમાર્ગમાં સ્થિર કરી.

☞ **પરોપકાર પરાયણતા :** કોઈપણ પ્રકારની સ્પૃહા રાખ્યા વિના મુંબઈ-મદ્રાસ-બેંગલોર-ગુજરાતના અનેક શહેરોને છોડીને મેવાડની બંજર (ઉજજડ) ભૂમિમાં ૩૫-૩૫ વર્ષો સુધી લાગટ વિચરણ કરી જિનશાસનનો ઝંડો લહેરાવ્યો...

☞ **તપસાધના :** અખંડ ૪૦૦ અઠ્ઠમથી વીશસ્થાનક તપ, જીવનપર્યંત સુદ પાંચમના ઉપવાસ, પોષદશમીના (વદ દશમના) એકાસણા, વર્ષો સુધી ૫ દ્રવ્યોના એકાસણા, લીલોતરી ત્યાગ, ૧૬ ઉપવાસ, નવપદ ઓળી વગેરે...

☞ **પૂજ્યશ્રીના આત્મસાત્ સૂત્રો :** "સમાધાન એ જ સ્વર્ગ છે", "સદા પ્રસન્ન રહેવું", "પ્રતિકૂલતામાં પણ પ્રસન્નતા રાખવી", "સહન કરે તે સાધુ", "સાધર્મિકો સાથે સદા હળી-મળી રહો", "આરામ હરામ છે" વગેરે...

☞ **સરળ ઓળખ :** નિર્દોષ ગોચરી, મલિન વસ્ત્ર, મેવાડના ભગવાન, સાદગીભર્યું જીવન, નીચી નજર, ઉગ્ર વિહારી, નિત્ય વાચના-પૃચ્છનાદિ પંચવિધ સ્વાધ્યાયમાં નિમગ્ન...

☞ **પ્રસિદ્ધ વિશેષણ :** મેવાડદેશોદ્ધારક, રાષ્ટ્રસંત, સાધ્વીગણાધિપતિ, ૪૦૦ અઠ્ઠમના તપસ્વી, ધર્મરત્નાકર, કુમતતિમિરતરણી, ત્રિશતાધિકસાધુ-સાધ્વીયોગક્ષેમકર્તા... ઇત્યાદિ.

☞ **૯ 'સ'કારના સમ્રાટ સૂરિદેવ :** સમતા, સમાધિ, સરલતા, સ્વાધ્યાય, સમર્પણ, સેવા, સાહસિકતા, સહજતા, સમદર્શિતા...

☞ **પહેલું ચોમાસું :** લાલબાગ (મુંબઈ) પ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાની સાથે.

☞ **અંતિમ ચોમાસું :** ભટ્ટાર જૈન સંઘ (સૂરત) પ. પૂ. આ. શ્રી વિ. કુલચંદ્રસૂરીશ્વરજી મ. સા. સાથે.

☞ **કાળધર્મ દિવસ :** તા. ૫-૧૦-૨૦૦૫, આસો સુદ ૨, બુધવાર રાત્રે ૧-૫૮.

☞ **પાટ પરંપરા પ્રભાવક :** પ. પૂ. દીક્ષા દાનેશ્વરી આ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરસ્વામીની ૮૦મી પાટપરંપરાના ધારક, યુવાજાગૃતિપ્રેરક, ત્રિશતાધિક દીક્ષા દાનેશ્વરી

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ગુણરત્નસૂરીશ્વરજી મહારાજાની જીવન ઝલક

☞ **સંસારી નામ :** ગણેશમલજી હીરાચંદજી ☞ **પિતા :** હીરાચંદજી જેરુપજી ☞ **માતા :** મનુબાઈ હીરાચંદજી

☞ **જન્મ :** વિક્રમ સંવત્ ૧૯૮૯, પોષ સુદ ૪, સન્ ૧૯૩૨ ☞ **જન્મસ્થલ :** પાદરલી, જિ. જાલોર (રાજ.)

☞ **દીક્ષા :** વિક્રમ સંવત્ ૨૦૧૦, મહા સુદ ૪, સન્ ૧૯૫૪ ☞ **દીક્ષાસ્થલ :** મુંબઈ

☞ **ગુરુવર :** પ. પૂ. સિદ્ધાંત મહોદધિ આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટાલંકાર પ. પૂ. વર્ધમાનતપોનિધિ આ. શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય મેવાડદેશોદ્ધારક આ. શ્રી વિ. જિતેન્દ્રસૂરીશ્વરજી મ. સા.

☞ **વડી દીક્ષા :** વિક્રમ સંવત્ ૨૦૧૦, મહા વદ ૭, સન્ ૧૯૫૪ ☞ **વડીદીક્ષાસ્થલ :** મુંબઈ

☞ **ગણિપદ :** વિક્રમ સંવત્ ૨૦૪૧, માગસર સુદ ૧૧, સન્ ૧૯૮૫ ☞ **ગણિપદસ્થલ :** અમદાવાદ (ગુજ.)

☞ **પંન્યાસપદ :** વિક્રમ સંવત્ ૨૦૪૪, ફાગણ સુદ ૨, સન્ ૧૯૮૮ ☞ **પંન્યાસપદસ્થલ :** જાલોર (રાજ.)

☞ **આચાર્યપદ :** વિક્રમ સંવત્ ૨૦૪૪, જેઠ સુદ ૧૦, સન્ ૧૯૮૮ ☞ **આચાર્યપદસ્થલ :** પાદરલી (રાજ.)

☞ **જ્ઞાનાભ્યાસ :** ન્યાય, વ્યાકરણ, કાવ્ય, આગમ આદિ અનેક શાસ્ત્રો...

☞ **સાહિત્ય સર્જન :** ક્ષપકશ્રેણી (ખવગસેઢી), દેશોપશમના, ઉપશમનાકરણાદિ ૬૦ હજાર શ્લોક પ્રમાણ સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથ તથા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ, જૈન રામાયણ, જો જે કરમાય ના, ટેન્શન ટુ પીસ, રે ! કર્મ તેરી ગતિ ન્યારી, શ્રી શત્રુંજયાદિ ૪ મહાતીર્થોના દિશાદર્શક યંત્રાદિ...

☞ **પૂજ્યશ્રીની વિશેષતા :** (૧) ૨૧ વર્ષની યુવાવસ્થામાં સગાઈ છોડીને દીક્ષા લીધી, (૨) જીરાવલા તીર્થમાં ૩,૨૦૦ વ્યક્તિઓની સામૂહિક ચૈત્રી ઓળીનો રેકોર્ડ, (૩) ૨,૭૦૦ આરાધકોનો માલગાંવ (રાજસ્થાન) થી પાલિતાણાનો, ૬,૦૦૦ આરાધકોનો રાણકપુરનો તથા ૪,૦૦૦ આરાધકોનો પાલિતાણાથી ગિરનારજીનો ઐતિહાસિક છ'રિપાલિત સંઘ... (૪) ૨૮ યુવક-યુવતીઓની સૂરતમાં / ૩૮ યુવક-યુવતીઓની પાલિતાણામાં સામૂહિક દીક્ષા સાથે કુલ ૩૦૦ થી વધુ દીક્ષાદાતા, (૫) શંખેશ્વર મહાતીર્થમાં ૪,૭૦૦ અઠ્ઠમ તેમજ ૧,૭૦૦ આરાધકોનો ઐતિહાસિક ઉપધાન તપ, (૬) પાલિતાણા-ચેટી પાગ મધ્યે ૨,૨૦૦ આરાધકોની રેકોર્ડ બ્રેક નવ્વાણું યાત્રા, (૭) સૂરત દીક્ષામાં ૫૧,૦૦૦ પાલિતાણા દીક્ષામાં ૫૨,૦૦૦ તથા અમદાવાદમાં ૫,૫૦૦ યુવાનોની સમૂહ સામાયિક, (૮) ક્ષપકશ્રેણી (ખવગસેઢી) ગ્રંથના સર્જનહાર, જેના વિષે જર્મન પ્રોફેસર "ક્લાઉઝ બ્રુન" એ પ્રશંસા કરી છે. (૯) ૫૫ ઉપર આધ્યાત્મિક જ્ઞાનશિબિરોના સફળ પ્રવચનકાર, (૧૦) ૩૦૦થી અધિક સાધુ-સાધ્વીજી ભગવંતોના યોગક્ષેમકર્તા... (૧૧) નાકોડા ટ્રસ્ટ દ્વારા સંચાલિત નિઃશુલ્ક "વિશ્વ પ્રકાશ પત્રાચાર પાઠ્યક્રમ" દ્વારા ૧ લાખ ઉપર વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવનારા... (૧૨) રાજસ્થાન સુમેરપુરમાં "અભિનવ મહાવીર ધામ" (અક્ષરધામ જેવા)ના મુખ્ય માર્ગદર્શક, (૧૩) શંખેશ્વર સુખધામ, મહાવીર ધામ, પાવાપુરી જીવ મૈત્રી ધામ, ભેરુતારક તીર્થના પ્રેરણાદાતા : જેની પ્રતિષ્ઠામાં ૭૦૦ સાધુ-સાધ્વી ભગવંતોની ઉપસ્થિતિ હતી તથા ચૈત્રી ઓળીમાં એક સાથે ૨૭૪ આરાધક ભાઈ-બહેનોને જાવજ્જીવ ચોથાવ્રતનો સ્વીકાર કરાવનાર, તેમજ શ્રી જીરાવલા મહાતીર્થના જિર્ણોદ્ધારમાં સામૂહિક માર્ગદર્શનમાં સહુથી વડીલ, તેમજ શ્રી વરમાણ તીર્થના જિર્ણોદ્ધારના માર્ગદર્શક વગેરે ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરસ્વામીની ૮૧મી પાટે બિરાજમાન, પ્રવચન પ્રભાવક, ષડ્દર્શન નિષ્ણાંત

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજની જીવન ઝલક

☞ **જન્મ** : વિક્રમ સંવત્ ૨૦૨૦, ફાગણ વદ ૭, મંગળવાર તા. ૪-૨-૧૯૬૪

☞ **જન્મસ્થલ** : વિશાખાપટ્ટનમ્ (આંધ્ર.) ☞ **મૂળ વતન** : તખતગઢ (રાજસ્થાન)

☞ **સંસારી નામ** : રમેશકુમાર પુખરાજજી સંઘવી

☞ **પિતા** : સંઘવી પુખરાજજી છોગાજી (બાગરાવાલા) ☞ **માતા** : કુલવંતીબેન

☞ **દીક્ષા** : વિક્રમ સંવત્ ૨૦૩૪, ચૈત્ર વદ ૧૦, રવિવાર તા. ૨-૪-૧૯૭૮, તખતગઢ (રાજસ્થાન)

☞ **વડીદીક્ષા** : વિક્રમ સંવત્ ૨૦૩૪, વૈશાખ સુદ ૫, પિંડવાડા (રાજસ્થાન)

☞ **ગુરુ નામ** : પરમ પૂજ્ય દીક્ષા દાનેશ્વરી આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજા....

☞ **ગણિપદ** : વિક્રમ સંવત્ ૨૦૫૩, માગસર વદ ૯, ભુવનભાનુનગર, પંકજ સોસાયટી, અમદાવાદ

☞ **પંન્યાસપદ** : વિક્રમ સંવત્ ૨૦૫૫, ફાગણ વદ ૩, રવિવાર તા. ૫-૩-૧૯૯૯, ભીલડીયાજી તીર્થ

☞ **આચાર્યપદ** : વિક્રમ સંવત્ ૨૦૬૫, માગસર સુદ ૩, રવિવાર તા. ૩૦-૧૧-૨૦૦૮, અઠવાલાઈન્સ, સુરત

☞ **પરિવારથી દીક્ષિત** : સાંસારિક મામા : પૂ. મેવાડદેશોદ્ધારક આ. શ્રી વિ. જિતેન્દ્રસૂરીશ્વરજી મ. સા. અને દીક્ષાદાનેશ્વરી પૂ. આ. શ્રી વિ. ગુણરત્નસૂરીશ્વરજી મ. સા., સાંસારિક મામી : તપસ્વિની સા. શ્રી પુષ્પલતાશ્રીજી મ. સા., સાંસારિક મામાની સુપુત્રી : પ્રવર્તિની સા. શ્રી પુણ્યરેખાશ્રીજી મ. સા., વિદુષી સા. શ્રી મનીષરેખાશ્રીજી મ. સા. તથા સાંસારિક બેન : સા. શ્રી કિરણરેખાશ્રીજી મ. સા.

☞ **શિષ્ય-પ્રશિષ્ય** : મુનિશ્રી હર્ષ-ચિરંતન-હીર-જિત-મોક્ષાંગ-મતિ-જિનાંગ-સંભવ-કૈવલ્ય-દેવ-સૌમ્યાંગ-પૂર્ણ-નીતિ-કલ્યાણ-સમર્પિત-ચારિત્ર-સિદ્ધાંત-યશ-રમ્યાંગ-ગીતાર્થ-તીર્થ-હિતાર્થ-ગણધર-તપો-તત્ત્વ-જ્ઞાન-આત્માર્થી-તત્ત્વાર્થ-અજિત-ત્રિપદી-હ્રીંકાર-વર્ધમાન-યુગાદિ-મૌન-જસ-હેત-પાવનરત્ન-પૂર્વરત્ન વિ. મ. સા. આદિ મુનિ મંડલ...

☞ **અધ્યયન** : ૧૬ વર્ષ સુધી નવ્ય-પ્રાચીન ન્યાય, ષડ્દર્શન, આગમ શાસ્ત્રાદિ ...

☞ **ગ્રંથલેખન** : દ્વિવર્ણસ્તુતિરશ્મયઃ, અભાવવાદ, તત્ત્વાવલોક, ઉદયસ્વામિત્વ વિવેચન.

☞ **પુસ્તક લેખન** : હિટ અને હોટ ફેવરીટ થયેલ રાત્રિ પ્રવચનો ઉપરની પુસ્તક "ગુડ નાઈટ" (૧ લાખ પ્રતિ), "બચાવો-બચાવો" (૫ લાખ પ્રતિ) "ઐસી લાગી લગન" ($1\frac{1}{2}$ લાખ પ્રતિ) "મન કે જીતે જીત" (૫૦ હજાર પ્રતિ), "ગુડ લાઈફ" (૫૦ હજાર પ્રતિ) **The Night mare is over, A Visit to Shatrunjay, Hell and Heaven** આદિ ૫૪ પુસ્તકો...

☞ **ગેય રચના** : ૧૪ સ્વપ્ન નૃત્ય ગીત, સહસ્ત્રકૂટ દેવવંદન, સૂરિ પ્રેમ વંદનાવલિ, દાદા સૂરિ પ્રેમ આરતિ તેમજ અતિ પ્રસિદ્ધ થયેલ શાસનગીત ... "જૈનં જયતિ શાસનં" ઈત્યાદિ... ગેય રચના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. પૂ. સિદ્ધાંત દિવાકર - ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજના આશીર્વચન....

વિજય જયઘોષસૂરિ તરફથી

વિનયાદિ ગુણોપેત મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજી જોગ અનુવંદના..... તમારા તરફથી **JAIN COSMOLOGY (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)** નામક ગ્રંથનું ત્રીજું પ્રુફ મળ્યું....., ઉપલક દ્રષ્ટિએ પણ બરાબર જોયું. અભ્યાસુ એવા નવા જીવોને પઠન પાઠન માટે સારો કામ લાગે તેવો છે તેમજ ઇતર દર્શનોના અલગ અલગ મન્તવ્ય અને છેલ્લે શાસ્ત્રના પાઠો પણ સાથે ભણવા મળે તે પણ ઘણું જ લાભકારી છે.... એકંદરે આ ગ્રંથમાં તમારી મેહનત અને જ્ઞાન સારુ અને આવકાર્ય છે તેની ભૂરી ભૂરી અનુમોદના.

આવા અનેક ગ્રંથોના અનેક વિષયો પર આ જ રીતે લોક ભોગ્ય સર્જન કરતા રહેશો... એવા અંતરના આશીર્વાદ...

એ જ વિજય જયઘોષસૂરિની અનુવંદના....

ज्ञानस्य फलं विरतिः

જ્ઞાન આત્માનો સ્વાભાવિક ગુણ છે, સમ્યક્જ્ઞાનનું ફળ તે વિરતિ છે, અને વિરતિનું ફળ મોક્ષ છે. માટે જ કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરુપના પ્રગટીકરણના પાયામાં મુખ્ય જ્ઞાન છે. ષડ્દ્રવ્યની પ્રરુપણાથી જિનશાસને વિશ્વના તમામ ધર્મોની સામે અડીખમ ઉભા રહીને અદ્ભુત જયઘોષ કર્યો છે.

ષડ્દ્રવ્યના જ્ઞાનના વિસ્તાર રુપે જીવવિચાર, નવતત્ત્વ, દંડક, કર્મગ્રંથ વગેરે જેવા સાહિત્ય રુપ પ્રારંભિક ગ્રંથો જેમ બહુ ઉપયોગી છે તેમ જ લઘુ સંગ્રહણી, લઘુ ક્ષેત્ર સમાસ, બૃહત્સંગ્રહણી, બૃહત્ક્ષેત્ર સમાસ, દ્રવ્ય લોકપ્રકાશાદિ, તેમજ તત્ત્વાર્થ, જીવસમાસ વગેરે સેંકડો ગ્રંથોમાંથી સંક્ષિપ્ત સંકલના કરીને મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજીએ **JAIN COSMOLOGY (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)** નામનો ગ્રંથ અપાર પરિશ્રમ કરીને તૈયાર કર્યો છે. તેમાં પણ લગભગ દરેક પદાર્થને સમજાવવા માટે પાને-પાને ચિત્રો આપ્યા છે. અંગ્રેજીમાં કહેવત છે કે **One Picture is Worth thound Words....** અર્થાત્ એક હજાર શબ્દો કરતા એ ચિત્ર વસ્તુને સમજાવવા વધારે સમર્થ હોય છે.

આ પદાર્થો "સંસ્થાન વિચય" નામના ધર્મધ્યાન અને આગળ વધતા શુક્લધ્યાનનાં વિષય બને છે, અને શુક્લધ્યાનથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તેથી ચતુર્વિધ શ્રી સંઘ આ અનમોલ ગ્રંથના આધારે ચિંતત-મનન કરી મોક્ષના અધિકારી બને..... એવી શુભેચ્છા.....

આચાર્ય વિજય ગુણરત્નસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન વિશ્વ રચના...

પ્રચંડ સાધનાની ફળશ્રુતિ રુપે સૂક્ષ્માતિસૂક્ષ્મ મોહમાયાનું ઉન્મૂલન કરીને વીતરાગતા પ્રાપ્ત કરનારા પ્રભુએ સર્વજ્ઞતા ઉપલબ્ધ કરીને જૈનશાસનની સ્થાપના કરી, ભવ્યજીવોને આત્મકલ્યાણકર સર્વજીવહિતસાધક ઉપદેશની અમૃતવૃષ્ટિ વરસાવી. ગણધર ભગવંતોએ તે પુષ્પોની માળા ગુંથીને દ્વાદશાંગી રુપ પ્રવચનની સૂત્ર સ્વરૂપે ભેટ આપી. પૂર્વના મહર્ષિઓએ દરેક સૂત્રોનું વ્યાખ્યાન એટલે કે અનુયોગ દ્રવ્ય-ગણિત-આચાર અને કથા એમ ચાર ચાર વિભાગથી કરીને પ્રચંડ ઉપકાર કર્યો. સર્વજ્ઞ ભગવંતે ભાખેલા આ ચારે અનુયોગ જૈનશાસનમાં તત્ત્વસ્વરૂપે સુવિદિત છે. જે દરેકે દરેક પોતપોતાના સ્થાનમાં મહત્વનાં છે.

એવું નથી કે કથા કે આચારનો અનુયોગ એટલે નીચું કે હલકું તત્ત્વ અને આત્મા-દ્રવ્ય-પર્યાય-નિશ્ચય વગેરે ઓછા લોકો સમજી શકે એવો દ્રવ્યાનુયોગ એ ઊંચુ તત્ત્વ..... જૈનશાસનમાં એવો કોઈ ઊંચુ તત્ત્વ કે હલકુ તત્ત્વ જેવો કોઈ વિભાગ નથી. ચારેય અનુયોગ માટે શાસ્ત્રો કહે છે....."इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलियं पडिपुण्णं नेआउअं संसुद्धं सल्लगत्तणं सिद्धिमग्गं मुत्तिमग्गं निज्जाणमग्गं निव्वाणमग्गं अवितहमविसंधि सव्वदुक्खप्पहीणमग्गं....." આવા શ્રેષ્ઠ "પ્રવચન" માં હલકું અને ઊંચુ એવો વિભાગ કરવો એ ક્ષુદ્રજનોનું ગણિત કહેવાય.

બની શકે કે કોઈ મહાત્મા બાકીના અનુયોગોને ગૌણ કરીને કોઈ એકને કયારેક તથાવિધ સભામાં મહત્ત્વ આપે, પણ તે પોતે અથવા શ્રોતાઓ જો એમ સમજી બેસે કે આ તો બહુ ઊંચુ તત્ત્વ.....તો તો સમજવું કે અધૂરા ઘડા છલકાય છે વધારે.....

આમ દરેક એક સરખા મહત્ત્વ ધરાવનારા ચારે અનુયોગમાં ગણિતાનુયોગ પણ ખૂબ જ મહત્ત્વનો છે. સમગ્ર વિશ્વ રચનાનું અદ્‌ભુત ગણિત આ અનુયોગ દ્વારા હસ્તામલકવત્ બુદ્ધિગોચર બને ત્યારે અભ્યાસુવર્ગ એક વાર તો અચંભામાં પડી જાય..... "અહો આ જૈનશાસન આટલું વિશાળ અને આટલું હૃદયંગમ વિશ્વદર્શન કરાવે છે !!!"

આ મહાગ્રંથનું **"JAIN COSMOLOGY (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)"** શીર્ષક જોતાં જ આ શાસ્ત્રીય પદાર્થ વિશ્વનું ગણિત નજર સામે તરવરવા માંડે છે. આ પણ એક સંસ્થાનવિચય નામના ધ્યાન માટે મહાન આલમ્બન છે. માત્ર ૐ કે આત્માની ચર્ચા એટલું જ ધ્યાન નથી. શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે **"भंगियसुये वट्टंतो वट्टइ तिविहंमिझाणंमि.....** " એટલે જેમ કર્મગ્રન્થ વગેરે ના ભાંગાઓ આંગળીના વેઢે બોલીને ગણનાર મન-વચન-કાયા રુપ ત્રિવિધ ધ્યાનમાં વર્તતો જણાવ્યો છે તે જ રીતે ૧૪ રાજલોક રુપ વિશ્વ, ઊર્ધ્વ-અધો મધ્યલોક, અસંખ્ય દ્વીપસમુદ્ર વગેરેના આકાર, પરિમાણ વગેરેનો સ્વધ્યાય કરનાર પણ ધ્યાનમાં એકાકાર બની શકે છે, તેમજ કયારેક તો અવધિજ્ઞાન પણ મેળવી શકે છે.

આવા એક સુંદર અને નિર્દોષ ધ્યાનના આલમ્બનમાં સહાયભુત બને એવું સરસ મજાનું એક અદ્‌ભુત સંકલન **"જૈન કોસ્મોલોજી"** નામે મુનિરાજ શ્રી ચારિત્રરત્ન વિજયજીએ ગહન અભ્યાસ દ્વારા અને ભગીરથ પુરુષાર્થ કરીને શ્રી સંઘને અર્પણ કર્યું છે..... તેનું જૈનશાસનમાં ભવ્ય સ્વાગત થાય.....



એ જ શુભકામના.....

આચાર્ય વિજય જયસુંદરસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेणं कालेणं तेणं समएणं...

"तेणं कालेणं तेणं समएणं समणं भयवं महावीरे...." તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરે બેંતાલીશ વર્ષની ઉંમરે લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાનને પ્રાપ્ત કરી વૈશાખ સુદી-૧૧ ના મંગલ દિવસે વિશ્વકલ્યાણકર, મોક્ષમાર્ગપ્રકાશક અને શાશ્વતસુખપ્રાપક એવા આ શાસનની સ્થાપના કરી... ત્યારબાદ ૩૦ વર્ષ સુધી પરમ પિતા પરમાત્મા શ્રમણ ભગવાન મહાવીર આ ધરતી ઉપર વિચર્યા... ૨૨,૦૦૦ દેશનાઓનો ધોધ વહાવ્યો... છેલ્લે દિવાળીના દિવસે ૧૬ પ્રહર સુધી અખંડ દેશના આપી પરમાત્મા મહાવીરદેવ નિર્વાણપદને પામ્યા. આ તમામ દેશનાઓમાં પરમાત્મા મહાવીરદેવે ભૂગોળ-ખગોળ-વિજ્ઞાન આદિ તમામે-તમામ વિષયો પર પ્રકાશ પાથર્યો. મોક્ષ અને મોક્ષમાર્ગને ઉપયોગી તમામ વાતો પરમાત્માની દેશનામાં પ્રતિબિંબિત હતી. મોક્ષ ક્યાં છે ?, ૧૪ રાજલોક, અઢીદ્વીપ, અસંખ્ય દ્વીપ-સમુદ્રો, ઉર્ધ્વલોક, અધોલોકાદિની વિસ્તૃત માહિતી આગમ-શાસ્ત્રો અને પ્રકરણગ્રંથોમાં યત્ર-તત્ર-સર્વત્ર પથરાયેલી છે.

Jain Cosmology (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) ગ્રંથરત્નને ૧૦૮ વિષયોમાં વિભક્ત કરી ૨૫૦ ઉપરાંત ચિત્રો દ્વારા સમજાવવાનું કપરું કાર્ય સ્વાન્તઃ સુખાય મારા અંતેવાસી મુનિ શ્રી ચારિત્રરત્નવિજયજીએ આદર્યું. પૂજ્યપાદ પરમારાધ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. મેવાડદેશોદ્ધારક આચાર્યદેવ શ્રી વિ. જિતેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ના દિવ્ય આશીર્વાદથી અને પ. પૂ. વર્તમાન સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. ભવોદધિતારક ત્રિશતાધિક દીક્ષા દાનેશ્વરી આચાર્યદેવ શ્રી વિ. ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ની આજ્ઞા અને શુભ આશીર્વાદના બળે એમનું આ ભગીરથ કાર્ય સંતોષપ્રદ રીતે પૂર્ણ થયું છે.

સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થાને વર્ણવતું "**Jain Cosmology**" આ ડબલ ક્રાઉન સાઈઝના ૫૦૦ ઉપરાંત પાનાઓમાં તૈયાર થયેલ ગ્રંથરત્નને અનુક્રમે લોકવિભાગ, અધોલોક, મધ્યલોક, ઉર્ધ્વલોક, પ્રકીર્ણક, જાણવા જેવી ભૂમિકા અને પરિશિષ્ટ એમસાત વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. પ્રાયઃ ૧૫૦થી વધુ આગમ-પ્રકરણ ગ્રંથોનો આધાર લેવાયો છે. દરેક મુખ્ય મુખ્ય મુદ્દાઓને શક્ય આગમઆધારિત શાસ્ત્રપાઠોથી પ્રમાણિત કરાયા છે. તેમજ આ વિષયને લાગતાં-વળગતાં પ્રાચીન ૬૮ જેટલા ચિત્રોની પ્રતિકૃતિઓ પણ સમાવી લેવામાં આવી છે કે જેથી પ્રાચીન ચિત્રકલાનો પણ રસાસ્વાદ માણી શકાય....

☞ **તત્ત્વચિંતન** :- વર્તમાન શિક્ષા પ્રણાલીમાં ભૂગોળ-ખગોળને માત્ર ભૌતિક જગત સાથે સંબંધ છે, જ્યારે આ ગ્રંથમાં વર્ણિત ભૂગોળ-ખગોળને આધ્યાત્મિક જગત સાથે સંબંધ છે. ૧૨ ભાવનામાં આવતી લોકસ્વરુપ ભાવનામાં પૂરક બનતા આ ગ્રંથના આધારે આપણું ચરમ લક્ષ્ય મોક્ષને ઓળખી શકીએ... ૧૪ રાજલોકમાં આપણે ક્યાં ક્યાં ભટક્યા ? એ ખ્યાલ આવે, સ્વર્ગ-નરકના યથાવસ્થિત સ્વરુપથી આપણે સુપેરે પરિચિત બનીશું તો પુણ્ય-પાપતત્ત્વના ફળની સમજ વધુ **clear** થશે... જીવ-અજીવ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરાદિ નવતત્ત્વનાં સુંદર બોધથી સમૃદ્ધ થયેલો આપણો આત્મા સિદ્ધશિલાની ટોચે જઈ કર્મરહિત અવસ્થાને પામી શાશ્વત સુખનો સ્વામી બને ..... બસ ! એ જ અભ્યર્થના સહ...

આચાર્ય વિજય રશ્મિરત્નસૂરિ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અદ્‌ભુત એવા જિનશાસનને વંદન... વંદન... વંદન...

यदीय सम्यक्त्व बलात्प्रतीमो, भवाद्दृशानां परमस्वभावम् ।
कुवासना-पास-विनाशनाय, नमोऽस्तु तस्मै जिनशासनाय ॥
...नमोऽस्तु तस्मै तव शासनाय ॥

હે તરણ-તારણહાર દેવાધિદેવ પરમપિતા પરમાત્મા ! જિનશાસનના સમ્યગ્દર્શનના પ્રભાવથી અમે આપના શ્રેષ્ઠતમ સ્વભાવને જાણી શક્યા છીએ, તે કુવાસનાના પાસનો નાશ કરનારા તારા શાસનને - જિનશાસનને નમસ્કાર... નમસ્કાર... નમસ્કાર...

જાણવા મળ્યું છે કે, ઈન્ડોનેશીયા દેશમાં ભરાયેલી સર્વ ધર્મ પરિષદમાં "Which is the most practical and most scientific religion in the world ? " ની અનેક ધર્મોના, અનેક તત્ત્વચિંતકોની અનેક શાસ્ત્રોના આધારે થયેલી ચર્ચાનો નિષ્કર્ષ આવેલ કે " જૈનધર્મ જ આ જગતમાં સૌથી વધારે વ્યવહારુ અને વૈજ્ઞાનિક છે !" આવા અદ્‌ભુત જિનશાસનને પામીને હૈયું રોમાંચિત બન્યા વિના ન રહે, મનમયુર નાચી ઉઠે, સાડા ત્રણ કરોડ રોમરાજી વિકસ્વર થઈ જાય, સતત ધન્યતાની અનુભૂતિ થાય, જન્મથી મળેલા જિનશાસનને જીવનમાં સફળ બનાવવાનો સક્રિય પુરુષાર્થ થયા વિના ન રહે.

અનાદિકાળથી ચાલ્યું આવે છે આ જિનશાસન ! સૌથી પ્રાચિન છે આ જિનશાસન ! અનંતાનંત અરિહંત ભગવંતોએ જગત સમક્ષ પ્રગટ કર્યું છે આ જિનશાસન ! તેમજ અનંતાનંત આત્માઓને સાચા અર્થમાં સુખી બનાવ્યા છે આ જિનશાસને ! નાના-મોટા, ભણેલા-અભણ, શ્રીમંત-નિર્ધન, રાજા-રંક, સજ્જન-દુર્જન, શહેરી-ગામડિયા, સાધુ-ડાકૂ, સૌને આ જિનશાસને કોઈ પણ ભેદ-ભાવ જોયા વિના શાશ્વત સુખના સ્વામી બનાવ્યા છે. આ જિનશાસનનો પ્રત્યેક પદાર્થ અદ્‌ભુત છે, અલૌકિક છે, અદ્વિતીય છે, આત્માને ઉજાગર કરનારો છે, સમતા-સમાધિ-શાંતિનો સ્વામી બનાવનારો છે, માટે જ કહેવાય છે કે વિશિષ્ટ સદ્‌ભાગ્ય વિના આ જિનશાસન મળે જ નહીં.

અદ્‌ભુત એવા જિનશાસનમાં શું શું છે ? તે ન પૂછો, શું શું નથી ? તે સવાલ છે. જીવન જીવવાની કળા જિનશાસનમાં છે, શાંતિ-સમાધિ-પ્રસન્નતા પામવાના ઉપાયો જિનશાસનમાં છે, તાપ-આતાપ-સંતાપ, આધિ-વ્યાધિ-ઉપાધિ, તકલીફ-મુશ્કેલીઓ આપત્તિઓ અને અંધાધુંધીઓમાંથી મુક્તિ બક્ષવાની તાકાત આ જિનશાસનમાં છે. દુઃખો-પાપો-દોષો અને વાસનાઓથી કાયમી છુટકારો આપવાની ક્ષમતા આ જ જિનશાસનમાં છે.

મહાત્મા ગાંધીના પુત્ર દેવદાસ ગાંધી દ્વારા પૂછાયેલો પ્રશ્ન "તમે પુનર્જન્મને માનો છો કે નહીં ? અને જો પુનર્જન્મને માનતા હો તો આવતા ભવમાં ક્યાં જન્મ લેવા ઈચ્છો છો ?" ના જવાબમાં જ્યોર્જ બર્નાડશોએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવેલ કે "હા! હું પુનર્જન્મને અવશ્ય માનું છું અને જો ખરેખર મારે ફરીથી જન્મ લેવાનો હોય તો હું આવતા ભવે હિન્દુસ્તાનમાં રહેતા જૈન કુંટુબમાં જન્મ લેવાને ઇચ્છું છું!" બર્નાડશોનો આ જવાબ જ્યારે ને ત્યારે પરદેશની વાહવાહ કરનારા અને પશ્ચિમની વિકૃતશૈલીથી આકર્ષાયેલા બુદ્ધિપ્રધાન જીવીઓને એક લપડાક સમાન છે... તેમજ વિપશ્યના વગેરે અનેક જૈનશાસન બાહ્ય પ્રરુપણા-અનુષ્ઠાનોનો ઠેર ઠેર પ્રચાર કરનારાઓ માટે આઈ ઓપનર (EYE OPNER) = આંખ ઉઘાડનાર છે.

જ્યાં શ્રમણ-શ્રમણી ભગવંતોનું વિચરણ ન હોય તેવા પરદેશમાં જવાનો સ્વપ્નમાંય વિચાર ન કરવો, કદાચ જવું પડે તોય ત્યાં કાયમી વસવાટ તો ન જ કરવો, નહીં તો તેની ચોથી વગેરે પેઢીમાંથી કાયમ માટે જૈનશાસન દૂર થઇ જશે, તે જૈનશાસન હારી જાશે, ચુકી જાશે, ગુમાવી બેસશે.....

"શા માટે જૈન કુટુંબમાં તમે જન્મ લેવા ઇચ્છો છો ?" ના જવાબમાં બર્નાડશો જણાવે છે કે "દુનિયાના તમામે તમામ ધર્મોએ ભગવાન બનવાની મોનોપોલી કોઇ એક વ્યક્તિને જ આપી છે પણ એની સામે એક માત્ર જિનશાસન એવું છે કે જેણે ભગવાન બનવાની મોનોપોલી કોઇ એક વ્યકિતને આપી નથી, જિનશાસન તો મહાન છે, ઉદાર છે, અદ્‌ભુત છે. જે એમ કહે છે કે હું, તું, તે, અમે, તમે, તેઓ, આપણે, બધા જ ભગવાન બની શકીએ. જે જીવ સાધના કરીને રાગ-દ્વેષ-અજ્ઞાનને ખતમ કરે છે તે તમામે તમામ જીવો શિવ બની શકે... એટલે ભગવાન બની શકે, મોક્ષ પામી શકે, મારે પણ ભગવાન બનવું છે માટે મારે જૈન કુટુંબમાં જન્મ લેવો છે !" આપણે કેટલા બધા પુણ્યશાળી છીએ.. કે આપણને હિન્દુસ્તાનમાં જ જૈનશાસન યુક્ત કુંટુંબમાં જન્મ મળી ગયો ! હવે રોમરોમમાં જિનશાસન પ્રત્યે બહુમાનભાવ પૈદા કરીએ. જૈનશાસનને સંપૂર્ણ સમર્પિત બની જઈએ, તન-મન-ધન-જીવન આ બધું જ જિનશાસનના ચરણે કુરબાન કરી દઈએ.....

મારા તરણતારણહાર, વાત્સલ્યવારિધિ, ભવોદધિતારક ગુરુદેવ પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા. ના રોમરોમમાં જિનશાસન વણાયેલું હતું. તેમના શ્વાસ અને પ્રાણ જિનશાસન હતા, તેમની ધમની અને શિરામાં લોહી નહીં પરંતુ જિનશાસન વહેતું હતું..... એમ કલ્પી શકાય, જિનશાસન માટે તેઓ જીવી ફીટ્યા તો જિનશાસન માટે તેઓ મરી પણ ફીટ્યા. તેમના જીવનમાં તેમને માત્ર ૨ જ ગીતની રચના કરી છે... (૧) શાસનવંદના (૨) શાસનગીત. શાસન પામ્યાનો આનંદ, ખુમારી, દાઝના તેમાં દર્શન થાય છે. તેમજ તેની રક્ષા કરવાની તમન્ના અને તલસાટ તેમાં જણાય છે. તેમની એક આંખમાં હતાં અરિહંતની ઓળખ કરાવતાં કરુણાનાં આંસુ, તો બીજી આંખમાં હતી જિનશાસનની અદ્‌ભુત દાઝ ! છેલ્લા સૈંકડો વર્ષોમાં આવા મહાપુરુષ થયા હતા કે કેમ ? અને આગામી હજાર વર્ષોમાં આવા કોઇ થશે કે કેમ ? તે સૌના હૃદયમાં ઘુમરાતો સવાલ છે કે જેની અંતિમ પાલખીયાત્રામાં શબ્દો સહજ રીતે પોકારાયા હતા કે, " દેખો દેખો કૌન આયા, જિનશાસન કા શેર આયા... પાલખી મેં કૌન હૈ, જિનશાસન કા શેર હૈ !"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જગતમાં મુસ્લિમો માત્ર મુસ્લિમોને , ક્રિશ્ચનો માત્ર માનવોને, અન્ય ધર્મીઓ માત્ર માનવ-પશુ-પંખીઓને ચાહવાનું જણાવે છે ત્યારે માત્રને માત્ર આ જિનશાસન જ એક એવું અદ્‌ભુત છે કે જે માત્ર જૈનોને, માનવોને, પશુ-પંખીઓને જ નહીં પણ સર્વ જીવમાત્રને ચાહવાનું કહે છે, જીવમાત્ર પ્રત્યે કરુણા વરસાવવાનું કહે છે. જીવમાત્રને બચાવવા જાનનું પણ બલિદાન આપવાનું કહે છે. આવા ઉદાર-કરુણાસભર જૈનધર્મને સંકુચિત માનવાની તો સ્વપ્ને પણ ભૂલ નહીં કરો ને ?.....

હિંસા-જુઠ-ચૌરી-મૈથુન અને પરિગ્રહને મહાપાપ તરીકે તો કદાચ દરેક ધર્મે રજુ કર્યા છે, પણ એ તો આદર્શની વાત થઈ ! આ પાંચે મહાપાપનો ત્યાગ કરવાની સુંદર વાત કરનારા કયા ધર્મ પાસે આ પાંચે મહાપાપનો ત્યાગ કરવા પૂર્વક ઉન્નત મસ્તકે ગૌરવ સભર જીવન જીવવાની શૈલિ છે ? આપી શકો કોઈ જવાબ ? જૈનશાસન એવું વિશિષ્ટ શાસન છે કે જેણે આ પાંચ મહાપાપોને માત્ર મહાપાપો રુપે કે તેનો ત્યાગ કરવા રુપે જ જણાવ્યા નથી પણ સાથે સાથે તે પાંચે મહાપાપો વિનાનું ઉન્નત-ગૌરવસભર જીવન જીવવાની અદ્‌ભુત શૈલિ પણ બતાવી છે. સંયમ-જીવન સ્વીકારીને આજે પણ હજારો સાધુ-સાધ્વીજી ભગવંતો આ પાંચે મહાપાપો વિનાનું-ઉન્નત-ગૌરવસભર જીવન જીવતાં જોવા મળે છે. ધન્ય છે આવા આદર્શોને ચરિતાર્થ કરતી જીવનશૈલિ બતાડનારા આ અદ્‌ભુત જિનશાસનને ! ઓળોટી જઈએ જિનશાસના ચરણોમાં ! જીવન ન્યોછાવર કરી દઈએ જિનશાસનના ચરણોમાં.....

સાધુ-સાધ્વી બનવાની ક્ષમતા ન ધરાવનારા જીવો પણ જો ઈચ્છે તો થોડી થોડી તેની અનુકુળતા પ્રમાણેના સમય સુધી આ પાંચે મહાપાપો વિનાનું જીવન જીવી શકે તેવા વ્યવહારુ ઉપાયો આ જિનશાસને ઉપધાન-પૌષધ-સામાયિક વગેરે દ્વારા બતાડ્યા છે, આવો નાનામાં નાના જીવોને અનુકુળતા કરી આપનારો ધર્મ એકમાત્ર જૈનધર્મ સિવાય બીજો કયો હોઈ શકે ? છે ને અદ્‌ભુત આ જિનશાસન !... કોઈ જીવના પ્રાણો લઈને મારી નાંખીએ તો જ હિંસા કહેવાય અને તેવી હિંસાનું પાપ લાગે એવું કહેનારા અનેક ધર્મોની વચ્ચે માત્રને માત્ર જિનશાસન જ વિશિષ્ટ સૂક્ષ્મ ચિંતનસભર જણાય છે કે માત્ર જીવને મારવામાં જ નહીં પણ જીવને હેરાન કરવામાં, કડવા શબ્દો કહેવામાં, ત્રાસ આપવામાં, તેને ઉદ્‌વેગ પમાડવામાં, તેની લાગણી દુભાવવામાં, તેનો ઘરભંગ કરવામાં પણ હિંસા છે તેવું ઈરિયાવહિ સૂત્રોમાં જણાવીને માંફી માંગવાની વાત કરાઈ છે. જાળ પાથરીને દાણા ખવડાવતો પારધી નહીં પણ તાળી પાડીને ભોજન વિખુટા કરીને કબુતરને ઉડાડી દેતો બાલક સાચો અહિંસક છે, એ વાત જો મગજમાં બેસી જશે તો પરમાત્માની ઉલ્લાસપૂર્વક કરાતી ઉત્તમદ્રવ્યોથી અષ્ટપ્રકારી પૂજામાં ગાંડા બન્યા વિના નહીં રહેવાય.

ઉકાળેલું પાણી, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ-અભક્ષ્ય ત્યાગ, જીવોનું વર્ગીકરણ, છક્કો આરો, ગર્ભાપહાર (સરોગેટ મધર) વગેરે અનેકવિધ વૈજ્ઞાનિક તથ્યસભર જૈનશાસનની વાતો જાણ્યા પછી તો હૃદય ઉદ્‌ગાર કર્યા વિના નહીં રહી શકે કે જિનશાસન સંપૂર્ણ છે, યુક્તિ સંગત છે. તેમજ સર્વ પ્રશ્નોના સાચા અને અપનાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય તેવા સમાધાનોથી ભરપૂર છે.

જિનશાસનનું ખેડાણ કોઈ એક જ વિષયમાં નહીં, પરંતુ તમામે તમામ વિષયોમાં છે. તેમાનાં ખગોળ અને ભૂગોળ વિષયનું તેમજ સમગ્ર બ્રહ્માંડના વિષયનું અદ્‌ભુત જ્ઞાન આ **JAIN COSMOLOGY (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)** નામક ગ્રંથમાં ટૂંકમાં રજુ કરવાનો પ્રયત્ન મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજીએ ઉછળતા ઉલ્લાસથી કર્યો છે. આ ગ્રંથમાં રજુ કરાયેલા કેટલાક પદાર્થો પાછળના સુંદર તર્ક પણ તેમણે રજુ કર્યા છે તો કેટલાક પદાર્થોને શ્રદ્ધાથી સ્વીકારવાની રજુઆત પણ કરી છે. યાદ રહે કે "જ્યાં તર્કના સીમાડા આવે ત્યાં સાચી શ્રદ્ધાની શરુઆત થાય છે."

જ્યાં સહન કરવાનું નથી ત્યાં ધર્મ પણ નથી. સહન ન કરવાની વૃત્તિવાળા જીવોને પોતાને ધર્મ ન કરવો હોય તેથી બીજાને ધર્મ કરવા અટકાવવા ધર્મના પાયાભૂત આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નર્ક, મોક્ષ, પરલોક વગેરેનો તિરસ્કાર કરવો, "દેખાય તે જ માનવું અને ન દેખાય તે ન જ માનવુ" નો ગોબેલ્સ પ્રચાર કરીને પોતાને સેક્યુલર-બિનસાંપ્રદાયિક માનવાનું ગૌરવ અનુભવે છે, પણ તેમના પ્રચારમાં કોઈએ દોરવાઈ જવાની જરૂર નથી, કારણ કે, શબ્દ, સુગંધ-દુર્ગંધ, ખટાસ-મિઠાસ, કડવાસ-તિખાસ, ઠંડી-ગરમી, ભૂખ-તરસ વગેરે દુનિયાના અઢળક પદાર્થો દેખાતા ન હોવા છતાં પણ માને છે પણ ધર્મ પ્રત્યેની એલર્જીના કારણે ધર્મનો વિરોધ કરે છે. પોતાની હજારમી પેઢીના દાદા કે સામી વ્યકિતના માથાના દુઃખાવાનો સ્વયં અનુભવ ન કર્યો હોવા છતાં ય માનવા તૈયાર તે બુદ્ધિજીવીઓ અનેક પ્રકારે અનુભવતા આ પદાર્થોને નહીં માનવામાં કઈ શુરવીરતા માને છે ? તે વિચારણીય છે. દુનિયાના બધા વ્યવહારો પૈસાથી કે બુદ્ધિથી નહીં પણ શ્રદ્ધના જોરે કરનારા ધર્મની વાત આવે ત્યારે અકળામણ અનુભવતા જણાય છે, માટે તેમના પ્રત્યે તો હવે ભાવકરુણા જ કરવી રહી...!

આ **"JAIN COSMOLOGY" (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)** નામક મહાગ્રંથમાં મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજીએ ઘણો જ પરિશ્રમ કરીને અનેક શાસ્ત્રોનું દોહન કરીને, અજૈનોના ગ્રંથોમાંથી પણ તેમની તે તે પ્રકારની માન્યતાઓનો સંગ્રહ કરીને, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ સત્યાસત્યની ચકાસણી રજુ કરીને **"ગાગરમાં સાગર"** સમાવવાનો અનુમોદનીય પ્રયાસ કર્યો છે. ૧૦૮ વિષયોની તેમજ જાણવા જેવી ભૂમિકાની અનુક્રમણિકા **(INDEX)** તથા તે તે વિભાગમાં આવેલ આધારગ્રંથોની સૂચિ અને પરિશિષ્ટ-૧ માં આવેલ સાક્ષીપાઠો જોવાથી આ ગ્રંથની વિશ્વાસનીયતા તેમજ ઉપાદેયતા જણાશે તથા મુનિરાજશ્રી ને પણ ધન્યવાદ આપ્યા વિના નહીં રહેવાય..... સૌ કોઈ આ ગ્રંથના વાંચનવડે જલ્દીથી જલ્દી શિવપદને પામનારા બને તેવી અંતરના ય અંતરથી શુભેચ્છા.....



ગુરુપાદપદ્મરેણુ -
પં. મેઘદર્શનવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક ઉમદા ગ્રંથનું સર્જન એટલે.....

પ. પૂ. મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજી મ. સા. ને શેઠ શ્રેણિકભાઈ કે. લાલભાઈની વંદના... સુખ-શાતામાં હશો...,આપના દ્વારા મોકલાવેલ "**JAIN COSMOLOGY**" (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) નામક ગ્રંથ મળ્યો,જોયો. સર્વજ્ઞ ભગવંતે નિહાળેલા સમસ્ત વિશ્વના સ્વરૂપને સંપૂર્ણપણે તર્કબદ્ધ તાદ્રશ્ય કરતા તમામ પેટા પ્રકરણો વાંચ્યાં. વિજ્ઞાન જે રીતે પોતાની અપૂર્ણ શોધો કરીને વિશ્વને વિપરીત દિશામાં લઈ જઈ રહ્યો છે તેમાંથી તેઓના તમામ સમીકરણોને જુઠા પાડીને સર્વજ્ઞ કથિત તત્ત્વજ્ઞાનને સત્ય પુરવાર કરવા ગાણિતીક અને સચિત્ર માહિતી બાહર પાડવા વિવિધ સાહિત્યની જરૂર વર્તાતી હતી. સર્વજ્ઞ પરમાત્મા મહાવીરસ્વામી દ્વારા કથિત જૈન ભૂગોળ-ખગોળ સંબંધી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર,દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ સૂત્ર, ઠાણાંગ સૂત્ર, ઔપપાતિક સૂત્ર વગેરે આગમ ગ્રંથોમાં તેમજ તત્ત્વાર્થ સૂત્ર, ક્ષેત્રલોકપ્રકાશ, બૃહત્સંગ્રહણી, ક્ષેત્ર સમાસ વગેરે પ્રકરણ ગ્રંથોમાંથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે તમામ ગહણ પદાર્થો આજે સામાન્ય વ્યકિતને સમજવા કઠિનતમ છે. આથી તે તમામ પદાર્થોને એક સુનિયોજીત શૈલીથી પ્રકરણ વાર વિભાગ કરીને સમાન વિષયોને એક સાથે સંકલિત કરીને સૈંકડો ચિત્રો સહિત આ ગ્રંથ પુસ્તકાકારે જ્યારે જૈન સમાજ સામે પ્રકાશિત થઈ રહ્યો છે ત્યારે તે વાત જાણી આજે ખૂબ જ આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

મારા મતે આ પ્રકાશિત થયેલ ગ્રંથ મોક્ષમાર્ગની આરાધનામાં ઉદ્યત બનેલા મુમુક્ષુ જીવોને તેમજ ચતુર્વિધ શ્રી સંઘને પરમાત્માની વાણી રુપ તત્ત્વજ્ઞાન સમજવા ચોક્કસ એક ભોમિયાની ગરજ સારસે. જે વિજ્ઞાનની માયાજાલ રુપ શોધોમાં ફસાયા વિના અસંખ્યાતા આકાશપ્રદેશમય સમસ્ત વિશ્વનું સ્વરૂપ સમજાવી વિશ્વની અનંતતા વિચારી આત્માને વૈરાગ્યથી વાસિત કરશે અને જેના અધ્યયનથી પોતાનો આત્મા આવા ૧૪ રાજલોકમાં ક્યાંય ભૂલો ના પડી જાય તેના માટે સજાગ બનશે અને ભાગવતી પ્રવજ્યા રુપ ચારિત્રધર્મ પ્રતિ સજાગ બની પરંપરાએ મોક્ષને પામી પોતાનું આત્મકલ્યાણ સાધશે.

પ્રસ્તુત ગ્રંથમાં આપેલા આધાર ગ્રંથોના તમામ પાઠોનું આપે જે શાસ્ત્રીય આધાર આપવાનો પ્રયત્ન કર્યો છે તેમજ તે તમામ પાઠોને સંકલિત કરવા માટે આપે જે જહેમત ઉઠાવી છે તેની હું અનુમોદના કરુ છું તથા આપે આ વિષયમાં ઊંડા ઉતરેલ અનેક વિદ્વાન આચાર્ય ભગવંતો અને વિવિધ શ્રાવકવર્યોના લેખોને અને હસ્તલિખિત પ્રતોના ઉદ્ધરણોને સંકલિત કરી જાણવા જેવી ભૂમિકા વગેરેમાં સમાવેશ કર્યો છે તેના કારણે સંકલિત થયેલી ઘણી બધી બાબતો બહાર આવશે અને લોકો સહજ રીતે સમ્યગ્ જૈન ભૂગોળ-ખગોળાદિની માહિતી મેળવી ખૂબ સારી રીતે ભણી શકશે... તેવી શ્રી સંઘ પાસે આશા રાખું છું.

આપશ્રીએ ૧૦ વર્ષનાં ટૂંકા સંયમપર્યાયમાં આવી પદ્ધતિસરની શોધ કરી જૈનસંઘ સમક્ષ એક ઉમદા ગ્રંથના સર્જન રુપે **"સચિત્ર તત્ત્વજ્ઞાનનું નવલું નજરાણું"** ધરવા બદલ હું આપને અભિનંદન પાઠવું છું અને આપ આગળ પણ આ રીતે જ શ્રુતજ્ઞાનની ભક્તિ કરીને જૈનશાસનને નવા-નવા સંશોધનાત્મક ગ્રંથોની ભેટ આપતા રહેશો... તેવી ઉત્તમ ભાવના સાથે વિરમું છું.

Shrenik K Lalbhai

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજ્ઞાન વિકાસની પરાકાષ્ઠાએ કે પગદંડીએ.....?

પ. પૂ. મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજી મ. સા. ને વંદના સહ જણાવવાનું છે કે... આપશ્રીએ મોકલેલ **JAIN COSMOLOGY** (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) ગ્રંથ મળ્યો, જોયો, વાંચ્યો. આપે સર્વજ્ઞ પરમાત્મા દ્વારા કહેવાયેલાં વચનો જે જે આગમ ગ્રંથોમાં સચવાયેલાં છે તેનું વાંચન કરી દોહન આપ્યું છે. આટલું ગહન જ્ઞાન સામાન્ય જન માટે સરળ કર્યું છે તે ઘણું જ અનુમોદનીય કૃત્ય છે, આપે ઘણી મહેનત કરી બાળ જીવો પર અપાર કૃપા કરી છે.

"JAIN COSMOLOGY" આમ તો બુદ્ધ તથા વૈદિક પરંપરા તેમજ કાંઈક અંશે પાશ્ચાત્ય ધર્મના અવલોકનોની નજીક છે, પરંતુ હાલના પ્રચિલત વૈજ્ઞાનિક સંદર્ભોથી ભિન્ન છે તે વાત સુવિદિત છે. વળી આ ગ્રંથમાં વિશ્વ વ્યવસ્થાનો તથા તેને લગતા ષડ્દ્રવ્ય વગેરેનો જેટલી ઊંડાણથી અભ્યાસ તથા વર્ણન છે તેટલું ભાગ્યે જ કોઈ અન્ય ધર્મ કે સંસ્કૃતિમાં હશે. કારણ કે, આ ગ્રંથમાં તર્ક છે, માહિતી છે, જ્ઞાન છે તેમજ વિજ્ઞાન પણ છે. જેવી રીતે હાથમાં લીધેલા આમળાનું જે સ્પષ્ટતાથી વર્ણન થઈ શકે તેટલી જ સ્પષ્ટતાથી-સરળતાથી શ્રી સર્વજ્ઞ પરમાત્માએ વિશ્વ વ્યવસ્થા રુપ કોસ્મોલોજીનું વર્ણન કર્યું છે. જૈન ખગોળ-ભૂગોળ, પ્રજ્ઞાપના સૂત્ર, જીવાભિગમ સૂત્ર, ઠાણાંગ સૂત્ર, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વગેરે અનેક આગમ ગ્રંથો તથા અન્ય પણ ઘણા બધા પ્રકરણ ગ્રંથોમાં આવા પ્રકારનું જ્ઞાનનું વર્ણન જોવા મળે છે અને તેનું મુનિશ્રીએ ઊંડા અભ્યાસ દ્વારા દોહન કરી આજે આપણી સમક્ષ મૂક્યું છે.

વિજ્ઞાન હજી વિકાસની સતત પ્રક્રિયામાં છે. કાલે શોધાયેલું, કાલે પ્રતિપાદિત થયેલું આજે બીજા પ્રમાણોને લીધે બદલાય છે, નિયમોમાં ફેરફાર થાય છે. સંશોધનની પ્રકિયા તો ચાલુ રહે છે અને આજે વધુ નવું, સત્યથી વધુ નજીક એમ શોધાતું રહે છે... જ્યારે જૈનધર્મ દ્વારા જ્ઞાત થયેલું જ્ઞાન અચલ-અવિચલ રહ્યું છે. કેમકે, આર્ષદ્રષ્ટા પુરુષોએ-આપ્તપુરુષોએ કેવળજ્ઞાન દ્વારા જોયું અને ત્યારબાદ જ તેની પ્રરુપણા કરી છે.

પદાર્થવિજ્ઞાન, અણુંવિજ્ઞાન, ગણિત, ગતિના નિયમો, જીવવિજ્ઞાન, જ્ઞાન પરનો વિચાર, માનસશાસ્ત્ર, ઔષધશાસ્ત્ર વગેરે અનેકાનેક જ્ઞાન-વિજ્ઞાનો સર્વજ્ઞ પુરુષની જ્ઞાનની આભામાં સમાયા, તેને ગણધરોએ ઝીલ્યા અને ગુંથ્યા અને સુવિહિત આચાર્યની પરંપરાથી આપણા સુધી પહોંચ્યા, વિજ્ઞાને તો આ બધું છેલ્લા ૪ શતકમાં શોધ્યું. પરંતુ આપણી પાસે તો આ બધું જ સદીયો પહેલાંથી છે અને હજી કેટલુંય એવું જ્ઞાન છે કે જેને આ વિજ્ઞાન પામી શક્યું જ નથી. કહેવાનું તાત્પર્ય એ જ છે કે શ્રદ્ધાપૂર્વક સર્વજ્ઞ કથિત ધર્મનું સેવન કરવું જોઈએ... વૈજ્ઞાનિક હોવાથી હું વિજ્ઞાનની અહવેલના કરવાનું નથી કહેતો, પરંતુ ધીરજથી સ્વસ્થચિત્તે આંખ-કાન ખુલ્લા રાખી આ વાતને સમજવાની કોશીશ કરવાની છે. ઉતાવળે નિર્ણય ન કરવો અને આવનારા સમયની રાહ જોવી... કેમકે તે માટે એક દાખલો આપું - દરેક વનસ્પતિમાં જીવ છે અને સંવેદના છે, તે વાતને સમજવા વિજ્ઞાનને ૨૦મી સદી સુધી રાહ જોવી પડી જ્યારે આપણા જૈનાગમોમાં એને અત્યંત વિસ્તારથી સદીઓ પૂર્વે જ વર્ણવી દીધું હતું... અને ૧૯ મી સદી પહેલા ધર્મની આ વાતને વૈજ્ઞાનિકો કેવી રીતે જોતા હશે... તેની કલ્પના કરી લ્યો..., બસ ! આવું જ કાંઈ **"JAIN COSMOLOGY" (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)** માંથી નિકળે તો નવાઈ ન પામવું.

અસ્તુ.

ડૉ. સુધીર વી. શાહ,
૪૨, જૈનનગર-પાલડી, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વ વ્યવસ્થાના અજ્ઞાત રહસ્યો પર પ્રકાશ...

વર્તમાનકાળમાં જીવોની જિજ્ઞાસાવૃત્તિ પ્રબળ થતી જાય છે આ કાળ એવો છે કે જ્યાં ભૂતકાળ અને ભવિષ્યકાળની માહિતી પ્રાપ્ત થવી અત્યન્ત દુર્લભ છે, એવા કોઈ ત્રિકાળજ્ઞાની પુરુષો નથી કે જે બધી જિજ્ઞાસાઓને પરિપૂર્ણ કરી શકે, આ કાળમાં પ્રિયદર્શી રાજા ખરેખર સમ્રાટ અશોક હતા કે રાજા સંપ્રતિ હતા એ અંગેનાં સૂક્ષ્મતાથી સંશોધનો થયાં છે તથા અનેક પૂરાવાઓના આધારે પ્રિયદર્શી રાજા એ સંપ્રત્તિ રાજા જ હતા એવા અંતિમ નિષ્કર્ષ સુધી પહોંચવાનો પુરુષાર્થ પુસ્તકો દ્વારા થાય છે. અગણિત જિજ્ઞાસાઓ પૂરી ન થઈ શકે એવા આ યુગમાં ઘણા બધા લોકોને બ્રહ્માંડ અંગે પણ જિજ્ઞાસાઓ થાય છે. પ્રત્યક્ષથી જણાતું એવું આ વિશ્વ (બ્રહ્માંડ) ઘણું જ સીમિત છે. રોજ-રોજ નવા નવા સંશોધનો દ્વારા વિશ્વ વ્યવસ્થાની માહિતિમાં વિસ્તાર થતો રહે છે.

જ્ઞાનની જિજ્ઞાસાવાળા એવા આ યુગમાં **JAIN COSMOLOGY (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)** ની માહિતી પણ આજે આ મહાગ્રંથના માધ્યમે ઉપલબ્ધ થાય છે. પ્રસ્તુત ગ્રંથના રચઈતાએ જુદા-જુદા ગ્રંથોમાં આપેલ-છપાયેલ સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થાની વાતોને એક જ ગ્રંથમાં સમાવેશ કરીને આજના બુદ્ધિ-પ્રધાન સમાજ આગળ રજુ કરવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો છે તે ખરેખર અનુમોદનીય છે. એમ કહેવાય છે કે અલગ-અલગ પ્રકારના ક્ષયોપક્ષમવાળા જીવો હોય છે કોઈકને દ્રવ્યાનુયોગમાં રસ હોય છે તો કોઈકને ચરણકરણાનુયોગમાં રસ હોય છે તથા કોઈકને ધર્મકથાનુયોગમાં રસ હોય છે. જે લોકોને ગણિતાનુયોગમાં રસ છે એવાઓને ગણિતાનુયોગની પ્રધાનતાવાણો એવો આ ગ્રંથ મહોપકાર કરનારો થશે. જે લોકોને ૧૪ રાજલોક વગેરેનું સંક્ષેપથી સ્વરુપ જાણવું હશે તેમજ સંપૂર્ણ વિશ્વ-વ્યવસ્થા શું છે ? એવી ઘણી બધી જિજ્ઞાસા જેઓને હશે તેઓ માટે આ **JAIN COSMOLOGY** ગ્રંથ ઘણો જ ઉપકારક થશે તથા સર્વજ્ઞ કથિત જૈન વિશ્વ વ્યવસ્થાની માન્યતા પ્રમાણેની માહિતીથી જેઓ અજ્ઞાત છે એવા જિજ્ઞાસું લોકોના હાથમાં જ્યારે આ પુસ્તક આવશે ત્યારે તેઓને માટે આ ગ્રંથ જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારનારો થશે.


જૈનશાસનને પામેલા પંડિતજી અને શિક્ષકોને (અધ્યાપકોને) પણ ૧ વાત કહેવાનું મન થઈ જાય છે કે... આ ગ્રંથનું આલંબન લઈને સર્વજ્ઞ દ્રષ્ટિએ વિશ્વ વ્યવસ્થાથી અજ્ઞાત એવા બાલજીવોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમજ મુમુક્ષુરત્નોને આ પદાર્થોનો બોધ કરાવવા યોગ્ય છે... કેમકે, સંક્ષેપથી બધા જ વિષયોનું સંકલન સંગ્રહ રુપે આ ગ્રંથમાં આવી જાય છે.

ખરેખર પરમ પૂજ્ય ત્રિશતાધિક દીક્ષા દાનેશ્વરી આચાર્યદેવ શ્રીમદ્વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા. શ્રદ્ધાના દુષ્કાળવાળા એવા આ કલિકાલમાં પણ એક વિશિષ્ટ વિરલ વિભૂતિ છે કે જેમની નિશ્રામાં સંયમ લેનારા મહાત્માઓ પણ જ્ઞાનયોગમાં આ રીતે આગળ વધી રહ્યા છે... આ ગ્રંથના સંપાદક મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજી મ.સા.ની દીક્ષા પણ એક અદ્‌ભુત ઘટના દ્વારા સંપન્ન થઈ... તેઓ પાલિતાણા મુકામે સંવત ૨૦૫૮ ના મહા સુદ-૪ ના રોજે એક સુપ્રસિદ્ધ સંગીતકાર (ઉંમર-૧૮વર્ષ)તરીકે સંગીતનો પ્રોગ્રામ આપવા તેમજ સામુહિક ૩૬ દીક્ષાનો મહોત્સવ માણવા આવી રહ્યા હતા. ત્યારે રાત્રે માર્ગમાં ૧ વાહનના નીચે કૂતરાનો અકસ્માત (Accident) જોતાં અંદરથી તેઓ હચમચી ગયા... અંતે બીજે દિવસે સવારે પાલીતાણા પહોંચતા પ. પૂ. દીક્ષા દાનેશ્વરી ગુરુદેવશ્રી પ્રવચન કરી રહ્યા હતા... તેમાં પૂજ્યશ્રીએ સભા સમક્ષ પ્રેરણા કરી કે... "સુવર્ણના ભાજનમાં ચારિત્ર-સંયમરુપ અમૃત જ ભરવો જોઈએ નહીં કે ભોગ-વિલાસ રુપ મદિરા..." આ વાક્ય સાંભળતા જ તેઓએ પૂજ્ય ગુરુદેવને વિનંતિ કરી કે મને પણ સંયમ પ્રદાન કરો... અને ત્યાંજ મુહૂર્ત કાઢી...વરઘોડો અને દીક્ષા લીધી. માટે જ કહેવાય છે કે જેઓ દીક્ષાના પ્રસંગમાં અનુમોદના કરવા આવ્યા હતા તેઓ સ્વયં દીક્ષિત થવા દ્વારા અનુમોદનીય બની ગયા. ખરેખર આ રીતે દીક્ષા આપનાર પરમ પૂજ્ય દીક્ષા દાનેશ્વરી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.નું સામર્થ્ય પણ કેવું અજબનું છે કે દીક્ષા આપ્યા પછી માત્ર ૧૦ વર્ષના જ અલ્પ પર્યાયમાં એ મુનિરાજે ગુરુકૃપાના બળે અદ્‌ભુત એવા આ ગ્રંથની શાસનને પ્રાપ્તિ કરાવી.

આપણે સહુ શાસન દેવતાઓને પ્રાર્થના કરીએ કે આ આચાર્ય ભગવંત દ્વારા જૈનશાસનને એવા મહાત્માઓની પ્રાપ્તિ થતી રહે જેથી જૈનશાસનમાં પ્રભુના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી રહે....



એ જ અભ્યર્થના સહ...

ગુરુપાદપદ્મરેણુ પંડિતજી જગદીશભાઈ છોટાલાલ શાહ

સુભાષ ચોક - ગોપીપુરા, સૂરત...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

JAIN COSMOLOGY અર્થાત્ સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા....

ખગોળ અને ભૂગોળ આ બન્ને વિષયો ઉપર ઘણુ જ ચિંતન-મનન કરીએ તો પણ દુર દુર વિષયો હોવાથી અને છદ્મસ્થ જીવો માટે આ વિષય પરોક્ષ હોવાથી ઘણો જ દુર્ગમકહિ શકાય. છદ્મસ્થ આત્મા ગમે તેટલી તર્કશક્તિ કે બુદ્ધિ દોડાવે તો પણ તેનો પાર પામી ન શકે અર્થાત્ સર્વજ્ઞ પરમાત્મા સિવાય જેનુ સાંગોપાંગ સુંદર વર્ણન બીજા કોઈ જ ન કરી શકે એવો આ કઠિન દુર્ગમઅને પરોક્ષ વિષય છે.

શાસ્ત્રકાર મહર્ષિઓએ સર્વજ્ઞ કથિત વચનોના અનુસારે ઘણું જ ચિંતન-મનન રુપ દોહન કરીને આ વિશ્વ વ્યવસ્થાની આ ગ્રંથમાં જે કાઈ આંછી-પાતલી ઝાંકી કરાઈ છે તે વર્તમાનકાળના સુજ્ઞ જ્ઞાની મહાત્માઓના ભાગીરથ પુરુષાર્થને જ આધિન છે. સતત આ જ વિષયોમા રચ્યા-પચ્યા રહેનારા આત્માર્થી મહાત્માઓનું જ આ કામછે આપણે તો તૈયાર મળેલા માલ ઉપર નજર નાંખીને માત્ર આનંદ જ માણવાનો રહે છે. બૃહત્સંગ્રહણી-ક્ષેત્રસમાસ-લઘુ સંગ્રહણી-લોકપ્રકાશ-જંબૂદ્વીપપન્નત્તિ ઈત્યાદિ ગ્રંથોનો ઘણો ઊંડો અભ્યાસ કર્યો હોય અને વારંવાર તેનું દોહન કર્યુ હોય તો જ આ વિષયમાં યત્કિંચિત ચાંચ પ્રવેશ કરે, અન્યથા તો માથાનો દુઃખાવો જ લાગે... ઉપરોક્ત ગ્રંથો વાંચતાં-વંચાવતાં અને ભણાવતાં ઘણી બધી શંકાઓ થાય પરંતુ વિષય ઘણો જ પરોક્ષ હોવાથી આવા ગ્રંથો અને તેના અનુભવી ગીતાર્થોનો જ આશ્રય કરવો પડે તો જ કાંઈક અંદર પ્રવેશ થાય.

અસંખ્ય દ્વીપ સમુદ્રની વ્યવસ્થા, અધોલોક, ઉર્ધ્વલોક, જ્યોતિષચક્ર, અનેકાનેક પર્વતો-નદિયો અને ગુફાઓ વગેરેનું નિર્માણ જે સહજ છે, તેનું વર્ણન તથા તેની ઊંચાઈ-પહોળાઈ-ઊંડાઈ વગેરેનું વ્યવસ્થિત વર્ણન સર્વજ્ઞ વિના કોણ કરી શકે? તથા આ વિષયોનું પ્રમાણ પૂર્વક કરાયેલું વર્ણન ત્રણેકાળમાં અબાધિત જ રહે... જ્યારે જ્યારે જે જે ગ્રંથોમાં જોઈએ ત્યારે ત્યારે તે તે ગ્રંથોમાં એક સરખુ જ વર્ણન જોવા-જાણવા મળે... આ બધી વિશ્વ વ્યવસ્થાનું યથાર્થ વર્ણન સર્વજ્ઞ પરમાત્માને જ આભારી છે, તેને પ્રકાશીત કરીને અજ્ઞાનના અંધકારમાં ડુબેલા જીવોને સાચો જ્ઞાનપ્રકાશ આપીને સન્માર્ગે લાવવા આ ગ્રંથ દ્વારા જે ભવ્ય પુરુષાર્થ થયો છે તે ખુબ જ સરાહનીય છે.

૧૪ રાજલોકની સંપૂર્ણ વ્યવસ્થા, ૧૫ કર્મભૂમિ/૩૦ અકર્મભૂમિ/૫૬ અંતર્દ્વીપ મહાવિદેહ ક્ષેત્ર, તેમજ તેમાં રહેલ ૩૨વિજયોની વ્યવસ્થા, લવણ સમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ સમુદ્ર , અર્ધપુષ્કરાર્ધદ્વીપ વગેરે પદાર્થોનો યર્થાર્થપણે નિરુપણ આ બધુ સમજાવવું એ કાઈ સામાન્ય ખેલ માત્ર નથી. કેમકે દુરંગામી પદાર્થોનુ વર્ણન દુરંગામી એવી દ્રષ્ટિવાળા જીવો જ કરી શકે... પ.પુ. મુનિરાજ શ્રી ચારિત્રરત્નવિજયજી મ.સા. એ પોતાનો અમૂલ્ય ફાળો આ વિષયમાં ઠાલવ્યો છે. તન્મય થઈને એકાગ્રતા પૂર્વક અપૂર્વ એવું કાર્ય કર્યું છે. વડિલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા અનેક ગુરુ ભગવંતોએ તેઓને આ કાર્યમાં ઘણુ જ માર્ગદર્શન આપીને આ વિષયનો સુંદર અભ્યાસ કરાવ્યો છે. પરમાત્મા એવા સર્વજ્ઞ ભગવંતો દ્વારા કથિત ભાવો આવા પ્રકારના જ્ઞાનીયો દ્વારા સચિત્ર રીતે પ્રકશિત થતા રહે તથા ભિન્ન ભિન્ન પ્રકારે જગતના જીવોને સાચા માર્ગનું યથાર્થ દિગ્દર્શન આપ્યા કરે, આવી સેવા કાઈ નાનું કાર્ય નથી પરંતુ અનેક જીવોને બોધિબીજનું તથા પાકી શ્રદ્ધાનું કારણ બને છે.

માટે જ ફરી થી કહું છું કે... સર્વજ્ઞ ભગવંતોએ કેવળજ્ઞાનથી જોઈને જે વસ્તુ જેમછે તેમજ તેનુ વર્ણન કર્યુ..., પરંતુ છદ્મસ્થ એવા ગણધર ભગવંતોએ તથા તેમની પછી થયેલા સૂરિ ભગવંતોએ તથા મહામુનિવરોએ આ સર્વજ્ઞવાણીને લોક સમક્ષ સમજાવવા માટે પોતે અતિશય જ્ઞાની ન હોવા છતા પરોપકાર માટે જે ભગીરથ પુરુષાર્થ આદર્યો હતો તે ખરેખર ઘણું જ પ્રશંસાને પાત્ર છે આવા પ્રકારના અનેક આલંબનો આ કાળે છપાયા છે તો આપણા જેવા અલ્પજ્ઞોને ઘણું જ માર્ગદર્શન અને શાસ્ત્રજ્ઞાનમાં પ્રવેશ મળે છે. આવા પ્રકારના આલંબનો જો ન હોય તો પ્રાકૃતભાષામાં રચાયેલા આગમગ્રંથોમાં પ્રવેશ જ દુષ્કર બની જાત. અન્તે પ.પૂ. મુનિ શ્રી ચારિત્રરત્નવિજયજી મ.સા. નો જૈન સાહિત્યસેવામાં આ એક અપૂર્વ યોગદાન છે. કેમકે શ્રી સંઘને સાચુ માર્ગદર્શન આપનારો આ ગ્રંથ છે. માટે ફરીથી કહુ છું... જૈન સમાજના બધા જ જીવો ખંતપૂર્વક આવા ગ્રંથોનો અભ્યાસ કરી સાચા માર્ગે આવે... અને ખોટા સંકલ્પ-વિકલ્પો છોડીને સર્વજ્ઞ કથિત ભાવોને યથાર્થ સમજી આત્મકલ્યાણ સાધે.

લિ. પંડિત ધીરુભાઇ ડાહ્યાલાલ મહેતા
A/૬૦૨-પાર્શ્વદર્શન કોમ્પલેક્ષ, રાંદેર રોડ, સુરત.

I am happy to learn that P. P. Muni Charitraratnavijayji has written such a marvelous book. To write an ordinary book is a hell of job. To write a book on such a topic is, indeed, a great work. We shall canvas for the book. I will read and understand the content of the book very seriously.

Thank you very much.
Sincerely yours
Dr. J. J. Rawal
President
The Indian Planetary Society

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપાદકની કલમે ...

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ મોક્ષ મેળવી શકાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે આ મોક્ષમાર્ગ બતાવનારા કોણ છે ? આ મોક્ષમાર્ગ બતાવનારા અરિહંત પરમાત્માઓ છે. આવા શ્રી અરિહંત પરમાત્માઓ ભૂતકાળમાં અનંતા થઈ ગયા છે, વર્તમાનકાળમાં મહાવિદેહક્ષેત્રમાં ૨૦ વિહરમાન તીર્થંકરો વિચરી રહ્યા છે અને ભવિષ્યકાળમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થશે. આ બધા જ સર્વજ્ઞ અરિહંત ભગવંતોએ આ જ મોક્ષનો માર્ગ કહ્યો હતો, કહે છે અને કહેશે...

વર્તમાન અવસર્પિણીના શ્રી ઋષભાદિ ૨૪ તીર્થંકર ભગવંતો થઈ ગયા છે તેમાં ચોવીસમા ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાન આપણા સહુના આસન્નોપકારી છે. તેઓએ દીક્ષા બાદ કઠોર સાધના દ્વારા ઘાતિકર્મોનો સંપૂર્ણ ક્ષય કરી લોકાલોકપ્રકાશક એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને આ કેવળજ્ઞાન દ્વારા સમસ્ત ૧૪ રાજલોકના સ્વરુપનું ભવ્યજીવોના ઉપકાર માટે પ્રરુપણ કર્યું. તેમની પાસેથી **"उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा"** રુપ ત્રિપદી પ્રાપ્ત કરી બીજબુદ્ધિના ધણી શ્રી ગૌતમસ્વામીજી આદિ ગણધર ભગવંતોએ સમસ્ત દ્વાદશાંગીની સૂત્રરુપે રચના કરી. આ દ્વાદશાંગીનું જ્ઞાન મેળવનારા ચૌદપૂર્વીઓ અથવા શ્રુતકેવળી કહેવાયા અર્થાત્ શ્રુતકેવળી તરીકે ખ્યાતી પામ્યા. શ્રી તીર્થંકર ભગવંતો પોતાના કેવળજ્ઞાન દ્વારા જેટલું, જેવું, જેવી રીતે પદાર્થોનું નિરુપણ કરે છે તેવું નિરુપણ શ્રુતકેવળી પોતાના શ્રુતજ્ઞાનના બળે કરી શકે છે. શ્રી સર્વજ્ઞ તીર્થંકર ભગવંતો સાક્ષાત્ જાણી શકે છે અને જોઈ પણ શકે છે, જ્યારે શ્રુતકેવળી ભગવંતો માત્ર જાણી જ શકે છે, પણ જોઈ શકતાં નથી... પરંતુ પ્રરુપણા કરનાર વ્યક્તિ કેવળજ્ઞાની છે કે શ્રુતકેવળી તેનો તફાવત છદ્મસ્થ જીવ જાણી શકે નહીં કે આ છદ્મસ્થ છે કે કેવળી છે, અર્થાત્ સામાન્ય જીવોને તો શ્રુતકેવળી, કેવળજ્ઞાની જેવા જ લાગે....

શ્રી મહાવીરસ્વામી ભગવાનના શ્રી ઈન્દ્રભૂતિ (ગૌતમસ્વામી) વગેરે અગિયારે અગિયાર ગણધર ભગવંતોએ સ્વયં દ્વાદશાંગીની રચના કરી છે. ચરમ કેવલજ્ઞાની શ્રી જંબૂસ્વામીજી થયા છે તે પછી શ્રી પ્રભવસ્વામીજી, શ્રી શય્યંભવસૂરિજી, શ્રી યશોભદ્રસૂરિજી, શ્રી સંભૂતિવિજયસૂરિજી, શ્રી ભદ્રબાહુસ્વામીજી અને છેલ્લા શ્રી સ્થૂલભદ્રસ્વામીજી આ ૬ મહાપુરુષો શ્રુતકેવલી થયા અર્થાત્ આ ૬ મુનિઓ ૧૪ પૂર્વના જ્ઞાતા થયા. તેમાં પણ શ્રી સ્થૂલભદ્રજી મહારાજા ૧૦ પૂર્વ સુધી સૂત્ર અને અર્થના જ્ઞાતા તથા બાકીના ૧૧ થી ૧૪ રુપ ૪ પૂર્વના માત્ર સૂત્રથી જ જ્ઞાતા હતા...

તે પછી ૧૦ પૂર્વધરો યાવત્ ... ૧ પૂર્વધર વગેરે જ્ઞાનના ભંડાર અનેક મહામુનિ ભગવંતો થયા. તે પછી કાળના પ્રભાવે સંઘયણ-બળ-બુદ્ધિ વગેરે ઘટતી ગઈ... ત્યારબાદ અનુક્રમે આર્ય શ્રી વજ્રસ્વામીજી મહારાજ થયા, ત્યારપછી શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી થયા... તેઓએ ભાવિ જીવોની બુદ્ધિબળની ક્ષીણતા જાણી શાસ્ત્રોને ૪ વિભાગમાં વહેંચી દીધા... (૧) દ્રવ્યાનુયોગ વિભાગ, (૨) ગણિતાનુયોગ વિભાગ, (૩) ચરણકરણાનુયોગ વિભાગ અને (૪) ધર્મકથાનુયોગ વિભાગ... એટલે ત્યારથી જ પૃથક્ત્વાનુયોગ શરૂ થયો.

☞ **દ્રવ્યાનુયોગ વિભાગમાં**... ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ..., આ ૬ દ્રવ્યોનું દ્રવ્યાસ્તિકનયે ધ્રુવતા અર્થાત્ કાયમ રહેવાપણું અને પર્યાયાસ્તિકનયે ઉત્પત્તિ અને નાશપણું..., તે દ્રવ્યોના ભૂતકાળ અને ભવિષ્યકાળના અનંતાનંત પર્યાયો..., જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યને અનુસરતા આત્મવાદ અને કર્મવાદ..., તથા સપ્તભંગી/સાતનય..., કાર્મણાદિ વર્ગણાના દ્વયણુકાદિથી અનંતપ્રદેશી સ્કંધો..., મિથ્યાત્વાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હેતુઓથી કાર્મણવર્ગણાઓનું જીવદ્રવ્ય સાથે ક્ષીરનીરની જેમ અથવા અગ્નિ-લોહની જેમ એકમેક થવું..., પ્રતિસમયે સ્વાવગાઢ આકાશપ્રદેશગત અનંતપ્રદેશી કાર્મણવર્ગણાના સ્કંધોનું ગ્રહણ-વિસર્જન, ગ્રહણ કરાતા તે તે સ્કંધોમાં લેશ્યા સહચરિત કાષાયિક અધ્યવસાયો તેમજ મન-વચન-કાયયોગ વડે થતી પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશબંધ અને કર્મોનો સ્પૃષ્ટ-બદ્ધ-નિકાચિતપણા વગેરેના સ્વરુપોનો સમાવેશ આ દ્રવ્યાનુયોગ વિભાગમાં કરવામાં આવેલો છે, તેથી આ વિષય ઘણો ગહન કહેવાય છે.

આ દ્રવ્યાનુયોગના વિષયોનું શ્રવણ-મનન-વિચારણા વગેરે દર્શનશુદ્ધિનું પરમ સાધન તેમજ વિપુલ કર્મની નિર્જરા કરાવનારું છે. એમ કહેવાય છે કે ઘાતિકર્મોનો ક્ષય ... દ્રવ્યના ચિંતનરુપ શુક્લધ્યાનથી જ કરે છે...

આ દ્રવ્યાનુયોગના ગ્રંથોમાં... સૂયગડાંગસૂત્ર, સમવાયાંગસૂત્ર, વિશેષાવશ્યકભાષ્ય, કમ્મપયડી ગ્રંથ, તત્ત્વાર્થાધિગમસૂત્ર, સમ્મતિતર્કપ્રકરણ, અનેકાંતજયપતાકા, નવતત્ત્વ વગેરે... જાણવાં.

☞ **ગણિતાનુયોગ વિભાગમાં...** ૧૪ રાજલોક, ઉર્ધ્વલોક, મધ્યલોક (તિર્છાલોક), અધોલોક, અસંખ્ય દ્વીપ-સમુદ્ર, અઢીદ્વીપમાં રહેલા ભરતાદિ ક્ષેત્રો, હિમવંતાદિ પર્વતો, હરિવર્ષાદિ યુગલિક ક્ષેત્રો, ગંગા-સિંધુ વગેરે મહાનદીઓ, સિદ્ધાયતનાદિ કૂટો, પદ્માદિ દ્રહો, દેવલોક વર્ણન, દેવવિમાનો, ભવનો, નરક વર્ણન, નારકીઓ અને તે નરકના પાટડા (પ્રસ્તટ) વગેરે, શાશ્વત-અશાશ્વત પદાર્થોની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, ઊંડાઈ, ક્ષેત્રફળ, ઘનફળ, બાહા, જીવા, ધનુપૃષ્ઠ, પરિધિ, વર્ગમૂળ... વગેરે... ગણિતના વિષયો તથા પરમાણુઓથી થતા સ્કંધોનું ગણિત તેમજ સંખ્યાત-અસંખ્યાત અને અનંતના ભેદોનું સ્વરુપ આ વિભાગમાં આપવામાં આવ્યું છે.

આ ગણિતાનુયોગના ગ્રંથોમાં... જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, જીવાજીવાભિગમસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, જ્યોતિષકરંડકસૂત્ર, ક્ષેત્રલોકપ્રકાશ આદિ ગ્રંથો હાલમાં પણ વિદ્યમાન છે.

☞ **ચરણકરણાનુયોગ વિભાગમાં...** ચારિત્ર અંગે વિધિ-નિષેધ, ઉત્સર્ગ-અપવાદ, સંયમમાર્ગનું નિરુપણ, પંચાચાર, ચરણસિત્તરી, કરણસિત્તરી વગેરેનું નિરુપણ કરનારા આચારાંગસૂત્ર વગેરે શાસ્ત્રગ્રંથોનો સમાવેશ થાય છે. આ ચરણકરણાનુયોગ સંયમની સ્થિરતા માટે પરમ સાધનભૂત છે. ક્રિયા વગેરેમાં નિમગ્ન રહેવા માટે પરમ આલંબન છે. આ ચરણકરણાનુયોગથી ભવરોગનું નિર્મૂલન થાય છે અને અવિચલ, અક્ષય, આત્મિક સુખની પ્રાપ્તિ થાય છે.

આ ચરણકરણાનુયોગના ગ્રંથોમાં... શ્રી આચારાંગસૂત્ર, ઓઘનિર્યુક્તિ, દશવૈકાલિકસૂત્ર, શ્રાદ્ધવિધિ, ત્રણ ભાષ્ય (ચૈત્યવંદન/ગુરુવંદન/પચ્ચક્ખાણ) વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

☞ **ધર્મકથાનુયોગ વિભાગમાં...** મહાન આત્માઓના જ્વલંત પ્રેરણા આપતા જીવન ચરિત્રો આલેખાયેલાં છે. જે સન્માર્ગ ગમન કરનારને સુસહાયક બને છે, તેમજ સન્માર્ગથી ભ્રષ્ટ થતા આત્માઓને પુનઃ માર્ગમાં સંસ્થાપિત કરવાનું સામર્થ્ય ધરાવે છે. ધર્મકથા પણ ચારિત્ર પ્રાપ્તિના હેતુ માટે છે. ધર્મકથાનુયોગનો વિષય સરળ હોવાથી આત્માર્થી જીવોને તે ઘણો જ લાભ કરાવનારો થાય છે. આ ધર્મકથાનુયોગમાં જીવનચરિત્રોની ગૂંથણી એવી રીતે કરવામાં આવે છે કે જેથી કથાની સાથે સાથે દ્રવ્યાનુયોગાદિ ૩ અનુયોગ પણ છૂટક છૂટક મૂકેલા હોવાથી તે તે યોગોનું જ્ઞાન પણ સહેલાઈથી થઈ જાય... વળી, આત્મા છેક નીચલી કક્ષામાંથી કઈ રીતે વિકાસ સાધતો આગળ વધે છે તથા પોતાના ઉપર આવી પડતા નાના-મોટા ભયંકર દુસ્સહ ઉપસર્ગો-પરિષહોમાં પણ કેવા સહિષ્ણુ બની આત્મિક ગુણોનાં શિખર સર કરે છે તેમજ કેવા નિમિત્ત મળતાં પછડાય અને પાછા કેવા નિમિત્તવશ ઊંચે ચઢી જાય છે વગેરે પ્રસંગો તે તે વ્યક્તિઓના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવન પ્રસંગો જાણવા સાથે ઉત્તમ પ્રેરણાદાયી હોય છે... તેમજ બાળજીવો પણ ધ્યાનથી રસપૂર્વક કથાઓ સાંભળી પ્રેરણા મેળવતાં હોય છે.

આ ધર્મકથાનુયોગના ગ્રંથોમાં... શ્રી જ્ઞાતાધર્મકથાંગસૂત્ર, શ્રી ઉપાસકદશાંગસૂત્ર, સિરિસિરિવાલકહાસૂત્ર, શ્રી ઉપદેશમાલા, ઉપદેશપ્રાસાદ, સમરાદિત્ય ચરિત્ર, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રાદિ ઘણા બધા ગ્રંથો આ ધર્મકથાનુયોગ વિભાગમાં જાણવા.

આ **"જૈન કોસ્મોલોજી"** નામનો ગ્રંથ પણ ઉપરોક્ત જણાવેલા ૪ અનુયોગ પૈકી ગણિતાનુયોગ માંહે જ પ્રધાનતાથી રહેલો છે. કારણ કે, ૧૪ રાજલોકવર્તી તે તે ક્ષેત્રોમાં રહેલ પર્વત-નદી-દ્રહો-શાશ્વત ચૈત્યો વગેરેની લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ-ઊંડાઈ પ્રમુખનું જ ઘણું ખરું વર્ણન કરવામાં આવેલ છે.

અનંતા જીવ-અજીવ, જડ કે ચેતન પદાર્થો ૧૪ રાજના પ્રમાણવાળા "લોક"થી ઓળખાતા આકાશક્ષેત્રમાં રહ્યાં છે. ત્યારે આ ૧૪ રાજલોક શું છે ? તેની આકૃતિ, સ્વરુપ, પ્રમાણ કેટલા વિભાગોથી વિભક્ત છે ? તથા તેમાં રહેલા ષડ્ દ્રવ્યોનું સ્વરુપ વગેરે શું છે ? ઇત્યાદિ પ્રશ્નો થવા સહજ છે... ચક્ષુથી દૃષ્ટ એવી દુનિયા, ધરતી, પેટાળ, સાગર અને આકાશ આ સર્વ વસ્તુનું જ્ઞાન અને તેના રહસ્યો મેળવવાને માટે માનવી હજારો વર્ષોથી અથાગ પ્રયત્નો કરતો રહ્યો છે, વળી એમાં પણ આકાશ-ધરતી વગેરે જે પદાર્થો અદૃષ્ટ છે તેનો તાગ કાઢવા માટે, રહસ્યો મેળવવા માટે નિત નવા પ્રયોગો કરી રહ્યો છે.

સૃષ્ટિ ઉપર જન્મેલી ઈશ્વરીય વ્યક્તિઓએ, ધર્મનેતાઓએ, ધર્મગ્રંથોએ, તેમજ વૈજ્ઞાનિકોએ આ દેખાતું દૃશ્ય જગત્ને તેમજ અદૃશ્ય જગત્ને પોતપોતાની રીતે જાણ્યું અને વિશ્વને વિવિધ પ્રકારનું આકારવાળું અને અસંખ્ય રહસ્યોથી પરિપૂર્ણ બતાવ્યું, જ્યારે બીજી બાજુ શક્તિશાલી માનવ સ્વભાવમાં નવું નવું જાણવાની અદમ્ય વૃત્તિ બેઠી હોય છે, એટલે જાત જાતનો પુરુષાર્થ કરવો, નવી નવી ખોજો કરવી તથા જાત જાતના રહસ્યો શોધી કાઢવા આ માટે તે સતત મથતો હોય છે. પરિણામે તે સૃષ્ટિના, બ્રહ્માંડના, કુદરતના અગમ્ય રહસ્યોને તથા નવાં નવાં આવિષ્કારોને, શોધોને યથોચિતપણે જન્મ આપતો રહ્યો છે. આ અંગેના અનેક ગ્રંથો પણ પ્રગટ થઈ ગયા છે.

વિચારવાનું એ છે કે... માનવીય ખોજને સંપૂર્ણ પ્રમાણભૂત માનવી કે ત્રિકાળ જ્ઞાની સર્વજ્ઞ બનેલા આર્ષદૃષ્ટા મહામાનવે જ્ઞાનચક્ષુથી આત્મપ્રત્યક્ષ કરેલી વાતને પ્રમાણભૂત માનવી ? આજના વિજ્ઞાનયુગમાં માનવમનમાં "જે જેટલું નજરે દેખાય તે અને તેટલું જ સાચું" આવા પ્રકારનો વિચાર જોર-શોરથી ઘર કરી ગયો છે... આવું એકાંતે માનવું એ માનવીની ટૂંકી દૃષ્ટિનું પરિણામ છે. કેમ કે સામાન્ય માનવીની દૃષ્ટિ-શક્તિની મર્યાદા છે અને તે કારણથી તે જે વિચારી શકે, જે જાણી શકે તેને પણ મર્યાદા લાગુ પડી જાય છે. આ સંજોગોમાં માનવ વિજ્ઞાનિકો કહે "એ બધું જ સાચું અને તે જ આખરી" આ માન્યતા બરાબર નથી. આથી એક વાત સ્પષ્ટ થાય છે કે સામાન્ય માનવીનું દર્શન પણ સામાન્ય હોય છે, જ્યારે અસામાન્ય માનવીનું દર્શન તે અસામાન્ય અર્થાત્ વિરાટ અને વેધક હોય છે.

જે આત્માઓએ તપ-ત્યાગ અને સંયમની સાધના દ્વારા અજ્ઞાનના આવરણોને હટાવી જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ મેળવ્યો એટલે જ્ઞાનની અંતિમ કક્ષાએ પહોંચી ગયા... એવા આત્માઓને હવે કાયાના ચર્મચક્ષુથી જોવાનું કે પુસ્તકિયા જ્ઞાનથી અથવા યાંત્રિક સાધનોથી જાણવાનું હોતું જ નથી. હવે તેમને જોવાનું કે જાણવાનું જ્ઞાનચક્ષુથી જ હોય છે. અને તેથી તેમનું સમગ્ર દર્શન આમૂલચૂલ, અપાર અને અનંત હોય છે. જૈનધર્મની પરિભાષામાં જ્ઞાનપ્રાપ્તિની આખરી ટોચ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કક્ષાને કેવળજ્ઞાન શબ્દથી ઓળખાવાય છે. આનાથી આગળ હવે કશી કક્ષા મેળવવાની રહી નથી. આ કેવળજ્ઞાનના ત્રિકાળજ્ઞાન કે સર્વજ્ઞપણું એ નામાંતરો છે. આ જ્ઞાનથી તે જ્ઞાની મહર્ષિઓને ત્રણે કાળના દ્રવ્યો-પદાર્થો તથા તેના ગુણ-પર્યાયોનું પ્રત્યક્ષ દર્શન થાય છે અને તેથી જ તેમનું દર્શન સંપૂર્ણ-યથાર્થ અને નિઃશંક કોટીનું હોય છે. કારણ કે અસત્ય કે અપૂર્ણ બોલવાના કારણો નષ્ટ થયા બાદ જ કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થતો હોવાથી એમના યથાર્થ કથનને શ્રદ્ધા અને બુદ્ધિ બંનેયથી સ્વીકારી લેવું જોઈએ. કેમ કે ભગવાન શ્રી મહાવીરસ્વામી જ્યારે કેવળજ્ઞાની બન્યા ત્યારે તેમણે ૧૪ રાજલોક રૂપ સંપૂર્ણ વિશ્વ (બ્રહ્માંડ)ના ત્રૈકાલિક ભાવોને આત્મપ્રત્યક્ષ કર્યો... કારણ એક જ હતું કે તેઓ પૂર્ણ આત્મતત્ત્વ બની ગયા હતા એટલે તેમનું દર્શન પણ પૂર્ણ હતું અને જેવું તેમનું દર્શન તેવું જ તેમનું કથન હતું. મહાન દૃષ્ટાએ પોતાના જ્ઞાનમાં વિરાટ આકાશની અંદર વિરાટ વિશ્વનું જે મહાદર્શન આત્મપ્રત્યક્ષ કર્યું ત્યારે તેમણે વિશ્વને જે આકારે જોયું, જે માપે જોયું, તે અને આ વિશ્વમાં ક્યાં ક્યાં કેવાં કેવાં સ્થાનો છે ? કેવા કેવા જીવો છે ? કેવા કેવા દ્રવ્યો-પદાર્થો કેવા કેવા અનંતભાવો અને રહસ્યોથી પરિપૂર્ણ છે ? તે આ વિશ્વનું સંચાલન, તેની ગત્યાગતિ કેવી રીતે ચાલે છે ? ઇત્યાદિ તે બધું તેમણે કેવળજ્ઞાનરૂપી અરીસામાં નિહાળ્યું અને બોલવા માટેનો સમય મર્યાદિત હોવાથી મર્યાદિત પ્રમાણમાં જ તેની જાણ કરી છે... જે આજે પણ જૈનાગમોમાં યોગ્ય રીતે સચવાયેલ છે...

હવે મૂળ વાત ઉપર આવીએ...

આ સંસારમાં ઘણા બધા પ્રકારના પ્રાણીઓ છે તે બધામાં પણ મનુષ્ય જ એક વિકસિત અને વિચારશીલ પ્રાણી છે... કારણ કે, પોતાની બુદ્ધિના વિકાસ પ્રમાણે વિચારીને તે લખે છે અને બોલે છે. જો કે લેખન કે વક્તૃત્વ તે કોઈ સરળ કાર્ય નથી, છતાં એક અપેક્ષાએ વક્તા પોતાની હોંશિયારીના આધારે શ્રોતાઓને આકર્ષી લે છે જ્યારે લેખન એ તો કાયમી વસ્તુ છે. માટે જ વ્યવહારમાં પણ કહેવાયું છે કે "લખાણું એ વંચાણું" / "સો ભખ્યું ને એક લખ્યું"... વગેરે... માટે જ જે કાંઈ પણ લખાયેલ હોય છે તે જ હંમેશાં વંચાય છે તે લેખન વાંચીને સુધારા કે વધારા સામી વ્યક્તિ સૂચવી જાય છે, એટલે મારી સમજ પ્રમાણે લેખન કાર્ય તે કાંઈ સરળ કાર્ય નથી...

જૈન દૃષ્ટિએ આગમોમાં તેમજ ઇતર ગ્રંથોમાં જે વિશ્વવર્ણન સંબંધી હકીકતો બતાવેલી છે તે અહીં સંગ્રહ કરીને તમારી સમક્ષ રજૂ કરવાનો એક નાનકડો પ્રયાસ કરેલ છે. જૈનશાસ્ત્રોમાં સંપૂર્ણ વિશ્વનું વર્ણન જે રીતે કરવામાં આવ્યું છે તે સામાન્ય લોકો વાંચી શકે નહીં... માટે મારે તે હકીકતો જનસામાન્ય સામે રજૂ કરવી જોઈએ. કારણ કે, કેટલાક વખતથી (સમયથી) તત્ત્વજ્ઞાન ઉપર એક વિશિષ્ટ સચિત્ર ગ્રંથ રચવાની મારી ભાવના હતી... વિ. સં. ૨૦૬૪ના અઠવાલાઈન્સ (સૂરત) ચાતુર્માસમાં સમાચાર મળ્યા કે વિ. સં. ૨૦૬૭માં ભુવનભાનુસૂરિજીનો જન્મશતાબ્દિ મહોત્સવ થશે અને તેમાં ઘણા બધા ગ્રંથાદિ નવા બહાર પડશે... અને તે સમયે મારે પણ તત્ત્વજ્ઞાન વિષયક આગમ-પ્રકરણાદિનો જ અભ્યાસ ચાલુ હોવાથી મનમાં એક ભાવના સ્ફુરી કે આ શતાબ્દિ મહોત્સવમાં મારું પણ કંઈક ફૂલ નહીં તો ફૂલની પાંખડી રુપે યોગદાન હોવું જોઈએ..., બસ ! ત્યારથી જ વાંચન સાથે સાથે સારા પદાર્થોની નોટ્સ પણ કરતો ગયો... પરિણામે આગળ જતાં તે નોટ્સને જ સુધારા-વધારા સાથે તેમજ સંશોધનાદિથી શુદ્ધિ કરાવી આજે તમારા હાથમાં જે ગ્રંથ છે તે બીજું કાંઈ નથી પણ વાંચન દરમ્યાન કરેલ સારા-સારા પદાર્થોનો સંગ્રહ જ છે. અને તેથી જ આ **Jain Cosmology** (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) નામક ગ્રંથમાં સંપૂર્ણ ઉર્ધ્વ-અધો-મધ્ય એમ ત્રિલોકાત્મક વિશ્વનું સચિત્ર વર્ણન કરવાનો યત્કિંચિત્ પ્રયાસ કરેલ છે... માટે મારા હૃદયમાં ઉત્પન્ન થતા ભાવોને હું રોકી ન શક્યો... અને આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચના થઈ ગઈ... તે માટે તો મહાકવિ કાલીદાસજીએ પણ સ્વરચિત **રઘુવંશ મહાકાવ્ય**માં કહ્યું છે કે ...

क्व सूर्यप्रभवो वंशः, क्व चाल्पविषया मतिः । तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥

અર્થ :- સૂર્યથી ઉત્પન્ન થયેલ આ વંશ ક્યાં ? અને ક્યાં મારી અલ્પ મતિ (બુદ્ધિ) ? એટલે કે આ રઘુવંશનું અલ્પ બુદ્ધિને કારણે વર્ણન કરવું કઠિન છે, છતાં પણ તૈયાર થયેલ છું... જેમ દુઃખેથી તરી શકાય એવા સમુદ્રને કોઈ નાની નૌકાથી તરવા ઇચ્છે... તેમ જ હું પણ મારા હૃદયના ભાવોને આ ગ્રંથલેખનીથી રજૂ કરું છું.

ઘણા મને પૂછે છે કે ન્યાય / વ્યાકરણ / વાર્તા કે અન્ય કોઈ વિષયોને ન લેતાં આ ભૂગોળ સંબંધી વિષયવાળું જે ગ્રંથલેખન તમે કર્યું તેનું કારણ શું ? તો તેના સમાધાનમાં મારે કહેવાનું છે કે આ વિજ્ઞાનયુગમાં આજે આખું જગત્ કૂદકે ને ભૂસકે વિકસી રહ્યું છે અને તેમાં પણ વિશ્વની ભૌગોલિક સ્થિતિ વિષે તો નિત નવીન હકીકતો (વાતો) આપની સમક્ષ આવી રહી છે, તો પ્રશ્ન થવો સહજ છે કે જૈનદૃષ્ટિએ ભૌગોલિક સ્થિતિ શું છે ? અથવા તો આપણા કહેવાતા સર્વજ્ઞ કેવળી ભગવંતોએ આ વિશ્વનું સ્વરુપ કેવું બતાવ્યું હશે ? બસ ! એ જ પ્રશ્નના સમાધાન માટે આ ગ્રંથની રચના કરવામાં આવી છે. આ ગ્રંથમાં ભૌગોલિક રીતે જે કાંઈ પણ સ્વરુપ બતાવવાનો પ્રયત્ન કર્યો છે તે એકમાત્ર ખાસ કરીને જૈનાગમાદિ માંહેની જ હકીકતો છે.

કહેવાય છે કે જ્યારે ભગવાન મહાવીરસ્વામી આ અવનિ ઉપર ધર્મદેશના આપતા હતા ત્યારે બીજા પણ અન્ય ધર્મીઓ / સંતો તેમજ ઉપાસકો હતાં... તેઓની પણ ભૂગોળ-ખગોળાદિ સંબંધી વિશ્વની વ્યવસ્થાઓ રૂપ માન્યતાઓની યોગ્યતા-અયોગ્યતા બતાવીને અહીં આ ગ્રંથમાં જૈન માન્યતા પ્રરુપેલ છે. તે સર્વ માન્યતાઓ આજે પણ જૈનાગમોમાં સચવાઈ રહેલ છે... તે સરળતાથી બોધ થાય તે માટે જ આ ગ્રંથ રચનાનો પ્રયાસ થયેલ છે.

છદ્મસ્થ - અપૂર્ણ - અલ્પ જ્ઞાની મનુષ્યોની કૃતિમાં એક અથવા અનેક પ્રકારની કેટલીક ભૂલો રહી જ જવાની..., પરંતુ તેટલા જ કારણે કાંઈ નવીન સાહિત્યનું સર્જન અનુપયોગી કે અનુપાદેય ઠરતું નથી. જો એક પણ ભૂલ વિનાના સાહિત્યનો જ આગ્રહ રાખવામાં આવે તો એવું સાહિત્ય તો ભાગ્યે જ પ્રાપ્ત થશે અને આપણે બધા જ નવીન સાહિત્યથી વંચિત રહી જઈશું, જે ક્યારેય ઇચ્છવા યોગ્ય નથી. હું અહીં એક વાત સ્પષ્ટ કરવા ઇચ્છું છું કે પ્રાચીન જૈન શ્રુતજ્ઞાન પર નવીન વૃત્તિઓનું નિર્માણ કરનારા ચારિત્રસંપન્ન, મહામેધાવી એવા મુનિવરોની સરખામણીમાં આજની વિદ્વત્તા, આજની પંડિતાઈ કોઈ હરોળમાં નથી. આમ છતાં "**शुभकार्ये सदा यतनीयं**" એટલે "શુભ કાર્યોમાં હંમેશાં પ્રયાસ કરવો જોઈએ" આવું શાસ્ત્રવચન હોવાથી જો આવો પ્રયાસ કરીશું નહીં તો આજની પ્રજા ભૌતિકવાદના ભયંકર વમળમાં ફસાઈ જશે... અને આથી આપણા જૈનશાસનને પણ ઘણું મોટું નુકસાન થશે.

આજનો ગૃહસ્થવર્ગ પ્રાચીન ભાષા (પ્રાકૃતાદિ) સમજતો નથી અને સંસ્કૃતભાષાનું જ્ઞાન પણ ઘણું જ અલ્પ (નહીંવત્) ધરાવે છે. એટલે તેઓ વર્તમાન ગુજરાતી ભાષામાં - રોચક શૈલીએ લખાયેલું અને સુંદર રુપરંગમાં બહાર પડેલું જ સાહિત્ય માંગે છે. આવા વખતે જો તેમને આવા પ્રકારનું સચિત્ર સાહિત્ય આપીશું તો તેનો તેઓ સહર્ષ સ્વીકાર કરશે... સત્કાર કરશે... સન્માન કરશે... અને જૈનધર્મ તેમજ તત્ત્વજ્ઞાન ઉપર આદર-બહુમાનવાળા બનશે...

એમ કહેવાય છે કે "ગ્રંથ કે પુસ્તકનું નામ જેટલા ઓછા અક્ષરનું તેટલું સારું". હવે મારે પણ ગ્રંથ રચના તો થઈ ગઈ... પણ નામ શું રાખવું ? તેનો નિર્ણય કરવામાં ઘણું મનોમંથન કર્યું. કેટલાક લેખકો માટે આ બાબત સરળ હશે...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ મારો અનુભવ કાંઈક જુદો જ હતો... એક પછી એક અનેક નામો મારા સ્મૃતિપટ ઉપર ઉપસી આવ્યાં અને તેનો પૂર્વાપર વિચાર કર્યા પછી છેવટે એક નામનો નિર્ણય કર્યો. કેમ કે કહેવાય છે કે ગ્રંથનું જે નામ નક્કી થાય છે તે સરળ, સ્પષ્ટ તથા સાર્થક હોવું જોઈએ... માટે આ ગ્રંથ પણ પ્રાયઃ ભૂગોળના મુખ્ય વિષયોને આવરતો હોવાથી તેનું નામ "JAIN GEOGRAPHY" (જૈન જ્યોગ્રાફી) રાખવામાં આવ્યું. પછી પ. પૂ. ગચ્છા. આ. શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મ. સા.ને આ ગ્રંથ બાબતે જણાવવામાં આવ્યું ત્યારે પ. પૂ. ગચ્છાધિપતિશ્રીજી તરફથી પ. પૂ. આ. શ્રી વિ. જયસુંદરસૂરિજીનો વળતો પત્ર મળ્યો, તેમાં તેમણે પ. પૂ. ગચ્છાધિપતિશ્રીજીની ભાવના જણાવી... કે "આ ગ્રંથનું નામ "JAIN COSMOLOGY" (જૈન કોસ્મોલોજી) રાખો તો વધુ સારું લાગશે..., ઉપાદેય બનશે..., કેમ કે આ ગ્રંથમાં પ્રકીર્ણક વિભાગમાં રહેલ કેટલાક વિષયો જે ભૂગોળ સાથે મળતાં ન હોવાથી જુદાં પડી જાય છે, પરંતુ તે બધાં જ વિષયો બ્રહ્માંડની વ્યવસ્થામાં તો ગોઠવાયેલા છે જ, માટે આ નામ યોગ્ય લાગે છે." તેથી છેલ્લે પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિજીની ભાવનાની પ્રધાનતાને લઈને આ ગ્રંથનું મુખ્ય નામ "JAIN COSMOLOGY" રાખવામાં આવ્યું. તેમજ વાચકોની જિજ્ઞાસાને ઉત્તેજિત કરે એવું અપર (બીજું) નામ શોધતાં આખરે "સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા" જડ્યું... અને છેલ્લે હજી કાંઈક ખૂટે છે એવું લાગતાં અંતે "સચિત્ર તત્ત્વજ્ઞાનનું નવલું નજરાણું" એ પણ મૂકવામાં આવ્યું. તાત્પર્ય એ જ કે આ ગ્રંથનું સંપૂર્ણ નામ

સચિત્ર તત્ત્વજ્ઞાનનું નવલું નજરાણું....

ILLUSTRATED

JAIN COSMOLOGY

સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા

"દૃશ્યો આપે દૃષ્ટિ" એ ઉક્તિ અનુસારે આ ગ્રંથમાં બહુલતાએ દૃશ્યો (ચિત્રો) ને સ્થાન આપવામાં આવ્યું છે. કારણ કે દૃશ્યોને જોવાથી જે દૃષ્ટિ ખુલે છે તેના જ માધ્યમથી સર્વજ્ઞ ભગવંતોએ પોતાના લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનમાં સંપૂર્ણ સૃષ્ટિ કેવી જોઈ હશે તેનો આંશિક અનુભવ આપણને પણ કરવા મળે અને તે જ સ્વરુપે આપણે પણ શ્રુતજ્ઞાનના બળે જોઈ શકીએ... માટે જ એમ કહેવાય છે કે "હજાર શબ્દ બરાબર એક ચિત્ર..."

આ JAIN COSMOLOGY (**સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા**) ગ્રંથનું યથામતિ, યથાશક્તિ અને શાસ્ત્રીય આધારે લખાણ કરવાનો પ્રયાસ કરેલ છે. તથાપિ છદ્મસ્થજન્ય કે પ્રમાદજન્ય કોઈ પણ સ્ખલના જો સુજ્ઞસમાજને દૃષ્ટિગોચર થાય તો તે સુધારી લેવા સહૃદય હાર્દિક નમ્ર નિવેદન છે.

અહીં એટલું છેલ્લે જણાવવું ઉચિત છે કે પ્રસ્તુત કૃતિ (ગ્રંથ) પ્રાચીન (મૂળ પાઠોની અપેક્ષાએ) સાહિત્ય પરની એક નવિનીકરણ રુપે સાહિત્ય હોવા છતાં તે એક મૌલિક સ્વતંત્ર ગ્રંથની ક્ષમતા ધરાવે છે, તેમજ જૈનધર્મના અદ્‌ભુત તત્ત્વજ્ઞાન ઉપર પણ સુંદર પ્રકાશ પાડે છે તેથી સુજ્ઞ પાઠકો તેને વાંચે... વિચારે... અને પોતાનો અભ્યુદય સાધે. તેમજ આ ગ્રંથથી આ વિષયના જિજ્ઞાસુ એવા ભવ્યાત્માઓ ક્ષેત્ર સંબંધી યોગ્ય માહિતી મેળવવા પૂર્વક લોકાગ્રભાગે રહેલ સિદ્ધશિલાના નિવાસી બને...

બસ એ જ અભ્યર્થના... સહ....

ગુરુગુણરશ્મિહીરપાદપદ્મરેણુ

મુનિ ચારિત્રરત્નવિજય...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

JAIN COSMOLOGY (सर्वज्ञ कथित विश्व व्यवस्था)

ગ્રંથને જોયા / વાંચ્યા બાદ આવેલ અભિપ્રાયઃ પત્રોની કાંઈક આંશિક ઝલક.....

☞ અતિ-અતિ પરિશ્રમ કરી તૈયાર કરેલ સચિત્ર તત્ત્વજ્ઞાનનું નવલું નજરાણું **JAIN COSMOLOGY** (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) નામનું દલદાર ગ્રંથ મને મળ્યો... ગ્રંથનું અવલોકન કર્યું. ખરેખર તમારો આ પ્રયત્ન ઘણો જ પ્રશંસનીય છે. આ રીતે દર્શન મોહનીયનાં ક્ષયોપશમસાથે જ્ઞાનાવરણીય કર્મનો પણ જબરજસ્ત ક્ષયોપશમકર્યો છે પરિણામે ચારિત્ર મોહનીયનો પણ ક્ષયોપક્ષમકર્યો છે... તમોને તથા સહયોગ કરનાર સૌને મારા ખુબ ખુબ વંદન... **પ. પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિ મ. સા.**

☞ સુવિનિત મુનિવર ચારિત્રરત્નવિજયજી ! અનુવંદના... તમારા દ્વારા સંપાદિત **JAIN COSMOLOGY** ગ્રંથ મળ્યો. જૈનશાસનના સિદ્ધાંતોની પારદર્શકતા અને તેની સત્યતાને દર્શાવતો તમારો આ પ્રયત્ન સ્તુત્ય છે. મિથ્યા વિજ્ઞાન પાછળ અંધ બનેલી યુવાપેઢીને સત્ય વિજ્ઞાનનું દર્શન કરાવતું આ પ્રકાશન સંપૂર્ણ જૈનશાસનમાં આવકાર્ય છે. તત્ત્વજ્ઞાનના માર્ગ દ્વારા તત્ત્વની સાચી પરિણતિને પામી વહેલામાં વહેલી તકે સર્વજ્ઞતા - સર્વદર્શીપણાના સૌ માલિક બનો... એ જ શુભેચ્છા... **પ. પૂ. ગચ્છા. આ. શ્રી પુણ્યપાલસૂરિ મ. સા.**

☞ આ. વિ. હેમચંદ્રસૂરિજી તરફથી અનુવંદના... સુખશાતા... સૌ શાતામાં છે, તમે બધા કુશળ ? **JAIN COSMOLOGY** ગ્રંથ મળ્યો. ખુબ સુંદર તૈયાર થયેલ છે. જૈન ધર્મના વિરાટ અને ગહન પદાર્થોને સંક્ષેપમાં અને સરળ ભાષામાં સંગ્રહિત કરવાનો તમારો આ પ્રયાસ ખરેખર ખુબ જ અનુમોદનીય છે. વિજ્ઞાનમાં શ્રદ્ધા ધરાવનારાઓને પણ આ પદાર્થોના અભ્યાસથી ખ્યાલ આવે કે જૈન ધર્મના તત્ત્વો કેટલા વૈજ્ઞાનિક પણ છે. વિજ્ઞાનની શોધો અને સંશોધનો - સિદ્ધાંતો ફરતાં છે ત્યારે જૈન ધર્મના તત્ત્વો અને સિદ્ધાંતો ત્રિકાલાબાધિત અને અફર છે, તમારા સ્તુત્ય પ્રયાસની ફરી ફરી અનુમોદના કરું છું... **પ. પૂ. આ. શ્રી કલ્યાણબોધિસૂરિ મ. સા.**

☞ मुनि चारित्ररत्न विजयजी... अनुवंदना... सुखशाता... दो दिन पूर्व ही **JAIN COSMOLOGY** ग्रंथ मिला, देखकर मन प्रसन्न हो गया। भूगोल जैसे शुष्क व निरस विषय जनसाधारण की दृष्टि से..., बाकी तो जैनदर्शन में द्रव्यानुयोग की ही प्रधानता है... उसमें भी इस विषय को सुंदर व सुवाच्य शैली में ग्रंथ प्रकाशन कर शासन की सुंदर सेवा प्रदान की है। सम्यग्ज्ञान के क्षेत्र में भगीरथ पुरुषार्थ करनेवाले तुम्हारा नाम तो "ज्ञानरत्न" होना चाहिए था, खैर पूज्योने सोचकर ही नाम रखा होगा आखिर ज्ञान का फल तो विरति अर्थात् "चारित्र" ही है। ज्ञान के महासागर में डुबकी लगानेवाले ही एसे ग्रंथो का नवसर्जन कर सकते है... खुब खुब बधाई। **प. पू. आ. श्री रत्नसेनसूरि**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☞ તમારો ગ્રંથ મળ્યો... વાંચ્યો... બહુ જ ગમ્યો... સર્વજ્ઞ કથિત સુંદર રસથાળનો સંગ્રહ એટલે **JAIN COSMOLOGY.** આમાં ૩૦૦ જેટલા ફોટોચિત્ર - ડાયાગ્રામઆપી સમજણને ખુબ જ સરળ બનાવી દીધી છે... તે માટે ધન્યવાદ...! આવા સુંદર તત્ત્વોનો સંગ્રહ ગ્રંથ એટલે 'સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા' ખરેખર જૈન પાઠશાળાનાં દરેક સ્થળોમાં આ ગ્રંથ પંડિતો દ્વારા ભણાવવો જોઈએ. આ ગ્રંથ ગુજરાતી ભાષામાં છે હવે હિન્દી અને ઇંગ્લિશભાષામાં પણ બનાવવો જોઈએ જેથી ગુજરાત ઉપરાંત વિશાળ હિન્દી ભાષી સંઘોને પણ વિશ્વરચનાનો બોધ થાય એ દ્વારા જ્ઞાનવૃદ્ધિ થઈ જૈનશાસન પર અહોભાવ-બહુમાનભાવ વધે.તેમજ આ ગ્રંથરત્ન પર લેખિત પરીક્ષાઓ લેવા દ્વારા પણ જૈનસંઘને તત્ત્વજ્ઞાનથી જ્ઞાનસમૃદ્ધ કરવા જેવો છે. આ ગ્રંથના પઠન-પાઠન દ્વારા ભવ્યજીવો ધર્મધ્યાન ધ્યાવે તેમજ આત્માના પર્યાયોને નિર્મલ વિશુદ્ધ બનાવી સર્વજ્ઞ પરમાત્મા પર બહુમાનભાવ વધારે તેવી અંતરની અભિલાષા... ફરીથી નાની ઉંમર+પર્યાયમાં આવા મોટા ગ્રંથરત્નનું સર્જન કરવા બદલ મુનિરાજશ્રીને શતશઃ અભિનંદન...

પ. પૂ. પં. ભુવનસુંદરવિજયજી, પં. ગુણસુંદરવિજયજી મ. સા.

☞ સાદર વંદના... સુખશાતામાં હશો... જેને જોતાની સાથે જ નજર નાચી ઉઠે, હૈયુ હરખી ઉઠે, ચિત્ત ચમત્કૃત બની ઉઠે અને ઉરમાં ઉત્સવ રચાય. તેવું અદ્‌ભુત સચિત્ર તત્ત્વજ્ઞાનનું નવલું નજરાણુ મળ્યું જેનું નામ"સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા..." તમારા નૈષ્ઠિક પરિશ્રમને લાખ લાખ ધન્યવાદ... તમારી શ્રુત સાધનાને લાખ લાખ નમસ્કાર... એક જ ગ્રંથ દ્વારા જૈનધર્મના પ્રાથમિક તત્ત્વજ્ઞાનનો પુષ્કળ બોધ ખુબ સરળતાથી અને સહજતાથી મળી જાય તેવું ભવ્ય સર્જન થયુ છે કે જે જિજ્ઞાસુઓને અત્યંત ઉપયોગી અને અત્યંત ઉપકારક નીવડશે... આવા સુંદર અને લોકભોગ્ય ગ્રંથો સર્જન કરતા રહો... તેવા શુભાશિષ...

પ. પૂ. પં. શ્રી મુક્તિવલ્લભવિજયજી મ. સા.

☞ આપના દ્વારા પ્રકાશિત થયેલ **"JAIN COSMOLOGY"** ગ્રંથરત્ન મળ્યો. ખરેખર ગ્રંથ જોતા એમલાગે છે કે અથાગ પરિશ્રમકરીને તમે આ ગ્રંથનું સર્જન કર્યું છે. સમગ્ર વિશ્વના ઢગલાબંધ લોકો અનેકવિધ આવિષ્કાર કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે પણ... આપનો આ આવિષ્કાર પ્રશંસનીય છે. વિશ્વની પ્રજા જ્યારે વિજ્ઞાનના રવાડે ચડીને અજ્ઞાનતામાં રાચી રહી છે ત્યારે જૈનધર્મની ભૂગોળ દ્વારા શાસ્ત્રસાપેક્ષ તમે જે માહિતી પૂરી પાડી છે તેના દ્વારા અનેક લોકો સત્યના પંથે પ્રયાણ કરશે. પુનઃ પુનઃ આવા સર્જન કરીને આપની શક્તિ પ્રભુના માર્ગમાં અવિરતપણે વપરાયા કરે એવી શાસન દેવતાઓને પ્રાથના કરું છું.

પ. પૂ. પં. શ્રી પદ્મદર્શનવિજયજી મ. સા.

☞ આપશ્રીના દ્વારા સંપાદિત-પ્રકાશિત થયેલ "સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા" ગ્રંથના વિમોચન પ્રસંગે નારણપુરા (અમ.) જવાનું થયુ. ગ્રંથ જોયો. ઉછેળતા વૈરાગ્ય સભર સંયમઅંગીકાર કરી વિશિષ્ટ ગુરુકૃપા મેળવી ખુબ જ મહેનત કરી આ સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થાને વ્યવસ્થિત માળખામાં ગોઠવી તેમજ સરળ ભાષામાં પ્રસ્તુત કરી અલ્પ વય અને અલ્પ દીક્ષાપર્યાયમાં ઘણું મોટું કાર્ય કર્યું છે. વળી આજની ભટકેલી યુવા પેઢી માટે ખરેખર આ ગ્રંથ એક ભોમીયાની ગરજ સારશે... **પ. પૂ. પં. શ્રી મુનિશરત્નવિજયજી મ. સા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

JAIN COSMOLOGY (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા)
ગ્રંથનો પરિચય અને વિભાગીકરણ...

આ ગ્રંથરત્ન એક સામાન્ય પુસ્તક રુપમાં જ પ્રકાશિત નથી થઈ રહ્યું... પરંતુ એક પ્રકરણ ગ્રંથ - અભ્યાસિક ગ્રંથ સ્વરુપે પ્રકાશિત થઈ રહ્યું છે. જેમાં સર્વજ્ઞ ભગવંતો દ્વારા કથિત વિશ્વ શું છે ? તેની વ્યવસ્થાઓ કેવી છે ? તેમજ ઉર્ધ્વ-અધો-તિર્ચ્છાલોકમાં શું શું રહેલું છે ? વળી જૈનશાસનની જનરલ ફિલોસોફી તેમજ માન્યતાઓ અને જૈનશાસનના વિશિષ્ટ પદાર્થો... શું છે ? ઈત્યાદિ ઘણી બધી માહિતીઓથી પરિપૂર્ણ આ એક શ્રેષ્ઠ ગ્રંથ છે... એ માટે બાહ્ય દૃષ્ટિથી જો જોવા જઈએ તો જેવું આકર્ષણ ૪ કલરવાળા ગ્રંથાદિમાં હોય છે તેવું આકર્ષણ આમાં જોવા નહીં મળે એ સ્વાભાવિક છે, તો પણ અભ્યંતર દૃષ્ટિથી જોવા જઈએ તો વાચકવર્ગ (અભ્યાસુવર્ગ) ના માટે આ અનેકાનેક પ્રકારોથી ઉપયોગી બનશે... બસ ! એ જ અભ્યર્થના સહ... સંપાદક - મુનિ ચારિત્રરત્નવિજય...

પ્રથમ વિભાગ - "લોક વર્ણન"

☞ આ ગ્રંથમાં આવતા મુખ્ય ૧૦૮ વિષયો માંહેના લોક સંબંધી ૧૩ વિષયોનો સંગ્રહ આ વિભાગમાં કરવામાં આવ્યો છે તે જેમ કે ... (૧) શ્રી પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણો... (૨) ૧૪ રાજલોક રુપ વિશ્વ વ્યવસ્થા, (૩) ૧૪ રાજલોકનો યથાર્થ દેખાવ... (૪) ૧૪ રાજલોક તથા ત્રણે લોકના મધ્યસ્થાનો, (૫) ૮ રુચકપ્રદેશો એટલે સમભૂતલા... (૬) ૧૪ રાજલોકમાં રહેલ પંચાસ્તિકાય અને કાળ એટલે ષડ્દ્રવ્ય... (૭) ધર્માસ્તિકાય... (૮) અધર્માસ્તિકાય... (૯) આકાશાસ્તિકાય (લોકાકાશ)... (૧૦) આકાશાસ્તિકાય (અલોકાકાશ)... (૧૧) પુદ્ગલાસ્તિકાય... (૧૨) જીવાસ્તિકાય... (૧૩) કાળદ્રવ્ય... (★) સંસ્થાન વિચયનો સ્વરુપ... વગેરે... (પેજ નં. ૯ થી ૩૬...)

દ્વિતીય વિભાગ - "અધોલોક"

☞ આ દ્વિતીય વિભાગમાં "અધોલોક" તરીકે પ્રખ્યાત નીચેની ભૂમિમાં કોણ કોણ રહે છે... ત્યાં નરકાદિની વ્યવસ્થા તેમજ ભવનપતિ-વ્યંતરાદિ દેવોની વિશેષ માહિતી બતાવવામાં આવી છે..., વળી આ વિભાગમાં ૧૪ થી ૨૩ સુધીના ૧૦ વિષયોના લેખોને સ્થાન આપવામાં આવ્યું છે..., તે જેમ કે... (૧૪) ત્રિકાંડમય રત્નપ્રભા પૃથ્વી=પ્રથમ નરક... (૧૫) સાતે નરકોમાં રહેલા પ્રતરોના નામો... (૧૬) વ્યંતર તથા વાણવ્યંતર દેવો... (૧૭) વ્યંતરનિકાયના દેવો સંબંધી ભેદ-પ્રભેદ... (૧૮) ભવનપતિ દેવો... (૧૯) ૧૫ પ્રકારના પરમાધામી દેવો... (૨૦) નારકોને ૧૦ પ્રકારે ક્ષેત્રવેદના... (૨૧) નારકોને અન્ય ૧૦ પ્રકારે ક્ષેત્રવેદના... (૨૨) સાતમી નરક... (૨૩) પાપીઓને સજા ભોગવવાનું સ્થાન એટલે ૭ નરકો... (★) લોકના ધ્યાનનું ફળ... વગેરે... (પેજ નં. ૩૭ થી ૫૮...)

તૃતીય વિભાગ - "મધ્યલોક"

☞ આ તૃતીય વિભાગમાં "તિર્ચ્છાલોક" તરીકે પ્રખ્યાત એવા મધ્યલોકમાં શું શું વ્યવસ્થાઓ છે ? તેની સંક્ષિપ્ત અને વિસ્તૃત માહિતી પાઠવતા ૨૪ થી ૭૬ સુધીના ૫૩ જેટલા વિષયોને આવરતો વિશાળ સંગ્રહ આ વિભાગમાં કરવામાં આવ્યો છે... તે જેમ કે (૨૪) જંબૂદ્વીપ... (૨૫) જંબૂદ્વીપની જગતી-દ્વારો-રાજધાની વગેરેનું વર્ણન... (૨૬) જગતીની વેદિકા અને વનખંડો... (૨૭) જંબૂદ્વીપના ૭ મહાક્ષેત્રો... (૨૮) જંબૂદ્વીપના ૬ વર્ષધર (કુલગિરિ) પર્વતો અને ૬ મહાદ્રહ... (૨૯) દ્રહદેવીના મૂળ કમળનું વર્ણન અને દ્રહોમાં સ્થિત કમળોની સંખ્યા-માપાદિ... (૩૦) જંબૂદ્વીપમાં રહેલ વૃત્ત (ગોળ) પદાર્થોનું યંત્ર... (૩૧) જંબૂદ્વીપમાં આવેલ પર્વતોનું યંત્ર... (૩૨) જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર... (૩૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરતક્ષેત્રના મધ્યખંડની વિશેષ જાણકારી... (૩૪) ભરતક્ષેત્રમાં સમુદ્રો ક્યાંથી આવ્યા ?... (૩૫) ૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો... (૩૬) વૈતાઢ્યની ગુફાઓમાં રહેલા માંડલા વિષે... (૩૭) વૃત્ત વૈતાઢ્ય-યમકાદિ પર્વતો અને કંચનગિરિ પર્વતો વિષે... (૩૮) જંબૂવૃક્ષ... (૩૯) દ્રહોમાંથી નીકળતી નદીઓ... (૪૦) મહાવિદેહ ક્ષેત્ર... (૪૧) મહાવિદેહ સંબંધી પૂર્વ-પશ્ચિમ લાખ યોજન મેલક યંત્ર તેમજ ૩૨ વિજય અને નગરીઓ... (૪૨) વક્ષસ્કાર પર્વતો તેમજ મહાવિદેહના વનમુખનો દેખાવ... (૪૩) ભદ્રશાલવનનું વિહંગમ દૃશ્ય... (૪૪) દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્ર તેમજ કુરુક્ષેત્રના ૧૦ દ્રહો... (૪૫) મેરુપર્વત (૪૬) મેરુપર્વત ઉપર સ્થિત નંદનવન... (૪૭) મેરુપર્વત ઉપર આવેલ સોમનસ વન + મેરુના શિખર ઉપર પાંડુકવન... (૪૮) લવણસમુદ્ર + મહાપાતાલ કલશ તેમજ લઘુકલશોનું વર્ણન... (૪૯) લવણસમુદ્ર અંતર્ગત ગૌતમ-સૂર્ય-ચંદ્રદ્વીપ-વેલંધર-અનુવેલંધર પર્વતો... (૫૦) લવણસમુદ્ર અંતર્ગત ૫૬ અંતર્દ્વીપો... (૫૧) ગોતીર્થ અને જલવૃદ્ધિનો બે તરફથી દેખાવ... (૫૨) ધાતકીખંડ... (૫૩) ધાતકીખંડના મેરુપર્વતનું પ્રમાણ... (૫૪) અઢીદ્વીપ... (૫૫) ૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્ર... (૫૬) માનુષોત્તર પર્વત... (૫૭) અઢીદ્વીપમાં શાશ્વત પદાર્થોનું યંત્ર... (૫૮) શાશ્વત જિનભવન - જિનપ્રતિમાદિ (૫૯) અઢીદ્વીપમાં શાશ્વત ચૈત્ય અને પ્રતિમાઓનું વર્ણન અને ત્રણે લોકમાં રહેલા શાશ્વત પ્રાસાદાદિનું યંત્ર... (૬૦) અઢીદ્વીપમાં સમકાળે તીર્થંકરાદિ કેટલા હોય ?... (૬૧) આ અવસર્પિણીકાળના ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવાદિ... (૬૨) ૬૩ શલાકાપુરુષો તેમજ અન્ય મહાપુરુષોનો ક્રમાદિ... (૬૩) ચક્રવર્તીના ૧૪ રત્નો (૭ એકેન્દ્રિય રત્નો + ૭ પંચેન્દ્રિય રત્નો)... (૬૪) ચક્રવર્તીના નવનિધાન=નવનિધિ... (૬૫) વાસુદેવના ૭ રત્નો અને કોટિશિલા... (૬૬) શ્રી વીરપ્રભુના ૧૧ ગણધરો અને ૧૦ મહાશ્રાવકો... (૬૭) નંદીશ્વરદ્વીપ... (૬૮) નંદીશ્વરદ્વીપમાં રહેલ અંજનગિરિ પર્વત... (૬૯) કુંડલદ્વીપની વિશેષ જાણકારી... (૭૦) રુચકદ્વીપ... (૭૧) પ્રત્યેક સમુદ્રના પાણીનો સ્વાદ તેમજ મત્સ્યાદિનું પ્રમાણ... (૭૨) તિર્છાલોકમાં રહેલા દ્વીપ-સમુદ્રોનું માપ... (૭૩) ઉત્પાત પર્વત... (૭૪) જ્યોતિષ દેવો... (૭૫) જંબૂદ્વીપના સૂર્ય અને ચંદ્રના મંડલાદિના પ્રમાણ-અંતર વગેરે... (૭૬) તમસ્કાયનું સામાન્યથી વિવેચન... (★) જાણવા જેવું... માણવા જેવું... વગેરે... (પેજ નં. ૫૯ થી ૧૭૪...)

ચતુર્થ વિભાગ - "ઉર્ધ્વલોક"

☞ આ ચતુર્થ વિભાગમાં "ઉર્ધ્વલોક" તરીકે પ્રસિદ્ધ એવા દેવલોકનું યત્કિંચિત્ સ્વરુપ બતાવવામાં આવેલ છે જેમાં દેવલોક સંબંધી ૭૭ થી ૮૭ સુધીના ૧૧ વિષયોને સંકલિત કરતી એવી વિશિષ્ટ લેખમાળાઓ રજૂ કરાઈ છે... તે જેમ કે... (૭૭) અષ્ટકૃષ્ણરાજી વર્ણન... (૭૮) ૯ લોકાંતિક દેવો વિષે જાણવા જેવું... (૭૯) ૧૨ વૈમાનિક દેવો... (૮૦) ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તરવાસી દેવો... (૮૧) કલ્પોપપન્ન દેવોમાં ૧૦ પ્રકારનો કલ્પ... (૮૨) કિલ્બિષિક દેવોના પ્રકાર અને નિવાસસ્થાનો... (૮૩) કયા કારણે દેવો મનુષ્યલોકમાં આવે છે ?... (૮૪) દેવલોકમાં પ્રતરોની વ્યવસ્થા કેવી રીતે હોય છે ?... (૮૫) દેવોની તથાવિધ ભવપ્રત્યયિક સંપત્તિ... (૮૬) દેવોના અવધિજ્ઞાનનું ક્ષેત્ર અને આકાર... (૮૭) વૈમાનિક દેવલોકના વિમાનોનું સંખ્યાદર્શક યંત્ર... (★) સદ્વાંચનનો મહિમા... વગેરે...(પેજ નં. ૧૭૫ થી ૧૯૮...)

પંચમ વિભાગ - "પ્રકીર્ણક"

☞ આ પંચમ વિભાગમાં જૈનશાસનમાં બતાવેલા છુટા-છવાયા પદાર્થોનું ખૂબ જ વિશદ્ રીતે વર્ણન કરાવાયું છે... જેમાં ૮૮ થી ૧૦૮ સુધીના ૨૧ વિષયોને સંગૃહિત કરવામાં આવેલ છે... તે જેમ કે... (૮૮) છઃ કાય જીવોની સમજ (સ્થાવરકાય)... (૮૯) છઃ કાય જીવોની સમજ (ત્રસકાય)... (૯૦) છઃ કાય જીવોની સમજ (મનુષ્ય-દેવ-નારકી)... (૯૧) જીવોના ૫૬૩ ભેદોની જુદા જુદા સ્થળે થતી ઉત્પત્તિ... (૯૨) નિગોદના ગોળાનું સ્વરુપ... (૯૩) ૫-શરીરોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષે અનેક વિષય સ્થાપના પ્રદર્શક યંત્ર... (૯૪) ૫-ઈન્દ્રિયો વિષે ભિન્ન ભિન્ન વિષયોનું સ્થાપના યંત્ર... (૯૫) ઋજુ અને વક્રગતિ... (૯૬) સિદ્ધશિલા અને સિદ્ધાત્માઓ... (૯૭) ૬ પ્રકારની પર્યાપ્તિ... (૯૮) અજીવના ૫ સંસ્થાન અને જીવના ૬ સંસ્થાન... (૯૯) ૬ પ્રકારના સંઘયણ... (૧૦૦) ૬ લેશ્યાનું સ્વરુપ... (૧૦૧) ૧૪ ગુણસ્થાનક એટલે જીવનો વિકાસક્રમ... (૧૦૨) કેવલી સમુદ્‌ઘાત... (૧૦૩) પુદ્‌ગલ (અજીવ)ના ૫૩૦ ભેદ... (૧૦૪) આઠ કર્મ એટલે શું?... (૧૦૫) અવસર્પિણી-ઉત્સર્પિણી કાળના ૬ + ૬ = ૧૨ આરાઓનું સ્વરુપ... (૧૦૬) તપ (બાહ્ય-અભ્યંતર ૧૨ પ્રકારે...) (૧૦૭) અષ્ટાપદજી મહાતીર્થ વિષે જાણવા જેવું... (૧૦૮) શું તમને ખબર છે, ભૂકંપ શા કારણે આવે છે?... (★) PLEASE ONE MINUTE... વગેરે... (પેજ નં. ૧૯૯ થી ૨૫૦...)

ષષ્ઠમ વિભાગ - "જાણવા જેવી ભૂમિકા"

☞ આ વિભાગમાં આપ શું શું જોશો? તો ચાલો મિત્રો! એ પણ જાણી લઈએ... તે જેમ કે... (૧) જૈન માન્યતાનુસારે લોકવર્ણન..., (૨) બૌદ્ધ મતાનુસારે વિશ્વવર્ણન..., (૩) વૈદિક ધર્માનુસારે લોકવર્ણન..., (૪) અગ્નિપુરાણના આધારે બ્રહ્માંડવર્ણન..., (૫) પાતંજલ યોગશાસ્ત્ર અનુસારે લોકનું સ્વરુપ..., (૬) શ્રીમદ્ ભાગવત્ પુરાણના આધારે જંબૂદ્વીપ..., (૭) વૈજ્ઞાનિકોના મતાનુસારે આધુનિક વિશ્વ..., (૮) પૃથ્વી દડા જેવી ગોળ નથી અને ફરતી નથી તેના ૧૦૧ પુરાવાઓ... (૯) ખ્રિસ્તી ધર્મ પણ પૃથ્વીને સપાટ માને છે..., (૧૦) શું ખરેખર પૃથ્વી ફરે છે?... (૧૧) ના! પૃથ્વી ફરતી નથી..., (૧૨) આધુનિક ભૂગોળ અને જૈનધર્મ..., (૧૩) આજની ભૂગોળ-ખગોળ પર વિમર્શ..., (૧૪) જૈન માન્યતા અને વિજ્ઞાનની માન્યતા વચ્ચે ભિન્નતા..., (૧૫) "ભારતવર્ષ"નું નામકરણ..., (૧૬) પલ્યોપમ અને સાગરોપમનું સ્વરુપ..., (૧૭) પૃથ્વીના આકાર અને સ્થિરતા સંબંધી સુંદર સાહિત્ય વર્ણન..., (૧૮) આ જાણવું છે તો આ વાંચો... વગેરે સુંદર લેખોનો વિશાળ સંગ્રહ આ "જાણવા જેવી ભૂમિકા" નામક છઠ્ઠા વિભાગમાં આપ નિહાળશો...(પેજ નં. ૨૫૧ થી ૩૫૦...)

સપ્તમ વિભાગ - "પરિશિષ્ટ"

☞ આ સપ્તમ વિભાગ "પરિશિષ્ટ" નામે છે, જેના બે વિભાગ પાડવામાં આવ્યા છે પહેલો પરિશિષ્ટ-૧... અને બીજો પરિશિષ્ટ-૨

☞ **પરિશિષ્ટ-૧** ના વિભાગમાં જે આ ગ્રંથમાં આવતા ૧૦૮ વિષયોને ગુજરાતી ભાષામાં સંગૃહિત કરવામાં આવ્યા છે તેમાં જે જે સ્થાનોમાં શાસ્ત્રસંદર્ભ પાઠો બતાવવાના છે તે તે સ્થાનોમાં નાના અક્ષરોમાં (ફોન્ટમાં) ૧-૨-૩-૪-૫-૬-૭ વગેરે કરીને ગુજરાતી આંકડાઓ મૂકવામાં આવ્યા છે અને તેના શાસ્ત્રપાઠો પાછળ રહેલા સાતમા વિભાગ સ્વરુપ "પરિશિષ્ટ-૧"માં મૂકવામાં આવેલ છે જેમાં પ્રાયઃ ૧૧૬ જેટલા આગમ-પ્રકરણ વગેરે ગ્રંથોના પાઠોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ તે તે ગ્રંથના નામ અને શ્લોક સંખ્યાદિ સાથે બતાવવાનો પ્રયત્ન કરેલ છે. (પેજ નં. ૩૫૧ થી ૪૧૬...)

☞ **પરિશિષ્ટ-૨** ના વિભાગમાં સેંકડો હજારો વર્ષ જૂના જે હસ્તલિખિત ગ્રંથો / તાડપત્રીય ગ્રંથો વગેરેમાંથી સમુદ્ધૃત કરેલ આ જ વિષયને લાગતાં-વળગતાં પ્રાયઃ ૬૮ જેટલા ચિત્રોની પ્રતિકૃતિઓ પણ સમાવી લેવામાં આવી છે... જેથી પ્રાચીન ચિત્રકલાનો પણ રસાસ્વાદ માણી શકાય... તેમજ પારિભાષિક શબ્દોના અર્થ અને "જાણવા જેવી તારાતંબોલ નગરી" નામક એક લેખ છે કે જેમાં તારાતંબોલનગરીની આછેરી ઝલકને વર્ણવતો હૈદ્રાબાદ નિવાસી શેઠ પદમશાના હાથે લખાયેલ પત્ર મૂકવામાં આવ્યો છે, વળી અંતે લોક સ્વરુપ ભાવનાની સજઝાય અને સહુથી છેલ્લે ગ્રંથની પૂર્ણાહૂતિ નિમિત્તે પ્રશસ્તિ મુકવામાં આવી છે. (પેજ નં. ૪૧૭ થી ૪૮૨...)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। ઋણ મુક્તિ નહીં પણ ઋણ સ્મૃતિ... ।।

☞ જેમણે મને અવ્યવહારરાશિ નિગોદમાંથી બહાર કાઢી વ્યવહારરાશિમાં પ્રવેશ અપાવ્યો... એવાં **સિદ્ધ ભગવંતોને** પ્રથમ નમસ્કાર કરું છું.

☞ જેમણે જન્મ આપી સુસંસ્કારોનું સિંચન કરી એક ઝાટકે પોતાનો મોહ છોડી મને પ્રવ્રજ્યા માટે અનુમતિ આપનાર તેવા **માતાશ્રી પવનબેન અને પિતાશ્રી ઓટરમલજી**એ પણ મુજ ઉપર મહાન ઉપકાર કર્યો છે...

☞ ચરમ તીર્થપતિ, આસન્નોપકારી **શ્રી મહાવીરસ્વામીજી** તથા અનંત લબ્ધિના ભંડાર **શ્રી ગૌતમસ્વામીજી** તેમજ **શ્રી સુધર્માસ્વામીજી** મહારાજાના શ્રુતવારસાનો વારસદાર બન્યો...

☞ સિદ્ધાંતમહોદધિ **પ. પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ. સા.**, ન્યાયવિશારદ **પ. પૂ. આ. શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.**, મેવાડદેશોદ્ધારક **પ. પૂ. આ. શ્રી વિ. જિતેન્દ્રસૂરીશ્વરજી મ. સા.** આ ત્રણે મહાપુરુષોની સતત કૃપાદૃષ્ટિથી હું પાવન બન્યો.

☞ સિદ્ધાંતદિવાકર, સુવિશાલગચ્છાધિપતિ **પ. પૂ. આ. શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મ. સા.** ના પ્રસંગોપાત પ્રેરણાના પાવન અમૃતાંજનથી હું અને મારી પ્રજ્ઞાચક્ષુ આજે આ ગ્રંથના સંપાદનને જોવામાં સમર્થ બની...

☞ દીક્ષાના દિવ્ય મંદિરમાં આત્મ ભગવાનની પ્રતિષ્ઠા કરવાની અમૂલ્ય પ્રેરણા કરનારા પ. પૂ. દીક્ષા દાનેશ્વરી - યુવાજાગૃતિપ્રેરક **આ. શ્રી વિ. ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.** કે જેઓશ્રીએ મુજ જેવા અજ્ઞાનીને અંગારાભર્યા આલમમાંથી ઉગારી, કલ્યાણની કેડી બતાવી, મતલબીઓના મોહમાંથી મુક્ત કરાવી... મને સંયમ સામ્રાજ્ય ઉપર બેસવાની તક આપી અને એમની કૃપાથી જ હું આજે ચારિત્રધર બની શક્યો...

☞ પ્રવચનપ્રભાવક, ષડ્દર્શનનિષ્ણાત પ. પૂ. **આ. શ્રી વિ. રશ્મિરત્નસૂરીશ્વરજી મ. સા.**... જેઓશ્રીની અવસરોચિત પ્રેરણા, પ્રોત્સાહન અને યોગ્ય યોગક્ષેમના બળે મુજ જેવા પામર પણ સંયમધર્મના અનેકાનેક યોગોને પૂર્ણ કરવામાં પરમ બન્યા...

☞ સિંહ ગર્જનાના સ્વામી પ. પૂ. **પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.** ના શિષ્યરત્ન પ. પૂ. તત્ત્વજ્ઞાનમનિષી **પંન્યાસપ્રવર શ્રી મેઘદર્શનવિજયજી મ. સા.** કે જેઓશ્રીએ જૈનશાસન + સંઘની ઘણી બધી જવાબદારીઓ માથે હોવા છતાં પ્રસ્તુત ગ્રંથનું નિઃસ્વાર્થભાવે સૂક્ષ્મતાપૂર્વક સંશોધન કર્યું અને પ્રસ્તુત ગ્રંથોદ્યાનને પ્રસ્તાવના દ્વારા પલ્લવિત કર્યું...

☞ દીક્ષાના પ્રથમ દિવસથી જ જેઓએ મને ગ્રહણ તથા આસેવન શિક્ષા આપી સંયમપાલનને યોગ્ય કર્યો... તેમજ અવસરોચિત મને તે તે કાળે ભણાવી ગણાવી તૈયાર કર્યો... એવા મોટા ભાઈ મ. સા. (ગુરુદેવશ્રી) **પ. પૂ. મુનિરાજ શ્રી હીરરત્નવિજયજી મ. સા.**ને પણ આજે કેમ ભુલાય... કે જેઓશ્રીની અપૂર્વ ઉદારતાના કારણે જ આજે હું આ બધું કાર્ય કરવામાં સમર્થ બન્યો...

☞ પ. પૂ. **સાધ્વીશ્રી ભવ્યજ્ઞરેખાશ્રીજી મ. સા.** (બેન મ. સા.) ને પણ આજના દિવસે તો ન જ ભુલાય, કેમ કે તેઓશ્રીની અવસરોચિત ટકોરના કારણે જ આજે હું સંયમરથમાં આરૂઢ થયેલ છું...

☞ આ ગ્રંથમાં ભાષાકીય શુદ્ધિ કરનાર તેમજ આ ગ્રંથની આદેયતા વધે તે હેતુથી પોતાની અમૂલ્ય પ્રેરણા આપનાર **મુનિરાજ શ્રી અનંતસુંદરવિજયજી મ. સા.** તેમજ **પ્રોફેસર રમેશભાઈ બી. શાહ (સાબરમતી)** ને પણ હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યારે યાદ કરું છું... કેમ કે તેઓશ્રીએ તો શુદ્ધિકરણ કરી અવિસ્મરણીય ઉપકાર કર્યો છે... તેમજ **ગણિવર્ય શ્રી ધર્મતિલકવિજયજી મ. સા.** દ્વારા પણ આ ગ્રંથમાં સુધારા-વધારા માટે કેટલાક અગત્યના સૂચનો વળી યોગ્ય માર્ગદર્શન મળ્યું છે.

☞ "જાણવા જેવી ભૂમિકા" નામક છટ્ઠા વિભાગમાં **પ. પૂ. પં. શ્રી અભયસાગરજી** મ. સા. દ્વારા લખેલ ઘણા ખરા લેખોને સ્થાન મળ્યું છે, તેમાં મુખ્ય કારણ એક જ છે કે તેમના શિષ્ય **પ. પૂ. શાસનપ્રભાવક આ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ. સા....** તેમણે મને કહેવડાવ્યું કે 'આ તો પરમાત્માનું શાસન છે અને તેમની વાણીની સત્યતા સર્વ જીવો સુધી પહોંચે માટે તમે નિઃસંકોચ અમારા સાહિત્યમાંથી જે પણ મેટર તમને યોગ્ય લાગે તે ખુશીથી લેજો.' માટે એમનો પણ ઉપકાર આજે યાદ કરું છું.

☞ એ જ પૂર્વોક્ત વાતને અનુસરતી એક વાત હજી યાદ આવે છે અને તે છે 'સંગ્રહણીરત્નમ્' ના નામથી પ્રસિદ્ધ એવી બૃહત્સંગ્રહણીમાંથી પણ ઘણા ખરા પદાર્થો... આ ગ્રંથમાં લેવામાં આવ્યા છે માટે તેના વિવેચક એવા **આ. શ્રી વિ. યશોદેવસૂરીશ્વરજી મ. સા.**નું પણ કૃતજ્ઞતાપૂર્વક હું સ્મરણ કરું છું.

☞ આધારગ્રંથોના સાક્ષીપાઠો માટેનો મુખ્ય આધારસ્તંભ **શ્રી મહાવીરસ્વામી જૈન આરાધના કેન્દ્ર આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા)** રહ્યું હતું. તેમજ અન્ય અન્ય પુસ્તકાદિમાં રહેલા ચિત્રોના સંકલન માટે મુખ્ય આધારસ્તંભ રુપે **'ગીતાર્થ ગંગા'** સંસ્થા રહી હતી. તેથી તેમની આવી ઉત્કૃષ્ટ શ્રુતભક્તિ માટે હું ભૂરી ભૂરી અનુમોદના કરું છું.

☞ આ ગ્રંથરત્ન દરેક ગચ્છ અને દરેક સંપ્રદાયમાં માન્ય બને તેમજ આ ગ્રંથની ઉપાદેયતા ચતુર્વિધ સંઘમાં વધે તે હેતુથી પોત-પોતાના અમૂલ્ય અભિપ્રાયઃ આપનાર એવા... **ગચ્છા. આ. જયઘોષસૂરિજી મ.સા., આ. ગુણરત્નસૂરિજી મ. સા., આ. જયસુંદરસૂરિજી મ. સા., આ. રશ્મિરત્નસૂરિજી મ. સા., પં. શ્રી મેઘદર્શનવિજયજી મ. સા., શેઠ શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, પંડિત શ્રી જગદીશભાઈ છોટાલાલ શાહ-સુરત, પંડિત શ્રી ધીરુભાઈ ડાહ્યાલાલ મહેતા - સુરત, ડૉ. સુધીરભાઈ શાહ -અમદાવાદ, ડૉ. જે. જે. રાવલ -મુંબઈ....**ઈત્યાદિનો હું ખરેખર અંતરથી ઋણી છું.

☞ સુશ્રાવક શ્રી અપૂર્વભાઈ કે જેઓ **નવરંગ પ્રિન્ટર્સ**ના માલિક છે તેઓશ્રી દ્વારા પણ ખૂબ જ ચીવટ પૂર્વક સમસ્ત ગ્રંથનું તેમજ ચિત્રનું વ્યવસ્થિત કાર્ય થયું છે, જેથી એમનું પણ આ ગ્રંથમાં અપૂર્વ યોગદાન છે.

☞ વિશેષ એક વાત જણાવવાની છે કે ગ્રંથો / આગમોના અભ્યાસ દરમ્યાન તેમજ આ ગ્રંથના લખાણ દરમ્યાન કેટલાક વિષયો મને ખૂબ જ સુંદર અને સરળ શૈલીમાં રજૂઆતવાળા લાગ્યા હતા માટે આ ગ્રંથમાં કેટલાક વિષયો તે તે ગ્રંથમાંથી સીધા જ મૂકી દેવાયા છે.

☞ આ ગ્રંથના લખાણ કરતાં જે કોઈ પણ આપણા ગ્રંથો / શાસ્ત્રો કે પુસ્તકો તેમજ ઈતર એવા વેદ / પુરાણાદિ ગ્રંથોની સહાય લીધી છે, વળી ચિત્રો માટે જે જે પુસ્તકોનો આધાર લીધો છે તે તમામે તમામનો નામોલ્લેખ તે તે વિષયોની શરુઆતમાં રહેલા આધારગ્રંથોમાંહે કરેલ છે, તે છતાં જો છદ્મસ્થતાના વશથી બાકી રહી ગયા હોય તો હૃદયથી ક્ષમા પ્રાર્થું છું.

☞ આ ગ્રંથ સંપાદનમાં નામી / અનામી સર્વ વ્યક્તિઓ કે જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ કાર્યમાં મદદરુપ બન્યા છે તેઓનો પણ હું ખરેખર હૃદયથી ઋણી છું.

ગુરુગુણરશ્મિહીરપાદપદ્મરેણુ
મુનિ ચારિત્રરત્નવિજય...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

INDEX અનુક્રમણિકા INDEX

ક્રમ	વિષય	પૃષ્ઠ
(★)	અનુક્રમણિકા (INDEX)	૦૦૧
(★)	આધારગ્રંથો	૦૦૬
(★)	નવકાર મહામંત્ર	૦૦૭
(★)	STOP LOOK & GO	૦૦૮
	(લોકવર્ણન...)	
(૧)	શ્રી પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણો	૦૧૧
(૨)	૧૪ રાજલોક રુપ વિશ્વ વ્યવસ્થા	૦૧૩
(૩)	૧૪ રાજલોકનો યથાર્થ દેખાવ	૦૧૫
(૪)	૧૪ રાજલોક તથા ત્રણે લોકનાં મધ્યસ્થાનો	૦૧૭
(૫)	૮ રુચકપ્રદેશો એટલે સમભૂતલા	૦૧૯
(૬)	૧૪ રાજલોકમાં રહેલ પંચાસ્તિકાય અને કાળ એટલે ષડ્દ્રવ્ય	૦૨૧
(૭)	ધર્માસ્તિકાય	૦૨૩
(૮)	અધર્માસ્તિકાય	૦૨૫
(૯)	આકાશાસ્તિકાય (લોકાકાશ)	૦૨૭
(૧૦)	આકાશાસ્તિકાય (અલોકાકાશ)	૦૨૯
(૧૧)	પુદ્ગલાસ્તિકાય	૦૩૧
(૧૨)	જીવાસ્તિકાય	૦૩૩
(૧૩)	કાળદ્રવ્ય	૦૩૫
(★)	સંસ્થાન વિચયનો સ્વરુપ	૦૩૬
	(અધોલોક...)	
(૧૪)	ત્રિકાણ્ડમય રત્નપ્રભા પૃથ્વી = પ્રથમ નરક	૦૩૯
(૧૫)	સાતે નરકોમાં રહેલા પ્રતરોનાં નામો	૦૪૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમ	વિષય	પૃષ્ઠ
(૧૬)	વ્યંતર તથા વાણવ્યંતર દેવો	૦૪૩
(૧૭)	વ્યંતરનિકાયના દેવો સંબંધી ભેદ-પ્રભેદ	૦૪૫
(૧૮)	ભવનપતિ દેવો	૦૪૭
(૧૯)	૧૫ પ્રકારના પરમાધામી દેવો	૦૪૯
(૨૦)	નારકોને ૧૦ પ્રકારે ક્ષેત્રવેદના	૦૫૧
(૨૧)	નારકોને અન્ય ૧૦ પ્રકારે ક્ષેત્રવેદના	૦૫૩
(૨૨)	સાતમી નરક	૦૫૫
(૨૩)	પાપીઓને સજા ભોગવવાનું સ્થાન એટલે ૭ નરકો	૦૫૭
(★)	લોકના ધ્યાનનું ફળ	૦૫૮

(મધ્યલોક)

(૨૪)	જંબૂદ્વીપ	૦૬૧
(૨૫)	જંબૂદ્વીપની જગતી - દ્વારો - રાજધાની વગેરેનું વર્ણન	૦૬૩
(૨૬)	જગતીની વેદિકા અને વનખંડો	૦૬૫
(૨૭)	જંબૂદ્વીપના ૭ મહાક્ષેત્રો	૦૬૭
(૨૮)	જંબૂદ્વીપના ૬ વર્ષધર (કુળગિરિ) પર્વતો અને જંબૂદ્વીપના ૬ મહાદ્રહ	૦૬૯
(૨૯)	દ્રહદેવીના મૂળ કમળનું વર્ણન અને દ્રહોમાં સ્થિત કમળોની સંખ્યા-માપાદિ	૦૭૧
(૩૦)	જંબૂદ્વીપમાં રહેલ વૃત્ત (ગોળ) પદાર્થોનું યંત્ર	૦૭૩
(૩૧)	જંબૂદ્વીપમાં આવેલ પર્વતોનું યંત્ર	૦૭૫
(૩૨)	જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર	૦૭૭
(૩૩)	ભરતક્ષેત્રના મધ્યખંડની વિશેષ જાણકારી	૦૭૯
(૩૪)	ભરતક્ષેત્રમાં સમુદ્રો ક્યાંથી આવ્યા ?	૦૮૧
(૩૫)	૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો	૦૮૩
(૩૬)	વૈતાઢ્યની ગુફાઓમાં રહેલા માંડલા વિષે	૦૮૫
(૩૭)	વૃત્ત વૈતાઢ્ય-યમકાદિ પર્વતો અને કંચનગિરિ પર્વતો વિષે	૦૮૭
(૩૮)	જંબૂવૃક્ષ	૦૮૯
(૩૯)	દ્રહોમાંથી નીકળતી નદીઓ	૦૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમ	વિષય	પૃષ્ઠ
(૪૦)	મહાવિદેહ ક્ષેત્ર	૦૯૩
(૪૧)	મહાવિદેહ સંબંધિ પૂર્વ-પશ્ચિમ લાખ યોજન મેલક યંત્ર તેમજ ૩૨ વિજય અને નગરીઓ	૦૯૫
(૪૨)	વક્ષસ્કાર પર્વતો તેમજ મહાવિદેહના વનમુખનો દેખાવ	૦૯૭
(૪૩)	ભદ્રશાલવનનું વિહંગમ દૃશ્ય	૦૯૯
(૪૪)	દેવકુરુ-ઉત્તરકુરુક્ષેત્ર તેમજ કુરુક્ષેત્રના ૧૦ દ્રહો	૧૦૧
(૪૫)	મેરુપર્વત	૧૦૩
(૪૬)	મેરુપર્વત ઉપર સ્થિત નંદનવન	૧૦૫
(૪૭)	મેરુપર્વત ઉપર આવેલ સૌમનસવન... મેરુના શિખર ઉપર પાંડુકવન	૧૦૭
(૪૮)	લવણસમુદ્ર + મહાપાતાલકળશ અને લઘુકળશોનું વર્ણન	૧૦૯
(૪૯)	લવણસમુદ્ર અંતર્ગત ગૌતમ-સૂર્ય-ચંદ્રદ્વીપ-વેલંધર-અનુવેલંધર પર્વતો	૧૧૧
(૫૦)	લવણસમુદ્રના અંતર્ગત ૫૬ અંતર્દ્વીપો	૧૧૩
(૫૧)	ગોતીર્થ અને જલવૃદ્ધિનો બે તરફથી દેખાવ	૧૧૫
(૫૨)	ધાતકીખંડ	૧૧૭
(૫૩)	ધાતકીખંડના મેરુપર્વતનું પ્રમાણ	૧૧૯
(૫૪)	અઢીદ્વીપ	૧૨૧
(૫૫)	૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્ર	૧૨૩
(૫૬)	માનુષોત્તર પર્વત	૧૨૫
(૫૭)	અઢીદ્વીપમાં રહેલ શાશ્વત પદાર્થોનું યંત્ર	૧૨૭
(૫૮)	શાશ્વત જિનભવન-જિનપ્રતિમાદિ	૧૩૧
(૫૯)	અઢીદ્વીપમાં શાશ્વત ચૈત્ય અને પ્રતિમાઓનું વર્ણન અને ત્રણે લોકમાં રહેલ શાશ્વત પ્રાસાદાદિનું યંત્ર	૧૩૩
(૬૦)	અઢીદ્વીપમાં સમકાળે તીર્થંકરાદિ કેટલા હોય ?	૧૩૭
(૬૧)	આ અવસર્પિણીકાળના ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવાદિ	૧૩૯
(૬૨)	૬૩ શલાકાપુરુષો તેમજ અન્ય મહાપુરુષોનો ક્રમાદિ	૧૪૧
(૬૩)	ચક્રવર્તીના ૧૪ રત્નો... (૭ એકેન્દ્રિય રત્ન + ૭ પંચેન્દ્રિય રત્ન)	૧૪૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમ	વિષય	પૃષ્ઠ
(૬૪)	ચક્રવર્તીનાં નવનિધાન=નવનિધિ	૧૪૯
(૬૫)	વાસુદેવનાં ૭ રત્નો અને કોટિશિલા	૧૫૧
(૬૬)	શ્રી વીર પ્રભુના ૧૧ ગણધરો અને ૧૦ મહાશ્રાવકો	૧૫૩
(૬૭)	નંદીશ્વરદ્વીપ	૧૫૫
(૬૮)	નંદીશ્વરદ્વીપમાં રહેલ અંજનગિરિ પર્વત	૧૫૭
(૬૯)	કુંડલદ્વીપની વિશેષ જાણકારી	૧૫૯
(૭૦)	રુચકદ્વીપ	૧૬૧
(૭૧)	પ્રત્યેક સમુદ્રના પાણીનો સ્વાદ તેમજ મત્સ્યાદિનું પ્રમાણ	૧૬૩
(૭૨)	તિર્ચ્છાલોકમાં રહેલા દ્વીપ-સમુદ્રોનું માપ	૧૬૫
(૭૩)	ઉત્પાત પર્વત	૧૬૭
(૭૪)	જ્યોતિષ દેવો	૧૬૯
(૭૫)	જંબૂદ્વીપના સૂર્ય અને ચંદ્રના મંડલાદિના પ્રમાણ-અંતર વગેરે	૧૭૧
(૭૬)	તમસ્કાયનું સામાન્યથી વિવેચન	૧૭૩
(★)	જાણવા જેવું ... માણવા જેવું	૧૭૪

(ઉર્ધ્વલોક)

(૭૭)	અષ્ટકૃષ્ણરાજી વર્ણન	૧૭૭
(૭૮)	૯ લોકાંતિક દેવો વિષે જાણવા જેવું	૧૭૯
(૭૯)	૧૨ વૈમાનિક દેવો	૧૮૧
(૮૦)	૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તરવાસી દેવો	૧૮૩
(૮૧)	કલ્પોપપન્ન દેવોમાં ૧૦ પ્રકારનો કલ્પ	૧૮૫
(૮૨)	કિલ્બિષિક દેવોના પ્રકાર અને નિવાસસ્થાનો	૧૮૭
(૮૩)	ક્યાં કારણે દેવો મનુષ્યલોકમાં આવે છે ?	૧૮૯
(૮૪)	દેવલોકમાં પ્રતરોની વ્યવસ્થા કેવી રીતે હોય છે ?	૧૯૧
(૮૫)	દેવોની તથાવિધ ભવપ્રત્યયિક સંપત્તિ	૧૯૩
(૮૬)	દેવોના અવધિજ્ઞાનનું ક્ષેત્ર અને આકાર	૧૯૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રમ	વિષય	પૃષ્ઠ
(૮૭)	વૈમાનિક દેવલોકના વિમાનોનું સંખ્યા-દર્શક યંત્ર	૧૯૭
(★)	સદ્‌વાંચનનો મહિમા	૧૯૮

(પ્રકીર્ણક)

(૮૮)	છઃકાય જીવોની સમજ... (સ્થાવરકાય)	૨૦૧
(૮૯)	છઃકાય જીવોની સમજ... (ત્રસકાય) (૩ વિકલેન્દ્રિય + તિર્યંચ પંચેન્દ્રિય)	૨૦૩
(૯૦)	છઃકાય જીવોની સમજ... (મનુષ્ય-દેવ-નારકી)	૨૦૫
(૯૧)	જીવોના ૫૬૩ ભેદોની જુદા જુદા સ્થળે થતી ઉત્પત્તિ	૨૦૭
(૯૨)	નિગોદના ગોળાનું સ્વરૂપ	૨૦૯
(૯૩)	૫-શરીરોને વિષે અનેક વિષય સ્થાપના પ્રદર્શક યંત્ર	૨૧૧
(૯૪)	૫-ઈન્દ્રિયોને વિષે ભિન્ન-ભિન્ન વિષયોનું સ્થાપના યંત્ર	૨૧૩
(૯૫)	ઋજુ અને વક્રગતિ	૨૧૫
(૯૬)	સિદ્ધશિલા અને સિદ્ધાત્માઓ	૨૧૭
(૯૭)	૬ પ્રકારની પર્યાપ્તિ	૨૨૧
(૯૮)	અજીવના ૫ સંસ્થાન અને જીવના ૬ સંસ્થાન	૨૨૩
(૯૯)	૬ પ્રકારના સંઘયણ	૨૨૫
(૧૦૦)	૬ લેશ્યાઓનું સ્વરૂપ	૨૨૭
(૧૦૧)	૧૪ ગુણસ્થાનક એટલે જીવનો વિકાસક્રમ	૨૨૯
(૧૦૨)	કેવળી સમુદ્‌ઘાત	૨૩૩
(૧૦૩)	પુદ્‌ગલ (અજીવ)ના ૫૩૦ ભેદ	૨૩૫
(૧૦૪)	આઠ કર્મ એટલે શું ?	૨૩૭
(૧૦૫)	અવસર્પિણી ઉત્સર્પિણીકાળના ૬ + ૬ = ૧૨ આરાઓનું સ્વરૂપ	૨૩૯
(૧૦૬)	તપ (બાહ્ય-અભ્યંતર ૧૨ પ્રકારે)	૨૪૩
(૧૦૭)	અષ્ટાપદજી મહાતીર્થ વિષે જાણવા જેવું	૨૪૭
(૧૦૮)	શું તમને ખબર છે, ભૂકંપ શા કારણે આવે છે ?	૨૪૯
(★)	PLEASE ONE MINUTE	૨૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૮ વિષયોના - આધાર ગ્રંથો...

- રઘુવંશ મહાકાવ્ય
- રીડર્સ ડાયજેસ્ટ-ગ્રેધ્વર્ડ એટલાસ
- બૃહત્સંગ્રહણી (સંગ્રહણી રત્નમ્)
- ઉપદેશમાળા
- જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલિ પ્રકાશ
- લોક અવલોકન
- ગણિતાનુયોગ ગ્રંથ
- લઘુ સંગ્રહણી
- લઘુ ક્ષેત્ર સમાસ
- બૃહત્ક્ષેત્ર સમાસ (ભાગ ૧/૨)
- જીવવિચાર પ્રકરણ
- નવતત્ત્વ પ્રકરણ
- દણ્ડક પ્રકરણ
- તિલોય પણ્ણત્તિ સુત્તં
- આવશ્યક નિર્યુક્તિ ચૂર્ણિ
- આવશ્યક નિર્યુક્તિ સંગ્રહણી
- શ્રી વિવાહ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ભગવતી સૂત્ર)
- યોગશાસ્ત્રની વૃત્તિ
- જીવાજીવાભિગમ સૂત્ર
- લોકનાલિકાસ્તવ (લોકનાલિકા દ્વાત્રિંશિકા)
- જૈનધર્મના વૈજ્ઞાનિક રહસ્યો
- યોગશાસ્ત્ર મૂળ
- વિશેષાવશ્યક ભાષ્ય
- ચતુર્થ ષડ્શીતિ કર્મગ્રંથ
- ક્ષેત્ર સમાસ
- સ્થાનાંગ (ઠાણાંગ) સૂત્ર
- સેન પ્રશ્નોત્તરી
- સકલતીર્થ સૂત્ર
- મહાનિશિથ (છેદ) સૂત્ર
- હરિવંશ પુરાણ
- રિષ્ટસમુચ્ચય ગ્રંથ
- જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ
- બૃહત્ક્ષેત્ર વિચાર
- સિરિ નિલય ક્ષેત્ર વિચાર
- વસુદેવ હિન્ડી-પ્રથમ ખંડ
- વાયુપુરાણ
- બ્રહ્માણ્ડપુરાણ
- આદિપુરાણ
- વરાહપુરાણ
- વાયુમહાપુરાણ
- શિવપુરાણ
- નારદપુરાણ
- લીંગપુરાણ
- સ્કંધપુરાણ
- માર્કણ્ડેયપુરાણ
- શ્રીમદ્ ભાગવત પુરાણ
- આગ્નેયપુરાણ
- વિષ્ણુપુરાણ
- કુર્મપુરાણ
- પ્રવચન સારોદ્ધાર
- મહાભારત (ઉપાયન પર્વ)
- જંબૂદ્વીપ માસિક
- જ્ઞાતાધર્મ કથાંગ
- શત્રુંજય મહાત્મ્ય
- ક્ષેત્ર વિચાર
- આવ. બૃહત્વૃત્તિ ટિપ્પણી
- પ્રવચન સારોદ્ધાર વૃત્તિ
- બૃહત્ક્ષેત્રસમાસ ટીકા
- સિરિનિલય ક્ષેત્ર સમાસ ટીકા
- કલ્પસૂત્ર અંતર્વાચ્ય ટીકા
- કિરણાવલી
- ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર
- ગાથા સહસ્ત્રી
- સમવાયાંગ સૂત્ર
- સંગ્રહણી રત્નમ્
- કાલ લોકપ્રકાશ/સર્ગ-૩૧
- દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ
- નંદીશ્વર સ્તોત્ર
- નંદીશ્વર કલ્પ
- જીવસમાસ વૃત્તિ
- દ્વીપ સાગર પ્રજ્ઞપ્તિ સંગ્રહણી
- અનુયોગદ્વાર સૂત્ર ચૂર્ણિ
- શ્રેણિક ચરિત્ર
- તત્ત્વાર્થ સૂત્ર
- લબ્ધિ સ્તોત્ર
- ઉપમિતિ ભવ પ્રપંચ કથા
- પ્રજ્ઞાપના (પણ્ણવણા) સૂત્ર
- નિગોદ ષટ્ત્રિંશિકા
- જ્ઞાનસાર
- શ્રાદ્ધ પ્રતિક્રમણ/વંદારુ વૃત્તિ
- પ્રશમરતિ
- "કર્મવિપાક" પ્રથમ કર્મગ્રંથ
- "કર્મસ્તવ" બીજો કર્મગ્રંથ
- વિશ્વરચના પ્રબંધ
- અષ્ટાપદજી પૂજા
- વિશેષણવતી ગ્રંથ
- ખવગસેઢી
- ઉત્તરાધ્યયન સૂત્ર
- દ્રવ્ય લોકપ્રકાશ
- ક્ષેત્ર લોકપ્રકાશ (ભાગ-૧/૨)
- જૈન દ્રષ્ટિએ મધ્યલોક

૧૦૮ વિષયો સાથે રહેલા ચિત્રોના આધાર ગ્રંથો...

- મહાવીર ચિત્ર સંપુટ
- સંગ્રહણીરત્નમ્
- લોકપ્રકાશ (૧ થી ૪)
- સુશીલ સદ્બોધ શતક
- ત્રિલોક તીર્થ વંદના
- કલ્પસૂત્ર ચિત્ર સંપુટ
- બૃહત્ક્ષેત્રસમાસ (ભાગ-૧/૨)
- જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલી
- તત્ત્વજ્ઞાન પ્રવેશિકા
- જૈન તત્ત્વજ્ઞાન ચિત્રાવલી પ્રકાશ
- પાપ કી મજા, નરક કી સજા
- જૈન ભૂગોલનું તર્ક શુદ્ધ વિજ્ઞાન
- પચ્ચીસ બોલ
- ખવગસેઢી
- જૈન દ્રષ્ટિએ મધ્યલોક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

STOP, LOOK & GO

☞ શું આપને અધ્યાત્મ જગતમાં પ્રવેશ કરવો છે ?

☞ શું આપને ચારગતિમાંથી મુક્ત થવું છે ?

☞ શું આપને અજ્ઞાન રુપ અંધકારથી ભય લાગે છે ?

☞ શું આપને તત્ત્વજ્ઞાનનો દીપક પ્રગટાવવો છે ?

☞ શું આપને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કરવી છે ?

☞ શું આપને ભવભ્રમણનો થાક લાગ્યો છે ?

☞ શું આપને પૂર્વોપાર્જિત જ્ઞાનાવરણીયાદિ કર્મનો નાશ કરવો છે ?

☞ શું આપને ૧૪ રાજલોક રુપ વિશ્વની માહિતી જાણવી છે ?

☞ શું આપને ભગવાન મહાવીરે બતાવેલી ભૌગોલિક (મધ્યલોક સંબંધી) વ્યવસ્થા માણવી છે ?

☞ તો... તો... ચાલો ! આજે અને અત્યારથી જ આપની માટે પ્રસ્તુત થાય છે...

Jain Cosmology (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) નામક આ અનમોલ ગ્રંથ. તન અને મનનો પ્રમાદ ખંખેરી એલર્ટ થઈ જઈએ અને આ ગ્રંથનાં વાંચન રુપ મહાયજ્ઞમાં જોડાઈ જઈએ... માટે જ કહેવાય છે કે...

અધ્યાત્મની દુનિયાને નિહાળવા માટે **તત્ત્વજ્ઞાન** એ આંખ છે,
અધ્યાત્મની દુનિયામાં વિહરવા માટે **તત્ત્વજ્ઞાન** એ પાંખ છે.
આંખ છે... પાંખ છે... તો હવે ઉડવાને શી વાર છે ? તો
ચાલો ! હવે એક ઉડ્ડયન **"Jain Cosmology"** ગ્રંથ
તરફ આરંભીએ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



લોક વર્ણન

આ લોકનું સ્વરુપ શું ? ચાલો હવે તમને કહું,
સર્વજ્ઞ દૃષ્ટિથી પ્રભુ , જેવું હતું તેવું કહ્યું ।
ના કર્તા એનો કોઇને, વળી ના કોઇ આધાર છે,
એ "લોકવર્ણન" વર્ણતા, મુજ રોમરોમ વિકસિત બને... ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથની નિર્વિઘ્ને સમાપ્તિ માટે તથા ગ્રંથના ૧૦૮ વિષયો હોવાથી સૌ પ્રથમ

1

શ્રી પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણો

☞ અરિહંતના ૧૨ ગુણો[1] :

રાગ-દ્વેષ અને મોહ નામના દુર્ધર શત્રુઓનો જેઓએ નિર્મૂલ નાશ કર્યો છે, અઢાર દૂષણથી જેઓ રહિત છે. વળી (૧) અશોકવૃક્ષ, (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડલ, (૭) દુંદુભિનાદ અને (૮) આતપત્ર (૩ છત્ર) એ અષ્ટ પ્રતિહાર્ય[2] તેમજ (૯) જ્ઞાનાતિશય, (૧૦) વચનાતિશય, (૧૧) અપાયાપગમાતિશય અને (૧૨) પૂજાતિશય ઈત્યાદિ ૧૨ ગુણોથી જેઓ વિભૂષિત છે. ૩૪ અતિશયો અને ૩૫ વાણીના ગુણોને જેઓ ધારણ કરે છે. કેવળજ્ઞાનના બળ વડે જેઓ લોક અને અલોકના સર્વભાવો હથેળીમાં રહેલા આમળાના ફળની જેમ યથાર્થરુપે જુએ છે એવા અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

☞ સિદ્ધ ભગવંતના ૮ ગુણો :

જ્ઞાનાવરણીયાદિ અષ્ટકર્મનો સંપૂર્ણ ક્ષય કરી (૧) અનંતજ્ઞાન, (૨) અનંતદર્શન, (૩) અનંતવીતરાગતા, (૪) અનંતવીર્ય, (૫) અવ્યાબાધ (અનંત) સુખ, (૬) અક્ષયસ્થિતિ, (૭) અરુપિપણું અને(૮) અગુરુલઘુ વગેરે ૮ મહાન્ ગુણોને જેઓએ પ્રાપ્ત કર્યો છે[3] તેમજ શાશ્વત સ્થાન એવા મુક્તિને જેઓ પામ્યા છે અને હવે જેઓને જન્મ-જરા-મરણનો અભાવ હોઈ સંસારમાં પુનર્જન્મ કરવાપણું રહ્યું નથી[4] એવા સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ.

☞ આચાર્ય ભગવંતના ૩૬ ગુણો[5] :

જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર અને વીર્યાચાર રુપ પાંચ પ્રકારના આચારને પાળનારા અને એ પંચાચારનું પાલન કરવા માટે (કરાવવા માટે) ભવ્યજીવોને ઉપદેશ આપનાર, તીર્થકરાદિ અતિશાયિત મહાપુરુષોના વિરહમાં શાસનના નાયક સમા, ગચ્છની ધુરાને વહન કરનારા... તેમજ ૫ ઈન્દ્રિયોને હરનાર, ૯ પ્રકારની બ્રહ્મચર્ય ગુપ્તિને ધરનાર, ૪ પ્રકારનાં કષાયોથી મૂકાયેલાં, ૫ મહાવ્રતોને પાળનારા, ૫ પ્રકારે આચારોનું પાલન કરનાર, ૫ સમિતિ અને ૩ ગુપ્તિને ધરનાર એટલે ૫ + ૯ + ૪ + ૫ + ૫ + ૫ + ૩ = ૩૬ ગુણને ધરનારા[6] તથા અન્ય જુદી જુદી રીતે પણ શાસ્ત્રોમાં કહેલા ૩૬ ગુણોને ધારણ કરનારા... વળી ૮ પ્રકારે શાસનની પ્રભાવના કરનારા[7], તેમજ (૧) પ્રાજ્ઞ (૨) સમસ્ત શાસ્ત્રોના હાર્દને પામેલા (૩) પ્રકૃષ્ટ રીતે પ્રગટ થયેલ લોક વ્યવહારવાળા (૪) ઈચ્છાઓને પરાસ્ત કરનાર (૫) પ્રતિભા સંપન્ન (૬) પ્રશમવાળા (૭) પહેલેથી જ ઉત્તરને જાણી લેનારા (૮) પ્રાયઃકરીને પ્રશ્નોનો પ્રવાહ સહન કરનારા (૯) પરહિતને કરનારા (૧૦) પરનિંદાના ત્યાગી તેમજ (૧૧) અત્યંત સ્પષ્ટ અને મધુર ભાષામાં ધર્મકથાદિ કહેનારા ઈત્યાદિ ગુણોવાળા આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ.

☞ ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણો[8] :


૧૧ અંગ અને ૧૨ ઉપાંગ ભણે અને ભણાવે... તે ઉપાધ્યાય[9] કહેવાય. (૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) ભગવતી (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) (૬) જ્ઞાતાધર્મકથાંગ (૭) ઉપાસકદશાંગ (૮) અંતકૃદ્દશાંગ (૯) અનુત્તરોપપાતિકદશાંગ (૧૦) પ્રશ્ન વ્યાકરણ (૧૧) વિપાકસૂત્ર... એ ૧૧ અંગ[10] (૧ થી ૧૧), (૧) ઔપપાતિક (૨) રાજપ્રશ્નિય (૩) જીવાભિગમ (૪) પ્રજ્ઞાપના (૫) જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ (૬) સૂર્યપ્રજ્ઞપ્તિ (૭) ચંદ્રપ્રજ્ઞપ્તિ (૮) નિરયાવલિકા (૯) કલ્પાવતંસિકા (૧૦) પુષ્પિકા (૧૧) પુષ્પચુલિકા (૧૨) વૃષ્ણિદશા... (૧૨ થી ૨૩) ૧૨ ઉપાંગ આ ગ્રંથોને ભણે-ભણાવે... અને (૨૪) ચરણસિત્તરી (૨૫) કરણસિત્તરીનું પાલન એમ ૨૫ ગુણો ઉપાધ્યાય ભગવંતના થાય છે તેવા ઉપાધ્યાય ભગવંતાને નમસ્કાર થાઓ.

☞ સાધુ ભગવંતના ૨૭ ગુણો[11] :

સ્વપર કલ્યાણ સાધક, જિનાજ્ઞાના અખંડ પાલક, સંયમયોગના ધારક... તેમજ બાહ્યાભ્યંતર ગ્રંથી રહિત અને ૫ મહાવ્રત અને ૧ રાત્રિભોજન ત્યાગના પાલક, ષટ્કાય જીવોની રક્ષા કરનારા, પાંચ ઈન્દ્રિયોને દમન કરનારા, લોભનો નિગ્રહ કરનારા, ક્ષમાને ધરનારા, ભાવ વિશુદ્ધિને આચરનારા, પ્રતિલેખનાદિમાં વિશુદ્ધિ ધરનારા, અકુશલ મન-વચન-કાયાનો નિરોધ કરનારા... શીતાદિ પરિષહો તેમજ મરણાંત ઉપસર્ગોને સહનારા[12]... ઈત્યાદિક ૨૭ ગુણો યુક્ત એવા સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ... એમ કરી કુલ...૧૨ + ૮ + ૩૬ + ૨૫ + ૨૭ = ૧૦૮ ગુણો[13] પંચપરમેષ્ઠિના થાય છે. આ ૧૦૮ ગુણયુક્ત પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર થાઓ...

☞ ૧૦૮નો મહિમા : શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના ૧૦૮ નામ, શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ નામ, માંગલિક વસ્તુઓ ૧૦૮, વાસુદેવ-બલદેવના લક્ષણો-૧૦૮, નવકારવાળીના મણકા-૧૦૮ તેમ આ ગ્રંથના વિષયો પણ ૧૦૮ જાણવા...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


૧૪ રાજલોક રુપ વિશ્વ વ્યવસ્થા

2

☞ સમગ્ર વિશ્વ **૧૪ રાજલોકમય** છે. તેમાં દેવો-નરકો-મનુષ્યો અને તિર્યંચો તેમજ મોક્ષ વગેરે સમગ્ર દુનિયા આવી જાય છે.
☞ મેરુપર્વતની તળેટીથી નીચે રહેલ ૮ રુચક પ્રદેશોને સમભૂતલા કહેવાય છે, અને તેના આધારે ઊંચાઈ-નીચાઈના માપો જણાય છે.
☞ આ ૧૪ રાજલોકના ૩ વિભાગ પડે છે. (૧) **ઉર્ધ્વલોક** (૨) **મધ્યલોક** (૩) **અધોલોક**[1].
☞ સમભૂતલાથી ૯૦૦ યોજન ઉપરના ભાગને **ઉર્ધ્વલોક** કહેવાય છે, તેમાં દેવોનો નિવાસ હોય છે. તેમાં અનુક્રમે સૌધર્મ-ઈશાનાદિ ૧૨ દેવલોક અને તેના જ અંતર્ગત ૩ કિલ્બિષિક દેવ અને ૯ લોકાંતિક દેવોનો વાસ છે. તેની ઉપર ૯ ગ્રૈવેયેક અને તેના પણ ઉપર ૫ અનુત્તરવાસી દેવોના વિમાનો છે અને સહુથી છેલ્લે ૪૫ લાખ યોજન પ્રમાણ લાંબી અને ૮ યોજન પહોળી સિદ્ધશિલા અને તેની ઉપર એક યોજનના છેલ્લા કોશના ત્રીજા ભાગે લોકાંતને સ્પર્શીને સિદ્ધ ભગવંતો બિરાજમાન છે. આ પ્રમાણે ઉર્ધ્વલોકની લંબાઈ ૭ રાજલોકમા થોડી ઓછી અને પહોળાઈ ૫ રાજલોક પ્રમાણ છે.
☞ **મધ્યલોક** તે સમભૂતલાથી ઊર્ધ્વ-અધો ૯૦૦-૯૦૦ યોજન મળીને ૧૮૦૦ યોજન વિસ્તારવાળો અને તિર્છો અસંખ્ય યોજન સુધી ફેલાયેલો છે. આ મધ્યલોકમાં સહુથી વચ્ચે મેરુપર્વત અને તેને ફરતા બમણા બમણા પ્રમાણવાળા જંબૂદ્વીપ-લવણાદિ અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે, તેમાં પણ માત્ર ૨½ દ્વીપમાં જ મનુષ્યોના (સાથે તિર્યંચોના પણ...) જન્મ-મરણ હોય છે અને તેની બહાર તો માત્ર તિર્યંચો જ વસે છે. વળી જ્યોતિષ, વ્યંતર, વાણવ્યંતર, તિર્યંગ જૃંભકાદિ દેવોનો નિવાસ પણ આ જ મધ્યલોકમાં છે.
☞ સમભૂતલાથી ૯૦૦ યોજન નીચે તે ૭ રાજલોક કરતા થોડો વધારે પ્રમાણવાળો **અધોલોક** છે, તે ઉપરના ભાગે ૧ રાજલોક અને નીચે ૭મી નરકના ભાગે ૭ રાજલોક પ્રમાણ પહોળાઈવાળો છે. આ અધોલોકમાં નીચે-નીચે ૧ થી ૭ નરક આવેલી છે. પ્રથમ નરકના ૧૩ પ્રતરોમાં ભવનપતિ દેવો રહે છે.
☞ ૧૪ રાજલોકની બરાબર મધ્યમાં **ત્રસનાડી** આવેલી છે. તે ત્રસનાડી ૧ રાજ પહોળી અને ૧૪ રાજ લાંબી છે. દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારકી સ્વરૂપ સર્વ ત્રસ જીવોનો નિવાસ આ ત્રસનાડીમાં જ છે. કારણ કે, ત્રસનાડીની બહાર તો માત્ર સ્થાવર જીવો જ હોય છે.
☞ **૧ રાજલોકનું પ્રમાણ જાણવા માટે આમ્નાય આ પ્રમાણે જાણવા મળે છે....** ૩,૮૧,૨૭,૯૭૦ મણ વજનનો ૧ ભાર એવા ૧,૦૦૦ ભાર પ્રમાણ લોખંડનો ગોળો દેવ ઉપરથી નીચે ફેંકે તો ગોળાને પૃથ્વી ઉપર આવતા ૬ માસ - ૬ દિવસ - ૬ પ્રહર - ૬ ઘડી અને ૬ સમય લાગે. આવી રીતે ઉપરથી નીચે આવતા તે ગોળો જેટલું ક્ષેત્ર સ્પર્શે તે ક્ષેત્ર ૧ રાજલોક પ્રમાણ કહેવાય.
☞ અથવા **બીજા પ્રકારે** એમ કે - ૧ નિમેષ માત્રમાં કોઈ મહર્દ્ધિક દેવ ૧,૦૦,૦૦૦ યોજન પ્રમાણ ક્ષેત્ર પસાર કરે, તો તેવી ગતિથી તે સતત ૬ માસ સુધી જેટલું ક્ષેત્ર સ્પર્શે તે ૧ રાજલોક પ્રમાણ કહેવાય*, તેવા ૧૪ રાજલોક પ્રમાણ આ લોક હોવાથી આ વિશ્વને ૧૪ રાજલોક પણ કહેવાય છે.

★ જેમએક રાજનું માન કેટલું ? તે આ લેખમાં ઉપર આપણે જોઈ લીધું. તે વાત સામાન્ય વાચકને ગળે ન પણ ઉતરે, પરંતુ વૈજ્ઞાનિકોનો એક દાખલો હું તમને આપું કે, જેથી શાસ્ત્રીય સત્યની આપોઆપ પ્રતીતિ થઈ જશે. વૈજ્ઞાનિકોએ આ વિરાટ આકાશનો અભ્યાસ કર્યો. તેમાં તેમણે સૂર્યમાલાઓ જોઈ. અનેક સૂર્યો જોયા, એક સૂર્યમાલાથી બીજી સૂર્યમાલા કેટલી દૂર છે ? તે વિરાટ દૂરબીનથી જોયું. માપ કાઢીને ગણત્રી કરી... પછી કહ્યું કે, આકાશમાં લાખો સૂર્યમાલાઓ છે. તે એક બીજાથી એટલી દૂર છે કે ત્યાં પહોંચવું હોય તો એક કલાકના એક લાખ માઈલની ઝડપે એક રોકેટ ગતિ કરે તો એક સૂર્યમાલાથી ફક્ત બીજી સૂર્યમાલા સુધી પહોંચતા ૮૭ કરોડ વર્ષ લાગે. તો પછી લાખો સૂર્યમાલા પાસે જતા કેટલાય અબજ વરસો લાગે. (જુઓ-રીડર્સ ડાયજેસ્ટમાંથી ગ્રેપ્યર્ડ એટલાસ-અમેરિકા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૧
૨
૩
૪
૫
૬
૭
૮
૯
૧૦
૧૧
૧૨
૧૩
૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસ્તવિક દૃષ્ટિએ ૧૪ રાજલોકનું સ્વરૂપ બતાવવા

3

ચૌદ રાજલોકનો યથાર્થ દેખાવ

☞ બે હાથ કમર ઉપર રાખીને વૈશાખ સંસ્થાનની જેમ[૧] બે (પગ પહોળા કરીને) ગોળ-ગોળ ફૂંદડી ફરતા પુરુષના આકારનો આ ૧૪ રાજલોક છે અથવા અધોમુખે રહેલા એક મોટા શરાવના પૃષ્ઠ ભાગ પર એક નાનું શરાવ-સંપુટ મૂક્યું હોય એ આકારે આ લોક છે. વળી, આ લોક શાશ્વત છે - એને કોઈએ ધરી રાખ્યો નથી કે કોઈએ બનાવ્યો નથી પણ એ સ્વયં સિદ્ધ છે અને આશ્રય કે આધાર વિના આકાશમાં (અદ્ધર) રહેલ છે.[૨]


☞ આ લોક ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ રુપ (ઉપન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા) ત્રિગુણાત્મક છે, અને ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોથી સંપૂર્ણ ભરેલો છે. પોતાના માથે સિદ્ધ પુરુષો રહેલા હોવાથી હર્ષમાં આવી જઈ જાણે નૃત્ય કરવા માટે ચરણ પ્રસારીને ઉભો હોય એવો લાગે છે. આવા સ્વરૂપવાળા આ અખિલ લોકના ૧૪ વિભાગ (ઊંચાઈના) કલ્પેલા છે અને એવો પ્રત્યેક વિભાગ ૧ રજ્જુ (રાજ) પ્રમાણ છે. એકદમ નીચેના લોકાંતથી સાતમી નારકીના ઉપરના તળ પર્યન્ત ૧ રજ્જુ (રાજ) થાય છે. એવી રીતે સાતે નારકીના ઉપર ઉપરના દરેક તલ સુધી ગણતા સર્વ મળીને ૭ રજ્જુ થાય છે.

☞ રત્નપ્રભા નારકીના ઉપરના તળથી પહેલા ૨ દેવલોકના વિમાનો સુધી આઠમી રજ્જુ થાય છે. ત્યાંથી ચોથા માહેન્દ્ર દેવલોકનો અંત ન આવે ત્યાં સુધી નવમી રજ્જુ અને ત્યાંથી (છઠ્ઠા) લાન્તક દેવલોકના અંત સુધી દશમી રજ્જુ પૂરી થાય છે. ત્યાંથી આરંભીને (આઠમા) સહસ્ત્રાર દેવલોકની સીમા પૂરી થાય ત્યાં અગ્યારમી રજ્જુ અને ત્યાંથી (બારમા) અચ્યુત દેવલોકની સીમા પૂરી થાય ત્યાં બારમી રજ્જુ પૂર્ણ થાય છે અને એવી રીતે ૯ ગ્રૈવેયકને છેડે તેરમી અને લોકને અંતે ચૌદમી રજ્જુ સંપૂર્ણ થાય છે. આ પ્રમાણે ઘમ્મા નામની પહેલી નારકીના ઉપરના ભાગે સાત અને નીચેના ભાગે સાત એમ સર્વે મળી ૧૪ રજ્જુ થાય છે.

☞ આ અભિપ્રાય : **"આવશ્યક નિર્યુક્તિ ચૂર્ણિ તથા સંગ્રહણી"** વિગેરે ગ્રંથોનો છે, પરંતુ **"ભગવતી સૂત્ર"** વગેરેના અભિપ્રાયે તો ઘમ્માનારકની નીચે અસંખ્ય યોજન મૂક્યા પછી લોકનો મધ્યભાગ આવે છે. તેથી ત્યાં (તે જગ્યાએ) સાત રજ્જુ પૂર્ણ થાય છે.[૩] પરંતુ એ અહીં બહુ વિશેષ હોવાથી કહ્યું નથી. વળી **"યોગશાસ્ત્રની વૃત્તિ"**ના અભિપ્રાયે તો સમભૂતલા પૃથ્વીતલથી સૌધર્મ અને ઈશાન દેવલોક સુધીમાં ૩ $\frac{1}{2}$ રજ્જુ, અચ્યુત દેવલોક સુધીમાં ૫ રજ્જુ, ગ્રૈવેયક સુધીમાં ૬ રજ્જુ અને લોકાન્ત સુધીમાં ૭ રજ્જુ થાય છે. વળી **"જીવાજીવાભિગમસૂત્ર"**માં પણ 'સૌધર્મ-ઈશાન આદિ સૂત્ર વ્યાખ્યાન"માં સમભૂતલાથી ઉપર ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારાઓ મૂકીને ઘણાં ક્રોડ (અસંખ્યાતા) યોજન પછી $1\frac{1}{2}$ રજ્જુ થાય છે એમ કહ્યું છે. **લોકનાલિકાસ્તવ (લોકનાલિકા દ્વાત્રિંશિકા)**માં પણ સૌધર્મ દેવલોક સુધીમાં $1\frac{1}{2}$, માહેન્દ્ર સુધીમાં $2\frac{1}{2}$, સહસ્રાર સુધીમાં ૪, અચ્યુત સુધીમાં ૫ અને લોકાન્તે ૭ રજ્જુ થાય છે." એમ કહ્યું છે.[૪]

વિશ્વના ટોચના ભૌતિકશાસ્ત્રીઓ પણ વિશ્વના સકલ પદાર્થોના ગુણધર્મ અને બ્રહ્માંડની સંરચના તથા અન્ય પરિબળોનો ગણિત તથા વિજ્ઞાનની મદદથી તાગ પામવા પ્રયત્ન કરે છે, અને એ પ્રયત્નોને અંતે પણ વિશ્વના સંચાલકબળની શક્તિનું રહસ્ય હાથ ન આવતાં, તેઓ ઈશ્વર કે કર્મ જેવી કોઈ અદૃશ્ય સત્તાનો સ્વીકાર કરે છે.
(જૈનધર્મના વૈજ્ઞાનિક રહસ્યોમાંથી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌદ રાજલોક તથા ત્રણે લોકનાં મધ્યસ્થાનો...

4

☞ **૧૪ રાજલોક (સંપૂર્ણ લોક)નું મધ્યસ્થાન :** શ્રી ભગવતીજી સૂત્રના મતે સમગ્ર ૧૪ રાજલોકનું મધ્યસ્થાન[૧] રત્નપ્રભા (ઘમ્મા) પૃથ્વીને અધોભાગે ફરતા રહેલા ઘનોદધિ, ઘનવાત અને તનવાતને છોડી અસંખ્યાતા યોજન નીચે જઈએ ત્યારે લોકનું મધ્યસ્થાન આવે છે તે મધ્યસ્થાનથી ઉપર સાત રજ્જુલોક અને નીચે પણ સાત રજ્જુલોક પ્રમાણ થાય છે. આથી એ નક્કી થયું છે કે અધોલોક સાત રજ્જુથી અધિક છે અને ઉર્ધ્વલોક તે સાત રજ્જુથી ઓછો છે. કારણ કે, લોકનું મધ્ય ઘમ્માપૃથ્વી-ઘનોદધિ-ઘનવાત-તનવાત અને અસંખ્યાતા યોજન આકાશ વીતે તે સ્થાને છે ત્યાંથી સાત રજ્જુ પ્રમાણ અધોલોક નીચે રહે છે. હવે અધોલોકની આદિ (શરૂઆત) રુચકથી અને અંત સાતમી નરકના છેડે કહેલો છે ત્યારે લોકના મધ્યસ્થાનથી તે રૂચક સુધીમાં આવતા ઘનવાતાદિ સર્વે પદાર્થો તથા ઘમ્મા-પૃથ્વીનું અમુક પ્રમાણ અધોલોકના સાતરજ્જુ પ્રમાણમાં ભેળવતાં સાતરજ્જુથી અધિક પ્રમાણ થાય. સાત રાજ ઉપર જેટલું અધિક અધોલોક પ્રમાણ તે અને તિર્છાલોકનું પ્રમાણ તે લોકના મધ્યભાગમાં ઉપરના સાતરાજમાં ઘટવાથી ઉર્ધ્વલોક સાતરાજમાં ન્યૂન છે. તે વાત નિઃસંદેહ છે.

☞ **અધોલોકનું મધ્યસ્થાન :** અધિક એવા સાત રાજ પ્રમાણ અધોલોકનો મધ્યભાગ, ચોથી પંકપ્રભા-પૃથ્વીના ઘનોદધિ-ઘનવાત-તનવાતને વટાવીને આગળ અસંખ્યાતા યોજન પ્રમાણ આકાશ વીત્યા બાદ આવે છે.[૨]

☞ **મધ્યલોકનું મધ્યસ્થાન :** મધ્યલોક=તિર્છાલોકનું મધ્યસ્થાન, જે અષ્ટરુચકવાળા ૨ ક્ષુલ્લકપ્રતરો છે.[૩]

☞ **ઉર્ધ્વલોકનું મધ્યસ્થાન :** અષ્ટરુચક પ્રદેશથી લઈ ઉર્ધ્વ લોકાન્ત સુધીનો ભાગ ઉર્ધ્વલોક કહેવાય છે. એ ઉર્ધ્વલોકવર્તી પ્રથમના ચાર દેવલોકને છોડીને પાંચમા બ્રહ્મ દેવલોકના છ પ્રતર પૈકી ત્રીજા રિષ્ટ નામના પ્રતરે લોકાન્તિક દેવાના વિમાનો છે. તે સ્થાને ઉર્ધ્વલોકનું મધ્યબિંદુ આવેલ છે.[૪]


તત્ત્વજ્ઞાનની મહત્તા


(સુભાષિત)

रज्जुज्ञानाद्यथा सर्पो, मिथ्यारूपो निवर्तते । तत्त्वज्ञानात्तथा याति, मिथ्याभूतमिदं जगत् ।
रौप्यभ्रान्तिरियं यान्ति, शुक्तिज्ञानाद् यथा खलु । जगत् भ्रान्तिरियं याति, तत्त्वज्ञानात् सदा तथा ॥

ભાવાર્થ : જેવી રીતે યથાર્થ એવા રજ્જુ (દોરડા)ના જ્ઞાનથી મિથ્યાભૂત એવા સર્પ (નું ભ્રમ) નિવૃત્ત થઈ જાય છે. તેવી જ રીતે આત્મામાં ઉત્પન્ન થયેલ તત્ત્વજ્ઞાનથી મિથ્યાભૂત એવા આ જગત્ (નું અસ્તિત્વ) નિવૃત્ત થઈ જાય છે તેમજ જેવી રીતે શુક્તિ (મોતિને ઉત્પન્ન કરનાર સ્થાનભૂત છીપલું)ના યથાર્થ જ્ઞાનથી આ ચાંદી છે એવી ભ્રાન્તિ સદા માટે નષ્ટ થઈ જાય છે તેવી જ રીતે (આત્મામાં ઉત્પન્ન થયેલ) તત્ત્વજ્ઞાનથી જગતની ભ્રાન્તિ (ભ્રમણા) સદાના માટે સમાપ્ત થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

5

મધ્યલોકનું સ્થાન અને શાશ્વતી વસ્તુઓના માપ મેળવવા માટે

૮ રુચક પ્રદેશો એટલે સમભૂતલા

☞ અધોલોકની સાત પૃથ્વી પૈકી પહેલી ઘમ્મા પૃથ્વીમાં લોકાકાશના સમગ્ર પ્રતરોમાં અત્યંત (નાનામાં નાના) એવા બે "**क्षुल्लकप्रतरौ**" જે "**માંડા**"નાં જેવા આકારે આવેલા છે તે એક એક આકાશ પ્રદેશાત્મક છે. (એક લાખ યોજન પ્રમાણ મેરુની ઊંચાઈમાંથી ૧૦૦૦ યોજન ભૂમિમાં મેરુનો જે વિભાગ ગયેલો છે, તે રત્નપ્રભાના ક્ષુલ્લક પ્રતરોથી પણ નીચે ગયેલો છે.) એ બંને ક્ષુલ્લક પ્રતરોના બરાબર મધ્યભાગે ગોસ્તનાકારે રહેલા ચાર-ચાર આકાશપ્રદેશોને **રુચક પ્રદેશો**[1] કહેવામાં આવે છે. દિશા-વિદિશા તથા ઉર્ધ્વ-અધો-મધ્યલોક પ્રમુખ વસ્તુઓની ઊંચાઈ-નીચાઈની ગણત્રી આ રુચક પ્રદેશોમાંથી કરવામાં આવે છે. દરેકનું સમભૂતલ અથવા મધ્યવર્તુલ પણ એ જ છે. ઉપરના પ્રતરના ચાર પ્રદેશોને ઉર્ધ્વરુચક કહેવામાં આવે છે અને નીચેના પ્રતરગત ચાર રુચક પ્રદેશોને અધોરુચક કહેવામાં આવે છે.

☞ **મધ્યલોક પ્રમાણ :** મધ્યલોકનું પ્રમાણ ૧,૮૦૦ યોજન છે. તેમાં ઉપરના ક્ષુલ્લક પ્રતરના ઉર્ધ્વરુચક સ્થાનથી નીચેના ૯૦૦ યોજન સમજવા. આથી અષ્ટરુચક સ્થાન તિર્ચ્છાલોકનું મધ્યસ્થાન છે. એ પ્રમાણે આ મધ્યલોક ઉર્ધ્વ-અધો ૧,૮૦૦ યોજન પ્રમાણ ઝાલર (ખંજરી)ની માફક વર્તુલાકારે રહેલો છે.

☞ **ઉર્ધ્વલોક પ્રમાણ :** અષ્ટરુચક પ્રદેશથી ઉપર ૯૦૦ યોજન તિર્ચ્છાલોકના છોડ્યા પછી ઉપરનો (સિદ્ધશિલાના) લોકાન્ત સુધીનો ભાગ ઉર્ધ્વલોક ગણાય છે તે ૭ રજ્જુથી કાંઈક ન્યૂન મૃદંગાકારે છે*.

☞ **અધોલોક પ્રમાણ :** અષ્ટરુચક પ્રદેશથી નીચે ૯૦૦ યોજન છોડ્યા પછી નીચેના અધોલોકાન્ત સુધીના ભાગને તે અધોલોક જાણવો તે અધોમુખી કુંભીના આકારે છે.

★ જે માટે કહ્યું છે કે : वेत्रासनसमोऽधस्तान्मध्यतो झल्लरीनिभः । अग्रे मुरजसंकासो लोकः स्यादेवमाकृतिः । (योगशास्त्र...)


સત્ય જાણવાનો મહિમા

નિત્ય નવા વૈજ્ઞાનિક આવિષ્કારોથી પ્રગતિના યુગ તરીકે મનાતા વર્તમાન સમયમાં ઘણીવાર સત્યનું દર્શન કરવાની શાશ્વત પ્રણાલી વિસરી જવાય છે. પરિણામે બુદ્ધિ અને મનની સીમાઓ સુધી કરાયેલી દોડના પરિણામે થતા સત્યના આછા પાતલા યત્ કિંચિત્ કે વિકૃત દર્શનને સંપૂર્ણ સત્ય માની લેવાની ઉતાવળ થવા પામે છે. આની અસર આજે વર્તમાન પત્રો, રેડિયો, વિવિધ સમાચારોના માધ્યમથી બાલ માનસમાં પણ ખૂબ જ વિકૃત રીતે થવા પામેલ છે. વધુમાં તેઓને શાળાઓમાં, કૉલેજોમાં પાઠ્ય પુસ્તકો દ્વારા તેવું જ અધકચરા સત્યોનું વિકૃત જ્ઞાન મળે છે, એટલે પરિણામ એ આવે છે કે તેમની સમજણી વય થતાં તો તેઓ વિજ્ઞાનવાદના અંજામણા પ્રકાશમાં સત્યને બરાબર ન જોઈ શકવાથી જે તે જણાતા સ્વરૂપને યથાર્થ અને આખરી સત્ય માની લેવાની કુટેવ નવી પેઢીમાં દૃઢ થવા પામે છે.

મારે જ આપ્ત પુરુષોએ જણાવેલી "सत्यं ह्यतीन्द्रियम्" આ વ્યાખ્યા સત્યને ઇન્દ્રિય-મન અને બુદ્ધિથી અગોચર બતાવે છે. ત્યારે આજના યુગમાં જડને ઇન્દ્રિય-બુદ્ધિ અને મનના સાધનોથી સત્યને આંબવાની વાતને ખૂબ મહત્ત્વ અપાય છે. તે ખરેખર હાથની આંગળીએ તાડના ઝાડ પર લટકતા ફળને અડકવાની કુબડા-ઠીંગણા માણસના વાતની જેમ વાહીયાત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ષડ્દ્રવ્યાત્મક લોક... ॥





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪ રાજલોકમાં રહેલ પંચાસ્તિકાય અને કાળ એટલે ષડ્દ્રવ્ય 6

☞ અસ્તિ એટલે પ્રદેશ, કાય એટલે સમૂહ. પ્રદેશોના સમૂહવાળા દ્રવ્યને અસ્તિકાય કહેવાય. સમગ્ર વિશ્વમાં આવા પાંચ અસ્તિકાય છે માટે પંચાસ્તિકાયમય જગત્ કહેવાય છે. ધર્માસ્તિકાયાદિ પાંચ અસ્તિકાય અને કાળ મળીને જગત્માં છ દ્રવ્યો છે, માટે **ષડ્દ્રવ્યમય જગત્** પણ કહેવાય છે. કાળદ્રવ્ય વર્તમાન એક ક્ષણ અને એક પ્રદેશ રુપ છે. ભવિષ્યની વર્તમાનમાં ઉત્પત્તિ થઈ નથી અને ભૂતકાળનો તો વિનાશ થઈ ચૂક્યો છે તે માટે એ માત્ર એક વર્તમાન ક્ષણરુપ એક પ્રદેશી હોવાથી પ્રદેશ સમૂહથી રહિત છે માટે તેને અસ્તિકાય તરીકે ગણ્યો નથી[1]. આ કારણે લોક માટે "ષડસ્તિકાયમય" નહિ પણ **"પંચાસ્તિકાયમય લોક"** એવા રૂઢ શબ્દનો ઉપયોગ શાસ્ત્રોમાં સ્થાને સ્થાને કરવામાં આવેલો છે.


☞ આ ૧૪ રાજલોક ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાય-પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ પંચાસ્તિકાયમય (પ્રદેશોનાં સમૂહવાળા) છે[2]. પંચાસ્તિકાય સ્વરૂપ દ્રવ્યલોક તે **"દ્રવ્ય"** થી એક અને વ્યાપક છે. **"ક્ષેત્ર"**થી લોકપ્રમાણ સર્વદિશાએ અસંખ્ય યોજનાત્મક છે. **"કાલ"**થી અનાદિ અનંત અર્થાત્ હતો, હશે અને વર્તમાનમાં તો છે જ. એટલે સદાય શાશ્વતો... અને **"ભાવ"**થી અસ્તિકાયમાં રહેલા ગુણ-પર્યાયો વડે અનંતપર્યાયોથી યુક્ત છે. કારણ કે, પંચાસ્તિકાયના સમુદાયથી જ **"લોક"** શબ્દનું પ્રરુપણ કરેલું છે. એથી અસ્તિકાયના જે ગુણો-પર્યાયો તે લોકના જ કહેવાય.

☞ આ પાંચ તત્ત્વોમાં ધર્માસ્તિકાયાદિ ચાર તત્ત્વો અજીવ જડ છે અને એક જીવાસ્તિકાય તત્ત્વ જીવ છે. આ પાંચેય તત્ત્વો દ્રવ્ય શબ્દથી પણ ઓળખાય છે તેમજ જિનેશ્વર ભગવંતોએ આ લોકને **"ષડ્દ્રવ્યાત્મક લોક"** તરીકે પણ કહેલ છે[3]. (કાળની દ્રવ્ય તરીકે વિવક્ષા ઉપર જણાવેલી છે માટે ૫ + ૧ = ૬.) તો ચાલો... હવે પાંચે અસ્તિકાયોનું વિવરણ કરતા પ્રથમ **ધર્માસ્તિકાય**નું સ્વરૂપ વિચારાય છે.

વિશ્વમાં સર્વોચ્ચકક્ષાના વૈજ્ઞાનિક ગણાતા આઇન્સ્ટાઇન એમ માનતા હતા કે આ વિશ્વ ગતિમાન અને અગતિમાન એમ બે રીતે જે દેખાય છે, એની પાછળ કોઈ સૂક્ષ્મ કારણ કામ કરી રહ્યું છે. કોઈ અદૃશ્ય શક્તિઓ બંને પદાર્થોને સહાય કરી રહી છે. એવો તર્ક એમને થયો હતો અને તેના સંશોધન માટે અથાગ મહેનત કરી રહ્યા હતા, પણ તેઓ તેના પારને પામી ન શક્યા, કારણ કે તેઓ જેની શોધ કરી રહ્યા હતા, તે બીજુ કાંઇ નહીં પરંતુ જૈન શાસ્ત્રોના વિજ્ઞાનના આધારે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામક તત્ત્વો જ હતા....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ધર્માસ્તિકાય ॥



(જેમ રેલગાડીને ચાલવામાં પટરી સહાયક છે.... તેમ જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં સહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય જાણવું...)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

7

ધર્માસ્તિકાય...

☞ **"ધર્માસ્તિકાય"** : આ ધર્માસ્તિકાય જોઈ શકાતો નથી, પણ ચૌદ રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત છે. જો કે ગતિ-સ્થિતિનું કારણ જીવ-પુદ્ગલ પોતે જ છે તો પણ નિમિત્ત કારણ અહીં અપેક્ષિત છે. એટલે એમાં ધર્માસ્તિકાય એ ગતિ કરવામાં સહાયક સ્વભાવવાળો હોવાથી ગતિશીલ અને ગતિપૂર્વક સ્થિતિશીલ એવા જ જીવ અને પુદ્ગલ પદાર્થો છે તેમાં નિમિત્ત છે. મત્સ્યાદિકોને ગતિ કરવામાં-તરવામાં જેમ જળ સહાય રુપ બને છે, તેમ આ ચૌદ રાજલોકમાં સ્વભાવે જ ગતિ કરતા જીવો અને પુદ્ગલોને આ ધર્માસ્તિકાય પણ ગતિ સહાયક છે એટલે કે જેમ જળમાં તરવાની શક્તિ મત્સ્યની પોતાની જ હોય છે, પરંતુ તેને તરવાની ક્રિયામાં ઉપકારી કારણ જળ છે[1] અથવા તો જેમ આંખમાં જોવાની શક્તિ તો રહેલી છે પરંતુ પ્રકાશરુપ સહકારી કારણ વિના જોઈ શકતી નથી. પાંખ દ્વારા સ્વયં ઉડવાની શક્તિ તો પક્ષીઓમાં વિદ્યમાન છે, તો પણ તેને જેમ હવાની અપેક્ષાની જરૂર રહે છે તે જ રીતે જીવ અને પુદ્ગલોમાં ગતિ કરવાનો સ્વયં સ્વભાવ તો છે પરંતુ ધર્માસ્તિકાય દ્રવ્યના સહચાર વિના તેઓ ગતિ કરી શકતા નથી.

જીવોને ગમનાગમનરુપ ગતિ કાર્યમાં સહાયક ધર્મ ધર્માસ્તિકાય છે એવી જ રીતે પુદ્ગલમાં ભાષા-ઉચ્છવાસ મન-વચન-કાયયોગાદિક વર્ગણાના પુદ્ગલોની ચલિત ક્રિયાઓમાં તે તે પુદ્ગલોના ગ્રહણ તથા વિસર્જનમાં આ ધર્માસ્તિકાય જ ઉપકારી છે. જો તે સહાયક ન હોય તો ભાષાદિક પુદ્ગલોની ગતિના અભાવે ભાષા-મન વગેરે વર્ગણા યોગ્ય પુદ્ગલોના અવલંબન વિના જીવોનું બોલવું, ચાલવું કે સમજવું ઈત્યાદિ કોઈ પણ કાર્ય થઈ શકે નહિ. તેથી વિશ્વ સ્થગિત અને શૂન્ય બની જાય.

અહીં એ પણ જરૂર ધ્યાનમાં રાખવું કે આ ધર્માસ્તિકાય દ્રવ્ય કોઈ પ્રેરક નથી એટલે કે સ્થિર રહેલા અગતિમાન જીવો તથા પુદ્ગલોને બળાત્કારે ગતિ કરાવવામાં સહાયક બનતું નથી, પરંતુ જ્યારે જીવ અને પુદ્ગલો સ્વયં ગતિ કરવાના હોય ત્યારે આ દ્રવ્ય માત્ર સહાયક બને છે. જો તે પ્રેરક-ધક્કો મારવાવાળું બની જાય તો જીવ અને પુદ્ગલ બંનેની હંમેશાં ગતિ થયા જ કરે પરંતુ વાસ્તવિક રીતે તેમ થતું નથી. આથી જ્યારે જીવ અને પુદ્ગલો ગતિ કરતાં હોય ત્યારે ત્યાં રહેલું ધર્માસ્તિકાય દ્રવ્ય તેઓને ગતિ ઉપકારક એટલે કે સહાયક બને છે.

☞ આ ધર્માસ્તિકાય દ્રવ્યના ત્રણ પ્રકારો પડે છે : (૧) **સ્કંધ**, (૨) **દેશ**, (૩) **પ્રદેશ.**

(૧) **સ્કંધ** : એક વસ્તુનો આખો ભાગ **"સ્કંધ"** શબ્દથી ઓળખાય છે. (દા.ત. બુંદીનો આખો લાડુ.)

(૨) **દેશ** : સ્કંધના સમગ્ર ભાગમાંથી સહજ ન્યૂનાદિ ભાગ (ટૂકડા)ને **"દેશ"** કહે છે. (દા. ત. ખંડિત લાડુ.)


(૩) **પ્રદેશ** : સ્કંધ કે દેશનો નિર્વિભાજ્ય વિભાગ કે જે એક પરમાણુ જેટલો જ સૂક્ષ્મ હોય છે.* જેના સર્વજ્ઞ પુરુષો પણ બે વિભાગ કલ્પી ન શકે તેવો સૂક્ષ્મ અણુ જેટલો જ ભાગ તે **"પ્રદેશ"** કહેવાય એટલે કે સ્કંધ કે દેશમાંનો એક નિર્વિભાજ્ય વિભાગ (પ્રદેશ) જે સ્કંધ કે દેશ સાથે જ લાગેલાં હોય છે તે. (દા. ત. લાડવામાં જ રહેલી એક કણી)

☞ આ ધર્માસ્તિકાય દ્રવ્ય... (૧) **"દ્રવ્ય"**થી (સંખ્યા વડે) એક છે. (૨) **"ક્ષેત્ર"**થી લોકાકાશ પ્રમાણ હોય છે. (૩) **"કાલ"**થી ત્રણે કાળમાં રહેવાવાળું શાશ્વત છે જ. (૪) **"ભાવ"**થી વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી રહિત છે અને **"ગુણ"**થી જીવ-પુદ્ગલને ગતિ કરવામાં સહાયક સ્વભાવવાળુ હોવાથી ગતિ સહાયક ગુણવાળું છે એમ આ ધર્માસ્તિકાયની પાંચ પ્રકારે પ્રરુપણા થઈ. આ ધર્માસ્તિકાય અલોકમાં નહિ હોવાથી ત્યાં જીવો અને પુદ્ગલોની ગતિ થઈ શકતી નથી... અર્થાત્ લોકને ઓળંગીને જીવ-પુદ્ગલો આગળ વધી શકતા નથી.

★ વિજ્ઞાનના સાધનો કોઈ કાળે પરમાણુને જોઈ શકશે નહીં. પરમાણુ બોમ્બની જે વાત આવે છે તે હકીકતમાં અનેક પરમાણુઓનો બનેલો સ્કંધ કે અણુ છે. કેમકે પરમાણુને તો જ્ઞાનીઓ જ જ્ઞાનદષ્ટિથી જોઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અધર્માસ્તિકાય ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

8

અધર્માસ્તિકાય...

☞ **"અધર્માસ્તિકાય"** : અધર્માસ્તિકાય તે ધર્માસ્તિકાયની જેમ ચૌદ રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત છે એટલે ગુફાઓમાં, સમુદ્રમાં, નદીમાં સર્વત્ર એક ટાંચણીની અણી જેટલો ભાગ પણ એવો નથી કે જ્યાં અધર્માસ્તિકાયનું અસ્તિત્વ ન હોય. ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય બંને દ્રવ્યો અન્યોન્ય સાહચર્ય સ્વભાવવાળા છે, તેથી જાણે જોડીયા ભાઈ ન હોય ! એવી કલ્પનાને જન્માવનારા છે. જ્યાં ધર્માસ્તિકાય છે ત્યાં જ અધર્માસ્તિકાય પણ રહેલું છે.

☞ આ અધર્માસ્તિકાય પણ પાંચ ભેદ વડે પ્રરૂપિત છે. એમાં **"દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ"** રુપ ચારેયની પ્રરુપણા તો ધર્માસ્તિકાય પ્રમાણે જ સમજી લેવી. માત્ર પાંચમો જે પ્રકાર છે તેમાં તફાવત છે... એટલે **"ગુણ"**થી તે આ પ્રમાણે છે... જેમ કોઈ વટેમાર્ગુને વિશ્રામ માટે વૃક્ષની છાયા તેમજ ગાડીને ઊભી રહેવામાં રેલ્વે સ્ટેશન સહાયક બને છે, તેમ આ લોકમાં સ્થિર રહેવા ઈચ્છતા જીવ તથા પુદ્ગલોને સ્થિર રહેવામાં અધર્માસ્તિકાય સહાયક બને છે.[1] ગમન કરતા જીવોને ઉભું રહેવું હોય, સ્થિર થવું હોય, શયન કરવું હોય, ઈત્યાદિક અવલંબનવાળા કાર્યોમાં અને ચિત્તની સ્થિરતા વગેરે સ્થિર પરિણામી* કાર્યોમાં આ અધર્માસ્તિકાય કારણરુપ છે.

☞ ધર્માસ્તિકાયની માફક આ અધર્માસ્તિકાય નામનો પદાર્થ પણ જીવ અને પુદ્ગલોને કોઈ પ્રેરણા કરીને - પકડીને સ્થિર કરતો નથી, પરંતુ સ્વતઃ સ્થિર રહેવાને ઈચ્છતા એવા જીવો તથા પુદ્ગલોને તે સહાયભૂત બને છે... જો તેઓને તે પ્રેરક રુપે થઈ પડે તો જીવો અને પુદ્ગલો હંમેશાં સ્થિર જ રહ્યા કરે... વળી આ પ્રમાણે બંને પ્રકારના દ્રવ્યો (ગતિ કરાવવામાં અને સ્થિરતા કરાવવામાં) પ્રેરક રુપ બને તો ગતિ અને સ્થિતિ બંનેમાં સાંકર્ય-સંઘર્ષભાવ ઉત્પન્ન થઈ જાય અને તેથી દ્રવ્યની સિદ્ધિ-અસિદ્ધ થઈ જાય તો એ ન ચાલે. આથી જ બંને દ્રવ્યો પ્રેરક નહિ પણ સહાયક-ગુણવાળા છે એ સિદ્ધ થાય છે. અલોકમાં અધર્માસ્તિકાય દ્રવ્ય નથી. તેથી ત્યાં જીવ અને પુદ્ગલોની સ્થિતિ પણ નથી. જ્યાં આ દ્રવ્ય છે ત્યાં જ જીવ અને પુદ્ગલોનું અસ્તિત્વ હોઈ શકે અને તે અસ્તિત્વ તો આ ચૌદરાજમય લોકમાં જ છે. ધર્માસ્તિકાયની જેમ આ અધર્માસ્તિકાય પણ સ્કંધ દેશ-પ્રદેશ એમ ત્રણ પ્રકારે છે અને અસંખ્ય પ્રદેશાત્મક છે.

★ જો આ "અધર્માસ્તિકાય" નામનો પદાર્થ જગત્માં ન હોય તો જીવ અને પુદ્ગલોની હરહંમેશ ગતિ ચાલુ જ રહ્યા કરે. કોઈ પણ ઠેકાણે સ્થિર અવસ્થા પામે જ નહિ. તેવી રીતે જ "ધર્માસ્તિકાય" નામનો પદાર્થ પણ જો ન હોત તો તેઓની હંમેશની માટે સ્થિતિ સ્થિર રહ્યા કરત.

તત્ત્વજ્ઞાનની ગંભીરતા

દરેક દ્રવ્યના મૌલિક સ્વરૂપનું ચિંતન યથાર્થ દૃષ્ટિથી કરવા માટે વસ્તુના અનંત ધર્માત્મક સ્વરૂપને પ્રમાણવાક્યથી સમજવાની સાથે નયવાક્યથી પ્રત્યેક ધર્મનાં ગૌણ-મુખ્ય ભાવની ભૂમિકા અપનાવવાની ગંભીરતા વિચારોમાં જો વિકસિત ન હોય તો કોઈપણ વસ્તુનું યથાર્થ જ્ઞાન થવું મુશ્કેલ યાવત્ કઠિન છે.

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
Koba, Gandhinagar-382 009

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ લોકાકાશ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

9

આકાશાસ્તિકાય...

☞ આકાશાસ્તિકાય દ્રવ્ય લોક અને અલોકના ભેદથી બે પ્રકારે છે. જો કે આકાશ દ્રવ્ય લોકાલોકમાં સર્વત્ર હોવાથી એક અખંડ દ્રવ્ય જ છે, પરંતુ લોકમાં રહેલા ધર્માસ્તિકાયાદિક દ્રવ્યોની સાથે રહેતા આકાશાસ્તિકાયને **"લોકાકાશ"** અને તે સિવાયના આકાશાસ્તિકાયને **"અલોકાકાશ"** કહેવાય છે. તેમાં પ્રથમ લોકાકાશનું સ્વરૂપ કહેવાય છે.

(લોકાકાશ)

☞ લોકમાં રહેલ આકાશદ્રવ્ય અસંખ્ય પ્રદેશ પ્રમાણ છે અને તે સ્વપ્રમાણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્યો વડે સદાકાલ યુક્ત છે એટલે જેમ રાજા બે પ્રધાનને ધારણ કરીને જગત્નું રક્ષણ કરે તેમ આ બંને દ્રવ્યો સાથે રહી જગતને ઉપકારક બને છે કારણ કે આકાશ (અવકાશ) વિના એટલે ખાલી જગ્યા વિના જીવ પુદ્ગલો રહી જ ન શકે એટલે તે જરૂરી દ્રવ્ય છે. આ લોકાકાશના સ્કંધ-દેશ-પ્રદેશોનું સ્વરૂપ પણ ધર્માસ્તિકાયની જેમ જ સમજવું...


આ આકાશાસ્તિકાય દ્રવ્ય **"દ્રવ્ય"**થી એક જ અને સર્વ વ્યાપ્ત છે, પણ ધર્માસ્તિકાયાદિની અપેક્ષાએ તે બે વિભાગમાં વહેંચાયેલું છે. લોકમાં રહેલા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની સાથે રહેવાવાળું **"લોકાકાશ"** કહેવાય છે અને તે સિવાયનું **"અલોકાકાશ"** કહેવાય છે[૧]. એ પ્રમાણે તે **"ક્ષેત્ર"**થી લોકાલોક પ્રમાણ હોવાથી અનંત છે, પરંતુ લોકાકાશની અપેક્ષાએ આકાશદ્રવ્ય અસંખ્યપ્રદેશાત્મક છે. **"કાલ"**થી તે અનાદિ અનંત અર્થાત્ શાશ્વત છે. **"ભાવ"**થી વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી રહિત છે અને **"ગુણ"**થી અવગાહ-અવકાશ આપવાના સ્વભાવવાળું છે. જેથી ત્યાં જીવ અને પુદ્ગલોને સ્થાન મળ્યું છે.

☞ સાકરને અવકાશ આપનારુ જેમ દૂધ છે અને અગ્નિને અવકાશ આપનારો જેમ તપાવેલ લોખંડનો ગોળો છે તે જ રીતે ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય એ ચારેય દ્રવ્યોને જગ્યા આપવામાં કારણભૂત જો કોઈ પણ દ્રવ્ય હોય તો તે આકાશાસ્તિકાય છે. એક આકાશપ્રદેશ જેટલા સ્થાનમાં પરમાણુઆદિ એક દ્રવ્ય રહે છે. તેટલા જ એટલે એક આકાશ પ્રદેશ જેટલા સ્થાનમાં (પુદ્ગલની તથાવિધ વિચિત્રતા હોવાથી) સેંકડો-હજારો-લાખો-સંખ્ય-અસંખ્ય-અનંત પ્રદેશી સ્કંધોનો જથ્થો પણ રહી શકે છે. એથી આકાશમાં અવગાહ આપવાના ગુણની સ્વતઃ સિદ્ધિ થાય છે. અહીં આ પણ એક સમજવા જેવી બાબત છે કે જે આકાશ પ્રદેશમાં સંખ્યપ્રદેશી, અસંખ્યપ્રદેશી કે અનંતપ્રદેશીસ્કંધો રહે છે ત્યાં જ બીજા તેવા સંખ્ય કે અસંખ્ય કે અનંતપ્રદેશી સ્કંધ રુપી પુદ્ગલો પણ તેના તેવા પ્રકારના જાતિ ગુણ સ્વભાવે જ રહી શકે છે અર્થાત્ પુદ્ગલોના તેવા પ્રકારનો વિચિત્ર સ્વભાવ જ છે. જેમ એક ઓરડામાં જેટલા સ્થાનમાં એક જ દીપક પોતાના પ્રકાશને પાથરે છે એ જ ઓરડામાં બીજા પ્રદીપ્ત એવા સેંકડો હજારો દીપકો કે ઈલેક્ટ્રિક ગોળાઓ મૂકવામાં આવે તો પણ તે સઘળાય દીવાઓનો પ્રકાશ પૂર્વ પ્રકાશમાં અંતર્ગત થઈ જાય છે. અર્થાત્ એ જ જગ્યામાં તે બધાયના પ્રકાશને અવકાશ મળી શકે છે[૨]... તેમ.... **(ભગવતી સૂત્ર, શતક/૧૪, ઉદ્દેશ/૪)**

☞ અથવા બીજું દૃષ્ટાંત વિચારીએ તો... જેમ એક તોલા જેટલા પારામાં પ્રકૃષ્ટ ઔષધિના પ્રબળ પ્રયોગથી ૧૦૦ તોલા જેટલું સુવર્ણ પણ પ્રવેશ કરી (સમાઈ) જાય છે છતાં પણ કોઈ અદ્ભુત અને અગમ્ય પ્રયોગ ક્રિયાની શક્તિના બળે તે પારાને પુનઃ તોળશું તો ૧ તોલો પ્રમાણ જ આવીને ઊભું રહેશે. ૧૦૦ તોલો સુવર્ણ સમાઈ જાય છતાં જરા પણ તે વધે નહિ એટલું જ નહિ પણ એ સમાયેલું ૧૦૦ તોલા સુવર્ણ અને ૧ તોલો પારો બંનેને એકમેક થયેલ સ્થિતિમાંથી તથા પ્રકારની ઔષધિથી અલગ-અલગ પણ કરી શકાય છે તે રીતે પરમાણુથી અનંતપ્રદેશી સ્કંધ સુધીના અનેક પુદ્ગલો પણ એકાદિ આકાશપ્રદેશમાં સમાઈ શકે છે. **(ભગવતી સૂત્ર, શતક/૧૪, ઉદ્દેશ/૪)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। અલોકાકાશ ।।



અલોકાકાશની અપેક્ષાએ લોકાકાશની કલ્પના

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

આકાશાસ્તિકાય (અલોકાકાશ)

10

☞ અલોકાકાશ એ લોઢાના પોલા ગોળા સરખો છે અને લોકાકાશથી અનંતગુણો છે. જો કે આ અલોકના અંતને પાર પામવાને કોઈ સમર્થ નથી જ છતાં અસત્ કલ્પના દ્વારા **શ્રી ભગવતી સૂત્ર-૧૧મા શતકે, ૧૦મા ઉદ્દેશે, ૨૦મા સૂત્રે**[1] જે ઘટના કહેલી છે તેની અહીં સીધી નોંધ લઈએ...


☞ મેરુપર્વતની દશે દિશામાં કૌતુકી દેવો ઉભા રહે અને એ જ મેરુની ચારે દિશાએ ૨૨½ લાખ યોજન દૂર આવેલા માનુષોત્તર પર્વત ઉપર આઠે દિશાએ મેરુને પૂંઠ કરી અર્થાત્ મનુષ્ય ક્ષેત્રમાં બહારના દ્વીપ સમુદ્રો તરફ મુખ રાખીને આઠ દિક્કુમારીકાઓ પોતાના હાથમાં રહેલા બલિના પિંડને પોતપોતાની દિશા સન્મુખ ફેંકે. આઠે કુમારીકાઓથી એક જ સમયે ફેંકાયેલા એ આઠે દિશાના બલિપિંડો પૃથ્વી ઉપર પડતા પહેલા જ મેરુપર્વત ઉપર રહેલા દેવોમાંથી કોઈ પણ એક દેવ માનુષોત્તરે પહોંચીને આઠે દિશાએ ફરીને તે પિંડોને જેવા પ્રકારની શીઘ્રગતિએ અદ્ધરથી જ ઉપાડી લે..... તેવી જ શીઘ્રગતિથી તે બધા દેવો અલોકનો અંત જોવાની ઈચ્છાથી દશે દિશાઓમાં એક સાથે પ્રયાણ કરે. હવે એવામાં કોઈ એક ગૃહસ્થને ત્યાં એક લાખ વર્ષના આયુષ્યવાળો પુત્ર જન્મ્યો. પુનઃ તે પુત્રને ત્યાં એક લાખ વર્ષના આયુષ્યવાળો બીજો પુત્ર જન્મ્યો. એ પ્રમાણે સાત પેઢીઓ (વંશ) સુધી લાખ લાખ વર્ષના આયુષ્યવાળા પુત્રોના જન્મ થતા રહે. કાળે કરીને તે લાખ લાખ વર્ષના આયુષ્યવાળા સાતે પુત્ર-પુરુષો મરણ પામી જાય. તેઓના હાડ-માંસ-મજ્જાદિ પણ વિનષ્ટ થઈ જાય યાવત્ તેનું નામ નિશાન પણ ન રહ્યું હોય. આટલો કાળ પસાર થયા પછી જો કોઈ એક જિજ્ઞાસુ વ્યક્તિ (આત્મા) શ્રી કેવળી ભગવંતને પ્રશ્ન પૂછે કે હે ભગવંત ! તે દેવોનું શેષ ક્ષેત્ર (જવાને માટે બાકી રહેલું) ઘણું રહ્યું છે કે ગતક્ષેત્ર (ઓળંગેલું ક્ષેત્ર) ઘણું છે ? તે અવસરે ભગવંત ઉત્તર આપે કે પૂર્વે કહ્યો તેટલો કાળ ગયો છતાં ઉલ્લંઘન કરેલું ક્ષેત્ર (અનંતમાં ભાગ જેટલું) અતિઅલ્પ છે અને હજુ જવાને બાકી રહેલું ક્ષેત્ર (અનંતગણું) ઘણું છે. આ દૃષ્ટાંતથી અલોકની વિશાળતા કેટલી અપાર છે તે કલ્પી શકાય.

☞ અનંત વિસ્તારવાળા અલોકનો આકાર પોલા લોહના ગોળા સરખો છે અને તે અલોક લોકની ચારે બાજુએ રહેલો છે. તે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોથી રહિત છે માત્ર ત્યાં કેવળ આકાશ-પોલાણ સિવાય બીજું કાંઈ જ નથી... એથી **ભગવતી સૂત્ર** ગ્રંથમાં શ્રી ગૌતમસ્વામીજી **પ્રશ્ન** પૂછે છે કે, "હે ભગવંત ! મહાન ઋદ્ધિવાળો મહાન સમર્થ શક્તિવાળો કોઈક દેવ લોકાન્તે ઉભો રહીને અલોકને વિશે હાથ અને પગ યાવત્ સાધન વગેરે કોઈ પણ અંગ પ્રસારવા માટે સમર્થ છે ? **ઉત્તર :** હે ગૌતમ ! એ કાર્ય કરવાને તે સમર્થ નથી. અલોકને વિશે ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય દ્રવ્યોનો અભાવ હોવાથી ત્યાં તે દેવોની (જીવ-પુદ્ગલોની) કોઈ પણ પ્રકારે ગતિ સ્થિતિ થઈ શકતી જ નથી. તો પછી મનુષ્યાદિકની તો વાત જ શી કરવી ?" (જુઓ **ભગવતી સૂત્ર, શતક/૧૬, ઉદ્દેશો/૮**) આ અલોક લોકની ચારે બાજુ છે અને ધર્માસ્તિકાયાદિક પાંચ દ્રવ્યોથી રહિત છે. જેથી ત્યાં આકાશ સિવાય બીજું કાંઈ જ નથી. એથી જ કોઈ પણ ઈન્દ્ર કે દેવ લોકાન્તે ઉભો રહી અલોકને વિષે હાથ કે પગ વગેરે કાંઈ પણ પસારવા સમર્થ નથી. જો આકાશાસ્તિકાય દ્રવ્ય ન હોત તો અનંત જીવો અને અનંત પરમાણુઓ અને તેઓના અનંત સ્કંધો વિશ્વ-લોકાકાશમાં રહી ન શકત.

જેમ એક તસુમાં એક લાકડું રહી શકે તેટલી જ જગ્યામાં તેટલું સોનું વધુ ભારે છતાં રહી શકે છે. તે આ અવકાશ જગ્યા આપવાના દ્રવ્યને કારણે જ ... તેમજ આ પ્રમાણે પૂર્વ કહેવાયેલા ધર્માસ્તિકાયાદિ ત્રણેય દ્રવ્યોમાં અનંત અગુરુલઘુ પર્યાયો રહેલા છે. કારણ કે અરુપી દ્રવ્યોમાં જ આ પર્યાયો રહેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ पुद्गलास्तिकाय ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુદ્‌ગલાસ્તિકાય...

11

☞ પ્રતિસમય "**પુદ્**"=પુરણ એટલે મળવું અને "**ગલ**"=ગલન એટલે કે છૂટા પડવું કે વિખરાવું... આવા સ્વભાવવાળો પદાર્થ તે પુદ્‌ગલ કહેવાય. કારણ કે, સમયે સમયે પુદ્‌ગલ સ્કંધો નવા નવા પરમાણુઓથી પૂરાય છે અને પ્રતિ સમય પૂર્વબદ્ધ પરમાણુઓથી તે વિખરાઈ પણ જાય છે. એ પુદ્‌ગલ પ્રદેશ સમૂહ રુપ હોવાથી આ દ્રવ્યને "**અસ્તિકાય**"થી સંબોધાય છે. વળી એ પુદ્‌ગલ વાસ્તવિક રીતે પરમાણુ સ્વરૂપ છે, પરંતુ તેના વિકાર રુપે સંખ્ય-અસંખ્ય અને અનંત પ્રદેશી સ્કંધો પણ બને જ છે. માટે જ સ્કંધને વૈભાવિક ધર્મવાળો અને પરમાણુને સ્વાભાવિક ધર્મવાળો કહેલ છે. એ દરેક ભેદવાળા (પ્રાયઃ) અનંતા પુદ્‌ગલો જગતમાં સર્વત્ર સર્વદા વિદ્યમાન છે.

☞ આ પુદ્‌ગલ દ્રવ્ય "**દ્રવ્ય**"થી પરમાણુઓ અને દ્વિપ્રદેશી સ્કન્ધોથી લઈ અનંતપ્રદેશી સ્કંધો સુધીના અનંતા પુદ્‌ગલો જાણવા, "**ક્ષેત્ર**"થી ચૌદરાજલોક પ્રમાણ, "**કાલ**"થી અનાદિ-અનંત અને "**ભાવ**"થી વર્ણ-ગંધ-રસ શબ્દ અને સ્પર્શથી સહિત હોવાથી રુપી દ્રવ્યો છે તેમજ "**ગુણ**"થી પૂરણ-ગલનના સ્વભાવવાળું હોવાથી વિવિધ પરિણામી અને વિવિધતાકૃતિવાળુ છે.

☞ મુખથી બોલાતો "**સચિત્ત**", પત્થરના અથડાવવાથી ઉત્પન્ન થતો "**અચિત્ત**" અને જીવના પ્રયત્નથી વાગતાં વાજિંત્રનો નાદ તે "**મિશ્ર**", એ ત્રણે પ્રકારના અવાજો... રુપ, શબ્દ, અંધકાર, ઉદ્યોત, છાયા, પ્રભા, આતપ, પાંચ પ્રકારના નીલ વગેરે વર્ણો, સુગંધ-દુર્ગંધ, આમ્લ-મધુરાદિ પાંચ રસ, ગુરુ-લઘુ વગેરે આઠ પ્રકારના સ્પર્શ, એ સર્વે પુદ્‌ગલના સ્વભાવિક તેમજ વૈભાવિક લક્ષણો-પરિણામો છે.

☞ પંચાસ્તિકાય દ્રવ્યોમાં ફક્ત પુદ્‌ગલ દ્રવ્ય જ રુપી છે. આથી આપણે ચક્ષુ આદિ ઈન્દ્રિય દ્વારા પુદ્‌ગલનું કે પુદ્‌ગલના ગુણોનું જ પ્રત્યક્ષ જ્ઞાન કરી શકીએ છીએ. આપણને આંખ દ્વારા જે કાંઈ પણ દેખાય છે તે બધું પુદ્‌ગલ જ છે. કારણ કે, જ્યાં રુપ હોય ત્યાં રસ, ગંધ, સ્પર્શ વગેરે ગુણો પણ અવશ્ય હોય છે. આથી જ રુપની જેમરસ, ગંધ, સ્પર્શ વગેરે ગુણો પણ પુદ્‌ગલ દ્રવ્યના જ છે.

☞ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કે જીવાસ્તિકાયના પ્રદેશો મૂળ દ્રવ્યમાંથી કદી છૂટા પડતા નથી, કારણ કે, ધર્માસ્તિકાયાદિ અરુપી છે અને અરુપી દ્રવ્યોમાં સંશ્લેષ (ભેગા થવું) કે વિશ્લેષ (છૂટા પડવું)નો અભાવ હોય છે.જ્યારે પુદ્‌ગલ દ્રવ્યના પ્રદેશો મૂળ દ્રવ્યમાંથી છૂટા પડે છે અને ભેગા પણ થાય છે તેમજ એક સ્કંધના પ્રદેશો એ સ્કંધમાંથી છૂટા પડીને અન્ય સ્કંધમાં જોડાય છે. આથી જ પુદ્‌ગલ દ્રવ્યોના સ્કંધોના પ્રદેશોની સંખ્યા અનિત્ય જ રહે છે. માટે જ એક જ સ્કંધમાં કોઈક વાર સંખ્યાત, તો કોઈ વાર અસંખ્યાત, તો કોઈક વાર અનંત પ્રદેશો પણ હોય છે.


★ કદાચ કોઈ સ્કંધોમાં પ્રતિસમય તેવું ન પણ બને તો પણ અમુક વર્ણ-ગંધાદિકનો વિવિધ ભેદોમાંથી કોઈ પણ ભેદનું પુરાવવુ તથા તેનું વિખરાવવું તો અવશ્ય હોય જ છે.

પરમાણુની ગતિ

જેમ જૈન દર્શનની માન્યતા પ્રમાણે પરમાણુ ૧ સમયમાં ચૌદ રાજલોક સુધી ગતિ કરી શકે છે. તેમ વિજ્ઞાનની માન્યતા પ્રમાણે- (૧) પ્રત્યેક ઈલેક્ટ્રોન ૧ સેકંડમાં ૧૩૦૦ માઈલની ગતિ કરે છે. (૨) ગેસના પરમાણુઓ ૧ સેકન્ડમાં એક બીજા સાથે ૬ અબજવાર અથડાય છે. (૩) પ્રકાશની ગતિ ૧ સેકન્ડમાં ૧ લાખ ૮૬ હજાર માઈલની બતાવવામાં આવે છે... તેમજ (૪) હીરા જેવા ઠોસ પદાર્થોના અણુઓની પણ ગતિ દર કલાકે ૯૫૦ માઈલની છે. વગેરે...વિજ્ઞાન જો સત્યાન્વેષી જ રહેશે તો જરુર એમ લાગે છે કે એક દિવસ સર્વજ્ઞ કથિત તત્ત્વજ્ઞાનમાં જરુર ભળી જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ જીવાસ્તિકાય ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

12

જીવાસ્તિકાય...

☞ **"जीवन्ति प्राणान्धारयन्तीति जीवाः"** એટલે ઈન્દ્રિયાદિ ૧૦ બાહ્યપ્રાણોને, વાસ્તવિક દૃષ્ટિએ સમ્યગ્જ્ઞાન દર્શન-ચારિત્ર્યાદિ રુપ ભાવ પ્રાણોને જ ધારણ કરે તે જીવ કહેવાય છે. જીવનું બીજું લક્ષણ ચેતના કહ્યું છે એટલે જીવમાત્રમાં સૂક્ષ્મથી લઈને ઉત્તરોત્તર વધતા એવાં જ્ઞાનાદિકના અંશો હોય જ છે[1]. જ્ઞાન વિનાનો કોઈ જીવ હોતો જ નથી અને જ્ઞાન વિનાનો જો કોઈ જીવ હોય તો તે જીવ ન હોય પણ અજીવ હોય★. અખિલ વિશ્વમાં સર્વ તત્ત્વોમાં જીવતત્ત્વ જ પ્રધાન તત્ત્વ છે. બીજા તત્ત્વો એના આશ્રયનું અવલંબન કરવાવાળા છે. આ જીવ વ્યવહારનયે કર્મનો કર્તા, તેનો ભોક્તા તદાનુસારે સંસાર અટવીમાં ભ્રમણકર્તા અને અંતે એ જ આત્મા તે કર્મનો પરિનિર્વાતા-વિનાશ કરનારો છે અને નિશ્ચયનયની દૃષ્ટિએ જીવ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ સ્વગુણનો જ કર્તા અને ભોક્તા છે.

હવે આ જીવદ્રવ્ય **"द्रव्य"**થીઅનંત સંખ્યામાં છે. **"क्षेत्र"**થી ચૌદ રાજલોકમાં ઉત્પત્તિવાળું છે. **"काल"**થી અનાદિ-અનંત છે. **"भाव"**થી અરુપી હોવાથી વર્ણ-ગંધાદિક રહિત છે અને **"गुण"**થી જ્ઞાન-દર્શનાદિ ગુણયુક્ત છે અને આકારથી સ્વ-સ્વશરીર તુલ્ય વિવિધાકૃતિવાળું છે.

અસ્તિકાયનો વધુ પરિચય અને તેની તારવણી...

☞ આ પાંચ અસ્તિકાયોમાં ધર્માસ્તિકાયાદિ ૪ અજીવકાયો છે જ્યારે એક જીવ એ જીવકાય છે. જેનામાં જ્ઞાનાદિકનો ઉપયોગ વર્તતો ન હોય તેને અજીવ કહેવાય છે. **"अस्तिकाय"** એમાં **"अस्ति"** શબ્દ પ્રદેશ વસ્તુનો વાચક છે અને **"काय"** શબ્દ સમુદાય-સમૂહનો વાચક છે. અસ્તિકાયની વ્યુત્પત્તિ કરીએ તો જેના વડે પોતાના અસ્તિત્વનો ખ્યાલ આવે તેવા પ્રદેશોનો સમૂહ તેને અસ્તિકાય કહેવાય છે.

ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો નિત્ય છે સદા સ્થિર છે અને અરુપી છે. માત્ર એક પુદ્ગલ દ્રવ્ય જ રુપી છે. ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યો (કે તત્ત્વો) અનેક નહીં પણ એક-એક છે અને તે નિષ્ક્રિય (ગતિ ક્રિયા ન હોવાની અપેક્ષાએ...) છે. ધર્મ-અધર્મ અને જીવ આ ત્રણ દ્રવ્યો અસંખ્યાત પ્રદેશી અને પરસ્પર સમાન પ્રદેશી છે. આકાશ અનંત પ્રદેશી છે. જ્યારે પુદ્ગલ સંખ્યાત-અસંખ્યાત અને અનંતપ્રદેશી છે. આ પ્રમાણે પંચાસ્તિકાયનું કિંચિત્ સ્થૂલ સ્વરૂપ જણાવ્યું... હવે કાળ દ્રવ્ય વિષે જણાવીએ છીએ.

★ **વિશેષાવશ્યક ભાષ્યાદિ ગ્રંથોમાં બતાવેલું છે કે કોઈ પણ જીવ માત્રમાં જ્ઞાનનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો જ હોય છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે એના લીધે જ ચેતના છે. જો એમન થાય તો તે જીવ, જીવસ્વરૂપ ન રહેતાં જડ બની જાય એવું બનતું નથી. માટે માનવું જ પડે કે જીવમાત્રમાં જ્ઞાન રહેલું છે.**


"तस्स उ अणंतभागो, निच्चुग्घाडो य सव्वजीवाणं " ॥ વિ. આ. ભા. / ગાથા-૪૯૭ ॥

કેવલજ્ઞાનીની દૃષ્ટિએ પુદ્ગલનો અવિભાજ્ય ભાગ તે પરમાણુ. આ દૃષ્ટિએ આજના વિજ્ઞાનીઓએ માનેલો પરમાણુ, પરમાણુ છે જ નહીં. કારણ કે તેનું ઇલેક્ટ્રોન, પ્રોટોન,ન્યુટ્રોન, ક્વાર્ક વગેરે અનેક પ્રકારના કણોમાં વિભાજન શક્ય છે અને થાય પણ છે. આજ સુધી પ્રોટોનને અવિભાજ્ય માનવામાં આવતો હતો, પરંતુ છેલ્લા સંશોધકોએ એ પ્રોટોનના પણ મૂળભૂત કણોરુપ ક્વાર્ક છે અને ૩ ક્વાર્ક ભેગા થઈ પ્રોટોન બને છે... એવું દર્શાવેલ છે.

વિજ્ઞાનીઓએ અણુઓ, પરમાણુઓ તથા ઇલેક્ટ્રોન, ન્યુટ્રોન, પોઝીટ્રોન, ક્વાર્ક વગેરે સંખ્યાબંધ જે મૂળભૂત કણો શોધ્યા છે તે બધા જ પ્રથમ ઔદારિક વર્ગણામાં આવે છે. જૈનદર્શનમાં પરમાણુની ઉત્કૃષ્ટ ગતિ ૧ સમયમાં ૧૪ રાજલોક પ્રમાણ ઊંચા બ્રહ્માંડના છેક નીચેના છેડાથી લઈને છેક ઉપરના છેડા સુધીની કહી છે. (જૈનધર્મના વૈજ્ઞાનિક રહસ્યોમાંથી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। કાળદ્રવ્ય ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળદ્રવ્ય

13

☞ કોઈ પણ પદાર્થનું અસ્તિત્વ જાણવું હોય, તો તે જાણવા માટે "કાળ" આવશ્યક છે, શાસ્ત્રીય દૃષ્ટિએ કાળદ્રવ્ય બે પ્રકારનું છે : (૧) **વ્યવહારકાળ**, (૨) **નિશ્ચયકાળ**...

☞ ભૂતકાળ વહી ગયો હોવાથી નાશ પામ્યો છે, ભવિષ્ય કાળ હજુ ઉત્પન્ન થયો નથી, માટે વર્તમાનનો એક સમય રુપ કાળ વિશેષ તે "નિશ્ચય" અને ભૂત-ભવિષ્યાદિની દૃષ્ટિએ થઈ ગયેલો, થનારો કાળ તે "વ્યવહાર" આ રીતે વ્યવહારકાળના અનેક વિભાગો નીચે મુજબ પ્રચલિત છે.

☞ **વ્યવહારકાળ :** અઢીદ્વીપ અને બે સમુદ્ર એટલે કે ૪૫ લાખ યોજનના વિસ્તારવાળા મનુષ્યક્ષેત્રમાં ચંદ્ર-સૂર્ય વગેરે જ્યોતિષીઓના ભ્રમણથી જે કાળનું પ્રમાણ નિર્ણિત થાય છે તેને વ્યવહારકાળ કહેવાય છે અને તે જૈન સર્વજ્ઞ શાસનમાં સમયાદિથી આરંભી આવલિકા વગેરે અનેક ભેદવાળો છે.

☞ સમય એટલે સર્વજ્ઞની દૃષ્ટિથી પણ જેના બે ભાગ કલ્પી ન શકાય તેવો અવિભાજ્ય સૂક્ષ્મકાળ તે સમય[1] કહેવાય. (આંખના એક જ પલકારા જેટલા કાળમાં તો અસંખ્ય સમયો (કરોડો-અબજોથી પણ ઘણા વધારે) વ્યતીત થઈ જાય છે આવા અકલ્પનીય અતિ સૂક્ષ્મ કાળનું નામ સમય છે. એની પાસે ૧ પલ તો ઘણી મોટી થઈ પડે છે. આટલું સૂક્ષ્મજ્ઞાન એ જ સર્વજ્ઞ શાસનની બલિહારી છે. જેમ પુદ્ગલદ્રવ્યનો સૂક્ષ્માંશ પરમાણું છે, તેમ કાળદ્રવ્યનો અતિ સૂક્ષ્માંશ સમય[2] છે. જે બંને અતીન્દ્રિયગમ્ય છે,તે કોઈ પણ યાંત્રિક સાધનોથી જોઈ શકતા નથી.) હવે ૯ સમય = ૧ જઘન્ય અંતર્મુહૂર્ત. *ચોથા જઘ. યુક્ત અસં.ની સંખ્યા પ્રમાણ સમય=૧ આવલિકા. ૨૫૬ આવલિકા=૧ ક્ષુલ્લકભવ. ૨૨૨૩ $\frac{1226}{3693}$ આવલિકા=૧ ઉચ્છ્વાસ વા નિઃશ્વાસ[3], સાધિક ૧૭ ક્ષુલ્લક ભવ=૧ પ્રાણ. ૭ પ્રાણ=૧ સ્તોક, ૭ સ્તોક=૧ લવ, ૩૮$\frac{1}{2}$ લવ=૧ ઘડી (૨૪ મિનિટ). ૨ ઘડી=૧ મુહૂર્ત[4]. સમય ન્યૂન ૨ ઘડી=૧ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.

☞ **અન્ય રીતે** - નિર્વિભાજ્ય અસંખ્ય સમય=૧ નિમેષ. ૧૮ નિમેષ=૧ કાષ્ઠા. ૨ કાષ્ઠા=૧ લવ. ૧૫ લવ=૧ કલા. ૨ કલા= ૧ લેશ. ૧૫ લેશ=૧ ક્ષણ. ૬ ક્ષણ=૧ ઘટિકા (૨૪ મિનિટ). ૨ ઘટિકા=૧ મુહૂર્ત. ૩૦ મુહુર્ત=૧ દિવસ (અહોરાત્ર રુપ). ૧૫ દિવસ=૧ પક્ષ. ૨ પક્ષ=૧ માસ. ૨ માસ=૧ ઋતુ, ૩ ઋતુ વા ૧૮૩ દિવસ વા ૬ માસ=૧ અયન. ૨ અયન=૧ વર્ષ. ૫ વર્ષ= ૧ યુગ. ૧૦ શત વર્ષ=૧ સહસ્ત્ર વર્ષ. શતસહસ્ત્ર વર્ષ=૧ લક્ષ (લાખ) વર્ષ. ૮૪ લક્ષ વર્ષ=૧ પૂર્વાંગ. ૮૪ લાખ પૂર્વાંગ=૧ પૂર્વ. ૮૪લાખ પૂર્વ=૧ ત્રુટિતાંગ - (ઋષભપ્રભુનું આયુષ્ય...) વગેરેથી[5]..., શીર્ષપ્રહેલીકા સુધી[6]..., અસંખ્યાત વર્ષ=૧ પલ્યોપમ, ૧૦ કોડાકોડી પલ્યોપમ=૧ સાગરોપમ. ૧૦ કોડાકોડી સાગરોપમ=એક અવસર્પિણી અથવા ઉત્સર્પિણી. એ ઉત્સર્પિણી અને અવસર્પિણી રુપ બંને મળીને ૨૦ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર થાય છે. આ સર્વ વ્યવહારિક કાળના ભેદો છે. ટૂંકમાં ભૂત-ભાવિ અને વર્તમાનકાળ તે બધોય કાળ વ્યવહારિક જાણવો[7]. (પલ્યોપમ - સાગરોપમનું સ્વરૂપ આગળ "જાણવા જેવી ભૂમિકા"માં આપેલું છે.)

અહીંયા ચઢતો કાળ એટલે કે જે કાળમાં આયુષ્ય-બળ-સંઘયણ-શુભવર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિક અનેક શુભભાવોની ક્રમે ક્રમે વૃદ્ધિ થતી રહે તે ઉત્સર્પિણી અને ઉપરોક્ત ભાવોની ક્રમે ક્રમે હાની થતી રહે. (અશુભ ભાવોની વૃદ્ધિ હોય) તે કાળને અવસર્પિણી કાળ કહેવાય છે. આ વ્યવહારિક કાળનું સ્વરૂપ છે. (વર્તમાનમાં અવસર્પિણી કાળ ચાલે છે.)

☞ **નિશ્ચયકાળ :** દ્રવ્યના વર્તનાદિ પર્યાયરુપ જે નિશ્ચયકાળ તે વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એમ પાંચ પ્રકારનો છે. આ નિશ્ચયકાળનું અહીં ખાસ વિશિષ્ટ પ્રયોજન ન હોવાથી તેની વધુ વ્યાખ્યા કરતા નથી.

☞ આ કાળદ્રવ્ય વ્યવહાર કાળની અપેક્ષાએ "**દ્રવ્ય**"થી અનંતુ, "**ક્ષેત્ર**"થી ૨½ દ્વીપ-સમુદ્ર પ્રમાણમાં, "**કાલ**"થી અનાદિ અનંત, "**ભાવ**"થી વર્ણાદિ ચતુષ્ક રહિત અરુપી છે. સૂર્યાદિકની ગતિ વડે જ્ઞાન થનારું મુહૂર્તાદિક વડે અનુમેય એવું આ (નિશ્ચય નયે) કાળદ્રવ્ય અસ્તિકાય વિનાનું દ્રવ્ય છે.

★ અસંખ્યાતા અને અનંતા એ બન્ને એક મતે ૯-૯ પ્રકારના છે, જ્યારે એક મતે અનંતા ૮ પ્રકારના છે, જે ચતુર્થ ષડશીતિકર્મગ્રંથાદિ ગ્રંથોમાંથી જોઈ લેવા ભલામણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। संस्थान विचयनो स्वरुप ।।

अनाद्यंतस्य लोकस्य स्थित्युत्पत्तिव्ययात्मनः ।
आकृतिं चिंतयेद्यत्र संस्थानविचयः स तु ।।

☞ ઉત્પન્ન થવું, સ્થિર રહેવું અને વિનાશ પામવું એ સ્વરૂપવાળા અનાદિ અનંત લોકની આકૃતિનું જે ધ્યાનમાં ચિંતન કરવું, તે **"संस्थान विचय धर्मध्यान"** કહેવાય છે.


☞ **વિવેચન :-** આ દુનિયામાં કોઈ પણ પદાર્થનો દ્રવ્યથી નાશ થતો જ નથી, તેના પર્યાયો બદલાયા કરે છે. એટલે તે દ્રવ્ય એક આકૃતિને મૂકી બીજી આકૃતિમાં ગોઠવાઈ જાય છે, પણ તેથી મૂળ દ્રવ્યનો નાશ થાય છે એમ તો ન જ કહી શકાય. દાખલા તરીકે એક લાંબુ લાકડું છે. તેની પેટી બનાવી, પેટી બની એટલે લાકડાની જે લાંબી આકૃતિ હતી તેનો નાશ થયો. પેટીની ઉત્પત્તિ થઈ અને લાકડુ દ્રવ્ય તે તો પેટી બની તો પણ કાયમ જ રહ્યું. આમ... પેટીની ઉત્પત્તિ, લાંબા લાકડાની આકૃતિનો નાશ અને લાકડારુપ દ્રવ્યનું કાયમ રહેવાપણું, એમ એક એક વસ્તુ ત્રણ પ્રકારે છે. તેવી જ રીતે આ દુનિયાની સર્વ વસ્તુઓમાં બન્યા કરે છે, માટે જ વસ્તુતઃ દ્રવ્યનો નાશ નથી. ઉપર શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે, લોક - દુનિયા દ્રવ્યની અપેક્ષાએ અનાદિ-અનંત છે, પણ સાદિ-સાંત નથી તથા પર્યાયની અપેક્ષાએ ઉત્પત્તિ અને નાશરુપ હોય છે અને તેથી કોઈ વસ્તુની સર્વથા આદિ (ઉત્પત્તિ) અને સર્વથા વિનાશ કહી શકાય જ નહીં. આ સ્થિતિ અને વ્યયરુપ લોકની આકૃતિનું એટલે તેમાં રહેલ પદાર્થનું ચિંતન કરવું અને પરવસ્તુથી આત્મદ્રવ્યને વ્યાવૃત્ત કરી લોકસ્વરૂપ ધ્યાનમાં નિમગ્ન કરવું... તે **"संस्थान विचय धर्मध्यान"** કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધોલોક

જ્યાં સાતે નરકો આવેલી તે અધોલોક કહેવાય છે,
રત્નપ્રભા-શર્કરાપ્રભા આદિથી જે ઓળખાય છે ।
જ્યાં ભવનપતિ વ્યંતર વળી વાણવ્યંતરોનો વાસ છે,
તે "અધોલોક"ને વર્ણતા, મુજ રોમરોમ વિકસિત બને...।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિકાણ્ડમય રત્નપ્રભા પૃથ્વી = પ્રથમનરક

14

☞ ૧૪ રાજલોક પ્રમાણ આ લોકમાં જેના ત્રણ વિભાગો છે એવા જે ઉર્ધ્વલોક-મધ્યલોક અને અધોલોક તરીકે ઓળખાય છે. એમાં નીચે જે અધોલોક છે, તે લગભગ સાધિક ૭ રાજલોક પ્રમાણ છે અને એમાં ઉત્તરોત્તર ક્રમશઃ વૃદ્ધિ પામતી ઊંધા મૂકેલા છત્રાતિછત્રા આકારે ૭ પૃથ્વીઓ આવેલી છે. જે સાતેય ઘનોદધિ, ઘનવાત, તનવાત એમ ત્રણ વલયો પર અધિષ્ઠિત છે. જેમના નામો અનુક્રમે ગોત્રથી[૧] (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમપ્રભા, (૬) તમઃપ્રભા અને (૭) તમસ્તમ પ્રભા છે અને રૂઢિ નામો અનુક્રમે (૧) ઘમ્મા, (૨) વંશા, (૩) શૈલા, (૪) અંજના (૫) રિષ્ટા, (૬) મઘા અને (૭) માઘવતી છે.

☞ સાતે પૃથ્વીઓની સૌથી ઉપર રહેલી રત્નપ્રભા પૃથ્વી રત્નની બાહુલ્યતાથી સાન્વર્થ નામવાળી છે. તેની જાડાઈ ૧,૮૦,૦૦૦ યોજન છે. એમાં પ્રથમ ખરકાંડ (૧૬,૦૦૦ યોજન), દ્વિતીય પંકબહુલકાંડ (૮૪,૦૦૦ યોજન) અને તૃતીય અપ્બહુલ (જલ)કાંડ (૮૦,૦૦૦ યોજન) એમ અનુક્રમે ત્રણ કાંડ આવેલા છે.[૨]

☞ સૌથી ઉપરના ખરકાંડમાં ૧૬ પ્રકારના રત્નોની અપેક્ષાએ હજાર-હજાર યોજનના ૧૬ વિભાગો આવેલા છે. (૧) રત્ન કાંડ, (૨) વજ્ર કાંડ, (૩) વૈડૂર્ય કાંડ, (૪) લોહિત કાંડ, (૫) મસારગલ્લ કાંડ, (૬) હંસગર્ભ કાંડ, (૭) પુલક કાંડ, (૮) સૌગન્ધિક કાંડ, (૯) જ્યોતિરસ કાંડ (૧૦) અંજન કાંડ, (૧૧) અંજનપુલક કાંડ, (૧૨) રજત કાંડ, (૧૩) સુવર્ણ કાંડ, (૧૪) અંક કાંડ, (૧૫) સ્ફટિક કાંડ અને (૧૬) રિષ્ટ કાંડ.[૩]

☞ આ રીતે કાંડની વ્યવસ્થા માત્ર પ્રથમ પૃથ્વીમાં જ છે[૪]. રત્નપ્રભા પૃથ્વીમાં વ્યંતર-વાણવ્યંતર-અસુરકુમારાદિના ભવનો યથાયોગ્ય સ્થાને આવેલા છે. જેની જાણકારી આગળ આવશે. આ પૃથ્વીમાં ત્રણ ત્રણ હજાર યોજન જાડાઈના કુલ ૧૩ પ્રતરો આવેલા છે અને એ પ્રતરોમાં કુલ ૩૦ લાખ નરકાવાસો છે. જેની રચનામાં મધ્યમાં ઈન્દ્રક, દિશા-વિદિશામાં શ્રેણિબદ્ધ તેમજ અન્ય પુષ્પાવકીર્ણ નરકાવાસો છે. આ રચના સાતે નારકીના તમામ પ્રતરોમાં સમજવી.

☞ રત્નપ્રભા પૃથ્વીને વિંટળાઈને રહેલા ઉપરના ભાગે ઘનોદધિ (૬ યોજન) ઘનવાત (૪½ યોજન) તેમજ તનવાત (૧½ યોજન) એમ કુલ ૧૨ યોજનના વલયો છે. વળી, નીચેના ભાગે ઘનોદધિ ૨૦,૦૦૦ યોજન અને ઘનવાત તેમજ તનવાત અસંખ્ય યોજનાત્મક હોય છે. ત્યારબાદ અસંખ્ય યોજન આકાશ અને ત્યારબાદ બીજી પૃથ્વી એમ અનુક્રમે સાતેય નારકોમાં સમજવું. ઘનોદધિ આદિની જાડાઈ વગેરેમાં જે ફરક છે તેની વિશેષ જાણકારી આગળ આવશે.

☞ એમ કહેવાય છે કે, મિથ્યાદૃષ્ટિ, મહા આરંભી, મહા-પરિગ્રહી, માંસાહારી, પંચેન્દ્રિયાદિ પ્રાણીઓનો વધ કરનાર, તીવ્ર ક્રોધાદિ કરનાર, રૌદ્ર પરિણામી વગેરે પ્રકારના જીવો નરકના આયુષ્યને બાંધી આ નરકોમાં ઉત્પન્ન થાય છે.


☞ આ નરકોમાં ઉત્પન્ન થતાં જીવો ફરી નરકગતિમાં ઉત્પન્ન થતાં નથી. કારણ કે, મહા-આરંભ, મહા પરિગ્રહ વગેરે નરક બંધના કારણો ત્યાં નથી તેમજ સરાગ સંયમાદિ જે દેવગતિ બંધના કારણોનો પણ અભાવ હોવાથી નારકો મરીને દેવગતિમાં પણ જન્મતા નથી, પરંતુ મનુષ્ય અથવા તિર્યંચગતિમાં જ જન્મે છે.

☞ આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થતાં જીવો આગળ કહેવાતી ૧૩ પ્રતરોમાં ઉત્પન્ન થતા હોય છે અને ત્યાં ઉત્પન્ન થયેલા તે તે પ્રતરોમાં નારકોનું જે આયુષ્ય હોય તે જઘન્ય-ઉત્કૃષ્ટાદિના ભેદથી કહેવાય છે...

પ્રતર	જઘ. આયુ.	ઉત્કૃ. આયુ.	પ્રતર	જઘ. આયુ.	ઉત્કૃ. આયુ.	પ્રતર	જઘ. આયુ.	ઉત્કૃ. આયુ.
૧	૧૦,૦૦૦ વર્ષ	૯૦,૦૦૦ વર્ષ	૫	$\frac{1}{10}$ સાગરોપમ	$\frac{3}{10}$ સાગરોપમ	૯	$\frac{7}{10}$ સાગરોપમ	$\frac{9}{10}$ સાગરોપમ
૨	૧૦ લાખ વર્ષ	૯૦ લાખ વર્ષ	૬	$\frac{2}{10}$ સાગરોપમ	$\frac{4}{10}$ સાગરોપમ	૧૦	$\frac{8}{10}$ સાગરોપમ	$\frac{1}{1}$ સાગરોપમ
૩	૯૦ લાખ વર્ષ	૧ પૂર્વ ક્રોડ વર્ષ	૭	$\frac{3}{10}$ સાગરોપમ	$\frac{5}{10}$ સાગરોપમ	૧૧	$\frac{9}{10}$ સાગરોપમ	$\frac{1}{1}$ સાગરોપમ
૪	૧ પૂર્વ ક્રોડ વર્ષ	$\frac{1}{10}$ સાગરોપમ	૮	$\frac{5}{10}$ સાગરોપમ	$\frac{7}{10}$ સાગરોપમ	૧૨	$\frac{1}{1}$ સાગરોપમ	$\frac{1}{1}$ સાગરોપમ
						૧૩	$\frac{1}{1}$ સાગરોપમ	૧ સાગરોપમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ પ્રથમનરકમાં રહેલા પ્રતરોની વ્યવસ્થા... ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાતે નરકોમાં રહેલા પ્રતરોના નામો

15

રત્નપ્રભા પૃથ્વીમાં રહેલા ૧૩ પ્રતરોની જેમ સાતે નરકમાં પ્રતરોની વ્યવસ્થા રહેલી છે. આ દરેક પ્રતરો ૩-૩ હજાર યોજન જાડા સમજવા.

☞ **૧. રત્નપ્રભા પૃથ્વીના કુલ ૧૩ પ્રતર[૧] :** (૧) પ્રથમ પ્રતરની મધ્યમાં **'સીમન્તક'** નામનો નરકેન્દ્રાવાસ રહેલો છે તેથી તેને સીમંતક તરીકે ઓળખશું. એ રીતે સર્વ પ્રતરોમાં જાણવું. (૨) રોરક, (૩) ભ્રાન્ત, (૪) ઉદ્‌ભ્રાન્ત, (૫) સંભ્રાન્ત, (૬) અસંભ્રાન્ત, (૭) વિભ્રાન્ત, (૮) તપ્ત, (૯) શીત, (૧૦) વક્રાન્ત, (૧૧) અવક્રાન્ત, (૧૨) વિક્રાન્ત, (૧૩) રોરૂક.

☞ **૨. શર્કરાપ્રભા પૃથ્વીના કુલ ૧૧ પ્રતર : ઈન્દ્રક નરકાવાસ** (૧) સ્તનિધ, (૨) સ્તનક, (૩) મનક, (૪) વનક, (૫) ઘટ્ટ, (૬) સંઘટ્ટ, (૭) જિહ્વ, (૮) રુપજિહ્વ, (૯) લોલ, (૧૦) લોલાવર્ત, (૧૧) સ્તનલોલ.

☞ **૩. વાલુકાપ્રભા પૃથ્વીના કુલ ૯ પ્રતર : ઈન્દ્રક નરકાવાસ** (૧) તપ્ત, (૨) તપિત, (૩) તપન, (૪) તાપન, (૫) નિદાઘ, (૬) પ્રજ્વલિત, (૭) ઉજ્જ્વલિત, (૮) સંજ્વલિત, (૯) સંપ્રજ્વલિત.

☞ **૪. પંકપ્રભા પૃથ્વીના કુલ ૭ પ્રતર : ઈન્દ્રક નરકાવાસ** (૧) આર, (૨) તાર, (૩) માર, (૪) વર્ચસ, (૫) તમસ્, (૬) ખાડખડ, (૭) ખડખડ.

☞ **૫. ધૂમપ્રભા પૃથ્વીના કુલ ૫ પ્રતર : ઈન્દ્રક નરકાવાસ** (૧) ખાત, (૨) તમ, (૩) ભ્રમ, (૪) અંધ, (૫) અંધતમ (તમિસ્ત્ર).

☞ **૬. તમઃપ્રભા પૃથ્વીના કુલ ૩ પ્રતર : ઈન્દ્રક નરકાવાસ** (૧) હિમ, (૨) વાર્દલ, (૩) લલ્લક.

☞ **૭. તમસ્તમ પ્રભા પૃથ્વીનો કુલ ૧ પ્રતર : ઈન્દ્રક નરકાવાસ** (૧) અપ્રતિષ્ઠાન.


☞ આ રીતે કુલ ૧૩ + ૧૧ + ૯ + ૭ + ૫ + ૩ + ૧ = ૪૯ પ્રતરો છે.

☞ આ દરેક પ્રતરોના મધ્યમાં ગોળ પછી ત્રિકોણ પછી ચોરસ પાછું ગોળ એ રીતે અલગ-અલગ એના અનુક્રમે નરકાવાસની શ્રેણિઓ હોય છે. પુષ્પાવકીર્ણ નરકાવાસો અલગ-અલગ આકારના હોય છે. એમાં કેટલાક અસંખ્યાત યોજનોના તો કેટલાક સંખ્યાત યોજનના હોય છે. પ્રથમ પૃથ્વીના પ્રથમ પ્રતરમાં ઈન્દ્રક નરકાવાસની ચારે બાજુ (૧) પૂર્વમાં કાંક્ષ, (૨) પશ્ચિમમાં મહાકાંક્ષ, (૩) દક્ષિણમાં પિપાસ અને (૪) ઉત્તરમાં અતિપિપાસ નામના ચાર પ્રસિદ્ધ નરકાવાસો છે તેમજ બીજી પૃથ્વીના ૧લા પ્રતરમાં ઉપર પ્રમાણે (૧) અનિચ્છ, (૨) મહાનિચ્છ, (૩) વિન્ધ્ય, (૪) મહાવિન્ધ્ય. ત્રીજી નરકની પ્રથમ પ્રતરમાં અનુક્રમે (૧) દુઃખ, (૨) મહાદુઃખ, (૩) વેદના, (૪) મહાવેદના, ચોથી નરકના પ્રથમ પ્રતરે (૧) નિસૃષ્ટ, (૨) અતિનિસૃષ્ટ, (૩) નિરોધ, (૪) મહાનિરોધ, પાંચમી નરકના પ્રથમ પ્રતરે (૧) નિરુદ્ધ, (૨) અનિરુદ્ધ, (૩) વિમર્દન, (૪) મહાવિમર્દન, છઠ્ઠી નરકના પ્રથમ પ્રતરે (૧) નીલ (૨) મહાનીલ (૩) પંક (૪) મહાપંક તેમજ સાતમી નરકના પ્રતરમાં (૧) કાલ, (૨) મહાકાલ, (૩) રૌરવ અને (૪) મહારૌરવ નરકાવાસો ચારે દિશામાં છે.

☞ **॥ નરકાવાસોનો વિસ્તાર ॥**

નરક પૃથ્વીઓ	સંખ્યાત યોજનવાળા નરકાવાસો	અસંખ્યાત યોજનવાળા નરકાવાસો	કુલ નરકાવાસો
૧ લી પૃથ્વી	૬ લાખ	૨૪ લાખ	૩૦ લાખ
૨ જી પૃથ્વી	૫ લાખ	૨૦ લાખ	૨૫ લાખ
૩ જી પૃથ્વી	૩ લાખ	૧૨ લાખ	૧૫ લાખ
૪ થી પૃથ્વી	૨ લાખ	૮ લાખ	૧૦ લાખ
૫ મી પૃથ્વી	૬૦ હજાર	૨ લાખ, ૪૦ હજાર	૩ લાખ
૬ ઠ્ઠી પૃથ્વી	૧૯,૯૯૯	૭૯,૯૯૬	૯૯,૯૯૫
૭ મી પૃથ્વી	૧	૪	૫
કુલ	**૧૬,૮૦,૦૦૦**	**૬૭,૨૦,૦૦૦**	**૮૪,૦૦,૦૦૦**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યંતર તથા વાણવ્યંતર દેવો

16

☞ **વ્યંતર દેવો :** મનુષ્યોથી વિ = ચાલી ગયું છે (વિગત) અંતર જેમનું તેઓ વ્યંતર દેવો કહેવાય છે. મનુષ્યોથી ખૂબ જ નજીક આ દેવો રહે છે. ચક્રવર્તી વગેરે મહાપુરુષોની સેવામાં મોટા ભાગે આ જ દેવો ખડેપગે હાજર હોય છે. આ જ વ્યંતરોના એક પેટા પ્રકાર તરીકે વાણવ્યંતર દેવો કહેવાય છે અને તેઓ તો આપણી ખૂબ જ નજીક છે. તે કેવી રીતે અને ક્યાં રહે છે... ? તો ચાલો આ બાબતે એક નજર આ તરફ પણ કરી લઈએ...

આપણે જે રત્નપ્રભા પૃથ્વીની સપાટી ઉપર રહીએ છીએ તેના ઉપરના ૧,૦૦૦ યોજન અને નીચેના ૧,૦૦૦ યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં નારક તથા ભવનપતિ દેવો રહે છે. હવે ઉપરના જે ૧,૦૦૦ (એક હજાર) યોજન છોડ્યા છે તેમાં પણ ઉપર નીચે ૧૦૦-૧૦૦ યોજન છોડી દઈએ તો વચ્ચેના જે ૮૦૦ યોજનનો વિભાગ રહે છે તેમાં આ (૮ પ્રકારના...) વ્યંતર દેવો[1] છે. તેઓ વિશે કાંઈક જાણવા જેવું...

ક્રમ	વ્યંતરોના નામ	વર્ણ	ચિહ્ન	દક્ષિણેન્દ્રના નામો	ઉત્તરેન્દ્રના નામો	અગ્ર મહિષી	સામાનિક દેવ	પર્ષદા	કટક	આત્મરક્ષક દેવ
૧	પિશાચ	શ્યામ	કદંબ વૃક્ષ	કાળ	મહાકાળ	૪	૪,૦૦૦	૩	૭	૧૬,૦૦૦
૨	ભૂત	શ્યામ	સુલસ વૃક્ષ	સુરુપ	પ્રતિરુપ	૪	૪,૦૦૦	૩	૭	૧૬,૦૦૦
૩	યક્ષ	શ્યામ	વડ વૃક્ષ	પૂર્ણભદ્ર	માણિભદ્ર	૪	૪,૦૦૦	૩	૭	૧૬,૦૦૦
૪	રાક્ષસ	શ્વેત	ખટ્વાંગ વૃક્ષ	ભીમ	મહાભીમ	૪	૪,૦૦૦	૩	૭	૧૬,૦૦૦
૫	કિન્નર	નીલ	અશોક વૃક્ષ	કિન્નર	કિંપુરુષ	૪	૪,૦૦૦	૩	૭	૧૬,૦૦૦
૬	કિંપુરુષ	શ્વેત	ચંપક વૃક્ષ	સત્પુરુષ	મહાપુરુષ	૪	૪,૦૦૦	૩	૭	૧૬,૦૦૦
૭	ગાંધર્વ	શ્યામ	તુંબરુ વૃક્ષ	ગીતરતિ	ગીતયશ	૪	૪,૦૦૦	૩	૭	૧૬,૦૦૦
૮	મહોરગ	શ્યામ	નાગ વૃક્ષ	અતિકાય	મહાકાય	૪	૪,૦૦૦	૩	૭	૧૬,૦૦૦


☞ઉપરોક્ત આઠ વ્યંતરોનું ઉત્કૃ. આયુ = ૧ પલ્યોપમ, ☞ દેવીઓનું ઉત્કૃ. આયુ = અર્ધ પલ્યોપમ, ☞ ત્યાંના દેવ-દેવીનું જઘ. આયુ = ૧૦,૦૦૦ વર્ષ, ☞ શરીરની ઉત્કૃ. ઉંચાઈ = ૭ હાથ, ☞ જઘ. ઉંચાઈ = અંગુલનો અસં.ભાગ... (ઉત્પત્તિના પ્રથમ સમયે) ☞ લેશ્યા = પહેલી ત્રણ, ☞ ઉત્કૃ. આયુવાળાને શ્વાસોશ્વાસ = ૭ સ્તોક, ☞ ઉત્કૃ. આયુવાળાને આહાર = ૪ દિવસે, ☞ જઘ. આયુવાળાને આહાર = એકાંતરે વગેરે...

આ થઈ વાત વ્યંતર દેવોની... હવે વાણવ્યંતર દેવોની વાત કરીએ....

ક્રમ	વાણવ્યંતરના નામો[2]	દક્ષિણેન્દ્રના નામો	ઉત્તરેન્દ્રના નામો	તેમના વર્ણ, ચિહ્ન, અગ્રમહિષી, સામાનિક દેવો, પર્ષદા, કટક, આત્મરક્ષક વગેરે વ્યંતરો પ્રમાણે જાણવા.
૧	અણપન્ની	સન્નિહિત	સામાનિક	
૨	પણપન્ની	ધાતા	વિધાતા	
૩	ઋષિવાદી	ઋષિ	ઋષિપાલિત	
૪	ભૂતવાદી	ઈશ્વર	મહેશ્વર	
૫	કંદિત	સુવત્સ	વિશાલ	
૬	મહાકંદિત	હાસ્ય	હાસ્યરતિ	
૭	કોહંડ	શ્વેયાંસ	મહાશ્વેયાંસ	
૮	પતંગ	પતંગ	પતંગપતિ...	

☞ સૌથી ઉપરના જે ૧૦૦ (સો) યોજનનો વિભાગ આપણે છોડી દીધેલો, તેના ઉપર નીચેના ૧૦-૧૦ યોજન છોડીને વચ્ચેના ૮૦ યોજનના વિભાગમાં આઠ પ્રકારના વાણવ્યંતર દેવોનો રહેવાસ છે. એટલે કે, આપણી સપાટીથી ૧૦ યોજન નીચે જઈએ કે તુરંત જ ૮૦ યોજનમાં ૮ વાણવ્યંતર દેવોનું નિવાસસ્થાન છે અને તેની નીચે ૧૦ યોજન છોડ્યા પછી ૮૦૦ યોજનમાં વ્યંતર દેવોનું નિવાસ સ્થાન છે. આ પ્રમાણે વ્યંતર તથા વાણવ્યંતર દેવો સંબંધી જાણકારી મેળવી. હવે વ્યંતરનિકાયના દેવો સંબંધિ ભેદ-પ્રભેદ પણ જાણી લઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

17

વ્યંતરનિકાયના દેવો સંબંધિ ભેદ-પ્રભેદ

☞ હવે પિશાચ-ભૂત-યક્ષ-રાક્ષસ-કિન્નર-કિંપુરુષ-મહોરગ અને ગાંધર્વ આ આઠ પ્રકારના જે વ્યંતર દેવો છે, તેમના અંગે વિશેષ જાણકારી મેળવીએ.

☞ **૧૬ પ્રકારે પિશાચ :** (૧) કૂષ્માંડ, (૨) પટક, (૩) જોષ, (૪) અહ્નિક, (૫) કાળ, (૬) ચોક્ષ, (૭) અચોક્ષ, (૮) મહાકાળ, (૯) વનપિશાચ, (૧૦) તૂષ્ણિક, (૧૧) તાલમુખર, (૧૨) દેહ, (૧૩) વિદેહ, (૧૪) મહાદેવ, (૧૫) પિશાચ, (૧૬) અધસ્તારક. તેઓ સ્વાભાવિક સુંદર રુપવાળા હોય છે, સૌમ્ય આકૃતિવાળા હોય છે અને કંઠ તથા હસ્તમાં રત્નોના આભૂષણો પહેરે છે.

☞ **૯ પ્રકારે ભૂત :** (૧) સૂક્ષ્મ, (૨) પ્રતિરુપ, (૩) અતિરુપ, (૪) ભૂતોત્તમ, (૫) સ્કન્દિકાક્ષ, (૬) મહાવેગ, (૭) મહાસ્કન્દિક, (૮) આકાશક, (૯) પ્રતિચ્છન્ન. તેઓની સુંદરાકૃતિ છે. ઉત્તમ રુપ છે અને તેઓ અંગે વિવિધ ભાતના વિલેપનો કરે છે.

☞ **૧૩ પ્રકારે યક્ષ :** (૧) પૂર્ણભદ્ર, (૨) માણિભદ્ર, (૩) શ્વેતભદ્ર, (૪) હરિભદ્ર, (૫) સુમતભદ્ર, (૬) વ્યતિપાકભદ્ર, (૭) સર્વતોભદ્ર, (૮) સુભદ્ર, (૯) યક્ષોત્તમ, (૧૦) રુપયક્ષ, (૧૧) ધનાહાર, (૧૨) ધનાધિપ અને (૧૩) મનુષ્યયક્ષ. તેઓનું શરીર માનોન્માનના પ્રમાણવાળું છે. એમના હાથ-પગના તળિયા, તાળુ, જિહ્વા, હોઠ અને નખ લાલ હોય છે. તેઓ મસ્તક પર મુકુટ અને અંગે વિવિધ આભૂષણો ધારણ કરે છે. તેઓ સ્વભાવે ગંભીર છે અને એમનું દર્શન મનોહર છે.

☞ **૭ પ્રકારે રાક્ષસ :** (૧) વિઘ્ન (૨) ભીમ (૩) મહાભીમ (૪) રાક્ષસ-રાક્ષસ, (૫) વિનાયક, (૬) બ્રહ્મરાક્ષસ અને (૭) જળરાક્ષસ. એમને વિકરાળ લાલ લટકતા હોઠ હોય છે અને તેઓ સુવર્ણના આભરણ પહેરે છે અને તેઓની આકૃતિ અતિ ભયંકર હોય છે.

☞ **૧૦ પ્રકારે કિન્નર :** (૧) કિન્નર, (૨) રુપશાળી, (૩) હૃદયસંગમ, (૪) રતિપ્રિય, (૫) રતિશ્રેષ્ઠ, (૬) કિંપુરુષ, (૭) મનોરમ, (૮) અનિન્દિત, (૯) કિંપુરુષોત્તમ, (૧૦) કિન્નરોત્તમ... એમનું મુખ અધિક સૌંદર્યવાન છે અને તેઓ તેજે ઝળહળતો મુગુટ ધારણ કરે છે.

☞ **૧૦ પ્રકારે કિંપુરુષ :** (૧) સત્પુરુષ, (૨) પુરુષોત્તમ, (૩) યશસ્વાન, (૪) મહાદેવ, (૫) મરુત્, (૬) મેરુપ્રભ, (૭) મહાપુરુષ, (૮) અતિપુરુષ, (૯) પુરુષ, (૧૦) પુરુષ ઋષભ... તેઓ રુપાળા છે. એમના હાથ અને મુખ મનોહર છે. તેઓ વિચિત્ર પ્રકારની માળાને ધારણ કરે છે અને ભાત-ભાતનાં વિલેપનો અંગ પર રચે છે.

☞ **૧૦ પ્રકારે મહોરગ :** (૧) ભુજગ, (૨) ભોગશાળી, (૩) મહાકાય, (૪) અતિકાય, (૫) ભાસ્વંત, (૬) સ્કન્ધશાલી, (૭) મહેશ્વક્ષ, (૮) મેરુકાન્ત, (૯) મહાવેગ, (૧૦) મહોરમ. આ સર્વે મહાવેગવાળા હોય છે અને મોટા શરીરવાળા હોય છે તેમજ અંગો પર ચિત્ર-વિચિત્ર આભૂષણોને પણ ધારણ કરે છે.


☞ **૧૨ પ્રકારે ગાંધર્વ :** (૧) હાહા, (૨) હૂહુ, (૩) તૂમ્બરુ, (૪) નારદ, (૫) ઋષિવાદક, (૬) ભૂતવાદક, (૭) કાદમ્બ, (૮) મહાકાદમ્બ, (૯) રૈવત, (૧૦) વિશ્વાસુ, (૧૧) ગીતરતિ* અને (૧૨) સદ્ગીતયશ. આ દેવોનો સ્વર ખૂબ જ સુંદર હોય છે, પ્રિયદર્શન છે, ઉત્તમરુપ છે. વળી, તેઓ મસ્તક પર મુકુટ અને કંઠે હારને ધારણ કરે છે.

આ પ્રમાણે વ્યંતરોની ભેદ-પ્રભેદથી ૮૭ જાતિ થાય છે.

★ શ્રી સરસ્વતીદેવી આ (ગીતરતિ) ઈન્દ્રની અગ્રમહિષી (મુખ્ય પટ્ટરાણી) છે, એમ ક્ષેત્રસમાસ તથા ભગવતી સૂત્ર અને સ્થાનાંગ સૂત્રની ટીકામાં કહેલ છે. તેમજ સેનપ્રશ્નોત્તરી-૨૩૬માં પણ આ જ વાત પુરવાર કરવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। ભવનપતિ દેવોનું સ્થાન... ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

18

ભવનપતિ દેવો

☞ પહેલી નરકના જીવોને રહેવાના સ્થાનને રત્નપ્રભા નામક પૃથ્વી કહેવાય છે અને તેની જ સપાટી પર આપણે બધા વસીએ છીએ... તે રત્નપ્રભા નારકની પૃથ્વી ૧,૮૦,૦૦૦ (એક લાખ એંસી હજાર) યોજન જાડી છે તેના ઉપરના અને નીચેના ૧,૦૦૦-૧,૦૦૦ યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ (એક લાખ અટ્ઠ્યોતેર હજાર...) યોજનમાં તેટલી ઉંચાઈવાળા ૨૫ માળની બિલ્ડીંગ કલ્પના કરો... હવે બિલ્ડીંગના ૧, ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૧, ૨૩, ૨૫ (એકિ સંખ્યાના) નંબરના માળમાં પહેલી નરકના જીવો રહે છે. ત્યાં તેઓ ઉત્પન્ન થાય છે અને પોતે કરેલા પાપોને ભોગવતા દુઃખમય જીવન પસાર કરે છે.

હવે વચ્ચેનાં જે ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦, ૨૨, ૨૪ નંબરના માળ છે. તેમાં ૨ અને ૨૪ નંબરનાં માળનો ભાગ ખાલી છે અર્થાત્ ત્યાં દેવ કે નારકનો વસવાટ નથી. તેથી વચ્ચેના ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦, ૨૨ નંબરના માળની જગ્યામાં આ ૧૦ પ્રકારના ભવનપતિ દેવોના નિવાસસ્થાન છે. હવે આ ૧૦ ભવનપતિ દેવોની સામાન્ય વિગતો જણાવવામાં આવે છે. તે આ પ્રમાણે...

ક્રમ	ભવનપતિ નામો	દક્ષિણેન્દ્રના નામો	ઉત્તરેન્દ્રના નામો	દક્ષિણેન્દ્ર ભવન સંખ્યા	ઉત્તરેન્દ્ર ભવન સંખ્યા	બંને શ્રેણી ભવન સંખ્યા	નિકાય ચિહ્ન	દેહ વર્ણ	વસ્ત્ર વર્ણ	દક્ષિણ સામાનિક દેવ	ઉત્તર સામાનિક દેવ	દક્ષિણના આત્મરક્ષક દેવ	ઉત્તરના આત્મરક્ષક દેવ
૧	અસુરકુમાર[૧]	ચમરેન્દ્ર	બલીન્દ્ર[૨]	૩૪ લાખ	૩૦ લાખ	૬૪ લાખ[૩]	ચૂડામણિ[૪]	કૃષ્ણ[૫]	રક્ત[૬]	૬૪,૦૦૦	૬૦,૦૦૦	૨,૫૬,૦૦૦	૨,૪૦,૦૦૦
૨	નાગકુમાર	ધરણેન્દ્ર	ભૂતાનેન્દ્ર	૪૪ લાખ	૪૦ લાખ	૮૪ લાખ	ફણી	શ્વેત	નીલ	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
૩	સુપર્ણકુમાર	વેણુદેવેન્દ્ર	વેણુદાલીન્દ્ર	૩૮ લાખ	૩૪ લાખ	૭૨ લાખ	ગરુડ	સુવર્ણ	શ્વેત	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
૪	વિદ્યુતકુમાર	હરિકાન્તેન્દ્ર	હરિસહેન્દ્ર	૪૦ લાખ	૩૬ લાખ	૭૬ લાખ	વજ્ર	રક્ત	નીલ	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
૫	અગ્નિકુમાર	અગ્નિશિખેન્દ્ર	અગ્નિમાનવેન્દ્ર	૪૦ લાખ	૩૬ લાખ	૭૬ લાખ	કલશ	રક્ત	નીલ	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
૬	દ્વીપકુમાર	પૂર્ણેન્દ્ર	વિશિષ્ટેન્દ્ર	૪૦ લાખ	૩૬ લાખ	૭૬ લાખ	સિંહ	રક્ત	નિલ	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
૭	ઉદધિકુમાર	જલકાન્તેન્દ્ર	જલપ્રભેન્દ્ર	૪૦ લાખ	૩૬ લાખ	૭૬ લાખ	ઘોડા	શ્વેત	નીલ	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
૮	દિશિકુમાર	અમિતગતીન્દ્ર	અમિતવાહનેન્દ્ર	૪૦ લાખ	૩૬ લાખ	૭૬ લાખ	હાથી	સુવર્ણ	શ્વેત	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
૯	વાયુકુમાર	વેલંબેન્દ્ર	પ્રભંજનેન્દ્ર	૫૦ લાખ	૪૬ લાખ	૯૬ લાખ	મગર	નીલ	રક્ત	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
૧૦	સ્તનિતકુમાર	ઘોષેન્દ્ર	મહાઘોષેન્દ્ર	૪૦ લાખ	૩૬ લાખ	૭૬ લાખ	સરાવ	સુવર્ણ	શ્વેત	૬,૦૦૦	૬,૦૦૦	૨૪,૦૦૦	૨૪,૦૦૦
	કુલ...			૪ ક્રોડ ૬ લાખ	૩ ક્રોડ ૬૬ લાખ	૭ ક્રોડ ૭૨ લાખ							

☞ આ ૧૦ ભવનપતિ દેવોના કુલ સાત ક્રોડને બહોંતેર લાખ (૭,૭૨,૦૦,૦૦૦) ભવનો આવેલાં છે તે દરેક ભવનમાં શાશ્વતા જિનેશ્વર ભગવંતોનું એકેક જિનાલય આવેલું છે. તે દરેક જિનાલયમાં ૧૮૦-૧૮૦ ભગવાન છે. તેથી ૭,૭૨,૦૦,૦૦૦ (સાત ક્રોડને બહોંતેર લાખ) જિનાલયોમાં બિરાજમાન કુલ ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ પરમાત્માને આપણે **"સકલતીર્થ સૂત્ર"** દ્વારા રોજ સવારે રાઈ પ્રતિક્રમણ વંદના કરીએ છીએ...

"સાત ક્રોડ ને બહોત્તર લાખ, ભવનપતિમાં દેવલ ભાખ,
એકસો એંસી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ,
તેરસે ક્રોડ નેવ્યાસી ક્રોડ, સાઠ લાખ વંદુ કર જોડ... !!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫ પ્રકારના પરમાધામી દેવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫ પ્રકારના પરમાધામી દેવો

19

☞ અસુરકુમારાદિ ૧૦ પ્રકારે જે ભવનપતિ પૂર્વોક્ત બતાવવામાં આવ્યા છે તેમાં જે પ્રથમ પ્રકારના અસુરકુમાર દેવોમાં ૧૫ પ્રકારના પરમાધામી દેવો છે એમનાં યથાર્થ નામો નીચે પ્રમાણે છે.

(૧) અમ્બ, (૨) અમ્બરીષ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રૌદ્ર, (૬) ઉપરૌદ્ર, (૭) કાળ, (૮) મહાકાળ, (૯) અસિપત્ર, (૧૦) ધનુ, (૧૧) કુમ્ભ, (૧૨) વાલુક, (૧૩) વૈતરણ, (૧૪) ખરસ્વર અને (૧૫) મહાઘોષ[૧]... હવે આ ૧૫ પરમાધામીઓના નામ પ્રમાણેનાં કાર્યો પણ જોઈ લઈએ.

☞ (૧) **અમ્બ** નામક પરમાધામી નારકોને ઊંચે લઈને પછાડે છે. (૨) **અમ્બરીષ** નામક પરમાધામી નારકોને તે ભઠ્ઠીમાં પકાવી શકાય એવા ટુકડા કરે છે. (૩) **શ્યામ** નામે પરમાધામી એમને કાપે કૂપે છે. (૪) **શબલ** નામક પરમાધામી નારકોના આંતરડા તથા હૃદયાદિને ભેદે છે. (૫) **રૌદ્ર** નામે પરમાધામી એમને ભાલા પરોવે છે. (૬) **ઉપરૌદ્ર** નામે પરમાધામી એમના અંગોપાંગને ભાંગે છે. (૭) **કાળ** નામે પરમાધામી તેઓને કુંડ વગેરેમાં પકાવે છે. (૮) **મહાકાળ** નામે પરમાધામી એમના પોચાં માસના ટુકડાઓ ખાંડી ખાય છે. (૯) **અસિપત્ર** નામે પરમાધામી તલવાર જેવા પત્રોનું વન બનાવે છે. (૧૦) **ધનુ** નામે પરમાધામી ધનુષ્યમાંથી છોડેલાં અર્ધચંદ્રાકાર બાણો વડે એમને વીંધે છે. (૧૧) **કુમ્ભ** નામે પરમાધામી એમને પકાવે છે. (૧૨) **વાલુક** નામે પરમાધામી કદમ્બ પુષ્પ વગેરેના આકારવાળી રેતીમાં એમને ભુંજે છે. (૧૩) **વૈતરણ** નામે પરમાધામી ઉકળતા રુધિર, પરૂ વગેરેથી ભરેલી વૈતરણી નદી બનાવે છે. (૧૪) **ખરસ્વર** નામે પરમાધામી વજ્રના કાંટાઓને લીધે ભયંકર એવા શાલ્મલી વૃક્ષ ઉપર તેઓને ચઢાવીને કઠોર શબ્દપૂર્વક ખેંચે છે. (૧૫) **મહાઘોષ** નામે પરમાધામી નાસી જવાને પ્રયત્ન કરનારાઓને હાક મારીને રોકે છે.

☞ આ પરમાધામીઓ આવાં અનંત પાપ સંચિત કરી, મૃત્યુ પામી, અત્યંત દુઃખી એવા **"અંડગોલિક"** થાય છે એ હકીકત નીચે પ્રમાણે જાણવી.

જ્યાં સિંધુ નદી લવણસમુદ્રને મળે છે ત્યાંથી દક્ષિણ તરફ પંચાવન યોજન ઉપર આવેલી એક વૈદિકાની અંદર ૧૨½ યોજન પ્રમાણ એક ભયાનક સ્થળ છે. ત્યાં ૩½ યોજન સમુદ્રની ઊંડાઈ છે. જેમાં ૪૭ અંધકારમય ગુફાઓ છે. એની અંદર પહેલા સંઘયણવાળા, પરાક્રમી, મદ્ય-માંસ અને લોલુપી-જળચર મનુષ્યો રહે છે એમનો વર્ણ કૃષ્ણ છે, સ્પર્શ કઠિન છે અને દૃષ્ટિ અતિ ભયાનક છે. ૧૨½ હાથની એમની કાયા છે અને સંખ્યાત વર્ષનું એમનું આયુષ્ય હોય છે.

આ સન્તાપદાયક સ્થળથી ૩૧ યોજન દૂર સમુદ્રની વચ્ચે અનેક મનુષ્યની વસ્તીવાળો રત્નદ્વીપ નામે દ્વીપ છે. ત્યાંના મનુષ્યો પાસે વજ્રની બનાવેલી ઘંટીઓ હોય છે. એ ઘંટીઓના પડને તેઓ મદ્ય-માંસ વડે લીંપે છે ને તે વસ્તુઓ એમાં નાંખે પણ છે. મદ્ય-માંસ ભરેલા તુંબડાઓના વહાણ ભરીને તેઓ સમુદ્રમાં જાય છે અને એ મદ્ય-માંસ વડે પેલા જલચર મનુષ્યોને લલચાવે છે. એટલે વસ્તુના સ્વાદમાં લુબ્ધ એ જળ-મનુષ્યો એમની પાછળ પડીને ક્રમે ક્રમે એ ઘંટીઓમાં પડે છે... હવે તેઓ અગ્નિમાં પકાવેલા માંસને તથા જુના મદ્યને બે ત્રણ દિવસ ખાઈને સુખેથી રહે છે. એટલામાં તો રત્નદ્વીપવાસી સુભટો ત્યાં આવીને ઉપર ઘંટીનું બીજું પડ મૂકીને પછી તે ઘંટીઓને ચારે તરફથી ઘેરી લે છે. ન ફરી શકે એવી હોવા છતાં પણ એને એક વર્ષ સુધી ફેરવ્યા કરે છે, તો પણ પેલાઓનાં અસ્થિ લેશમાત્ર પણ ભાંગતા નથી. એવા ભયંકર દુઃખોને સહન કરતા મહામુસીબતે તેઓ ૧ વર્ષને અંતે મૃત્યુ પામે છે અને તે મનુષ્યો તેમના શરીરમાંથી અંડમાં રહેલ ગોળીઓને પ્રાપ્ત કરે છે. પછી રત્નોને મેળવવાની ઈચ્છાવાળા તેઓ તેઓની તે ગોળીઓને ચમરીના પૃચ્છના વાળથી ગૂંથી, બંને કાને લટકાવી સમુદ્રમાં પ્રવેશ કરે છે એમ કરવાથી કરચલા, જુડ, માછલા, મગરમચ્છાદિ હિંસક જીવો તેઓને કઈ પણ હેરાન કરી શકતા નથી તેમજ તેઓ સમુદ્રમાં ડુબતા નથી અને જળમાં પણ તે ઉદ્યોત માર્ગદર્શક થઈ પડે છે.

આ પ્રમાણે પરમાધામીઓ ઘોર કર્મ બાંધી અંડગોલિકપણે ઉત્પન્ન થઈ, આવી ભયાનક ઘંટીઓમાં પીલાઈ મહાન દુઃખોને અનુભવી ત્યાં પણ મહાન કર્મો બાંધી સંસારમાં રખડતા જ ફર્યા કરે છે.

(આ ભાવાર્થ "મહાનિશિથ"ના ચોથા અધ્યયનમાં કહેલો છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org













(તા.ક. = ઉપર બતાવેલ કેટલાંક ચિત્રો પરમાધામી કૃત વેદનાના પણ છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારકોને ૧૦ પ્રકારે ક્ષેત્રવેદના

20

☞ નારક જીવોને નરક ક્ષેત્રના સ્વભાવથી જ નીચે પ્રમાણેના ૧૦ પ્રકારે જે દુઃખ આપનારા પુદ્ગલ પરિણામ હોય છે, તે જણાવે છે...[1]

☞ **બન્ધન :** નારકોની બન્ધનાવસ્થા તથા તેમને પ્રત્યેક ક્ષણે થતા આહારને યોગ્ય પુદ્ગલના સમ્બન્ધ અને ગ્રહણરૂપ બન્ધન પરિણામ જાણે જાજવલ્યમાન રીતે જલતા અગ્નિથી પણ અત્યંત દારૂણ હોય છે.

☞ **ગતિ :** નારકોની ગતિ ઊંટ વિગેરેની કુગતિ જેવી અત્યંત દુઃખથી સહી શકાય એવી અને તપાવેલા લોખંડ ઉપર પગ મૂકવા કરતાં પણ અત્યંત દુઃખદાયક છે.

☞ **સંસ્થાન :** તેઓનું શરીર એકદમ બિભત્સ-હુંડક સંસ્થાનવાળું, પાંખો કાપેલા અંડજોત્પન્ન પક્ષી જેવું વિરૂપ અને જોતાં જ ઉદ્વેગ કરાવે તેવું હોય છે.

☞ **ભેદ :** શસ્ત્રની ધાર વડે કોઈ કાપે કે ખેંચે અને એમાં જે દુઃખ થાય એના કરતાં પણ વધુ દુઃખ કુડ્યાદિથી (કુંભી વગેરેમાંથી) નારકીના શરીરનાં પુદ્ગલો છુટાં પડે ત્યારે હોય છે.

☞ **વર્ણ :** આ નારકોના શરીરનો વર્ણ અત્યંત નિકૃષ્ટ, અતિ ભીષણ, મલિન હોય છે. વળી, તેમના ઉત્પન્ન થવાના નરકાવાસો દ્વાર-બારી-જાલિયા વિનાના, સર્વદિશાથી ભયાનક ચારે બાજુ ગાઢ અંધકારમય, શ્લેષ્મ-મૂત્ર-વિષ્ઠા-મલ-રુધિર-વસા-મેદ અને પરુ વિગેરે સરખા અશુભ પુદ્ગલોથી લેપાયેલા ભૂતલ પ્રદેશવાળા અને સ્મશાનની જેમ માંસ-પૂતિ-કેશ-અસ્થિ-નખ-દાંત-ચામડી વગેરેના અશુચિ અને અપ્રિય પુદ્ગલો વડે આચ્છાદિત ભૂમિવાળા હોય છે.

☞ **ગંધ :** નારકોના શરીરની ગંધ-કોહવાઈ ગયેલા કૂતરા, બિલાડી, નોળીયો, સર્પ, ઉંદર, હસ્તી, અશ્વ, ગાય વગેરેના મૃતકના કલેવરોનો જે દુર્ગંધ હોય તેથી પણ અધિક અશુભતર હોય છે.

☞ **રસ :** લીમડા, ગળો વગેરે કરતાં પણ અત્યંત કટુક હોય છે.

☞ **સ્પર્શ :** આ નારકોનો સ્પર્શ અગ્નિ-વિંછી-કૌંચ આદિના સ્પર્શથી પણ અત્યંત રૌદ્ર દુઃખાવહ છે. સાતે પૃથ્વીના સ્પર્શો અમનોજ્ઞ છે. વાયુ તથા વનસ્પતિના સ્પર્શો પણ તેમને ત્રાસરૂપ જ હોય છે.

☞ **અગુરુલઘુ :** એઓનો (નારકોનો) પરિણામ અગુરુલઘુ હોવા છતાં પણ તીવ્ર દુઃખનું સ્થાન છે, જે અત્યંત પીડાકારી છે.

☞ **શબ્દ :** નારકો સતત પીડાતા-કચડાતા હોવાના કારણે અત્યંત દુઃખદ આક્રંદ વડે વિલાપ કરતા હોવાથી નારકોના શબ્દો પણ કરુણા ઉપજાવે તેવા હોય છે.

આ પ્રમાણે ૧૦ પ્રકારના અશુભ પુદ્ગલ-પરિણામો સ્વરૂપ વેદના નારકીને વિષે અવશ્ય હોય છે.★

★ અત્યારની વૈજ્ઞાનિક દુનિયામાં દેખાતા-સંભળાતા વિચિત્ર અવનવા રોગો આગળ કાંઈ આશ્ચર્ય જેવું નથી. "शरीरं रोगमंदिरम्" આવું જે સૂત્ર કહ્યું છે, તે બરાબર છે. રોગો બધાય વિદ્યમાન છે, ફક્ત નિમિત્ત મળતાં જ તેનો પ્રાદુર્ભાવ થાય છે. નરકમાં તમામઅશુભ નિમિત્તો ઉપસ્થિત થઈ ગયા હોય છે એટલે ત્યાં દુઃખનું અંતિમસામ્રાજ્ય વર્તતું હોવાથી આ બધું જ સંભવિત છે.

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org













(તા.ક. = ઉપર બતાવેલ કેટલાંક ચિત્રો પરમાધામી કૃત વેદનાના પણ છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારકોને અન્ય ૧૦ પ્રકારે ક્ષેત્રવેદના...

21

નારકોને નીચે જણાવેલી બીજી પણ ૧૦ પ્રકારની ક્ષેત્રવેદના હોય છે... તે પણ જરા જાણી લઈએ...

☞ **શીતવેદના :** પોષ અથવા મહામાસની કડકડતી ઠંડીવાળી રાત્રે હિમાલય પર્વત ઉપર, સ્વચ્છ આકાશમાં અગ્નિ વિનાના સ્થાનમાં વાયુની વ્યાધિવાલા નિર્વસ્ત્ર દરિદ્રીને સતત પવનના સુસવાટાના કારણે હૃદય-હાથ-પગ-દાંત-હોઠ કંપતા હોય તે વખતે તે માણસને શીતજલના છંટકાવથી જેવી શીત-ઠંડી વેદના ઉત્પન્ન થાય તે કરતાં પણ અનંત ગુણી શીતવેદના નારકોને નરકમાં થાય છે. કદાચ જો એને નરકાવાસથી ઉપાડીને માહમાસની રાત્રિએ પૂર્વે વર્ણન કર્યું તેવા સ્થાને લાવીને મૂકે તો તે નારક જીવ અનુપમ સુખને પ્રાપ્ત કરતો હોય તેમ નિદ્રાવશ થઈ જાય અર્થાત્ નરકની મહાવ્યથાકારક શીતવેદના સહી હોવાથી, આ વેદના તો તે નારકીને મહાસુખકારક લાગે છે.

☞ **ઉષ્ણવેદના :** ઉનાળાના દિવસોમાં પ્રચંડ સૂર્ય મધ્યાહ્ને તપતો હોય, આકાશમાં છાયાર્થે એકેય વાદળુ ન હોય એ વખતે છત્ર રહિત, અત્યંત પિત્તની વ્યાધિવાળા પુરુષને, ચારે તરફ પ્રજવલી રહેલા અગ્નિના તાપ વચ્ચે જે પીડા ઉત્પન્ન થાય એ કરતાં પણ અનંત ગુણી ઉષ્ણવેદના નરકમાં વર્તતા નારકના જીવોને થાય છે. કદાચ જો એ વેદના સહેતા નારકીઓને ત્યાંથી ઉપાડીને કિંશુક સરખા લાલચોળ જલતા એવા ખદિરના (ખેરના) અંગારાના ઢગલા ઉપર મૂકવામાં આવે અને તે અંગારાઓને ખૂબ તપાવવા ફૂંકવામાં આવે તો પણ એ જીવો (ચંદનથી લેપાયેલા, મૃદુ પવન ખાવાથી અનુપમ સુખને વેદનારા પુરુષની જેમ) સુખ પામતા નિદ્રાવશ થઈ જાય છે. એટલે કે નરકની અનુપમેય ગરમીના અનુભવ આગળ ખદિરના અંગારા તો (મહાગરમીથી રીઢી થઈ ગયેલી કાયાને) અત્યંત ઠંડા લાગે છે. હવે વિચારો કે નારક જીવોને ભોગવવી પડતી ગરમી કેવી હશે ? નારકોનું શરૂઆતની કેટલીક નરકોમાં માત્ર પોતાનું ઉત્પત્તિ સ્થાન જ હિમ જેવું શીતલ હોય છે. બાકીની સમગ્ર ભૂમિ ખદિરના અંગારા કરતાં પણ અત્યંત ઉષ્ણ હોવાથી તેની તીવ્ર વેદના અનુભવવી પડે છે. પછીની કેટલીક નરકોમાં ઉત્પત્તિ સ્થાન ઉષ્ણ અને નરકાવાસો શીત હોય છે.

☞ **ક્ષુધાવેદના :** ભૂખ તો પ્રતિક્ષણે જીવતી જાગતી જ બેઠી હોય છે. એ નારકોની જઠરાગ્નિ એટલી પ્રદીપ્ત હોય છે કે વારંવાર નંખાતાં સૂકાં કાષ્ઠો વડે પ્રજ્વલિત રહેલા અગ્નિની જેમ અતિતીવ્ર ક્ષુધાગ્નિ વડે સદા બળતા ઉદર શરીરવાળા રહે છે. તેઓ સમગ્ર જગતના અન્ન-ઘૃતાદિ પુદ્ગલોનો આહાર કરે તો પણ તૃપ્ત ન જ થાય ઉલ્ટુ અશુભ કર્મના ઉદયથી અમનોજ્ઞ પુદ્ગલના ગ્રહણથી તેની (નારકની) ક્ષુધા વધતી જ જાય છે.

☞ **તૃષ્ણાવેદના :** એમની તરસ તો સદૈવ, કંઠ, ઔષ્ઠ, તાળુ અને જિહ્વાદિકને શોષી નાખનારી, સઘળાએ સમુદ્રના અગાધ જળનું પાન કરતા પણ શાંત ન થાય એવી હોય છે.

☞ **કંડુ (ખરજ) વેદના :** આ નારકોને દુઃખદાયી ખરજની ચળ એવી હોય છે કે કરવત કે છરીથી ખણવા છતાં પણ શાંત ન થાય.

☞ **પરવશતા વેદના :** આ નારકોની પરવશતા (પરાધીનતા) આપણા કરતા પણ અનંતગણી હોય છે.


☞ **જ્વરવેદના :** આ નારકોને જવર-તાવ અત્યંત ઉગ્ર, પણ આપણાથી અનંતગુણો દુઃખદાયક અને જીવનપર્યંત હોય છે.

☞ **દાહ-શોક-ભય વેદના :** નારકોના શરીરમાં દાહ-શોક (વિલાપ) અને ભય એ ત્રણે વેદનાઓ આપણા કરતાં અનંત ગુણી હોય છે[1].

★ क्षारोष्णतीव्रसद्भावनदी वैतरणी जलात् । दुर्गन्धान्मृन्मयाहारद्दुःखं भुञ्जन्ति दुःसहम् ॥

ભાવાર્થ : તેઓ (નારકીઓ...) ખારું, ગરમતથા એકદમતીક્ષ્ણ વૈતરણી નદીનું પાણી પીએ છે અને દુર્ગંધી માટી ખાય છે એટલે નિરંતર અસહ્ય દુઃખ ભોગવે છે. (હરિવંશ પુરાણ સર્ગ ૪, શ્લોક-૩૬૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

22

સાતમી નરક

☞ તમસ્તમપ્રભા (માઘવતી) નામની સાતમી નરક પૃથ્વીમાં અતિશય ઘોર અંધકાર હોવાથી ગોત્ર વડે **"તમસ્તમપ્રભા"** કહેવાય છે. જેની લંબાઈ પહોળાઈ ૭ રાજલોક પ્રમાણ છે. એના પણ ૩ વલય છે. (ઘનોદધિ વગેરે...) જે સૌથી ઊપરના ભાગે ચારે તરફ પહેલું ૮ યોજનનું, બીજું ૬ યોજનનું અને ત્રીજું ૨ યોજનનું છે એવી રીતે આ નરકની સીમા પૂરા ૧૬ યોજને પૂરી થાય છે. ત્યાંથી પછી ચારે બાજુ તરફ "અલોક" શરૂ થાય છે.

☞ આ નરકની જાડાઈ ૧,૦૮,૦૦૦ યોજનની છે[1]. તેમાં પૂર્વની જેમ નીચે તથા ઊપર ૫૨,૫૦૦ યોજન મૂકીને મધ્યમાં એક જ ૩,૦૦૦ યોજન ઊંચું પ્રતર છે. એમાં ૧ લાખ યોજન પહોળો **"અપ્રતિષ્ઠાન"** નામનો એક નરકેન્દ્ર છે. એ નરકેન્દ્રની(૧) પૂર્વ દિશામાં - **કાલ,** (૨) પશ્ચિમ દિશામાં - **મહાકાળ,** (૩) ઉત્તર દિશામાં - **મહારૌરવ** અને (૪) દક્ષિણ દિશામાં - **રૌરવ...** નામના ત્રિકોણાકારે ૧-૧ નરકાવાસ છે, જે બહુ ભયંકર છે અને એની લંબાઈ પહોળાઈ તથા ઘેરાવો અસંખ્ય યોજનનો છે. દરેકમાં અસંખ્ય ઉત્પત્તિ સ્થાનો આવેલાં છે. વિદિશામાં પંક્તિઓ પૂર્ણ થઈ ગઈ હોવાથી અહીં વિદિશામાં એક પણ નરકાવાસ નથી અને આ સહુથી છેલ્લું ઓગણપચાસમું પ્રતર છે તેમ જાણવું.

☞ અહીં વેદના ૨ પ્રકારે છે. (૧) ક્ષેત્રવેદના, (૨) પરસ્પરકૃત વેદના... અહીં **"ક્ષેત્રવેદના"** શીત જ છે અને બીજી પરસ્પરકૃત શસ્ત્રો વગરની વેદના છે. કારણ કે, મઘા અને માઘવતી (૬-૭ની નારકી)ના નારકો ભવસ્વભાવથી જ શસ્ત્રો વિકુર્વી શકતા નથી. એમની પાસે શસ્ત્રો ન હોવાથી તેઓ વજ્રનાં મુખવાળા કંથવાના રૂપ કરી એક બીજાના શરીરમાં પેસીને પીડા કરે છે. "૬ઠી ૭મી નરકની પૃથ્વીના નારકો મોટા-રક્તવર્ણી અને વજ્રસમાન મુખવાળા છાણના કીડા જેવા કુંથવાના રૂપ કરીને એક બીજાના શરીરને ઘોડાની જેમ ચઢી ચઢીને ખાતા ખાતા તથા શેરડીના કીડાની જેમ કોતરતા કોતરતા અંદર ઊંડે પેસીને વેદના ઉપજાવે છે[2]..." ઇત્યાદિ આ પ્રમાણે **જીવાભિગમસૂત્ર**માં ઉલ્લેખ છે.

☞ અહીં ૭મી નરકના જીવોનું સ્વભાવિક દેહમાન ૨,૦૦૦ હાથ (૫૦૦ ધનુષ્ય) પ્રમાણ હોય છે અને દરેક નરકનું ઉત્તર વૈક્રિય દેહમાન ઉત્કૃષ્ટથી પણ સ્વ-સ્વ દેહ પ્રમાણથી બમણું હોય છે. તેમજ અહીંની આયુષ્ય સ્થિતિ જઘન્યથી ૨૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે તથા અહીં નારકોનું ઉદ્વર્તન અને ઉત્પત્તિ વચ્ચેનું અંતર પણ જઘન્યથી ૧ સમયનું ને ઉત્કૃષ્ટથી ૬ માસનું જાણવું તથા આ નારકોના અવધિજ્ઞાનનો વિષય જઘન્યથી અર્ધો ($\frac{1}{2}$) અને ઉત્કૃષ્ટથી ૧ ગાઉ જાણવો.


☞ એમ કહેવાય છે કે ઉત્કૃષ્ટથી પણ સમૂર્ચ્છિમ તિર્યંચો પહેલી નરક સુધી જ ઉત્પન્ન થઈ શકે છે. ગર્ભજ સરીસૃપ (ભૂજપરિસર્પ) બીજી નરક સુધી, ગીધાદિ પાપી પક્ષીઓ ત્રીજી નરક સુધી, સિંહ વગેરે હિંસક ચતુષ્પદો ચોથી નરક સુધી, ઉરપરિસર્પ (સાપાદિ) પાંચમી નરક સુધી, સ્ત્રીઓ (મહિલાઓ) છઠ્ઠી નરક સુધી અને મહાઆરંભમાં નિમગ્ન આવા પુરુષો (માણસો) અને મત્સ્યાદિ જળચરો યાવત્ સાતમી નરક સુધી ઉત્પન્ન થાય છે.


☞ વળી એમ પણ કહેવાય છે કે પ્રથમ નારકીમાંથી નીકળેલો જીવ ચક્રવર્તી બની શકે. પહેલી-બીજી નારકીમાંથી નીકળેલા જીવ બળદેવ-વાસુદેવ બની શકે. પહેલી ત્રણ નારકીમાંથી નીકળેલો જીવ તીર્થંકર બની શકે. પહેલી ચાર નારકીમાંથી નીકળેલો જીવ અંતઃક્રિયા કરી શકે. (અર્થાત્ કેવળી બની શકે.) પહેલી પાંચ નારકીમાંથી નીકળેલો જીવ સર્વવિરતિ (દીક્ષા) લઈ શકે. ૧ થી ૬ નારકીમાંથી નીકળેલો જીવ દેશવિરતિ પ્રાપ્ત કરી શકે છે. તેમજ ૧ થી ૭ નારકીમાંથી નીકળેલો જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકે છે.... તેમ જાણવું.

★ **એમ કહેવાય છે કે આ સાતમી નારકીના જીવોને ૫,૬૮,૬૬,૫૮૪ પ્રકારના રોગ હોય છે.**

(રિષ્ટસમુચ્ચય ગ્રંથમાંથી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





* આ ચિત્ર એક પ્રતરવર્તિ રહેલા નર્કાવાસોને જ્યારે તેની સામે ઉભા રહીને દૂરથી જોતા જેવું લાગે, તે રીતે દોરવામાં આવેલ છે.
* ચિત્રના મધ્યભાગમાં 'ઈન્દ્રક' નર્કાવાસો છે. તેને ફરતા દિશાના ચાર અને વિદિશાના ચાર મળી, પ્રારંભના આઠ પંક્તિબદ્ધ આવાસો બતાવ્યા છે. ત્યાર પછી પંક્તિગત રહેલા ત્રિકોણ, અને ત્યાર બાદ ચતુષ્કોણ ત્યાર બાદ ગોળ (વૃત્ત) એ ક્રમે શ્રેનિવિષ્ટ આવાસો બતાવ્યા છે.
* પંક્તિબદ્ધ આવાસની પ્રધાનતા હોવાથી પુષ્પાવકિર્ણ બતાવ્યા નથી.
* નીચેના ભાગે બંને બાજુએ વિશેષ સમજણ માટે પૂર્ણ નર્કાવાસના બ્યાલ આપના ચિત્રો બતાવવામાં આવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપીઓને સજા ભોગવવાનું સ્થાન એટલે ૭ નરકો

23

જીવે કરેલાં અતિશય ભયાનક પાપ કર્મોની સજા ભોગવવા માટે કુદરતે (કર્મ સત્તાએ) જે સ્થાન નક્કી કર્યું છે તેનું જ નામ છે નરક... તો ચાલો આ ૭ નરકો સંબંધી કાંઈક અવનવું જાણી લઈએ.

અધોલોકમાં ક્રમશઃ વિસ્તારવાળી આ ૭ નરકો આવેલી છે જેમાં પાપી જીવો પોતાના પાપોની સજા રૂપે દુઃખો અનુભવે છે. આ સાતે નરકભૂમિઓ કાંઈ આકાશમાં જાદૂના ખેલની જેમ અદ્ધર લટકતી નથી ! પણ તે દરેકની નીચે જાડું પાણીનું થર (ઘનોદધિ) આવેલું છે. તે ઘનોદધિની નીચે જાડું પવનનું થર (ઘનવાત) આવેલું છે અને આ ઘનવાતની નીચે પાતળું પવનનું થર (તનવાત) આવેલું છે. વળી, આ નરકો જાણે ઊંધી કરેલી એક નાની છત્રી હોય, તેની નીચે ઊંધી વાળેલી મોટી છત્રી હોય નીચે-નીચે થોડી થોડી વધારે મોટી છત્રીઓ ગોઠવેલી હોય તેમ છત્રાતિછત્રાકારે ગોઠવાયેલી છે. આ ૭ નરકોના નામ, પૃથ્વીમાન, નરકવાસો... વગેરે વિશેષ નીચે કોષ્ટકમાંથી જાણવું.

ક્રમ	નરકના ગોત્ર નામ	પૃથ્વીના નામ	પૃથ્વીપિંડ	નરકાવાસોનું પૃથ્વીપિંડ	૧૩ પ્રતરનું કુલ માપ	પ્રતરો સિવાયના બાકીનો ભાગ	૧ ન્યૂન પ્રતરે-પ્રતરે	આગળની સંખ્યા વડે ભાગવાથી ૨ પ્રતર વચ્ચેનું આવતું અંતર	પ્રતર સંખ્યા
૧	રત્નપ્રભા[1]	ઘમ્મા[2]	૧,૮૦,૦૦૦[3]	૧,૭૮,૦૦૦	૩૯,૦૦૦	૧,૩૯,૦૦૦	બારે ભાગ આપવો	૧૧,૫૮૩$\frac{1}{3}$ યોજન	૧૩
૨	શર્કરાપ્રભા	વંશા	૧,૩૨,૦૦૦	૧,૩૦,૦૦૦	૩૩,૦૦૦	૯૭,૦૦૦	દશે ભાગ આપવો	૯૭,૦૦૦ યોજન	૧૧
૩	વાલુકાપ્રભા	શૈલા	૧,૨૮,૦૦૦	૧,૨૬,૦૦૦	૨૭,૦૦૦	૯૯,૦૦૦	આઠે ભાગ આપવો	૧૨,૩૭૫ યોજન	૯
૪	પંકપ્રભા	અંજના	૧,૨૦,૦૦૦	૧,૧૮,૦૦૦	૨૧,૦૦૦	૯૭,૦૦૦	છએ ભાગ આપવો	૧૬,૧૬૬$\frac{2}{3}$ યોજન	૭
૫	ધૂમપ્રભા	રિષ્ટા	૧,૧૮,૦૦૦	૧,૧૬,૦૦૦	૧૫,૦૦૦	૧,૦૧,૦૦૦	ચારે ભાગ આપવો	૨૫,૨૫૦ યોજન	૫
૬	તમઃપ્રભા	મઘા	૧,૧૬,૦૦૦	૧,૧૪,૦૦૦	૯,૦૦૦	૧,૦૫,૦૦૦	બે ભાગ આપવો	૫૨,૫૦૦ યોજન	૩
૭	તમસ્તમપ્રભા	માઘવતી	૧,૦૮,૦૦૦	૧,૦૬,૦૦૦	૩,૦૦૦	૧,૦૩,૦૦૦	૧ પ્રતર ઉપર નીચે	૫૧,૫૦૦ યોજન	૧

ઉપર ચારેબાજુ ઘનોદધિ વલય	ઉપર ચારેબાજુ ઘનવાત વલય	ઉપર ચારેબાજુ તનવાત વલય	કુલ	પૃથ્વી નીચે ઘનોદધિ (યોજનમાં)	ઘનવાત તનવાત આકાશ (યોજનમાં)	પુષ્પાવકીર્ણ નરકાવાસો	પંક્તિબદ્ધ નરકાવાસો	સર્વ નરકાવાસોનો સરવાળો
૬ યોજન	૪$\frac{1}{2}$યો.	૧$\frac{1}{2}$યો.	૧૨ યોજન[4]	૨૦,૦૦૦	અસંખ્ય	૨૯,૯૫,૫૬૭	૪,૪૩૩	૩૦ લાખ[5]
૬$\frac{1}{3}$યો.	૪$\frac{1}{3}$યો.	૧$\frac{1}{3}$યો.	૧૨$\frac{1}{3}$યો.$\frac{1}{3}$ભા.	૨૦,૦૦૦	અસંખ્ય	૨૪,૯૭,૩૦૫	૨,૬૯૫	૨૫ લાખ
૬ યો.	૫$\frac{1}{3}$યો.	૧$\frac{1}{3}$યો.	૧૩યો.$\frac{1}{3}$ભા.	૨૦,૦૦૦	અસંખ્ય	૧૪,૯૮,૫૧૫	૧,૪૮૫	૧૫ લાખ
૭ યો.	૫$\frac{1}{2}$યો.	૧$\frac{1}{2}$યો.	૧૪ યોજન	૨૦,૦૦૦	અસંખ્ય	૯,૯૯,૨૯૩	૭૦૭	૧૦ લાખ
૭$\frac{1}{3}$યો.	૫$\frac{1}{3}$યો.	૧$\frac{1}{3}$યો.	૧૪$\frac{1}{3}$ યોજન	૨૦,૦૦૦	અસંખ્ય	૨,૯૯,૭૩૫	૨૬૫	૩ લાખ
૭$\frac{2}{3}$યો.	૫$\frac{2}{3}$યો.	૧$\frac{2}{3}$યો.	૧૫$\frac{1}{3}$યોજન	૨૦,૦૦૦	અસંખ્ય	૯૯,૯૩૨	૬૩	૯૯,૯૯૫
૮ યો.	૬ યો.	૨ યો.	૧૬ યોજન	૨૦,૦૦૦	અસંખ્ય	૦	૫	૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ લોકના ધ્યાનનું ફળ ॥

नानाद्रव्यगतानंतपर्यायपरिवर्तनात्।
सदासक्तं मनो नैव रागाद्याकुलतां व्रजेत् ॥

☞ આ લોક સ્વરૂપનો વિચાર કરવાથી શું ફાયદો થાય ? આમ, શંકા કરનારને ઉત્તર આપે છે કે, અનેક દ્રવ્યોમાં રહેલા અનંત પર્યાયોને પરાવર્તન કરવાથી (એટલે દ્રવ્યગત પર્યાયના સંબંધમાં વિચાર કરવાથી) નિરંતર તેમાં આસક્ત થયેલું મન રાગાદિ આકુળતા પામતું નથી.

☞ **વિવેચન :** દ્રવ્યની ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યય સંબંધી વિચાર કરતા વૈરાગ્યની ઉત્પત્તિ પણ થાય છે. કોઈ પણ દ્રવ્યની આકૃતિ ઉપર મોહ યા રાગ થયો હોય તો, તરત જ તેના ભાવિ વિનાશ ઉપર દ્રષ્ટિ કરતાં મમત્ત્વ ઓછું થાય છે. એક આકૃતિના વિનાશથી શોક હોય ત્યારે બીજી બાજુ તેની સ્થિતિની હયાતી અન્ય રુપે તો છે. આ વિચાર આવતાં શોકમાં હ્રાસ અવશ્ય થઈ શકે છે. ત્યારે ઉત્પત્તિ, સ્થિતિ અને લયના ત્રણે ભાગો ઉપર દ્રષ્ટિ રાખનારને હર્ષ કે શોક, રાગ કે દ્વેષ એ માંહિલું કોઈ પણ પરાભવ કરી શકતું નથી, કારણ કે શરુઆતથી જ તેની દ્રષ્ટિ ત્રણે ભાગો ઉપર સરખી રહેલી છે. ઇત્યાદિ આવી રીતે અનેક ફાયદાઓ લોકના કે દ્રવ્યના વિચારથી (ધ્યાનથી) થાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યલોક

આ વિશ્વના જે મધ્યભાગે, મુખ્ય બની શોભી રહ્યો,
અસંખ્ય દ્વીપ-સમુદ્રોથી, જે જગતમાં ગાજી રહ્યો।
જે જાણે એના સ્વરુપને તે ધન્ય છે, કૃતપુણ્ય છે,
તે "મધ્યલોક" ને વર્ણતા, મુજ રોમરોમ વિકસિત બને...।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપ

24

☞ અધોલોકનું વર્ણન આપણે જોયું, તેની ઉપર ૧૮૦૦ યોજન ઊંચો અને ૧ રાજ લાંબો-પહોળો **મધ્યલોક** રહેલો છે, જેને **તિર્છાલોક** પણ કહેવાય છે. જેમાં એક-એકથી બમણા માપવાળા અસંખ્ય દ્વીપ-સમુદ્રો પથરાઈને રહેલા છે. તેની બરાબર મધ્યમાં લાખ યોજન લાંબો-પહોળો જંબૂ નામનો દ્વીપ આવેલો છે.[1] તે જંબૂ નામના શાશ્વત વૃક્ષના કારણે **જંબૂદ્વીપ** નામે ઓળખાય છે. તે તેલનો પુડલો, રથનું પૈડું કે પૂર્ણ ચંદ્ર જેવા આકારનો ગોળ છે. તેની પરિધિ-૩ લાખ, ૧૬ હજાર, ૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩ આંગળ, ૫ યવ ને ૧ યુકા જેટલી છે.[2]

☞ જંબૂદ્વીપની બરાબર મધ્યમાં ૧ લાખ યોજન ઊંચો અને નીચેના ભાગે ૧૦ હજાર યોજન વિસ્તારવાળો મેરુપર્વત આવેલો છે.

☞ જંબૂદ્વીપની અંદર ભરતાદિ ૭ મહાક્ષેત્રો.... અને હિમવંતાદિ ૬ મોટા વર્ષધર પર્વતો આવેલા છે. વળી, આ જંબૂદ્વીપની મધ્યમાં ૩૩,૬૮૪$\frac{1}{19}$ યોજનવાળું વિશાલ મહાવિદેહક્ષેત્ર આવેલું છે.

☞ આ મહાવિદેહક્ષેત્રની બંને બાજુ નીચે પ્રમાણે ઉત્તર-દક્ષિણમાં અનુક્રમે પર્વતો-ક્ષેત્રો આવેલાં છે[3]... તે આ પ્રમાણે જાણવાં.

દક્ષિણ તરફ...			ઉત્તર તરફ		
(૧) નિષધ પર્વત	= ૧૬,૮૪૨$\frac{2}{19}$	યોજન	(૧) નિલવંત પર્વત	= ૧૬,૮૪૨$\frac{2}{19}$	યોજન
(૨) હરિવર્ષ ક્ષેત્ર	= ૮,૪૨૧$\frac{1}{19}$	યોજન	(૨) રમ્યક્ ક્ષેત્ર	= ૮,૪૨૧$\frac{1}{19}$	યોજન
(૩) મહાહિમવંત પર્વત	= ૪,૨૧૦$\frac{10}{19}$	યોજન	(૩) રુક્મિ પર્વત	= ૪,૨૧૦$\frac{10}{19}$	યોજન
(૪) હિમવંત ક્ષેત્ર	= ૨,૧૦૫$\frac{5}{19}$	યોજન	(૪) હિરણ્યવંત ક્ષેત્ર	= ૨,૧૦૫$\frac{5}{19}$	યોજન
(૫) લઘુહિમવંત પર્વત	= ૧,૦૫૨$\frac{12}{19}$	યોજન	(૫) શિખરી પર્વત	= ૧,૦૫૨$\frac{12}{19}$	યોજન
(૬) ભરત ક્ષેત્ર	= ૫૨૬$\frac{6}{19}$	યોજન	(૬) ઐરાવત ક્ષેત્ર	= ૫૨૬$\frac{6}{19}$	યોજન

☞ મહાવિદેહક્ષેત્રમાં મેરુની પૂર્વ-પશ્ચિમ દિશામાં ભરતક્ષેત્રથી પણ મોટી કુલ ૩૨ વિજયો આવેલી છે જેમાં સતત ઓછામાં ઓછા ૪ તીર્થંકરો, ચક્રી, વાસુદેવો વગેરે હોય જ છે. આ ૩૨ વિજયો તેમજ ભરત અને ઐરાવત એમ કુલ ૩૪માં દરેકમાં એક એક એમ ૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો છે. જેની ઉત્તર-દક્ષિણે ચક્રીને જીતવા યોગ્ય ૩-૩ ખંડ = કુલ ૬ ખંડ હોય છે.

☞ જંબૂદ્વીપમાં રહેલી ગંગા-સિંધુ મુખ્ય ૯૦ નદીયો પદ્માદિ મહાદ્રહોમાંથી નીકળી પોતપોતાના પરિવાર સાથે મળતી કુલ ૧૪,૫૬,૦૦૦ નદીઓ આગળ જતા લવણસમુદ્રમાં જઈ મળે છે.

☞ હરિવર્ષ, રમ્યક્, હિમવંત, હિરણ્યવંત, ઉત્તરકુરુ અને દેવકુરુ આ ૬ ક્ષેત્રોમાં યુગલિક મનુષ્ય તિર્યંચો હોય છે.

☞ જંબૂદ્વીપમાં કુલ ૨૬૯ પર્વતો છે તે જેમકે... ૬ વર્ષધર પર્વત, ૧ મેરુ પર્વત, ૧૬ વક્ષસ્કાર પર્વત, ૨૦૦ કંચનગિરી, ૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વત, ૪ વૃત્ત વૈતાઢ્ય પર્વત, ૪ ગજદંત પર્વત, ૪ યમકાદિ પર્વત.

☞ જંબૂદ્વીપમાં ૧૬ મોટા દ્રહો છે. વર્ષધર પર્વતો ઉપર ૬ (પદ્મદ્રહાદિ) અને ઉત્તરકુરુ-દેવકુરુમાં ૧૦ છે.

☞ આ જંબૂદ્વીપને ફરતે ગોળાકારે વિશાળ કોટ છે. તેને જગતી કહેવાય છે. આ જગતીને ચારે દિશામાં વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત એવા નામથી ઓળખાતા ચાર દરવાજા છે.


☞ જંબૂદ્વીપના લઘુહિમવંત અને શિખરી પર્વતની પૂર્વ-પશ્ચિમ બંને કિનારે બે-બે દાઢાઓ નીકળેલી છે. તેથી કુલ આઠ દાઢાઓ થઈ. તે દરેક ઉપર ૭-૭ દ્વીપ હોવાથી ૫૬ અંતર્દ્વીપો આવેલા છે. જંબૂદ્વીપની ફરતે વલયાકારે તેનાથી બમણો અર્થાત્ ૨ લાખ યોજનના વિસ્તારવાળો લવણસમુદ્ર આવેલો છે.

☞ જંબૂદ્વીપમાં મેરુપર્વતની આસપાસ ૨ સૂર્ય, ૨ ચંદ્ર, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહો, અને ૧,૩૩,૯૫૦ કાડાકોડી તારાઓ ફરી રહ્યા છે.

☞ આ જંબૂદ્વીપ ૯૯,૦૦૦ યોજનથી કાંઈક અધિક ઊંચો છે અને ૧,૦૦૦ યોજન પ્રમાણ નીચે (અધોભાગે) આવેલો છે. એનો સરવાળો કરતા એનું ઊર્ધ્વ-અધો પ્રમાણ ૧ લાખ યોજનથી કાંઈક અધિક પ્રાપ્ત થાય છે.[4] (આ વાત મેરુપર્વતને અપેક્ષીને કહેવાઈ છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપની જગતી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપની જગતી-દ્વારો-રાજધાની વગેરેનું વર્ણન

25

☞ **લઘુક્ષેત્ર સમાસમાં** આ જગતીના જે ૧૧ વિશેષણો કહ્યાં છે તે બતાવે છે.

☞ **જગતીની મુખ્ય જાણકારી :** (૧) આ જગતી વજરત્નની છે. (૨) પોતપોતાની જગતીનો વિસ્તાર પોતપોતાના દ્વીપ સમુદ્રો પ્રમાણ હોય છે. (૩) ૮ યોજનની ઊંચાઈ હોય છે. (૪) ૧૨ યોજન મૂળમાં ને ૪ યોજન ઉપર પહોળાઈ હોય છે. (૫) મધ્યમાં ૮ યોજનનો વિસ્તાર હોય છે. (૬) જગતીના ઉપરના મધ્ય ભાગે ૨ ગાઉ ઊંચી ને ૫૦૦ ધનુષ્ય પહોળી પદ્મવરવેદિકાથી યુક્ત અને તેની બંને બાજુ ૨ યોજનમાં ૨૫૦ ધનુષ્ય ન્યુન માપના વનખંડો છે. (૭) સમુદ્ર તરફ વનખંડના છેડે ફરતો ૨ ગાઉ ઊંચો અને ૫૦૦ ધનુષ્ય પહોળો ઝરુખો છે. (૮) ચાર દિશામાં ૪ દ્વાર છે. (૯) એક દ્વારથી બીજા દ્વાર વચ્ચે ૭૯,૦૫૨ યોજન, ૧ ગાઉ, ૧૫૩૨ ધનુષ્ય અને ૩ ½ આંગલનું અંતર છે. (૧૦) તે ૪ દ્વારોના પૂર્વાદિ ક્રમે નામ વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત એમ જાણવા. (૧૧) ચારે દ્વારો ... ઉંબરો, બે-બે દરવાજા, ભોગળ વગેરે દ્વારના બધા અંગોથી સુશોભિત છે.

જંબૂદ્વીપની જગતીના દ્વારોનું વર્ણન...

ક્રમ	વિષય	વિજયાદિ દરેક દ્વાર	ક્રમ	વિષય	વિજયાદિ દરેક દ્વાર
૧	મેરુથી કેટલે દૂર	ચારે દિશામાં ૪૫,૦૦૦ યોજન દૂર ગયા બાદ	૭	દરવાજાની સંખ્યા	૧૦૮
૨	કઈ નદીનાં કિનારે	સીતા/સીતોદા	૮	દરેક ધ્વજાના ચિહ્નો	૧૦ પ્રકારના
૩	દ્વારની ઊંચાઈ	૮ યોજન	૯	અધિપતિનું નામ	વિજયાદિ
૪	દ્વારની પહોળાઈ	૪ ½ યોજન	૧૦	વિજયાદિ દેવોના સામાનિક દેવોની સંખ્યા	૪,૦૦૦
૫	સ્તંભો	વૈડુર્યરત્નના...	૧૧	પર્ષદા	૩
૬	દ્વાર પર શું છે ?	અષ્ટ મંગલ...	૧૨	મુખ્ય પટ્ટરાણી	૪

વિજયાદિ દેવોની રાજધાનીનું વર્ણન


ક્રમ	વિષય	વિજયાદિ દરેક દ્વાર	ક્રમ	વિષય	વિજયાદિ દરેક દ્વાર
૧	વિજયાદિ દેવની રાજધાની કયા સ્થાને	અસં.દ્વીપ સમુદ્રના પછી આવતા જંબૂદ્વીપમાં	૭	ઊપરની પહોળાઈ	૩ ½ યોજન
૨	લંબાઈ-પહોળાઈ	૧૨,૦૦૦ યોજન	૮	કોટના કાંગરાની લંબાઈ-પહોળાઈ	૦ ½ ગાઉ
૩	પરિધિ	૩૭,૦૦૦ યોજનથી કાંઈક અધિક	૯	કોટના દ્વારની ઊંચાઈ કાંઈક અધિક	૬૨ ½ યોજન
૪	તેનાં કોટની ઊંચાઈ	૩૭ ½ યોજન	૧૦	કાંગરાની પહોળાઈ	૦ ¼ ગાઉ
૫	મૂળમાં કોટની પહોળાઈ	૧૨ ½ યોજન	૧૧	કોટના દ્વારની પહોળાઈ	૩ ½ યોજન
૬	મધ્યમાં કોટની પહોળાઈ	૬ ½ યોજન			

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશમાંથી દેખાતો જગતી-વેદિકા વનખંડ તથા ગવાક્ષકટકનો દેખાવ



જગતીના મધ્યભાગે ગવાક્ષકટકનો દેખાવ



ગવાક્ષકટક બે ગાઉ ઊંચુ અને ૫૦૦ ધનુષ વિસ્તારવાળું છે અને સમુદ્ર તરફ બહારના ભાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગતીની વેદિકા અને વનખંડો

26

☞ આ જંબૂદ્વીપને ફરતો વજ્રમણિમય કોટ આવેલો છે, જે આગમમાં **"જગતી"** ના નામથી પ્રસિદ્ધ છે. એનો આકાર ઊંધા કરેલા ગાયના પૃચ્છના જેવો છે. એની ઊંચાઈ ૮ યોજન અને મૂળ વિસ્તાર ૧૨ યોજનનો છે. એના (જગતીના) ૪ યોજનના વિસ્તારવાળા ટોચના મધ્યભાગમાં ૧ સર્વરત્નમય વેદિકા વ્રજના સ્તંભ તથા સોના રૂપાના પાટિયાથી શોભી રહી છે, એના ઉપરનો ભાગ રિષ્ટરત્નમય અને નીચેનો ભાગ વજ્રરત્નમય છે, એ વેદિકા પુરુષ-કિન્નર-ગંધર્વ-વૃષભ-ઘોડા અને હસ્તિ વગેરે વિવિધ ચિત્રોથી શોભી રહી છે, એમાં વાસંતી-ચંપક-અશોક-કુંદ ને અતિમુક્તાદિ અનેક રત્નમય વેલડીયો શોભી રહી છે, એ લતાઓ ઉપર ગુચ્છાઓ પુષ્પો અને પલ્લવો પણ છે ને ત્યાં ક્રીડા કરતા દેવ-દેવીઓ પ્રત્યેનાં વિનયથી જાણે નીચે ઝૂકીને રહેલી છે એવું જણાય છે.


એ વેદિકાનો ઘેરાવો જગતી જેટલો છે, પહોળાઈ ૫૦૦ ધનુષ્ય અને ઊંચાઈ ૨ કોશ (ગાઉ) છે. એ વેદિકા સર્વરત્નમય પદ્મકમળોથી સ્થળે સ્થળે શોભી રહી છે અને એ પ્રમાણે પદ્મો વિશેષ હોવાથી એ પદ્મવરવેદિકા કહેવાય છે. જેમ બે કિનારાઓથી નદી શોભે છે તેમ બંને તરફ બગીચાઓથી પદ્મવરવેદિકા શોભી રહી છે. પ્રત્યેક બગીચો ઘેરાવામાં જગતી જેવડો છે અને એનો વિસ્તાર ૨ યોજનમાં ૨૫૦ ધનુષ્ય ઓછો છે. એ પ્રમાણે વેદિકાનો વિસ્તાર અને બેઉ બગીચાનો વિસ્તાર એકત્ર કરતા ૪ યોજન થાય છે.

☞ વિશેષ એટલું જ કે વેદિકા ઊંચી હોવાના કારણે વાયુ રોકાઈ જઈ ત્યાં સંચરી શકતો નથી માટે અંદરના બગીચામાં તૃણ કે મણિ આદિનો ધ્વનિ થતો નથી. એ બંને આશ્ચર્યકારી બગીચાઓની અંદર સ્થળે સ્થળે પુષ્કરિણી વાવો-નાનાં જળાશયો અને મોટાં સરોવરો પણ આવેલાં છે. અંદર સુખેથી ઊતરી શકાય એવી એ પુષ્કરિણીઓનાં સુવર્ણમય તળીયાં છે, વજ્રમય ભીંતો છે, વિવિધ પ્રકારના રત્નોથી બાંધેલા ઘાટ છે અને એમાં સુવર્ણમય અને રુપ્યમય માટી (રેતી) છે. કેટલીકમાં ઉત્તમ મદિરા જેવા, તો કેટલીકમાં વારુણી જેવાં, કેટલીકમાં અમૃત જેવાં ને કેટલીકમાં ઈક્ષુરસ જેવાં જળ ભરેલાં છે. આવા વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ જળવાળી એ વાવડિઓ શતપત્રાદિ કમળોના કારણે અને તેની ઊપર અષ્ટમંગલ-જીવ-ચામર-ધ્વજા અને તોરણો શોભી રહ્યાં છે એ જ પ્રમાણે એ નાનાં જળાશયો અને મોટાં ક્રિડા સરોવરોની ચારે દિશામાં રત્નમય અને મણિમય ૩-૩ પગથિયાં શોભે છે.

ત્યાં સ્થળે સ્થળે મનોહર ક્રીડા પર્વતો શોભે છે. જેમના શિખર ઉપર ૧-૧ પ્રાસાદ રહેલો છે. દરેક પ્રાસાદ ઉપર ૧-૧ આસન હોય છે, તેમાં ક્યાંક કૌચાસન-ક્યાંક હંસાસન-કયાંક ગરુડાસન-સિંહાસન-ભદ્રાસન તો ક્યાંક મકરાસન એમ જૂદાં જૂદાં સુંદર આસનો શોભે છે. એ બંને બગીચાઓમાં વિધવિધ પ્રકારે ક્રીડાગૃહો છે. ક્યાંક નાટ્યગૃહ તો ક્યાંક કેતકીગૃહ તો વળી ક્યાંક-લતાગૃહ-ગર્ભગૃહ-કદલીગૃહ-સ્નાનગૃહ તો ક્યાંક વસ્ત્રાલંકારગૃહ શોભી રહ્યાં છે. એવા પ્રત્યેક ગૃહમાં દેવોને ક્રીડા કરવા લાયક રત્નમણિમય આસનો છે. ત્યાં દ્રાક્ષ-મલ્લિકા-જાઈ અને માલતી વગેરે લતાઓના અનેક રત્નમય મંડપો પણ છે ને એ મંડપોમાં ક્રોંચાદિક આસનો ઊપર ઉત્તમ સુવર્ણમય શિલાપટ્ટો શોભી રહ્યા છે. એ સર્વ પર્વતો-ગૃહો-જળાશયો તથા મંડપોમાં વ્યંતરાદિ દેવો ઈચ્છા મુજબ ક્રીડા કરે છે... ઈત્યાદિ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ જંબૂદ્વીપના ૭ મહાક્ષેત્ર... ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૂદ્વીપના ૭ મહાક્ષેત્રો...

27

☞ આપણે જ્યાં રહીએ છીએ તે ભરતક્ષેત્ર છે. આ ભરતક્ષેત્રથી જેમ જેમ ઉત્તરમાં જઈએ તેમ તેમ પહેલું હિમવંતક્ષેત્ર છે, તે પછી હરિવર્ષક્ષેત્ર છે, તે પછી મહાવિદેહક્ષેત્ર છે, તે પછી રમ્યક્ક્ષેત્ર છે, તે પછી હિરણ્યવંતક્ષેત્ર છે અને છેલ્લે ઐરાવતક્ષેત્ર છે અથવા બીજી રીતે વિચારીએ તો દક્ષિણ સમુદ્ર પાસે પહેલું ભરતક્ષેત્ર, બીજું હિમવંતક્ષેત્ર, ત્રીજું હરિવર્ષક્ષેત્ર તેમજ ઉત્તર સમુદ્ર તરફથી ગણતાં પહેલું ઐરાવતક્ષેત્ર, બીજુ હિરણ્યવંતક્ષેત્ર અને ત્રીજું રમ્યક્ક્ષેત્ર છે, વળી મધ્યભાગમાં મહાવિદેહક્ષેત્ર આવેલું છે.

☞ આ ૭ ક્ષેત્રોના અધિપતિદેવો... મહાકાંતિ-બલ-વૈભવયુક્ત તેમજ ૧ પલ્યોપમના આયુષ્યવાળા તે તે ક્ષેત્રોના નામાનુસારે જ જાણવા... જેમકે - ભરતક્ષેત્રનો અધિપતિ દેવ તે ભરતદેવ... વગેરે...


☞ આ ૭ મહાક્ષેત્રોમાં ભરતક્ષેત્ર ને ઐરાવતક્ષેત્રમાં ઉત્સર્પિણી + અવસર્પિણીના ૬-૬ આરા વર્તતા હોય છે. જંબૂદ્વીપના મધ્યમાં રહેલા મહાવિદેહક્ષેત્રમાં અવસર્પિણીના ચોથા આરા જેવો જ કાળ સદાય વર્તતો હોય છે. હિમવંતક્ષેત્ર + હિરણ્યવંતક્ષેત્રમાં ત્રીજા આરા સરખો કાળ વર્તતો હોય છે... વળી હરિવર્ષક્ષેત્રમાં તથા રમ્યક્ક્ષેત્રમાં બીજા આરા સરખો કાળ...તથા મહાવિદેહક્ષેત્રમાં મેરુપર્વતની ઊપર-નીચે આવેલા ઉત્તરકુરુ-દેવકુરુક્ષેત્રમાં સદા પ્રથમ આરા જેવો કાળ વર્તતો હોય છે.

☞ અન્ય વિશેષ વિગતો.... નીચે કોષ્ઠકમાં આપેલ છે.


ક્રમ	મહાક્ષેત્રોના નામ	લંબાઈ પૂર્વસમુદ્રથી પશ્ચિમસમુદ્ર સુધી	પહોળાઈ (યોજન-કલા)	ક્યા સ્થાન પર છે ?	મધ્યગિરિ	મહાનદી
૧	ભરતક્ષેત્ર	૧૪,૪૭૧ યોજન ૬ કલા	૫૨૬-૬	જંબૂદ્વીપની દક્ષિણમાં	દીર્ઘ વૈતાઢ્ય પર્વત	પૂર્વ-ગંગા પશ્ચિમ-સિંધુ
૨	હિમવંતક્ષેત્ર	૩૭,૬૭૪ યોજન પ્રાયઃ ૧૬ કલા	૨,૧૦૫-૫	લઘુહિમવંત પર્વતની ઉત્તરમાં	શબ્દાપાતી (વૃત્ત વૈતાઢ્ય)	પૂર્વ-રોહિતા પશ્ચિમ-રોહિતાંશા
૩	હરિવર્ષક્ષેત્ર	૭૩,૯૦૧ યોજન ૧૭ $\frac{૧}{૨}$ કલા	૮,૪૨૧-૧	મહાહિમવંત પર્વતની ઉત્તરમાં	ગંધાપાતી (વૃત્ત વૈતાઢ્ય)	પૂર્વ-હરિસલિલા પશ્ચિમ-હરિકાન્તા
૪	મહાવિદેહક્ષેત્ર	૧,૦૦,૦૦૦ યોજન	૩૩,૬૮૪-૪	નિષધ-નીલવંત પર્વતની મધ્યમાં	મેરુપર્વત	પૂર્વ-સીતા પશ્ચિમ-સીતોદા
૫	રમ્યક્ક્ષેત્ર	૭૩,૯૦૧ યોજન ૧૭ $\frac{૧}{૨}$ કલા	૮,૪૨૧-૧	નીલવંત પર્વતની ઉત્તરમાં	માલ્યવંત (વૃત્ત વૈતાઢ્ય)	પૂર્વ-નરકાંતા પશ્ચિમ-નારીકાંતા
૬	હિરણ્યવંતક્ષેત્ર	૩૭,૬૭૪ યોજન પ્રાયઃ ૧૬ કલા	૨,૧૦૫-૫	રુક્મિ પર્વતની ઉત્તરમાં	વિકટાપાતી (વૃત્ત વૈતાઢ્ય)	પૂર્વ-સુવર્ણકુલા પશ્ચિમ-રુપ્યકુલા
૭	ઐરાવતક્ષેત્ર	૧૪,૪૭૧ યોજન ૬ કલા	૫૨૬-૬	શિખરી પર્વતની ઉત્તરમાં...	દીર્ઘ વૈતાઢ્ય પર્વત	પૂર્વ-રક્તા પશ્ચિમ-રક્તવતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપના ૬ વર્ષધર પર્વતો



જંબૂદ્વીપના ૬ મહાદ્રહ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપના ૬ વર્ષધર (કુલગિરિ) પર્વતો

28

ક્રમ	કુલ ગિરિ નામ[1]	કયા સ્થાન પર છે ?	કઈ વસ્તુનો	લંબાઈ પૂર્વથી પશ્ચિમ સમુદ્ર સુધી	ઊંચાઈ	પહોળાઈ[2]	ફૂટ સંખ્યા	ઉપર કયું સરોવર	કઈ કઈ નદીઓ નીકળી	ભૂમિમાં ઊંડાઈ
૧	લઘુહિમ વંતપર્વત	ઉત્તરાર્ધ ભરતની ઉત્તરમાં	પીત વર્ણનો સુવર્ણમય	૨૪,૯૩૨ યો. $\frac{1}{2}$ કલા	૧૦૦ યોજન	૧,૦૫૨ યો. ૧૨ કલા	૧૧	પદ્મદ્રહ	પૂર્વ-ગંગા પ.સિંધુ ઉ.રોહિતાંશા	૨૫ યો.
૨	મહાહિમ વંતપર્વત	હિમવંતક્ષેત્રની ઉત્તરમાં, હરિવર્ષક્ષેત્રની દક્ષિણમાં	સર્વ રત્નમય	૫૩,૯૩૧ યો. ૬ $\frac{1}{2}$ કલા	૨૦૦ યોજન	૪,૨૧૦ યો. ૧૦ કલા	૮	મહાપદ્મ દ્રહ	દ.રોહિતા ઉ.હરિકાન્તા	૫૦ યો.
૩	નિષધ પર્વત	મહાવિદેહની દક્ષિણમાં, હરિવર્ષ ક્ષેત્રની ઉત્તરમાં	રક્ત સુવર્ણમય	૯૪,૧૫૬ યો. ૨ કલા	૪૦૦ યોજન	૧૬,૮૪૨ યો. ૨ કલા	૯	તિગિંછિદ્રહ	દ.હરિસલિલા ઉ.સીતોદા	૧૦૦ યો.
૪	નીલવંત પર્વત	મહાવિદેહની ઉત્તરમાં, રમ્યક્ષેત્રની દક્ષિણમાં	વૈદુર્યરત્નનો નીલવર્ણમય	૯૪,૧૫૬ યો. ૨ કલા	૪૦૦ યોજન	૧૬,૮૪૨ યો. ૨ કલા	૯	કેશરીદ્રહ	દ.સીતા ઉ.નારિકાન્તા	૧૦૦ યો.
૫	રુક્મિ પર્વત	રમ્યક્ષેત્રની ઉત્તરમાં, હિરણ્યવંત ક્ષેત્રની દક્ષિણમાં	રજતમય (ચાંદીનો)	૫૩,૯૩૧ યો. ૬ $\frac{1}{2}$ કલા	૨૦૦ યોજન	૪,૨૧૦ યો. ૧૦ કલા	૮	મહાપુંડરિક દ્રહ	દ.નરકાંતા ઉ.રુપ્યકુલા	૫૦ યો.
૬	શિખરી પર્વત	હિરણ્યવંત ક્ષેત્રની ઉત્તરમાં, ઐરાવત ક્ષેત્રની દક્ષિણમાં	ઋતીવંત સુવર્ણનો	૨૪,૯૩૨ યો. $\frac{1}{2}$ કલા	૧૦૦ યોજન	૧,૦૫૨ યો. ૧૨ કલા	૧૧	પુંડરિકદ્રહ	દ.સુવર્ણકુલા પૂ.રક્તા પ. રક્તવતી	૨૫ યો.

જંબૂદ્વીપના ૬ મહાદ્રહ...

ક્રમ	મહાદ્રહોનાં નામ	કયા પર્વત ઉપર છે ?	લંબાઈ	પહોળાઈ	ઊંડાઈ	કઈ દેવીનો નિવાસ	કેટલાં દ્વાર	કેટલી નદીઓ નીકળી
૧	પદ્મદ્રહ[1]	લઘુહિમવંત પર્વત	૧,૦૦૦ યો.[2]	૫૦૦ યો.	૧૦ યો.	શ્રીદેવી[3]	૩ પૂ.પ.ઉ.	પૂ.ગંગા, પ.સિંધુ[4] ઉ. રોહિતાંશા
૨	મહાપદ્મ દ્રહ	મહાહિમવંત પર્વત	૨,૦૦૦ યો.	૧,૦૦૦ યો.	૧૦ યો.	હ્રીદેવી	૨ દ.ઉ.	દ. રોહિતા ઉ. હરિકાન્તા
૩	તિગિંછિ દ્રહ	નિષધ પર્વત	૪,૦૦૦ યો.	૨,૦૦૦ યો.	૧૦ યો.	ધીદેવી	૨ દ.ઉ.	દ. હરિસલિલા ઉ. સીતોદા
૪	કેશરી દ્રહ	નીલવંત પર્વત	૪,૦૦૦ યો.	૨,૦૦૦ યો.	૧૦ યો.	કીર્તિદેવી	૨ દ.ઉ.	દ. સીતા ઉ. નારીકાન્તા
૫	મહાપુંડરિક દ્રહ	રુક્મિ પર્વત	૨,૦૦૦ યો.	૧,૦૦૦ યો.	૧૦ યો.	બુદ્ધિદેવી	૨ દ.ઉ.	દ. નરકાન્તા ઉ. રુપ્યકુલા
૬	પુંડરિક દ્રહ	શિખરી પર્વત	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	લક્ષ્મીદેવી	૩ પૂ.પ.દ.	દ. સુવર્ણકુલા પૂ. રક્તા પ. રક્તવતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કમળ જંબૂદ્વીપની જગતી સરખું પરંતુ
૧૮ યોજન ઊંચી જગતી વડે વિંટળાયેલું છે...

દરેક વલયમાં અનુક્રમે અર્ધ અર્ધ
પ્રમાણવાળા કમળો...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રહદેવીના મૂળ કમળનું વર્ણન

29

☞ પદ્મદ્રહમાં રહેલુ મૂળ કમળ ૧ યોજન લાંબુ-પહોળું ½ યોજન જાડું અને એટલું જ જલથી ઊંચું છે. એ કમલ ૧૦ યોજન જલમાં (જલની અદર) ડૂબેલું છે તેમજ એની આસપાસ ૧ જગતીકોટ છે. તે કોટ જંબૂદ્વીપના જગતી કોટની જેમ અનેક ઝરુખાઓથી યુકત હોવાથી અત્યંત રમણીય લાગે છે. આ જગતી કોટ ૧૦ યોજન જલમાં ડૂબેલો અને ૮ યોજન જલની ઉપર હોવાથી કુલ ૧૮ યોજન ઊંચો છે. **"જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ"**ના મૂળમાં - **"જંબૂદ્વીપના કોટ જેવડો"** એમ જે લખ્યું છે, તે જલની અંદર રહેલા ભાગ સિવાયના બહાર રહેલા ભાગનું માપ સમજવું[1] - એવો એની વૃત્તિમાં ખુલાસો કરેલ છે.

એ કમળનું મૂળ વજ્રનું, એનો કંદ રિષ્ટરત્નમય, એની નાલિકા વૈડુર્યરત્નની, એના બહારના પત્રો વૈડુર્યરત્નના અને અભ્યંતર પત્રો સુવર્ણમય છે. આ સંબંધમાં **"બૃહત્ક્ષેત્ર વિચાર"**ની ટીકામાં કહ્યું છે કે ફક્ત ૪ બાહ્ય પત્રો વૈડુર્યરત્નના છે અને શેષ પત્રો લાલસુવર્ણના છે. વળી, **"જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર"**માં અભ્યંતર પત્રનો જંબૂનદમય એટલે સહેજ રક્તવર્ણી સુવર્ણના કહ્યા છે તેમજ **"સિરિનિલય-ક્ષેત્ર વિચાર"** ગ્રંથની વૃત્તિમાં તો પીતસુવર્ણમય કહ્યા છે.[2]

એ કમળના કેસરાની ડાળખીઓ રક્ત સુવર્ણની અને કર્ણિકા પીત સુવર્ણની કહી છે એ કર્ણિકા ૨ કોશ લાંબી-પહોળી અને ૧ કોશ ઊંચી કહેલી છે અને એની અંદર શ્રીદેવીનું ભવન આવેલું છે. એ ભવન ૧ કોશ લાંબું ½ કોશ પહોળું અને લગભગ ૧ કોશ ઊંચું છે. એમાં દક્ષિણ-ઉત્તર અને પૂર્વ એમ ત્રણ દિશામાં ૫૦૦ ધનુષ્ય ઊંચું અને એથી અર્ધુ (૨૫૦ ધનુ.) પહોળું ૧-૧ દ્વાર છે. એ ભવનના મધ્યભાગમાં ૧ મણિપીઠિકા છે. એ મણિપીઠિકા ૫૦૦ ધનુષ્યના વિસ્તારવાળી અને ૨૫૦ ધનુષ્યની જાડી છે તેમજ એની ઉપર શ્રીદેવીને યોગ્ય ઉત્તમ શય્યા છે.


☞ **॥ દ્રહોમાં સ્થિત કમલોની સંખ્યા અને માપાદિ ॥**

ક્રમ	વલય સંખ્યા	કમલની સંખ્યા	વિસ્તાર	જાડાઈ	પાણીથી ઊંચાઈ
૧	મૂળ કમળ[1]	૧	૪ ગાઉ	૨ ગાઉ	૨ ગાઉ
૨	પ્રથમ વલય[2]	૧૦૮	૨ ગાઉ	૧ ગાઉ	૧ ગાઉ
૩	દ્વિતીય વલય[3]	૩૪,૦૧૧	૧ ગાઉ	½ ગાઉ	½ ગાઉ
૪	તૃતીય વલય[4]	૧૬,૦૦૦	૧,૦૦૦ ધનુષ્ય	૫૦૦ ધનુષ્ય	૫૦૦ ધનુષ્ય
૫	ચતુર્થ વલય[5]	૩૨,૦૦,૦૦૦	૫૦૦ ધનુષ્ય	૨૫૦ ધનુષ્ય	૨૫૦ ધનુષ્ય
૬	પંચમ વલય	૪૦,૦૦,૦૦૦	૨૫૦ ધનુષ્ય	૧૨૫ ધનુષ્ય	૧૨૫ ધનુષ્ય
૭	ષષ્ઠમ વલય	૪૮,૦૦,૦૦૦	૧૨૫ ધનુષ્ય	૬૨ ½ ધનુષ્ય	૬૨ ½ ધનુષ્ય
૮	કુલ કમલ	૧,૨૦,૫૦,૧૨૦			

☞ વળી, પદ્મદ્રહમાં ઉપર કહેલાં લાખો રત્નકમળો છે. એટલું જ નહીં, પરંતુ એ ઉપરાંત વનસ્પતિકમળો પણ હજારો ગણાં છે. તફાવત એ જ છે કે રત્નકમળો પૃથ્વીકાય જીવમય સચિત્ત પૃથ્વીપરિણામવાળા છે. ત્યારે વનસ્પતિકમળો વનસ્પતિકાય જીવમય સચિત્ત વનસ્પતિ સ્વરૂપ છે. રત્નકમળો સર્વે શાશ્વતાં છે. જયારે વનસ્પતિકમળો અશાશ્વત હોવાથી ચૂંટવાં હોય તો ચૂંટી લેવાય છે. શ્રી વજ્રસ્વામીને શ્રીદેવીએ જે (લાખ પાંખડીવાળું) મહાકમળ આપ્યું હતું, તે આ પદ્મદ્રહમાંથી જ ચૂંટીને આપ્યું હતું અને બીજાં હજારો કમળો હુતાશન નામના વનમાંથી આપ્યાં હતાં. ઈત્યાદિ વિશેષ વિચાર સિદ્ધાંતોથી જાણવા યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપમાં રહેલ વૃત્ત (ગોળ) પદાર્થોનું યંત્ર...


30

ક્રમ	વૃત્ત પદાર્થોના નામો	વિષ્કંભ (યોજનમાં)	પરિધિ (યોજનમાં)	ક્રમ	વૃત્ત પદાર્થોના નામ	વિષ્કંભ (યોજનમાં)	પરિધિ (યોજનમાં)
૧	પદ્મદ્રહનું મુખ્ય કમળ	૧	૩ $\frac{1}{7}$	૨૧	વિજયોની ૧૨ અં. નદીઓના કુંડ	૧૨૦	૩૭૯ $\frac{37}{64}$
૨	પુંડરિકદ્રહનું કમળ	૧	૩ $\frac{1}{7}$	૨૨	હરિકાંતા-હરિસલિલા કુંડ	૨૪૦	૭૫૮ $\frac{1414}{2500}$
૩	૧૦ કુરુદ્રહના કમળ	૧	૩ $\frac{1}{7}$	૨૩	નરકાંતા-નારીકાંતા કુંડ	૨૪૦	૭૫૮ $\frac{1414}{2500}$
૪	મહાપદ્મદ્રહના કમળ	૨	૬ $\frac{2}{7}$	૨૪	સીતા-સીતોદા કુંડ	૪૮૦	૧,૫૧૭ $\frac{1991}{2500}$
૫	મહાપુંડરિકદ્રહના કમળ	૨	૬ $\frac{2}{7}$	૨૫	મેરુપર્વતનું મૂળ	૧૦,૦૯૦ $\frac{10}{11}$	૩૧,૯૧૦ $\frac{1}{11}$
૬	તિગિંછિદ્રહના કમળ	૪	૧૨ $\frac{4}{7}$	૨૬	નંદનવનમાં બાહ્ય મેરુ	૯,૯૫૪ $\frac{1}{11}$	૩૧,૪૭૯ સાધિક
૭	કેસરીદ્રહના કમળ	૪	૧૨ $\frac{4}{7}$	૨૭	નંદનવનમાં અભ્યંતર મેરુ	૮,૯૫૪ $\frac{1}{11}$	૨૮,૩૧૬ $\frac{1}{11}$ સાધિક
૮	૧૭ ગંગા દ્વીપ	૮	૨૫ $\frac{3}{16}$	૨૮	સોમનસવનમાં બાહ્ય મેરુ	૪,૨૭૨ $\frac{1}{11}$	૧૩,૫૧૧ $\frac{1}{11}$ સાધિક
૯	૧૭ સિંધુ દ્વીપ	૮	૨૫ $\frac{3}{16}$	૨૯	સૌમનસવનમાં અભ્યંતર મેરુ	૩,૨૭૨ $\frac{1}{11}$	૧૦,૩૪૯ $\frac{1}{11}$ સાધિક
૧૦	૧૭ રક્તા દ્વીપ	૮	૨૫ $\frac{3}{16}$	૩૦	પાંડુકવનમાં મેરુ	૧,૦૦૦	૩,૧૬૨ $\frac{1246}{2500}$
૧૧	૧૭ રક્તવતી દ્વીપ	૮	૨૫ $\frac{3}{16}$	૩૧	મેરુપર્વતની ચુલિકાનું મૂળ	૧૨	૩૭ $\frac{37}{64}$
૧૨	રોહિતા-રોહિતાંશા દ્વીપ	૧૬	૫૦ $\frac{2}{7}$	૩૨	૧૬ વર્ષધરપર્વતનાં કૂટનાં મૂળ	૫૦૦	૧,૫૮૧ $\frac{621}{2500}$
૧૩	સુવર્ણકુલા-રુપ્યકુલા દ્વીપ	૧૬	૫૦ $\frac{2}{7}$	૩૩	મેરુપર્વતનું કંદ	૧૦,૦૦૦	૩૧,૬૨૨ $\frac{9961}{10000}$
૧૪	હરિકાંતા-હરિસલિલા દ્વીપ	૩૨	૧૦૧ $\frac{31}{100}$	૩૪	૪ વૃત્ત વૈતાઢ્ય પર્વત મૂળ	૧,૦૦૦	૩,૧૬૨ $\frac{1246}{2500}$
૧૫	નરકાંતા-નારીકાંતા દ્વીપ	૩૨	૧૦૧ $\frac{31}{100}$	૩૫	૪ યમકાદિ ગિરિ મૂળ	૧,૦૦૦	૩,૧૬૨ $\frac{1255}{2500}$
૧૬	સીતા-સીતોદા દ્વીપ	૬૪	૧૯૯ $\frac{255}{500}$	૩૬	૩ સહસ્રાંક કૂટ મૂળ	૧,૦૦૦	૩,૧૬૨ $\frac{1246}{2500}$
૧૭	ગંગા-સિંધુ-રક્તા-રક્તવતી કુંડ	૬૦	૧૮૯ $\frac{439}{500}$	૩૭	૩૦૬ વૈતાઢ્ય કૂટ મૂળ	૬ $\frac{1}{7}$	૧૯ યો. ૩ $\frac{1}{500}$ ગાઉ
૧૮	મહાવિદેહની ૬૪ નદીયોના કુંડ	૬૦	૧૮૯ $\frac{255}{500}$	૩૮	૩૪ ઋષભ કૂટ મૂળ	૧૨	૩૭ $\frac{37}{64}$
૧૯	રોહિતા-રોહિતાંશા કુંડ	૧૨૦	૩૭૯ $\frac{439}{500}$	૩૯	૧૬ વૃક્ષ કૂટ મૂળ	૧૨	૩૭ $\frac{37}{64}$
૨૦	સુવર્ણકુલા-રુપ્યકુલા કુંડ	૧૨૦	૩૭૯ $\frac{255}{500}$	૪૦	૨૦૦ કંચનગિરિ મૂળ	૧૦૦	૩૧૬ $\frac{155}{250}$

☞ અહીં આ જંબૂદ્વીપમાં રહેલ વૃત્ત (ગોળ) પદાર્થના યોજન અને પરિધિને સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યા છે. એ સિવાય પણ વૃત્ત પદાર્થો છે, તે સર્વ લખતા બહુ વિસ્તારના ભયથી અહીં એટલા જ પદાર્થો બતાવવામાં આવ્યા છે. ... અસ્તુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપમાં આવેલા પર્વતો...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

31

જંબૂદ્વીપમાં આવેલા પર્વતોનું યંત્ર

૨૬૯ પર્વતો[1]	સ્થાન	ઊંચાઈ	ઊંડાઈ	મૂળ વિસ્તાર	મધ્ય વિસ્તાર	શિખર વિસ્તાર	લંબાઈ	શોના છે ?	વર્ણ	શિખર ઉપર શું છે ?	ફૂટો	આકાર
		પૂર્વ દશાવેલા ૬ કુલગિરિ (વર્ષધર પર્વત) ના યંત્ર જુઓ (પૃ. નં. ૬૮)										લંબગોરસ
૬ કુલગિરિ							૧૬,૫૭૨ ચો. ૨ કલા			૧ ઉપર ચિહ્નવૃક્ષ ૨ ઉપર તે તે દેવોનો આવાસ અને ૧ ઉપર સિદ્ધાયતન	૪-૪	લંબગોરસ અને અર્ધકંપ
૧૬ વક્ષસ્કાર	૮ પૂર્વ મહાવિદેહ ૮ પશ્ચિમ મહાવિદેહ	૪૦૦ થી ૫૦૦ યો.	૧૦૦ થી ૧૨૫ યો.	૫૦૦ યો.	૫૦૦ યો.	૫૦૦ યો.	૩૦,૨૦૯ યો. ૬ કલા	સર્વ રત્નમય	રત્નનો તપનીય સુવર્ણ કનકમય વૈડૂર્ય	૭ શિખર ૯ શિખર ૭ શિખર ૯ શિખર	૭ ૯ ૭ ૯	હાથીના દંતશૂલ સમાન
(૪ ગજદંત પર્વત) ગંધમાદન પર્વત માલ્યવંત પર્વત સૌમનસ પર્વત વિદ્યુત્પ્રભ પર્વત	સૌમનસ-મેરુથી અગ્નિ ખૂણે વિદ્યુત્પ્રભ-મેરુથી નૈઋત્ય ખૂણે ગંધમાદન-મેરુથી વાયવ્યખૂણે માલ્યવંત-મેરુથી ઈશાન ખૂણે	પ્રારંભે ૪૦૦ યો. અંતે ૫૦૦ યો.		પ્રારંભે ૫૦૦ યો. અંતે અંગુલનો અસંખ્ય ભાગ	૫૦૦ યો.	મૂળ વિસ્તાર જેટલો	૩૦,૨૦૯ યો. ૬ કલા	સર્વ રત્નમય	શ્વેત લાલ પીત નીલો	૭ શિખર ૯ શિખર ૭ શિખર ૯ શિખર	૭ ૯ ૭ ૯	ઊર્ધ્વ ગોપુચ્છ ક્રમસર હીન હીન
૨૦૦ કંચનગિરિ	૫૦ દેવકુરુ દ્રહથી પૂર્વમાં ૫૦ દેવકુરુ દ્રહથી પશ્ચિમમાં ૫૦ ઉત્તરકુરુ દ્રહથી પૂર્વમાં ૫૦ ઉત્તરકુરુ દ્રહથી પશ્ચિમમાં	૧૦૦ યો. ૧૦૦ યો. ૧૦૦ યો. ૧૦૦ યો.	૨૫ યો. ૨૫ યો. ૨૫ યો. ૨૫ યો.	૧૦૦ યો. ૧૦૦ યો. ૧૦૦ યો. ૧૦૦ યો.	૭૫ યો. ૭૫ યો. ૭૫ યો. ૭૫ યો.	૫૦ યો. ૫૦ યો. ૫૦ યો. ૫૦ યો.	વૃત્ત આકારે ઊંચાઈ એ જ લંબાઈ	સુવર્ણમય સુવર્ણમય સુવર્ણમય સુવર્ણમય	પીત પીત પીત પીત	કંચનદેવના પ્રસાદ કંચનદેવના પ્રસાદ કંચનદેવના પ્રસાદ કંચનદેવના પ્રસાદ	- - - -	ઊર્ધ્વ ગોપુચ્છ ક્રમસર હીન હીન
૧ યમકગિરિ ૧ યમકગિરિ ૧ ચિત્રગિરિ ૧ ચિત્રગિરિ	ઉત્તરકુરુ-૧ પૂર્વમાં ઉત્તરકુરુ-૧ પશ્ચિમમાં દેવકુરુ-૧ પૂર્વમાં દેવકુરુ-૧ પશ્ચિમમાં	૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો.	૨૫૦ યો. ૨૫૦ યો. ૨૫૦ યો. ૨૫૦ યો.	૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો.	૭૫૦ યો. ૭૫૦ યો. ૭૫૦ યો. ૭૫૦ યો.	૫૦૦ યો. ૫૦૦ યો. ૫૦૦ યો. ૫૦૦ યો.	વૃત્ત આકારે ઊંચાઈ એ જ લંબાઈ	સર્વ સુવર્ણમય સર્વ સુવર્ણમય સર્વ સુવર્ણમય સર્વ સુવર્ણમય	પીત પીત પીત પીત	યમકદેવનો પ્રસાદ યમકદેવનો પ્રસાદ ચિત્રદેવનો પ્રસાદ ચિત્રદેવનો પ્રસાદ	- - - -	ઊર્ધ્વ ગોપુચ્છ ક્રમસર હીન હીન
(૪ વૃત્ત વૈતાઢ્ય) શબ્દાપાતી વિકટાપાતી ગંધાપાતી માલ્યવંત	વિદ્યુત્પ્રભ ક્ષેત્રની મધ્યમાં વિદ્યુત્પ્રભ ક્ષેત્રની મધ્યમાં હરિવર્ષ ક્ષેત્રની મધ્યમાં રમ્યક્ ક્ષેત્રની મધ્યમાં	૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો.	૨૫૦ યો. ૨૫૦ યો. ૨૫૦ યો. ૨૫૦ યો.	૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો.	૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો.	૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો. ૧,૦૦૦ યો.	વૃત્ત આકારે ઊંચાઈ એ જ લંબાઈ	સર્વ રત્નમય સર્વ રત્નમય સર્વ રત્નમય સર્વ રત્નમય	શ્વેત શ્વેત શ્વેત શ્વેત	તે તે દેવનો પ્રસાદ તે તે દેવનો પ્રસાદ તે તે દેવનો પ્રસાદ તે તે દેવનો પ્રસાદ	- - - -	સરખા ખાલા જેવા
(૩૪ દીર્ઘ વૈતાઢ્ય) ૧ ભરત વૈતાઢ્ય ૧ ઐરાવત વૈતાઢ્ય ૩૨ વિજય વૈતાઢ્ય	ભરતક્ષેત્રમાં ઐરાવત ક્ષેત્રમાં + મહાવિદેહની દરેક વિજયમાં એક-એક	૨૫ યો. ૨૫ યો. ૨૫ યો.	૬¼ યો. ૬¼ યો. ૬¼ યો.	૫૦ યો. ૫૦ યો. ૫૦ યો.	૩૦ યો. ૩૦ યો. ૩૦ યો.	૧૦ યો. ૧૦ યો. ૧૦ યો.	૧૦,૩૨૦ યો. ૧૧ કલા ૨,૩૧૨ ⅔ યોજન	રુપાનો રુપાનો રુપાનો	શ્વેત શ્વેત શ્વેત	૯ શિખર ૯ શિખર ૯ શિખર	૯ ૯ ૯	લંબગોરસ લંબગોરસ લંબગોરસ
મેરુ	મહાવિદેહ ક્ષેત્રના મધ્યભાગે (જંબૂદ્વીપના મધ્યભાગે)	ભૂમિથી ૯૯,૦૦૦ યોજન	૧,૦૦૦ યો.	૧૦,૦૯૦ યો.	સોમનસે ૪,૨૭૨ યો.	૧,૦૦૦ યો.	લાખ યોજનની ઊંચાઈ એ જ લંબાઈ	સુવર્ણનો	પીત વર્ણ	ચૂલિકા તેની ઉપર જિનભવન	૯	ઊર્ધ્વ ગોપુચ્છ જેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર... ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર

32

☞ વર્તમાન અવસર્પિણીના પ્રથમ તીર્થંકર ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી આ કાળના પ્રથમ ચક્રવર્તી થયા. એમના નામ પરથી અથવા આ ભરતક્ષેત્રનો સ્વામી એક પલ્યોપમ આયુષ્યવાળો ભરત નામનો દેવ છે, તેના નામ પરથી આ ક્ષેત્રનું નામ **'ભરતક્ષેત્ર'** પડ્યું છે*.

☞ જંબૂદ્વીપના દક્ષિણ છેડે લવણસમુદ્રને સ્પર્શીને અર્ધચન્દ્રાકારે આ ક્ષેત્ર રહેલું છે, જેની ઉત્તરમાં લઘુહિમવંતપર્વત અને દક્ષિણમાં લવણસમુદ્ર છે. તેની ઉત્તર-દક્ષિણ પહોળાઈ ૫૨૬ યોજન ૬ કલા પ્રમાણ છે. પ્રત્યંચા ચડાવેલા ધનુષ્યના આકારના આ ક્ષેત્રના ધનુપૃષ્ઠ ભાગ ૯,૭૬૬ યોજન ૧ કલા તથા તેની પૂર્વ-પશ્ચિમ જીવાની લંબાઈ ૯,૭૪૮ યોજન-૧૨ કલા છે.

☞ ભરતક્ષેત્રના મધ્યભાગમાં ઉત્તર-દક્ષિણ ૫૦ યોજન પહોળો તેમજ પૂર્વ-પશ્ચિમ લવણસમુદ્રને સ્પર્શતો ૨૫ યોજન ઊંચો વૈતાઢ્ય પર્વત આવેલો છે. જેના લીધે આ ભરતક્ષેત્રના ઉત્તર-દક્ષિણ એમ બે વિભાગ પડે છે. ઉત્તરાર્ધ ભરતક્ષેત્રને અડીને લઘુહિમવંત પર્વત આવેલો છે, તેની પહોળાઈ ૧,૦૫૨ યોજન-૧૨ કળા જેટલી છે અને પૂર્વ-પશ્ચિમ લંબાઈ સમુદ્ર સુધી છે. આ પર્વતના મધ્યભાગમાં ૧,૦૦૦ યોજન લાંબો ૫૦૦ યોજન પહોળો પદ્મ નામનો મહાદ્રહ આવેલો છે. જેમાંથી પૂર્વ દિશા તરફ ગંગા નદી અને પશ્ચિમ દિશા તરફ સિંધુ મહાનદી નીકળે છે. બંને નદીઓ ૫૦૦ યોજન સુધી પર્વત ઊપર જ વહે છે. પછી દક્ષિણ તરફ વળાંક લઈ ઉત્તર ભરતક્ષેત્રમાં રહેલ પોતપોતાના 'પ્રપાત કુંડ'માં પડી ઉત્તર ભરતમાં વહેતી વહેતી આગળ વધે છે અને વૈતાઢ્ય પર્વત સુધી આવતા બીજી ૭,૦૦૦ નદીઓ એમાં ભળે છે. આ બધી નદીઓના પ્રવાહ સાથે વૈતાઢ્ય પર્વતને નીચેથી ભેદીને દક્ષિણ ભરતમાં આવે છે. ત્યાં પછી બીજી ૭,૦૦૦ નદીઓ એમાં ભળે છે. આમ, કુલ ૧૪,૦૦૦ નદીઓના પરિવાર સાથે ગંગા નદી પૂર્વ સમુદ્રને અને સિંધુ નદી પશ્ચિમ સમુદ્રને મળે છે.

☞ આ બંને મહાનદીઓના કારણે ઉત્તર ભરત અને દક્ષિણ ભરતના ૩-૩ વિભાગો પડે છે, જે **"ષટ્‌ખંડ"** પણ કહેવાય છે. ચક્રવર્તીને જીતવા યોગ્ય આ ષડ્‌ખંડો હોય છે.

☞ આ ષડ્‌ખંડમાંથી ચોથા ખંડમાં લઘુહિમવંતપર્વતના મૂળમાં આવેલા **"ઋષભકૂટ"** પર્વત પર તે-તે કાળમાં થતા દરેક ચક્રવર્તી પોતપોતાનું નામ લખે છે.

☞ દક્ષિણાર્ધ ભરતના મધ્યભાગમાં **અયોધ્યા** (વિનિતા) નામની શાશ્વત પ્રાયઃ નગરી છે. જે પૂર્વ-પશ્ચિમ ૧૨ યોજન લાંબી તેમજ ઉત્તર-દક્ષિણ ૯ યોજન પહોળી ચક્રવર્તીની રાજધાની છે.

☞ ભરતક્ષેત્રમાં એક ઉત્સર્પિણી અથવા અવસર્પિણી કાળમાં ઉજા-૪થા આરામાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવ આમ **૬૩ શલાકા પુરુષો** થાય છે.

☞ ભરતક્ષેત્રના દક્ષિણ સમુદ્રમાં પ્રભાસ, વરદામ અને માગધ એમ ત્રણ **તીર્થો** રહેલાં છે.

☞ ભરતક્ષેત્રની લંબાઈ પૂર્વ લવણસમુદ્રથી પશ્ચિમ લવણસમુદ્ર સુધી ૧૪,૪૭૧ યોજન ૬ કલા છે.

☞ ભરતક્ષેત્રના ષડ્‌ખંડમાં કુલ ૩૨,૦૦૦ દેશો આવેલા છે. જેમાં ફક્ત સાડા પચ્ચીસ દેશો જ આર્ય દેશો છે અને એ દેશોમાં જ ૬૩ શલાકા પુરુષો થાય છે. બાકીના બધા જ દેશો અનાર્ય દેશો છે. આ તમામ દેશો પર ચક્રવર્તીનું આધિપત્ય હોય છે.


☞ ભરતક્ષેત્ર સંબંધિ પર્વત, નદીઓ વગેરેની વિસ્તૃત માહિતી આગળ વાંચો.

★ • વસુદેવ હિંડ્ડી-પ્રથમખંડ • વાયુ મહાપુરાણ-૩૩/૫૨ • માર્કંડેય પુરાણ - ૫૦/૪૧,
• વાયુ પુરાણ-૪૫/૭૫ • શિવ પુરાણ-૫૨/૫૮, • શ્રીમદ્‌ભાગવત પુરાણ-૫/૪,
• બ્રહ્માણ્ડ પુરાણ - પર્વ - ૨/૧૪, • નારદ પુરાણ - ૪૮/૫, • આગ્નેય પુરાણ - ૧૦૭/૧૨,
• આદિ પુરાણ - પર્વ ૧૫/૧૫૮-૧૫૯, • લીંગ પુરાણ - ૪૩/૨૩, • વિષ્ણુ પુરાણ - અંશ-૨, ૧/૨૮-૨૯/૩૨,
• વરાહ પુરાણ - ૭૪/૪૯, • સ્કંદ પુરાણ - કૌમાર ખણ્ડ,૩૭/૫૭ • કુર્મ પુરાણ - ૪૧/૩૮

ઈત્યાદિ ગ્રંથોથી પણ સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત દેશનું નામકરણ ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીના નામથી જ થયેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર ॥



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

ભરતક્ષેત્રના મધ્યખંડની વિશેષ જાણકારી

33

ભરતક્ષેત્રના ૬ ખંડોમાં મળીને કુલ ૩૨,૦૦૦ દેશો આવેલા છે. તે મધ્યખંડમાં ૫,૩૨૦ પૈકી માત્ર સાડા પચ્ચીસ જ આર્યદેશો છે અને બાકીના બધા જ અનાર્ય છે. આ મધ્યખંડમાં જે ૨૫½ આર્યદેશો છે, તેમના અને તેમની રાજધાનીનાં નામો ક્રમશઃ આ મુજબ જાણવાં.[૧]

ક્રમ	દેશનું નામ	રાજધાની
૧	મગધદેશ	રાજગૃહનગર
૨	અંગદેશ	ચંપાનગરી
૩	બંગદેશ	તામ્રલિપ્તી
૪	કલિંગદેશ	કાંચનપુર
૫	કાશીદેશ	વારાણસી
૬	કોસલદેશ	સાકેતપુર (અયોધ્યા)
૭	કુરુદેશ	ગજપુર (હસ્તિનાપુર)
૮	કુશાવર્તદેશ	સૌરિકપુર
૯	પાંચાલદેશ	કાંપિલ્યપુર
૧૦	જંગલદેશ	અહિચ્છત્રાનગરી
૧૧	સૌરાષ્ટ્રદેશ	દ્વારવતીનગરી
૧૨	વિદેહદેશ	મિથિલાનગરી
૧૩	વત્સદેશ	કૌશામ્બીનગરી

ક્રમ	દેશનું નામ	રાજધાની
૧૪	દશાર્ણદેશ	મૃત્તિકાવતીનગરી
૧૫	શાંડિલ્યદેશ	નંદિપુર
૧૬	મલયદેશ	ભદ્દીલપુર
૧૭	વચ્છદેશ	વૈરાટ્પુર
૧૮	વરુણદેશ	અચ્છાપુરી
૧૯	ચંદિદેશ	શૌક્તિકાવતી
૨૦	સિન્ધુસૌવિરદેશ	વીતભયપત્તન
૨૧	સુરસેનાદેશ	મથુરાનગરી
૨૨	ભંગદેશ	પાવાનગરી
૨૩	પુરિવર્તદેશ	માષાનગરી
૨૪	કુણાલદેશ	શ્રાવસ્તિનગરી
૨૫	લાટદેશ	કોટિવર્ષનગરી
૨૫	કૈકેયજનપદાર્ધદેશ	શ્વેતાંબિકાનગરી


આ ૨૫½ આર્યદેશો સિવાય જે **અનાર્ય** દેશો છે, તે આ પ્રમાણે જાણવા[૨]... (૧) શક (પશ્ચિમ ભારતનું ૧ દેશ) (૨) યવન-યુનાન (૩) ચિલાત-(કિરાત) (૪) શબર (૫) બર્બર (૬) કાય (૭) મરુણ્ડ (૮) ઓડ (૯) ભટક (ભદ્રક, જે દિલ્લી ને મથુરાના વચ્ચે યમુનાના પશ્ચિમમાં સ્થિત પ્રદેશ) (૧૦) નિણ્ણગ-(નિમ્નગ) (૧૧) પક્કનિય (મધ્ય એશિયાનો ૧ પ્રદેશ...પ્રકણ્વ વા પરગના) (૧૨) કુલક્ષ (૧૩) ગોંડ (૧૪) સિંહલ (લંકા) (૧૫) પારસ (ઈરાન) (૧૬) ક્રોધ, (૧૭) કોંચ (૧૮) અમ્બષ્ઠ (ચિનાવ નદીના નીચલા ભાગમાં સ્થિત ૧ ગણરાજ્ય) (૧૯) દમિલ (દ્રવિડ) (૨૦) ચિલ્લલ (૨૧) પુલિન્દ (૨૨) હારોસ (૨૩) હોબ (૨૪)વોક્કણ (અફઘાનિસ્તાનનું ઊત્તરી-પૂર્વી નાનું પ્રદેશ-વખાન) (૨૫) ગન્ધહારગ-(કન્ધાર) (૨૬) પ્રહલિય (૨૭) અજઝલ (૨૮) રોમ (૨૯) પાસ (૩૦) પઉસ (૩૧) મલય (૩૨) બન્ધુય (બન્ધુક) (૩૩) સૂયલી (૩૪) કોંકનગ (૩૫) મેય (૩૬) પલ્હવ (૩૭) માલવ (૩૮) મગ્ગર (૩૯) આભાષિક (૪૦) અણકંક (૪૧) ચીણ (ચીન) (૪૨) લ્હસીય (લ્હાસા) (૪૩) ખસ (૪૪) ખાસિય (૪૫) ઐદ્ધર (નેહર) (૪૬) મોંઢ (૪૭) ડોંબિલગ (૪૮) લઓસ (૪૯) કક્કેય (૫૦) પઓસ (૫૧) અક્ખાગ (૫૨) હૂણ (૫૩) રોલગ (૫૪) મરુ (૫૫) મરુક... ઈત્યાદિ. **(પ્રજ્ઞાપના સૂત્ર-પ્રથમપદ...)**

આ ઉપરાંત **પ્રવચનસારોદ્ધાર**[૩] તેમજ **મહાભારત**[૪] વગેરે ગ્રંથોમાં પણ અનાર્યદેશોનું વર્ણન વિવિધ રીતે જોવા મળે છે.

• તા.ક. - એમ કહેવાય છે કે... ૨૮ પુરુષ + ૩૨ સ્ત્રીઓ = ૬૦ જનાનું એક કુલ (કુટુંબ) થાય છે. આવા ૧૦,૦૦૦ કુટુંબ=૧ ગામ* થાય છે અને આવા ૧૨,૦૦૦ ગામ = ૧ દેશ થાય છે. એટલે ૧ ગામમાં ૬૦ x ૧૦,૦૦૦ = ૬ લાખ સ્ત્રી-પુરુષ થાય, તો ૧ દેશમાં ૭,૨૦,૦૦,૦૦,૦૦૦ (૭ અબજ ૨૦ ક્રોડ) સ્ત્રી-પુરુષ થયા. આવા ૩૨,૦૦૦ દેશો આ ભરતક્ષેત્રમાં છે, તો ૭,૨૦,૦૦,૦૦,૦૦૦ x ૩૨,૦૦૦ = ૨,૩૦,૪૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (બે લાખ, ત્રીસ હજાર, ચારસો અબજ) માણસોની વસ્તી હોય... (જંબૂદ્વીપ માર્ગદર્શક)

★ ગામત્તિ = દસકુલસાહસ્સિક્કો ગ્રામ: ।(જ્ઞાતાધર્મકથા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

ભરતક્ષેત્રમાં સમુદ્રો ક્યાંથી આવ્યા ?

34

☞ એક સમયે લવણસમુદ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતથી ખૂબ દૂર હતો, પણ ઈતિહાસમાં બનેલી એક ઘટનાને કારણે દરિયો ખૂબ જ નજીક આવી ગયો હોવાનું સમજાય છે. આ ઘટનાનું વર્ણન **શ્રી શત્રુંજય મહાત્મ્ય** નામના ગ્રંથના **સાતમા સર્ગ**માં કરવામાં આવ્યું છે.[1]

શ્રી શત્રુંજય ગિરિરાજનો સાતમો ઉદ્ધાર શ્રી સગર ચક્રવર્તીએ કરાવ્યો હતો. સગર ચક્રવર્તીએ ગુરુ ભગવંતના ઉપદેશથી શ્રી શત્રુંજય મહાતીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો તે પછી તેને વિચાર આવ્યો કે "શ્રી શત્રુંજય ગિરિ ઉપર સુવર્ણ-મણિરત્નના આ પ્રાસાદો મારા પૂર્વજોએ કરાવ્યા છે. તે પ્રાસાદોનો લોભાંધ પુરુષો સુવર્ણ, રત્ન વગેરેના લોભથી નાશ ન કરે તે માટે મારે આ પ્રાસાદોનું રક્ષણ કરવું જોઈએ." આમ વિચારી સગર ચક્રવર્તી શ્રી શત્રુંજયગિરિનું રક્ષણ કરવાના ઉપાયો વિચારવા લાગ્યા.


"મારા પુત્રોએ શ્રી અષ્ટાપદનું રક્ષણ કરવા ગંગાને વાળી તો હું શ્રી શત્રુંજયનું રક્ષણ કરવા માટે સમુદ્રને લાવું." એ પ્રમાણે વિચાર કરી સગર ચક્રવર્તીએ પોતાની સેવામાં રહેલા યક્ષોને આજ્ઞા કરી કે સમુદ્રને શ્રી શત્રુંજયગિરિ સુધી લઈ આવો. યક્ષોના પ્રયત્નોથી લવણસમુદ્રે દક્ષિણ દિશાના દ્વારથી જંબૂદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને તે સમુદ્ર ટંકણ, બર્બર, ચીન, ભોટ, સિંહલ વગેરે સંખ્યાબંધ દેશોને તારાજ કરતો ભારે વેગથી શ્રી શત્રુંજયગિરિની નજીક આવી પહોંચ્યો. ઈન્દ્ર મહારાજાએ આ વાત અવધિજ્ઞાનના ઉપયોગથી જાણી એટલે તેમણે સગર ચક્રવર્તી સમક્ષ આવીને પ્રાર્થના કરી કે, "આ શત્રુંજય તીર્થ વિના સર્વ જગત નિષ્ફળ છે. જો કે, અષ્ટાપદ તીર્થયાત્રાનો અટકાવ થયો છે, તો પણ આ શત્રુંજય તીર્થ ભવ્યાત્માઓનો તારક છે. જો શ્રી શત્રુંજય તીર્થની યાત્રા પણ બંધ થઈ જશે તો આ પૃથ્વી પર બીજી તારનારી વસ્તુ રહેશે નહીં." ઈન્દ્રની આ મુજબની વિનંતી સાંભળી સગર ચક્રવર્તીએ યક્ષોને સમુદ્રને જ્યાં હોય ત્યાં અટકાવી દેવાની આજ્ઞા કરી. સમુદ્ર ત્યાં જ અટકી ગયો પણ પાછો પોતાના મૂળ સ્થાને ગયો નહીં. આજે પણ શત્રુંજયની નજીક આવેલા તાલધ્વજ ગિરિ (તળાજા) સુધી દરિયો જોવા મળે છે.

☞ આજથી લાખો વર્ષ અગાઉ દરિયાનું પાણી દક્ષિણ ભરતવર્ષના કેટલાક વિસ્તારો ઉપર ફરી વળ્યું હોય તે સંભવિત છે. આ ભરતીમાં જેટલા પ્રદેશો બચી ગયા. તેઓ વર્તમાનમાં જે સામે ચિત્રમાં દેખાતા ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, શ્રીલંકા, આંદામાન, નિકોબાર, લક્ષદ્વીપ, માલદીવ, જાપાન, ઈન્ડોનેશિયા, ફિલિપિન્સ, થાઈલેન્ડ વગેરે ટાપુઓના સ્વરૂપમાં રહી ગયા હોય તે પણ સંભવિત છે. સગર ચક્રવર્તીના આ કૃત્ય પછી ભરતક્ષેત્રનો નકશો કાયમ માટે બદલાઈ ગયો એટલું તો નક્કી છે.


વર્તમાન વિશ્વના જેટલા સમુદ્રો લવણસમુદ્ર સાથે જોડાયેલા છે, તેમાં જ ભરતી-ઓટ આવે છે. રશિયામાં રહેલો કાસ્પિયન સમુદ્ર લવણસમુદ્ર સાથે જોડાયેલો ન હોવાથી તેમાં ક્યારેય ભરતી-ઓટ આવતી નથી. જો ચંદ્રના ગુરુત્વાકર્ષણને કારણે જ ભરતી-ઓટ આવતી હોય તો કાસ્પિયન સમુદ્રમાં પણ ભરતી-ઓટ આવવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


વૈતાઢ્ય પર્વત




વૈતાઢ્ય




તમિસ્ત્રાગુફા



ગુફાનું દ્વાર





દીર્ઘ વૈતાઢ્ય પર્વત

નોંધ : પર્વત પૂર્વ-પશ્ચિમ હજારો યોજન લાંબો સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો...

35


☞ ભરતક્ષેત્રને બે ભાગમાં વિભાજન કરનારા વૈતાઢ્ય પર્વતની વાત આપણે આગળ જાણી. હવે આ વૈતાઢ્ય પર્વતો જંબૂદ્વીપમાં કેટલા છે ? ક્યાં ક્યાં છે ? તેની વિગતવાર માહિતી જાણીએ... જંબૂદ્વીપની બરાબર મધ્યમાં રહેલા મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ વિજયો (ક્ષેત્રો) આવેલ છે. દરેક વિજયની મધ્યમાં પૂર્વ-પશ્ચિમ લાંબા એવા દીર્ઘ વૈતાઢ્ય પર્વતો આવેલા છે. આ પર્વતોના અધિપતિ દેવો વૈતાઢ્ય નામે જ છે તથા ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રની બરાબર મધ્યમાં પૂર્વ-પશ્ચિમ લાંબા ૧-૧ વૈતાઢ્ય પર્વત આવેલ છે. તેથી જંબૂદ્વીપમાં કુલ ૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો છે. દરેક દીર્ઘ વૈતાઢ્ય પર્વતો પૂર્વ-પશ્ચિમ લાંબા હજારો યોજન તથા ઉત્તર-દક્ષિણ ૫૦ યોજન વિસ્તારવાળા છે[૧] અને ૨૫ યોજન ઊંચા છે. ૬¼ યોજન જમીનમાં છે. તેઓનો આકાર લંબચોરસ છે અને રુપ્યમય આ પર્વતો હોય છે. દીર્ઘ વૈતાઢ્ય પર્વતોની ઉત્તર અને દક્ષિણ તલેટીથી ૧૦ યોજન ઊપર જતાં ૧૦ યોજન વિસ્તારવાળો સપાટ પ્રદેશ આવે છે. તેને મેખલા કહેવામાં આવે છે.[૨] ત્યાંથી વળી ૧૦ યોજન ઊપર જતાં ૧૦ યોજન વિસ્તારવાળી બીજી મેખલા આવે છે. તેથી ઉત્તર દક્ષિણ વિસ્તાર તલેટીએ ૫૦ યોજન થાય, પહેલી મેલખાએ ૩૦ યોજન થાય અને બીજી મેખલાએ ૧૦ યોજન થાય છે. પહેલી મેખલાએ વિદ્યાધરોનાં નગરો છે. ભરત અને ઐરાવત ક્ષેત્રમાં લવણસમુદ્રની મેખલા જગતીની ગોળાઈને કારણે થોડી નાની થાય છે. જ્યારે લઘુ હિમવંત અને શિખરી પર્વત તરફની મેખલા મોટી હોય છે. તેથી સમુદ્ર તરફની મેખલામાં વિદ્યાધરોનાં ૫૦-૫૦ નગરોની શ્રેણી છે. જ્યારે લઘુ હિમવંત અને શિખરી તરફની મેખલામાં ૬૦-૬૦ નગરોની શ્રેણી છે[૩]. મહાવિદેહ ક્ષેત્રમાં બંને બાજુની મેખલાની લંબાઈ સરખી હોવાથી તેમની ઉપર ૫૫-૫૫ નગરોની શ્રેણી હોય છે, તેથી દરેક વૈતાઢ્ય પર્વત ઉપર ૧૧૦-૧૧૦ નગરો છે. તેથી કુલ ૩૪ X ૧૧૦=૩,૭૪૦ વિદ્યાધરોના નગરો છે એટલે કે ૩૪ વૈતાઢ્ય પર્વતોની ૬૮ શ્રેણીમાં કુલ મળીને ૩,૭૪૦ નગરો છે.

☞ બીજી મેખલામાં આભિયોગિક એવા તિયગ્જૃંભક વ્યંતર દેવો રહે છે[૪]. મેરુથી દક્ષિણ તરફના જે ૧૭ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો છે, તેની મેખલામાં સૌધર્મેન્દ્રના સોમ, યમ, વરુણ, કુબેર નામના ૪ લોકપાલના આભિયોગિક દેવો જાણવા અને મેરુથી ઉત્તર તરફના ૧૭ દીર્ઘ વૈતાઢ્ય પર્વતોની મેખલામાં ઈશાનેન્દ્રના ૪ લોકપાલના આભિયોગિક દેવો જાણવા[૫]. (આભિયોગિક = નોકર-ચાકર તરીકે કાર્ય કરનારા)[૬], આભિયોગિક દેવોના ભવનો બહારથી ગોળ અને અંદરથી ચોરસ રત્નમય હોય છે. દીર્ઘ વૈતાઢ્ય પર્વતોની નીચે ઉત્તર-દક્ષિણ બંને તરફ પૂર્વ-પશ્ચિમ લાંબું એક વન અને એક વેદિકા છે તેમજ દરેક મેખલાઓ (શ્રેણીઓ) ૧-૧ વન અને વેદિકા વડે વિટાએલ છે તથા શિખરના મધ્યમાં ૫૦૦ ધનુષ્ય પહોળી લંબચોરસ વેદિકા છે અને તેની બંને બાજુ વનખંડ છે. તેઓની લંબાઈ પર્વત જેટલી છે. (મતાંતરે શિખર ઉપર વેદિકા અને વન પર્વતના છેવાડે વિંટળાયેલ છે. આથી વેદિકા લંબચોરસ આકારે છે.)

☞ આ વૈતાઢ્ય પર્વતોની નીચે ૨-૨ ગુફાઓ આવેલી છે[૭]. તે પર્વતના વિસ્તાર જેટલી એટલે ઉત્તર-દક્ષિણ ૫૦ યોજન લાંબી છે તથા અંદરના ભાગે ૧૨ યોજન પહોળી છે. ગુફાના ઉત્તર-દક્ષિણ બંને તરફનાં દ્વાર ૪ યોજન પહોળાં અને ૮ યોજન ઊંચાં છે. દરેક દ્વારને ૨-૨ કમાડ છે. તે પણ ૨ યોજન પહોળાં અને ૮ યોજન ઊંચાં છે. પશ્ચિમ બાજુ આવેલ ગુફાનું નામ તમિસ્રા ગુફા છે અને તેના અધિષ્ઠાયક દેવનું નામ **'કૃતમાલ'** છે[૮]. તેમજ પૂર્વ બાજુ આવેલ ગુફાનું નામ ખંડપ્રપાતા છે અને તેના અધિષ્ઠાયક દેવનું નામ **'નૃતમાલ'** છે. બંને ગુફાઓ ગંગા-સિંધુ કે રક્તા-રક્તવતી નદીની વચ્ચે છે. પશ્ચિમ બાજુની ગુફાના દક્ષિણ દ્વારથી ૨૧ યોજન જતા ઉન્મગ્ના નદી આવે છે. તેનો વિસ્તાર ૩ યોજનનો છે[૯]. તે પછી ૨ યોજન આગળ જતા નિમગ્ના નદી આવે છે. તેનો વિસ્તાર પણ ૩ યોજનનો છે. એ પછી ૨૧ યોજન જતાં ઉત્તર દિશાનું દ્વાર આવે છે. વિશેષ ઉન્મગ્ના નદીમાં કોઈ પણ વસ્તુ નાંખવામાં આવે તો તે ડૂબે નહીં પરંતુ તરતું રહે છે યાવત્ પત્થર પણ તરે છે, જ્યારે નિમગ્ના નદીમાં કાંઈ પણ વસ્તુ નાંખવામાં આવે તો તે ડૂબી જાય છે. યાવત્ રુ કે લાકડું નાંખો તો પણ ડૂબી જાય છે[૧૦]. આ રીતે પૂર્વ તરફની ગુફામાં પણ બે નદીઓ સમજવી...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


॥ વૈતાઢ્ય ગુફામાં સ્હામાં સ્હામી ૪૯-૪૯ પ્રકાશ મંડલો... ॥



આ સ્હામાં સ્હામી ૨૩-૨૩ મંડલોને પણ ૪૯-૪૯ મંડલો જાણવાં...

॥ મતાન્તરે ગોમૂત્રિકા આકારે ૪૯ પ્રકાશ મંડળો ॥

ઉત્સેધાંગુલથી ૫૦૦ ધનુષ વિસ્તારવાળું દરેક પ્રકાશ મંડલ તિર્ચ્છો
૧૨ યોજન (પ્રમાણાંગુલથી) ઉર્ધ્વાધઃ ૮ યોજન અને બે પડખે
૧ યોજન જેટલો પ્રકાશ (સૂર્ય સરખો) કરે છે.



(આ પૂર્વભીત્તિમાં ૨૫ પ્રકાશમંડલ ૧૦ છે તો પણ ૨૫ જાણવાં)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈતાઢ્યની ગુફાઓમાં રહેલા માંડલા વિષે... 36


☞ વૈતાઢ્ય પર્વતના પૂર્વ છેડે ખંડપ્રપાતા નામની અને પશ્ચિમ છેડે તમિસ્ત્રા નામની ૨ ગુફાઓ છે. આ બંને ગુફાઓ સદાકાળ અંધકારમય જ હોય છે. પરંતુ જ્યારે હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈને ચક્રી બંને ગુફાઓમાં પ્રવેશ કરતી વખતે તેના ૧૪ રત્નોમાનું મણિરત્ન હસ્તિરત્નના કુંભ સ્થળ પર મૂકે છે ત્યારે મણિરત્ન અત્યંત તેજસ્વી પ્રકાશમય હોવાથી અંધારી ગુફામાં પ્રકાશ ફેલાવે છે. ચક્રવર્તી ૩ ખંડ સાધીને જ્યારે ચોથા ખંડને સાધવા માટે આ ગુફામાંથી પ્રવેશ કરે છે, ત્યારે તેની સાથે આવેલ સૈન્યને અજવાળું મળે એટલા માટે ખડીના કટકા જેવા કાકીણીરત્નથી ગુફામાં બંને બાજુની ભીંતો પર મંડળ આલેખતો જાય છે. જેનો પ્રકાશ ઊંચેથી નીચે સુધી આઠ યોજનમાં, તીર્ચ્છો બાર યોજનમાં અને ડાબે-જમણે એક-એક યોજનમાં પડે છે.


☞ પહેલું મંડળ પહેલો એક યોજન જ્યાં પૂરું થાય છે ત્યાં આલેખે છે. જે મંડળ ૫૦૦ ધનુષ્ય (આ માપ ઉત્સેધાંગુલનું સમજવું) લાંબું-પહોળું અને સૂર્યની જેમ પ્રકાશમાન હોય છે. એ જ પ્રમાણે ત્યાંથી બીજો યોજન પૂરો થાય ત્યાં બીજું મંડળ આલેખે છે. એવી રીતે ઉત્તર તરફના દ્વારે શેષ છેલ્લા યોજને છેલ્લું મંડળ આલેખે છે. આ પ્રમાણે આલેખતા દક્ષિણ તરફના પહેલા કમાડ પર એક મંડળ, ટોડા (તોદક) ઊપર બે મંડળ અને પછી અનુક્રમે પૂર્વ તરફની ભીંત ઉપર તેંતાલીસ મંડળો થાય છે. પછી ઉત્તર તરફના પહેલા ટોડા ઉપર બે અને ઉત્તર તરફના પહેલા કમાડ ઉપર છેલ્લું મંડળ થાય. વળી, પશ્ચિમ દિશામાં પણ એ જ ક્રમ પ્રમાણે બધું થાય છે. એવી રીતે પૂર્વ તરફની ભીંત ઉપર ૪૯ મંડળો થાય અને એની સન્મુખ પશ્ચિમ તરફની ભીંતો ઉપર પણ એટલા જ મંડલો થાય છે. આ ઉપરોક્ત અભિપ્રાય શ્રી મલયગિરિ કૃત **"ક્ષેત્રવિચાર"**ની બૃહત્ ટીકાના આધારે જાણવો.

☞ પરંતુ **આવશ્યક બૃહત્વૃત્તિની ટિપ્પણી, પ્રવચનસારોદ્ધારવૃત્તિ**નો અભિપ્રાય એવો છે કે[1]... ગુફામાં પ્રવેશ કરતા ચક્રવર્તી પાછળ આવનારા સૈન્યાદિને અજવાળું મળે એ માટે પહેલું યોજન પૂરું થાય ત્યાં દક્ષિણ તરફના દ્વારે પૂર્વદિશાના કમાડમાં પહેલું મંડલ આલેખે છે, પછી ગોમૂત્રિકા ન્યાયે ઉત્તર તરફના પશ્ચિમ દિશાવાળા કમાડના તોદક પર ત્રીજા યોજનમાં બીજું મંડળ આલેખે છે. પછી તે જ ન્યાયે પૂર્વદિશામાં કમાડના તોદક પર ચોથા યોજનમાં ત્રીજું મંડળ આલેખે છે. પછી પશ્ચિમદિશાની ભીંતમાં પાંચમાં યોજનમાં ચોથુ મંડળ આલેખે છે. પછી પૂર્વદિશાની ભીંતમાં છઠ્ઠા યોજનમાં પાંચમું મંડળ આલેખે છે. એવી રીતે ઉત્તર તરફના દ્વારનો પૂર્વદિશાના કમાડ ઉપર બીજા યોજનમાં ઓગળપચાસમું મંડળ આલેખે છે એમ મળી એક ભીંત પર પચીશ અને સામેની બીજી ભીંત ઊપર ચોવીસ એમ કુલ ઓગણપચાસ મંડળો થાય છે. એમ કહેવાય છે કે, "જ્યાં સુધી ચક્રવર્તી જીવે ત્યાં સુધી આ ગુફાઓના દરવાજા ખુલ્લા રહે છે અને તે મંડળોનો પ્રકાશ પણ રહે છે પછી સ્વતઃ દરવાજા બંધ થઈ જાય અને પ્રકાશ પણ બંધ થઈ જાય છે[2]...


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યમક-સમક પર્વત





નીલવંત પર્વત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃત્ત વૈતાઢ્ય-યમકાદિ પર્વતો અને કંચનગિરિ પર્વતો વિષે 37

☞ **વૃત્ત વૈતાઢ્ય :** હિમવંત, હિરણ્યવંત,હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્રની મધ્યમાં આ ૪ પર્વતો આવેલા છે.[૧] તેઓનાં નામ અનુક્રમે **શબ્દાપાતી-માલ્યવંત-વિકટાપાતી** અને **ગંધાપાતી** છે.[૨] આ પર્વતો મૂળમાં, વચ્ચે અને ઉપર ૧,૦૦૦-૧,૦૦૦ યોજનના વિસ્તારવાળા છે તથા ૧,૦૦૦ યોજન ઊંચા છે. આ પર્વતોનો આકાર ગોળ પ્યાલા જેવો છે. આ પર્વતો ઉપર જે પ્રાસાદો છે, તે ૩૧$\frac{૧}{૨}$ યોજન લાંબા-પહોળા અને ૬૨$\frac{૧}{૨}$ યોજન ઊંચા છે.[૩] આ વૃત્ત વૈતાઢ્યો સર્વ રત્નમય કહેલા છે.[૪] શબ્દાપાતી વગેરેના અધિપતિ સાદિ, અરુણ, પદ્મ અને પ્રભાસ નામે દેવો છે[૫] ઇત્યાદિ.


☞ **યમકાદિ ૪ પર્વત :** પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર અને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની વચ્ચેના ભાગે નીલવંત પર્વતની પાસે ઉત્તરકુરુ ક્ષેત્ર આવેલું છે અને નિષધપર્વતની પાસે દેવકુરુ ક્ષેત્ર આવેલ છે. ઉત્તરકુરુ ક્ષેત્રમાં નીલવંત પર્વતની ૮૩૪$\frac{૪}{૬}$ યોજન દૂર સીતા મહાનદીના પૂર્વ અને પશ્ચિમ કિનારે, તે મહાનદીને સ્પર્શીને **યમક** નામના (મતાંતરે **યમક** અને **સમક** નામના) ૨ પર્વતો આવેલા છે. યમક પક્ષી જેવા આકારવાળા હોવાથી અથવા આ પર્વતોના અધિષ્ઠાયક દેવ યમકદેવ હોવાથી યમક નામ છે. વળી, આ પર્વતો પીળા સુવર્ણમય છે. જોડીયા ભાઈની જેમ એઓનું સ્વરૂપ એક સમાન છે. વળી, ૧,૦૦૦ યોજન ઊંચા, મૂળમાં વિસ્તાર ૧,૦૦૦ યોજન અને ઊપરનો વિસ્તાર ૫૦૦ યોજન છે. આ પર્વતો ઊર્ધ્વ ગોપૃચ્છાકારે વૃત્ત (ગોળ) આકારે છે અને વેદિકા અને વનવડે વિંટળાયેલા છે. પર્વતોની ઊપર યમકદેવનો ૧-૧ પ્રાસાદ (મહેલ) છે. જે ૩૧$\frac{૧}{૨}$ યોજન લાંબો-પહોળો અને ૬૨$\frac{૧}{૨}$ યોજન ઊંચો છે. આ જ રીતે દેવકુરુ ક્ષેત્રમાં સીતોદા મહાનદીના પશ્ચિમ કિનારે **"ચિત્ર"** નામનો અને પૂર્વ કિનારે **"વિચિત્ર"** નામનો પર્વત છે. એઓનું પણ સ્વરૂપ યમક પર્વતની જેમ જાણવું[૧].


☞ **૨૦૦ કંચનગિરિ પર્વત :** ઉત્તરકુરુ ક્ષેત્ર અને દેવકુરુ ક્ષેત્રમાં અનુક્રમે નીલવંત પર્વત અને નિષધ પર્વતથી ક્રમશઃ સીતા અને સીતોદા મહાનદી નીકળે છે. નીલવંત કે નિષધ પર્વતથી ૮૩૪$\frac{૪}{૬}$ યોજનના આંતરે યમક-સમક પર્વત છે. તે પછી ૮૩૪ $\frac{૪}{૬}$ યોજનના આંતરે આંતરે ૫-૫ દ્રહો આવેલા છે. પાંચમાં દ્રહ પછી ૮૩૪ $\frac{૪}{૬}$ યોજને મેરુપર્વત આવે છે. આમ, નીલવંત તથા નિષધ પર્વતથી મેરુપર્વત સુધી વચ્ચે યમકાદિ પર્વત અને ૫-૫ દ્રહો આવતા હોવાથી કુલ આંતરા ૭-૭ થાય છે. તે દરેક આંતરાનું પ્રમાણ ૮૩૪ $\frac{૪}{૬}$ યોજનનું સમાન જ છે. આ દ્રહો પૂર્વ-પશ્ચિમ ૫૦૦ યોજન પહોળા છે અને ઉત્તર-દક્ષિણ ૧,૦૦૦ યોજન લાંબા છે. ઊંડાઈ ૧૦ યોજનની છે. આ દ્રહોને ઉત્તર અને દક્ષિણ દ્વાર છે તથા આ દ્રહ ૧-૧ વેદિકા વડે વિંટળાયેલા છે. સીતા અને સીતોદા મહાનદીના કારણે આ દ્રહોના પૂર્વ-પશ્ચિમ એમ ૨ ભાગ થઈ જાય છે. ઉત્તરકુરુ ક્ષેત્રથી ગણતા અનુક્રમે નીલવંત ઉત્તરકુરુ-ચન્દ્ર-ઐરવત અને માલ્યવંત દ્રહો આવા નામથી છે અને દેવકુરુ ક્ષેત્રમાં નિષધ-દેવકુરુ-સુર-સુલસ અને વિદ્યુત્પ્રભ દ્રહો આવા નામથી સુશોભિત છે. દ્રહના નામવાળા આ અધિપતિ (અધિષ્ઠાયક) દેવો છે. આ ૧૦ દ્રહો તો લઘુદ્રહ જ કહેવાય છે. જેમ મહાવિદેહ ક્ષેત્રની અંતર નદીઓ ગંગા-સિંધુ કરતાં મોટી હોવા છતાં તે મુખ્ય ન હોવાથી મહાનદીમાં ગણાતી નથી તેમ આ લઘુ દ્રહો પણ પદ્મદ્રહ સરખા પ્રમાણમાં હોવા છતાં પણ મહાદ્રહમાં ગણાતા નથી.

આ દરેક દ્રહોથી ૧૦-૧૦ યોજન દૂર પૂર્વ અને પશ્ચિમ કિનારે ૧૦-૧૦ કંચનગિરિ પર્વતો આવેલ છે. કુલ ૧૦ દ્રહો હોવાથી ૨૦૦ કંચનગિરિ પર્વતો થાય છે. આ કંચનગિરિ પર્વતો ૧૦૦ યોજન ઊંચા, ભૂમિ ઊપર ૧૦૦ યોજન વિસ્તારવાળા અને ઉપર ૫૦ યોજન વિસ્તારવાળા ઊર્ધ્વ ગોપૃચ્છાકારે ગોળાકાર છે. વળી, તેઓ ભૂમિ ઊપર એક-બીજાને સ્પર્શીને ૧૦-૧૦ના જોડલા રૂપે રહેલા છે. વળી, આ પર્વતો પીળા સુવર્ણના (કંચનના) હોવાથી અથવા તેમના અધિપતિ દેવનું નામ કંચનદેવ હોવાથી અથવા તે પર્વતો ઉપર કંચન જેવી કાંતિવાળાં કમળો વગેરેથી શોભતાં જળાશયો હોવાથી તેનું નામ કંચનગિરિ છે. આ પર્વતો જાણે દિક્કુમારીઓને રમવા માટેના સોગઠાં ન હોય તેવું લાગે છે.[૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुदर्शन नामनुं जंबूवृक्ष





જંબૂપીઠને ફરતાં આ ત્રણ વન છે. તેમાં પહેલા વનમાં ૮ જિનકુટ,
૪ પ્રાસાદ અને ૪ ભવન છે. બીજા બે વનમાં કાંઇ નથી.
આ ભવન પ્રાસાદો અને ચૈત્યોનું પ્રમાણાદિ જંબૂભવનાદિની જેમ જાણવું.
વળી ૮ જિનકુટ તે ૮ યોજન ઊંચા અને ૨ યોજન જમીનમાં છે
અને ગોપુચ્છાકારે રહેલા છે.
આ આઠે જિનકુટ ઉપર ૧-૧ સિદ્ધાયતન છે... તેમ જાણવું.

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

જંબૂવૃક્ષ


38


☞ જંબૂદ્વીપમાં ઉત્તરકુરુ ક્ષેત્રના પૂર્વાર્ધમાં મધ્યભાગે જંબૂવૃક્ષના આકારનું પૃથ્વીકાયમય શાશ્વત, સ્થિર, અકૃત્રિમ મહાજંબૂવૃક્ષ છે.[૧] આ જંબૂદ્વીપનો અધિપતિ અનાદૃત દેવ આનાં ઉપર જ રહે છે, તેથી આ દ્વીપનું નામ જંબૂદ્વીપ છે.[૨] આ જંબૂવૃક્ષનાં ૧૨ નામો છે : (૧) સુદર્શના, (૨) અમોઘા, (૩) સુપ્રબુદ્ધા, (૪) યશોધરા, (૫) ભદ્રા, (૬) વિશાલા, (૭) સુજાતા, (૮) સુમના, (૯) વિદેહજંબુ, (૧૦) સૌમનસા, (૧૧) નિયતા, (૧૨) નિત્યમંડિતા.[૩] જ્યાં જંબૂવૃક્ષ છે ત્યાં જાંબુનદ સુવર્ણનું રાતાવર્ણનું જંબૂપીઠ છે, તે જંબૂપીઠ નીચે બે ગાઉ ઊંચું (જાડું) છે તથા ૫૦૦ યોજન વિસ્તારવાળું લાંબુ-પહોળું છે, તેની ફરતે પદ્મવર વેદિકા છે. તે વેદિકાને ૨ ગાઉ ઊંચાં અને ૧ ગાઉ પહોળાં મનોહર ચાર દ્વારો છે. વળી, તે તોરણો-અષ્ટમંગલો વગેરેથી યુક્ત છે તથા ૩-૩ પગથિયાં પણ છે. જંબૂપીઠના મધ્યભાગમાં ૮ યોજન વિસ્તારવાળી અને ૪ યોજન ઊંચી મણિપિઠીકા છે. તેની ઉપર આ પૃથ્વીકાયમય શાશ્વત જંબૂવૃક્ષ રહેલું છે. આ જંબૂવૃક્ષના મૂલીયા વજ્રરત્નમય છે. કંદ (જમીનમાં રહેલું થડ) અરિષ્ટરત્નમય છે.સ્કંધ (બહાર રહેલું થડ) વૈડુર્યરત્નમય નીલવર્ણનું છે. આ થડથી ચાર દિશામાં ચાર મુખ્ય શાખાઓ નીકળે છે, તે સુવર્ણમય પીલા વર્ણની છે તથા મધ્યભાગે મોટામાં મોટી વિડમાશાખા ઊર્ધ્વદિશામાં ઊભી ગયેલી છે તે રુપ્યમય છે. આ ઉપરાંત પ્રશાખાઓ કાંઈક શ્વેત વર્ણની સુવર્ણમય છે. પાંદડાઓ નીલવર્ણના વૈડુર્યરત્નમય છે. વૃક્ષો (પાંદડાના ડીંટ) તપાવેલા સુવર્ણમય છે. નવા અંકુરાઓ રાતા સુવર્ણમય છે. વળી, આ વૃક્ષ વિવિધ રત્નમય પુષ્પો અને ફળવાળું છે. (આ ઉપરોક્ત બધું જ પૃથ્વીકાયનું શાશ્વત છે.) આ જંબૂવૃક્ષની ઊંચાઈ અને વિસ્તાર ૮-૮ યોજનનો છે કેમ કે થડ, મહાશાખા, વિડમાશાખાની જાડાઈ ૨ ગાઉની છે અને મુખ્ય શાખાઓની લંબાઈ ૧૫-૧૫ ગાઉની છે તથા થડની લંબાઈ ૨ યોજન અને વિડમાશાખાની લંબાઈ ૬ યોજનની છે. (થડની જાડાઈ ૨ ગાઉ + મહાશાખાની લંબાઈ ૧૫ ગાઉ + ૧૫ ગાઉ = ૩૨ ગાઉ = ૮ યોજન વિસ્તાર. થડની ઊંચાઈ ૨ યોજન, વિડમાશાખાની ઊંચાઈ ૬ યોજન = ૮ યોજન ઊંચાઈ...) પૂર્વની મહાશાખા ઉપર અનાદૃત દેવનું રત્નમય ભવન છે અને બાકીની ૩ મહાશાખાઓ ઉપર તેના જ દેવપ્રાસાદો છે. વિડમાશાખા ઊપર તો શાશ્વત જિનમંદિર છે. આ પાંચે ૧ ગાઉ લાંબા, $\frac{1}{2}$ ગાઉ પહોળા અને ૧,૪૪૦ ધનુષ્ય ઊંચા હોય છે.

☞ આ જંબૂવૃક્ષ અનુક્રમે ૧૨ વેદિકા વડે વિંટળાયેલ છે. દ્રહોમાં (પદ્માદિમાં) કમળોનો જે પરિવાર છે તેવો જ પરિવાર અહીં જંબૂવૃક્ષનો જાણવો. ફેર એટલો જ છે કે ત્યાં મહત્તરા દેવીના કમળો છે.ત્યારે અહીં અગ્ર મહિષીઓનાં વૃક્ષો જાણવાં. ત્યાં કમળોના ૬ વલયો કહેવાયા. જ્યારે અહીં મતાંતરે પહેલા ૩ વલયો પણ કહ્યા છે અર્થાત્ પહેલા વલયમાં ૧૦૮ જંબૂવૃક્ષો અને તેઓને ફરતે ૬ પદ્મવર વેદિકા આવેલી છે. આ વૃક્ષો ઉપર અનાદૃત દેવનાં આભૂષણો રાખવામાં આવેલાં છે. આ ૧૦૮ જંબૂવૃક્ષોમાં જિનમંદિર કે પ્રાસાદાદિક કાંઈ પણ નથી. (જો કે કેટલાક અહીંયાં ૧૦૮ જિનમંદિર છે તેવું માને છે.) પછી બીજા વલયમાં કુલ ૩૪,૦૧૧ વૃક્ષો છે અને ત્રીજા વલયમાં ૧૬,૦૦૦ વૃક્ષો છે. જે અનાદૃત દેવના આત્મરક્ષકોના છે. આવા પરિવારવાળા જંબૂવૃક્ષની આસપાસ ૧૦૦-૧૦૦ યોજન પ્રમાણવાળાં ૩ વન આવેલાં છે. તેમાં પ્રથમ વનમાં જંબૂપીઠથી ૫૦ યોજન દૂર ચાર દિશામાં ચાર ભવનો અને ચાર વિદિશામાં ચાર પ્રાસાદો અનાદૃત દેવના આવેલા છે. ચાર પ્રાસાદોની ચારે બાજુ ૪-૪ વાવડીઓ આવેલી છે, તે વાવડીઓ તોરણ, ચાર દ્વાર, ૧ વન અને ૧ વેદિકા વડે વિંટળાયેલ છે. ભવન અને પ્રાસાદનું સ્વરૂપ જંબૂવૃક્ષના ભવન-પ્રાસાદ જેવું જાણવું અને વાપિકાઓ ૧ ગાઉ લાંબી, $\frac{1}{2}$ ગાઉ પહોળી અને ૨૫૦ ધનુષ્ય ઊંડી છે. તે જ ભવન અને ૪ પ્રાસાદના આંતરામાં ૮ ભૂમિકુટો આવેલા છે, તેને "તરૂકુટ" પણ કહેવાય છે. તેની ઊપર શાશ્વત જિનચૈત્યો આવેલ હોવાથી તે "જિનકુટ" પણ કહેવાય છે. તે કુટો જંબૂનદ સુવર્ણના રાતા છે. આ કુટો મૂળમાં ૧૨ યોજન વિસ્તારવાળા, ઊપર ૪ યોજન વિસ્તારવાળા, ૮ યોજન ઊંચા અને જમીનમાં ૨ યોજન ઊંડા છે. ઊર્ધ્વ પૃચ્છાકારે છે. જિનમંદિરનું સ્વરૂપ વિડમા શાખાના જિનમંદિરની જેમ જાણવું. હાલમાં જંબૂદ્વીપનો અધિષ્ઠાયક **"અનાદૃત દેવ"** છે જે પૂર્વભવમાં જંબૂસ્વામીજીના સંસારી કાકાશ્રી હતા.[૪] એવી જ રીતે દેવકુરુ ક્ષેત્રના પશ્ચિમાર્ધના મધ્યભાગે **"શાલ્મલીવૃક્ષ"** આવેલ છે, તેનું પણ સર્વ સ્વરૂપ જંબૂવૃક્ષ જેવું જાણવું. ફેર એટલો જ કે તેનો અધિપતિદેવ **"ગરુડદેવ"** છે. વળી, તેના પહેલા વનમાં જંબૂકૂટ જેવા જ ૮ શાલ્મળીકૂટો આવેલ છે તે શ્વેત રુપ્યમય છે.[૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દ્રહોમાંથી નિકળતી નદીઓ... ॥





ચિત્રમાં જુઓ, દીર્ઘ વૈતાઢ્ય પર્વત અને ગંગા-સિંધુ નદીના પ્રવાહના કારણે ભરત ક્ષેત્રના છ ખંડ થઈ ગયા છે.
(પદ્મદ્રહના ચિત્રમાં કમળો, ભવનો વગેરે આપેલ નથી, પણ સમજી લેવાં.)

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

39 દ્રહોમાંથી નીકળતી નદીઓ

☞ જે નદી ભરતક્ષેત્રમાં (ગંગા સિંધુ) કે ઐરાવતક્ષેત્રમાં (રક્તા-રક્તવતી) જતી હોય તેના દ્રહના દ્વાર પ્રપાતકુંડમાં પડે ત્યાં સુધી નદીનો વિસ્તાર, કુંડનું દ્વાર, કુંડમાંથી નીકળે ત્યારે શરૂનો નદીનો વિસ્તાર તથા જિહ્વિકાનો વિસ્તાર એ સર્વ ૬ $\frac{1}{2}$ યોજન દ્રહમાંથી નદી નીકળી કુંડમાંથી બહાર નીકળે ત્યાં સુધી તેની ઊંડાઈ તથા જિહ્વિકાની જાડાઈ $\frac{1}{2}$ ગાઉ તેમજ જિહ્વિકાની લંબાઈ તેથી ચાર ગણી એટલે કે ૨ ગાઉ પ્રમાણ છે. જે નદીઓ હૈમવંત ક્ષેત્રમાં (રોહિતાંશા-રોહિતા) કે હિરણ્યવંત ક્ષેત્રમાં (સુવર્ણકુલા-રુપ્યકુલા) જતી હોય તેમનું ઊપર કહેલ માપ સર્વ ડબલ એટલે અનુક્રમે ૧૨ $\frac{1}{2}$ યોજન, ૧ ગાઉ અને ૪ ગાઉ (૧ યોજન) સમજવું. જે નદીઓ હરિવર્ષ ક્ષેત્રમાં (હરિકાન્તા-હરિસલિલા) કે રમ્યક્ ક્ષેત્રમાં (નરકાંતા-નારિકાંતા) જતી હોય તેમનું ઊપર કહેલ માપથી ચારગણું - એટલે કે અનુક્રમે - ૨૫ યોજન, ૨ ગાઉ અને ૨ યોજન સમજવું. જે નદીઓ મહાવિદેહ ક્ષેત્રમાં (સીતા-સીતોદા) વહે છે તેનું ઉપર કહેલ માપથી ૮ ગણું એટલે કે ૫૦ યોજન, ૧ યોજન અને ૪ યોજન સમજવું. હવે આ નદીઓ જે દ્રહમાંથી નીકળી છેક સમુદ્રને મળે છે ત્યાં સુધીનું વર્ણન પણ જોઈ લઈએ...

લઘુ હિમવંત પર્વત પરના પદ્મદ્રહને ૩ દ્વાર છે તેમાં પૂર્વ-પશ્ચિમ ૬ $\frac{1}{2}$ યોજન અને મેરુ સન્મુખ (ઉત્તર તરફ) ૧૨ $\frac{1}{2}$ યોજન દ્વારનો વિસ્તાર છે. પૂર્વ દ્વારમાંથી ગંગાનદી અને પશ્ચિમ દ્વારમાંથી સિંધુનદી દ્વાર જેટલા જ પ્રવાહપૂર્વક નીકળે છે તે $\frac{1}{2}$ ગાઉ ઊંડી છે. તે પર્વત ઉપર અનુક્રમે પૂર્વ અને પશ્ચિમ દિશાએ ૫૦૦ યોજન સુધી વહે છે. ત્યારબાદ ત્યાં આવતાં અનુક્રમે ગંગા અને સિંધુ નામે આવર્તનકુટથી ૧ ગાઉ દૂર રહી આ બંને નદીઓ ભરતક્ષેત્ર તરફ વળાંક લે છે. વળાંક લીધા બાદ પર્વત ઉપર ૫૨૩ $\frac{3}{19}$ યોજન સુધી વહે એટલે પર્વતનો કિનારો આવી જાય છે. ત્યાં મગરના ફાડેલા મુખ જેવી જિહ્વિકા છે. તેનો વિસ્તાર ૬ $\frac{1}{2}$ યોજન, જાડાઈ $\frac{1}{2}$ ગાઉ અને લંબાઈ ૨ ગાઉ પ્રમાણ છે. તેમાંથી ધોધરૂપે આ ગંગા અને સિંધુ નદી ભરતક્ષેત્રમાં આવેલા અનુક્રમે ગંગા અને સિંધુ નામના પ્રપાતકુંડમાં પડે છે. પર્વતની ઉંચાઈ ૧૦૦ યોજનની હોવાથી અને ધોધ શરૂમાં વળાંક લે તેથી ધોધની લંબાઈ સાધિક ૧૦૦ યોજન છે. ત્યારબાદ પ્રપાતકુંડના દક્ષિણદ્વારમાંથી આ નદીઓ નીકળી વૈતાઢ્ય પર્વતને ભેદીને લવણ સમુદ્રમાં મળે છે.

વળી પદ્મદ્રહના મેરુ સન્મુખના (ઉત્તર તરફના) દ્વારમાંથી રોહિતાંશા નદી નીકળે છે તેનો પ્રવાહ દ્વાર ૧૨ $\frac{1}{2}$ યોજનનો છે અને ઊંડાઈ ૧ ગાઉની છે. તે સીધી પર્વત ઉપર જ ઉત્તર દિશામાં વહે છે. પછી જિહ્વિકામાં થઈને હિમવંત ક્ષેત્રના રોહિતાંશા કુંડમાં ધોધરૂપે પડે છે. ત્યાંથી ઉત્તર તરફના દ્વારમાંથી વૃત્તવૈતાઢ્ય પર્વતથી ૧ યોજન દૂર રહી પશ્ચિમ તરફ વળાંક લઈને લવણસમુદ્રમાં ભળે છે.

☞ આ રીતે ઉપરોક્ત માપો મુજબ તમામ દ્રહો અંગે સામે આપેલ ચિત્ર મુજબ યથાયોગ્ય સમજી શકાય તેમજ નીચે આપેલ કોઠો પણ જોઈ શકાય...

ક્રમ	નદીનું નામ	નીકળતી વખતે		સમુદ્રમાં પ્રવેશતા	
		પહોળાઈ યોજન-ગાઉ	ઊંડાઈ યોજન-ગાઉ	પહોળાઈ યોજન-ગાઉ	ઊંડાઈ યોજન-ગાઉ
૧	ગંગાનદી	૬-૧	૦-૧/૨	૬૨-૨	૧-૧
૨	સિંધુ નદી	૬-૧	૦-૧/૨	૬૨-૨	૧-૧
૩	રક્તા નદી	૬-૧	૦-૧/૨	૬૨-૨	૧-૧
૪	રક્તવતી નદી	૬-૧	૦-૧/૨	૬૨-૨	૧-૧
૫	રોહિતાંશા નદી	૧૨-૨	૦-૧	૧૨૫-૦	૨-૨
૬	રોહિતા નદી	૧૨-૨	૦-૧	૧૨૫-૦	૨-૨
૭	સુવર્ણકુલા નદી	૧૨-૨	૦-૧	૧૨૫-૦	૨-૨

ક્રમ	નદીનું નામ	નીકળતી વખતે		સમુદ્રમાં પ્રવેશતાં	
		પહોળાઈ યોજન-ગાઉ	ઊંડાઈ યોજન-ગાઉ	પહોળાઈ યોજન-ગાઉ	ઊંડાઈ યોજન-ગાઉ
૮	રુપ્યકુલા નદી	૧૨-૨	૦-૧	૧૨૫-૦	૨-૨
૯	હરિકાંતા નદી	૨૫-૦	૦-૨	૨૫૦-૦	૫-૦
૧૦	હરિસલિલા નદી	૨૫-૦	૦-૨	૨૫૦-૦	૫-૦
૧૧	નરકાંતા નદી	૨૫-૦	૦-૨	૨૫૦-૦	૫-૦
૧૨	નારીકાંતા નદી	૨૫-૦	૦-૨	૨૫૦-૦	૫-૦
૧૩	સીતા નદી	૫૦-૦	૧-૦	૫૦૦-૦	૧૦-૦
૧૪	સીતોદા નદી	૫૦-૦	૧-૦	૫૦૦-૦	૧૦-૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

40 મહાવિદેહ ક્ષેત્ર

☞ અત્યાર સુધીમાં જંબૂદ્વીપના ૬ ક્ષેત્રો (ભરતાદિ), પર્વતો, નદીઓ, દ્રહો વગેરેની જાણકારી પ્રાપ્ત થઈ, જંબૂદ્વીપના ૭ ક્ષેત્રોમાં સૌથી મોટો અને મહત્ત્વના ક્ષેત્ર તરીકે જેને સ્થાન મળ્યું હોય તો તે છે **'મહાવિદેહ ક્ષેત્ર'** સદાયકાળ જિનેશ્વર પરમાત્માની હયાતીથી ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરનાર એવા આ ક્ષેત્રની વિશેષતાઓ પર નજર કરવી જ રહી...

☞ દરેક મહાવિદેહ ક્ષેત્રની અંદર ૩૨-૩૨ વિજયો હોય છે.

☞ એક-એક વિજય-ક્ષેત્ર તે ભરતક્ષેત્ર કરતાં પણ ઘણું વિશાળ છે તેમજ દરેક વિજયના વૈતાઢ્ય પર્વત અને ગંગા-સિંધુ નદી તથા રક્તા-રક્તવતી નદીના કારણે ૬-૬ ખંડ થાય છે.

☞ દરેક વિજયના ઉત્તરે અને દક્ષિણે નિષધ કે નીલવંત વર્ષધર પર્વત અને **સીતા** કે **સીતોદા** મહાનદી આવેલ છે.

☞ દરેક વિજયોમાં ૩-૩ શાશ્વતા એવા **પ્રભાસ, વરદામ** અને **માગધ** નામે તીર્થ છે.

☞ દરેક વિજયમાં દીર્ઘ વૈતાઢ્ય પર્વતમાં **તમિસ્ત્રા** અને **ખંડપ્રપાતા** નામની બબ્બે ગુફાઓ આવેલી છે.

☞ સીતા નદી નીલવંત પર્વતના કેશરી દ્રહમાંથી નીકળે છે અને સીતોદા નદી નિષધ પર્વતના તિગિંછિ દ્રહમાંથી નીકળે છે. બાકીની ગંગા-સિંધુ અને રક્તા-રક્તવતી નદી જમીન પરના ગંગાપ્રપાતાદિ કુંડમાંથી નીકળે છે.

☞ દરેક વિજયોના ૪થા ખંડમાં **ઋષભકૂટ** નામે પર્વતો આવેલા છે. (જ્યાં ચક્રવર્તી પોતાનું નામ અંકિત કરે છે.)

☞ આ ૩૨ વિજયોના મનુષ્યોનું આયુષ્ય ઉત્કૃષ્ટથી **પૂર્વકોડ વર્ષ** = ૭૦,૫૬,૦૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષનું હોય છે[1].

☞ અહીંના મનુષ્યોનું શરીર ઉત્કૃષ્ટથી **૫૦૦ ધનુષ્ય** = ૨૦૦૦ હાથની ઊંચાઈવાળું હોય છે.

☞ આ મહાવિદેહની વિજયોમાં કાયમ અવસર્પિણીના **ચોથા આરા** જેવો જ કાળ વર્તતો હોય છે, તેથી અહીંના ક્ષેત્રમાં ઉત્પન્ન થતા જીવો સુષમા-દુષમા રૂપ ચોથા આરાને અનુભવે છે.

☞ આ મહાવિદેહ ક્ષેત્ર ૩૨ વિજયોના વિભાગવાળું છે તેમજ શ્રી જિનેશ્વર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવો વગેરેથી અવિરહિત એટલે કાયમ હાજરી વાળું હોય છે. એટલે ૩૨ વિજયોમાંથી કોઈને કોઈ વિજયમાં અવશ્ય તીર્થંકર-ચક્રવર્તી-બલદેવ કે વાસુદેવ હોય જ છે.

☞ આ **મહાવિદેહમાં** જઘન્યથી તીર્થંકરો-૪, ચક્રવર્તી-૪, બલદેવ-૪ અને વાસુદેવ-૪ તો હોય જ છે અને ઉત્કૃષ્ટથી તીર્થંકરો-૩૨, ચક્રવર્તી-૨૮, બલદેવ-૨૮ અને વાસુદેવ-૨૮ હોય છે. જ્યારે આખા **જંબૂદ્વીપમાં** (ભરત-ઐરવતના ૧-૧ ઉમેરતાં) ઉત્કૃષ્ટથી ૩૪ તીર્થંકરો, ૩૦ ચક્રવર્તી, ૩૦ બલદેવ અને ૩૦ વાસુદેવો હોય છે.[2]

☞ વર્તમાનમાં ૮મી પુષ્કલાવતી નામની વિજયમાં **શ્રી સીમંધરસ્વામી** નામના તીર્થંકર, ૯મી વત્સ નામની વિજયમાં શ્રી **યુગમંધરસ્વામી** નામના તીર્થંકર, ૨૪મી નલીનાવતી નામની વિજયમાં શ્રી **બાહુસ્વામી** નામના તીર્થંકર અને ૨૫મી વપ્ર નામની વિજયમાં શ્રી **સુબાહુસ્વામી** નામનાં તીર્થંકર સદેહે ભવ્યજીવોનાં ઉપકારાર્થે વિચરી રહ્યા છે.

☞ આ મહાવિદેહ ક્ષેત્રનાં પશ્ચિમ ભાગે આવેલી ૨૪મી નલીનાવતી વિજય અને ૨૫મી વપ્ર નામની વિજય સમભૂતલા (રુચક પ્રદેશાત્મક સ્થાન)થી ૧,૦૦૦ યોજન નીચે આવેલી હોવાથી **"અધોગ્રામ"** તરીકે ઓળખાય છે. કારણ કે, તિર્છાલોકની ઊંડાઈ ૯૦૦ યોજન સુધી જ ગણાય છે અને તેનાથી નીચે અધોલોક છે.


☞ આ મહાવિદેહ ક્ષેત્રમાં અનુક્રમે - ૩૨ વિજયો, ૧૬ વક્ષસ્કાર પર્વતો, ૧૨ અંતર નદીઓ, ૪ ગજદંત પર્વતો, ૧ મેરુપર્વત, દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્ર, ૧૦ લઘુદ્રહ, ૨૦૦ કંચનગિરિ પર્વતો, યમકાદિ ૪ પર્વતો, ૧ જંબૂવૃક્ષ, ૧ શાલ્મલીવૃક્ષ અને ૪ વનખંડો છે ((૧) ભદ્રશાલવન, (૨) નંદનવન, (૩) સૌમનસવન, (૪) પાંડુકવન વગેરે)

☞ **૧૨ અંતર નદીઓના નામો :** (૧) ગ્રાહવતી, (૨) દ્રહવતી, (૩) વેગવતી, (૪) તપ્તા, (૫) મત્તા, (૬) ઉન્મત્તા,(૭) ક્ષીરોદા, (૮) શીતસ્રોતા, (૯) અંતર્વાહિની, (૧૦) ઊર્મિમાલિની, (૧૧) ગંભીરમાલિની, (૧૨) ફેનમાલિની[3]... આ બધી ૧૨ નદીઓ પોતપોતાના નજીકમાં રહેલ નિષધ અને નીલવંત પર્વત પાસેના કુંડમાંથી નીકળી સીતા અને સીતોદા મહાનદીમાં મળી જાય છે.

☞ ક્ષેત્ર સંબંધી વિશેષ હકીકતો હવે પછી આગળ જાણીએ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ મહાવિદેહ ક્ષેત્ર... ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવિદેહ સંબંધી પૂર્વ-પશ્ચિમ લાખ યોજન મેલક યંત્ર 41


ક્રમ	સ્થાન નામ	યોજન સંખ્યા	ક્રમ	સ્થાન નામ	યોજન સંખ્યા
૧	જગતી સહિત સીતા વનમુખ	૨,૯૨૨ યોજન	૧૯	ભદ્રશાલવન-પશ્ચિમદિશીએ	૨૨,૦૦૦ યોજન
૨	૮ વિજય	૨,૨૧૨½ યોજન	૨૦	૩૨-૧૭ વિજય	૨,૨૧૨½ યોજન
૩	વક્ષસ્કાર પર્વત	૫૦૦ યોજન	૨૧	વક્ષસ્કાર પર્વત	૫૦૦ યોજન
૪	૭-૧૦ વિજય	૨,૨૧૨½ યોજન	૨૨	૩૧-૧૮ વિજય	૨,૨૧૨½ યોજન
૫	અંતર નદી	૧૨૫ યોજન	૨૩	અંતર નદી	૧૨૫ યોજન
૬	૬-૧૧ વિજય	૨,૨૧૨½ યોજન	૨૪	૩૦-૧૯ વિજય	૨,૨૧૨½ યોજન
૭	વક્ષસ્કાર પર્વત	૫૦૦ યોજન	૨૫	વક્ષસ્કાર પર્વત	૫૦૦ યોજન
૮	૫-૧૨ વિજય	૨,૨૧૨½ યોજન	૨૬	૨૯-૨૦ વિજય	૨,૨૧૨½ યોજન
૯	અંતર નદી	૧૨૫ યોજન	૨૭	અંતર નદી	૧૨૫ યોજન
૧૦	૪-૧૩ વિજય	૨,૨૧૨½ યોજન	૨૮	૨૮-૨૧ વિજય	૨,૨૧૨½ યોજન
૧૧	વક્ષસ્કાર પર્વત	૫૦૦ યોજન	૨૯	વક્ષસ્કાર પર્વત	૫૦૦ યોજન
૧૨	૩-૧૪ વિજય	૨,૨૧૨½ યોજન	૩૦	૨૭-૨૨ વિજય	૨,૨૧૨½ યોજન
૧૩	અંતર નદી	૧૨૫ યોજન	૩૧	અંતર નદી	૧૨૫ યોજન
૧૪	૨-૧૫ વિજય	૨,૨૧૨½ યોજન	૩૨	૨૬ ૨૩ વિજય	૨,૨૧૨½ યોજન
૧૫	વક્ષસ્કાર પર્વત	૫૦૦ યોજન	૩૩	વક્ષસ્કાર પર્વત	૫૦૦ યોજન
૧૬	૧-૧૬ વિજય	૨,૨૧૨½ યોજન	૩૪	૨૫-૨૪ વિજય	૨,૨૧૨½ યોજન
૧૭	ભદ્રશાલ વન પૂર્વદિશાએ...	૨૨,૦૦૦ યોજન	૩૫	જગતી સહિત સીતોદા વનમુખ	૨,૯૨૨ યોજન
૧૮	મેરુપર્વતનો વિષ્કંભ	૧૦,૦૦૦ યોજન	૩૬	કુલ	૧,૦૦,૦૦૦ યોજન

મહાવિદેહ સંબંધી ૩૨ વિજય અને નગરી (રાજધાની)નાં નામો


ક્રમ	વિજયનું નામ[1]	મુખ્ય નગરી[2]	ક્રમ	વિજયનું નામ[1]	મુખ્ય નગરી[2]	ક્રમ	વિજયનું નામ[1]	મુખ્ય નગરી[2]
૧	કચ્છ વિજય	ક્ષેમા નગરી	૧૨	વત્સાવતી વિજય	પ્રભંકરા નગરી	૨૩	કુમુદ વિજય	અશોકા નગરી
૨	સુકચ્છ વિજય	ક્ષેમપુરી નગરી	૧૩	રમ્ય વિજય	અંકાવતી નગરી	૨૪	નલીનાવતી વિજય[3]	વીતશોકા નગરી
૩	મહાકચ્છ વિજય	અરિષ્ઠા નગરી	૧૪	રમ્યક વિજય	પક્ષ્માવતી નગરી	૨૫	વપ્ર વિજય	વિજયા નગરી
૪	કચ્છાવતી વિજય	રિષ્ઠાવતી નગરી	૧૫	રમણીય વિજય	શુભા નગરી	૨૬	સુવપ્ર વિજય	વૈજયન્તી નગરી
૫	આવર્ત વિજય	ખડ્ગી નગરી	૧૬	મંગલાવતી વિજય	રત્નસંચયા નગરી	૨૭	મહાવપ્ર વિજય	જયન્તી નગરી
૬	મંગલાવર્ત વિજય	મંજુષા નગરી	૧૭	પદ્મ વિજય	અશ્વપુરી નગરી	૨૮	વપ્રાવતી વિજય	અપરાજિતા નગરી
૭	પુષ્કલ વિજય	ઔષધિપુરી નગરી	૧૮	સુપદ્મ વિજય	સિંહપુરી નગરી	૨૯	વલ્ગુ વિજય	ચક્રપુરી નગરી
૮	પુષ્કલાવતી વિજય	પુંડરિકીણી નગરી	૧૯	મહાપદ્મ વિજય	મહાપુરી નગરી	૩૦	સુવલ્ગુ વિજય	ખડ્ગપુરી નગરી
૯	વત્સ વિજય	સુસીમા નગરી	૨૦	પદ્માવતી વિજય	વિજયપુરી નગરી	૩૧	ગંધીલ વિજય	અવધ્યપુરી નગરી
૧૦	સુવત્સ વિજય	કુંડલા નગરી	૨૧	શંખ વિજય	અપરાજિતા નગરી	૩૨	ગંધીલાવતી વિજય	અયોધ્યા નગરી
૧૧	મહાવત્સ વિજય	અપરાવતી નગરી	૨૨	નલીન વિજય	અપરા નગરી			

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વક્ષસ્કારપર્વત



મહાવિદેહ ક્ષેત્રમાં વનમુખનો દેખાવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

42
વક્ષસ્કાર પર્વત

☞ વક્ષસ્કાર પર્વતોની સંખ્યા ૧૬ છે. તેનાં નામો આ પ્રમાણે જાણવાં : (૧) ચિત્રકુટ, (૨) બ્રહ્મકુટ, (૩) નલિનીકુટ, (૪) એકશૈલ, (૫) ત્રિકુટ, (૬) વૈશ્રમણ, (૭) અંજન, (૮) માતંજન, (૯) અંકાપાતી, (૧૦) પક્ષ્મપાતી, (૧૧) આશીવિષ, (૧૨) સુખાવહ, (૧૩) ચંદ્ર, (૧૪) સૂર્ય, (૧૫) નાગ, (૧૬) દેવ.[૧] નામક આ ૧૬ વક્ષસ્કાર પર્વતો એક તરફ નીલવંત અથવા નિષધ પર્વતને સ્પર્શીને રહેલા છે, જ્યારે બીજી બાજુએ સીતોદા અથવા સીતા નદીને સ્પર્શીને રહેલા છે.

આ પર્વતોનો વિષ્કંભ અર્થાત્ પહોળાઈ ૫૦૦ યોજનની છે. તેઓ સર્વત્ર સમાન અને સર્વ રત્નમય છે. નીલવંત અને નિષધ પર્વતોની સમીપમાં તેઓની ઊંચાઈ ૪૦૦ યોજન છે. ત્યાં તેઓ પૃથ્વીની અંદર ૧૦૦ યોજન ગયેલા છે. પછી ધીમે ધીમે ક્રમશઃ વધતા વધતા સીતા અને સીતોદા સુધી પહોંચતા તેઓની ઊંચાઈ ૫૦૦ યોજનની થાય છે. અહીં તેઓ પૃથ્વીની અંદર ૧૨૫ યોજન ઊંડા (ખુંચેલા છે). તેઓનો આકાર ઘોડાના સ્કંધ જેવો છે.

તે દરેક પર્વત પોતાના સમાન નામવાળા દેવોથી અધિષ્ઠિત છે. જેમ કે ઉદાહરણ રૂપે ચિત્ર પર્વત ઉપર ચિત્રનામક દેવ અધિષ્ઠાયક છે. આ ૧૬ પર્વતોને ૪-૪ શિખરો હોવાથી કુલ ૬૪ શિખરો હોય છે. તેમાં પહેલું નીલવંત અથવા નિષધ એ બેમાંથી એક પર્વતની સમીપમાં રહેલું ગિરિની પૂર્વમાં આવેલાં વિજયક્ષેત્રના નામનું છે. બીજું ગિરિની પશ્ચિમે આવેલા વિજયક્ષેત્રના નામનું છે. ત્રીજું ગિરિનાં જ નામનું અને ચોથું "સિદ્ધાયતન" નામનું છે. ગગનતલને સ્પર્શ કરી રહેલી ધ્વજાવાળા સિદ્ધમંદિરથી અત્યંત મનોહર આ છેલ્લું સીતા કે સીતોદાની સમીપમાં આવેલું છે. જેમ કે કચ્છ અને સુકચ્છ વિજયોની વચ્ચે રહેલા ચિત્રગિરિનું પહેલું શિખર "સુકચ્છ" છે, તો બીજું શિખર "કચ્છ" છે. ત્રીજું શિખર "ચિત્રકુટ" છે, તો ચોથું શિખર "સિદ્ધાયતન" છે. એમ સીતા અને સીતોદાના ઉત્તર કિનારે આવેલા સર્વ પર્વતોની બાબતમાં આ પ્રમાણે જ સમજવું.

હવે "ત્રિકુટ" પર્વતના ૪ શિખરો તેમાં પહેલું નિષધ પર્વતની પાસે રહેલું "વત્સ", બીજું "સુવત્સ", ત્રીજું "ત્રિકુટ" અને ચોથું "સિદ્ધાયતન" નામનું છે. એ પ્રમાણે સીતા અને સીતોદાના દક્ષિણ તટ ઉપર આવેલા સર્વ પર્વતો માટે જાણવું.

એવી રીતે ૬૪માંથી ૧૬ સિદ્ધાયતન નામના શિખરો બાદ કરતા શેષ રહેલા ૪૮ શિખરો પોતપોતાના નામ સરખા નામવાળા દેવોથી અધિષ્ઠિત છે. આ દેવો વિજયદેવની જેમ જ ઋદ્ધિ-સમૃદ્ધિવાળા હોય છે એમ જાણવું.

મહાવિદેહ ક્ષેત્રમાં વનમુખનો દેખાવ

☞ મહાવિદેહ ક્ષેત્રમાં પૂર્વ-પશ્ચિમ દિશાએ રહેલી જગતીની પાસે સીતા અને સીતોદાના બંને કિનારે ૧-૧ વનમુખ છે એમ કુલ ૪ વનમુખ છે[૧]. તે આ પ્રમાણે - પહેલું સીતા નદી અને નીલવંત પર્વતની વચ્ચે, બીજું સીતા નદી અને નિષધ પર્વતની વચ્ચે, ત્રીજું સીતોદા નદી અને નિષધ પર્વતની વચ્ચે તથા ચોથું સીતોદા નદી અને નીલવંત પર્વતની વચ્ચે વનમુખ છે.

આ સર્વ વનમુખો ઉત્તર-દક્ષિણ લાંબા છે તથા પૂર્વ-પશ્ચિમ પહોળા છે. એમની લંબાઈ વિજયોની લંબાઈ જેટલી જ છે અને એમની પહોળાઈ નીલવંત અને નિષધ પર્વતની પાસે ૧ કલા જેટલી છે, પણ પછી જગતીની ગોળાઈના કારણે જગતીની દિશામાં વધે છે. તે ક્રમે ક્રમે વધતી સીતા અને સીતોદા નદીની પાસે પહોંચતાં ૨,૯૨૨ યોજન થાય છે.

☞ અહીં આ પ્રમાણે આમ્નાય છે...


૧૬ વિજય, ૮ વક્ષસ્કાર પર્વત, ૬ અન્તર નદી, કુરુ અને બે ગજદંત પર્વત... એ બધાની સમગ્ર પહોળાઈને નીલવંત અને નિષધ પર્વતની "જયા" અથવા "જીવા"માંથી બાદ કરતાં શેષ ૨ કલા રહે છે એટલે તેમાંથી ૧-૧ કલા જેટલી બંને વનની પહોળાઈ સમજવી.

અમુક લંબાઈ ગયા બાદ ત્યાં પહોળાઈ જાણવી હોય તો તે "લંબાઈ"ને ૨,૯૨૨ થી ગુણવા અને ફરી કળા કરવા માટે ૧૯ થી ગુણવા, જે આવે તેને ૩,૧૫,૨૫૦ (કે જે વનમુખની લંબાઈની કળા છે.) આ રકમથી ભાગવા... પરિણામે જે આવે તેટલી કળાની ઈચ્છિત સ્થળની "પહોળાઈ" આવી સમજવી.

અહીં ભાજ્ય અને ભાજકની રકમોની ઉત્પત્તિ વિષે સ્પષ્ટ કહેવાય છે. "ઉત્કૃષ્ટી પહોળાઈ" એ જ સર્વત્ર ધ્રુવગુણક હોય છે, તે વડે ગુણવી પછી કળા કરવા માટે ૧૯ થી ગુણવી. અહીં "ઉત્કૃષ્ટી લંબાઈ" જ ધ્રુવભાજક હોય છે. કળા એટલા માટે કાઢવી કે એમાં ઉપલી ૨ કળા ઉમેરવી છે. આ રીતે કરવાથી વનમુખની ઈચ્છિત સ્થાનની પહોળાઈ મળી શકશે.[૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ભદ્રશાલવનમાં મેરુથી ૫૦ યોજન દૂર ચાર દિશાએ ૪ ચૈત્ય નદી પાસે છે.
૪ ઈન્દ્ર પ્રાસાદ પર્વતોની પાસે છે. એ આઠના આઠ આંતરામાં ૮ કરિકુટ છે.
જેનો કેટલોક ભાગ વનમાં અને કેટલોક ભાગ કુરુક્ષેત્રમાં છે.



આ ભદ્રશાલવન મેરુથી ઉત્તર દક્ષિણ ૨૫૦ યોજન પહોળું છે,
અને પૂર્વ પશ્ચિમ૨૨,૦૦૦ - ૨૨,૦૦૦ યોજન લાંબું છે,
તેમજ પહોળાઈમાં અનિયત છે.

દરેક ઈન્દ્ર પ્રાસાદની ચારેય
દિશાએ ૪-૪ વાવડી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રશાલવનનું વિહંગમ દૃશ્ય

43

☞ આ **ભદ્રશાલવન** સમભૂતલા પૃથ્વી ઉપર મેરુપર્વતની ચારે તરફ ઘેરાઈને રહ્યું છે.

☞ ઉત્તર-દક્ષિણમાં મેરુથી ૨૫૦ યોજન પ્રમાણ અને પૂર્વ-પશ્ચિમ ૨૨,૦૦૦-૨૨,૦૦૦ યોજન પ્રમાણ છે. તેમાં મેરુનો ૧૦,૦૦૦ યોજનનો વિસ્તાર ઉમેરો એટલે ઉત્તર-દક્ષિણ ૧૦,૫૦૦ યોજનની પહોળાઈ તથા પૂર્વ-પશ્ચિમ ૫૪,૦૦૦ યોજનની કુલ લંબાઈ થાય છે.

☞ આ ભદ્રશાલવનનું સ્વરૂપ લગભગ આગળ આવતા નંદનવનને મળતું આવે છે. અહીં દિક્કુમારીઓના ૮ કુટના બદલે ૮ આંતરામાં ૮ દિગ્ગજ કૂટો આવેલ છે. તે ભૂમિ ઉપર હોવાથી **"કરિકૂટ, દિગ્ગજકૂટ, હસ્તિકૂટ, ગજકૂટ"** વગેરે નામે પણ ઓળખાય છે. મેરુની પાસે હોવાથી **"મેરુકૂટ"** પણ કહેવાય છે. તેની ઉપર તે તે કુટના નામવાળા દેવોના પ્રાસાદ છે. (તેની ઉપર જિનમંદિરો પણ છે... તેવું પણ કેટલાક કહે છે.)

☞ સીતા-સીતોદા મહાનદીના પ્રવાહ તથા ગજદંત પર્વતના ભાગ આવવાથી ભદ્રશાલવન આઠ વિભાગવાળું થાય છે. સીતા-સીતોદા મહાનદીએ ૪ દિશા અને ગજદંત પર્વતોએ ૪ વિદિશા રોકી લીધી હોવાથી કૂટો તથા તેની ઉપરનાં જિનમંદિરો અને ઈન્દ્ર પ્રાસાદો બરાબર દિશા-વિદિશાને બદલે જરા સાઈડમાં છે. તે આઠ **દિગ્ગજકૂટોના** નામો અનુક્રમે આ પ્રમાણે જાણવા : (૧) પદ્મોત્તરકૂટ, (૨) નીલવંતકૂટ, (૩) સુહસ્તિકૂટ, (૪) અંજનગિરિકૂટ, (૫) કુમુદકૂટ, (૬) પલાશકૂટ, (૭) વડિંસકકૂટ, (૮) રોચનગિરિકૂટ.

☞ આ ભદ્રશાલવનમાં મેરુપર્વતની પૂર્વાદિ દિશાઓમાં ૫૦ યોજન આગળ જવાથી ૪ વિશાલ સિદ્ધાયતનો (ચૈત્યો) આવે છે. જે ૫૦ યોજન લાંબાં, ૨૫ યોજન પહોળાં અને ૩૬ યોજન ઊંચાં હોય છે અને તે ચૈત્યો સૈંકડો સ્તમ્ભોથી વ્યાપ્ત છે તેમજ આ ચૈત્યોમાં શાશ્વતા ઋષભ-ચંદ્રાનન-વારિષેણ અને વર્ધમાનસ્વામી બિરાજમાન છે.


☞ ચારે વિદિશા એટલે ખૂણાઓમાં એટલે ૪ અંતરે એકેક પ્રાસાદ આવેલા છે. તે પ્રાસાદો ૫૦૦ યોજન ઊંચા અને ૨૫૦ યોજન લાંબા-પહોળા છે. અગ્નિકોણ તથા નૈઋત્યકોણમાં જે ૨ પ્રાસાદ છે એ સૌધર્મેન્દ્રના છે અને એને યોગ્ય એવા આસનોથી સુશોભિત હોય છે. વળી, વાયવ્યકોણ અને ઈશાનકોણમાં જે ૨ પ્રાસાદો છે, તે ઈશાનેન્દ્રના સંબંધી છે અને તેને યોગ્ય આસનોથી શોભી રહ્યા છે.

☞ એ ચારે પ્રાસાદોની ચારે દિશામાં ૪-૪ વાવ છે. એ ૧૬ વાવો ૧૦ યોજન ઊંડી, ૫૦ યોજન લાંબી અને ૨૫ યોજન પહોળી હોય છે. આ સર્વેનું સ્વરૂપ જંબૂવૃક્ષ સંબંધી વાવ સમાન છે. તે **૧૬ વાવોનાં** નામો આ પ્રમાણે જાણવાં : (૧) પદ્મા, (૨) પદ્મપ્રભા, (૩) કુમુદા, (૪) કુમુદપ્રભા, (૫) ઉત્પલગુલ્મા, (૬) નલિના, (૭) ઉત્પલા, (૮) ઉત્પલોજ્જવલા, (૯) ભૃંગા, (૧૦) ભૃંગનિભા, (૧૧) અંજના, (૧૨) અંજનપ્રભા, (૧૩) શ્રીકાન્તા, (૧૪) શ્રીચન્દ્રા, (૧૫) શ્રીમહિતા અને (૧૬) શ્રીનિલયા.

☞ ભદ્રશાલવનનો દીર્ઘ વિસ્તાર પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં નદીઓના પ્રવાહના અનુસારે ૨૨,૦૦૦-૨૨,૦૦૦ યોજન છે અને એ વિસ્તાર પૂર્ણ થયા બાદ વિજયો પ્રારંભાય છે તથા દક્ષિણમાં દેવકુરુક્ષેત્રની અંદર ઉત્તર દિશામાં ઉત્તરકુરુક્ષેત્રની અંદર ભદ્રશાલવનનો વિસ્તાર ઉત્તર-દક્ષિણ ઈષુ પ્રમાણે ૮૮માં ભાગ જેટલો એટલે ૨૫૦ યોજન છે. શેષભાગ કુરુક્ષેત્રના યુગલિકોની વસ્તિવાળો છે માટે તે શેષભાગમાં વન નથી વળી મેરુપર્વતનાં ત્રણેય વનો (નંદન/સૌમનસ/પાંડુક) વલયાકારે છે. જ્યારે આ ભદ્રશાલ જુદા જ પ્રકારના વિષમ ચોરસ આકારનું છે... તેમ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવકુરુ - ઉત્તરકુરુ ક્ષેત્ર તેમજ કુરુક્ષેત્રના ૧૦ દ્રહો.....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રો

44

☞ મેરુપર્વતથી ઉત્તર દિશામાં ઉત્તરકુરુ ક્ષેત્ર તેમજ દક્ષિણ દિશામાં દેવકુરુ ક્ષેત્ર, ચાર ગજદંત પર્વતો તેમજ નિષધ-નીલવંત પર્વતોથી રક્ષાઈને રહેલાં છે. દેવકુરુ ક્ષેત્રમાં વિદ્યુત્પ્રભ પર્વત અને સીતા નદીની વચ્ચે જંબૂવૃક્ષના સમાન શાલ્મલી નામનું વૃક્ષ આવેલું છે. જેની બધી હકીકત જંબૂવૃક્ષ પ્રમાણે જાણવી. ફક્ત અધિષ્ઠાયક દેવ ગરુડ છે. ઉત્તરકુરુ ક્ષેત્રમાં માલ્યવંત પર્વત અને સીતોદા નદીની વચ્ચે જંબૂવૃક્ષ આવેલું છે. બંને ક્ષેત્રોમાં કુલ૧૦ દ્રહો આવેલા છે. આ બંને ક્ષેત્રોની એટલે દેવકુરુની અને ઉત્તરકુરુની વિશેષ હકીકત આ પ્રમાણે જાણવી...


ક્રમ	વિષય		દેવકુરુ	ઉત્તરકુરુ
૧	લંબાઈ (જીવા) :		૫૩,૦૦૦ યોજન	૫૩,૦૦૦ યોજન
	ધનુપૃષ્ઠ :		૬૦,૪૧૮ $\frac{13}{19}$ યોજન	૬૦,૪૧૮ $\frac{13}{19}$ યોજન
૨	પહોળાઈ		૧૧,૮૪૨ યોજન	૧૧,૮૪૨ યોજન
૩	કયા સ્થાન પર છે ?		મેરુની દક્ષિણે-નિષધ પર્વતની ઉત્તરે...	મેરુની ઉત્તરે-નીલવંત પર્વતની દક્ષિણે
૪	કઈ નદી		સીતોદા નદી	સીતા નદી
૫	કયો કાળ		અવસર્પિણીના પ્રથમ આરા જેવો	અવસર્પિણીના પ્રથમ આરા જેવો
૬	યુગલ મનુષ્ય	આયુષ્ય	૩ પલ્યોપમ...	૩ પલ્યોપમ
		ઊંચાઈ	૩ ગાઉ	૩ ગાઉ
૮	યુગલ તિર્યંચ	આયુષ્ય	૩ પલ્યોપમ	૩ પલ્યોપમ
		ઊંચાઈ	૬ ગાઉ (ગર્ભજ ચતુષ્પદ..)	૬ ગાઉ (ગર્ભજ ચતુષ્પદ...)

કુરુક્ષેત્રના ૧૦ દ્રહો

ક્રમ[1]	સ્થાન	દ્રહના નામો[2]	લંબાઈ[2]	પહોળાઈ[2]	ઊંડાઈ[2]	નિવાસિત દેવનું નામ	પરસ્પર[3] અંતર (યોજનમાં)	દ્વાર	ભેદક નદી	ભવનાદિ પ્રમાણ	કમળ વલય
૧	૯	નીલવંત દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	નીલવંત	૮૩૪ $\frac{4}{9}$	ઉત્તર-દક્ષિણ દ્વાર	સીતા નદી		૬
૨	૭	ઉત્તરકુરુ દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	ઉત્તરકુરુ	૮૩૪ $\frac{4}{9}$			૧ ગાઉ લાંબા	૬
૩	૫	ચંદ્ર દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	ચંદ્ર	૮૩૪ $\frac{4}{9}$			$\frac{1}{2}$ ગાઉ પહોળા	૬
૪	૩	ઐરાવત દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	ઐરાવત	૮૩૪ $\frac{4}{9}$			૧,૪૪૦ ધનુ. ઊંચા	૬
૫	૧	માલ્યવંત દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	માલ્યવંત	૮૩૪ $\frac{4}{9}$				૬
૧	૧૦	નિષધ દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	નિષધ	૮૩૪ $\frac{4}{9}$	ઉત્તર-દક્ષિણ દ્વાર	સીતોદા નદી		૬
૨	૮	દેવકુરુ દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	દેવકુરુ	૮૩૪ $\frac{4}{9}$			૧ ગાઉ લાંબા	૬
૩	૬	સુર દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	સુર	૮૩૪ $\frac{4}{9}$			$\frac{1}{2}$ ગાઉ પહોળા	૬
૪	૪	સુલસ દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	સુલસ	૮૩૪ $\frac{4}{9}$			૧,૪૪૦ ધનુ. ઊંચા	૬
૫	૨	વિદ્યુત્પ્રભ દ્રહ	૧,૦૦૦ યો.	૫૦૦ યો.	૧૦ યો.	વિદ્યુત્પ્રભ	૮૩૪ $\frac{4}{9}$				૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરુ પર્વત...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરુપર્વત

45

☞ આ મેરુપર્વત (૧) મંદર, (૨) મેરુ, (૩) સુદર્શન, (૪) સ્વયંપ્રભ, (૫) મનોરમ, (૬) ગિરિરાજ, (૭) રત્નોચ્ચય, (૮) શિલોચ્ચય, (૯) લોકમધ્ય, (૧૦) લોકનાભિ, (૧૧) સૂર્યાવર્ત, (૧૨) અસ્તુ (અચ્છ), (૧૩) દિગાદિ, (૧૪) સૂર્યાવરણ, (૧૫) અવતંસક અને (૧૬) નગોત્તમ ઈત્યાદિ ૧૬ નામોથી પ્રસિદ્ધ છે.[1]

☞ ઉપરોક્ત ૧૬ નામોમાં પણ "મંદર" નામ મુખ્ય છે તેમજ (૧) આ પર્વતનો સ્વામી પલ્યોપમના આયુષ્યવાળો **"મંદર"** નામક દેવ છે[1]. તે કારણથી જ આ પર્વતનું નામ પણ **"મંદર"** પર્વત છે અથવા તો [2]ભરત-ઐરાવત વગેરેની જેમ તથા ત્યાં (૨) ૧ પલ્યો. આયુવાળો "મેરુ" નામનો મહાર્દ્ધિક દેવ વસતો હોવાથી **"મેરુ"**... (૩) જાંબુનદ સુવર્ણમય અને રત્નબહુલ હોવાથી જોવા માત્રથી જેનું દર્શન મનને તૃપ્ત કરતો હોવાથી **"સુદર્શન..."** (૪) રત્નબહુલતાથી સૂર્યાદિના પ્રકાશથી નિરપેક્ષ હોઈ જાતે જ પ્રકાશિત હોવાથી **"સ્વયંપ્રભ"**... (૫) અતિસુંદર દેખાવવાળો અને દેવોના મનમાં રમતો હોવાથી **"મનોરમ"**... (૬) સઘળાએ પર્વતોથી ઊંચો હોવાથી અને તીર્થંકરોનો જન્માભિષેક થતો હોવાથી **"ગિરિરાજ"**... (૭) વિવિધ પ્રકારના વિશેષ રત્નોનો સંચય હોવાથી **"રત્નોચ્ચય"**... (૮) ઉપરનાં ભાગમાં પાંડુકંબલાદિ શિલા હોવાથી **"શિલોચ્ચય"**... (૯) તિર્ચ્છાલોકના મધ્યભાગમાં હોવાથી **"લોકમધ્ય"**... (૧૦) તિર્ચ્છાલોકની નાભિની જેમ થાળના મધ્યભાગમાં રહેલો તથા સારી રીતે ઉન્નત ગોળ ચંદ્રની જેમ હોવાથી **"લોકનાભિ"**... (૧૧) સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર અને તારા પ્રદક્ષિણા કરતા હોવાથી... **"સૂર્યાવર્ત"** (૧૨) અત્યંત નિર્મલ, સ્વચ્છ જંબુનદ રત્નની બહુલતા હોવાથી **"અચ્છ"**... (૧૩) મેરુમાં સ્થિત રુચક પ્રદેશોથી જ દિશા-વિદિશાની ગણતરી હોવાથી **"દિગાદિ"**... (૧૪) સૂર્યાદિ જ્યોતિષ મંડલ ચારે બાજુથી વિંટળાયેલો હોવાથી **"સૂર્યાવરણ"** (૧૫) પર્વતોમાં મુકુટ સમ હોવાથી (અવતંસક=મુગુટ) **"અવતંસક"**... અને (૧૬) પર્વતોમાં ઉત્તમ હોવાથી **"નગોત્તમ"**... કહેવાય છે.

☞ સમભૂતલા પૃથ્વી ઉપર આ મેરુપર્વત વનખંડ અને પદ્મવર વેદિકાથી યુક્ત હોય છે.

☞ મેરુપર્વતના ૩ વિભાગ છે. જેને કાંડ કહેવાય છે, જે અનુક્રમે આ પ્રમાણે જાણવા...

☞ પ્રથમ કાંડ જે ૪ પ્રકારનો છે : (૧) પૃથ્વીમય (માટીમય), (૨) પાષાણમય (પત્થરમય), (૩) વજ્રમય (હીરામય), (૪) કાંકરામય (વેણુમય)[4]

☞ દ્વિતીય કાંડ જે ૪ પ્રકારનો છે : (૧) અંકરત્નમય, (૨) સ્ફટિકરત્નમય, (૩) સુવર્ણરત્નમય, (૪) રજતમય[5].

☞ તૃતીયકાંડ : આ કાંડ સંપૂર્ણતયા જાંબુનદ સુવર્ણમય હોય છે[6].

☞ આ પર્વત ઉપર ૪ શ્રેષ્ઠ વન છે : (૧) ભદ્રશાલવન, (૨) નંદનવન, (૩) સૌમનસવન, (૪) પાંડુકવન[7].

ક્રમ	મેરુપર્વત વિશે	માપ-યોજન	ક્રમ	મેરુપર્વત વિશે	માપ-યોજન
૧	પૃથ્વી ઉપરની ઊંચાઈ	૯૯,૦૦૦ યોજન	૧૧	પ્રથમ કાંડ[6]	મૂળથી સમભૂતલા સુધી ૧,૦૦૦ યોજન
૨	પૃથ્વીમાં મગ્ન	૧,૦૦૦ યોજન			
૩	સંપૂર્ણ ઊંચાઈ	૧,૦૦,૦૦૦ યોજન	૧૨	દ્વિતીય કાંડ[5]	૬૩,૦૦૦ યોજન
૪	મૂળમાં વિસ્તાર[3]	૧૦,૦૯૦ $\frac{૧૨}{૧૯}$ યોજન	૧૩	તૃતીય કાંડ[6]	૩૬,૦૦૦ યોજન
૫	મૂળમાં પરિધિ[4]	૩૧,૯૧૦ $\frac{૩}{૧૯}$ યોજન	૧૪	ભદ્રશાલવન ક્યાં આવેલું ?	સમભૂતલા ઉપર
૬	સમભૂલતામાં પહોળાઈ[3]	૧૦,૦૦૦ યોજન	૧૫	ભદ્રશાલવનની લંબાઈ	૨૨,૦૦૦ યોજન
૭	ચુલિકાની પહોળાઈ[4]	૧,૦૦૦ યોજન	૧૬	ભદ્રશાલવનની પહોળાઈ	૨૫૦ યોજન
૮	ચુલિકાની ઊંચાઈ	૪૦ યોજન	૧૭	સમભૂતલાથી સૌમનસવન	૬૩,૦૦૦ યોજન
૯	સમભૂતલાની પરિધિ[1]	૩૧,૬૨૩ યોજન	૧૮	સૌમનસવનની પહોળાઈ	૫૦૦ યોજન
૧૦	શિખરની પરિધિ[1]	૩,૧૬૨ યોજન	૧૯	સમભૂતલાથી પાંડુકવન	૯૯,૦૦૦ યોજન
			૨૦	પાંડુકવનની પહોળાઈ	૪૯૪ યોજન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરુપર્વત ઉપર સ્થિત નંદનવન

વન વિસ્તાર - ૫૦૦ યોજન


સર્વ મેરુ વિસ્તાર - ૯,૯૫૪ $\frac{6}{11}$ યોજન

અંત મેરુ વિસ્તાર - ૮,૯૫૪ $\frac{6}{11}$ યોજન

૮ દિક્કુમારી કૂટ - પહોળાઈ મૂળમાં ૫૦૦ યોજન

૧ બલકૂટ - શિખરે ૨૫૦ યોજન

૯ કૂટ તે બધા મેરુથી ૫૦ યોજન દૂર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

46

મેરુપર્વત ઉપર સ્થિત નંદનવન

☞ ભદ્રશાલવનની સમભૂમિથી ઉપર ચઢતા ૫૦૦ યોજન પૂરા થયે છતે "નંદનવન" નામક વન આવે છે[1]. એનો વિસ્તાર ૫૦૦ યોજનનો છે અને મેરુને તે વલયાકારે વિંટળાઈને રહેલું છે. આ વન પણ પદ્મવરવેદિકા અને વનથી યુક્ત છે. મેરુથી ૫૦-૫૦ યોજનને અંતરે પૂર્વાદિ ચારે દિશામાં ૧-૧ સિદ્ધાયતન છે ને વિદિશાઓમાં એટલે જ (૫૦-૫૦ યો.) અંતરે અંતરે ભદ્રશાલવનની જેમ પ્રાસાદો અને દરેકની ચારે દિશામાં ૪ x ૪ = ૧૬ વાવડી છે.[2] તેના નામો આ પ્રમાણે છે : ઈશાનખુણામાં (૧) નંદોત્તરા, (૨) નંદા, (૩) સુનંદા, (૪) વર્ધના, અગ્નિખૂણામાં - (૧) નંદિષેણા, (૨) અમોઘા, (૩) ગોસ્તૂપા, (૪) સુદર્શના. નૈઋત્યખૂણામાં - (૧) ભદ્રા, (૨) વિશાલા, (૩) કુમુદા અને (૪) પુંડરિકીણી તેમજ વાયવ્ય ખૂણામાં - (૧) વિજયા, (૨) વૈજયન્તિ, (૩) અપરાજિતા અને (૪) જયન્તિ પૂર્વાદિ ક્રમે આ જાણવી[3]. તેમજ આ વનમાં જે ૪ પ્રાસાદ છે તેમાં અગ્નિખૂણે અને નૈઋત્યખૂણે રહેલા પ્રાસાદ તે સૌધર્મેન્દ્રના છે અને વાયવ્ય અને ઈશાનખૂણે રહેલા પ્રાસાદો ઈશાનેન્દ્રના છે.

☞ આ નંદનવનમાં ૯ શિખરો (કૂટ) છે[4] જે મેરુથી ૫૦-૫૦ યોજનના અંતરે છે. (૧) નન્દન શિખર - ત્યાં "મેઘંકરુ" નામની દેવીનો વાસ છે[5]. (૨) મંદરશિખર - ત્યાં "મેઘવતી" નામક દેવીનો વાસ છે. (૩) નિષધશિખર - ત્યાં "સુમેઘા" નામક દેવીનો વાસ છે. (૪) હૈમવંત શિખર - આની ઉપર "મેઘમાલિની" દેવીનો વાસ છે[6]. (૫) રજતશિખર - અહીંયાં "સુવત્સા" નામક દેવીનો વાસ છે. (૬) રુચક શિખર - ત્યાં "વત્સમિત્ર" નામકદેવીનો વાસ છે. (એવી રીતે **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** સૂત્રની ટીકા, **બૃહત્ક્ષેત્ર સમાસ**ની ટીકા તથા **સિરિનિલય ક્ષેત્રસમાસ સૂત્ર**ની ટીકા વગેરેના અભિપ્રાયે સૌમનસ અને ગજદંત પર્વતોના પાંચમા અને છઠ્ઠા શિખરો પર રહેનારી દિક્કુમારીઓના... અને નંદનવનના પાંચમા અને છઠ્ઠા શિખરો પર રહેનારી દિક્કુમારીઓનાં નામો એક સરખાં છે, પણ **સ્થાનાંગ સૂત્ર** અને **કલ્પસૂત્ર**ની **અંતર્વાચ્ય** ટીકા વગેરેમાં ઉર્ધ્વલોકવાસી દિક્કુમારીઓમાંથી "સુવત્સા" તથા "વત્સમિત્રા"ના સ્થાને "તોયધરા" અને "વિચિત્રા" એવાં નામો છે.)[a] (૭) સાગરચિત્ર શિખર - ત્યાં "બલાહકા" નામક દેવીનો વાસ છે. (૮) વજ્રકૂટ શિખર - ત્યાં "વજ્રસેના" નામક દેવીનો વાસ છે. (ઉપરોક્ત વાતનું સમર્થન **ક્ષેત્ર સમાસ**ની મોટી ટીકામાં પણ છે, પરંતુ **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર**માં તે સાગરચિત્ર શિખર પર "વજ્રસેનદેવી" અને વજ્રકૂટ શિખર પર "બલાહકાદેવી" કહેલી છે. **ક્ષેત્ર સમાસ સૂત્ર**માં "વઈરસેણા" એવા પાઠ છે. **"કિરણાવલી"** વગેરે ગ્રંથોમાં "વારિષેણા" એવો પાઠ છે તેમજ **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** સૂત્રમાં "વઈરસેણા" અને **બૃહત્ક્ષેત્ર સમાસ**ની ટીકામાં "વજ્રસેના" એવો પાઠ છે)[7]. ઉર્ધ્વલોકવાસી આ આઠે દિક્કુમારીઓ પ્રભુના જન્મ સમયે સુગંધી જલનો છંટકાવ અને પુષ્પની વૃષ્ટિ કરે છે. આ આઠે પર્વતો ૫૦૦ યોજનના મૂળવાળા છે અને ૫૦ યોજન મેરુથી બાદ કરતાં ૪૫૦ યોજન મેરુમાં અને ૫૦ યોજન બલકૂટની જેમ આકાશમાં અદ્ધર રહે છે. (૯) બલકૂટ (શિખર) - આ ૧,૦૦૦ યોજન મૂળમાં છે અને ૧,૦૦૦ યોજન ઊંચું છે. તે આ રીતે આ બલકૂટ ૫૦૦ યોજન નંદનવનને રોકીને રહ્યું છે, જ્યારે ૫૦૦ યોજન તો તે મેરુથી બહાર આકાશમાં અદ્ધર હોય છે.* [b](તે માટે તો **બૃહત્ક્ષેત્ર સમાસ**ની વૃત્તિમાં પણ આજ પૂર્વોક્ત વાત કહી છે. જ્યારે **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર**ની ટીકામાં તો એમ લખ્યું છે કે "મેરુપર્વતથી ઈશાનખૂણામાં ૫૦ યોજન જતા ઈશાન તરફનો પ્રાસાદ આવે છે અને એથી પણ ઈશાનખૂણામાં બળકૂટ છે.")[ક] આ બલકૂટ ઉપર "બળ" નામનો દેવ સ્વામી તરીકે છે. બળકૂટની બધી હકીકત ગજદંત ગિરિના હરિસ્સહ કૂટ પ્રમાણે સમજવી. આ નંદનવનમાં જિનચૈત્યની જાત્રાએ જતાં વિદ્યાચારણ મુનિવરો વિશ્રામ (વિસામો) લે છે.

★ **હકીકતમાં તે આ બલકૂટ પણ મેરુથી ૫૦ યોજન દૂર છે એટલે ૪૫૦ યોજન નંદનવનમાં તેમજ ૫૫૦ યોજન બહાર લટકીને રહેલું છે. (નિત્યાનંદસૂરિજી કૃત ક્ષેત્ર-સમાસના વિવેચનમાં આ વાત આવે છે.)**

ક **મોટા પદાર્થોની વિદિશાઓ પણ વિશાળ હોવાથી ઉપરોક્ત પ્રાસાદ તેમજ બલકૂટ અને બંનેનો સમાવેશ ઈશાનખૂણામાં થઈ શકે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરુપર્વત ઉપર આવેલ સૌમનસવન...

મેરુના શિખર ઉપર પાંડુકવન...

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

47

મેરુપર્વત ઉપર આવેલ સૌમનસવન

☞ પૂર્વોક્ત નંદનવનની સપાટીથી ૬૨,૫૦૦ યોજન ઉપર જઈએ ત્યારે ચારે તરફથી ૫૦૦-૫૦૦ યોજનના વિસ્તારવાળું **"સૌમનસ"** નામનું વન આવેલું છે[૧]. પૂર્વોક્ત નંદનવનમાં જે ૯ શિખર (કૂટ) કહ્યાં હતાં તેના સિવાય બધું જ અહીં નંદનવન સમાન છે. ૪ દિશામાં સિદ્ધાયતન, વિદિશામાં ૪-૪ વાવડીથી વિંટળાયેલા પ્રાસાદ વગેરે તેમજ અગ્નિખૂણામાં અને નૈઋત્યખૂણામાં સૌધર્મેન્દ્રના ૨ પ્રાસાદ અને ઈશાન તથા વાયવ્યખૂણામાં રહેલા ઈશાનેન્દ્રના ૨ પ્રાસાદ ઈશાનેન્દ્રના છે અને તેના (પ્રાસાદના) ઈશાનખૂણામાં - (૧) સુમના, (૨) સૌમનસા, (૩) સૌમનાંસા, (૪) મનોરમા. અગ્નિખૂણામાં - (૧) ઉત્તરકુરુ, (૨) દેવકુરુ, (૩) વારિસેણા, (૪) સરસ્વતી. નૈઋત્યખૂણામાં - (૧) વિશાલા, (૨) માઘભદ્રા, (૩) સુભદ્રા, (૪) ભદ્રાવતી અને વાયવ્યખૂણામાં - (૧) ભદ્રોત્તરા, (૨) ભદ્રા, (૩) સુભદ્રા, (૪) ભદ્રાવતી નામક ૧૬ વાવડી આવેલી છે[૨].

મેરુના શિખર ઉપર પાંડુકવન


☞ મેરુપર્વતના સૌમનસવન સપાટીથી ઉપર ચઢતા ૩૬,૦૦૦ યોજન પૂરા થયા પછી અનેક દેવોથી સેવાયેલું અને ચારણમુનિયોના વિસામારૂપ - કલ્પવૃક્ષોવાળું પાંડુકવન આવે છે[૧]. આ વનની ફરતી પહોળાઈ ૪૯૪ યોજનની છે[૨] તે આ પ્રમાણે - મેરુપર્વતના શિખરનો વિસ્તાર ૧,૦૦૦ યોજન છે. એમાંથી ચુલિકાના મૂળની પહોળાઈ ૧૨ યોજન બાદ કરવી એટલે ૯૮૮ યોજન રહ્યા અને તેના અર્ધા ૪૯૪ યોજન આવ્યા. ભદ્રશાલ-નંદન અને સૌમનસવન જેમ મેરુને વિંટાઈને રહેલાં છે તેમ આ મેરુની ચૂલિકાને વિંટીને રહેલો છે, એનો ઘેરાવો ૩૧૬૨ યોજનથી કાંઈક અધિક છે.


આ વનમાં મેરુની ચુલિકાથી ૫૦ યોજન અંતરે પૂર્વની જેમ ચારે દિશામાં ૧-૧ સિદ્ધાયતન છે અને ચારે વિદિશાઓમાં વાવોથી વિંટળાયેલો ૧-૧ પ્રાસાદ છે. તેના ઈશાનખૂણામાં - (૧) પુંડ્રા, (૨) પુંડ્રપ્રભા, (૩) શંખોત્તરા, (૪) રક્તાવતી. અગ્નિખૂણામાં - (૧) ક્ષીરરસા, (૨) ઈક્ષુરસા, (૩) અમૃતરસા, (૩) વારુણી. નૈઋત્યખૂણામાં - (૧) શંખોત્તરા, (૨) શંખા, (૩) શંખાવર્તા, (૪) બલાહકા અને વાયવ્યખૂણામાં - (૧) પુષ્પોત્તરા, (૨) પુષ્પવતી, (૩) સુપુષ્પા, (૪) પુષ્પમાલિની નામક વાવો છે[૩]. તેમજ અગ્નિખૂણામાં અને નૈઋત્યખૂણામાં સૌધર્મેન્દ્રના ૨ પ્રાસાદો છે વળી, વાયવ્યખૂણા અને ઈશાનખૂણામાં ઈશાનેન્દ્રના ૨ પ્રાસાદો છે.

☞ આ પાંડુકવનમાં શ્રી જિનેશ્વર ભગવાનના અભિષેક યોગ્ય ૪ શિલાઓ આવેલી છે[૪]. (૧) પાંડુશિલા, (૨) પાંડુકંબલા, (૩) રક્તશિલા અને (૪) રક્તકંબલા. આ નામો શ્રી **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ** સૂત્રાનુસારે છે. **ક્ષેત્રસમાસમાં** તો (૧) પાંડુકંબલા, (૨) અતિપાંડુકંબલા, (૩) રક્તકંબલા અને (૪) અતિરક્તકંબલા... એમ નામો કહેલાં છે[૫]. પ્રથમ પાંડુશિલા અર્જુનસુવર્ણમય છે. બીજી પાંડુકંબલા અર્જુનસ્વર્ણમય અને ત્રીજી-ચોથી શિલા રક્તસુવર્ણમય છે. આ વાત **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ** સૂત્રાનુસારે જાણવી જ્યારે **ક્ષેત્રસમાસ**ની ટીકામાં તો સર્વ શિલાઓ શ્વેત સ્વર્ણમય બતાવેલ છે. પૂર્વ-પશ્ચિમ શિલાઓ ઉપર અભિષેક યોગ્ય ૨-૨ સિંહાસનો છે તેમજ દક્ષિણ ઉત્તરની શિલાઓ પર ૧-૧ સિંહાસન હોય છે[૬]. તેની લંબાઈ-૫૦૦ ધનુષ્ય, પહોળાઈ-૨૫૦ ધનુષ્ય અને ઊંચાઈ ૪ ધનુષ્ય હોય છે. (એમ કહેવાય છે કે ઉત્તર-દક્ષિણની શિલાઓ ઉપર ઐરાવત-ભરતક્ષેત્રમાં જન્મેલા ૧-૧ તેમજ પૂર્વ અને પશ્ચિમમાં રહેલી શિલાઓ ઉપર મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા ૨-૨ તીર્થંકર પ્રભુનો જન્મમહોત્સવ ઉજવવા ઈન્દ્ર સહિત દેવો આ મેરુપર્વતના પાંડુકવનમાં આવે છે.)

☞ આ પાંડુકવનમાં સુનિશ્ચિત એવા મધ્યભાગમાં ઉત્તમ વૈડુર્યરત્નોથી બનેલી મેરુપર્વતની ચુલિકા જાણે જિનેશ્વર પ્રભુના કલ્યાણકારી જન્મ સમયે પ્રફુલ્લિત થયેલા પાંડુકવનરૂપી શરાવની અંદર (રોપેલા) જવારક (જૂવારા)નો રોપો હોય એમ શોભે છે. આ સાથે જંબૂદ્વીપનું કાંઈક સંક્ષેપ વર્ણન પૂર્ણ થાય છે. હવે પછી આગળ લવણસમુદ્રાદિનું વર્ણન જોઈશું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લવણસમુદ્ર

48

☞ જંબૂદ્વીપનું વિગતવાર વર્ણન આપણે જોયું. હવે જંબૂદ્વીપને વલયાકારે વિંટળાઈને રહેલા ૨ લાખ યોજન વિસ્તારવાળા **"લવણસમુદ્ર"**નું વર્ણન આપણે જોઈએ. તેનું પાણી ખારું હોવાથી તેનું નામ લવણસમુદ્ર પડ્યું છે. તેની પરિધિ ૧૫,૮૧,૧૩૯માં કાંઈક ન્યૂન યોજન બાહ્ય પરિધિ ધાતકીખંડ પાસે છે અને જંબૂદ્વીપ પાસે ૩,૧૬,૨૨૭ થી કાંઈક અધિક યોજન પરિધિ છે. આ લવણસમુદ્રનો અધિષ્ઠાયક **"સુસ્થિત"** નામનો દેવ છે. વિશેષ હકીકત નીચે મુજબ જાણવી.

મહાપાતાલ કલશ અને લઘુપાતાલ કલશોનું વર્ણન

☞ ૪ મહાપાતાલ કલશો ૧ લાખ યોજન ઉંડા અથવા ઉંચા છે. તેનો ત્રીજો ભાગ ૩૩,૩૩૩ $\frac{1}{3}$ યોજન છે. જેથી નીચેનાં ૩૩,૩૩૩ $\frac{1}{3}$ યોજનમાં ફક્ત વાયુ હોય છે, તેની ઉપરનાં ૩૩,૩૩૩ $\frac{1}{3}$ યોજનમાં વાયુ અને જલ બંને મિશ્ર રહે છે અને ઉપરનાં ૩૩,૩૩૩ $\frac{1}{3}$ યોજનમાં કેવળ જળ હોય છે ને એ રીતે લઘુકળશોનાં ૩૩૩ $\frac{1}{3}$ યોજન જેટલા ૩ ભાગમાં વાયુ-જળવાયુ-જળ હોય છે. એ પ્રમાણે નીચેનાં બે ભાગમાં વાયુ મૂર્ચ્છે છે, એટલે સ્વભાવિક જ મોટા વાયરા ઉત્પન્ન થાય છે અને ક્ષોભ પામે છે. કળશોમાં પણ મહાવાયુ ઉત્પન્ન થઈ બહાર નીકળવાનો પ્રયત્ન કરતો હોય તેમ ઊંચો ઉછળે છે અને તેથી કળશોનું જળ બહાર નીકળવાના પ્રયત્નથી કળશોની ઉપર રહેલું ૧૩,૦૦૦ યોજન ઊંચું શિખાજળ પણ ઊંચું ઉછળે છે. જેથી શિખાની ઉપરનું જળ ૨ ગાઉ સુધી ઉછળીને સ્વભાવથી અથવા અનુવેલંધર દેવોનાં પ્રયત્નથી અટકે છે અને બે પડખે ફેલાતું જળ શિખાભિતિથી વિશેષ આગળ વધતું નથી, પરંતુ ૭૦૦ યોજન વૃદ્ધિવાળા ભાગમાંથી આખા સમુદ્રનું જળ અમુક મર્યાદાએ વધીને કિનારો છોડી ઉપરાંત વધી જાય છે. તેમાં પણ જ્યાં જ્યાં જગતીવડે રોધાયેલું છે, તે તો જગતીને જ અથડાય છે અને જગતીમાંનાં કેટલાક વિવરોમાં થઈને જે જળ દ્વીપની અંદર પ્રવેશ કરેલું હોય છે તે જળ ભૂમિ ઉપર વધી જાય છે અને તે કળશોનાં મોટા વાયરા જ્યારે શાન્ત થાય છે, ત્યારે ભૂમિ ઉપર વધેલું દ્વીપવર્તી જળ ને શિખા ઉપર વધેલું ૨ ગાઉ ઊંચી વેલનું જળ એ બંને ઉતરીને મૂળસ્થાને આવી જાય છે.

વળી, આવા પ્રકારનાં કળશવાયુઓનાં ક્ષોભ ૧ અહોરાત્રમાં (એટલે ૨૪ કલાકમાં) ૨ વખત જ થાય છે. તેથી વેલવૃદ્ધિ પણ દિવસમાં ૨ વાર જ હોય છે તથા અષ્ટમી પૂર્ણિમા અને ચતુર્દશી તથા અમાવસ્યા એ ૪ દિવસોમાં એ વાયરાઓ ઘણો ક્ષોભ પામે છે. તેથી આવા દિવસોમાં વેલવૃદ્ધિ વગેરે ઘણી અધિક થાય છે.


અન્ય દર્શનોમાં કેટલાક લોક એમ માને છે કે, સમુદ્રનો પુત્ર ચંદ્ર છે, તે ચંદ્ર સુદ પક્ષમાં (દિવસોમાં) વિશેષ વૃદ્ધિવાળો હોવાથી બહુ ખુશી થયેલો ચંદ્રનો પિતા બહુ ઉછળે છે, એટલે જાણે ચંદ્રને ભેટવા જતો હોય તેમ ઊંચો ઉછળે છે, પરંતુ એ સર્વ કવિઓની એકમાત્ર કલ્પનાઓ જ છે, પરંતુ વાસ્તવિક કારણ તો સમુદ્રનો વાયુવિકાર જ છે. તેમજ આજનાં વિજ્ઞાનીઓ કહે છે કે, ચંદ્રનાં ગુરુત્વાકર્ષણને કારણે દરિયામાં ભરતી-ઓટ આવે છે, પણ આ વાત તર્કની જેમ જ હકીકતોની કસોટી ઉપર ખરી ઉતરતી નથી. સમુદ્રની ભરતી-ઓટનો સંબંધ ચંદ્રની કલા સાથે છે, પણ તે માત્ર યોગાનુયોગ જ જાણવું. તેમાં કાર્ય-કારણનો સંબંધ નથી. આજની વર્તમાન પૃથ્વી ઉપરનાં જે સમુદ્રો લવણસમુદ્ર સાથે જોડાયેલા છે, તેમાં જ ભરતી-ઓટ જોવા મળે છે. કાસ્પિયન સમુદ્રો જેવા અનેક સમુદ્રો લવણસમુદ્રો સાથે જોડાયેલા ન હોવાને કારણે તેમાં ભરતી-ઓટ જોવા મળતી નથી. વળી, અનેક વિરાટ મીઠા જલનાં સરોવરો પણ લવણસમુદ્ર સાથે જોડાયેલા ન હોવાનાં કારણે તેમાં પણ ભરતી-ઓટ આવતા નથી. આ ઉપરથી પણ સાબિત થાય છે કે, ભરતી-ઓટનું મુખ્ય કારણ લવણસમુદ્રનાં પેટાળમાં આવેલા પાતાલકલશો જ છે.

ક્રમ	મહાપાતાલ કળશ	કઈ દિશાએ	અધિપતિ દેવ	ઠિકરીની જાડાઈ	મૂળમાં નીચેનો વિસ્તાર
૧[1]	વડવામુખ[2]	પૂર્વ	કાળ	૧,૦૦૦ યોજન	૧૦,૦૦૦ યોજન[3]
૨	કેયુપ	દક્ષિણ	મહાકાળ	૧,૦૦૦ યોજન	૧૦,૦૦૦ યોજન
૩	યુપ	પશ્ચિમ	વેલંબ	૧,૦૦૦ યોજન	૧૦,૦૦૦ યોજન
૪	ઈશ્વર	ઉત્તર	પ્રભંજન[4]	૧,૦૦૦ યોજન	૧૦,૦૦૦ યોજન
૧	લઘુપાતાલ કલશ-૭,૮૮૪[5]	આ દિશામાં ૪ કલશોમાં ૪ આંતરામાં *લાંબી* પંક્તિએ ૨૧૫ થી ૨૨૩	દરેકનાં જુદા જુદા	૧૦ યોજન[6]	૧૦૦ યોજન[7]

ક્રમ	મધ્ય વિસ્તાર	મુખ વિસ્તાર	ઊંડાઈ	મુખ અંતર	અંદરની સ્થિતિ
૧	૧ લાખ યોજન[3]	૧૦,૦૦૦ યોજન[7]	૧ લાખ યોજન[3]	૨,૨૭,૧૭૦ યો. ૩ ગાઉ[5]	(બધા જ કલશોમાં)[8]
૨	૧ લાખ યોજન	૧૦,૦૦૦ યોજન	૧ લાખ યોજન	૨,૨૭,૧૭૦ યો. ૩ ગાઉ	નીચે $\frac{1}{3}$માં વાયુ
૩	૧ લાખ યોજન	૧૦,૦૦૦ યોજન	૧ લાખ યોજન	૨,૨૭,૧૭૦ યો. ૩ ગાઉ	મધ્યમાં $\frac{1}{3}$માં વાયુ + જલ
૪	૧ લાખ યોજન	૧૦,૦૦૦ યોજન	૧ લાખ યોજન	૨,૨૭,૧૭૦ યો. ૩ ગાઉ	ઉપરનાં $\frac{1}{3}$માં જળ
૧	૧,૦૦૦ યોજન[7]	૧૦૦ યોજન[7]	૧,૦૦૦ યોજન[7]		


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જળ ઉપર દેખાતો વેલંધર પર્વત



લવણસમુદ્રમાં ૮ વેલંધરપર્વત અને ૧૨-૧૨ સૂર્ય ચંદ્રના દ્વીપ, ૧ ગૌતમદ્વીપ

૪ - દિશામાં વેલંધર પર્વત
૪ - વિદિશામાં અનુવેલંધર પર્વત
૧૨ - ચંદ્રદ્વીપ પૂર્વ દિશામાં
૧૨ - સૂર્યદ્વીપ પશ્ચિમદિશામાં
૧ - ગૌતમદ્વીપ પશ્ચિમદિશામાં
(૪ - સૂર્યદ્વીપ વચ્ચે ગૌતમદ્વીપ છે.)



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

લવણસમુદ્ર અંતર્ગત ગૌતમ-સૂર્ય-ચંદ્રાદિ દ્વીપોનું યંત્ર

49

દ્વીપ	દિશા (જંબૂ મેરુથી)	જગતીથી દૂર	પરસ્પર દૂર	વૃત્ત વિસ્તાર	જંબૂ તરફ જળથી ઉંચા	શિખા તરફ જળથી ઉંચા	ઉપર શું છે ?	અધિપતિ દેવ
૧ ગૌતમદ્વીપ[1]	પશ્ચિમે	(જંબૂ. જગતીથી) ૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	યો.ભા. ૮૮-૪૦	૨ ગાઉ	સુસ્થિતદેવનો પ્રાસાદ	લવણસમુદ્રનો અધિપતિ સુસ્થિતદેવ
૪ ચંદ્રદ્વીપ[3]	પૂર્વે	(જંબૂ. જગતીથી) ૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૮૮-૪૦	૨ ગાઉ	ચન્દ્ર પ્રાસાદ	૨ જંબૂના ચન્દ્ર ૨ લવણના ચન્દ્ર
૪ સૂર્યદ્વીપ[2]	પશ્ચિમે	(જંબૂ. જગતીથી) ૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૮૮-૪૦	૨ ગાઉ	સૂર્ય પ્રાસાદ	૨ જંબૂના સૂર્ય ૨ લવણના સૂર્ય
૮ ચન્દ્રદ્વીપ	પૂર્વે	(ધાતકીથી) ૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૮૮-૪૦	૨ ગાઉ	ચન્દ્ર પ્રાસાદ	૨ જંબૂના ચન્દ્ર ૬ ધાતકી ચન્દ્ર
૮ સૂર્યદ્વીપ	પશ્ચિમે	(ધાતકીથી) ૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૧૨,૦૦૦ યો.	૮૮-૪૦	૨ ગાઉ	સૂર્ય પ્રાસાદ	૨ જંબૂના સૂર્ય ૬ ધાતકી સૂર્ય
૩-૩ તીર્થદ્વીપ	ઉત્તરે-૩ દક્ષિણે-૩	(જંબૂ. જગતીથી) ૧૨ યોજન	-	૧૨ યોજન	સાધિક ૫ $\frac{1}{2}$ યોજન	૨ ગાઉ	તીર્થદેવના પ્રાસાદ	માગધ-વરદામ-પ્રભાસ

વેલંધર-અનુવેલંધર પર્વતો❖

ક્રમ	વેલંધર અનુવેલંધર પર્વતોનું નામ	કઈ દિશામાં કઈ વિદિશામાં	તે તે દેવોના નામ	શેના બનેલ છે ?	૮ પર્વતોની ઊંચાઈ[3]	મૂલ[3]	૮ પર્વતોનું[4]			પર્વતોનું પરસ્પર અંતર[5]
							મૂલ વિસ્તાર	મધ્ય વિસ્તાર	શિખર વિસ્તાર	
૧	ગોસ્તૂપ[1]	પૂર્વ[1]	ગોસ્તૂપ[1]	સુવર્ણ	સર્વ પર્વતો ૧,૭૨૧ યો.ત્રી અધિક	સર્વ પર્વતો ૪૩૦ યોજન, ૧ ગાઉ	સર્વ પર્વતો ૧,૦૨૨ યોજન	સર્વ પર્વતો ૭૨૩ યોજન	સર્વ પર્વતો ૪૨૪ યોજન	સર્વ પર્વતો ૭૨,૧૧૪ યોજન $\frac{1}{2}$ અંશ
૨	ઉદકભાસ	દક્ષિણ	શિવ	અંકરત્ન						
૩	શંખ	પશ્ચિમ	શંખ	રૂપુ (રજત)						
૪	દકસીમ	ઉત્તર	મનઃશિલ	સ્ફટિક						
૫	કર્કોટક[2]	ઈશાન[2]	કર્કોટક[2]	રત્ન						
૬	વિદ્યુત્પ્રભ	અગ્નિ	કર્દમક	રત્ન						
૭	કૈલાશ	વાયવ્ય	કૈલાશ	રત્ન						
૮	અરુણપ્રભ	નૈઋત્ય	અરુણપ્રભ	રત્ન						

❖ આ વેલંધર-અનુવેલંધર ૮ પર્વતો ઉપર ૮ પ્રાસાદ છે જે ૬૨ $\frac{1}{2}$ યોજન ઊંચા અને ૩૧ $\frac{1}{4}$ યોજન વિસ્તારવાળા છે. એ પ્રાસાદોના મધ્ય ભાગે સર્વ રત્નમય મણિપીઠિકા ૧ યોજન વિસ્તારવાળી અને $\frac{1}{2}$ યોજન ઊંચી છે, અને તે ઉપર અધિપતિ એવા ગોસ્તૂપ વગેરે દેવને બેસવા યોગ્ય ૧-૧ સિંહાસન છે, અને તેને ફરતા સામાનિકાદિ દેવોનાં ભદ્રાસનો છે, એ પ્રમાણે વિજયદેવના પ્રાસાદ સરખા એ પ્રાસાદ છે. પોતાની ગોસ્તૂપા આદિ નામવાળી રાજધાનીમાંથી જ્યારે અહીં આવે ત્યારે પરિવાર સહિત પોતાના પ્રાસાદમાં બેસે છે, નહીંતર પ્રાસાદ શૂન્ય રહે છે, પરંતુ પર્વત ઉપરના મનોહર સપાટ પ્રદેશોમાં તો હંમેશાં અનેકાનેક દેવ-દેવીઓ ફરતાં અથવા સૂતાં (એટલે આરામ કરતાં) બેસતાં હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ લવણસમુદ્ર અંતર્ગત ૫૬ અંતર્દ્વીપનો દેખાવ...॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લવણસમુદ્ર અંતર્ગત ૫૬ અંતર્દ્વીપો

50

☞ જંબૂદ્વીપમાં આવેલ હિમવંત અને શિખરી પર્વતની પૂર્વ-પશ્ચિમ છેડેથી લવણસમુદ્ર તરફ ૪-૪ દાઢાઓ નીકળે છે. એ દાઢાઓ ઉપર ૭-૭ એમ કુલ ૫૬ દ્વીપો (અંતર્દ્વીપો) આવેલા છે.* (દિગંબર માન્યતાની અનુસારે ૯૬ અંતર્દ્વીપો કહ્યા છે.) શ્વેતાંબરોની માન્યતાનુસારે વિશેષ હકીકત આ પ્રમાણે જાણવી.

ક્રમ	દ્વીપના નામ	જગતીથી કેટલી દૂરી	દ્વીપની લંબાઈ	દ્વીપની પહોળાઈ	દ્વીપની પરિધિ	જંબૂદ્વીપ તરફ જલથી કેટલા ઉપર	લવણસમુદ્ર તરફ જલથી કેટલા ઉપર
૧	એકોરુક[1]	૩૦૦ યો.[૫]	૩૦૦ યો.	૩૦૦ યો.	૯૪૫ યો. થી ન્યૂન... (૯૪૯ યો.[૬]....મતાંતરે)	૨ ૧/૯ યો. ૧૦/૯૦	૨ ગાઉ
૨	હયકર્ણ[3]	૪૦૦ યો.	૪૦૦ યો.	૪૦૦ યો.	૧,૨૬૫ યો. થી ન્યૂન[૭]	૨ ૨/૯ યો. ૨૦/૯૦	૨ ગાઉ
૩	આદર્શમુખ[૪]	૫૦૦યો.	૫૦૦ યો.	૫૦૦ યો.	૧,૫૮૧ યો. થી ન્યૂન[૮]	૩ ૧/૯ યો. ૧૦/૯૦	૨ ગાઉ
૪	અશ્વમુખ	૬૦૦ યો.	૬૦૦ યો.	૬૦૦ યો.	૧,૮૯૭ યો. થી ન્યૂન	૪ ૧/૯ યો. ૧૦/૯૦	૨ ગાઉ
૫	અશ્વકર્ણ	૭૦૦ યો.	૭૦૦ યો.	૭૦૦ યો.	૨,૨૧૩ યો. થી ન્યૂન	૫ ૧/૯ યો. ૧૦/૯૦	૨ ગાઉ
૬	ઉલ્કામુખ	૮૦૦ યો	૮૦૦યો.	૮૦૦ યો.	૨,૫૨૯ યો. થી ન્યૂન	૫ ૧/૯ યો. ૧૦/૯૦	૨ ગાઉ
૭	ઘનદંત	૯૦૦ યો.*	૯૦૦ યો.	૯૦૦ યો.	૨,૮૪૫ યો. થી ન્યૂન	૬ ૧/૯ યો. ૧૦/૯૦	૨ ગાઉ

☞ **વિશેષ :** ઉપર બતાવેલ[1] હિમવંત પર્વતના ઈશાન ખૂણામાં રહેલી દાઢા ઉપર આવેલા આ દ્વીપોના નામાદિ જણાવ્યા છે. તે જ પ્રમાણે તેટલી જ લંબાઈ-પહોળાઈ-પરસ્પર અંતર-જગતીથી દૂરી વગેરે વાળા અગ્નિખૂણા, નૈઋત્યખૂણા અને વાયવ્યખૂણામાં રહેલી તે દાઢાઓ ઉપરના દ્વીપોનાં નામો... અનુક્રમે આ પ્રમાણે જાણવાં...

☞ **અગ્નિકોણમાં** = (૧) આભાસિક[2] (૨) ગજકર્ણ[3] (૩) મેંઢમુખ[4] (૪) હસ્તિમુખ (૫) હરિકર્ણ (૬) મેઘમુખ (૭) લષ્ટદંત.

☞ **નૈઋત્યકોણમાં** = (૧) વૈષાણિક (૨) ગોકર્ણ (૩) અયોમુખ (૪) સિંહમુખ (૫) અકર્ણ (૬) વિદ્યુન્મુખ (૭) ગુઢદંત.

☞ **વાયવ્યકોણમાં** = (૧) નાંગોલિક (૨) શષ્કુલીકર્ણ (૩) ગોમુખ (૪) વ્યાઘ્રમુખ (૫) કર્ણપ્રાવરણ (૬) વિદ્યુદ્દંત (૭) શુદ્ધદંત.


☞ જેમ ઉપરોક્ત ૨૮ દ્વીપો દક્ષિણ તરફના થયા તે જ પ્રમાણે ઉત્તર તરફના પણ જાણવા[૯]...

☞ આ ૫૬ અંતર્દ્વીપમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો ૮૦૦ ધનુષ્ય પ્રમાણવાળા ઊંચા, નિરંતર સુખી, રોગ-શોક-ઉપદ્રવાદિના અભાવવાળા હોય છે. તેઓ હેમવંતાદિ ક્ષેત્રોમાં રહેલાં મનુષ્યોની જેમ જ કલ્પવૃક્ષોથી ભોગ-ઉપભોગની ઈચ્છિત સામગ્રી મેળવતા હોવાથી તથા પ્રબળ પુણ્યશાળી હોવાથી ભોગાદિ ભોગવે છે, પણ આ કલ્પવૃક્ષના પુષ્પ-પત્ર-ફળાદિના રસનો સ્વાદ હેમવંત ક્ષેત્રના કલ્પવૃક્ષો કરતાં અનંતગુણ હીન હોય છે. આ યુગલિકો યુગલા ધર્મવાળા ને ૧ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા આયુષ્યવાળા હોય છે તથા તેમને ૬૪ પાંસળીઓ ને ૧ દિવસના આંતરે આહારની ઈચ્છા થાય છે. આ યુગલિકો પોતાના સંતાનનું પાલન ૭૯ દિવસ સુધી કરી પ્રાયઃ દેવલોકમાં જાય છે[૯].

❖ આ પ્રમાણે $\left(\frac{300+300}{1}+\frac{400+400}{2}+\frac{500+500}{3}+\frac{600+600}{4}+\frac{700+700}{5}+\frac{800+800}{6}+\frac{900+900}{7}=\right)$ ૮,૪૦૦ અર્થાત્ સાતમો દ્વીપ સમાપ્ત થયે છતે ૮,૪૦૦ યોજન પૂરા થાય છે. માટે દરેક દાઢા ૮,૪૦૦ યોજન લંબદીર્ઘ જાણવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોતીર્થ અને જલવૃદ્ધિનો બે તરફથી દેખાવ



ધાતકીખંડ તરફથી દેખાવ

ક ખ ચ તથા ઘ ગ છ એ જળવૃદ્ધિ ૭૦૦-૭૦૦ યોજન (પર્યન્તે) ઊંચી છે. ક ચ જ તથા ઘ છ ઝ એ બે ગોતીર્થ છે. ૧૦૦૦-૧૦૦૦ યોજન (પર્યન્તે) ઊંડા છે. સમતલથી શિખાજલ સુધીનું જળ ૧૬,૦૦૦ યોજન ઊંચું છે, તે ૧૦,૦૦૦ યોજનમાં તેવી ઊંચાઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોતીર્થ અને જળવૃદ્ધિનો બે તરફથી દેખાવ

51

☞ જંબૂદ્વીપને ફરતો લવણસમુદ્ર છે અને લવણને ફરતો ધાતકીખંડ છે. જેથી લવણસમુદ્રનું બંને કિનારાનું જળ બે દ્વીપના કિનારાને અડીને સ્પર્શીને રહ્યું છે. તેમાં જંબૂદ્વીપને સ્પર્શેલ અભ્યંતર કિનારો અને ધાતકીખંડના દ્વીપને સ્પર્શેલ બાહ્ય કિનારો ગણાય. આ જંબૂદ્વીપની જગતીને સ્પર્શેલા અભ્યંતર કિનારાથી ૯૫,૦૦૦ યોજન સમુદ્રમાં દૂર જઈએ ત્યાં સુધી સમુદ્રની ભૂમિ અનુક્રમે નીચી નીચી ઉતરતી ગઈ છે. જેથી ૯૫,૦૦૦ યોજનને અંતે ૧,૦૦૦ યોજન જેટલી ભૂમિ ઊંડી થવાથી ત્યાં જળની ઊંડાઈ ૧,૦૦૦ યોજન છે. તેવી જ રીતે ધાતકીખંડને અડેલા કિનારાથી સમુદ્રમાં ૯૫,૦૦૦ (જંબૂદ્વીપ તરફ) આવીએ ત્યાં સુધી ક્રમશઃ ભૂમિ ઉપર થતા ત્યાં પણ ૯૫,૦૦૦ યોજનને અંતે જલથી ઊંડાઈ ૧,૦૦૦ યોજન થયેલી છે. એવા પ્રકારના ભૂમિ ઉતારને શાસ્ત્રમાં **"ગોતીર્થ"** કહેવાય છે. જેથી જંબૂદ્વીપને અડતું જળ અંગુલના અસંખ્યાતમાં ભાગનું ઊંડું ગણવું અને ત્યાર બાદ અનુક્રમે જળની ઊંડાઈ વધતી વધતી ૯૫,૦૦૦ યોજનને અંતે ૧,૦૦૦ યોજન ઊંડી થાય છે, એ જ રીતે ધાતકી તરફના ૯૫,૦૦૦ યોજનમાં પણ જાણવું.

તથા લવણસમુદ્ર ૨,૦૦,૦૦૦ (બે લાખ) યોજનના વિસ્તારવાળો હોવાથી ૨ બાજુના ૯૫,૦૦૦-૯૫,૦૦૦ યોજન ગોતીર્થના બાદ કરતાં અતિ મધ્યભાગે શેષ રહેલા ૧૦,૦૦૦ યોજન જેટલા વિસ્તારમાં ૧,૦૦૦ યોજન ઊંડાઈ એક સરખી રીતે છે તથા બંને બાજુએ જેમ ૯૫,૦૦૦ યોજન સુધી ભૂમિ ઉતાર છે, તેમ ૯૫,૦૦૦ યોજન સુધી જળ પણ અનુક્રમે સમભૂમિની સપાટીથી ચઢતું ઊંચું થતું ગયું છે, જેથી બંને બાજુ ૯૫,૦૦૦ ને અંતે સમભૂમિની સપાટીથી ૭૦૦ યોજન જેટલું ઊંચું જળ છે. જેથી તે સ્થાને નીચે ૧,૦૦૦ યોજન ઊંડાઈ ને ૭૦૦ યોજન ઊંચાઈ હોવાથી ત્યાંની ભૂમિથી ૧,૭૦૦ યોજન જેટલું જળ ઊંચું છે... વળી, એ સ્થાન પર સમભૂતલા સપાટીથી ૧૬,૦૦૦ યોજન ઊંચી પાણીની શિખા પણ છે. આમ મધ્યભાગમાં ભૂતલથી શિખા સુધીની જલની સપાટી ૧૭,૦૦૦ યોજન થાય છે. વેલંધર દેવો અને અનુવેલંધર દેવો બંને તરફના છેડેથી આ જલને પાવડા જેવા સાધન વડે સતત લવણસમુદ્ર તરફ ઉલેચતા રહે છે. જેના કારણે એ જલ દ્વીપોમાં પ્રવેશતું નથી.

☞ **પ્રશ્ન :** જળનો કુદરતી સ્વભાવ હંમેશા સપાટીમાં રહેવાનો છે છતાં આ જળને ક્રમશઃ ચઢાવપૂર્વક ૭૦૦ યોજન ઊંચું કહો છો, તે કેમ બને ?


ઉત્તર : આ લવણસમુદ્રનું જળ તથા પ્રકારના ક્ષેત્ર સ્વભાવે જ ક્રમશઃ ચઢતું છે. એટલું જ નહિ, પરંતુ **લઘુક્ષેત્ર સમાસ - ગાથા** ૧૯૭ના અનુસારે કોટ સરખા ઉભા આકારનું અથવા ઊભી ભીંતિ સરખું પણ છે. તે વળી એથી પણ અધિક આશ્ચર્યકારક છે.

॥ લવણસમુદ્રના પદાર્થોનો સંક્ષિપ્ત સંગ્રહ ॥							
૧	૫૬ અંતર્દ્વીપ	૫	૪ મોટા પાતાળ કળશ	૯	૬ તીર્થદ્વીપ	૧૩	૪ ચન્દ્ર / ૪ સૂર્ય
૨	૧ ગૌતમદ્વીપ	૬	૭,૮૮૪ લઘુપાતાલકળશ	૧૦	૧ ઉદકમાળા (શિખા)	૧૪	૧૧૨ નક્ષત્ર
૩	૧૨ ચન્દ્રદ્વીપ	૭	૪ વેલંધર પર્વત	૧૧	૧,૭૪,૦૦૦ વેલંધરદેવ	૧૫	૩૫૨ ગ્રહ
૪	૧૨ સૂર્યદ્વીપ	૮	૪ અનુવેલંધર પર્વત	૧૨	૨ ગોતીર્થ	૧૬	૨,૬૭,૯૦૦ કો.કો. તારા

☞ વળી એ ઉપરાંત ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજન (ઉત્સેધાંગુલ) પ્રમાણના મત્સ્યાદિ જલચરો છે તથા જગતીના વિવરોમાં થઈને જંબૂદ્વીપમાં પ્રવેશેલા જળમાં એ જ વિવરોમાં થઈને મત્સ્યો પણ વધુમાં વધુ ૮ યોજન દીર્ઘ કાયાવાળા પ્રવેશ કરે છે. આ લવણસમુદ્ર, કાળોદધિ સમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્ય ઘણી જાતિના અને ઘણા છે. શેષ સમુદ્રોમાં મત્સ્યો છે, પરંતુ લવણાદિ ત્રણ સમુદ્રની અપેક્ષાએ બહુ અલ્પ છે. તેમાં કાલોદધિમાં મોટામાં મોટા ૭૦૦ યોજનના મત્સ્ય અને સ્વયંભૂરમણમાં ૧,૦૦૦ યોજનના મત્સ્ય છે. શેષ સમુદ્રોમાં ૭૦૦ થી ૧,૦૦૦ ની અંદર મધ્યમ પ્રમાણવાળા મત્સ્ય છે. એ રીતે આ લવણસમુદ્રનો અધિકાર સમાપ્ત થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘાતકીખંડ દ્વીપ.....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાતકીખંડ

52

☞ સમગ્ર લોકના ૩ વિભાગ છે. તેમાં તિર્ચ્છાલોકમાં અસંખ્યદ્વીપ-સમુદ્રો આવેલા છે. તેમાંના અઢીદ્વીપની અંદર જ મનુષ્યની વસ્તી છે. બીજે ક્યાંય મનુષ્ય નથી. આ અઢીદ્વીપમાં (૧) જંબૂદ્વીપ (૨) ધાતકીખંડ દ્વીપ અને (૩) અર્ધપુષ્કરવરાર્ધ દ્વીપ, ગણાય છે.

☞ લવણસમુદ્રની ચારે તરફ ઘેરાયેલો વલયાકારે આ **ધાતકીખંડ** છે. તેની પહોળાઈ ૪ લાખ યોજનની છે. વળી આ દ્વીપના ૨ વિભાગ છે : (૧) પૂર્વાર્ધ ધાતકીખંડ અને (૨) પશ્ચિમાર્ધ ધાતકીખંડ.

☞ બે વિભાગ હોવાથી અહીં ભરતાદિ ક્ષેત્ર તથા પર્વત-નદી આદિ એક જ નામના બે-બે ક્ષેત્ર-પર્વત-નદી વગેરે છે... જેમકે ૧૨ વર્ષધર પર્વતો, ૧૪ મહાક્ષેત્રો, ૨ મેરુપર્વત, ૩૨ વક્ષસ્કાર પર્વત, ૬૮ દીર્ઘવૈતાઢ્ય પર્વતાદિ...

☞ બે ભરત ક્ષેત્ર, બે ઐરાવત ક્ષેત્ર અને બે મહાવિદેહ ક્ષેત્ર એમ કુલ ૬ કર્મભૂમિના ક્ષેત્રો છે.

☞ વિજય આદિ ૪ દરવાજા તેમજ ધાતકીખંડને ફરતી જગતી તથા આ જગતીમાં ગવાક્ષકટક - પદ્મવરવેદિકા અને વનખંડ આદિ પણ જંબૂદ્વીપની જેમ જ છે.

☞ આ ધાતકીખંડમાં ૧૨ સૂર્ય અને ૧૨ ચન્દ્ર સ્વ સ્વ-પરિવાર સહિત ચલાવસ્થામાં રહે છે.

☞ બંને બાજુ ઉત્તર-દક્ષિણ દિશામાં આવેલા ઈક્ષુકાર (ઈષુકાર) પર્વતથી તેનાં પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એવા બે વિભાગ પડેલા છે.

☞ આ ધાતકીખંડમાં આરાના પોલાણ જેવા સંસ્થાનવાળા ક્ષેત્રો ચાર લાખ યોજન લાંબા, અંદર સાંકડા અને તે પછી ક્રમસર પહોળા છે.

☞ આ દ્વીપમાં પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એમ ૨ વિભાગમાં જંબૂદ્વીપમાં મેરુ કરતાં પ્રમાણમાં નાના અર્થાત્ ૮૫,૦૦૦ યોજન ઊંચાઈવાળા ૧-૧ મેરુપર્વત આવેલા છે. પર્વતો-નદીઓ-દ્રહો વગેરેના નામ-પ્રમાણ-સંખ્યા આદિ સર્વ જંબૂદ્વીપથી બમણું હોય છે. અહીં તીર્થંકર, ચક્રી, વાસુદેવ આદિની સંખ્યા પણ જંબૂદ્વીપ કરતાં બમણી સમજવી.

☞ આ દ્વીપની લવણસમુદ્ર તરફ અભ્યંતર પરિધિ લવણસમુદ્રની બાહ્ય પરિધિ સમાન ૧૫,૮૧,૧૩૯ યોજનમાં કાંઈક ન્યૂન છે. મધ્યમ પરિધિ ૨૮,૪૬,૦૫૦ યોજનથી અધિક તેમજ બાહ્ય પરિધિ કાલોદધિ સમુદ્ર પાસે ૪૧,૧૦,૯૬૧ યોજનથી કાંઈક ન્યૂન છે.

☞ દ્વીપમાં આવેલા બંને ઈષુકાર પર્વતો ૫૦૦ યોજન ઊંચા, ૧,૦૦૦ યોજન પહોળા ને ૪ લાખ યોજન લાંબા છે.


☞ તમામ વર્ષધર પર્વતો જંબૂદ્વીપના વર્ષધર પર્વતો કરતાં ૨ ગણા પહોળા છે અને લંબાઈમાં ૪ લાખ યોજનના છે તેમજ ક્ષેત્રો પણ લંબાઈમાં ૪ લાખ યોજનના છે.

☞ આ દ્વીપમાં સ્થાને સ્થાને ધાતકીવૃક્ષનાં (ધાવડીના) ઘણાં વન છે તથા આ દ્વીપના અધિપતિ દેવો **સુદર્શન** અને **પ્રિયદર્શન** જંબૂવૃક્ષ સરખા ધાતકી અને મહાધાતકી નામના બે મહાવૃક્ષો ઊપર રહે છે. તેથી (જેમ જંબૂવૃક્ષનાં ઘણાં વન અને અનાદૃત દેવનાં નિવાસભૂત શાશ્વત જંબૂવૃક્ષ ઊપરથી પહેલા દ્વીપનું જંબૂદ્વીપ એમ નામ થયેલું છે. તેમ અહીં પણ એ જ પૂર્વોક્ત કારણથી) ધાતકીખંડ એવું નામ થયેલું છે અથવા એ નામ ત્રણે કાળમાં એક સરખી રીતે વર્તતુ શાશ્વત નામ છે... એમ જાણવું.

• તા.ક. : ધાતકીખંડના જેવું જ પુષ્કરવરદ્વીપાર્ધનું બધું સમજવું... માત્ર માપમાં ફરક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાતકીખંડનો મેરુપર્વત



તા.ક. = ધાતકીખંડના ૨ મેરુ અને અર્ધપુષ્કરના ૨ મેરુ
એ ચાર મેરુ તુલ્ય પ્રમાણ અને સ્વરૂપવાળા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાતકીખંડના મેરુપર્વતનું પ્રમાણ

53

☞ જંબૂદ્વીપ બાદ લવણસમુદ્ર અને ત્યાર બાદ ધાતકીખંડ નામનો બીજો દ્વીપ આવે છે ને આ દ્વીપમાં જંબૂદ્વીપમાં રહેલા બધા જ પદાર્થો (ક્ષેત્રાદિ) ડબલ જાણવા. જેમ કે ૨ મેરુ, ૨ મહાવિદેહ, ૨ ભરતાદિ વગેરે... વિશેષ - જંબૂદ્વીપમાં રહેલ મેરુપર્વત કરતાં આ ધાતકીખંડનો મેરુપર્વત કાંઈક અલગ છે.

ધાતકીખંડની મધ્યમાં પૃથ્વીથી ઉપર ૮૪,૦૦૦ (ચોર્યાસી હજાર) યોજનની ઊંચાઈવાળો અને ૧,૦૦૦ (એક હજાર) યોજન પૃથ્વીમાં ઊંડાઈવાળો એમ કુલ ૮૫,૦૦૦ યોજનનો મેરુપર્વત છે. આ મેરુપર્વતનો ભૂમિની અંદરનો વિસ્તાર ૯,૫૦૦ (નવ હજાર પાંચસો) યોજનનો છે અને પૃથ્વી ઉપરનો વિસ્તાર ૯,૪૦૦ (નવ હજાર ચારસો) યોજનનો છે.

મેરુપર્વત ઉપરથી કેટલાક યોજનાદિ નીચે ઉતર્યા પછી તે સ્થાનનો વિસ્તાર જાણવાની ઈચ્છા હોય, તો જેટલા યોજનાદિ નીચે ઉતર્યા હોય તેને ૧૦ વડે ભાગવા અને તેમાં ૧,૦૦૦ (હજાર) યોજન ઉમેરવાથી તે તે સ્થાનનો વિસ્તાર આવશે. તે આ રીતે... જેમ કે શિખરનાં અગ્રભાગથી ૮૪,૦૦૦ (ચોર્યાસી હજાર) યોજન નીચે આવ્યા બાદ તે સ્થાનનો વિસ્તાર જાણવાની ઈચ્છા થવાથી તે ૮૪,૦૦૦ (ચોર્યાશી હજાર) યોજનને ૧૦ (દશ)થી ભાગવાથી ૮૪૦૦ (આઠ હજાર ચારસો) યોજન આવ્યા અને તેમાં ૧,૦૦૦ (એક હજાર) યોજન ઉમેરવાથી પૃથ્વીતલ ઉપરનો વિસ્તાર પૂર્વે (ઉપરોક્ત) કહ્યા મુજબનો ૯,૪૦૦ (નવ હજાર ચારસો) યોજન થાય છે.

હવે નીચેના ભૂમિતલથી ઉપર જતાં વિષ્કંભ જાણવાની ઈચ્છા થાય તો યોજનાદિની જે સંખ્યા હોય તેને દસથી ભાગવાથી જે સંખ્યા આવે તે મૂળ વિષ્કંભ (૯,૪૦૦ યોજન)માંથી બાદ કરતાં જે બાકી રહે તેટલો વિષ્કંભ તે સ્થાનનો જાણવો. જેમ કે દૃષ્ટાંત રૂપે - પૃથ્વીતલથી ઉપર ૮૪,૦૦૦ (ચોર્યાસી હજાર) યોજન ગયા બાદ તેને ૧૦ (દશ) વડે ભાગવાથી ૮,૪૦૦ (ચોર્યાસીસો) યોજન આવ્યા અને તેને ભૂતલનો વ્યાસ જે ૯,૪૦૦ (નવ હજાર ચારસો) યોજન છે, તેમાંથી બાદ કરતાં ૧,૦૦૦ (એક હજાર) યોજનનો વિસ્તાર શિખર ઉપર આવે છે... ઈત્યાદિ

☞ આ મેરુપર્વતમાં પણ જંબૂદ્વીપના મેરુની જેમ ૪ વન...(ભદ્રશાલ, નંદન, સૌમનસ, પાંડુક) ચુલિકા... વિગેરે બધું સમાન જ જાણવું, પરંતુ તેમ છતાં જંબૂદ્વીપના મેરુ કરતાં ધાતકીખંડના મેરુપર્વતમાં જે તફાવત છે, તે અહીં જણાવાય છે.


ક્રમ	વિસ્તાર	જંબૂદ્વીપમાં	ધાતકીખંડમાં
૧	મેરુનો મૂળ વિસ્તાર	૧૦,૦૯૦ $\frac{૧૦}{૧૧}$ યોજન	૯,૫૦૦ યોજન
૨	મેરુનો સમભૂમિએ વિસ્તાર	૧૦,૦૦૦ યોજન	૯,૪૦૦ યોજન
૩	મેરુનો નંદનવને બાહ્ય વિસ્તાર	૯,૯૫૪ $\frac{૬}{૧૧}$ યોજન	૯,૩૫૦ યોજન
૪	મેરુનો નંદનવને અભ્યંતર વિસ્તાર	૮,૯૫૪ $\frac{૬}{૧૧}$ યોજન	૮,૩૫૦ યોજન
૫	મેરુનો સૌમનસવને બાહ્ય વિસ્તાર	૪,૨૭૨ $\frac{૭}{૧૧}$ યોજન	૩,૮૦૦ યોજન
૬	મેરુનો સૌમનસવને અભ્યંતર વિસ્તાર	૩,૨૭૨ $\frac{૭}{૧૧}$ યોજન	૨,૮૦૦ યોજન
૭	મેરુના શિખર ઉપર પાંડુકવનનો વિસ્તાર	૧,૦૦૦ યોજન	૧,૦૦૦ યોજન
૮	મેરુનો મૂળથી સમભૂતલા સુધીની ઊંચાઈ	૧,૦૦૦ યોજન	૧,૦૦૦ યોજન
૯	મેરુનો સમભૂમિથી નંદનવન સુધીની ઊંચાઈ	૫૦૦ યોજન	૫૦૦ યોજન
૧૦	મેરુનો નંદનવનથી સૌમનસવન સુધીની ઊંચાઈ	૬૨,૫૦૦ યોજન	૫૫,૫૦૦ યોજન
૧૧	મેરુનો સૌમનસવનથી પાંડુક શિખર સુધીની ઊંચાઈ	૩૬,૦૦૦ યોજન	૨૮,૦૦૦ યોજન

• તા.ક. : ધાતકીખંડના મેરુપર્વત જેવા જ પુષ્કરવરદ્વીપાર્ધમાં પણ બે મેરુપર્વત જાણવા...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢીદ્વીપ

ઉત્તર



પશ્ચિમ

પૂર્વ

દક્ષિણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢીદ્વીપ

54

☞ ૧૪ રાજલોકના જે ૩ વિભાગ છે તેમાંના તિર્ચ્છા (મધ્ય) લોકમાં આ અઢીદ્વીપ આવેલો છે.

☞ તિર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો આવેલા છે, પરંતુ માનવવસ્તી અને કાળનો વર્તારો ફક્ત અઢીદ્વીપમાં જ છે.

☞ આ અઢીદ્વીપ **"મનુષ્યક્ષેત્ર"** અથવા **"સમયક્ષેત્ર"** વગેરે નામોથી પણ ઓળખાય છે.

☞ આ અઢીદ્વીપનું પ્રમાણ ૪૫ લાખ યોજન પ્રમાણ છે. તે આ રીતે - ૧ લાખ યોજનનો જંબૂદ્વીપ + તેને ફરતો ૨ લાખ યોજનનો લવણસમુદ્ર + તેને ફરતો ૪ લાખ યોજનનો ધાતકીખંડ અને + તેને ફરતો ૮ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર અને + એને ફરતો ૮ લાખ યોજનનો અર્ધપુષ્કરવર દ્વીપ... એવી રીતે ૧ લાખ યોજનનો જંબૂદ્વીપ અને તેની બંને બાજુ ૨ + ૪ + ૮ + ૮ = ૨૨ + ૨૨ = ૪૪ એમ કુલ ૪૫ લાખ યોજન પ્રમાણ આ અઢીદ્વીપ થાય છે[1].

☞ ઉપરોક્ત જેટલું અઢીદ્વીપનું પ્રમાણ છે એટલું જ સિદ્ધશિલાનું પણ પ્રમાણ છે. કારણ કે, મનુષ્યક્ષેત્રોમાંથી જ જીવ (મનુષ્ય) મોક્ષે જઈ શકે છે અને મોક્ષે જનાર આત્મા સમશ્રેણીમાં જ ઊર્ધ્વ ગતિ કરે છે, એથી જ બંનેનું પ્રમાણ (૪૫ લાખ યોજન) સરખું કહ્યું છે.

☞ અઢીદ્વીપની અંદર સૂર્ય અને ચંદ્રાદિ પંચવિધ જ્યોતિષ દેવો છે, તે બધા જ ચલ છે... તેના કારણે જ દિવસ-રાતાદિ રૂપ કાલનો વર્તારો હોય છે અને અઢીદ્વીપની બહાર સૂર્ય-ચંદ્રાદિ સ્થિર હોવાથી ત્યાં દિવસ-રાતાદિ (માસ-વર્ષ વગેરે) રૂપ કાળ વર્તતો નથી.

☞ આ અઢીદ્વીપમાં ૧૩૨ સૂર્ય - ૧૩૨ ચંદ્ર પોતપોતાના પરિવાર સહિત ભ્રમણ કરે છે તેમજ ૧ સૂર્ય-૧ ચંદ્રના પરિવારમાં ૮૮ નક્ષત્ર, ૨૮ ગ્રહ અને ૬૬,૯૭૫ કોડાકોડી તારાનો પરિવાર હોય છે.

☞ આ અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપ એમ કુલ મનુષ્યનાં ૧૦૧ ક્ષેત્ર હોય છે. વળી, ૩૦ વર્ષધર પર્વત, ૪ ઈક્ષુ (ઈષુ) કાર પર્વત, ૫ મેરુપર્વત, ૧,૦૦૦ કંચનગિરિ પર્વત, ૧૭૦ દીર્ઘ વૈતાઢ્ય પર્વત, ૨૦ વૃત્ત વૈતાઢ્ય પર્વત, ૨૦ ગજદંત પર્વત, ૮૦ વક્ષસ્કાર પર્વત, ૧૦ યમક-સમક પર્વત, ૧૦ ચિત્ર-વિચિત્ર પર્વત એ પ્રમાણે સર્વ મળી ૧૩૪૯ મોટા પર્વતો છે. વળી લવણસમુદ્રમાં ૪ વેલંધર + ૪ અનુવેલંધર = ૮ પર્વતો ઉમેરતાં કુલ ૧,૩૫૭ મોટા પર્વતો થાય છે તેમજ ૩૫૦ મોટી નદીઓ છે, વળી ૮૦ દ્રહો છે. (તેમાં ૩૦ મહાદ્રહો, ૩૦ પર્વતો (વર્ષધર) ઉપર છે અને બાકી ૫૦ દ્રહો કુરુક્ષેત્રોમાં જાણવા.)

☞ વળી, આ અઢીદ્વીપમાં સર્વકાળે પાંચ મેરુપર્વતના પાંડુકવનમાં રહેલી શીલાઓ-૨૦, શીલા પર સ્થિત જન્માભિષેક માટેનાં સિંહાસનો-૩૦, ૧૭૦ ઋષભકૂટ (જેના પર ચક્રવર્તી ષટ્‌ખંડ વિજય દરમિયાન સ્વનામ અંકિત કરે છે.), ૧૭૦ કોટિશિલા (જેને વાસુદેવ જ ઉપાડી શકે છે.) મૂળ અયોધ્યા નગરીઓ-૧૭૦, વૈતાઢ્યની (તમિસ્ત્રા-ખંડપ્રતાપા) ગુફા-૩૪૦, માગધ-વરદામ-પ્રભાસતીર્થ-૫૧૦, ભરત-ઐરાવત અને ૩૨ વિજયોમાં સ્થિત ૬-૬ ખંડ = ૧,૦૨૦, ૧ ષટ્‌ખંડમાં ૩૨,૦૦૦ દેશ તો અઢીદ્વીપમાં કુલ-૫૪,૪૦,૦૦૦ દેશો, જંબૂ વગેરે મોટા (પૃથ્વીકાયમય) વૃક્ષો-૧૦, અંતર નદીઓ-૬૦, દીર્ઘ વૈતાઢ્યની (દરેક વિજયમાં ૨ વિદ્યાધરની, ૨ આભિયોગિક દેવોની મળીને ૪-૪ શ્રેણી ગણતાં) - ૬૮૦ શ્રેણી વગેરે... જાણવું.

☞ આ અઢીદ્વીપને ફરતો માનુષોત્તર પર્વત છે અને તેની બહાર મનુષ્યની વસતિ નથી અને તે મનુષ્યક્ષેત્રની મર્યાદા કરતો હોવાથી માનુષોત્તર પર્વત તરીકે ઓળખાય છે.

☞ આ અઢીદ્વીપમાં કુલ ૩,૧૭૯ શાશ્વત ચૈત્ય અને તેમાં ૩,૮૧,૪૮૦ પ્રતિમાઓ બિરાજમાન છે.

☞ અઢીદ્વીપમાં સર્વકાળે જઘન્યથી ૨૦ તીર્થંકરો વિહરમાન હોય છે તેમજ કોઈ કાળે ઉત્કૃષ્ટથી ૧૭૦ પણ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

54

॥ ૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્ય ક્ષેત્ર... ॥

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્ર

55

☞ તેલના માલપુડાના આકારે રહેલા એક લાખ યોજન પ્રમાણ જંબૂદ્વીપ પછી બે લાખ યોજનના વિસ્તારવાળો લવણસમુદ્ર છે. ત્યાર બાદ તેથી બમણા એટલે ચાર લાખ યોજનના વિસ્તારનો ધાતકીખંડ આવેલો છે અને ત્યાર બાદ તેથી બમણા એટલે આઠ લાખ યોજનના વિસ્તારવાળો કાલોદધિ સમુદ્ર છે. ત્યાર બાદ તેથી બમણા એટલે સોળ (૧૬) લાખ યોજનના વિસ્તારવાળો પુષ્કરવરદ્વીપ આવેલો છે. પુષ્કરવરદ્વીપની બરાબર મધ્યમાં વલયાકારે વિંટળાઈને માનુષોત્તર પર્વત આવેલો છે, તેના લીધે પુષ્કરવરદ્વીપના ૨ વિભાગ પડે છે. બહારના વિભાગમાં મનુષ્યો નથી. એટલે એ અર્ધદ્વીપને મનુષ્યક્ષેત્ર તરીકે લીધેલો નથી, એટલે ૧ + ૧ + $\frac{1}{2}$ = અઢીદ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્ર થયું અર્થાત્ જંબૂદ્વીપથી એક તરફ અર્ધપુષ્કરવરદ્વીપ સુધીના ૨૨ લાખ યોજન થયા. તેવી જ રીતે જંબૂદ્વીપથી બીજી બાજુના પણ અર્ધપુષ્કરવરદ્વીપ સુધીના ૨૨ લાખ યોજન થયા. બંને બાજુના ભેગા થઈ કુલ ૪૪ લાખ યોજન ક્ષેત્ર થયું. એમાં ૧ લાખ યોજન જંબૂદ્વીપનું ક્ષેત્ર ઉમેરતા સર્વ મળી ૪૫ લાખ યોજનનું મનુષ્ય ક્ષેત્ર થયું. આ મનુષ્ય ક્ષેત્રને ફરતો અથવા પુષ્કરવરાર્ધ પૂરો થતાં જ તેને ફરતો માનુષોત્તર નામનો પર્વત અર્ધવળયાકાર સિંહનિષાદિ આકારવાળો મનુષ્યક્ષેત્રના (જાણે) રક્ષણ માટે કિલ્લા સરખો હોય તેમ શોભે છે.

☞ **પ્રશ્ન :** આ માનુષોત્તર એટલે શું ? **સમાધાન :** માનુષોત્તર એટલે મનુષ્યોની ઉત્તરે (પછી) આવેલો પર્વત તે માનુષોત્તર કહેવાય છે અથવા જે ક્ષેત્રની બહાર મનુષ્યોના જન્મ અને મરણ ન થાય તે ક્ષેત્રની મર્યાદા બાંધનારા પર્વતને માનુષોત્તર પર્વત કહેવાય છે. પર્વતની અંતિમ સીમાથી લઈ તિર્છાલોકના અંતભાગ સુધીના કોઈપણ સ્થાનમાં મનુષ્યોના જન્મ-મરણ થતાં નથી. ચારણ મુનિઓનું કે દેવી સહાયથી મનુષ્યોનું ગમનાગમન અઢીદ્વીપની બહાર સંભવે છે ખરું, પણ તેમના જન્મ કે મરણ તો ન જ થાય.

જેમ અઢીદ્વીપમાં ગંગા-સિંધુ આદિ મહાનદીઓ શાશ્વતી વર્તે છે તેવી શાશ્વતી નદીઓ, પદ્મદ્રહાદિ, શાશ્વત દ્રહો, સરોવરો, પુષ્કરાવર્તાદિ સ્વભાવિક* મેઘો, મેઘની સ્વાભાવિક ગર્જનાઓ, વીજળીઓ, બાદરઅગ્નિ*, તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવાદિ ઉત્તમ પુરુષો, કોઈપણ મનુષ્યના જન્મ કે મરણ તેમજ *સમય-આવલિકા-મુહૂર્ત-દિવસ-પક્ષ-માસ-અયન-વર્ષ-યુગ-પલ્યોપમ-સાગરોપમ-અવસર્પિણી-ઉત્સર્પિણી આદિ સર્વ પ્રકારનો કાળ' વગેરે પદાર્થો માત્ર ને માત્ર અઢીદ્વીપમાં જ છે, પરંતુ અઢીદ્વીપની બહાર તો હોતા જ નથી...

☞ તદુપરાંત અઢીદ્વીપની બહાર ભરતાદિ સઘળાં ક્ષેત્રો સરખા પર્વતો, ઘરો, ગામ, નગરો, ચતુર્વિધસંઘ, ખાણો, નિધિયો, ચંદ્ર-સૂર્યાદિ જ્યોતિષી વિમાનોનું પ્રમાણ તેમજ ગ્રહણો નથી. વળી સૂર્ય-ચંદ્રના પરિવેષ (મંડલો) પણ નથી. ઈન્દ્રધનુષ, ગાંધર્વનગરાદિ (આકાશમાં થતા ઉત્પાતસૂચક ચિહ્નો) નથી, પરંતુ સમુદ્રમાં દ્વીપો છે તેમજ કોઈ કોઈ દ્વીપ-સમુદ્રોમાં શાશ્વતા પર્વતો પણ છે. પરંતુ અલ્પ હોવાથી અહીં વિવક્ષા કરાતી નથી અને અઢીદ્વીપ બહાર દ્વીપો ઘણા હોવાથી મૂળ ગાથાઓમાં દ્વીપનો અભાવ કહેલ નથી. જે માટે **લઘુ ક્ષેત્ર સમાસ**માં કહ્યું છે કે ...

नइ-दह-घण-थाणि-यागाणि-जिणाइ, नरजम्म-मरणकालाइ । पणयाललक्खजोयण नरखित्तं मुत्तुं णो पुरओ ॥१॥

❖ **અહીં સ્વાભાવિક કહેવાનું કારણ એક જ છે કે, અઢીદ્વીપની બહાર અસુરાદિ દેવોએ વિકુર્વેલા મેઘગર્જના અને વિજળીઓ તેમજ વરસાદ વગેરે સર્વ હોઈ શકે છે.**

❋ **"બાદર" કહેવાનું કારણ એ છે કે, સૂક્ષ્મઅગ્નિ તો ૧૪ રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત જ હોવાથી અઢીદ્વીપની બહાર પણ હોય છે માટે...**


❋ **સમય-આવલિ આદિ વ્યવહારિક કાળ સૂર્ય-ચંદ્રના ભ્રમણથી થાય છે અને ત્યાં સૂર્ય-ચંદ્રાદિ સર્વ જ્યોતિષ ચક્ર સ્થિર છે... માટે વ્યવહારિક કાળ ત્યાં નથી પરંતુ વર્તના લક્ષણાત્મક નિશ્ચયકાળ તો છે જ...**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


માનુષોત્તર પર્વત અને તે ઉપર ૪ ચૈત્ય તથા ૧૬ દેવકૂટ

પર્વતની ઊંચાઈ ૧,૭૨૧ યોજન
મૂળ પહોળાઈ ૧,૦૨૨ યોજન
શિખર પહોળાઈ ૪૨૪ યોજન


આકાર સિંહનિષાદી (જંબૂદ્વીપ તરફ ઊભી ભીંત સરખો અને બહાર ઉપરથી ગોતીર્થવત્)



માનુષોત્તર પર્વત



પર્વતનો આકાર સમજવા માટે બીજો પ્રકાર



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

માનુષોત્તર પર્વત

56

☞ કાળોદધિ સમુદ્રની સર્વ બાજુએ વિંટળાયેલો વળયાકાર સરખો પુષ્કરવરદ્વીપ નામનો દ્વીપ છે[1]. તે કાળોદધિ સમુદ્રથી બમણો હોવાથી ૧૬,૦૦,૦૦૦ (સોળ લાખ) યોજનના વિસ્તારવાળો છે. એ દ્વીપના વળયાકાર મધ્યભાગમાં એટલે એ દ્વીપના આઠ લાખ યોજનના ૨ વિભાગ થાય તેવા પહેલા વિભાગના પર્યન્તે ને બીજા વિભાગના પ્રારંભમાં **માનુષોત્તર પર્વત** નામનો પર્વત આવેલો છે તે પણ દ્વીપની જેમ વલયાકારે છે[2]. એ પર્વત પુષ્કરવરદ્વીપના પહેલા અર્ધભાગથી બહાર ગણાય છે. કારણ કે એનો વિસ્તાર બીજા અર્ધભાગમાં આવેલો છે. તેથી જંબૂદ્વીપ તરફનો અથવા કાલોદધિ સમુદ્રને સ્પર્શેલા પહેલો અભ્યંતર પુષ્કરાર્ધ સંપૂર્ણ ૮ લાખ યોજનનો છે અને બીજો બાહ્ય પુષ્કરાર્ધ દેશોન (માનુષોત્તર વિસ્તારના ૧,૦૨૨ યોજન રહિત) ૮ લાખ યોજનનો છે, એ પ્રમાણે અભ્યંતર પુષ્કરવરાર્ધને વિંટાયેલો એ પર્વત જાણે અભ્યંતર પુષ્કરવરદ્વીપની અથવા મનુષ્યક્ષેત્રની જગતી સરખો (કોટ સરખો) ન હોય તેવો ભાસે છે...

☞ એ પર્વતનું પ્રમાણ લવણસમુદ્રમાં કહેલા ૮ વેલંધર પર્વત સરખું છે એટલે મૂળમાં ૧,૦૨૨ યોજન પહોળો ને ૧,૭૨૧ યોજન ઊંચો છે. અહીં પ્રમાણની સરખામણીમાં વેલંધર પર્વત સમ કહ્યો, પરંતુ આકારમાં તો સિંહનિષાદી આકારવાળો છે. એટલે સિંહ જેમ આગળના બે પગ ઉપર રાખીને અને પાછલા બે પગ વાળી કૂલા તળે રાખીને સંકોચીને બેસે તે વખતે પશ્ચાત્ ભાગે નીચો અને અનુક્રમે આગળ મુખસ્થાને અતિ ઊંચો દેખાય તેવા આકારનો છે. તેથી આ પર્વત બહારની બાજુમાં મૂળથી જ ઘટતા ઘટતા વિસ્તારવાળો થઈ અભ્યં. ભાગે ઊભી ભીતી સરખો જ ઊંચો રહી શિખરતલે ૪૨૪ યોજન માત્ર રહ્યો, જેથી ૧,૦૨૨માંથી ૪૨૪ બાદ કરતાં ૫૯૮ યોજનનો ઘટાડો તો કેવળ બહારની બાજુમાં જ થયો અને અભ્યંતર બાજુમાં કાંઈ પણ વિસ્તાર વગેરે ન ઘટવાથી ઊભી ભીંત સરખો ઊંચો જ રહ્યો.

☞ અથવા તો પર્વતના આકાર માટે શાસ્ત્રમાં બીજું દૃષ્ટાંત કહ્યું છે તે આ પ્રમાણે - પુષ્કરવરદ્વીપના અત્યંત મધ્યભાગે વલયાકારે સર્વ બાજુ ફરતો એક પર્વત એવો કલ્પીએ કે જે મૂળમાં ૨,૦૪૪ યોજન વિસ્તારવાળો હોય અને શિખરીતળે ૮૪૮ યોજન વિસ્તારવાળો હોય એવો પર્વત કલ્પીને તેના અતિ મધ્યભાગથી બે વિભાગ કરી અંદરના વિભાગને ઉઠાવી લઈને રદ કરી દઈએ. તેથી જે બાહ્યાર્ધ વિભાગ જેવા આકારનો બાકી રહ્યો છે તેવા જ આકારનો અથવા અન્ય રીતે અર્ધ યવના આકાર સરખો માનુષોત્તર પર્વત છે તથા આ પર્વતનું નામ માનુષ - મનુષ્યક્ષેત્રની ઉત્તર-ઉત્તરે એટલે પર્યન્તે આવેલો હોવાથી એનું નામ **"માનુષોત્તર"** પર્વત છે.


☞ માનુષોત્તરપર્વતની ઉપર ચાર દિશામાં ૧-૧ સિદ્ધાયતન કૂટ છે અને દરેક દિશામાં ત્રણ-ત્રણ તે તે દેવ નામવાળા દેવકૂટ છે. તેથી દરેક દિશામાં ૩ દેવકૂટ અને ૧ સિદ્ધકૂટ મળી ૪-૪ કૂટ છે તથા વિદિશામાં પણ ૧-૧ કૂટ છે. તેથી ૧૬ દેવકૂટ અને ૪ સિદ્ધકૂટ મળી ૨૦ કૂટ છે. જો કે ૪ સિદ્ધકૂટ સિદ્ધાંતોમાં સાક્ષાત્ કહ્યા નથી, તો પણ ચારણમુનિઓના ગતિ વિષયના પ્રસંગે, "મુનિઓ માનુષોત્તરગિરિ ઉપર ચૈત્યવંદના કરે છે" એમ કહ્યું છે માટે જણાવ્યા છે અથવા જંબૂદ્વીપને જેમ જગતી વિંટાયેલી છે તેમ મનુષ્યક્ષેત્રને આ પર્વત વિંટળાયેલો છે. તો ચાલો મિત્રો ! હવે માનુષોત્તર પર્વતનું કાંઇક વિશેષ અવનવું જાણી લઈએ... આ કોષ્ટકના માધ્યમે.....

ક્રમ	વિષય	પ્રમાણાદિ	ક્રમ	વિષય	પ્રમાણાદિ
૧	ઊંચાઈ	૧,૭૨૧ યોજન	૭	અભ્યંતર પરિધિ[5]	૧,૪૨,૩૦,૨૪૯ યોજન
૨	ભૂમિની અંદર અવગાઢ[3]	૪૩૦ યો. ૧ ગાઉ	૮	બાહ્ય પરિધિ[6]	૧,૪૨,૩૬,૭૧૩ યોજન
૩	પૃથ્વીની ઉપર[4]	૧,૦૨૨ યોજન	૯	મધ્ય પરિધિ	૧,૪૨,૩૪,૮૨૩ યોજન
૪	મધ્ય વિસ્તાર[4]	૭૨૩ યોજન	૧૦	શિખર પરની પરિધિ	૧,૪૨,૩૨,૯૩૨ યોજન
૫	શિખરનો વિસ્તાર[4]	૪૨૪ યોજન	૧૧	શેનો બનેલો છે ?	જાંબુનદ સુવર્ણમય
૬	કૂટ સંખ્યા	૨૦	૧૨	આકાર[7]	સિંહનિષાદિ અથવા અર્ધા જવ જેવો

* **શાસ્ત્રોમાં એમકહેવાય છે કે આ સંપૂર્ણતિચ્છલોકમાં માત્ર (૧) માનુષોત્તર પર્વત (૨) કુંડલ પર્વત અને (૩) રુચક પર્વત આ પર્વતો જ એવા છે કે જે સંપૂર્ણ વળયાકારે (ગોળરૂપે) રહેલા છે અને બાકીના કેટલાક દીર્ઘકારે, કેટલાક પલ્યાકારે, કેટલાક ઝલ્લરીના આકારના કેટલાક ઉદસ્તગોપૃચ્છાકારે, કેટલાક અશ્વસ્કંધાકારે અથવા સિંહનિષદ્યાકારે, કેટલાક ગજદંતાકારે તો કેટલાક ડમરૂકાકારે (ઉત્પાત પર્વતો) વગેરે પણ હોય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢીદ્વીપમાં રહેલ શાશ્વત પદાર્થોનું યંત્ર...




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢીદ્વીપમાં રહેલ શાશ્વત પદાર્થોનું યંત્ર

57

ક્રમ	શાશ્વત પદાર્થોના નામો	જંબૂદ્વીપમાં	ધાતકીખંડમાં	પુષ્કરવરાર્ધમાં	કુલ
૧	વર્ષધર પર્વત (મેરુ સહિત...)	૭	૧૪	૧૪	૩૫
૨	વર્ષધર ક્ષેત્ર...	૭	૧૪	૧૪	૩૫
૩	પાંચ મેરુપર્વતના પાંડુકવનમાં રહેલી શિલાઓ	૪	૮	૮	૨૦
૪	શિલા પર સ્થિત જન્માભિષેક માટેનાં સિંહાસનો	૬	૧૨	૧૨	૩૦
૫	શાશ્વતા કુલ પર્વત (લવણસમુદ્ર સાથે)	૨૭૯	૫૪૦	૫૪૦	૧,૩૫૭
૬	પર્વત ઉપરના કૂટ (શિખર)	૪૬૭	૯૩૪	૯૩૪	૨,૩૩૫
૭	ઋષભકૂટ (જેના પર ચક્રવર્તી સ્વયં પોતાનું નામ લખે છે.)	૩૪	૬૮	૬૮	૧૭૦
૮	કોટીશિલા (જેને વાસુદેવ ઉપાડે છે.)	૩૪	૬૮	૬૮	૧૭૦
૯	વૈતાઢ્યમાં રહેલી ગુફાઓ (તમિસ્રા-ખંડપ્રપાતા.)	૬૮	૧૩૬	૧૩૬	૩૪૦
૧૦	વૈતાઢ્યમાં રહેલ બીલ (ભરત-ઐરાવતના...)[૧]	૧૪૪	૨૮૮	૨૮૮	૭૨૦
૧૧	માગધ-વરદામ-પ્રભાસ તીર્થ	૧૦૨	૨૦૪	૨૦૪	૫૧૦
૧૨	ભરત, ઐરાવત અને વિજયોમાં સ્થિત ૬-૬ ખંડ	૨૦૪	૪૦૮	૪૦૮	૧,૦૨૦
૧૩	૬ ખંડમાં મલી ૩૨,૦૦૦ દેશ (તો ૩૪માં મળી)	૧૦,૮૮,૦૦૦	૨૧,૭૬,૦૦૦	૨૧,૭૬,૦૦૦	૫૪,૪૦,૦૦૦
૧૪	મૂળ અયોધ્યા નગરી...	૩૪	૬૮	૬૮	૧૭૦
૧૫	૨૫ ½ આર્ય દેશ (૩૨ વિજય + ભરત + ઐરાવતના મળી)	૮૬૭	૧,૭૩૪	૧,૭૩૪	૪,૩૩૫
૧૬	દીર્ઘ વૈતાઢ્યની ૪-૪ શ્રેણી (૨ વિદ્યાધરની, ૨ અભિયોગિક દેવની)	૧૩૬	૨૭૨	૨૭૨	૬૮૦
૧૭	મોટા ૬ દ્રહ તથા કુરુક્ષેત્રના ૧૦ દ્રહ	૧૬	૩૨	૩૨	૮૦
૧૮	મોટા દ્રહોમાં દેવી તથા નાના દ્રહોમાં દેવ...	૧૬	૩૨	૩૨	૮૦
૧૯	સર્વ મહાદ્રહોના કમલોમાં ૬-૬ વલય...	૬ દ્રહોમાં - ૩૬	૧૨ દ્રહોમાં - ૭૨	૧૨ દ્રહોમાં - ૭૨	૩૦ દ્રહોમાં - ૧૮૦
૨૦	સર્વ ૬ વલયોમાં રહેલા કમલો...	૧,૨૦,૫૦,૧૨૦	૨,૪૧,૦૦,૨૪૦	૨,૪૧,૦૦,૨૪૦	૩,૬૧,૫૦,૩૬૦
૨૧	ગંગા-સિંધુ વગેરે મહાનદી	૧૪	૨૮	૨૮	૭૦
૨૨	મહાનદીના પ્રપાત કુંડ	૧૪	૨૮	૨૮	૭૦
૨૩	મહાનદીઓની પરિવારભૂત નદીઓ	૧૪,૫૬,૦૦૦	૨૯,૧૨,૦૦૦	૨૯,૧૨,૦૦૦	૭૨,૮૦,૦૦૦
૨૪	જંબૂ વગેરે મોટાં વૃક્ષો... (પૃથ્વીકાયમય...)	૨	૪	૪	૧૦
૨૫	જંબૂ વગેરે મોટાં વૃક્ષોને... ફરતાં વલયો...	૬-૬ વલય	૧૨-૧૨ વલય[૨]	૧૨-૧૨ વલય	૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢીદ્વીપમાં રહેલ શાશ્વત પદાર્થોનું યંત્ર (ચાલુ)

57

ક્રમ	શાશ્વત પદાર્થોના નામો	જંબૂદ્વીપમાં	ધાતકીખંડમાં	પુષ્કરવરાર્ધમાં	કુલ
૨૬	સર્વ વૃક્ષ (કુલ વૃક્ષ) સંખ્યા	૧,૨૦,૫૦,૧૨૦	૨,૪૧,૦૦,૨૪૦	૪,૮૨,૦૦,૪૮૦	૮,૪૩,૫૦,૮૪૦
૨૭	અંતર નદી	૧૨	૨૪	૨૪	૬૦
૨૮	વક્ષસ્કાર પર્વત	૧૬	૩૨	૩૨	૮૦
૨૯	સીતા-સીતોદા નદીના બંને બાજુના વનમુખ	૪	૮	૮	૨૦
૩૦	મેરુ સંબંધી ભદ્રશાલ-નંદન-સૌમનસ-પાંડુકવન	૪	૮	૮	૨૦
૩૧	ગજદંત ગિરિ	૪	૮	૮	૨૦
૩૨	ઈષુકાર પર્વત	૦	૨	૨	૪
૩૩	વૃત્ત વૈતાઢ્ય અને દીર્ઘ વૈતાઢ્ય	૪-૩૪	૮-૬૮	૮-૬૮	૨૦-૧૭૦
૩૪	યમક-સમક-ચિત્ર-વિચિત્ર ગિરિ (પર્વત)	૪	૮	૮	૨૦
૩૫	કંચનગિરિ	૨૦૦	૪૦૦	૪૦૦	૧,૦૦૦
૩૬	યુગલિક ક્ષેત્ર	૬	૧૨	૧૨	૩૦
૩૭	અંતર્દ્વીપ	૫૬	૦	૦	૫૬
૩૮	વિહરમાન પ્રભુની વિહાર રૂપ વિજય[3] (પુષ્કલાવતી-વત્સ, નલીનાવતી-વપ્રા)	૪	૮	૮	૨૦
૩૯	શાશ્વત ચૈત્ય[4]	૬૩૫	૧,૨૭૨	૧,૨૭૨	૩,૧૭૯
૪૦	સૂર્ય અને ચંદ્ર	૨-૨ જંબૂમાં ૪-૪ લવણમાં	૧૨-૧૨ ધાતકીમાં ૪૨-૪૨ કાળોદધિમાં	૭૨-૭૨ પુષ્કરાર્ધમાં	૧૩૨ સૂર્ય ૧૩૨ ચંદ્ર

☞ **ટિપ્પણકો.....**

☞ (૧) આ બીલ ગંગા-સિંધુ-રક્તા અને રક્તવતી નદીના બંને કિનારા ઉપર વૈતાઢ્યની ઉત્તરે અને દક્ષિણે મળીને ૭૨-૭૨ છે.

☞ (૨) આ વલયો અઢીદ્વીપના નકશાની હકીકતની પુસ્તકમાં લખ્યા છે પણ તે કોના નિવાસવાળા છે, તે જણાવેલ નથી.

☞ (૩) પાંચે મહાવિદેહમાં આ ૪-૪ નામની વિજયો જ સમજવી.


☞ (૪) આ સિવાય નંદીશ્વરે-૬૮, કુંડલે-૪, રુચકે-૪,માનુષોત્તરે-૪ મળીને કુલ ૧૨૪-૧૨૪ ભગવાનવાળા ૮૦ ચૈત્ય ઉમેરતા તિર્ચ્છાલોકમાં ૩,૨૫૯ ચૈત્યો થાય છે તથા તેમાં (અઢીદ્વીપના) ૩,૮૧,૪૮૦ + (૮૦ x ૧૨૪) = ૯,૮૪૦ મળીને કુલ ૩,૯૧,૩૨૦ જિનપ્રતિમાઓ બિરાજમાન છે, તેમને વંદના કરીએ...

(અઢીદ્વીપના ૩,૮૧,૪૮૦ ચૈત્યોમાં ૧૨૦-૧૨૦ તથા અઢીદ્વીપ બહારના ૮૦ ચૈત્યોમાં ૧૨૪-૧૨૪ ભગવાન હોવાથી કુલ (૩,૧૭૯ x ૧૨૦) = ૩,૮૧,૪૦૦ તથા (૮૦ x ૧૨૦) = ૯,૮૪૦ મળીને ૩,૯૧,૩૨૦ ભગવાન તિર્ચ્છાલોકમાં ૩,૨૫૯ જિનાલયોમાં છે.) માટે જ **"સકલતીર્થ"** સૂત્રમાં કહેવાયું છે કે...

"બત્રીસેંને ઓગણસાઠ તિર્ચ્છાલોકમાં ચૈત્યનો પાઠ ।
ત્રણ લાખ એકાણું હજાર, ત્રણસેં વીસ તે બિંબ જુહાર ॥"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शाश्वत जिनप्रतिमा



{ તા. ક. = ઋષભાદિક ચારે શાશ્વતી જિનપ્રતિમાઓ ઉત્સેધાંગુલના પ્રમાણથી
ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ય ઊંચી હોય છે... તેમ જાણવું. }

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शाश्वत जिनभवन-जिनप्रतिमादि...

58

☞ દરેક શાશ્વત જિનચૈત્ય રત્ન, સુવર્ણ અને મણિનું બનેલું હોય છે. આ શાશ્વત જિનભવનોના પશ્ચિમ સિવાયની ત્રણ દિશામાં ૩ દ્વાર હોય છે. ચૈત્યનાં અતિ મધ્યભાગમાં ૧ મોટી મણિપિઠિકા (રત્નપીઠ) હોય છે અને તે ઉપર એક દેવચ્છંદક (સ્તુપ સરખા આકારવાળો ગભારો) બાંધેલો હોય છે. તેનું પ્રમાણ મણિપિઠિકા જેટલું પ્રમાણાંગુલથી જાણવું. પરંતુ ઊંચાઈ કાંઈક અધિક જાણવી. તે દેવચ્છંદકમાં મણિપિઠિકા ઉપર ચારે તરફની મળીને ૧૦૮ પ્રતિમા ઉત્સેધાંગુલના પ્રમાણથી ૫૦૦ ધનુષ્ય ઊંચી હોય છે, જેથી ૧-૧ દિશામાં ૨૭-૨૭ પ્રતિમાજી ઊભી રહેલી હોય છે. ત્યાં ઋષભ-ચંદ્રાનન-વારિષેણ ને વર્ધમાન એ ૪ નામવાળી પ્રતિમાઓ છે.

॥ શાશ્વત પ્રતિમાજીના જુદા જુદા રત્નિક (રત્નો સંબંધી) અવયવો... ॥

☞ તે શ્રી જિનપ્રતિમાઓના નખ અંકરત્નના શ્વેતવર્ણે, નખના પ્રતિસેક (પર્યન્તવર્તી ખૂણાભાગ નખની નીચેનો હોય તે) લોહિતાક્ષરત્નના રક્તવર્ણે છે. હથેળી, પગના તળીયાં, નાભિ, જીભ, શ્રીવત્સ (જે છાતીનાં મધ્યે ઉપસતો ભાગ હોય તે) અને ચુસુક (સ્તનની ડીંટીઓ) તથા તાળુ એ સર્વ તપનીય સુવર્ણમય રક્તવર્ણના હોય છે. દાઢી, મૂંછ અને રોમરાજી રિષ્ટરત્નમય કૃષ્ણવર્ણની છે બે હોઠ પરવાળાના રક્તવર્ણે છે. નાસિકા લોહિતાક્ષરત્નના રક્તવર્ણે છે તેમજ તારા (કીકી) પાંપણ અને ભ્રૂ (ભવા) એ રિષ્ટરત્નમય કૃષ્ણવર્ણે છે. લલાટ, કાન, કપોલ એ સુવર્ણના પીતવર્ણે છે. શીર્ષના કેશ રિષ્ટરત્નના કૃષ્ણવર્ણે તથા કેશભૂમિ (મસ્તકનો ઉપલો ભાગ અથવા કેશના મૂળ ભાગનું સ્થાન) તપનીય સુવર્ણમય રક્તવર્ણે છે. શીર્ષ વજ્રરત્નમય શ્વેતવર્ણે છે તથા ડોક, ભુજાઓ, પગ, જંઘા, ગુલ્ફ (પગની ૨ પાની), સાથળો અને શરીર એ સર્વ સુવર્ણમય પીતવર્ણે છે. એ પ્રમાણે શાશ્વત જિનપ્રતિમાજીના રત્ન વગેરેથી નિર્મિત અવયવો હોય છે.

॥ શાશ્વત પ્રતિમાજીના ચારે દિશામાં રત્નમય વિવિધ રચનાઓ... ॥

☞ દરેક પ્રતિમાજીની પાછળ ૧ છત્રધારી રત્નપ્રતિમા છે*. બે પડખે ૧-૧ ચામરધારી રૂપ છે અને સન્મુખ બે પડખે ૧-૧ નાગપ્રતિમા હોવાથી બે નાગપ્રતિમા, ૧-૧ યક્ષપ્રતિમા હોવાથી ૨ યક્ષપ્રતિમા, ત્યારબાદ ૨ ભૂતપ્રતિમા, ત્યારબાદ ૨ કુંડધરપ્રતિમા છે. એ ૪ પ્રતિમાઓ વિનયથી નમ્ર થઈ બે હાથ જોડીને પગે લાગતી હોય તેવી છે.

॥ દેવચ્છંદકમાં રહેલી સામગ્રી ॥

☞ તથા એ દેવચ્છંદકમાં ૧૦૮ ઘંટ, ૧૦૮ ધુપના કડછા, ૧૦૮ ચંદનકળશ (જલપૂર્ણ કળશો), ૧૦૮ ભૃંગાર (નાના કળશો), ૧૦૮ આરિસા, ૧૦૮ થાળ, ૧૦૮ પાત્રીઓ (નાની થાળીઓ), ૧૦૮ સુપ્રતિષ્ટ (ડમરૂ આકારની ઊભી બેઠકો કે જેના ઉપર થાળ વગેરે રાખી શકાય... અથવા રહેલા છે.) ૧૦૮ મનોગુલિકા (રત્નના બાજોઠ વિશેષ), ૧૦૮ વાતકરક (કોઈ વસ્તુવિશેષ), ૧૦૮ વિચિત્ર રત્ન કરંડીયા, ૧૦૮ રત્નના અશ્વકંઠ (શોભા માટે), ૧૦૮ હસ્તિકંઠ, ૧૦૮ નરકંઠ, ૧૦૮ કિન્નરકંઠ, ૧૦૮ કિંપુરુષકંઠ, ૧૦૮ મહોરગકંઠ, ૧૦૮ ગંધર્વકંઠ, ૧૦૮ વૃષભકંઠ, ૧૦૮ ચંગેરી*, ૧૦૮ પટલ (પડલા)*, ૧૦૮ સિંહાસન, ૧૦૮ છત્ર, ૧૦૮ ચામર, ૧૦૮ દાબડા*, ૧૦૮ ધ્વજાદિ... આ વસ્તુઓ જિનભવનમાં સર્વે રત્નમય હોય છે ને અતિમનોહર (રમણિયક) હોય છે.


❖ છત્રધર અને ચામરધર પ્રતિમાઓ પણ જિનપ્રતિમાની જેમજ ઊભી રહેલી જાણવી.

* ૧૦૮ પુષ્પચંગેરી, ૧૦૮ માલ્યચંગેરી, ૧૦૮ ચૂર્ણચંગેરી, ૧૦૮ ગંધચંગેરી, ૧૦૮ વસ્ત્રચંગેરી, ૧૦૮ આભરણચંગેરી, ૧૦૮ સિદ્ધાર્થ (શ્વેત સર્ષપ) ચંગેરી, ૧૦૮ લોમહસ્ત ચંગેરી (મોરપીંછીની પૂંજની) એ આઠ પ્રકારની ચંગેરીઓ (પાત્ર-ભાજન વિશેષ) જાણવી.

* ચંગેરીની જેમ આઠ પ્રકારના (પુષ્પપટલ વગેરે...) ૧૦૮-૧૦૮ જાણવા.

● તેલસમુદ્ગક, કોષ્ઠસમુદ્ગક, ચોયગસમુદ્ગક, તગરસમુદ્ગક, એલાયચીસમુદ્ચક, હરતાલસમુદ્ગક, હિંગલોકસમુદ્ગક, મનઃશિલસમુદ્ગક, અંજનસમુદ્ગક એ ૯ પ્રકારના દાબડા તે પણ દરેક ૧૦૮-૧૦૮ જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢીદ્વીપમાં શાશ્વત ચૈત્ય પ્રતિમાઓનું વર્ણન


59

		જંબૂદ્વીપમાં			ધાતકીખંડમાં			પુષ્કરવરાર્ધમાં		
ક્રમ	સ્થાન	સંખ્યા	ચૈત્ય	પ્રતિમા	સંખ્યા	ચૈત્ય	પ્રતિમા	સંખ્યા	ચૈત્ય	પ્રતિમા
૧	મેરુપર્વત	૧	૧૭	૨,૦૪૦	૨	૩૪	૪,૦૮૦	૨	૩૪	૪,૦૮૦
૨	વર્ષધર પર્વત	૬	૬	૭૨૦	૧૨	૧૨	૧,૪૪૦	૧૨	૧૨	૧,૪૪૦
૩	દીર્ઘ વૈતાઢ્ય	૩૪	૩૪	૪,૦૮૦	૬૮	૬૮	૮,૧૬૦	૬૮	૬૮	૮,૧૬૦
૪	ગજદંત પર્વત	૪	૪	૪૮૦	૮	૮	૯૬૦	૮	૮	૯૬૦
૫	યમકાદિ પર્વત	૪	૪	૪૮૦	૮	૮	૯૬૦	૮	૮	૯૬૦
૬	વક્ષસ્કાર પર્વત	૧૬	૧૬	૧,૯૨૦	૩૨	૩૨	૩,૮૪૦	૩૨	૩૨	૩,૮૪૦
૭	વૃત્ત વૈતાઢ્ય પર્વત	૪	૪	૪૮૦	૮	૮	૯૬૦	૮	૮	૯૬૦
૮	ઈષુકાર પર્વત	-	-	-	૨	૨	૨૪૦	૨	૨	૨૪૦
૯	કંચનગિરિ	૨૦૦	૨૦૦	૨૪,૦૦૦	૪૦૦	૪૦૦	૪૮,૦૦૦	૪૦૦	૪૦૦	૪૮,૦૦૦
૧૦	દિગ્ગજ કૂટ	૮	૮	૯૬૦	૧૬	૧૬	૧,૯૨૦	૧૬	૧૬	૧,૯૨૦
૧૧	ઉત્તરકુરુ	૧	૧	૧૨૦	૨	૨	૨૪૦	૨	૨	૨૪૦
૧૨	દેવકુરુ	૧	૧	૧૨૦	૨	૨	૨૪૦	૨	૨	૨૪૦
૧૩	જંબૂવૃક્ષ પરિવાર	૧	૧૧૭	૧૪,૦૪૦	૨	૨૩૪	૨૮,૦૮૦	૨	૨૩૪	૨૮,૦૮૦
૧૪	શાલ્મલી વૃક્ષ પરિવાર	૧	૧૧૭	૧૪,૦૪૦	૨	૨૩૪	૨૮,૦૮૦	૨	૨૩૪	૨૮,૦૮૦
૧૫	કુંડ	૭૬	૭૬	૧,૯૨૦	૧૫૨	૧૫૨	૧૮,૨૪૦	૧૫૨	૧૫૨	૧૮,૨૪૦
૧૬	નદી	૧૪	૧૪	૧,૬૮૦	૨૮	૨૮	૩,૩૬૦	૨૮	૨૮	૩,૩૬૦
૧૭	દ્રહ	૧૬	૧૬	૧,૯૨૦	૩૨	૩૨	૩,૮૪૦	૩૨	૩૨	૩,૮૪૦
	કુલ		૬૩૫	૭૬,૨૦૦		૧,૨૭૨	૧,૫૨,૬૪૦		૧,૨૭૨	૧,૫૨,૬૪૦

ત્રણેલોકમાં રહેલ શાશ્વતા પ્રાસાદાદિનું યંત્ર*

ક્રમ	સ્થાનવિશેષ	પ્રાસાદ	પ્રતિમાજીની સંખ્યા	૧-૧ પ્રાસાદમાં જિનબિંબ	પ્રમાણ (ઉત્સેધાંગુલથી)	આયામ	વિષ્કંભ	ઊંચાઈ
૧	જ્યોતિષીઓની રાજધાની	અસંખ્યાતા	અસંખ્યાતી	૧૮૦	૫૦૦ધનુ.	૧૨$\frac{1}{2}$ યો.	૬$\frac{1}{4}$ યો.	૯$\frac{1}{2}$ યોજન
૨	જ્યોતિષી વિશે	અસંખ્યાતા	અસંખ્યાતી	૧૮૦	૫૦૦ ધનુ.	૧૨$\frac{1}{2}$ યો.	૬$\frac{1}{4}$ યો.	૯$\frac{1}{2}$ યોજન
૩	વ્યંતર નિકાયમાં	અસંખ્યાતા	અસંખ્યાતી	૧૮૦	૫૦૦ ધનુ.	૧૨$\frac{1}{2}$ યો.	૬$\frac{1}{4}$ યો.	૯ યોજન
૪	અનુત્તર વિમાનમાં	૫	૬૦૦	૧૨૦	૧$\frac{1}{2}$ધનુ.	૧૦૦ યોજન	૫૦ યોજન	૭૨ યોજન
૫	ગ્રૈવેયક વિમાનમાં	૩૧૮	૩૮,૧૬૦	૧૨૦	૧$\frac{1}{2}$ધનુ.	૧૦૦ યોજન	૫૦ યોજન	૭૨ યોજન
૬	વૈમાનિક વિમાનમાં	૮૪,૯૬,૭૦૦	૧,૫૨,૯૪,૦૬,૦૦૦	૧૮૦	૧$\frac{1}{2}$ધનુ.	૧૦૦ યોજન	૫૦ યોજન	૭૨ યોજન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


ત્રણેલોકમાં રહેલ શાશ્વતા પ્રાસાદાદિનું યંત્ર*

59

ક્રમ	સ્થાનવિશેષ	પ્રાસાદ	પ્રતિમાજીની સંખ્યા	૧-૧ પ્રાસાદમાં જિનબિંબ	પ્રમાણ (ઉત્સેધાંગુલથી)	આયામ	વિષ્કંભ	ઊંચાઈ
૭	અસુર નિકાયમાં	૬૪,૦૦,૦૦૦	૧,૧૫,૨૦,૦૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૫૦ યોજન	૫૦ યોજન	૩૬ યોજન
૮	નાગકુમાર નિકાયમાં	૬૪,૦૦,૦૦૦	૧,૧૫,૨૦,૦૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૯	સુપર્ણકુમાર નિકાયમાં	૭૨,૦૦,૦૦૦	૧,૨૯,૬૦,૦૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૧૦	વિદ્યુતકુમાર નિકાયમાં	૭૬,૦૦,૦૦૦	૧,૩૬,૬૦,૦૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૧૧	અગ્નિકુમાર નિકાયમાં	૭૬,૦૦,૦૦૦	૧,૩૬,૬૦,૦૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૧૨	દ્વીપકુમાર નિકાયમાં	૭૬,૦૦,૦૦૦	૧,૩૬,૬૦,૦૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૧૩	ઉદધિકુમાર નિકાયમાં	૭૬,૦૦,૦૦૦	૧,૩૬,૬૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૧૪	દિક્કુમાર નિકાયમાં	૭૬,૦૦,૦૦૦	૧,૩૬,૬૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૧૫	પવનકુમાર નિકાયમાં	૯૬,૦૦,૦૦૦	૧,૭૨,૮૦,૦૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૧૬	સ્તનિતકુમાર નિકાયમાં	૭૬,૦૦,૦૦૦	૧,૩૬,૮૦,૦૦,૦૦૦	૧૮૦	૧$\frac{3}{4}$ધનુષ્ય	૨૫ યોજન	૧૨$\frac{1}{2}$ યો.	૧૮ યોજન
૧૭	જંબૂવૃક્ષ વિશે	૧,૧૭૦	૧,૪૫,૪૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૪૦ધનુ.
૧૮	કંચનગિરિ પર્વતમાં	૧,૦૦૦	૧,૨૦,૦૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૪૦ધનુ.
૧૯	કુંડમાં	૩૮૦	૪,૫૬,૦૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૪૦ધનુ.
૨૦	વૈતાઢ્ય પર્વતમાં	૧૭૦	૨૦,૪૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૪૦ધનુ.
૨૧	મહાનદી સંબંધી	૭૦	૮,૪૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૪૦ધનુ.
૨૨	ગજદંત પર્વતમાં	૨૦	૨,૪૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૫૦ યોજન	૨૫ યોજન	૩૬ યોજન
૨૩	મેરુપર્વતના વનમાં	૮૦	૯,૬૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૫૦ યોજન	૨૫ યોજન	૩૬ યોજન
૨૪	વક્ષસ્કાર પર્વતમાં	૮૦	૯,૬૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૫૦ યોજન	૨૫ યોજન	૩૬ યોજન
૨૫	વર્ષધર પર્વતમાં	૩૦	૩,૬૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૫૦ યોજન	૨૫ યોજન	૩૬ યોજન
૨૬	દિગ્ગજ સંબંધીમાં	૪૦	૪,૦૮૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૫૦ધનુ.
૨૭	હ્રદ (સરોવરમાં)	૮૦	૯,૬૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૫૦ધનુ.
૨૮	યમકાદિ પર્વતમાં	૨૦	૨,૪૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૫૦ધનુ.
૨૯	વૃત્તવૈતાઢ્ય પર્વતમાં	૨૦	૨,૪૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૫૦ધનુ.
૩૦	ઈન્દ્રાણીની રાજધાનીમાં	૧૬	૧,૯૨૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૫૦ધનુ.
૩૧	નંદીશ્વર દ્વીપમાં	૫૨	૬,૪૪૮	૧૨૪	૫૦૦ધનુષ્ય	૧૦૦ યોજન	૫૦ યોજન	૭૨ યોજન
૩૨	કુંડલ પર્વતમાં	૪	૪૯૬	૧૨૪	૫૦૦ધનુષ્ય	૧૦૦ યોજન	૫૦ યોજન	૭૨ યોજન
૩૩	રુચક પર્વતમાં	૪	૪૯૬	૧૨૪	૫૦૦ધનુષ્ય	૫૦ યોજન	૨૫ યોજન	૩૬ યોજન
૩૪	ઈષુકાર પર્વતમાં	૪	૪૮૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૫૦ યોજન	૨૫ યોજન	૩૬ યોજન
૩૫	માનુષોત્તર પર્વતમાં	૪	૪૮૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૫૦ યોજન	૨૫ યોજન	૩૬ યોજન
૩૬	૧૦ કુરુક્ષેત્ર સંબંધીમાં	૧૦	૧,૨૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૫૦ યોજન	૨૫ યોજન	૯ યોજન
૩૭	ચુલ્લા સંબંધીમાં	૫	૬૦૦	૧૨૦	૫૦૦ધનુષ્ય	૧ ગાઉ	$\frac{1}{2}$ ગાઉ	૧૪૫૦ધનુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अढीद्वीप



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢીદ્વીપમાં સમકાળે તીર્થંકરાદિ કેટલા હોય ?

60

ક્રમ	ઉત્તમ પુરુષો	જંબૂ-દ્વીપમાં જઘન્ય	જંબૂ-દ્વીપમાં ઉત્કૃષ્ટ	ધાતકી ખંડમાં જઘન્ય	ધાતકી ખંડમાં ઉત્કૃષ્ટ	પુષ્કરવ-રાર્ધમાં જઘન્ય	પુષ્કરવ-રાર્ધમાં ઉત્કૃષ્ટ	કુલ જઘન્ય	કુલ ઉત્કૃષ્ટ
૧	તીર્થંકર	૪	૩૪	૮	૬૮	૮	૬૮	૨૦	૧૭૦
૨	ચક્રવર્તી	૪	૩૦	૮	૬૦	૮	૬૦	૨૦	૧૫૦*
૩	વાસુદેવ	૪	૩૦	૮	૬૦	૮	૬૦	૨૦	૧૫૦
૪	બળદેવ	૪	૩૦	૮	૬૦	૮	૬૦	૨૦	૧૫૦
૫	ચક્રીના એકેન્દ્રિય રત્ન	૨૮	૨૧૦	૫૬	૪૨૦	૫૬	૪૨૦	૧૪૦	૧,૦૫૦
૬	ચક્રીના પંચેન્દ્રિય રત્ન	૨૮	૨૧૦	૫૬	૪૨૦	૫૬	૪૨૦	૧૪૦	૧,૦૫૦
૭	ચક્રીના કુલ રત્ન	૫૬	૪૨૦	૧૧૨	૮૪૦	૧૧૨	૮૪૦	૨૮૦	૨,૧૦૦
૮	ચક્રીના નિધિની સંખ્યા	૩૬	૨૭૦	૭૨	૫૪૦	૭૨	૫૪૦	૧૮૦	૧,૩૫૦

☞ ભરત-ઐરાવત અને ૩૨ વિજયોમાં મળી આ જંબૂદ્વીપની ૩૪ વિજયોમાં દરેકમાં ઉત્કૃષ્ટકાળે એકેક તીર્થંકર હોવાથી ૩૪ તીર્થંકર સમકાળે વિચરતા હોય છે. જ્યારે ભરત ઐરાવતમાં તીર્થંકર ન હોય તેમજ મહાવિદેહમાં પણ સર્વ વિજયોમાં તીર્થંકર ન હોય તો પણ મહાવિદેહમાં ઓછામાં ઓછી ૪ વિજયો તો તીર્થંકર સહિત હોય જ છે માટે જઘન્યકાળે મહાવિદેહ ક્ષેત્રમાં ૪ તીર્થંકર સમકાળે વિચરતા જ હોય છે. વળી મહાવિદેહ ક્ષેત્ર કોઈપણ કાળે તીર્થંકરાદિ રહિત ન હોય તે અપેક્ષાએ જંબૂદ્વીપમાં ૪ તીર્થંકર જઘન્યથી તો અવશ્ય (મહાવિદેહે) વિચરતા જ હોય છે. વર્તમાનકાળમાં પણ મહાવિદેહમાં ૮-૯-૨૪-૨૫ એ ૪ વિજયોમાં અનુક્રમે શ્રી સીમંધર-યુગમંધર-બાહુ-સુબાહુ નામના ૪ તીર્થંકરો વિચરે છે.

તથા જંબૂદ્વીપમાં જઘન્યથી ૪ વાસુદેવ-૪ બળદેવ અને ૪ ચક્રવર્તી હોય છે તેથી શેષ ૩૦ વિજયમાં ૩૦ વાસુદેવ બળદેવ અને ૩૦ ચક્રવર્તી ઉત્કૃષ્ટથી હોય છે. જો ચોત્રીશે (૩૪) વિજયમાં ૩૪ ચક્રવર્તી સમકાળે માનીએ તો જંબૂદ્વીપ તે કાળે વાસુદેવ-બળદેવ રહિત જ હોય - અને જો ૩૪ વાસુદેવ-બળદેવ માનીએ તો સર્વથા ચક્રવર્તી રહિત હોય પરંતુ તેમ બનતું નથી. ૪ ચક્રવર્તી અથવા ૪ વાસુદેવ-બળદેવ તો હોવા જ જોઈએ અર્થાત્ જ્યાં વાસુદેવ હોય ત્યાં ચક્રવર્તી ન હોય અને ચક્રવર્તી હોય તે વિજયમાં વાસુદેવ ન હોય. તે કારણથી એ પ્રમાણે ચક્રવર્તી અને વાસુદેવની સંખ્યામાં વિપર્યય હોય છે. આ ઉપરોક્ત વાત પણ માત્ર જંબૂદ્વીપને આશ્રયીને કહેવામાં આવી છે... તેવી જ રીતે ધાતકીખંડ અને પુષ્કરવરાર્ધદ્વીપના પણ તીર્થંકર-ચક્રવર્તી-વાસુદેવ-બળદેવાદિ માટે બમણી-બમણી સંખ્યા સમજી લેવી.

☞ એમ પણ કહેવાય છે કે તીર્થંકરોની માતા ગજાદિ ૧૪ મહાસ્વપ્નોને એકદમ સ્પષ્ટ રૂપે જુએ છે. વળી, એક જ ભવમાં ૨ પદધારી (તીર્થંકર + ચક્રવર્તી) બનનારની માતા ૧૪ મહાસ્વપ્નોને ૨ વાર (૧ વાર સ્પષ્ટરૂપે/૧ વાર અસ્પષ્ટરૂપે) જુએ છે. ચક્રવર્તીની માતા ૧૪ મહાસ્વપ્નોને અસ્પષ્ટરૂપે જ જુએ છે. વાસુદેવની માતા ૧૪ મહાસ્વપ્નોમાંથી ૭ જ મહાસ્વપ્નોને જુએ છે. વળી, બળદેવની માતા ૪ મહાસ્વપ્નોને જુએ છે તેમજ પ્રતિવાસુદેવની માતા ૩ મહાસ્વપ્નોને જુએ છે. મંડલીક રાજાની માતા ૧ મહાસ્વપ્ન જુએ છે અને મહામુનિવરોની માતા ૧ મહાસ્વપ્નને જુએ છે. (જેમ કે જંબૂસ્વામીની માતાએ જંબૂકુમાર ગર્ભમાં આવ્યા ત્યારે તેમને જંબૂવૃક્ષનું સ્વપ્ન જોયું હતું.)

---

* जंबूदीवे चक्की, उक्कोसं चउ जहन्नेणं । धायइपुक्खरदुगुणा, एमेव य केसवाइया ॥ (गाथा सहस्त्री-२९१)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૧૨
ચક્રવર્તી



૯
બળદેવ





૯
વાસુદેવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અવસર્પિણીકાળના ૧૨ ચક્રવર્તી

61


ક્રમ	ચક્રવર્તી નામ[1]	નગરી	માતા	પિતા	દેહમાન	આયુષ્ય	સ્ત્રીરત્ન	દીક્ષા વખતે મુનિ પરિવાર	ગતિ[2]	ક્યાં તીર્થંકરના શાસનમાં[3]
૧	ભરત	અયોધ્યા	સુમંગલા	આદિનાથ	૫૦૦ ધનુષ્ય	૮૪ લાખ પૂર્વ	સુભદ્રા	૧૦,૦૦૦	મોક્ષ	આદિનાથ
૨	સગર	અયોધ્યા	યશોમતી	સુમિત્રવિજય	૪૫૦ ધનુષ્ય	૭૨ લાખ પૂર્વ	ભદ્રા	૧,૦૦૦	મોક્ષ	અજીતનાથ
૩	મઘવા	શ્રાવસ્તિ	ભદ્રા	સુભદ્રવિજય	૪૨½ ધનુષ્ય	૫ લાખ વર્ષ	સુનંદા	૧,૦૦૦	ત્રીજો દેવલોક	ધર્મનાથ અને
૪	સનત્કુમાર	હસ્તિનાપુર	સહદેવી	અશ્વસેન	૪૧½ ધનુષ્ય	૩ લાખ વર્ષ	જયા	૧,૦૦૦	ત્રીજો દેવલોક	શાંતિનાથ આંતરામાં
૫	શાંતિનાથ	હસ્તિનાપુર	અચિરા	વિશ્વસેન	૪૦ ધનુષ્ય	૧ લાખ વર્ષ	વિજયા	૧,૦૦૦	મોક્ષ	શાંતિનાથ
૬	કુંથુનાથ	હસ્તિનાપુર	શ્રીદેવી	સુરરાજ	૩૫ ધનુષ્ય	૯૫,૦૦૦ વર્ષ	કૃષ્ણશ્રી	૧,૦૦૦	મોક્ષ	કુંથુનાથ
૭	અરનાથ	હસ્તિનાપુર	દેવી	સુદર્શન	૩૦ ધનુષ્ય	૮૪,૦૦૦ વર્ષ	સુરશ્રી	૧,૦૦૦	મોક્ષ	અરનાથ
૮	સુભૂમ	હસ્તિનાપુર	તારા	કૃતવીર્ય	૨૮ ધનુષ્ય	૬૦,૦૦૦ વર્ષ	પદ્મશ્રી		સાતમી નરક	અર-મલ્લિનાથના આંતરમાં
૯	મહાપદ્મ	વાણારસી	જ્વાલા	પદ્મોત્તર	૨૦ ધનુષ્ય	૩૦,૦૦૦ વર્ષ	વસુંધરા	૧,૦૦૦	મોક્ષ	મુનિસુવ્રત
૧૦	હરિષેણ	કાંપીલ્યપુર	મેરા	મહાહરી	૧૫ ધનુષ્ય	૧૦,૦૦૦ વર્ષ	દેવી	૧,૦૦૦	મોક્ષ	નમિનાથ
૧૧	જય	રાજગૃહ	વપ્રા	અશ્વસેન	૧૨ ધનુષ્ય	૩,૦૦૦ વર્ષ	લક્ષ્મીવતી	૧,૦૦૦	મોક્ષ	નમિ-નેમિનાથના આંતરામાં
૧૨	બ્રહ્મદત્ત	કાંપીલ્યપુર	ચુલની	બ્રહ્મ	૭ ધનુષ્ય	૭૦૦ વર્ષ	કુરુમતી	-	સાતમી નરક	નેમ-પાર્શ્વનાથના
તા.ક. : સર્વ ચક્રવર્તીઓ કાશ્યપ ગોત્રીય અને સુવર્ણની કાંતિવાળા હોય છે.										આંતરામાં

૯ વાસુદેવ

ક્રમ	વાસુદેવના નામો[1]	નગરી	માતા	પિતા	પૂર્વભવનું નિયાણું...	દેહમાન	આયુષ્ય	ગતિ	ગોત્ર	ક્યાં તીર્થંકરના શાસનમાં	પ્રતિ વાસુદેવ[4]
૧	ત્રિપૃષ્ઠ	પોતનપુર	મૃગાવતી	પ્રજાપતિ	અતિ બલવાન - દેવોથી પણ અજેય થાઉં	૮૦ ધનુ.	૮૪ લાખ વર્ષ	૭મી નરક	ગૌતમ	શ્રેયાંસનાથ	અશ્વગ્રીવ
૨	દ્વિપૃષ્ઠ	દ્વારવતી	ઉમા	બ્રહ્મ	વિંધ્યશક્તિનો વિનાશક થાઉં	૭૦ ધનુ.	૭૨ લાખ વર્ષ	૬ઠ્ઠી નરક	ગૌતમ	વાસુપૂજ્ય	તારક
૩	સ્વયંભૂ	દ્વારવતી	પૃથ્વી	રુદ્ર	બલિરાજાને મારનારો થાઉં	૬૦ ધનુ.	૬૦ લાખ વર્ષ	૬ઠ્ઠી નરક	ગૌતમ	વિમલનાથ	મેરક
૪	પુરુષોત્તમ	દ્વારવતી	સીતા	સોમ	સ્ત્રીના હરણ કરનારને મારનારો થાઉં	૫૦ ધનુ.	૩૦ લાખ વર્ષ	૬ઠ્ઠી નરક	ગૌતમ	અનંતનાથ	મધુકૈટભ
૫	પુરુષસિંહ	અશ્વપુર	અમ્મકા	શીવ	પૂર્વશત્રુનો ઘાતક થાઉં	૪૫ ધનુ.	૧૦ લાખ વર્ષ	૬ઠ્ઠી નરક	ગૌતમ	ધર્મનાથ	નિશુંભ
૬	પુરુષ પુંડરિક	ચક્રપુર	લક્ષ્મીવતી	મહાશીવ	સ્ત્રી હરનારનો મારક થાઉં	૨૯ ધનુ.	૬૫,૦૦૦ વર્ષ	૬ઠ્ઠી નરક	ગૌતમ	અરનાથ + સુભૂમ ના આંતરામાં...	બલિ
૭	દત્ત	વારાણસી	શેષવતી	અગ્નિસિંહ	મંત્રીને મારનારનો મારક થાઉં	૨૬ ધનુ.	૫૬,૦૦૦ વર્ષ	૫મી નરક	ગૌતમ	સુભૂમ। મલ્લિનાથ ના આંતરામાં...	પ્રહ્લાદ
૮	લક્ષ્મણ	રાજગૃહ	સુમિત્રા	દશરથ	બલવાન। અનંગસુંદરી	૧૬ ધનુ.	૧૨,૦૦૦ વર્ષ	૪ થી નરક	કાશ્યપ	મુનિસુવ્રત। નમિ ના આંતરામાં...	રાવણ
૯	કૃષ્ણ	મથુરા	દેવકી	વસુદેવ	લોકોને અત્યંત વલ્લભ થાઉં	૧૦ ધનુ.	૧,૦૦૦ વર્ષ	૩જી નરક	કાશ્યપ	નેમિનાથ	જરાસંધ

❖ ૯ વાસુદેવોની પહેલા ઉત્પન્ન થયેલા તેમના જ મોટા ભાઈ બળદેવ પણ ૯ હોય છે. તેના નામો... (૧) અચલ (૨) વિજય (૩) ભદ્ર (૪) સુપ્રભ (૫) સુદર્શન (૬) આનંદ (૭) નંદન (૮) પદ્મ (રામચંદ્રજી) (૯) બળભદ્ર તેમજ બળદેવ અને વાસુદેવના પિતા તો એક જ હોય છે, પરંતુ માતાઓ અલગ અલગ હોય છે... તેમ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૩ શલાકાપુરુષ તેમજ અન્ય મહાપુરુષોનો ક્રમાદિ

62

☞ આ અવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ પ્રતિવાસુદેવો અને ૯ બળદેવો મળીને ૬૩ શલાકાપુરુષો નીચે જણાવેલા ક્રમથી થયા છે.

☞ સર્વ પ્રથમ - "**આદિનાથ**" તીર્થંકર ત્યારબાદ પ્રથમ "**ભરત**" ચક્રવર્તી, ત્યારબાદ બીજા "**અજિતનાથ**" તીર્થંકર ત્યારબાદ "**સગર**" ચક્રવર્તી ત્યાર પછી ૩ થી ૧૧ સુધીના... "**સંભવનાથ-અભિનંદન-સુમતિનાથ - પદ્મપ્રભ - સુપાર્શ્વનાથ - ચંદ્રપ્રભ - સુવિધિનાથ -શીતલનાથ** અને **શ્રેયાંસનાથ**" તીર્થંકરો થયા. ત્યાર પછી પ્રથમ - વાસુદેવ* "**ત્રિપૃષ્ઠ**" નામે થયા.તે સાથે પ્રથમ "**અચલ**" નામે બળદેવ અને "**અશ્વગ્રીવ**" નામે પ્રતિવાસુદેવ થયા. ત્યારબાદ ૧૨મા "**વાસુપૂજ્ય**" તીર્થંકર અને ત્યારબાદ બીજા વાસુદેવ "**દ્વિપૃષ્ઠ**" નામે સાથે જ "**વિજય**" બળદેવ અને "**તારક**" નામે પ્રતિવાસુદેવ થયા. ત્યારબાદ ૧૩મા "**વિમલનાથ સ્વામી**" તીર્થંકર પછી "**સ્વયંભૂ**" નામે ત્રીજા વાસુદેવ અને "**ભદ્ર**" નામે બળદેવ તેમજ "**મેરક**" નામે પ્રતિવાસુદેવ ત્યારબાદ ૧૪મા "**અનંતનાથ**" તીર્થંકર પછી ચોથા "**પુરુષોત્તમ**" નામે વાસુદેવ અને "**સુપ્રભ**" નામે બળદેવ તેમજ "**મધુકૈટભ**" નામે પ્રતિવાસુદેવ થયા ત્યારબાદ ૧૫મા "**ધર્મનાથ**" તીર્થંકર પછી ત્રીજા "**મઘવા**" નામે ચક્રવર્તી ત્યારબાદ પાંચમા "**પુરુષસિંહ**" નામે વાસુદેવ અને "**સુદર્શન**" નામે બળદેવ તેમજ "**નિશુંભ**" નામે પ્રતિવાસુદેવ થયા. ત્યારબાદ ચોથા "**સનત્કુમાર**" ચક્રવર્તી થયા ને ત્યાર પછી ૧૬મા શ્રી "**શાંતિનાથ**" તીર્થંકર ૧૭મા "**કુંથુનાથ**" અને ૧૮મા "**અરનાથ**" તીર્થંકર સાથે ૫-૬-૭માં ચક્રવર્તી રૂપે પણ થયા. ત્યારબાદ ૧૯મા "**મલ્લીનાથ**" તીર્થંકર થયા. પછી આઠમા "**સુભુમ**" ચક્રવર્તી થયા. પછી "**પુરુષપુંડરિક**" નામે છઠ્ઠા વાસુદેવ સાથે જ "**આનંદ**" નામે બળદેવ અને "**બલિ**" નામે પ્રતિવાસુદેવ થયા. ત્યારબાદ ૨૦મા "**મુનિસુવ્રતસ્વામી**" તીર્થંકર થયા પછી નવમા ચક્રી "**મહાપદ્મ**" નામે થયા. ત્યારબાદ સાતમા "**દત્ત**" નામે વાસુદેવ અને "**નંદન**" નામે બળદેવ અને "**પ્રહલાદ**" નામે પ્રતિવાસુદેવ થયા. ત્યારબાદ ૨૧મા શ્રી "**નમિનાથ**" તીર્થંકર થયા. પછી દશમા "**હરિષેણ**" નામે ચક્રી થયા. પછી અગિયારમા "**જય**" નામે ચક્રી થયા. ત્યારબાદ આઠમા "**લક્ષ્મણ**" નામે વાસુદેવ "**રામચંદ્રજી**" નામે બળદેવ અને "**રાવણ**" નામે પ્રતિવાસુદેવ અવતર્યા. ત્યારબાદ ૨૨મા શ્રી "**નેમીનાથ**" તીર્થંકર થયા. પછી નવમા છેલ્લા "**કૃષ્ણ**" નામે વાસુદેવ અને "**બળભદ્ર**" નામે બળદેવ અને "**જરાસંધ**" નામે પ્રતિવાસુદેવ થયા. પછી છેલ્લા ૧૨મા ચક્રી "**બ્રહ્મદત્ત**" નામે થયા. પછી ૨૩મા તીર્થંકર "**પાર્શ્વનાથ**" અને છેલ્લે ત્યારબાદ ૨૪મા તીર્થંકર "**મહાવીર સ્વામી**" ભગવાન થયા. આ રીતે ૬૩ શલાકાપુરુષો આ અવસર્પિણી કાળમાં થયા છે[૧].


☞ આ ઉપરોક્ત ૬૩ શલાકાપુરુષો સાથે જ્યારે ૯ નારદ ભેળવવામાં આવે ત્યારે ૭૨ થાય છે તેમજ ૧૧ રુદ્રને પણ જો ભેળવવામાં આવે તો ૮૩ થાય છે❖ એ પ્રમાણે ઉત્તમ મહાપુરુષોમાં ૪-૫-૬-૭ પ્રકારો થાય છે. તે તીર્થંકર-ચક્રી-વાસુદેવ અને બળદેવ એમ ૪ પ્રકારે, પ્રતિવાસુદેવ યુક્ત ૫ પ્રકારે, નારદ યુક્ત ૬ પ્રકારે અને રુદ્ર યુક્ત ૭ પ્રકારે સમજવા.

★ વાસુદેવની સાથે (સમકાલીન જ) બળદેવ અને પ્રતિવાસુદેવો પણ જાણવા.


❖ દરેક વાસુદેવના કાળમાં કલેશ કરવામાં કુશલ તેમજ કુતુહલી પરંતુ બ્રહ્મચર્યના સર્વોત્તમગુણવાળા એકેક નારદ નામથી પ્રસિદ્ધ ગૃહસ્થ યોગી જેવા નારદ ઉત્પન્ન થતા હોવાથી ૯ નારદની ઉત્પત્તિ કહી છે. તેઓ વાસુદેવાદિ રાજાઓના અંતપુરમાં (રાણીવાસમાં) નિઃશંકપણે ગમનાગમન કરનારા અને ગગનગામિની લબ્ધિવાળા હોય છે તેમજ સર્વત્ર રાજસભાઓમાં રાજા પૂછે ત્યારે ક્ષેત્રોની કૌતુકી વાતો સંભળાવે છે અને એક બીજાને કલેશ ઉત્પન્ન કરવાનું પણ કરે છે. વળી, જે ૧૧ રુદ્ર કીધા તેઓ ૧૧ મહાદેવના નામથી પણ પ્રસિદ્ધ હોય છે. તેઓ સમ્યક્ત્વી છતાં તેવા પ્રકારના કર્મોદયે અનેક લોકવિરુદ્ધ આચરણોને પણ આચરનારા હોય છે જેથી તેઓ વ્યભિચારી પણ કહેવાય છે. તેઓના નામ્યા પ્રમાણે : (૧) ભીમવલ (૨) જિતશત્રુ (૩) વળ (૪) વૈશ્વાનર (૫) સુપ્રતિષ્ઠ (૬) અચલ (૭) પુંડરિક (૮) અજિતધર (૯) અજિતબલ (૧૦) પેઢાલ (૧૧) સત્યકી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ચક્રરત્ન



૨. છત્રરત્ન



૩. દંડરત્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રવર્તીના ૧૪ રત્નો

(એકેન્દ્રિય ૭ રત્ન...)

63


☞ (૧) **ચક્રરત્ન**[1] : ચક્રવર્તીનો જન્મ ઉત્તમ જાતિને ગોત્રમાં, ઉત્તમ રાજ-ભોગકુલમાં જ હોય છે. તેઓ સર્વાંગે સામુદ્રિક શાસ્ત્રમાં કહેવાયેલા ઉત્તમોત્તમ ૧૦૮ લક્ષણ યુક્ત હોય છે. મહાન્ દેદિપ્યમાન પુણ્યના પૂંજ સમાન હોય છે. ચક્રવર્તી યોગ્યાવસ્થાને પામે છે ત્યારે રાજગાદી ઉપર આવે છે. આવ્યા બાદ યથાયોગ્યકાળે પોતાને મહાન્ ઉદયારંભ થવાનો યોગ્ય સમય થતાં પ્રથમ ચક્રાકારે વર્તતું, ઝળહળતું, મહાન નાના પ્રકારે મણિ મોતીઓની માળાઓ, ઘંટડીઓ અને પુષ્પની માળાઓથી અલંકૃત, ચક્રીને સદા આધિન, સૂર્ય જેવા દિવ્ય તેજથી સર્વ દિશાઓને પ્રકાશમય કરનારું, ૧,૦૦૦ દેવોથી અધિષ્ઠિત એવું ચક્રરત્ન શસ્ત્ર રૂપ હોવાથી પોતાના પૂર્વજોની આયુધ (શસ્ત્રો રાખવાની જગ્યામાં) શાળામાં ઉત્પન્ન થાય છે. સર્વ રત્નો અને આયુધોમાં પણ શ્રેષ્ઠ હોવાથી તેમજ ચક્રવર્તીના પ્રાથમિક દિગ્વિજયને કરાવનારું હોવાથી સહુથી પ્રથમ આ ઉત્પન્ન થાય છે. સર્વાયુધોમાં સર્વોત્તમ પ્રભાવવાળું અને દુર્જય, મહાશત્રુપુરુષોનો વિજય કરાવવામાં સહાયરૂપ અમોઘ શક્તિવાળું આ રત્ન, ચક્રીથી શત્રુઓ ઉપર છોડાયા બાદ સેંકડો વર્ષે પણ તેને (ચક્રીના સ્વ ગોત્રીય વર્જી) હણિને જ ચક્રી પાસે આવનારું હોય છે. આ રત્ન પ્રાયઃ[2] આયુધ શાળામાં જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે હર્ષિત એવો આયુધશાળા રક્ષક પોતે જ પ્રથમ ચક્રરત્નનો વંદનાદિકથી સત્કાર કરીને પોતાના રાજાને (કે જે હજુ ભાવી ચક્રી રૂપ છે તેમને) હર્ષાનંદથી હૃષ્ટપુષ્ટ બનીને રાજસભામાં ખબર આપે છે. ભાવી ચક્રી અને વર્તમાનના મહાનૃપતિ તે વાત સાંભળતા જ મહાઆનંદને પામીને ૭-૮ પગલા ચક્રરત્નના સન્મુખ ચાલીને, સ્તુતિ-વંદનાદિક કરીને, ખબર આપનાર શાળા રક્ષકને પ્રીતિદાનમાં મુકુટ વિના પહેરેલ સર્વભૂષણો આપીને તેમજ આજીવિકા બાંધી આપીને રવાના કરે છે. પછી નગરની ૧૮ પ્રકારે રહેલી પ્રજાને ખબર આપી, નગર શુદ્ધિઓ કરાવી, વાજતે-ગાજતે પ્રજા સહિત નૃપતિ પુષ્પ-ચંદન સુગંધી દ્રવ્ય વગેરે વિપુલ સામગ્રીપૂર્વક શાળામાં જઈ ચક્રરત્નની યથાર્થ વિનયપૂર્વક પૂજાદિક વિધિઓ કરે છે. પછી ચક્રરત્નનો મહિમા વિસ્તારવા અષ્ટાહ્નિકાદિ મહામહોત્સવ કરી, પ્રજાને દાન આપી, ઋણમુક્ત કરી આનંદાનંદ વર્તાવે છે. દેવાધિષ્ઠિત આ રત્ન છ ખંડને જીતવા ચક્રીને પ્રથમથી જ સ્વયં માર્ગદર્શક અને વિજેતા બનીને ચક્રીની આગળ જ ચાલે છે અને ચક્રી તેની પાછળ ચાલે છે અને જ્યારે ચાલે ત્યારે પ્રમાણાંગુલથી ૧ યોજન ચાલીને ઊભું રહી જાય છે.

☞ (૨) **છત્રરત્ન** : આ પણ આયુધશાળામાં જ ઉત્પન્ન થાય છે. આ રત્ન છત્રીની જેમ ગોળ આકારનું, મસ્તક ઉપર ધારણ કરવા યોગ્ય અતિ મનોહર હોય છે. જેથી શરદઋતુમાં ચંદ્ર જેવું અતિ મનોહર, ચિત્ર-વિચિત્ર અને ઉપર ૯૯,૦૦૦ (છત્રીમાં હોય છે તેમ) સુવર્ણના સળીયાઓથી અંદરના ભાગે જોતાં પાંજરા જેવું શોભતું હોય છે. અંત ભાગે ચોતરફ મોતી-મણિ-રત્નની માળાઓથી મંડિત અને છત્રના બહારના ઉપરના ભાગે (ટોચે) અર્જુન સુવર્ણના શરદચંદ્ર જેવા સ્વચ્છને ઉર્ધ્વવળ શિખરવાળું હોય છે. દેવાધિષ્ઠિત આ રત્ન હાથ પ્રમાણ છતાં ચક્રીના હસ્તસ્પર્શના પ્રભાવમાત્રથી (ચક્રરત્નને (સૈન્યને) ઢાંકવા) અધિક ૧૨ યોજનના વિસ્તારવાળું બનીને મેઘાદિકના ઉપદ્રવથી રક્ષણ કરવા સમર્થ થાય છે. આ રત્ન વૃષ્ટિ-તાપ-પવન-શીતાદિ દોષો હરનારૂં તેમજ શીતકાળે ગરમી અને ઉષ્ણકાળે શીતલતા આપનારું અને પૃથ્વીકાયમય હોય છે.

☞ (૩) **દંડરત્ન** : આયુધશાળામાં ઉત્પન્ન થનારું આ રત્ન, ચક્રીના ખભા ઉપર રહે છે. ચક્રીનો આદેશ થતા માર્ગમાં આવતી અનેક ઊંચી-નીચી-વિષમ ભૂમિ આદિ સર્વને દૂર કરી સપાટ-સરળ માર્ગને કરી આપનારું શત્રુના ઉપદ્રવોને હરનારું, ઈચ્છિત મનોરથપૂરક, દિવ્ય અને અપ્રતિહત હોય છે અને જરૂર પડે તો યત્નપૂર્વક વાપરતા (સગરચક્રીના પુત્રની જેમ) ૧,૦૦૦ યોજન ઊંડી અધોભૂમિમાં અદ્‌ભુત વેગથી પ્રવેશ કરી જમીન ખોદી માર્ગ કરી આપનારું, ગુફાઓના દ્વાર ઉઘાડવામાં ઉપયોગી, વજ્રનું બનેલું તેમજ વચમાં ૫ તેજસ્વી રત્નોની રેખા-પટ્ટાઓથી શોભતું હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


૪. ચર્મરત્ન




૫. ખડ્ગરત્ન



૬. કાકિણીરત્ન



૭. મણિરત્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☞ (૪) **ચર્મરત્ન :** ચામડાનું બનેલું આ રત્ન, ચક્રીના શ્રીઘર (લક્ષ્મીગૃહ)માં ઉત્પન્ન થાય છે. આ રત્ન શ્રીવત્સાદિના આકારવાળું, અનેક પ્રકારનાં ચિત્રથી ચિત્રિત, શત્રુથી દુર્ભેદ્ય, ચક્રીની સંપૂર્ણ સેના બેસી જાય તો તો પણ નમે નહિ એવું હોય છે. આ રત્નનો ઉપયોગ એ છે કે જ્યારે ચક્રી છ ખંડ જીતવા જતાં સેનાપતિરત્નને ગંગા સિંધુના નિકુટો (પ્રદેશ) સાધવા મોકલે છે ત્યારે સેનાપતિ સમગ્ર સૈન્યને તેના ઉપર બેસાડી ગંગા-સિંધુ જેવી મહાનદીઓ વહાણની જેમ શીઘ્ર તરી જાય છે. એથી જ વામ પ્રમાણ છતા ચક્રીના સ્પર્શ માત્રથી સાધિક ૧૨ યોજન ફેલાય છે. જરુરત પડે તો ગૃહપતિ (મનુષ્ય) રત્ન તે ચર્મરત્ન ઉપર વાવેલા ધાન્ય-શાલાદિકને તુર્ત જ ઉગાવનારુ, શીઘ્ર પ્રયોજન હોય તો ધાન્ય-શાલાદિકને સાંજે જ લણી લેવા યોગ્ય કરનારું થાય છે.

☞ **(૫) ખડ્ગરત્ન :** તલવાર જેવું આ રત્ન પણ આયુધશાળામાં જ ઉત્પન્ન થાય છે. યુદ્ધમાં અપ્રતિહત શક્તિવાળું છે. તીક્ષ્ણ ધારવાળું, શ્યામ વર્ણનું, પર્વત-વજ્રાદિક જેવી દુર્ભેદ્ય વસ્તુને તેમજ ચર કે સ્થિર પદાર્થને ભેદનારું, અદ્‌ભુત એવા વૈડુર્યાદિ રત્ન લતાઓથી શોભતું, નિરંતર સુગંધીમય અને અત્યંત તેજસ્વી હોય છે.

☞ **(૬) કાકિણીરત્ન :** આ રત્ન ખડકોને પણ ભેદી શકે તેવું ચક્રીના કોશાગાર-લક્ષ્મીગૃહમાં ઉત્પન્ન થાય છે. તે વિષહર-અષ્ટ જાતિના સુવર્ણોનું બનેલું છે. છ દિશાએ છ તળીવાળું તેથી જ પાસાની જેમ સમચતુરસ્ર, ૧૨ હાંસ ને ૮ કર્ણિકાવાળું, ૮-૭-૬ ઇત્યાદિ અનિયમિત તોલા ભાર સોનૈયા પ્રમાણનું, સોનીની એરણ જેવું હોય છે. ચક્રી દિગ્‌વિજય કરવા જાય ત્યારે ઉત્તર ભરતમાં જવા-આવવામાં આડા પડેલા વૈતાઢ્ય પર્વતની ગુફાઓમાં સૂર્ય-ચંદ્રના પ્રકાશના પ્રવેશ વિનાની, ઘોર અંધકારમય ગુફાના માર્ગને સદાકાળ પ્રકાશમય કરવા મહાગુફાઓની પૂર્વ-પશ્ચિમ બંને બાજુની ભીંતો ઉપર વૃત્ત અથવા ગોમૂત્રાકારે કાકિણીરત્નની અણીથી ૪૯ માંડલા આલેખવામાં આ રત્નનો ઉપયોગ થાય છે. આ રત્નથી આલેખેલા (કોતરેલા) મંડલો દિવ્ય પ્રભાવથી પ્રકાશમય થયા થકા ચક્રવર્તીની હયાતિ પર્યંત અવસ્થિત પ્રકાશ આપનાર બને છે, જેથી લોકોને ગમનાગમનનો માર્ગ સુખરૂપ થાય છે. વળી, ચક્રવર્તી છાવણીમાં રહ્યું થકુ તેનાં હસ્તસ્પર્શથી ૧૨ યોજન સુધી પ્રકાશ આપી રાત્રિને પણ દિવસ બનાવી દે છે. વધુમાં સર્વ તોલા (માપવાના કાટલા) ઉપરનો વજન માનનો આલેખ કાકિણીથી કરવામાં આવે છે ત્યારે જ તે પ્રમાણભૂત ગણાય છે.

આ કાકિણીરત્ન ભૂંસવા માટે રબરનું તથા લખવા માટે પેનનું પણ કાર્ય કરે છે. માટે જ કહેવાય છે કે ... ચક્રવર્તી ઋષભકુટ ઉપર પૂર્વના ચક્રવર્તીનું નામ ભૂંસીને પોતાનું નામ આ કાકિણીરત્નથી લખે છે.

☞ **(૭) મણિરત્ન :** આ પણ કોશાગારરુપ લક્ષ્મીના ભંડારમાં ઉત્પન્ન થનારુ નિરૂપમ કાન્તિયુક્ત, વિશ્વમાં અદ્‌ભુત, વૈડુર્ય મણિની જાતિમાં સર્વોત્તમ, મધ્યમાં વૃત્ત ને ઉન્નત ૬ ખૂણાવાળું, દૂર સુધી પ્રકાશ દેનારું, શોભતું હોય છે. આનો ઉપયોગ જ્યારે સૈન્યનું રક્ષણ કરવા ચર્મરત્ન અને છત્રરત્નનો સંપુટ બનાવવાનો હોય ત્યારે સંપુટમાં પ્રકાશ (ઉદ્યોત) કરવા માટે આને છત્રરત્નના તુમ્બ સાથે બાંધવામાં આવે છે અથવા તમિસ્રા ગુફામાં પ્રવેશ કરતી વખતે હસ્તિ ઉપર બેઠેલો ચક્રી હસ્તિના દક્ષિણ કુમ્ભ સ્થળે દેવદુર્લભ એવા મણિરત્નને રાખીને પ્રકાશને ૧૨ યોજન સુધી પાથરતો પોતાની આગળ અને બંને બાજુ મળીને ત્રણે દિશાને પ્રકાશમય બનાવતો ગુફા ઓળંગી શકે છે ને ઉત્તર ભરતની વિજય યાત્રામાં સફળતા મેળવે છે.

વળી તે રત્ન મસ્તકે કે હાથે બાંધ્યું હોય તો સર્વોપદ્રવ હરી, સુખ-સંપત્તિને અર્પનારું, સુરાસુર-મનુષ્ય-તિર્યંચના સર્વોપદ્રવને હરનારું, મસ્તકાદિ અંગોમાં બાંધીને સંગ્રામમાં પ્રવેશ કરનાર પુરુષને શત્રુના શસ્ત્રથી અવધ્ય અને ભય મુક્ત બનાવનારું છે. મતાંતરે-હાથે બાંધતાં સદા તરુણાવસ્થામાં રાખનારું છે અને તેના નખ-કેશની વૃદ્ધિ આદિ પણ ન કરનારું બને.


॥ ઈતિ એકેન્દ્રિયરત્નાનિ ॥


॥ જાણવા જેવું ॥

- ચક્રરત્ન, છત્રરત્ન અને દંડરત્ન તે વામ (૧ હાથ) પ્રમાણ જાણવું.
- ચર્મરત્ન તે ૨ હાથ પ્રમાણ જાણવું.
- ખડ્ગરત્ન તે ૩૨ આંગળ પ્રમાણ જાણવું.
- કાકિણીરત્ન તે ૪ આંગળ પ્રમાણ જાણવું.
- મણિરત્ન તે ૪ આંગળ લાંબું અને ૨ આંગળ પહોળું જાણવું.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પુરોહિતરત્ન


ગજરત્ન


અશ્વરત્ન


સેનાપતિરત્ન


ગૃહપતિરત્ન


વાર્ધકીરત્ન


સ્ત્રીરત્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રવર્તીના ૧૪ રત્નો

(૭ પંચેન્દ્રિય રત્ન)

63

☞ (૮) **પુરોહિતરત્ન :** ચક્રીને જરૂર પડે ત્યારે શાંતિક-પોષ્ટિક આદિ વિવિધ કર્માનુષ્ઠાનો કરાવી સફળતા આપનાર મહાપવિત્ર ગુણોપેત, ૧૪ વિદ્યામાં પારંગત, પ્રવેશ નિર્ગમનમાં મંગલ કાર્યો કરાવનાર, કવિ-કુશલ, ગૌરનું કામ કરનાર વગેરે રૂપ હોય છે.

☞ (૯) **ગજરત્ન :** આ ગજ મહાવેગી, ૭ અંગો વડે પ્રતિષ્ઠિત, ઐરાવણ ગજ જેવો પવિત્ર, સુલક્ષણો, મહાપરાક્રમી, અજેય એવા કિલ્લાદિકને પણ તોડી પાડનારું, આ હસ્તિ ઉપર જ ચક્રી બેસી સદા વિજય યાત્રાને મેળવે છે, આ રત્ન પણ દેવાધિષ્ઠિત હોય છે.

☞ (૧૦) **અશ્વરત્ન :** ચક્રીનો આ ઘોડો મહાવેગી, સ્વભાવે જ સુંદર, આવર્તાદિ લક્ષણવંતો, સદા યૌવનસ્થ, સ્તબ્ધ કર્ણવાળો, લંબાઈમાં ૧૦૮ અંગુલ લાંબો અને ૮૦ અંગુલ ઉંચો, કુચેષ્ટારહિત, અલ્પક્રોધી, શાસ્ત્રોક્ત સર્વ લક્ષણ યુક્ત, કોઈ પણ જળાશયો, અગ્નિ કે ડુંગરાદિને વિના પરિશ્રમે ઉલ્લંઘનારો, મહાવેગવાળો, અજેય હોય છે.

(આ બંને ૯ + ૧૦ પુલ્લિંગરૂપે રહેલ તિર્યંચરત્નો વૈતાઢ્ય પર્વતની તલેટીમાં ઉત્પન્ન થાય છે અને છ ખંડની વિજયયાત્રામાં પરાજિત થયેલી વ્યક્તિ તે વખતે ચક્રવર્તીને ભેટણામાં આપે છે.)

☞ (૧૧) **સેનાપતિરત્ન :** આ પુરુષ હસ્ત્યાદિ સર્વ સેનાનો અગ્રણી, ચક્રીનો યુદ્ધ મંત્રી, યવનાદિક ભાષા-શાસ્ત્ર તથા લિપિ-શિક્ષા-નીતિ-યુદ્ધ યુક્તિ - ચક્રવ્યૂહાદિ વિષયોનો જાણકાર, સમયજ્ઞ, વિજય કરવાના ક્ષેત્રના જમીનાદિક માર્ગનો જ્ઞાતા, વફાદાર, પરમ સ્વામી ભક્ત, તેજસ્વી, પ્રજાપ્રિય, ચારિત્રવાન, પવિત્ર ગુણોથી સુલક્ષણવંત અને દિગ્‌વિજયમાં ચક્રીની સાથે જ રહેનારો, ચક્રીની આજ્ઞા થતા જ ચક્રીની સહાય વિના જ ચર્મરત્ન વડે ગંગા-સિંધુના અપર કાંઠે જઈને, મહાબલિષ્ઠ મલેચ્છ રાજાઓ સાથે ભીષણ ખુંખાર યુદ્ધ કરી સર્વત્ર વિજય મેળવીને ચક્રીનું શાસન સ્થાપિત કરે છે.


☞ (૧૨) **ગૃહ(ગાથા)પતિરત્ન :** અન્નાદિકના કોષ્ઠાગારનો અધિપતિ, ચક્રીના મહેલ-ગૃહના તથા સૈન્યના ભોજન, વસ્ત્ર, પુષ્પ-ફળ, જળાદિક આવશ્યક તમામ વસ્તુની ચિંતા કરનારો-પૂરી પાડનારો, સુલક્ષણો, દાનશુર, રુપવંત, સ્વામિ ભક્ત હોય છે. વળી દિગ્વિજયાદિ પ્રસંગે જરૂર પડે અનેક પ્રકારના ધાન્ય તથા શાકનો ચર્મરત્ન ઉપર સવારે વાવીને સાંજે ઉગાડનાર હોય છે. (ચર્મરત્ન એ ધાન્યોત્પત્તિને યોગ્ય ક્ષેત્રતુલ્ય કામ આપનાર અને ગૃહપતિને કૃષિકાર તરીકે સમજવો) જેથી સૈન્યનો સુખપૂર્વક નિર્વાહ થાય છે.

☞ (૧૩) **વાર્ધકીરત્ન :** એટલે મહાન સ્થપતિ-શિલ્પી, સમગ્ર સુથારોમાં શ્રેષ્ઠ, ચક્રીના મહેલો-પ્રાસાદો-ગૃહો તથા સૈન્ય માટેનાં નિવાસ સ્થાનો, ગામ-નગરોને તૈયાર કરી આપનાર, પૌષધશાળાને એક જ મુહૂર્તમાં વાસ્તુશાસ્ત્રના નિયમ મુજબ યથાર્થ રીતે વ્યવસ્થિત બનાવનાર હોય છે. બાંધકામ ખાતાનો અધિષ્ઠાતા આ પુરુષ હોય છે. વળી, ચક્રી જ્યારે તમિસ્ત્રા + ખંડપ્રપાતા ગુફામાં જાય ત્યારે સમગ્ર સૈન્યને સુખે ઉતરવા સારું ઉન્મગ્ના અને નિમગ્ના નામની મહાનદી વગેરે ઉપર કાષ્ઠમય મહાન સેતુ-પૂલોને બાંધનાર આ હોય છે.

☞ (૧૪) **સ્ત્રીરત્ન :** આ મહાન વિદ્યાધરો તથા અન્ય નૃપતિઓના ઉત્તમ ગૃહમાં ઉત્પન્ન થાય છે. તેનામાં ૬ ખંડની નારીઓના એકત્રિત તેજપુંજ જેટલું દિવ્ય રુપાદિક હોય છે. સામુદ્રિક શાસ્ત્રોમાં રહેલા સંપૂર્ણ સ્ત્રી લક્ષણા યુક્ત માન-ઉન્માન-પ્રમાણ યુક્ત, મહાદેદિપ્યમાન ને સર્વાંગ સુંદર હોય છે. સદા અવસ્થિત યૌવનવાળું, રોમ નખ ન વધે તેવું, ભોક્તાના બલની વૃદ્ધિ કરનારું, દેવાંગના જેવું, સ્પર્શ કરતા સર્વ રોગોને હરનારું અને કામ સુખના ધામસમુ મહા અદ્‌ભુત હોય છે. આ સ્ત્રી (રત્ન)ને ચક્રી મૂળ શરીર ભોગવે તો પણ કદાપિ ગર્ભોત્પત્તિ થતી નથી. કારણ કે ગર્ભાશયની ગરમીના કારણે ગર્ભ રહી શકતો જ નથી. ગરમીના ઉદાહરણમાં કુરુમતી નામનાં સ્ત્રીરત્નનો સ્પર્શ થતાં લોહનું પૂતળું પણ દ્રવીભૂત થઈ ગયું હતું તે દાખલો અતિ પ્રસિદ્ધ છે.

॥ ઈતિ પંચેન્દ્રિયરત્નાનિ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

63

चक्रवर्तीनां नवनिधान = नवनिधि

☞ આ ચક્રવર્તીની નવનિધિઓ શાશ્વત છે અને તે ગંગાનદીના કિનારે ભૂગર્ભમાં હોય છે. ચક્રવર્તી પોતાની ષટખંડની દિગ્વિજયની યાત્રાના અંતે તેની (આ નવનિધિઓની) સાધના કરીને મેળવે છે. ત્યારે તે ચક્રવર્તીની પાછળ ભૂગર્ભમાં ચાલતી ચાલતી આવે છે અને ચક્રવર્તીના શ્રીઘરમાં તેનું મુખ આવે છે અને આ નવનિધિની ૯ પેટીઓ ભૂગર્ભમાં નગર બહાર જ હોય છે. કારણ કે, આ ૧-૧ નિધિઓ ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી તેમજ ૮ યોજન ઉંચી અને ૮ ચક્ર રૂપી પૈડા ઉપર રહેલ હોય છે.

☞ (૧) **नैसर्पनिधि :** ખાણ, ગ્રામ, નગર અને પાટણની સ્થાપના, મંડબકો, દ્રોણમુખી, સ્કંધાવાર (છાવણી) હાટ અને ઘરોની સ્થાપનાનો સર્વ વિષય તથા હાલ જે વાસ્તુશાસ્ત્રમાં દેખાય છે, તે તે સંબંધિ સર્વ પુસ્તકો આ નૈસર્પ નામના પ્રથમનિધિમાં હોય છે. ☞ (૨) **पांडुकनिधि :** ધન, સૌનેયા અને નાળીયેળાદિ જે ગણાય, મુક્તા વગેરેના ઢગ જે ઉદ્ભવતી વખતે પરીક્ષા કરીને લેવાય, ધાન્ય કે જે પ્રસ્થાદિ વડે મપાય, ગોળ વગેરે જે તોલાય, તે સર્વનું પ્રમાણ તેવા પ્રકારનું માનોન્માન અને વાવવા લાયક શાલ્યાદિ અનેક પ્રકારનાં ધાન્ય બીજાદિ તેમજ અનેક પ્રકારે ઉત્પત્તિની પદ્ધતિ બીજા પાંડુકનિધિમાં હોય છે. ☞ (૩) **पिंगलकनिधि :** સ્ત્રી-પુરુષોને ઉચિત તેમજ અશ્વ અને ગજને ઉચિત સર્વ પ્રકારના આભરણો સંબંધિ વિધિઓ ત્રીજા પિંગલક નામના નિધિમાં બતાવેલ છે. ☞ (૪) **सर्वरत्ननिधि :** ચક્રવર્તીના ૧૪ રત્નો વગેરે અને તેની ઉત્પત્તિ સર્વરત્ન નામક નિધિમાં બતાવેલ છે. ☞ (૫) **महापद्मनिधिः** સર્વ પ્રકારના વસ્ત્રોની ઉત્પત્તિ તેમજ તેમને રંગવા વગેરેની રચના અને ધોવા વગેરેની વિધિ પાંચમા મહાપદ્મ નામક નિધિમાં બતાવેલ છે. ☞ (૬) **काळनिधि :** આમાં કાળ જ્ઞાન કે જે જ્યોતિષશાસ્ત્રાનુબંધી છે તથા અરિહંત-ચક્રવર્તી-બલદેવ-વાસુદેવ વગેરેના વંશો તે તે વંશોમાં ભૂત-વર્તમાન અને ભવિષ્યકાળને લાગતું જે શુભાશુભ હોય છે તે તેમજ કૃષિ વાણિજ્યાદિ કર્મ અને ૧૦૦ શિલ્પાદિ તે સર્વ સ્થિતિ આ કાળ નામક નિધિમાં બતાવેલ છે. ☞ (૭) **महाकाळनिधि :** અનેક પ્રકારના લોહની, રુપાની,સ્વર્ણની, સૂર્યકાંત-ચંદ્રકાંતાદિ મણિયોની, મોતીની, સ્ફટિકની અને પ્રવાલાદિકની ખાણોની ઉત્પત્તિ આ મહાકાળ નામક નિધિમાં બતાવેલ છે... ☞ (૮) **मानवकनिधि :** ખડ્ગ અને ભાલાદિ શસ્ત્રોની અને નાના પ્રકારે બખ્તરોની ઉત્પત્તિ, યુદ્ધ નીતિ અને ઉત્તમવ્યૂહરચના વગેરે તેમજ સામ-દામાદિ વિવિધ દંડનીતિ તથા હક્કારાદિ સર્વનીતિઓ માનવક નામે નિધિમાં જણાવેલ છે. ☞ (૯) **शंखनिधि (महाशंखनिधि) :** સર્વે નાટ્ય કરવાના પ્રકારની, અભિનય પ્રબંધવાળા નાટકના અનેક પ્રકારોની, ૪ પ્રકારના કાવ્યની અને અનેક પ્રકારના વાજિંત્રોની વિધિ એમવિવિધ પ્રકારની ઉત્પત્તિ... શંખ નામના મહાનિધિમાં બતાવેલ છે. આ પ્રમાણે ચક્રવર્તીને પોતાના પરમ પુણ્યોદયે મનુષ્ય જાતિ અને માનવ સ્વભાવને ઉપયોગી તમામ સાધન-સામગ્રી આ ૯ નિધિઓ દ્વારા પ્રાપ્ત થઈ જાય છે.


☞ આ નવે નિધિઓ સુવર્ણની હોય છે તેમજ વિવિધ રત્નોથી પરિપૂર્ણ હોય છે. સુંદર રચનાથી રમણીય અને વૈડુર્યરત્નોથી બનાવેલાં એવાં તેના કપાટો હોય છે. આ નિધિઓના અધિષ્ઠાતા દેવો નિધિના સમાન નામવાળા તેમજ પલ્યોપમના આયુષ્યવાળા નાગકુમારનિકાયના મહર્દ્ધિક દેવો હોય છે.

☞ ઉપરોક્ત સર્વ હકીકત તે લોકોત્તર નિધિઓ માટે જાણવી. કારણ કે લૌકિક નવનિધિઓ આ પ્રમાણે છે. (૧) **મહાપદ્મ,** (૨) **પદ્મ,** (૩) **શંખ,** (૪) **મકર,** (૫) **કચ્છપ,** (૬) **મુકુંદ,** (૭) **કુંદ,** (૮) **નીલ અને** (૯) **ચર્ચ.**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ વાસુદેવનાં ૭ રત્નો... ॥


૧. ચક્રરત્ન



૨. ખડ્ગરત્ન




૩. મણિરત્ન






૪. શાર્ંગ ધનુષ્ય






૫. ગદારત્ન



૬. અમ્લાન વનમાલા



૭. પાંચજન્ય શંખરત્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસુદેવના ૭ રત્નો અને કોટિશિલા

65

☞ હવે યુદ્ધશુરા-વાસુદેવોને જે ૭ રત્નો હોય છે તે કહેવાય છે[1].

☞ (૧)**સુદર્શનચક્ર,** (૨) **નંદક** નામનું ખડ્ગ અને (૩) **મણિ** આ ત્રણે રત્નોનું વર્ણન પૂર્વમાં આપેલ ચક્રવર્તીના ૧૪ રત્નોમાં આવી ગયેલ હોવાથી બાકીનાં ૪ રત્નો કહેવાય છે.

☞ (૪) **ધનુષ્યરત્ન :** આ શાર્ંગ ધનુષ્ય નામનું શસ્ત્ર જાણવું. આ ધનુષ્ય બીજા અન્ય કોઈથી પણ ઉપાડી ન શકાય તેવું મહાભારે હોય છે માત્ર વાસુદેવો જ આને ઉપાડી શકે છે તેમજ અદ્‌ભુત શક્તિવાળુ જેના ટંકરાવ માત્રથી જ શત્રુસૈન્ય ત્રાસીને પલાયન થઈ જાય એવું હોય છે.

☞ (૫) **ગદા :** આ ગદા ચક્રીના દંડરત્ન જેવી મહાપ્રભાવશાળી હોય છે તેમજ બીજા કોઈથી પણ ઉપાડી ન શકાય તેવી, વળી અભિમાની એવા વેરીયો (શત્રુઓ)ના ભુજાના બળને (મદને) તોડી નાંખનારી ને બળીષ્ટ હોય છે.

☞ (૬) **વનમાલા :** આ વનમાલા નામની માલા વાસુદેવની છાતી ઉપર સદાએ લટકેલી જ હોય છે. વળી, આ માળા ક્યારેય પણ કરમાતી નથી. આ માળા સર્વ ઋતુઓના પુષ્પોથી સુંદર તથા અત્યંત સુગંધિત હોય છે તેમજ આ માળા દેવાધિષ્ઠિત હોય છે.

☞ (૭) **શંખ :** આ પાંચજન્ય શંખને વાસુદેવ સિવાય (તીર્થંકર વર્જી) બીજો કોઈ જ વગાડી શકે નહિ. તેનો આવાજ થતાં શત્રુ સૈન્ય ભયભીત બની સર્વત્ર ભાગી જાય છે. આ શંખનો આવાજ ૧૨ યોજન સુધી સંભળાય છે. આ પ્રમાણે સદાય દેવાધિષ્ઠિત સાતે રત્નો વાસુદેવને હોય છે (અને બળદેવને ત્રણ રત્નો હોય છે. તે જેમકે : (૧) ધનુષ્યરત્ન, (૨) હળ, (૩) મૂશળ...)


કોટિશિલા વિશે જાણવા જેવું

☞ જેમ ચક્રવર્તી ષટ્‌ખંડવિજય દરમ્યાન ઋષભકૂટ ઉપર સ્વનામ અંકિત કરે છે ત્યારે તેને ખાત્રી થાય છે કે હું ચક્રવર્તી થઈ ગયો છું. તેમજ વાસુદેવોને પણ હું પોતે વાસુદેવ છું તે ખાત્રી આ નીચે કહેવાતી **કોટિશિલા** ઉપાડવાથી કરે છે. તે મેઘના જેમ અતિશય શ્યામ અને સ્નિગ્ધ વર્ણવાળી તેમજ દેવતાઓના સમૂહથી અધિષ્ઠિત એવી ૧ યોજન લાંબી-પહોળી અને ઊંચી એવી શાશ્વતી દક્ષિણાર્ધ ભરતે સિંધુ દેશના દશાર્ણ પર્વતની બાજુમાં છે. તે કોટિશિલાને વાસુદેવોમાં પ્રથમ વાસુદેવ ઊંચા કરેલા ડાબા હાથના અગ્ર ભાગ સુધી ઉપાડે છે. બીજો વાસુદેવ મસ્તક સુધી, ત્રીજો વાસુદેવ કંઠ સુધી, ચોથો વાસુદેવ વક્ષઃસ્થલ સુધી, પાંચમો વાસુદેવ જઠર સુધી, છઠ્ઠો વાસુદેવ કટિતટ સુધી, સાતમો વાસુદેવ ઉરુપ્રદેશ સુધી, આઠમો વાસુદેવ જાનુ સુધી અને નવમો વાસુદેવ જાનુથી કંઈક નીચે સુધી ઉપાડે છે. આ ક્રમ અવસર્પિણીના ૯ વાસુદેવો માટે જાણવો અને ઉત્સર્પિણીમાં આનાથી વિપરીત ક્રમ જાણવો.

☞ આ કોટિશિલાનું બીજું નામ **"સિદ્ધશિલા"** પણ છે કારણ કે, આ કોટિશિલા ઉપર સોળમા શ્રી શાંતિનાથ તીર્થંકર પ્રભુના ચક્રાયુધ નામે ગણધર અનેક મુનિવરો સાથે સિદ્ધિપદને વર્યા છે. વળી તેમની ૩૨ પાટ પરંપરા સુધી સંખ્યાતા ક્રોડો મુનિયો પણ અહીંથી જ મોક્ષે ગયા છે. ત્યારબાદ શ્રી કુંથુનાથ ભગવાનના મુખ્ય ગણધર અને તેમની ૨૮ પાટ પરંપરા સહિત સંખ્યાતા ક્રોડો મુનિઓ, શ્રી અરનાથ ભગવાનના મુખ્ય ગણધર અને તેમની ૨૪ પાટ પરંપરા સુધી ૧૨ ક્રોડ મુનિઓ, શ્રી મલ્લિનાથ ભગવાનના મુખ્ય ગણધર અને તેમની ૨૦ પાટ પરંપરા સુધી ૯ ક્રોડ મુનિઓ, શ્રી મુનિસુવ્રતસ્વામિના તીર્થમાં ૩ ક્રોડ મુનિઓ અને શ્રી નેમિનાથ પ્રભુના તીર્થમાં ૧ ક્રોડ મુનિઓ... આ જ કોટિશિલા ઉપરથી સિદ્ધ થયા છે માટે જ આ કોટિશિલાનું બીજું નામ **"સિદ્ધશિલા"** પણ કહેવાય છે.

(કાલલોકપ્રકાશ / સર્ગ-૩૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ગૌતમાદિ ૧૧ ગણધર...



આનંદાદિ ૧૦ મહાશ્રાવક...





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

66

શ્રી વીરપ્રભુના ૧૧ ગણધરોનું કોષ્ટક

ક્રમ	ગણધર નામ[1]	નગર નામ[2]	પિતાશ્રી નામ[3]	માતાશ્રી નામ[4]	જન્મ નક્ષત્ર[5]	ગૃહસ્થ પણે	છદ્મસ્થ પણે[6]	કેવલી[7]	સર્વાયુ[8]	પરિવાર (શિષ્યનો)	ગોત્ર[9]
૧	ઈન્દ્રભૂતિ	ગોબર	વસુભુતિ	પૃથ્વી	જ્યેષ્ઠા	૫૦	૩૦	૧૨	૯૨	૫૦૦	ગૌતમ
૨	અગ્નિભૂતિ	ગોબર	વસુભુતિ	પૃથ્વી	કૃત્તિકા	૪૬	૧૨	૧૬	૮૪	૫૦૦	ગૌતમ
૩	વાયુભૂતિ	ગોબર	વસુભુતિ	પૃથ્વી	સ્વાતિ	૪૨	૧૦	૧૮	૭૦	૫૦૦	ગૌતમ
૪	વ્યક્ત	કોલ્લાક સંનિવેશ	ધનમિત્ર	વારુણી	શ્રવણ	૫૦	૧૨	૧૮	૮૦	૫૦૦	ભારદ્વાજ
૫	સુધર્મા	કોલ્લાક સંનિવેશ	ધમ્મિલ	ભદ્દીલા	ઉત્તરા ફાલ્ગુની	૫૦	૪૨	૮	૧૦૦	૫૦૦	અગ્નિવૈશ્ય
૬	મંડિતપુત્ર	મૌર્ય સંનિવેશ	ધનદેવ	વિજયા	મઘા	૫૩	૧૪	૧૬	૮૩	૩૫૦	વાશિષ્ઠ
૭	મૌર્યપુત્ર	મૌર્ય સંનિવેશ	મૌર્ય	વિજયા	રોહિણી	૬૫	૧૪	૧૬	૬૫	૩૫૦	કાશ્યપ
૮	અકંપિત	મિથિલા	દેવ	જયંતિ	ઉત્તરાષાઢા	૪૮	૯	૨૧	૭૮	૩૦૦	ગૌતમ
૯	અચલભ્રાતા	કોશલા	વસુ	નંદા	મૃગશીર્ષ	૪૬	૧૨	૧૪	૭૨	૩૦૦	હરિયાતન
૧૦	મેતાર્ય	તુંગિક સંનિવેશ	દત્ત	વરુણદેવી	અશ્વિની	૩૬	૧૦	૧૬	૬૨	૩૦૦	કૌડિન
૧૧	પ્રભાસ	રાજગૃહી	બલ	અતિભદ્ર	પુષ્ય	૧૬	૮	૧૬	૪૦	૩૦૦	કૌડિન

પ્રભુ મહાવીરના ૧૦ મહાશ્રાવક અને તેમની સામાન્ય વિગત...

ક્રમ	શ્રાવકનાં નામો[1]	નગર નામ[2]	શ્રાવિકા (પત્ની) નામ[3]	ગાયોની સંખ્યા[4]	ધનની સંખ્યા[5]	ઉપસર્ગ[6]	(શેમાં ગયા) વિમાનોત્પત્તિ...
૧	આનંદ	વાણિજય ગ્રામ	શિવાનંદા	૪૦,૦૦૦	૧૨ કોડ સોનૈયા	અવધિજ્ઞાનનો	અરુણ
૨	કામદેવ	ચંપાનગરી	ભદ્રા	૬૦,૦૦૦	૧૮ કોડ સોનૈયા	પિશાચાદિ-૩	અરુણનાભ
૩	ચુલણી પિતા	વારાણસી	શ્યામા	૬૦,૦૦૦	૨૪ કોડ સોનૈયા	ભદ્રામાતાનો	અરુણપ્રભ
૪	સુરદેવ	વારાણસી	ધન્ના	૬૦,૦૦૦	૧૮ કોડ સોનૈયા	૧૬ રોગોનો	અરુણકાંત
૫	ચુલણીશતક	આલંભિકા	બહુલા	૬૦,૦૦૦	૧૮ કોડ સોનૈયા	સ્ત્રીનો	અરુણારિષ્ટ
૬	કુંડકોલીક	કંપિલપુર	પુંસા	૬૦,૦૦૦	૧૮ કોડ સોનૈયા	ધર્મચર્યાનો	અરુણજ
૭	સદ્દાલ પુત્ર	પોલાસપુર	અગ્નિમિત્રા	૧૦,૦૦૦	૩ કોડ સોનૈયા	સ્ત્રી ઘાતનો	અરુણભુત
૮	મહાશતક	રાજગૃહી	રેવતિ આદિ ૧૩	૮૦,૦૦૦	૨૪ કોડ સોનૈયા	રેવતિ સ્ત્રીનો	અરુણાવતંસક
૯	નંદીની પિતા	શ્રાવસ્તિ	અશ્વની	૪૦,૦૦૦	૧૨ કોડ સોનૈયા	ઉપસર્ગ નથી	અરુણગર્વ
૧૦	સાલિહી પિતા	શ્રાવસ્તિ	ફાલ્ગુની	૪૦,૦૦૦	૧૨ કોડ સોનૈયા	ઉપસર્ગ નથી	અરુણકિલ

❖ **ભાવશ્રાવકના ૧૭ પ્રકારે લક્ષણા :** (૧) સ્ત્રીત્યાગના પરિણામવાળો, (૨) ઈન્દ્રિયનિરોધક, (૩) અર્થને અસાર માને, (૪) સંસારને વિટંબના જાણે, (૫) વિષયોને કિંપાકના ફળ જેવા માને, (૬) તીવ્રારંભ કરે નહીં, (૭) ગૃહવાસને જેલ માને, (૮) સુગુરુની ભક્તિથી દર્શનશુદ્ધિ કરે, (૯) ગાડરીયા પ્રવાહમાં તણાય નહીં, (૧૦) શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરે, (૧૧) યથાશક્તિ દાનાદિ ધર્મ સેવે, (૧૨) ધર્મ કરવામાં શરમાય નહીં, (૧૩) રાગ-દ્વેષ ઊભાં ન કરે, (૧૪) મધ્યસ્થ, (૧૫) સર્વ પદાર્થમાં ક્ષણિકતા વિચારે, (૧૬) વિરક્ત થઈ વિષયો ભોગવે અને (૧૭) વેશ્યાની જેમ ગૃહવાસનું પાલન કરે....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંદીશ્વરદ્વીપ

દરેક અંજનગિરિની ૪ વાવડી, દરેક વાવડીઓમાં દધિમુખ પર્વત, તેમજ દરેક વાવડીઓના આંતરે ૨-૨ રતિકર પર્વત... એ સર્વની ઉપર એકેક ચૈત્ય મળીને એક દિશામાં ૧૩ ચૈત્ય ગણતાં ચારે દિશામાં પર ચૈત્યો થાય છે.

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

નંદીશ્વરદ્વીપ

67

☞ નંદી=સમૃદ્ધિ વડે ઈસર=વૈભવવાળો દ્વીપતો જે દ્વીપ તે **નંદીશ્વરદ્વીપ** તેના પૂર્વાર્ધનો અધિપતિ કૈલાસદેવ અને પશ્ચિમાર્ધનો અધિપતિ હરિવાહનદેવ છે. એ દેવોની વિજયદેવ સરખી રાજધાની બીજા નંદીશ્વરદ્વીપમાં છે. આ દ્વીપની પહોળાઈ ૧,૬૩,૮૪,૦૦,૦૦૦ (એકસો ત્રેસઠ ક્રોડ ચોરાશી લાખ) યોજન છે. એ દ્વીપના અતિ મધ્યભાગે ચાર દિશામાં અંજનવર્ણના શ્યામવર્ણી **૪ અંજનગિરિ** નામના ૪ પર્વતો ભૂમિથી ૮૪,૦૦૦ યોજન ઊંચા અને ૧,૦૦૦ યોજન ભૂમિમાં ઊંડા છે તથા ૧૦,૦૦૦ યોજન ભૂમિસ્થાને વિસ્તારવાળા અને શિખર ઉપર ૧,૦૦૦ યોજન વિસ્તારવાળા છે. (મતાન્તરે ભૂમિસ્થાને ૯,૪૦૦ યોજન વિસ્તારવાળા પણ કહ્યા છે) એ ચાર અંજનગિરિ ઉપર એકેક મળીનો કુલ ચાર જિનભવન છે.

(इति ४ अंजनगिरिजिनचैत्यानि)

☞ એ દરેક અંજનગિરિની ૪ દિશાએ લાખ-લાખ યોજન દૂર ગયે લાખ યોજનની લાંબી-પહોળી (મતાન્તરે લાખ યોજન લાંબી-૫૦,૦૦૦ યોજન પહોળી) અને ૧૦ યોજન ઊંડી (મતાન્તરે ૧૦૦ યોજન ઊંડી.) ૪-૪ વાવડીઓ મળીને ૧૬ વાવડીઓ છે. તે દરેક વાવડીની પણ ચાર દિશાએ ૫૦૦ યોજન દૂર ગયે ૫૦૦ યોજન પહોળું અને ૧ લાખ યોજન લાંબુ એવું ૧-૧ વન હોવાથી ૬૪ વન છે તથા એ ૧૬ વાવડીમાં દરેકના મધ્યભાગે ઉજ્જ્વલ વર્ણનો સ્ફટિક રત્નનો ૬૪,૦૦૦ યોજન ઊંચો, ૧,૦૦૦ યોજન ભૂમિમાં ઊંડો, મૂળમાં તથા શિખરતળે ૧૦,૦૦૦ યોજન લાંબો-પહોળો વર્તુલ આકારનો ધાન્યના પાલા સરખો એકેક દધિમુખ પર્વત હોવાથી સર્વ મળી **૧૬ દધિમુખ** પર્વતો છે. તે દરેક ઉપર પણ ૧-૧ શાશ્વત જિનચૈત્ય હોવાથી ૧૬ ચૈત્ય દધિમુખ પર્વતોમાં ગણાય છે.

(इति १६ दधिमुखपर्वतजिनचैत्यानि)

☞ તથા દરેક અંજનગિરિને ફરતી ચાર વાવડીઓના ૪ આંતરામાં દરેકમાં ૨-૨ રતિકર પર્વત હોવાથી ચારે અંજનગિરિને ફરતા સર્વ મળીને **૩૨ રતિકર** પર્વત છે. તે પદ્મરાગ મણિના (અથવા સુવર્ણના) છે. એ દરેક ઉપર એકેક શાશ્વત જિનચૈત્ય હોવાથી ૩૨ જિન ચૈત્ય છે.

(इति ३२ रतिकरगिरिजिनचैत्यानि)

એ પ્રમાણે (૪ + ૧૬ + ૩૨) = **૫૨** જિનચૈત્યો નંદીશ્વરદ્વીપમાં કહેલાં તે સર્વે ચૈત્યો સિંહનિષાદી આકારનાં છે. એટલે ૧ બાજુ નીચા અને બીજી બાજુ અનુક્રમે ઊંચા થતાં થતાં યાવત્ ૭૨ યોજન ઊંચા થયેલાં છે તથા ઈષુકારાદિ ઉપરના જિનચૈત્યોથી બમણા પ્રમાણવાળા હોવાથી ૧,૦૦૦ યોજન દીર્ઘ, ૫૦ યોજન પહોળાં તેમજ ૭૨ યોજન ઊંચાં છે.

॥ નંદીશ્વરદ્વીપમાં વિમાન સંક્ષેપ ॥


☞ શ્રી જિનેશ્વરોના કલ્યાણક પ્રસંગે સૌધર્મેન્દ્ર વગેરે ઈન્દ્રો જે પાલકાદિ નામના લાખ યોજનના પ્રમાણના પ્રયાણ વિમાનમાં બેસીને આવે છે, તે વિમાનોને સર્વે ઈન્દ્રો અહીં નંદીશ્વરદ્વીપ ઉપર જ સંક્ષેપ કરીને (ન્હાના બનાવીને) ભરતાદિ ક્ષેત્રોમાં આવે છે.

॥ નંદીશ્વરદ્વીપમાં ઇન્દ્રકૃત અઠ્ઠાઈ મહોત્સવ ॥

☞ દરેક વર્ષના પર્યુષણપર્વ, ત્રણ ચાતુર્માસિક પર્વ તથા શ્રી સિદ્ધચક્રારાધના પર્વ (નવપદજી શાશ્વતી અઠ્ઠાઈ) વગેરે પ્રસંગોમાં તથા શ્રી જિનેશ્વરોના જન્માદિક કલ્યાણક મહોત્સવ કરીને પાછા વળતી વખતે ઈન્દ્રો આ નંદીશ્વરદ્વીપમાં આવી મહોત્સવ કરે છે, ત્યાં પૂર્વદિશાના અંજનગિરિ ઉપર સૌધર્મેન્દ્ર અને ૪ દધિમુખ પર્વત ઉપર એના જ ૪ લોકપાલ દેવો અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. ઉત્તરદિશિના અંજનગિરિ ઉપર ઈશાનેન્દ્ર અને ૪ દધિમુખ પર્વતો ઉપર એના જ ૪ લોકપાલ દેવો અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. દક્ષિણ અંજનગિરિ ઉપર ચમરેન્દ્ર અને ૪ દધિમુખ પર્વતો ઉપર એના જ ૪ લોકપાલ દેવો અઠ્ઠાઈ મહોત્સવ કરે છે તેમજ પશ્ચિમઅંજનગિરિ ઉપર બલિન્દ્ર અને પશ્ચિમના ૪ દધિમુખપર્વતો પર એના જ ૪ લોકપાલ દેવો અઠ્ઠાઈ મહોત્સવ કરે છે... તેમ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮ મા નંદીશ્વરદ્વીપમાં ચાર દિશાએ ૪ અંજનગિરિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંદીશ્વરદ્વીપમાં રહેલ.... અંજનગિરિ પર્વત... 68

☞ જંબૂદ્વીપથી લઈ ૮મા (આઠમા) નંદીશ્વરદ્વીપના મધ્યભાગે જાતિમાન્ અંજનરત્નમય ૪ અંજનગિરિ પર્વતો શોભી રહ્યા છે... તે અનુક્રમે પૂર્વદિશામાં **"દેવરમણ"** નામનો, દક્ષિણ દિશામાં **"નિત્યોદ્યોત"** નામનો, પશ્ચિમ દિશામાં **"સ્વયંપ્રભ"** નામનો અને ઉત્તર દિશામાં **"રમણીયક"** નામનો અંજનગિરિ છે.

સ્વચ્છ ગોપુચ્છના આકારે રહેલા રજ અને મળથી રહિત ગગનોત્તુંગ શિખરોને ધારણ કરતા અતિ તેજસ્વી એવા આ પર્વતો પૃથ્વીથી ૮૪,૦૦૦ યોજન ઊંચા છે. જ્યારે પૃથ્વીની અંદર ૧,૦૦૦ યોજન અવગાઢ થયેલા છે તેમજ પૃથ્વીની સપાટી ઉપર ૧૦,૦૦૦ યોજન પહોળા અને શિખર પર ૧,૦૦૦ યોજન પહોળા છે.

☞ **(મતાંતર...)**

☞ આ અંજનગિરિ પર્વતો પૃથ્વીતલ ઉપર ૯,૪૦૦ યોજન પહોળા છે અને ઉપર ૧,૦૦૦ યોજન પહોળા છે. **"ઠાણાંગસૂત્ર"**ની **વૃત્તિ**માં આ અંજનપર્વતો મૂળમાં ૧૦,૦૦૦ યોજનના વિષ્કંભવાળા કહ્યા છે[1]. **"દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ"**ની સંગ્રહણીમાં ૯,૪૦૦ યોજનનો અંજનગિરિના ધરણીતલના ઉપરનો વિષ્કંભ હોય છે...[2] તેમ કહ્યું છે. (એવી રીતે અન્ય પણ મતાંતર આવે છે.... तत्त्वं तु केवलिगम्यम्)

હવે જેના મતે પૃથ્વીતલ ઉપર ૧૦,૦૦૦ યોજન વિસ્તૃતિ છે તેમને દરેક યોજને-યોજને ક્ષય-વૃદ્ધિ થાય છે અને તે આ મુજબ કે ઉપર ચઢતા યોજને-યોજને $\frac{3}{22}$ યોજનનો ક્ષય થાય છે અને જ્યારે નીચે ઉતરતાં એટલી જ $\frac{3}{22}$ યોજનની વૃદ્ધિ થતી જાય છે.

આ પર્વતોની ભૂતલ ઉપરની પરિધિ ૩૧,૬૨૩ યોજનની હોય છે અને આ પર્વતોની શિખર ઉપરની પરિધિ ૩,૧૬૨ યોજનથી કાંઈક અધિક છે. હવે આ દરેક અંજન પર્વતોની ચારેબાજુ ૧-૧ લાખ યોજન દૂર ચાર પુષ્કરિણી વાવડીઓ છે. તે ચારેય ૧ લાખ યોજન લાંબી + પહોળી અને ૧૦ યોજન ઊંડી છે અને મત્સ્ય વગરના સ્વચ્છ પાણીના ઉછળતા કલ્લોલથી શોભાયમાન છે...

☞ **શ્રી જીવાભિગમસૂત્રની ટીકા**માં તથા **પ્રવચનસારોદ્ધાર ટીકા**માં વાવડીયોની ઊંડાઈ ૧૦ યોજન કહેલી છે. જ્યારે **શ્રી નંદીશ્વર સ્તોત્ર** તથા **શ્રી નંદીશ્વર કલ્પ**માં આ વાવડીઓની ઊંડાઈ ૧,૦૦૦ યોજનની કહેલી છે તેમજ **શ્રી સ્થાનાંગસૂત્ર**માં કહેવાયું છે કે, તે નંદા આદિ પુષ્કરિણીઓ ૧ લાખ યોજન લાંબી, ૫૦,૦૦૦ યોજન પહોળી અને ૧,૦૦૦ યોજન ઊંડી છે[3]... આમાં સાચું શું ? તે તો સર્વવિદો જ જાણે...

☞ હવે આ ૪ અંજનગિરિના નામો અને પૂર્વાદિ ક્રમે રહેલ ચારે દિશામાં વાવડીઓના નામો જણાવાય છે.

(૧) **દેવરમણ** નામે અંજનગિરિમાં - (૧) નંદિષેણ (૨) અમોઘા (૩)ગોસ્તૂપા (૪) સુદર્શના નામક વાવડી...

(૨) **નિત્યોદ્યોત** નામે અંજનગિરિમાં - (૧) નંદોત્તરા (૨) નંદા (૩) સુનન્દા (૪) નંદિવર્ધના નામક વાવડી...


(૩) **સ્વયંપ્રભ** નામે અંજનગિરિમાં - (૧) ભદ્રા (૨) વિશાલા (૩) કુમુદા (૪) પુણ્ડરિકીણી નામક વાવડી...

(૪) **રમણીયક** નામે અંજનગિરિમાં - (૧) વિજયા (૨) વૈજયન્તી (૩) જયન્તી (૪) અપરાજીતા નામક વાવડીઓ છે[4]...

☞ આ ૧૬ વાવડીઓના મધ્યભાગમાં... ૧૬ દધિમુખ પર્વતો આવેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિ દક્ષિણદિશામાં ૪ લોકપાલના નામવાળા ૪ પર્વતોની દરેકની ૪ દિશાએ ૪-૪ રાજધાનીઓ મળી ૧૬ રાજધાની સૌધર્મેન્દ્રના ૪ લોકપાલની છે. એ રીતે જ ઉત્તરદિશામાં આવેલ ઈશાનેન્દ્રના ૪ લોકપાલની ૧૬ રાજધાની છે.



આ કુંડલગિરિ ૪૨,૦૦૦ યોજન ઊંચો, ૧,૦૦૦ યોજન ભૂમિમાં અને સિંહનિષાદિના આકારે વલયાકારે છે તેમ જાણવું...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુંડલદ્વીપની વિશેષ જાણકારી... 69

☞ નંદીશ્વરદ્વીપ એ આઠમો દ્વીપ છે, ત્યારબાદ નવમો અરુણદ્વીપ અને દશમો અરુણોપપાતદ્વીપ આવે છે અને ત્યારબાદ અગ્યારમો આ કુંડલદ્વીપ આવે છે તેમજ આ દ્વીપની અંદર અતિમધ્યભાગે કુંડલગિરિ નામનો પર્વત છે, જે માનુષોત્તર પર્વતની જેમ જ રહેલો છે. તે ૪૨,૦૦૦ યોજન ઊંચો છે અને ૧,૦૦૦ યોજન ભૂમિમાં મગ્ન છે.મૂલ-મધ્ય તથા ઉપરમાં આ પર્વત માનુષોત્તર પર્વતની જેમ જ વિસ્તૃત છે. (એટલે મૂળમાં ૧,૦૨૨ યોજન, મધ્યમાં ૭૨૩ યોજન અને ઉપરના ભાગે ૪૨૪ યોજન.)

આ કુંડલગિરિ પર્વત ઉપર ચારે દિશામાં ૪ દ્વારવાળા એવા ૪ જિનાલયો છે. જે ચતુર્ગતિ સંસારરૂપ અરણ્યમાં ભ્રાંત થયેલ જીવો માટે વિશ્રામ સ્થલ સમાન છે. આ બધાય ચૈત્યોનું સ્વરૂપ નંદીશ્વરદ્વીપની અંદર રહેલા પર્વતો ઉપરના જિનાલયો સમાન છે.


☞ આ પર્વતથી અભ્યંતર ભાગમાં દક્ષિણ અને ઉત્તર દિશામાં ૪-૪ પર્વતો છે. જેના નામ સોમપ્રભ-યમપ્રભ-વૈશ્રમણપ્રભ અને વરુણપ્રભ છે. આ આઠે પર્વતોની આકૃતિ રતિકર પર્વતની સમાન છે. આ ૧-૧ પર્વતની ચારે દિશામાં મળીને કુલ ૩૨ રાજધાનીઓ છે, જે જંબૂદ્વીપની જેટલી લાંબી ચોડી (પહોળી) છે. આ પર્વતોમાંથી **સોમપ્રભ** પર્વતની પૂર્વાદિ - ૪ દિશામાં રહેલી (૧) સોમા, (૨) સોમપ્રભા, (૩) શિવપ્રાકારા અને (૪) નલિના નામક રાજધાનીઓ છે. બીજા નંબરે **યમપ્રભ** પર્વતની ચારે દિશામાં (૧) વિશાલા, (૨) અતિવિશાલા, (૩) શય્યાપ્રભા તથા (૪) અમૃતા નામક રાજધાનીઓ છે. ત્રીજા નંબરે **વૈશ્રમણપ્રભ** પર્વતની ચારે દિશામાં (૧) અચલનદ્ધા, (૨) સમકૂવસા, (૩) કુબેરિકા અને (૪) ધનપ્રભા નામક રાજધાનીઓ છે અને ચોથા નંબરે **વરુણપ્રભ** પર્વતની ચારે દિશામાં (૧) વરુણા, (૨) વરુણપ્રભા, (૩) કુમુદા અને (૪) પુણ્ડરિકીણી નામક રાજધાનીઓ આવેલી છે.

દક્ષિણ દિશા તરફ રહેલી જે આ ૧૬ નગરીઓ છે, તે સૌધર્મેન્દ્રના ૪ લોકપાલો સંબંધી છે. તે જ રીતે ઉત્તર દિશા તરફ રહેલી જે ૧૬ નગરીઓ છે, તે ઈશાનેન્દ્રના ૪ લોકપાલો સંબંધી છે. આ પ્રમાણે **"દ્વીપસાગર પ્રજ્ઞપ્તિની સંગ્રહણી"**માં કહ્યું છે.[1]

☞ આ કુંડલગિરિ ઉપર પૂર્વાદિ ક્રમથી ૪-૪ કૂટો આવેલા છે.. તે આ પ્રમાણે જાણવા... પૂર્વમાં (૧) વજ્રપ્રભ (૨) વજ્રસાર (૩) કણક (૪) કણક્કોત્તમ. દક્ષિણમાં (૧) રક્તપ્રભ (૨) રક્તધાતુ (૩) સુપ્રભ (૪) મહાપ્રભ. પશ્ચિમમાં - (૧) મણિપ્રભ (૨) મણિહિત (૩) રુચક (૪) એકવંતસક. ઉત્તરમાં - (૧) સ્ફટિક (૨) મહાસ્ફટિક (૩) હિમવાન (૪) મંદર. આ ૧૬ કૂટો ઉપર પલ્યોપમની સ્થિતિવાળા ૧૬ નાગકુમારો વસે છે... તેઓના નામો ઉપરોક્ત ક્રમ મુજબ (૧) ત્રિશીષ (૨) પંચશીષ (૩) સપ્તશીષ (૪) મહાભુજ (૫) પદ્મોત્તર (૬) પદ્મસેર (૭) મહાપદ્મ (૮) વાસુકી (૯) સ્થિરહૃદય (૧૦) મૃદુહૃદય (૧૧) શ્રીવત્સ (૧૨) સ્વસ્તિક (૧૩) સુંદરનામ (૧૪) વિશાલાક્ષ (૧૫) પાંડુરંગ અને (૧૬) પાંડુકેશી જાણવા. આ કૂટોની ઊંચાઈ-૫૦૦ યોજન, મૂળમાં વિસ્તાર-૫૦૦ યોજન, મધ્યમાં વિસ્તાર ૩૭૫ યોજન, શિખર પરનો વિસ્તાર-૨૫૦ યોજન તેમજ મૂળમાં પરિધિ ૧,૫૮૧ યોજનથી કાંઈક અધિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩ મા રુચકદ્વીપમાં ૪ જિનચૈત્ય અને ૪૦ દિક્કુમારીકા કૂટ...



આ રુચકગિરિ સિંહ નિષાદીના આકારનો છે અને તે ૮૪,૦૦૦ યોજન ઊંચો, ૧૦,૦૨૨ યોજનનો મૂળમાં વિસ્તાર, ૭,૦૨૩ યોજનનો મધ્ય વિસ્તાર વળી ૪,૦૨૪ યોજનનો શિખર વિસ્તારવાળો છે. તે શિખરના વિસ્તારના બહારના ચોથા હજારમાં (એટલે બાહ્ય રુચકાર્ધ તરફના ૧,૦૨૪ યોજનના મધ્યભાગમાં) ૪ દિશામાં ૪ ચૈત્ય (જિનભવન) અને અનુક્રમે ૩૬ દિક્કુમારી કૂટ છે તેમજ દ્વીપના અભ્યંતરાર્ધ ભાગમાં ૪ દિક્કુમારી કૂટ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રુચકદ્વીપ

70

☞ **રુચકદ્વીપ** ૧૧મો, ૧૩મો, ૧૫મો, ૧૮મો અને ૨૧મો પણ ગણાય છે. **દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ**માં ૧૧મો કહ્યો છે. **અનુયોગદ્વાર**માં ૧૩મો તથા અરુણદ્વીપથી ત્રિપ્રત્યાવતાર ગણતાં ૨૧મો કહ્યો છે. **જીવાજીવાભિગમ**માં અરુણદ્વીપ અને કુંડલદ્વીપને ત્રિપ્રત્યાવતાર જણાવી ૧૫મો ગણ્યો છે તથા અરુણોપપાત નહિ ગણીને અને નંદીશ્વરદ્વીપ પછી અરુણદ્વીપ અને શંખદ્વીપને ત્રિપ્રત્યાવતાર ગણાવી ૧૮મો રુચકદ્વીપ કહ્યો છે. આ પ્રમાણે રુચકદ્વીપનો ક્રમ જુદો-જુદો જણાવેલ છે.

☞ આ રુચકદ્વીપ ૧૦,૯૯,૫૧,૧૬,૨૭,૭૭૬ લાખ યોજન વિસ્તારવાળો છે. તેનાં મધ્યભાગમાં માનુષોત્તર પર્વત સમાન વલયાકારે **રુચકગિરિ** નામનો વિશાલ પર્વત છે. તે ૮૪,૦૦૦ યોજન ઊંચો જમીનમાં ૧,૦૦૦યોજન ઊંડો અને જમીન ઉપર ૧૦,૦૨૨ યોજનવાળો તથા શિખર ઉપર ૪,૦૨૪ યોજનના વિસ્તારવાળો છે. આ પર્વત ઊપર ચોથા હજારમાં એટલે બાહ્ય રુચકાર્ધ તરફના ૧,૦૨૪ યોજનના મધ્યભાગમાં ચારે દિશામાં ૧-૧ મળીને કુલ ૪ શ્રી જિનભવનો છે. તે ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા અને ૭૨ યોજન ઊંચા, ૪ દ્વારવાળા, નંદીશ્વરદ્વીપના જિનભવનના સમાન વર્ણનવાળા ૧૨૪ પ્રતિમાથી યુક્ત છે.

☞ વિશેષમાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાના જિનભવનની બંને બાજુ ૪-૪ કૂટ એટલે ૧ જિનભવનની બંને બાજુ થઈ કુલ ૮-૮ કૂટ હોવાથી ચારે દિશામાં લઈને ૩૨ કૂટ છે તથા વિદિશામાં (ખુણામાં) ૧-૧ હોવાથી તે ૪ મળીને કુલ ૩૬ કૂટો છે. તેના ઉપર પલ્યોપમની સ્થિતિવાળી ૩૬ દિક્કુમારીઓ વસે (રહે) છે. આ ૩૬ દિક્કુમારી ઉર્ધ્વ રુચકની કહેવાય છે. વળી અભ્યંતર રુચકાર્ધના મધ્યભાગમાં ચારે વિદિશામાં ૧-૧ કૂટ છે. તેની ઉપર પણ ૧-૧ મળીને ૪ દિક્કુમારીકા છે, જે મધ્યરુચકની દિક્કુમારી કહેવાય છે. આ ૪૦ દિક્કુમારીઓ શ્રી જિનેશ્વર પરમાત્માના જન્મકલ્યાણક પ્રસંગે આવે છે*....

☞ હવે આ રુચકગિરિમાં આવેલ પૂર્વાદિ દિશામાં જે ૩૨ કૂટો કહેવાયા છે, તેઓનાં નામો આ પ્રમાણે જાણવાં.

પૂર્વમાં - (૧) કણક (૨) કંચણગ (૩) તપન (૪) દિશાસ્વસ્તિક (૫) અરિષ્ઠ (૬) ચંદન (૭) અંજનમૂળ (૮) વજ્ર.

દક્ષિણમાં - (૧) સ્ફટિક (૨) રતન (૩) ભવના (૪) પદ્મ (૫) નલિન (૬) શશી (૭) વૈશ્રમણ (૮) વૈડુર્ય.

પશ્ચિમમાં - (૧) અમોઘ (૨) સુપ્રબુદ્ધ (૩) હિમવાન (૪) મંદિર (૫) કુંડલ (૬) રુચગોત્તર (૭) ચંદ્ર (૮) સુદર્શન.

ઉત્તરમાં - (૧) વિજય (૨) વૈજયંત (૩) જયંત (૪) અપરાજીત (૫) કુંડલ (૬) રુચક (૭) રત્નોચ્ચય (૮) સર્વરત્ન.

★ હવે આ ઉપરોક્ત કુટો ઉપર વસનારી દિક્કુમારીઓનાં નામો અને કાર્યો આ પ્રમાણે જાણવાં.

☞ પૂર્વ રુચકની ૮ = (૧) નંદોત્તરા (૨) નંદા (૩) સુનંદા (૪) નંદીવર્ધના (૫) વિજયા (૬) વૈજયંતી (૭) જયંતિ (૮) અપરાજીતા. આ ૮ દિક્કુમારીઓ શ્રી જિનેશ્વરના જન્મસમયે પ્રભુની આગળ દર્પણ ધરી ગાયન કરતી ઊભી રહે છે.

☞ દક્ષિણ રુચકની ૮ = (૧) સમાહારા (૨) સુપ્રદત્તા (૩) સુપ્રબુદ્ધા (૪) યશોધરા (૫) લક્ષ્મીવતી (૬) શેષવતી (૭) ચિત્રગુપ્તા (૮) વસુન્ધરા. આ ૮ દિક્કુમારી શ્રી જિનેશ્વરના આગળ કળશોમાં જળ ભરીને ગાયન કરતી ઊભી રહે છે.

☞ પશ્ચિમરુચકની ૮ = (૧) અલંબુસા (૨) મિશ્રકેશી (૩) પુંડરીકા (૪) વારુણી (૫) હાસા (૬) સર્વપ્રભા (૭) શ્રી અને (૮) હ્રી. આ ૮ દિક્કુમારી જિનેશ્વર પ્રભુની આગળ ચામર ઢાળતી ગાયન કરતી ઊભી રહે છે.


☞ વિદિશિ રુચકની ૪ = (૧) ચિત્રા (૨) ચિત્રકનકા (૩) તેજા (૪) સુદામિની. તેઓ પ્રભુ આગળ દીપક ધરી ગાયન કરતી ઊભી રહે છે.

☞ મધ્ય રુચકની ૪ = (૧) રૂપા (૨) રૂપાસિકા (૩) સુરૂપા (૪) રૂપવતી. તેઓ પ્રભુનું પ્રસૂતિકર્મને કરે છે.

☞ એ ઉપરાંત ઉર્ધ્વલોકની ૮ કુમારી... ૮ નંદનકુટમાં (મેરુપર્વતના નંદનવનમાં) અને અધોલોકની ૮ કુમારી... ગજદન્તાગિરિના ઉપર વસનારી હોવાથી... સર્વ મળી ૫૬ દિક્કુમારી જાણવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક સમુદ્રના પાણીનો સ્વાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક સમુદ્રના પાણીનો સ્વાદ તેમજ મત્સ્યાદિનું પ્રમાણ 71

☞ પ્રથમ **લવણ** સમુદ્ર, ચોથો **વારુણીવર** સમુદ્ર, પાંચમો **ખીરવર** અને છઠ્ઠો **ઘૃતવર** એટલા સમુદ્રોના પાણી પોતપોતાનાં નામો પ્રમાણે ગુણવાળા અર્થાત્ ભિન્ન-ભિન્ન રસવાળા છે[1]. એટલે કે **લવણ** = ખારું એટલે ખારાપાણીવાળો તે લવણ સમુદ્ર... **"વારુણીવર"** = શ્રેષ્ઠ મદિરા એટલે કે મદિરા સમાન જલવાળો તે (એટલે ચંદ્રહાસાદિ ઉત્તમ મદિરાવાળું જ જાણવું પરંતુ અહીંની જેમ ગંધાતા દુર્ગંધી દારૂ સરખું નહિ)[2]. પછી આવે છે **"ખીરવર"**[3] એટલે શ્રેષ્ઠ દૂધ સરખા સ્વાદવાળું પાણી છે જેમાં તે... (આ પાણી દૂધ સરખું છે પણ દૂધ નહિ, દૂધ જેવું શ્વેત વર્ણે છે. ચાર શેર દૂધમાંથી ૩ શેર બાળીને શેર દૂધ રાખીને તેમાં સાકર નાંખી પીતાં જેવી મીઠાશ લાગે તેવી મીઠાશવાળું આ પાણી હોય છે તથા ચક્રવર્તી જેવાની ગાયના દૂધથી પણ અધિક મીઠાશવાળું આ પાણી પીનારને લાગે છે. તો પણ આ દૂધથી દહીં વગેરે તો ન જ થાય. (આ સમુદ્રના ઉત્તમ પાણીને ઈન્દ્રાદિક દેવો પરમતારક દેવાધિદેવના જન્મકલ્યાણકાદિના પ્રસંગે અભિષેકમાં વાપરે છે) અને **"ઘૃતવર"** તે ઉત્તમ ઘી સમાન સ્વાદવાળું જલ જેમાં હોય છે તે જાણવું. (આ પાણી ઘી સરખું એટલે ઘી નહિ પરંતુ તેનાં જેવા જ સ્વાદવાળું છે. કારણ કે, ઘી જેવું હોય તો તો તેથી પૂરી વગેરે તળાય પરંતુ તેવું બનતું નથી.)

☞ બીજો **કાલોદધિ,** ત્રીજો **પુષ્કરવર** અને ચરમ એવો **સ્વયંભૂરમણ** એ ત્રણે સમુદ્રો તો કુદરતી પાણી સરખા સ્વાદવાળા જ છે અને બાકીના બધા (અસંખ્યાતા) સમુદ્રો ઈક્ષુ = શેલડીના રસ (સ્વાદ) સરખા આસ્વાદવાળા છે.[4] આ પાણી શેલડીના રસના સ્વાદ સમાન હોય, પરંતુ શેલડીનો રસ ન સમજતા.[5] આ પાણી ચતુર્જાતક (તજ, ઈલાયચી, કેસર અને મરી) વસ્તુને, ચાર શેર શેલડીના રસમાં નાંખી ઉકાળતાં... ત્રણ શેર બળવા દઈ એક શેર બાકી રાખીને પીવાથી તેમાં જેવા પ્રકારની મીઠાશનો અનુભવ પ્રાપ્ત થાય તેથી પણ અધિક મીઠાશ આ સર્વ સમુદ્રોના જલની જાણવી...

પ્રશ્ન : ઉપરોક્ત જે ૩ સમુદ્રોનું પાણી કુદરતી પાણી સરખા સ્વાદવાળું કહ્યું તો આ કુદરતી પાણી એટલે કેવું હોય ? તેનો સ્વાદાદિ કેવા પ્રકારનો હોય ?


સમાધાન : અતિશય નિર્મલ, સુંદર અને હલકું (આહારને શીઘ્ર પચાવે તેવું) તેમ જ અમૃત જેવી મીઠાશવાળું કુદરતી પાણી કહેવાય છે[6].

☞ આ સર્વ સમુદ્રો પૈકી લવણ સમુદ્રમાં ઉત્સેધાંગુલના માન વડે ૫૦૦ યોજનના... બીજા કાલોદધિ સમુદ્રમાં ૭૦૦ યોજનના અને છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં ૧,૦૦૦ યોજનના ઉત્કૃષ્ટ પ્રમાણવાળા મત્સ્યો (મગરમચ્છાદિ) વગેરે હોય છે. તે સિવાયના શેષ સમુદ્રોમાં ઉક્ત પ્રમાણથી ક્રમે ક્રમે અલ્પ અને ભિન્ન ભિન્ન પ્રમાણવાળા મત્સ્યાદિ હોય છે. ઉપર કહેલા ત્રણ સમુદ્રોમાં વિશેષ કરીને ઘણાં મત્સ્યો હોય છે ને અન્ય સમુદ્રોમાં અલ્પ મત્સ્યાદિ હોય છે.

☞ **વિશેષમાં :** લવણ સમુદ્રમાં ૭ લાખ કુલકોટી મત્સ્યો હોય છે. કાલોદધિમાં ૯ લાખ કુલકોટી અને સ્વયંભૂરમણ સમુદ્રમાં ૧૨ $\frac{1}{2}$ લાખ કુલકોટી મત્સ્યો હોય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંખ્ય દ્વીપો અને સમુદ્રો



અસંખ્ય દ્વીપ-સમુદ્ર

આ પ્રમાણે દ્વીપ સમુદ્રો એક બીજાને વલયાકારે વિંટાઈને રહેલા છે અને અનુક્રમે બમણા-બમણા વિસ્તારવાળા છે. તેમજ સ્વયંભૂરમણ સમુદ્ર પછી અલોક આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

72


તિર્છાલોકમાં રહેલ દ્વીપ-સમુદ્રોનું માપ


ક્રમ	દ્વીપનું નામ	દ્વીપનો વિસ્તાર (પ્રમાણાંગુલના માપે)	ક્રમ	સમુદ્રનું નામ	સમુદ્રનો વિસ્તાર (પ્રમાણાંગુલના માપે)
૧	જંબૂદ્વીપ	૧ લાખ યોજન	૨	લવણસમુદ્ર	૨ લાખ યોજન
૩	ધાતકીખંડ	૪ લાખ યોજન	૪	કાલોદધિ સમુદ્ર	૮ લાખ યોજન
૫	પુષ્કરવર દ્વીપ	૧૬ લાખ યોજન	૬	પુષ્કરવર સમુદ્ર	૩૨ લાખ યોજન
૭	વારુણીવર દ્વીપ	૬૪ લાખ યોજન	૮	વારુણીવર સમુદ્ર	૧૨૮ લાખ યોજન
૯	ક્ષીરવર દ્વીપ	૨૫૬ લાખ યોજન	૧૦	ક્ષીરવર સમુદ્ર	૫૧૨ લાખ યોજન
૧૧	ઘૃતવર દ્વીપ	૧,૦૨૪ લાખ યોજન	૧૨	ઘૃતવર સમુદ્ર	૨,૦૪૮ લાખ યોજન
૧૩	ઇક્ષુવર દ્વીપ	૪,૦૯૬ લાખ યોજન	૧૪	ઇક્ષુવર સમુદ્ર	૮,૧૯૨ લાખ યોજન
૧૫	નંદીશ્વરદ્વીપ	૧૬,૩૮૪ લાખ યોજન	૧૬	નંદીશ્વર સમુદ્ર	૩૨,૭૬૮ લાખ યોજન
૧૭	અરુણ દ્વીપ	૬૫,૫૩૬ લાખ યોજન	૧૮	અરુણ સમુદ્ર	૧,૩૧,૦૭૨ લાખ યોજન
૧૯	અરુણવર દ્વીપ	૨,૬૨,૧૪૪ લાખ યોજન	૨૦	અરુણવર સમુદ્ર	૫,૨૪,૨૮૮ લાખ યોજન
૨૧	અરુણવરાવભાસ દ્વીપ	૧૦,૪૮,૫૭૬ લાખ યોજન	૨૨	અરુણવરાવભાસ સમુદ્ર	૨૦,૯૭,૧૫૨ લાખ યોજન
૨૩	અરુણોપપાત દ્વીપ	૪૧,૯૪,૩૦૪ લાખ યોજન	૨૪	અરુણોપપાત સમુદ્ર	૮૩,૮૮,૬૦૮ લાખ યોજન
૨૫	અરુણોપપાતવર દ્વીપ	૧,૬૭,૭૭,૨૧૬ લાખ યોજન	૨૬	અરુણોપપાતવર સમુદ્ર	૩,૩૫,૫૮,૪૩૨ લાખ યોજન
૨૭	અરુણોપપાતવરાવભાસ દ્વીપ	૬,૩૧,૦૮,૮૬૪ લાખ યોજન	૨૮	અરુણોપપાતવરાવભાસ સમુદ્ર	૧૩,૪૨,૧૭,૭૨૮ લાખ યોજન
૨૯	કુંડલ દ્વીપ	૨૬,૮૪,૩૫,૮૫૬ લાખ યોજન	૩૦	કુંડલ સમુદ્ર	૫૩,૬૮,૭૦,૯૧૨ લાખ યોજન
૩૧	કુંડલવર દ્વીપ	૧,૦૭,૩૭,૪૧,૮૨૪ લાખ યોજન	૩૨	કુંડલવર સમુદ્ર	૨,૧૪,૭૪,૮૩,૬૪૮ લાખ યોજન
૩૩	કુંડલવરાવભાસ દ્વીપ	૪,૨૯,૪૯,૬૩,૨૯૬ લાખ યોજન	૩૪	કુંડલવરાવભાસ સમુદ્ર	૮,૫૮,૯૯,૩૪,૫૯૨ લાખ યોજન
૩૫	શંખ દ્વીપ	૧૭,૧૭,૯૮,૬૯,૧૮૪ લાખ યોજન	૩૬	શંખ સમુદ્ર	૩૪,૩૫,૬૭,૩૮,૩૬૮ લાખ યોજન
૩૭	શંખવર દ્વીપ	૬૮,૭૧,૬૪,૭૬,૭૩૬ લાખ યોજન	૩૮	શંખવર સમુદ્ર	૧,૩૭,૪૩,૬૯,૫૩,૪૭૨ લાખ યોજન
૩૯	શંખવરાવભાસ દ્વીપ	૨,૭૪,૮૭,૭૯,૮૬,૬૪૮ લાખ યોજન	૪૦	શંખવરાવભાસ સમુદ્ર	૫,૫૪,૭૭,૫૫.૮૧,૩૮૮ લાખ યોજન
૪૧	રુચક દ્વીપ	૧૦,૯૯,૫૧,૧૬,૨૩,૭૩૬ લાખ યોજન (અહીં સુધી જંબૂચારાજ જઈ શકે છે.)	૪૨	રુચક સમુદ્ર	૨૧,૯૯,૦૨,૩૨,૫૫,૫૭૨ લાખ યોજન
૪૩	રુચકવર દ્વીપ	૪૩,૯૮,૦૪,૬૫.૧૧,૧૦૪ લાખ યોજન	૪૪	રુચકવર સમુદ્ર	૮૭,૯૬,૦૯,૩૦,૨૨,૨૦૮ લાખ યોજન
૪૫	રુચકવરાવભાસ દ્વીપ	૧,૭૫,૯૨,૧૮,૬૦,૪૪,૪૧૬ લાખ યોજન	૪૬	રુચકવરાવભાસ સમુદ્ર	૩,૫૧,૮૪,૩૭,૨૦,૮૮,૮૩૨ લાખ યોજન
૪૭	ભુજગ દ્વીપ	૭,૦૩,૬૮,૭૪,૪૧,૭૭,૬૬૪ લાખ યોજન	૪૮	ભુજગ સમુદ્ર	૧૪,૦૭,૩૭,૪૮,૮૩,૫૫,૩૨૮ લાખ યોજન
૪૯	ભુજગવર દ્વીપ	૨૮,૧૪,૭૪,૬૭,૬૭,૧૦,૬૫૬ લાખ યોજન	૫૦	ભુજગવર સમુદ્ર	૫૬,૨૯,૪૯,૬૫,૭૪,૨૧,૩૧૨ લાખ યોજન
૫૧	ભુજગવરાવભાસ દ્વીપ	૧,૧૨,૫૮,૬૯,૬૦,૬૮,૪૨,૬૨૪ લાખ યોજન	૫૨	ભુજગવરાવભાસ સમુદ્ર	૨૨,૫૧,૧૭,૬૯,૮૧,૩૬,૮૫,૨૪૮ લાખ યોજન

ત્યારબાદ એવી જ રીતે અસંખ્ય❖ દ્વીપ -સમુદ્ર ગયા પછી[3] સુર-સુરવર અને અંતમાં સુરાવભાસ નામક દ્વીપ-સમુદ્ર આવે છે અને ત્યારબાદ અનુક્રમે દેવ દ્વીપ-દેવ સમુદ્ર, નાગ દ્વીપ-નાગ સમુદ્ર, યક્ષ દ્વીપ-યક્ષ સમુદ્ર, ભૂત દ્વીપ-ભૂત સમુદ્ર અને છેલ્લે સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર આવે છે[4].

❖ આ અસંખ્યની સંખ્યા એટલે ૨ $\frac{1}{2}$ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો થાય તેટલા સર્વ દ્વીપ-સમુદ્રો જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

73

ઉત્પાત પર્વત

☞ અત્યંત રમણીય એવા મેરુપર્વતથી તિર્ચ્છા દક્ષિણ દિશામાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો જાય... (ઓળંગાય...) ત્યારબાદ અરુણવર નામનો એક દ્વીપ આવે છે. હવે આ અરુણવરદ્વીપની બાહ્ય જગતીના અંત ભાગથી ૪૨,૦૦૦ યોજન છોડીને આગળ જઈએ ત્યાં અરુણવર સમુદ્રના મધ્ય ભાગમાં "ચમર" નામના અસુરેન્દ્રનો "તિગિંછિકૂટ" નામનો અત્યંત શોભાયમાન મહાન "ઉત્પાત પર્વત" આવેલો છે[1]. આ ઉત્પાત પર્વત ૧,૭૨૧ (એક હજાર સાતસો ને એકવીશ) યોજન ઊંચો છે અને ઊંચાઈનો ચોથો ભાગ પૃથ્વીમાં ખુંચેલો છે તેમજ આ પર્વતનો મૂળમાં વિસ્તાર ૧,૦૨૨ (એક હજારને બાવીસ) યોજન છે અને મધ્યમાં ૪૨૪ (ચારસોને ચોવીસ) યોજન છે તેમજ ટોચમાં (સહુથી ઉપરનો ભાગ) ૭૨૩ (સાતસો ત્રેવીસ) યોજનનો છે એટલે ઊપર-નીચે અને એક મુકુન્દ (વાજીંત્ર વિશેષ) જેવા વિસ્તારવાળો છે અને મધ્યમાં પાતળો છે.

પદ્મવેદિકા અને વનખંડથી શોભતા આ સર્વરત્નમય પર્વતની ટોચ ઉપર મધ્યમાં એક સુંદર પ્રસાદ આવેલો છે, એ પ્રાસાદ ઊંચાઈમાં ૨૫૦ (અઢીસો) યોજન અને વિસ્તારમાં ૧૨૫ (સવાસો) યોજન છે, એની તળ (ફરસ) તેમજ છત (સિલીંગ) અત્યંત રમણીય છે. એની અંદર એક આઠ યોજનનો મણિપીઠ છે અને એ મણિપીઠની ઉપર ચમરેન્દ્રનું પરિવાર યુક્ત સિંહાસન છે.

☞ એમ કહેવાય છે કે, જિનેશ્વર ભગવાનના જન્મ મહોત્સવાદિ પ્રસંગે ચમરેન્દ્રનો જ્યારે પણ તિર્ચ્છાલોકમાં આવવાનો પ્રસંગ થાય છે ત્યારે પોતાના આવાસથી નીકળી સર્વ પ્રથમ આ જ ઉત્પાત પર્વત ઉપર આવે છે અને પછી જ જ્યાં પણ જવું હોય ત્યાં ઊડીને (સ્વલબ્ધિથી) જાય છે અને તેથી જ આ ચમરેન્દ્રનો "ઉત્પાત (એટલે કે ઉડવાનો) પર્વત" કહેવાય છે.

બર્મ્યુડા ટ્રાયન્ગલ=માથાનો દુઃખાવો


☞ બર્મ્યુડા ટ્રાયન્ગલ (ત્રિકોણ) કે જે ઉત્તર અમેરિકાથી લગભગ ૨૫૦૦ કિ.મી. એટલાન્ટિક મહાસાગરમાં આવેલ છે. તેની હદમાં પ્રવેશતા જહાજો કે વિમાનો ક્યાં ગાયબ થઈ જાય છે, તેની જાણકારી આજનું વિજ્ઞાન મેળવી શકતું નથી. ૫૪૧ ફૂટ લાંબી અને ૧૩ હજાર ટનના વજનવાળી નોર્વેજીરી અર્ન્ટ સ્ટીમરો તથા એવેન્જર જેવા વિરાટ અને ખડતલ વિમાનો પણ તેની હદમાં પ્રવેશતાં ગાયબ થઈ જાય છે અને તેની સાથે કોઈ સંપર્ક પણ રહેતો નથી. બર્મ્યુડાના આ ગોઝારા ત્રિકોણમાં છેલ્લા ૪૦ વર્ષ દરમ્યાન ૧૦૦ જેટલા વિમાનો ને જહાજો ભેદી રીતે ગુમ થયાં છે. જેમાં બધું મળીને ૧,૦૦૦ માણસો હતા. તેમનો આજ દિન સુધી પત્તો નથી. હોનારત સૂચવતો ભંગાર પણ દરિયાઈ સપાટી પર તરતો દેખાયો નથી. ૧૯૪૫માં અમેરિકાના પાંચ બોમ્બર વિમાનો આ ત્રિકોણ ઉપરથી એક સાથે ઊડી રહ્યાં હતાં. ત્યાં કંટ્રોલ ટાવરને ઓચિંતો સંદેશો મળ્યો. "અમે ક્યાં છીએ તે નક્કી કરી શકાતું નથી. સમુદ્ર બદલાઈ ગયો છે. અમે ધોળા પાણીમાં પડીએ છીએ... !" આ વિમાનો સાથે ત્યાર પછી રેડિયો સંપર્ક કપાઈ ગયો. શોધખોળ માટે ૧૩ કસાયેલા સૈનિકોને લઈ એક મોટું વિમાન બર્મ્યુડા ત્રિકોણ ઉપર ઊડ્યું. હવમાન તોફાની ન હતું, તો પણ તે ગંજાવર વિમાન પણ ગાયબ. ૧૯૪૭માં બ્રાઝિલનું ૫૦,૦૦૦ ટનનું યુદ્ધ જહાજ પણ ત્યાં ગાયબ થઈ ગયેલું. ૧૯૭૩માં 'મરિન સલ્ફર ક્વિન' નામનું એક જંગી માલવાહક જહાજ પણ આ ત્રિકોણમાં ગાયબ થઈ ગયેલું જે ૧૯,૦૦૦ ટનનું જહાજ ૪૨૫ ફૂટ લાંબુ હતું. તેમાં ૬૦૯ નાવિકો હતા.


☞ અમેરિકન ભૂસ્તરશાસ્ત્રી રીચાર્ડ મેકલેવરના અભિપ્રાય મુજબ સમુદ્રમાં ૧૦-૧૨ હજાર ફૂટ ઊંડે નૈસર્ગિક દબાણને લીધે પાણી સાથે આપોઆપ કેટલાક તત્ત્વોનું સંયોજન થતું હશે અને હાઈડ્રેટના ઘુંમટ જેવા પોપડા રચાતા હશે. આ વિશાળ ઘુંમટ નીચે કુદરતી વાયુનો ભરાવો થયા કરતો હશે. કેમકે સમુદ્રના તળિયે જ્યાં ફાટ હોય ત્યાં સુધી કુદરતી વાયુ ઘણી વખત બહાર આવતો હોય છે. લાખો ઘન ફૂટ કુદરતી વાયુ અચાનક સપાટી પર ફૂટી નીકળે તો એટલા વિસ્તારમાં દરિયો તેની તારણ શક્તિ લગભગ ખોઈ દે. જો કે આ પણ એક કલ્પના જ છે. અન્ય પણ કારણ હોઈ શકે છે.

☞ આ બર્મ્યુડા ટ્રાયન્ગલ (ત્રિકોણ) વિજ્ઞાન યુગ માટે માથાનો દુઃખાવો બન્યો છે તેમજ આ જગ્યાને "પોઈન્ટ ઓફ નો-રિટર્ન" પણ કહેવાય છે.

("લઘુસંગ્રહણી"માંથી સાભાર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

74

જ્યોતિષ દેવો

☞ ચાલો મિત્રો ! તમે ફરતી હોસ્પિટલ, ફરતી હોટેલ તો જોઈ હશે... પણ ફરતા ઘર જોયા છે ખરા ? આ વિશ્વમાં કેટલાક દેવો એવા છે કે જેમનાં રહેવાનાં ઘરો સદા ફર્યા કરે છે અને તેઓ જ્યોતિષ દેવો કહેવાય છે.

તમે આગીયાને જોયો છે ? તે ઊડતો હોય તો ય પ્રકાશ વેરતો જાય બસ ! તેવા જ આ જ્યોતિષ દેવોના ઘરો (વિમાનો) છે. જે વિશ્વમાં પ્રકાશ વેર્યા જ કરે છે. જ્યોતિષ = પ્રકાશ વેરતા હોવાથી તે દેવો જ્યોતિષ દેવો તરીકે ઓળખાય છે. સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર અને તારા એમ પાંચ પ્રકારે આ દેવો છે.

આપણી આ પૃથ્વીના બરાબર મધ્ય ભાગમાં લાખ યોજન ઊંચો મેરુપર્વત આવેલો છે. ત્યાંના રુચક પ્રદેશ રૂપ સમભૂતલાથી ૭૯૦ યોજન ઉપર જઈએ ત્યાં સર્વપ્રથમ તારાઓના વિમાન આવે છે. પછી અનુક્રમે ૮૦૦ યોજને (સમભૂતલા પૃથ્વીથી જ...) સૂર્ય વિમાન, ૮૮૦ યોજને ચંદ્ર વિમાન, ૮૮૪ યોજને નક્ષત્ર વિમાન, ૮૮૮ યોજને બુધના વિમાન, ૮૯૧ યોજને શુક્રના વિમાન, ૮૯૪ યોજને ગુરુના વિમાન, ૮૯૭ યોજને મંગલના વિમાન અને છેલ્લે ૯૦૦ યોજને શનિગ્રહના વિમાન છે[1]...

☞ હવે અઢીદ્વીપમાં રહેલા સૂર્ય-ચંદ્રાદિની સામૂહિક સંખ્યા કેટલી થાય... તે પણ જાણી લઈએ...

ક્રમ	જ્યોતિષ નામ	જંબૂદ્વીપે	લવણ સમુદ્રે	ધાતકીખંડે	કાલોદધિ સમુદ્રે	પુષ્કરવરાર્ધ દ્વીપે	કુલ સંખ્યા
૧	ચન્દ્ર	૨	૪	૧૨	૪૨	૭૨	૧૩૨
૨	સૂર્ય	૨	૪	૧૨	૪૨	૭૨	૧૩૨
૩	નક્ષત્ર	૫૬	૧૧૨	૩૩૬	૧,૧૭૬	૨,૦૧૬	૩,૬૯૬
૪	ગ્રહ	૧૭૬	૩૫૨	૧,૦૫૬	૩,૬૯૬	૬,૩૩૬	૧૧,૬૧૬
૫	તારા	૧,૩૩,૯૫૦ કોડાકોડી	૨,૬૭,૯૦૦ કોડાકોડી	૮,૦૩,૭૦૦ કોડાકોડી	૨૮,૧૨,૯૫૦ કોડાકોડી	૪૮,૨૨,૨૦૦ કોડાકોડી	૮૮,૪૦,૭૦૦ કોડાકોડી

☞ આ જ્યોતિષચક્રના ચન્દ્રાદિ વિમાનોની સામૂહિક સંખ્યા તો જાણી પણ તેમના માપ-પ્રમાણાદિ કેટલા હોય ? તો ચાલો ! એક નજર કરીએ ચન્દ્ર-સૂર્યાદિના વિમાનોના પ્રમાણ (માપ)... તરફ...


ક્રમ	વિષય	ચન્દ્ર	સૂર્ય	ગ્રહ	નક્ષત્ર	તારા
૧	વિમાનની લંબાઈ + પહોળાઈ...	$\frac{૫૬}{૬૧}$ યો.	$\frac{૪૮}{૬૧}$ યો.	૨ ગાઉ	૧ ગાઉ	$\frac{૧}{૨}$ ગાઉ
૨	વિમાનની ઊંચાઈ...	$\frac{૨૮}{૬૧}$ યો.	$\frac{૨૪}{૬૧}$ યો.	૧ ગાઉ	$\frac{૧}{૨}$ ગાઉ	$\frac{૧}{૪}$ ગાઉ
૩	વિમાનને વહન કરનાર દેવોની સંખ્યા	૧૬,૦૦૦	૧૬,૦૦૦	૮,૦૦૦	૪,૦૦૦	૨,૦૦૦
૪	વિમાનોની ગતિ...	અલ્પ ગતિ	ચંદ્રથી શીઘ્ર ગતિ	સૂર્યથી ત્વરિત ગતિ	ગ્રહથી ત્વરિત ગતિ	સૌથી ત્વરિત ગતિ


☞ (તા.ક. : મનુષ્ય ક્ષેત્ર (અઢીદ્વીપ)ની બહારના ચન્દ્રાદિના વિમાનોની લંબાઈ-પહોળાઈ આદિ ઉપરોક્ત કરતા અડધી જાણવી.)


☞ આ અઢીદ્વીપમાં રહેલ ચન્દ્ર-સૂર્યાદિ દરેક પોતપોતાના પરિવાર સાથે જંબૂદ્વીપના મેરુપર્વતની આસપાસ ફર્યા કરે છે માટે તેઓ ચર (અસ્થિર = હાલતા-ચાલતા) કહેવાય છે અને અઢીદ્વીપની બહાર અસંખ્ય દ્વીપ સમુદ્રો હોવાથી ત્યાં પણ અસંખ્યાતા સૂર્ય ચન્દ્રાદિ પોતપોતાના પરિવાર સાથે સ્થિર રહેલા છે, પણ ફરતા નથી માટે તેઓ ત્યાં અચર તરીકે સંબોધાય છે. ચર + અચર એમ બે-બે ભેદ હોવાથી (ચન્દ્રાદિ પના ૨ x ૫ =) ૧૦ ભેદ જ્યોતિષ દેવોના થાય છે.

☞ માનુષોત્તર પર્વતથી બહાર ૫૦,૦૦૦ યોજનના આંતરે અને સ્વયંભૂરમણ સમુદ્રમાં લાખ લાખ યોજનના આંતરે પરસ્પર સૂર્ય-ચંદ્ર પંક્તિ વડે રહેલા છે તેમજ જ્યોતિષીઓના સર્વ વિમાનો નીચે પૂર્વ તરફ સિંહો, દક્ષિણ તરફ હાથીઓ, પશ્ચિમ તરફ વૃષભો અને ઉત્તર તરફ અશ્વો વગેરેના રૂપ ધારણ કરીને ઉપર કહેલા સૂર્ય-ચંદ્ર વગેરેમાં ૧૬,૦૦૦ આદિ આભિયોગિક દેવતાઓ વહન કરે છે કે જેઓ પોતાના સ્વભાવે જ ગતિ કરનારા ચંદ્રાદિક વિમાનોની નીચે આભિયોગ્ય કર્મ વડે નિરંતર વાહન રૂપે રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org








Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપના સૂર્ય અને ચંદ્રના મંડલાદિના પ્રમાણ - અંતર વિગેરે 75

ક્રમ	વિષય	સૂર્ય	ક્રમ	વિષય	ચન્દ્ર
૧	સર્વ મંડળો	૧૮૪	૧	સર્વ મંડલો	૧૫
૨	મંડળ ક્ષેત્રનો વિષ્કંભ	૪૧૦ $\frac{૧૫}{૬૧}$ યોજન	૨	મંડલ રેખાની પહોળાઈ	$\frac{૫}{૬૧}$ યોજન
૩	જંબૂદ્વીપમાં મંડલ ક્ષેત્ર	૬૫ યોજન	૩	મંડલથી મંડલનું અંતર	૩૫ $\frac{૫૫}{૬૧}$ યોજન
૪	જંબૂદ્વીપમાં મંડલ સંખ્યા	૧૮૦ યોજન	૪	જંબૂદ્વીપમાં મંડલ ક્ષેત્ર	૧૮૦ યોજન
૫	લવણ સમુદ્રમાં મંડલ સંખ્યા	૧૧૯ યોજન	૫	મંડલ ક્ષેત્રનો વિષ્કંભ	૫૧૦ $\frac{૧૫}{૬૧}$ યોજન
૬	લવણ સમુદ્રમાં મંડલ ક્ષેત્ર	૩૩૦ $\frac{૧૫}{૬૧}$ યોજન	૬	મંડલ ક્ષેત્રની સંખ્યા	૫
૭	મેરુથી દૂર અભ્યંતર મંડલ	૪૪,૮૨૦ યોજન	૭	લવણ સમુદ્રમાં મંડલ સંખ્યા	૧૦
૮	મેરુથી દૂર બાહ્ય મંડલ	૪૫,૩૩૦ યોજન	૮	લવણ સમુદ્રમાં મંડલ ક્ષેત્ર	૩૩૦ $\frac{૧૫}{૬૧}$ યોજન
૯	બાહ્ય મંડલે પરસ્પર અંતર	૧,૦૦,૬૬૦ યોજન	૯	મેરુથી દૂર અભ્યંતર મંડલ	૪૪,૮૨૦ યોજન
૧૦	મંડલથી મંડલનું અંતર	૨ યોજન	૧૦	મેરુથી દૂર બાહ્ય મંડલ	૪૫,૩૨૯ $\frac{૫}{૬૧}$ યોજન
-	મંડલ રેખાની પહોળાઈ	$\frac{૧૫}{૬૧}$ યોજન	૧૧	અભ્યંતર મંડલે પરસ્પર અંતર	૯૯,૬૪૦ યોજન
૧૨	અભ્યંતર મંડલે દિનમાન	૧૮ મુહૂર્ત-દિવસ	૧૨	પ્રતિમંડલે પરસ્પર અંતરવૃદ્ધિ	૭૨ $\frac{૫૫}{૬૧}$ યોજન
૧૩	બાહ્ય મંડલે દિનમાન	૧૨ મુહૂર્ત-દિવસ	૧૩	અભ્યંતર મંડલે દિનમાન	૧૨ મુહૂર્ત-રાત્રિ
૧૪	બાહ્ય મંડલે ઉદય-અસ્તનું અંતર	૬૩,૬૬૩ યોજન	૧૪	બાહ્ય મંડલે દિનમાન	૧૮ મુહૂર્ત-રાત્રિ
૧૫	અભ્યંતર મંડલે પરસ્પર અંતર	૯૯,૬૪૦	૧૫	બાહ્ય મંડલે ઉદય -અસ્તનું અંતર	૬૩,૬૬૩ યોજન
૧૬	અભ્યંતર મંડલ પરિધિ	૩,૧૫,૦૮૯	૧૬	બાહ્ય મંડલે પરસ્પર અંતર	૧,૦૦,૬૫૯ $\frac{૫}{૬૧}$ યોજન
૧૭	પ્રતિમંડલે પરસ્પરની અંતરવૃદ્ધિ	૫ $\frac{૫૫}{૬૧}$ યોજન	૧૭	અભ્યંતર મંડલ પરિધિ	૩,૧૫,૦૮૯ યોજન
૧૮	પરિધિની વૃદ્ધિ-હાનિ	લગભગ ૧૮ યોજન	૧૮	બાહ્ય મંડલ પરિધિ	૩,૧૮,૩૧૫ યોજન
૧૯	બાહ્ય મંડલ પરિધિ	૩,૧૮,૩૧૫ યોજન	૧૯	પરિધિની હાનિ-વૃદ્ધિ	૨૩૦ યોજન
૨૦	અભ્યંતર મંડલે મુહૂર્તગતિ	૫,૨૫૧ $\frac{૧૫}{૬૧}$ યોજન	૨૦	અભ્યંતર મંડલે મુહૂર્તગતિ	૫,૦૭૩ $\frac{૪૭૭}{૧૩૨૨}$ યોજન
૨૧	પ્રતિમંડલ મુહૂર્તગતિની હાનિ-વૃદ્ધિ	$\frac{૧૫}{૬૧}$ યોજન	૨૧	પ્રતિમંડલે મુહૂર્તગતિની હાનિ-વૃદ્ધિ	૩ $\frac{૧૩૨૫}{૧૩૨૨}$ યોજન
૨૨	બાહ્ય મંડલે મુહૂર્તગતિ	૫,૩૦૫ $\frac{૫}{૬૧}$ યોજન	૨૨	બાહ્ય મંડલે મુહૂર્તગતિ	૫,૧૨૫ $\frac{૧૭૭૭}{૧૩૨૨}$ યોજન
૨૩	અભ્યંતર મંડલે દૃષ્ટિગોચર	૪૭,૨૬૩ $\frac{૧૫}{૬૧}$ યોજન	૨૩	અભ્યંતર મંડલે દૃષ્ટિગોચર	૪૭,૨૬૩ $\frac{૫}{૬૧}$ યોજન
૨૪	અભ્યંતર મંડલે ઉદય અસ્તનું અંતર	૯૪,૫૨૬ $\frac{૧૫}{૬૧}$ યોજન	૨૪	અભ્યંતર મંડલે ઉદયાસ્તનું અંતર	૯૪,૫૨૬ $\frac{૫}{૬૧}$ યોજન
૨૫	બાહ્ય મંડલે દૃષ્ટિગોચર	૩૧,૮૩૧ $\frac{૫}{૬૧}$ યોજન	૨૫	બાહ્ય મંડલે દૃષ્ટિગોચર	૩૧,૮૩૧ યોજન
૨૬	પ્રતિમંડલે દિનમાનની વૃદ્ધિહાનિ...	$\frac{૧}{૬૧}$ મુહૂર્ત રાત્રિની	૨૬	પ્રતિમંડલે દિનમાનની હાનિ-વૃદ્ધિ	$\frac{૧}{૬૧}$ મુહૂર્ત રાત્રિની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ અરુણવર સમુદ્રમાંથી ઉછળતો તમસ્કાયનો દેખાવ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમસ્કાયનું સામાન્યથી વિવેચન

76

☞ **તમસ્કાય સ્થાન :** આ જંબૂદ્વીપથી માંડીને તિર્ચ્છા અસંખ્યાતા દ્વીપ-સમુદ્રોનું ઉલ્લંઘન કર્યા બાદ **"અરુણવર"** નામનો દ્વીપ આવે છે. તે દ્વીપની બાહરની જગતીના અંતથી ચારે બાજુએ ૪૨,૦૦૦ યોજન દૂર અરૂણવર સમુદ્રમાં જઈએ ત્યારે ઉપરિતન જળથી તમસ્કાય નામનો ૧ જળીય પદાર્થ ઉછળે છે. તે ૧,૭૨૧ યોજન સુધી ઉર્ધ્વ ભાગે ભીંતના આકારે ચાલ્યો જાય છે. ત્યારબાદ ત્યાંથી ઉપર વધુ વિસ્તારને પામતો પામતો વલયાકાર સરખી આકૃતિવાળો (પોપટાદિકના પાંજરા ઉપર જેમ હોય તેમ) થયો થકો સૌધર્મ-ઈશાન-સનત્કુમાર-માહેન્દ્ર તથા બ્રહ્મદેવલોકના પ્રથમના ૨ પ્રતરને ઢાંકીને **"રિષ્ટ"** નામે ત્રીજા પ્રતરે ચારે દિશામાં ફેલાઈને ત્યાં જ રહેલો છે. **શંકા :** **"તમસ્કાય"** એટલે શું ? **સમાધાન :** **"તમ"** એટલે અંધકારનો **"કાય"** એટલે સમુદ્ર તે. આ **"તમસ્કાય"** એક અપ્કાયરૂપ મહાન અંધકારમય હોય છે અને અંધકાર જેવો અપ્કાયમય પુદ્ગલોના સમુહરૂપ હોય છે.

☞ **તમસ્કાય સંસ્થાન :** ઉર્ધ્વગામી બનેલા આ તમસ્કાયનો આકાર અધઃસ્થાને પ્રારંભમાં જ "મલ્લક" મૂલાકાર (કોડિયાનું બુધુ)નો છે અને ઉર્ધ્વ વિસ્તૃત થતો રિષ્ટ પ્રતરે પહોંચતા ઉપરનો આકાર કૂકડાના પાંજરા સમ થાય છે.

☞ **તમસ્કાય પ્રમાણ :** તમસ્કાય અમુક યોજન સુધી સંખ્યેય યોજનના વિસ્તારવાળો હોય છે ત્યાર બાદ આગળ જતાં (દ્વીપનો પરિક્ષેપ અસંખ્ય યોજનનો હોવાથી) અસંખ્યેય યોજન વિસ્તારવાળો થઈ જાય છે.

☞ **તમસ્કાયનો વિસ્તાર કેટલો છે ? તે સૂચવતું દૃષ્ટાંત :** કોઈ એક મહાન ઋદ્ધિમંત દેવ જે ગતિ વડે કરીને - ત્રણ ચપટી વગાડતા જે સમય લાગે તેટલા સમયમાં ૧ લાખ યોજન પ્રમાણના દ્વીપના ત્રિગુણ પ્રમાણ પરિધિક્ષેત્રને ચારે બાજુએ ૨૧ વાર પ્રદક્ષિણા આપી રહે, તે જ દેવ તેવી જ જાતિની ગતિ વડે જો સંખ્યાતા યોજન પ્રમાણ તમસ્કાયનો અંત લેવા માંગે તો તેને ય છ માસ લાગે તો પછી સામાન્ય દેવ માટે તો તેથી અધિક માસ થઈ જાય છે તે સહજ છે.

☞ **તમસ્કાયના સ્વરૂપનો વિચાર :** આ તમસ્કાયમાં અસુરકુમારાદિક દેવો ભયંકર મેઘો વર્ષાવે છે. તે મેઘોને શાંત પણ કરે છે. વળી તે બાદર વિજળીઓથી ભયંકર શબ્દોની ગર્જનાઓથી ગજાવી મૂકે છે. આ તમસ્કાય મહાન ઘનઘોર અંધકારમય છે. તેથી પડખે રહેલા સદાકાલ સ્થિર એવા ચંદ્રાદિ વિમાનો ઉપર પડતા તમસ્કાયથી તમસ્કાયમય કરી મૂકે છે.[૧]

☞ **તમસ્કાયનો દેખાવ :** આ તમસ્કાય શ્યામવર્ણનો હોય છે. વળી શ્યામકાંતીને પાથરનારો છે. દેખાવમાં ગંભીર છે. જોતાં જ જોનારાનાં રોમાંચોને ખડા કરી નાખે છે. ભીમ જેવો ભયંકર છે. અરે ! ઉત્કંપના કારણભૂત અને પરમ કૃષ્ણ છે. આથી આને દેખનારા કેટલાક દેવો પણ ભયભ્રાંત થઈ જાય છે, આકુલ-વ્યાકુલ બની જાય છે. ખરેખર ! ત્યારે તે કેવો ભયંકર હશે ? આ તમસ્કાયમાં જો ભૂલેચુકે કોઈ દેવ કૌતુકાદિની ખાતર અથવા પરસ્પર દેવ યુદ્ધમાંથી ભાગી સ્વરક્ષણાર્થે ભાન ભૂલીને કદાચ પ્રવેશ કરી જાય તો પણ તેમાંથી તરત જ (મનોકાય ગતિના વેગે) સહસા બાહર નીકળવા પ્રયત્ન શરૂ કરી જ દે છે.

☞ **તમસ્કાયના ભિન્ન-ભિન્ન નામો :** નીચે કહેવાતા કારણોથી તમસ્કાયના જુદા જુદા ૧૩ નામો[૨]... (૧) અંધકારરુપ હોવાથી... **"તમઃ"** (૨) અંધકારના સમુહરૂપ હોવાથી... **"તમસ્કાય"** (૩) તમોરુપ હોવાથી... **"અંધકાર"** (૪) મહાતમોરુપ હોવાથી... **"મહાંધકાર"** (૫) આ લોકમાં આવો બીજો અંધકાર ન હોવાથી... **"લોકાંધકાર"** (૬) તે જ અર્થાનુસારે... **"લોકતમિસ્ત્ર"** (૭) તેજસ્વી દિવ્યશક્તિવાળા દેવોને પણ મહાંધકારરુપ લાગવાથી... **"દેવાંધકાર"** (૮) તે જ અર્થાનુસારે... **"દેવતમિસ્ત્ર"** (૯) દેવલોકમાં દેવીઓના હરણ કરવાથી તથા અન્ય કારણોથી ભયંકર યુદ્ધો થતાં નિર્મલ દેવો મારના ભયે અથવા હારના ભયને પામી આ તમસ્કાયનો આશ્રય લે છે, કારણ કે આ તમસ્કાય એવો પદાર્થ છે કે એમાં કોણ પેઠું કે અંદર શું છે ? અથવા શું થાય છે ? તેની કશીએ ખબર પડી શકતી નથી. એથી જેમ મનુષ્યો ભયાદિના કારણે ભાગી અરણ્યમાં (જંગલમાં) છુપાઈ જવાનો આશ્રય લે તેવી જ રીતે દેવોને પણ આ તમસ્કાય એક અરણ્ય સદશ આશ્રય સ્થાન હોવાથી... **"દેવારણ્ય"** (૧૦) ચક્રાદિ વ્યૂહની પેઠે દેવોને પણ દુર્ભેદ્ય હોવાથી... **"દેવવ્યૂહ"** (૧૧) દેવોને ભયના ઉત્પાદકમાં હેતુરુપ તથા તેમના ગમનાગમનમાં વિઘાતરુપ હોવાથી... **"દેવપરિઘ"** (૧૨) દેવને ક્ષોભના કારણરૂપ હોવાથી... **"દેવપ્રતિક્ષોભ"** (૧૩) આ તમસ્કાય અરુણોદક સમુદ્રના પાણીના જ વિકારરુપ હોવાથી... **"અરુણોદક સમુદ્ર"** આ રીતે ૧૩ નામો પૂર્ણ થાય છે.

☞ **તા.ક. :** આ તમસ્કાયમાં બાદર વનસ્પતિ, બાદર વાયુકાય અને ત્રસજીવોની ઉત્પત્તિ થાય છે... કારણ કે આ તમસ્કાય અપકાયરુપ હોવાથી તેમાં તેનો સંભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવા જેવું... માણવા જેવું...

☞ આ જીવ દ્રવ્યપુણ્યના કારણે એક વાર નહીં, કિન્તુ અનેકવાર નવગ્રૈવેયકોમાં ભૂતકાળ દરમિયાન ઉત્પન્ન થયો. આ જીવે જ્યાં દશેય પ્રકારના કલ્પવૃક્ષોનું અસ્તિત્વ હોય એવા યુગલિક ક્ષેત્રમાં અથવા યુગલિક કાળમાં જન્મ ધારણ કર્યો. વજ્રઋષભનારાચસંઘયણ, સમચતુરસ્ત્રસંસ્થાન, ત્રણ ગાઉ ઊંચું શરીર, ત્રણ પલ્યોપમનું આયુષ્ય અને દશ પ્રકારના કલ્પવૃક્ષો જન્ય દરેક પ્રકારની ભોગોપભોગની સામગ્રી મળવા છતાં તત્ત્વજ્ઞાનની ખામીના કારણે આ જીવને સંવર અને સકામનિર્જરાનો લાભ ન મળ્યો. આ જીવે અનેક વખત નરકગતિની ભયંકરમાં ભયંકર ક્ષેત્રજ વેદના, અન્યોન્યકૃત વેદના તેમજ પરમાધામિકૃત વેદનાઓનો અનુભવ કર્યો, એમ છતાં ત્યારે પણ જીવનમાં તત્ત્વજ્ઞાનનો બોધ ન હોવાના કારણે આ જીવ કર્મથી હળવો ન થયો તેમજ આજ સુધીના અનન્તાનન્ત કાળ દરમિયાન આ જીવને બધું મળ્યું, પણ આત્મબોધ થાય તેવું તત્ત્વજ્ઞાનનું સાધન ન મળ્યું. આ જીવે અનંતકાળ દરમ્યાન બીજી બધી બાબતો જાણી પણ એક માત્ર આત્મતત્ત્વને ન જાણ્યું. આ જીવે અનંતકાળ દરમિયાન અચેતન એવા પુદ્ગલોને ભેગા કરવામાં ને આયુષ્ય પૂર્ણ થયે એ પુદ્ગલોને મૂકીને રવાના થવામાં ડહાપણ માન્યું, પણ પોતાના આત્મા માટે ધ્યાન ન આપ્યું. આ કારણે જ દુઃખ સ્વરૂપ, દુઃખફલક અને દુઃખની પરંપરાવાળો સંસાર આ જીવ માટે કાયમને કાયમ જ રહ્યો...

માટે જ કહેવાયું છે કે "જાગ્યા ત્યારથી સવાર..." આ **સચિત્ર તત્ત્વજ્ઞાનનું નવલું નજરાણું** હવે આપશ્રીના હાથમાં જ છે... સમજણ મળી ગઈ છે તો હવે પ્રમાદ શેનો ?... ચાલો સમયનો સાચો સદુપયોગ કરી લઈએ...

એ જ અભ્યર્થના...


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉર્ધ્વલોક

જે દેવલોક રુપે જગતમાં આજે પણ વિખ્યાત છે,
સૌધર્માદિ જ્યાં દશ ઇન્દ્રો, લોકાંતિકો બિરાજે છે ।
નવ ગ્રૈવેયકને પાંચ અનુત્તરનું સદા અસ્તિત્વ જ્યાં,
તે "ઉર્ધ્વલોક"ને વર્ણતા, મુજ રોમરોમ વિકસિત બને...।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટકૃષ્ણરાજી



Jain Education International

For Private & Personal Use Only

www.jainelibrary.org

અષ્ટકૃષ્ણરાજી વર્ણન

77

☞ જે રિષ્ટ નામના પ્રતરે આ તમસ્કાય અટકે છે, તે પ્રતરના રિષ્ટ નામના ઈન્દ્રક વિમાનની ચારે બાજુ પૃથ્વીરૂપે પરિણામ પામેલ જીવોના પુદ્ગલવાળી ૨-૨ કૃષ્ણરાજી છે કે જે જાતિમાન એવા અંજનરત્ન જેવી ગાઢ કૃષ્ણવર્ણવાળી છે. તે આ પ્રમાણે .... ઉત્તરદિશાની અંદર ૨ કૃષ્ણરાજી છે કે જે પૂર્વ-પશ્ચિમ લાંબી છે અને ઉત્તર-દક્ષિણ પહોળી છે. પૂર્વદિશાની અંદર ૨ કૃષ્ણરાજી છે કે જે ઉત્તર-દક્ષિણ લાંબી છે અને પૂર્વ-પશ્ચિમ પહોળી છે. એવી રીતે દક્ષિણ દિશામાં પણ ૨ કૃષ્ણરાજી છે કે જે પૂર્વ-પશ્ચિમ લાંબી છે અને દક્ષિણ-ઉત્તર પહોળી છે તેમજ પશ્ચિમ દિશામાં પણ ૨ કૃષ્ણરાજી છે કે જે દક્ષિણ-ઉત્તર લાંબી છે અને પૂર્વ-પશ્ચિમ પહોળી છે.

પૂર્વ-પશ્ચિમમાં રહેલી જે બાહ્ય કૃષ્ણરાજી છે તે ષટ્કોણ હોય છે અને દક્ષિણ - ઉત્તરમાં જે બાહ્ય કૃષ્ણરાજી છે તે ત્રિકોણ હોય છે. જ્યારે અભ્યંતર એવી ૪ કૃષ્ણરાજીઓ લંબચોરસ હોય છે ... એટલે આ કૃષ્ણરાજીમાં ૨ છ ખૂણાવાળી, ૨ ત્રણ ખૂણાવાળી અને ૪ ચાર ખૂણાવાળી હોય છે. આ આઠેય કૃષ્ણરાજીઓ અખાડાના આકારવાળી હોય છે. સભાસ્થાનમાં બેસનારાનાં આસન વિશેષ હોય છે તે અક્ષવાટક કહેવાય છે... તેની જેમ જ આ અષ્ટકૃષ્ણરાજીઓની આકૃતિ હોય છે.

☞ આ આઠેય કૃષ્ણરાજીઓનો વિષ્કંભ (પહોળાઈ) સંખ્યાત યોજન પ્રમાણ છે. જ્યારે આયામ (લંબાઈ) અને પરિક્ષેપ (પરિધિ) અસંખ્ય યોજન પ્રમાણ હોય છે. તમસ્કાયના પ્રમાણને માપવા માટે જે દેવની ગતિ કહી છે તે જ ગતિથી જનારો કોઈ દેવ ૧૫ દિવસમાં આ કૃષ્ણરાજીઓમાંથી કોઈક "રાજી"ને ઓળંગી શકે છે, જ્યારે કોઈકને ઓળંગી ન શકાય. આ પ્રમાણે બહુશ્રુતો કૃષ્ણરાજીનું મહત્ત્વ દર્શાવે છે.

☞ તમસ્કાયની જેમ જ અહીં (કૃષ્ણરાજીમાં) ઘર-ગ્રામાદિ નથી, તેમજ સૂર્ય-ચંદ્ર કે તેના કિરણો પણ નથી. અહીં મેઘ-વૃષ્ટિ-વિદ્યુત-ગર્જારવ આદિ બધું જ તમસ્કાયની જેમ જાણવું, વિશેષ - તે મેઘાદિ દેવકૃત જ હોય છે પરંતુ નાગકુમાર કે અસુરકુમાર કૃત હોતા નથી (**ભગવતીસૂત્ર**માં પણ કૃષ્ણરાજીમાં અસુરાદિનો અભાવ જ કહ્યો છે.)[1]

☞ આ કૃષ્ણરાજીના ૮ નામ છે* (૧) **કૃષ્ણરાજી**, (૨) **મેઘરાજી**, (૩) **મઘા**, (૪) **માઘવતી**, (૫) **વાતપરિઘ**, (૬) **વાતપ્રતિક્ષોભ**, (૭) **દેવપરિઘ**, (૮) **દેવપ્રતિક્ષોભ**.

☞ આ અષ્ટકૃષ્ણરાજીની વચ્ચે-વચ્ચે ૯ લોકાંતિક દેવોનાં ૯ વિમાનો આવેલાં છે. તે અનુક્રમે ... (૧) **અર્ચિ**, (૨) **અર્ચિમાલી**, (૩) **વૈરોચન**, (૪) **પ્રભંકર**, (૫) **ચંદ્રાભ**, (૬) **સૂર્યાભ**, (૭) **શુક્રાભ**, (૮) **સુપ્રતિષ્ટાભ** અને સર્વ કૃષ્ણરાજીઓની વચ્ચે (૯) **રિષ્ટ** નામક વિમાન હોય છે.

☞ બ્રહ્મલોકના અંતે રહેલાં હોવાથી આ વિમાનો લોકાંતિક કહેવાય છે. તેમજ લોકાંતિક દેવો સંબંધી હોવાથી પણ તે વિમાનો **"લોકાંતિક"** કહેવાય છે.

---

* (૧) કૃષ્ણવર્ણની હોવાથી "કૃષ્ણરાજી", (૨) કાળા મેઘ સરખી હોવાથી "મેઘરાજી", (૩) છઠ્ઠી નરક તુલ્ય અંધકારવાળી હોવાથી "મઘા", (૪) સાતમી નરક તુલ્ય અંધકારવાળી હોવાથી "માઘવતી", (૫) વાયુની પેઠે ઘટ્ટ અંધકારવાળી તેથી જ દુર્લંઘ્ય હોવાથી "વાતપરિઘ" (વૃત્તપરિઘ), (૬) વાયુના સમૂહની જેમગાઢ અંધકારમય હોવાથી પરિક્ષોભરૂપ હોવાથી "વાતપ્રતિક્ષોભ", (૭) દુર્લંઘ્યપણાથી દેવોને પણ અર્ગલા સમાન હોવાથી "દેવપરિઘ", (૮) દેવોને પણ ક્ષોભના કારણરૂપ હોવાથી "દેવપ્રતિક્ષોભ".

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



તીર્થંકર પ્રભુને
તીર્થ પ્રવર્તનની
વિનંતિ કરતા
૯ લોકાંતિક દેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯ લોકાંતિક દેવો વિષે જાણવા જેવું

78

☞ પૂર્વોક્ત અષ્ટકૃષ્ણરાજીમાં સ્થિત[1] ૯ વિમાનોની અંદર અનુક્રમે - (૧) **સારસ્વત,** (૨) **આદિત્ય,** (૩) **વહ્નિ,** (૪) **વરુણ,** (૫) **ગર્દતોય,** (૬) **તુષિત,** (૭) **અવ્યાબાધ,** (૮) **આગ્નેય (મરુત્)** (૯) **રિષ્ટ**[2] નામક ૯ લોકાંતિક દેવોનો વાસ હોય છે ને અનુત્તર જ્ઞાની એવા તે સર્વ સારસ્વતાદિ લોકાંતિક દેવતાઓ પ્રભુની દીક્ષાનો અવસર જાણીને સાંવત્સરિક દાનને આપવાની ઈચ્છાવાળા થયેલા એવા અરિહંત પ્રભુના ચરણ કમળમાં દીક્ષાના ૧ વર્ષ પહેલાં પોતાના આચાર મુજબ જઈને **"હે પ્રભુ ! આપ ધર્મતીર્થ પ્રવર્તાવો"** એવી વિનંતી કરે છે.

☞ અહીં સારસ્વત અને આદિત્ય બંને દેવોને ૭-૭ દેવો અને બીજા ૭૦૦-૭૦૦ દેવોનો પરિવાર છે. એ જ પ્રમાણે વહ્નિ અને વરૂણદેવનો ૧૪-૧૪ દેવો ને ૧૪,૦૦૦-૧૪,૦૦૦ દેવનો પરિવાર છે. તેમજ ગર્દતોય અને તુષિત દેવોને ૭-૭ દેવો ૭,૦૦૦-૭,૦૦૦ દેવોનો પરિવાર છે તથા અવ્યાબાધ-આગ્નેય ને રિષ્ટ દેવોને ૯-૯ દેવો ને ૯૦૦-૯૦૦ દેવોનો પરિવાર કહેલો છે. આ લોકાંતિક દેવોમાં જે અવ્યાબાધ નામના દેવો છે તેઓ જો કે પુરુષની આંખની પાંપણ ઉપર ૩૨ બદ્ધ નાટકો પણ પ્રગટ કરી શકે છે અને તો પણ તે પુરુષને કોઈપણ બાધા પહોંચતી નથી આવા પ્રકારની શક્તિવાળા તેઓ હોય છે એમ **શ્રી ભગવતી સૂત્રમાં ૧૪માં શતકના ૮માં ઉદ્દેશામાં** કહેલું છે.[3]

☞ શ્રી જિનેશ્વરદેવોએ આ લોકાંતિક વિમાનમાં રહેલા દેવોની સ્થિતિ ૮ સાગરોપમની કહેલી છે. વળી, આ લોકાંતિક દેવતાઓ ઘણા જ પુણ્યશાલી-શુભ આશયવાળા અને એકાવતારી હોય છે અને આવતા ભવમાં નિશ્ચિત મોક્ષમાં જનારા હોય છે. **મતાંતરે** - આઠમા ભવે મોક્ષમાં જનારા હોય છે. (**શ્રી "ઠાણાંગ સૂત્ર"**ની વૃત્તિમાં નવમા સ્થાનમાં કહ્યું છે કે, લોકાન્તે એટલે લોકના અગ્રભાગ સ્વરૂપ સિદ્ધિસ્થાનમાં થયેલા લોકાંતિક કહેવાય. એટલે ભાવિમાં ભૂતનો ઉપચાર કરીને આ પ્રમાણે કહેવાય છે. બાકી તો તેઓ કૃષ્ણરાજીની મધ્યમાં રહેલા છે ને લોકાંતમાં હોવાપણું એટલે આવતા ભવમાં મોક્ષમાં જવાના હોવાથી આવી રીતે ભાવિમાં ભૂતનો ઉપચાર કરેલો છે તેમ સમજવું[4]. તેમજ **"શ્રેણિક ચરિત્ર"**માં એમ કહ્યું છે કે, જે બ્રહ્મલોકના ત્રીજા પ્રતરમાં લોકાંતિક દેવો વસે છે તે એકાવતારી છે[5] અને ૮ સાગરોપમના આયુષ્યવાળા છે તથા **"પ્રવચનસારોદ્ધાર"**માં પણ ઉપરોક્ત વાત કહેવામાં આવી છે.[6])


☞ **તત્વાર્થ સૂત્રની ટીકા**માં તો કહ્યું છે કે, "લોકના અંતમાં થયેલા છે તેથી લોકાંતિક કહેવાય છે." અહીંયા પ્રસ્તુતમાં "લોક" શબ્દથી બ્રહ્મલોક ગ્રહણ કરવો. તેના અંતે રહેતા હોવાથી તેઓ લોકાંતિક કહેવાય છે. **પ્રશ્ન** = તો તો બ્રહ્મલોકના સર્વ દેવો લોકાંતિક કહેવાશે ? **ઉત્તર** = ના. લોક શબ્દ નથી પણ લોકાંત શબ્દ હોવાથી બ્રહ્મલોકના સર્વ દેવો નહીં આવે[7]. (જરા-મરણાદિથી યુક્ત એવો જે લોક તેની અંદર રહેનારા અને કર્મક્ષયના અભ્યાસી હોવાથી **"લોકાંતિક"** કહેવાય છે.)

☞ આ બાજુ **લબ્ધિસ્તોત્ર**માં તો એમ કહ્યું છે કે - સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવેલા જીવો તેમજ ૪ વખત જેમને આહારક લબ્ધિનો ઉપયોગ કરેલો છે અને ૪ વખત જેમને ઉપશમશ્રેણી કરેલી છે, તેવા શ્રી જિનેશ્વર ભગવંત તથા ગણધર ભગવંત એઓ તદ્ભવ મોક્ષગામી છે, જ્યારે લોકાંતિક દેવો ૭-૮ ભવે મોક્ષમાં જનારા હોય છે[8]... ઈત્યાદિ જાણવું.

એમ કહેવાય છે કે .... (૧) સમગ્ર જીવસૃષ્ટિને આનંદનું અમીધાન કરાવતા પરમ તારક શ્રી અરિહંત પરમાત્માના જન્મ કલ્યાણકના પ્રસંગે .... (૨) નિષ્પરિગ્રહી એવા પરમપિતા અરિહંત પરમાત્માના મહાભિનિષ્ક્રમણરૂપ દીક્ષા કલ્યાણકના પ્રસંગે .... તથા (૩) ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ ૪ ઘાતીકર્મોને સંપૂર્ણપણે ઉન્મૂલન કરી પૂર્ણતયા સર્વજ્ઞતાનું પ્રગટીકરણ કરનારા એવા શ્રી અરિહંત પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણકના મહામહોત્સવને ઉજવવા .... આ ત્રણ કારણોથી લોકાંતિકદેવો મનુષ્યલોકમાં આવે છે....

(ઠાણાંગ સૂત્ર-૧૪૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

79


૧૨ વૈમાનિક દેવો

૭૭ અધોલોક તેમજ મધ્યલોકની આંશિક જાણકારી મેળવી. હવે ત્રણ લોકમાં ઊર્ધ્વ સ્થાનમાં રહેલ ઊર્ધ્વલોકનું વર્ણન જોઈએ. જેમ આગળ જાણ્યું કે અધોલોકમાં ભવનાદિમાં રહેનારા એટલે ભવનપતિ દેવો, તેમ અહીં વિમાનમાં ઉત્પન્ન થનાર દેવો તે વૈમાનિક દેવો[૧] કહેવાય. મેરુપર્વતની સમભૂતલાથી ૯૦૦ યોજન ઊપર જઈએ એટલે તિર્ચ્છાલોક પૂર્ણ થાય અને ઊર્ધ્વલોક શરુ થાય. આ ઊર્ધ્વલોકમાં જ વૈમાનિક દેવો વસે છે. આપણી દુનિયામાં રાજા-મંત્રી-સેનાધિપતિ વગેરે કલ્પ (વ્યવસ્થા) જોવા કે સાંભળવા મળે છે તેમ ઈન્દ્ર (રાજા) સામાનિક (સલાહકાર), અનિકાધિપતિ (સેનાધિપતિ), ત્રાયસ્ત્રિંશ (મંત્રી), લોકપાલ (કોટવાલ) વગેરે ૧૦ પ્રકારે કલ્પ = વ્યવસ્થા જે દેવલોકમાં હોય તે "કલ્પોપપન્ન"[૨] કહેવાય છે અને એમાં ૧૨ દેવલોક - ૯ લોકાંતિક અને ૩ કિલ્બિષિક દેવો આવે છે. આ ૧૦ કલ્પ રહિત ૯ ગ્રૈવેયક ને ૫ અનુત્તરના દેવો "કલ્પાતીત" કહેવાય છે. હવે આ કલ્પોપપન્ન દેવો વિશે જાણવા માટે નીચેના કોષ્ટક નિહાળીએ.

ક્રમ	દેવલોકનાં નામો	દેવોનાં ચિહ્ન[૪]	શરીર વર્ણ	યાન-વિમાન નામ	વિમાન ઉચ્ચત્વ-	પૃથ્વી પિંડ[૩]	વિમાન વર્ણ[૪]	વિમાન આધાર[૩]	વિમાન અધિપત્ય[૩]	સામાનિક દેવ[૪]	આત્મરક્ષક દેવ[૪]
૧	સૌધર્મ	મૃગ	કનક	પાલક	૫૦૦ યોજન	૨,૭૦૦ યોજન	૫	ઘનોદધિ	૩૨,૦૦,૦૦૦	૮૪,૦૦૦	૩,૩૬,૦૦૦
૨	ઈશાન	મહિષ	કનક	પુષ્પક	૫૦૦ યોજન	૨,૭૦૦ યોજન	૫	ઘનોદધિ	૨૮,૦૦,૦૦૦	૮૦,૦૦૦	૩,૨૦,૦૦૦
૩	સનત્કુમાર	વરાહ	પદ્મ	સોમનસ	૬૦૦ યોજન	૨,૬૦૦ યોજન	૪	ઘનવાત	૧૨,૦૦,૦૦૦	૭૨,૦૦૦	૨,૮૮,૦૦૦
૪	માહેન્દ્ર	સિંહ	પદ્મ	શ્રીવત્સ	૬૦૦ યોજન	૨,૬૦૦ યોજન	૪	ઘનવાત	૮,૦૦,૦૦૦	૭૦,૦૦૦	૨,૮૦,૦૦૦
૫	બ્રહ્મલોક	બકરો	પદ્મ	નંદાવર્ત	૩૦૦ યોજન	૨,૫૦૦ યોજન	૩	ઘનવાત	૪,૦૦,૦૦૦	૬૦,૦૦૦	૨,૪૦,૦૦૦
૬	લાંતક	દર્દુર	શ્વેત	ક્રમનામ	૩૦૦ યોજન	૨,૫૦૦ યોજન	૩	ઘનો. ઘન.	૫૦,૦૦૦	૫૦,૦૦૦	૨,૦૦,૦૦૦
૭	મહાશુક્ર	હય	શ્વેત	પ્રીતિગમ	૮૦૦ યોજન	૨,૪૦૦ યોજન	૨	ઘનો. ઘન	૪૦,૦૦૦	૪૦,૦૦૦	૧,૬૦,૦૦૦
૮	સહસ્રાર	ગજ	શ્વેત	મનોરમ	૮૦૦ યોજન	૨,૪૦૦ યોજન	૨	ઘનો. ઘન.	૬,૦૦૦	૩૦,૦૦૦	૧,૨૦,૦૦૦
૯	આનત	ભુજગ	શ્વેત	વિમલ	૯૦૦ યોજન	૨,૩૦૦ યોજન	૧	આકાશ	૪૦૦	૨૦,૦૦૦	૮૦,૦૦૦
૧૦	પ્રાણત	સર્પ	શ્વેત								
૧૧	આરણ	વૃષભ	શ્વેત	સર્વતોભદ્ર	૯૦૦ યોજન	૨,૩૦૦ યોજન	૧	આકાશ	૩૦૦	૧૦,૦૦૦	૪૦,૦૦૦
૧૨	અચ્યુત	મૃગ	શ્વેત								
										૫,૧૬,૦૦૦	૨૦,૬૪,૦૦૦

ક્રમ	દેવલોકનાં નામો	જઘન્ય આયુ	ઉત્કૃષ્ટ આયુ	અત્યંતર પર્ષદાના દેવોની		મધ્યમ પર્ષદાના દેવોની		બાહ્ય પર્ષદાના દેવોની	
				સંખ્યા	સ્થિતિ	સંખ્યા	સ્થિતિ	સંખ્યા	સ્થિતિ
૧	સૌધર્મ	૧ પલ્યોપમ	૨ સાગરોપમ	૧૨,૦૦૦	૫ પલ્યોપમ	૧૪,૦૦૦	૪ પલ્યોપમ	૧૬,૦૦૦	૩ પલ્યોપમ
૨	ઈશાન	સાધિક ૧ પલ્યોપમ	સાધિક ૨ સાગરોપમ	૧૦,૦૦૦	૩ પલ્યોપમ	૧૨,૦૦૦	૬ પલ્યોપમ	૧૪,૦૦૦	૫ પલ્યોપમ
૩	સનત્કુમાર	૨ સાગરોપમ	૭ સાગરોપમ	૮,૦૦૦	૪ $\frac{1}{2}$ સાગરોપમ + ૫ પલ્યોપમ	૧૦,૦૦૦	૪ $\frac{1}{2}$ સાગરોપમ + ૪ પલ્યોપમ	૧૨,૦૦૦	૪ $\frac{1}{2}$ સાગરોપમ + ૩ પલ્યોપમ
૪	માહેન્દ્ર	સાધિક ૨ સાગરોપમ	સાધિક ૭ સાગરોપમ	૬,૦૦૦	૪ $\frac{1}{2}$ સાગરોપમ + ૩ પલ્યોપમ	૮,૦૦૦	૪ $\frac{1}{2}$ સાગરોપમ + ૬ પલ્યોપમ	૧૦,૦૦૦	૪ $\frac{1}{2}$ સાગરોપમ + ૫ પલ્યોપમ
૫	બ્રહ્મલોક	૭ સાગરોપમ	૧૦ સાગરોપમ	૪,૦૦૦	૫ $\frac{1}{2}$ સાગરોપમ + ૫ પલ્યોપમ	૬,૦૦૦	૫ $\frac{1}{2}$ સાગરોપમ + ૪ પલ્યોપમ	૮,૦૦૦	૫ $\frac{1}{2}$ સાગરોપમ + ૩ પલ્યોપમ
૬	લાંતક	૧૦ સાગરોપમ	૧૪ સાગરોપમ	૨,૦૦૦	૧૨ સાગરોપમ + ૩ પલ્યોપમ	૪,૦૦૦	૧૨ સાગરોપમ + ૬ પલ્યોપમ	૬,૦૦૦	૧૨ સાગરોપમ + ૫ પલ્યોપમ
૭	મહાશુક્ર	૧૪ સાગરોપમ	૧૭ સાગરોપમ	૧,૦૦૦	૧૩ $\frac{1}{2}$ સાગરોપમ + ૫ પલ્યોપમ	૨,૦૦૦	૧૩ $\frac{1}{2}$ સાગરોપમ + ૪ પલ્યોપમ	૪,૦૦૦	૧૩ $\frac{1}{2}$ સાગરોપમ + ૩ પલ્યોપમ
૮	સહસ્રાર	૧૭ સાગરોપમ	૧૮ સાગરોપમ	૫૦૦	૧૭ $\frac{1}{2}$ સાગરોપમ + ૩ પલ્યોપમ	૧,૦૦૦	૧૭ $\frac{1}{2}$ સાગરોપમ + ૬ પલ્યોપમ	૨,૦૦૦	૧૭ $\frac{1}{2}$ સાગરોપમ + ૫ પલ્યોપમ
૯	આનત	૧૮ સાગરોપમ	૧૯ સાગરોપમ	૨૫૦	૧૯ સાગરોપમ + ૫ પલ્યોપમ	૫૦૦	૧૯ સાગરો + ૪ પલ્યોપમ	૧,૦૦૦	૧૯ સાગરોપમ + ૩ પલ્યોપમ
૧૦	પ્રાણત	૧૯ સાગરોપમ	૨૦ સાગરોપમ						
૧૧	આરણ	૨૦ સાગરોપમ	૨૧ સાગરોપમ	૧૨૫	૨૧ સાગરોપમ + ૩ પલ્યોપમ	૨૫૦	૨૧ સાગરો + ૬ પલ્યોપમ	૫૦૦	૨૧ સાગરોપમ + ૫ પલ્યોપમ
૧૨	અચ્યુત	૨૧ સાગરોપમ	૨૨ સાગરોપમ						

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તરવાસી દેવો

80

(૯ ગ્રૈવેયક...)

☞ કલ્પાતીત દેવોના શાસ્ત્રોમાં ૨ પ્રકાર બતાવ્યા છે. (૧) ૯ **ગ્રૈવેયક,** (૨) ૫ **અનુત્તર.**

☞ ગ્રૈવેયક વિમાનોના જે ૯ પ્રકાર બતાવ્યા છે. તેમના નામો આ પ્રમાણે જાણવાં... (૧) **સુદર્શન,** (૨) **સુપ્રતિબદ્ધ,** (૩) **મનોરમ,** (૪) **સર્વતોભદ્ર,** (૫) **વિશાલ,** (૬) **સુમન,** (૭) **સૌમનસ,** (૮) **પ્રીતિકર,** (૯) **નંદિકર...**

આ ૯ ગ્રૈવેયક વિમાનો અનુક્રમે એક-બીજાની ઉપર આવેલા છે અને વળી તે પુરુષાકૃતિ રુપી લોકના ગ્રીવાસ્થાને રહેલા હોવાથી ગ્રૈવેયક કહેવાય છે[૧].

☞ નવ ગ્રૈવેયકમાં કુલ વિમાનો - ૩૧૮ છે[૨]. તે આ પ્રમાણે - ૬૯ ગોળ, ૮૪ ત્રિકોણ, ૭૨ ચોરસ અને ૯૩ પુષ્પાવકિર્ણ રૂપે છે. એમાં આદ્યત્રિકમાં ગોળ-૩૫, ત્રિકોણ-૪૦ અને ચોરસ-૩૬ મળી કુલ ૧૧૧ વિમાનો પંક્તિગત છે. મધ્યમત્રિકમાં ગોળ-૨૩, ત્રિકોણ-૨૮, ચોરસ-૨૪ અને પુષ્પાવકિર્ણ-૩૨ મળી ૧૦૭ વિમાનો થાય છે. ઉપરિત્રિકમાં ગોળ-૧૧, ત્રિકોણ-૧૬, ચોરસ-૧૨ ને પુષ્પાવકિર્ણ-૬૧ મળી ૧૦૦ વિમાનો થાય છે.

☞ અહીંનાં વિમાનોની પૃથ્વીની જાડાઈ ૨૨૦૦ યોજન છે અને પ્રાસાદ ૧,૦૦૦ યોજન ઊંચાં છે અને ઊપર સુંદર ધ્વજાઓ છે.

☞ પ્રથમ ગ્રૈવેયકનું જઘન્ય આયુષ્ય-૨૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટ-૨૩ સાગરોપમ એમ ૧-૧ સાગરોપમ વધારતા છેલ્લે નવમાં ગ્રૈવેયકનું જઘન્ય આયુષ્ય ૩૦ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૧ સાગરોપમ હોય છે. (વચ્ચેનાં સ્વયં જાણી લેવા...)

☞ ગ્રૈવેયકના સર્વ દેવો અહમિન્દ્રપણાને વરેલા છે, એટલે કે બધા જ સમાન છે, કોઈ સ્વામી-સેવક ભાવ નથી.

(૫-અનુત્તર...)

☞ નવમાં ગ્રૈવેયકથી અસંખ્ય યોજન ઊંચે જઈએ ત્યાં અનુત્તર નામનું પ્રતર આવે છે. ત્યાં સર્વોત્કૃષ્ટ એવા ૫-અનુત્તર વિમાનો છે. તેના મધ્યમાં ૧ ઈન્દ્રક વિમાન છે અને ચારે બાજુ ૧-૧ એમ ૪ વિમાનો આવેલા છે.

☞ ઈન્દ્રક વિમાનની પૂર્વ દિશામાં **વિજય,** દક્ષિણમાં-**વૈજયન્ત,** પશ્ચિમમાં-**જયંત** અને ઉત્તરમાં **અપરાજિત** નામે વિમાનો આવેલાં છે અને મધ્યમાં સર્વ અર્થને સિદ્ધ કરનારું **સર્વાર્થસિદ્ધ** નામનું વિમાન આવેલું છે.

☞ ગ્રૈવેયકની જેમ અહીંના પણ સર્વ દેવો અહમિન્દ્રત્વને વરેલા હોય છે. ઐશ્વર્ય, રુપ, કાંતિ, સુખ, શોભાથી પરસ્પર તુલ્ય હોય છે[૩].

☞ શય્યામાં જે આકાશ પ્રદેશમાં પ્રથમ ક્ષણે જે રીતે ઉત્પન્ન થાય છે, તે જ રીતે જિંદગી સુધી ચત્તા સુતા રહે છે[૪]...

☞ વિજયાદિ ૪માં ૩૧-૩૨ સાગરોપમના આયુષ્યવાળા દેવો પણ હોય છે. જ્યારે સર્વાર્થસિદ્ધમાં તો ૩૩ સાગરોપમનું જ આયુષ્ય હોય છે.

☞ છઠ્ઠ તપથી ખપી શકે તેટલા માત્ર કર્મ બાકી રહેવાથી અતિ પાતળા કર્મવાળા મહાભાગ્યશાલી દેવો જ અહીં ઉત્પન્ન થાય છે[૫].

☞ આદ્ય (પહેલા) સંઘયણવાળા, સ્વયં ઉજ્જવલ સંયમની આરાધનાવાળા, અલ્પ ભવી એવા ભવ્યો જ (ભવ્ય જીવો જ) અહીં ઉત્પન્ન થાય છે. વળી, કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલી, શુભાશયવાળી, સમ્યગ્દષ્ટિ, શુક્લલેશ્યાવાળી સ્ત્રીઓ (સાધ્વીજી) પણ અનુત્તરમાં ઉત્પન્ન થાય છે[૬].

☞ સર્વાર્થસિદ્ધ વિમાનમાં તો ૧ ભવમાં જ (આવતા ભવે જ) સિદ્ધ થનારા જીવો ઉત્પન્ન થાય છે. જ્યારે વિજયાદિ ૪ વિમાનોમાં સંખ્યાતા ભવો કરનારા જીવો પણ ઉત્પન્ન થાય છે[૭].

☞ સર્વાર્થસિદ્ધ વિમાનમાં સંખ્યાતા દેવો જ હોય છે. જ્યારે વિજયાદિ ૪ વિમાનોમાં અસંખ્યાતા દેવો હોય છે[૮].

☞ આ ગ્રૈવેયક કે અનુત્તરમાં કોઈપણ દેવો વચ્ચે સેવ્ય-સેવક ભાવ હોતો નથી. વળી, આ વિમાનમાં વસનારા દેવો વિષય-સેવનથી રહિત હોય છે. કેમ કે તેઓ અલ્પ સંક્લેશવાલા હોવાથી સ્વસ્થ અને શાંત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

08

॥ કલ્પોપપન્ન દેવોના ૧૦ પ્રકાર...॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પોપપન્ન દેવોના ૧૦ પ્રકારનો કલ્પ

81

☞ મનુષ્યલોકમાં રાજા, જાગીરદાર, મહામાત્ય, નગરશેઠ, પુરોહિત-રાજગોર, ફોજદાર, સેનાધિપતિ, સભાસદો અને ચંડાલો વગેરે જુદી જુદી જાતની વ્યવસ્થા ને ફરજો બજાવનારી વ્યક્તિઓ હોય છે અને તેઓ દ્વારા રાજાની ને પ્રજાની સર્વ વ્યવસ્થાઓ, સંરક્ષણ અને સર્વવ્યવહારો સુલભ રીતે ચલાવી શકાય છે. તે પ્રમાણે દેવલોકમાં પણ (૧) ઈન્દ્ર, (૨) સામાનિક, (૩) ત્રાયસ્ત્રિંશક, (૪) ત્રણ પર્ષદામાં બેસવા યોગ્ય અધિકારી દેવો, (૫) આત્મરક્ષક દેવો, (૬) લોકપાલ દેવો, (૭) સેનાના દેવો, (૮) પ્રકીર્ણક દેવો, (૯) અભિયોગ્ય અને (૧૦) કિલ્બિષિક દેવો એમ ૧૦ પ્રકારના કલ્પ-વ્યવસ્થા વડે ભવનપતિ વગેરે ચારે નિકાયના દેવલોકનું તંત્ર સુવ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે. તે દરેક દેવો નીચે જણાવેલા પોતપોતાના અધિકૃત કર્તવ્યમાં સદા પરાયણ રહે છે. તેઓની સંક્ષિપ્ત જાણકારી + કર્તવ્યતા હવે કહેવાય છે...

☞ **ઈન્દ્ર :** જે દેવલોકનું સ્વામીત્વ પોતાને પ્રાપ્ત થયેલું હોય છે, ત્યાં વર્તતા સર્વ દેવો જેમણે પોતાના સ્વામી તરીકે સ્વીકારે તે **"ઈન્દ્ર"** કહેવાય છે.

☞ **સામાનિક :** કાન્તિ-વૈભવ વગેરે સર્વમાં ઈન્દ્રના સરખી ઋદ્ધિ જેઓને પ્રાપ્ત થયેલ હોય અને ઈન્દ્રોને પણ તે તે કાર્યોમાં સલાહ લેવા લાયક હોય તે **"સામાનિક"** કહેવાય. આ દેવો ઈન્દ્ર સમાન ઋદ્ધિવાળા હોય છે, તો પણ ઈન્દ્રને પોતાના સ્વામી તરીકે માને છે અને વળી તેઓ (તે સામાનિક દેવો) પોતપોતાના વિમાનમાં જ વસનારા હોય છે.

☞ **ત્રાયસ્ત્રિંશક :** (એક ઈન્દ્રની અપેક્ષાએ) જેઓની ૩૩ સંખ્યા જ હોય અને જેઓ ઈન્દ્રની માલિકીનાં વિમાનો, દેવો વગેરે સર્વની ચિંતા કરનારા હોવાથી મંત્રી જેવા સાથે સાથે શાંતિક-પૌષ્ટિક કર્મને કરનારા તેમજ પુરોહિત-રાજદ્વારનું કામ પણ કરનારા હોય છે. તે તૈત્રીસ જ હોવાથી **"ત્રાયસ્ત્રિંશક"** કહેવાય છે. આ દેવોનાં પણ સ્વતંત્ર વિમાનો હોય છે.

☞ **પાર્ષદ્ય :** પર્ષદામાં બેસવા યોગ્ય ઈન્દ્રના મિત્ર સરખા દેવો તે **"પાર્ષદ્ય"** કહેવાય છે. આ પર્ષદા એટલે કે સભા ત્રણ પ્રકારની હોય છે. જઘન્ય-મધ્યમ-ઉત્તમ અથવા બાહ્ય-મધ્યમ-અભ્યંતર. તેમાં બેસનારા દેવો તે "પાર્ષદ્ય" કહેવાય જેમ રાજશાસનમાં પણ અત્યારે આમ સભા, ઉમરાવ સભા વગેરે વ્યવસ્થા છે તેમ જાણવી...

☞ **આત્મરક્ષક :** જેઓ ઈન્દ્રોનું રક્ષણ કરનારા હોય અર્થાત્ ઈન્દ્રો સ્વયં શક્તિ સંપન્ન હોવા પૂર્વક પ્રાયઃ નિર્ભય હોય છતાં આ આત્મરક્ષક દેવો પોતાના આચારનું પાલન કરવા માટે હંમેશાં શસ્ત્ર-બખ્તરાદિથી સજ્જ રહેવા સાથે ઈન્દ્રની પાસે હંમેશાં ખડા પગે ઉભા રહે છે, જેને દેખતાં જ શત્રુઓ ભય પામી જાય છે, તેને **"આત્મરક્ષક"** દેવો કહેવાય છે.

☞ **લોકપાલ :** ઈન્દ્ર મહારાજા ફરમાવ્યા પ્રમાણે તે તે વિભાગનું રક્ષણ કરનારા ને ચોરી-જારી વગેરે ગુન્હા કરનારાઓને યથાયોગ્ય શિક્ષા કરનારા તે **"લોકપાલ"** કહેવાય છે. (જેને મનુષ્યલોકના "સુબા"ની ઉપમા આપી શકાય છે.)


☞ **અનીક :** તે સૈન્ય, હાથી (ગજાનીક), ઘોડા (હયાનીક), રથ (રથાનીક), મહિષ (પાડા)-(મહિષાનીક), પાયદલ (પદાત્યનીક) ગંધર્વ (ગન્ધર્વાનીક), નાટ્ય (નાટ્યાનીક) એ સાત પ્રકારનું સૈન્ય જરૂર પડે ત્યારે વૈક્રિય શક્તિ દ્વારા રૂપો વિકુર્વી સૈન્યનું કામ કરનાર તે **"અનીક"** દેવો કહેવાય છે.

☞ **પ્રકીર્ણક :** મનુષ્યલોકમાં નાગરિક લોકો સરખા અથવા પ્રજા સરખા દેવો તે **"પ્રકીર્ણક"** દેવો કહેવાય છે.

☞ **અભિયોગ્ય :** નોકર – ચાકર વગેરે યોગ્ય કામમાં જેઓને જોડાવવામાં આવે છે, તે દાસ સરખા **"અભિયોગ્ય"** દેવો જાણવા.

☞ **કિલ્બિષિક :** મનુષ્યલોકના ચંડાલની માફક અશુભ નિંદ્ય કાર્ય કરનારા તે **"કિલ્બિષિક"** દેવો કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિલ્બિષિક દેવોના પ્રકાર અને નિવાસસ્થાનો...

82

☞ **કિલ્બિષિક દેવો**[1] અશુભકાર્ય કરનારા હોવાથી લગભગ ચંડાલ જેવા હોય છે★. ચંડાલ જેવું કાર્ય કરનારી આ દેવજાતિ નીચકર્મના ઉદયથી દેવપણું પામવા છતાં નીચકર્મ કરનારી અવસ્થાને પ્રાપ્ત થાય છે અને ઉત્તમ દેવોના સ્થાનથી પણ નીચે દૂર રહેવાના અધિકારને પામેલા હોય છે. તેના ૩ પ્રકારો છે. તેમાં સૌધર્મ અને ઈશાનના અધોભાગે (એટલે જ્યોતિષી અને વૈમાનિક નિકાયના વચ્ચે) ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા દેવો વસે છે. ત્રીજા સનત્કુમારના અધોભાગે ત્રણ સાગરોપમના આયુષ્યવાળા ને લાંતક કલ્પના અધોભાગે તેર સાગરોપમના આયુષ્યવાળા કિલ્બિષિક દેવો વસે છે. આ દેવોના આ ત્રણ જ ઉત્પત્તિ સ્થાનકો હોય છે. તે અર્હદ્ ભગવંતની આશાતનાથી જમાલી વગેરેની જેમ પૂર્વભવમાં દેવ-ગુરુ-ધર્મની નિંદા કરવાથી, ધર્મના કાર્યો દેખી બળતરા કરવાથી, ઉત્પન્ન કરેલા અશુભ-કર્મના ઉદયથી દેવલોકમાં નીચ કાર્યો કરનારા કિલ્બિષિયા દેવ તરીકે ઉત્પન્ન થાય છે. અહીંયાં તે તે કલ્પનાં અધોસ્થાનકે આ કિલ્બિષિયા છે. આ કિલ્બિષિકોનું લાંતકથી ઉપર તો ઉપજવું જ થતું નથી. ફક્ત અચ્યુતાન્ત સુધી બીજા આભિયોગિકાદિ (આભિયોગિક એટલે દાસ-સેવક યોગ્ય કાર્ય બજાવનારા અને "આદિ" શબ્દથી સામાનિકાદિ પ્રકીર્ણક...) જેવોનું ઉપજવું થાય છે. તેથી આગળ તો તેઓની પણ ઉત્પત્તિ નથી. કારણ કે, ગ્રૈવેયક-અનુત્તર દેવો અહમિંદ્ર હોવાથી તેમને તેઓની કોઈ આવશ્યકતા પણ નથી. તેથી ત્યાં નાના-મોટા ભેદોનું અસ્તિત્વ જ નથી, પરંતુ સહુ સમાનતા જ ભોગવે છે.

★ દેવોમાં પણ હલકી જાતિના દેવો છે, તે તે અસ્પૃશ્ય ગણાય છે. ત્યાં પણ અનાદિકાળથી સ્પૃશ્યાસ્પૃશ્યની વ્યવસ્થા છે, તો પછી મનુષ્ય લોકમાં હોય તેમાં શી નવાઈ ? આવી સિદ્ધ વ્યવસ્થાનો સર્વથા નાશ કરવાના ભગીરથ પ્રયત્નો થઈ રહ્યા છે, પણ તેવાં પ્રયત્નમાં કાયમમાટે સફળતા નહિ સાંપડે. કારણ કે, કર્મના સિદ્ધાંત અચલ હોય છે. એક ખ્યાલ એ પણ વિચારવા જેવો છે કે અસ્પૃશ્ય દેવોનો વસવાટ દેવલોકમાં પણ સહુના ભેગો નથી, પણ સ્વસ્થાનથી અલગ છે તેમજ તે દેવલોકથી દૂર અને અધોભાગે છે. હવે અહીં "અધો" શબ્દ પ્રથમપ્રસ્તર (પ્રતર) વાચી નથી. કારણ કે તે તે કલ્પમાં પ્રથમપ્રસ્તરની સ્થિતિ આવે, આ દેવોની ઉપરોક્ત કહેલી સ્થિતિનું મળતાપણું નથી. વળી, અન્ય વિમાન મધ્યે તો તેઓની નીચ સ્થિતિને કારણે અસ્તિત્વ સંભવતું પણ નથી. અહીં "અધ" શબ્દ તત્સ્થાનવાચી જાણવો. એટલે તે તે દેવલોકમાં ભેગા નહિ પણ નીચે દૂર દૂર વસવાટ કરે છે.

તત્ત્વજ્ઞાનની આરાધનાનું ફળ

(૧) ધર્મના માર્ગની પ્રાપ્તિ થાય. (૨) જગતના સ્વરૂપની વાસ્તવિક ઓળખાણ થાય. (૩) વિવિધ દૃષ્ટિકોણના જ્ઞાનથી બુદ્ધિ ખીલતી જાય. (૪) કોઈ પણ સંજોગોમાં સ્વસ્થ રહી શકાય. (૫) સુખ-દુઃખની સાચી સમજ મળે. (૬) કર્મનાં રહસ્યોનો બોધ થાય. (૭) અધ્યાત્મ જગતના સુખની ઝાંખી થાય. (૮) શંકા-કુશંકાઓ દૂર થાય. (૯) જીવનમાં માણસાઈ અને સજ્જનતાની પ્રાપ્તિ થાય. (૧૦) ગુણોના વિકાસ માટે સાચો માર્ગ મળે. (૧૧) હૈયામાં આરાધક ભાવ ઊભો થાય. (૧૨) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દ્વારા સંયમધર્મ પ્રાપ્ત થાય. (૧૩) પરલોકમાં પણ જૈનધર્મ મળે તેવા સુકુળાદિની પ્રાપ્તિ થાય. (૧૪) સમ્યક્‌જ્ઞાનનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય. (૧૫) દરેક ક્રિયા ફળવંતી-ભાવવાહી બને. (૧૬) ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય. (૧૭) પરંપરાએ મોક્ષસુખની પ્રાપ્તિ થાય...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


ચ્યવન કલ્યાણક



જન્મ કલ્યાણક




દીક્ષા કલ્યાણક





કેવલજ્ઞાન કલ્યાણક



નિર્વાણ કલ્યાણક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કયા કારણે દેવો મનુષ્યલોકમાં આવે છે ?

83

☞ કહેવાય છે કે તદ્‌ભવમાં તીર્થંકર પરમાત્મા રૂપે થનારી વ્યક્તિ જ્યારે દેવલોકાદિક ગતિમાંથી ભરતાદિક કર્મભૂમિને વિષે ચ્યવીને પ્રકર્ષ પુણ્યશાલી માતાની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે ત્યારે મહાનુભાવ પરમાત્માનો જીવ જગજ્જંતુના કલ્યાણાર્થે મનુષ્યલોકમાં ઉત્પન્ન થયો છે એવું અવધિજ્ઞાનથી જાણીને તેઓશ્રીના **ચ્યવન કલ્યાણકનો** મહોત્સવ ઉજવવા દેવો મનુષ્યલોકમાં આવે છે. પુણ્યાત્માના ગર્ભના પ્રભાવથી માતાને ગર્ભવેદના, ઉદરવૃદ્ધિ, જન્માદિક કાળે અશુચિપણું આદિ કાંઈ પણ હોતું નથી.

☞ અનુક્રમે ગર્ભનો યથાયોગ્ય સમય થતાં તે પરમાત્માનો (ત્રણ જ્ઞાનપૂર્વક) જન્મ થાય છે, જે સમગ્ર વિશ્વને કલ્યાણરૂપ હોવાથી નારકીને પણ ક્ષણવાર સુખના કારણરૂપ બને છે. જન્મ થવાથી સર્વત્ર આનંદ અને મંગલ વર્તાય છે. એ પ્રસંગે ઈન્દ્રાદિક દેવો સુઘોષાઘંટ દ્વારા સર્વ દેવોને ખબર આપે, સહુ એકઠા થઈ, વિમાન દ્વારા આ લોકમાં જન્મગૃહે આવી વિદ્યાબળથી પ્રભુના પ્રતિબિંબને માતા પાસે રાખી, પ્રભુના મૂળ શરીરને પોતે જ ગ્રહણ કરી પોતાના જ પંચરૂપ કરવા પૂર્વક મેરુપર્વત ઊપર જઈ અભિષેકાદિ મહામહોત્સવ કરે છે. આ રીતે અનેક દેવ-દેવીઓ અનેક રીતે... ઘણા જ ઠાઠમાઠથી પ્રભુના **જન્મ કલ્યાણકનો** મહોત્સવ કરવા મનુષ્યલોકમાં આવે છે.

☞ અનુક્રમે વૃદ્ધિ પામેલા પ્રભુનાં ભોગાવલી કર્મ ક્ષય થતાં, શાશ્વત નિયમ મુજબ લોકાન્તિક દેવોની આચાર પાલન પૂરતી જય-જય શબ્દ પૂર્વક તીર્થ પ્રવર્તન કરવાની સૂચના થવાથી જગતને એક વરસ સુધી અઢળક ધનાદિનું દાન આપી, જગતનું દારિદ્રય દૂર કરી જ્યારે દીક્ષા લેવા તૈયાર થાય ત્યારે પણ દેવો **દીક્ષા કલ્યાણકનો** મહોત્સવ ઉજવવા અહીં પૃથ્વીલોકમાં અવતરે છે.

☞ એ પ્રમાણે દીક્ષા ગ્રહણ કર્યા બાદ કેવળ જગજ્જંતુનાં કલ્યાણાર્થે, શુદ્ધ મુક્તિ માર્ગનો આદર્શ બતાવવા, ઉચ્ચતમ અહિંસા, ઉગ્રતપ-સંયમનું સેવન કરતા, આવતા અનેક ઉપદ્રવોને સમભાવે વેદતા, ચાર ઘાતિ કર્મનો ક્ષય કરી વીતરાગપણું પ્રાપ્ત કરીને, તેરમે ગુણસ્થાનકે જ્યારે કેવળજ્ઞાની બને છે ત્યારે તે **કેવળજ્ઞાન કલ્યાણકના** મહિમાને ઉજવવા દેવો અહીં આવે છે.

☞ કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્મા પોતાની ઉપ ગુણયુક્ત બનેલી પ્રભાવિક વાણીથી વિશ્વના પ્રાણીને સાચો મુક્તિ-સુખનો માર્ગ બતલાવી, કેઈકના કલ્યાણ કરી-કરાવી, તે જ દ્વારા પોતાના બાકી રહેલા ૪ (ચાર) ભવોપગ્રાહી કર્મ (અઘાતીકર્મ)નો ક્ષય કરી નિરાબાધપણે જ્યારે મોક્ષે જાય છે તે સમયે એ મહાનુભાવો (દેવો) પરમાત્માના **મોક્ષ (નિર્વાણ) કલ્યાણકને** ઉજવવા અહીં આવે છે.

☞ એમ દેવો ચ્યવન (ગર્ભ) - જન્મ - દીક્ષા - કેવળ અને નિર્વાણ કલ્યાણકોને ઉજવવા આ મનુષ્ય લોકમાં અવતરે છે. એ સિવાય પણ કોઈ મહર્ષિના મહાન તપનાં પ્રભાવથી આકર્ષાઈને તેનો મહિમા વધારવા અથવા વંદન-નમસ્કારાદિ કરવા... વળી, જન્માંતરના સ્નેહાદિકના કારણે એટલે કે મનુષ્યાદિકની ઉપરના રાગથી અથવા દ્વેષબુદ્ધિ (સંગમાદિ આવ્યા હતા તેમ...) વગેરે કારણે તેઓનું આ લોકમાં આવવાનું થાય છે. એ પ્રમાણે જ પૂર્વભવમાં સ્નેહથી બંધાયેલા દેવો મિત્રને સુખ આપવા ને અમિત્ર (દુશ્મન)ને દુઃખ આપવા માટે નરકમાં પણ જાય છે.[1]


☞ વળી પરમાત્માના કેવળજ્ઞાન પછી જઘન્યથી પણ ૧ ક્રોડ દેવતાઓ સદા સાથે જ હોય છે.

☞ પરમાત્માનું સમવસરણ બનાવવા માટે પણ દેવો જ આ પૃથ્વી પર આવે છે.


☞ પરમાત્મા પ્રત્યે ભક્તિભાવ પ્રગટ કરવા પણ સૂર્યાભદેવ વગેરે આ પૃથ્વી પર અવતરે છે.

☞ ચક્રવર્તી-વાસુદેવાદિ શલાકાપુરુષોની સેવા-સહાયાદિ માટે પણ આ દેવો પૃથ્વી પર રહેતા હોય છે.... ઇત્યાદિ કારણોથી એમ કહેવાય કે દેવો મનુષ્યલોકમાં આવતા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



॥ સૌધર્મ-ઈશાન દેવલોક આશ્રયી ૧૩ પ્રતર... ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોકમાં પ્રતરોની વ્યવસ્થા કેવી રીતે હોય છે ?

84

☞ જેમ નરકોમાં આપણે પ્રતરોની વ્યવસ્થા જોઈ તેવી જ રીતે દેવલોકમાં પણ પ્રતરોથી વ્યવસ્થા હોય છે. અહીં સ્વાભાવિક પ્રશ્ન થાય કે આ પ્રતર એટલે શું ? તો કહેવાય છે કે પ્રતર એટલે ફ્લોર-માળ. મનુષ્યલોકમાં વર્તતા ઘરોમાં ૧૦૦-૧૦૦ મજલા હોય છે. એ માળોની ગણત્રી કરાવનાર અથવા વિભાગ પાડનાર જે તલ-પ્રદેશ-વસ્તુ, તેને જ દેવલોકાશ્રયી શાસ્ત્રીય પરિભાષામાં **"પ્રતર"** શબ્દથી સંબોધાય છે. પરંતુ વિશેષ એ છે કે, મનુષ્યલોકના મજલાઓ, પાટડાઓ વગેરે સામગ્રીના આલંબને રહેલા હોય છે. જ્યારે દેવલોકમાં રહેલા પ્રતરો-થરો-પાથડાઓ સ્વાભાવિક રીતે કોઈપણ પ્રકારના આલંબન વિના જ રહેલા હોય છે... પરંતુ એટલું વિશેષ સમજવાનું છે કે - દેવલોકના પ્રતરો જુદા ને વિમાનો પણ જુદાં... (એટલે કે પાથડા ઊપર વિમાનો જુદા...) એમ બે જુદી જુદી વસ્તુ નથી કિન્તુ સમગ્ર કલ્પના વિમાનો નીચેથી સમ સપાટીએ હોવાથી એ વિમાનના અધસ્તન તળિયાથી જ (વિમાનના કારણે જ) વિભાગ પડતા પાથડાઓ સમજવા. એવા પાથડા કે થરો આંતરે આંતરે જુદી જુદી સંખ્યામાં રહેલા છે. તેમાં પ્રથમ સૌધર્મ તથા ઈશાન દેવલોકના મળી ૧૩ પ્રતરો (તળપ્રદેશો) વલયાકારે છે એટલે બંને દેવલોક એક સરખી સપાટીમાં વિના વ્યાઘાતે જોડાયેલા છે અને તેથી તે સંપૂર્ણ વલયાકારે બને છે. આ દેવલોક પૂર્ણેન્દુના આકારે હોવાથી કહેલા ૧૩ પ્રતરો વલયાકારે છે અને તે પણ ત્યારે જ લઈ શકાય છે જ્યારે બંને દેવલોકના પ્રતરો ભેગા ગણીએ તો એટલે આ દેવલોક મહાવિદેહ ક્ષેત્રની ઉર્ધ્વદિશાએ સીધી સપાટીએ હોવાથી તે ક્ષેત્રની અપેક્ષાએ પૂર્વ મહાવિદેહ તરફનો અને પશ્ચિમ મહાવિદેહ તરફનો તેમજ મધ્યભાગથી અર્ધ-અર્ધ વિભાગ કરીએ તો એક મેરુથી દક્ષિણ દિશાનો અને એક મેરુથી ઉત્તર દિશાનો એમ બે (૨) વિભાગ પડે છે. એમાં દક્ષિણ વિભાગના અર્ધ વલયાકાર ખંડના તેર પ્રતરો સૌધર્મના અને ઉત્તર વિભાગના અર્ધ વલયાકાર ખંડના તેર પ્રતરો ઈશાનેન્દ્રના જાણવા...

એ જ પ્રમાણે સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોક માટે સમજવું અર્થાત્ અહીં પણ બંને દેવલોકના મળી બાર પ્રતરો વલયાકારે લેવાના છે. એમાં દક્ષિણ વિભાગના (બાર) ૧૨ પ્રતરોનો માલિક સનત્કુમારેન્દ્ર અને ઉત્તર દિશાના બાર પ્રતરો માહેન્દ્રદેવના જાણવા. પાંચમા બ્રહ્મ દેવલોકે ખંડ વિભાગ નથી તેથી ત્યાં છ (૬) પ્રતરો વલયાકારે સમજવા. તે રીતે છઠ્ઠા સાતમા-આઠમા દેવલોકમાં ૫-૪-૪ પ્રતરો માટે સમજવું. આણત અને પ્રાણત દેવલોકમાં સૌધર્મ દેવલોકની જેમ બંનેમાં મળી ૪ પ્રતરો વલયાકારે સમજવા. આરણ અને અચ્યુત એ બંનેના મળી આણત-પ્રાણતની જેમ ૪ પ્રતરો વલયાકારે જાણવા. આ પ્રમાણે ૧૨ દેવલોક સુધીમાં બાવન (૫૨) પ્રતરો થયા...

તેની ઉપર પ્રત્યેક ગ્રૈવેયકનું એક-એક (૧-૧) પ્રતર ગણતા નવગ્રૈવયકના નવ પ્રતરો થાય છે અને પાંચ (૫) અનુત્તર દેવલોકનું એક જ પ્રતર એટલે એકંદરે ૧૦ પ્રતરો પૂર્વના (૫૨) બાવન પ્રતરોમાં ઉમેરતા ૬૨ પ્રતરો વૈમાનિક દેવલોકના જાણવા[1]. પ્રત્યેક દેવલોકના પ્રતરોનું અંતર પ્રાયઃ દરેક કલ્પે સમાન છે. (અહીં પ્રાયઃ શબ્દ કહેવાનું કારણ સૌધર્મ કરતાં ઈશાન કલ્પના વિમાનો ઉર્ધ્વભાગે કાંઈક ઊંચાં રહે છે માટે) પરંતુ ઊપર ઊપરના દેવલોકના પ્રતરોની સંખ્યા થોડી અને વિમાનોની ઊંચાઈ વધારે હોવાથી નીચેના દેવલોકના પ્રતર સંબંધી અંતરની અપેક્ષાએ ઉપરના દેવલોકનું પ્રતરનું અંતર મોટું હોય છે...

☞ (વૈમાનિકનિકાયના પ્રતરોની સંખ્યાનું યન્ત્ર)

ક્રમ	વૈમાનિક નિકાય નામ	પ્રતર સંખ્યા	ક્રમ	વૈમાનિક નિકાય નામ	પ્રતર સંખ્યા	ક્રમ	વૈમાનિક નિકાય નામ	પ્રતર સંખ્યા
૧	સૌધર્મ દેવલોક	૧૩	૬	લાંતક દેવલોક	૫	૧૧	આરણ દેવલોક	૪
૨	ઈશાન દેવલોક		૭	મહાશુક્ર દેવલોક	૪	૧૨	અચ્યુત દેવલોક	
૩	સનત્કુમાર દેવલોક	૧૨	૮	સહસ્ત્રાર દેવલોક	૪	૧૩	૯-ગ્રૈવેયક દેવલોક	૯
૪	માહેન્દ્ર દેવલોક		૯	આણત દેવલોક	૪	૧૪	૫-અનુત્તર દેવલોક	૧
૫	બ્રહ્મ દેવલોક	૬	૧૦	પ્રાણત દેવલોક		૧૫	કુલ...	૬૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ દેવોની તથાવિધ ભવપ્રત્યયિક સંપત્તિ... ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવોની તથાવિધ ભવપ્રત્યયિક સંપત્તિ

85

☞ સઘળાય દેવો પૂર્વ ભવમાં સંચિત કરેલા શુભ કર્મોદયના પ્રભાવથી હંમેશાં મસ્તક ઊપર કેશ, હાડકાં, માંસ, નખ, રુંવાટી, રુધિર, ચરબી, મૂતર, વિષ્ઠાદિ વસ્તુઓથી રહિત શરીરની આકૃતિમાં અતિશય સુંદર શરીરવાળા હોય છે. આવી કલુષિત વસ્તુથી સર્વથા રહિત હોવાથી, તેઓ નિર્મલ દેહવાળા ઉજ્જ્વલ શરીર પુદ્ગલોને ધારણ કરનારા, કર્પૂર-કસ્તુરી આદિ વિશિષ્ટ સુગંધી દ્રવ્યોથી સુગંધી શ્વાસોશ્વાસવાળા, રજ-પ્રસ્વેદ (પસીનો) આદિ ઉપલેપથી રહિત, સુવર્ણવર્ણી કાયાવાળા હોય છે. વળી, તેમનું શરીર અત્યંત સ્વચ્છ, તેજોમય-દશે દિશાઓને અત્યંત પ્રકાશિત કરનારું કેવળ સર્વોત્તમ વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી ઉત્પન્ન થયેલા શુભ વૈક્રિય પુદ્ગલોના સમૂહથી બનેલું, સૌભાગ્યાદિ ગુણોપેત હોય છે.


☞ દેવ-દેવીઓ દેવશય્યામાં ઉત્પન્ન થતા હોવાથી તેઓને મનુષ્યાદિની જેમ યોનિમાં ઉત્પન્ન થવાનું કે ગર્ભ દુઃખને સહન કરવાનું ઈત્યાદિક કાંઈ પણ હોતું નથી, પરંતુ ઉત્પન્ન થવાના સ્થાને દેવદૂષ્યવસ્ત્રથી આચ્છાદિત વિવૃત્તયોનિ રૂપ એક દેવશય્યા હોય છે. દેવગતિમાં ઉત્પન્ન થનારા જીવો પૂર્વના મહાન પુણ્યોદયથી એક ક્ષણ માત્રમાં **"ઉપપાત સભા"**ને વિષે દેવદૂષ્ય વસ્ત્રની નીચે શય્યા ઉપર પ્રથમ સમયે અંગુલના અસંખ્યાતમાં ભાગે ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થતાંની સાથે જ આહારાદિક પાંચે પર્યાપ્તિઓ એક જ અંતમુહૂર્તમાં સમાપ્ત કરવા પૂર્વક પૂર્ણ પર્યાપ્તિવાળા થાય છે ને ઉત્પન્ન થતાંની સાથે જ ભવસ્વાભાવિક અવધિ અથવા વિભંગજ્ઞાનને પ્રાપ્ત કરીને, યથાયોગ્ય ભોગ યોગ્ય તરૂણાવસ્થાવાળા થઈ જાય છે. એથી દેવોને અન્ય ગતિના જીવની જેમ ગર્ભ ધારણ, કુક્ષિ જન્મ, બાલ-વૃદ્ધાદિ ભિન્ન-ભિન્નાવસ્થાઓ હોતી નથી. આ દેવો દેવશય્યામાં ઉત્પન્ન થાય છે ત્યારે સ્વાભાવિક સુંદર રૂપવાળા... વસ્ત્રાભૂષણથી રહિત હોય છે, પરંતુ પછી હાજર રહેલા તેમને સત્કારનારા સામાનિકાદિ દેવ-દેવીઓ જય જય શબ્દપૂર્વક નમસ્કાર કરીને, જિનપૂજનથી થતાં અનેક લાભોને સ્વામીના મનોગત અભિપ્રાયથી જણાવીને ઉપપાત સભાના પૂર્વદ્વારથી સર્વ અભિયોગિકાદિ દેવો, સ્વાભાવિક વિકુર્વેલા અનેક જાતના સમુદ્રોના જલ-ઔષધિથી ભરેલા, ઉત્તમ રત્નોના મહાકલશો વડે દ્રહમાં લઈ જઈ સ્નાન કરાવે પછી **"અભિષેક સભા"**માં સ્નાન કરાવે. ત્યાર બાદ ઉત્સાહી દેવો **"અલંકાર સભા"**માં વિધિપૂર્વક લઈ જઈ સિંહાસને બેસાડી શરીર પર શીઘ્ર ઉત્તમ સુવર્ણના દેવદૂષ્ય વસ્ત્રો, રત્નાવલી આદિ હાર, વીંટી, કુંડલ-અંગ-કેયુરાદિ સુશોભિત આભૂષણોને સર્વાંગે પહેરાવે છે. પછી **"વ્યવસાય સભા"**માં વિધિપૂર્વક પૂર્વદ્વારથી લઈ જઈ ત્યાં પુસ્તકાદિ દર્શાવે છે. ઉત્પન્ન થયેલો દેવ તે પુસ્તકથી પોતાના યથાયોગ્ય અવસર સાચવવાના પ્રસંગો, પરંપરાગતના રીતિ રિવાજોથી માહિતગાર બની, નંદન નામની વાવડીમાં પૂજ્યની ભક્તિ નિમિત્તે પુનઃ સ્નાનાદિ કરીને જિનપૂજાદિના ઉત્તમ સર્વ કાર્યો ક્રમશઃ વિધિપૂર્વક કરી... (આ નિયમો સમ્યગ્દૃષ્ટિ દેવો માટે સમજવા અને મિથ્યાદૃષ્ટિ દેવો તેના આરાધ્યદેવાદિકની વિધિ સાચવે છે.) પછી વિધિપૂર્વક **"સુધર્મસભા"**માં આરૂઢ થઈ સ્વકાર્યમાં તથા દેવ-દેવીના વિષયાદિ સુખમાં તલ્લીન બને છે.

☞ વળી, આ દેવો સર્વાંગે-મસ્તકે-કંઠે-હસ્તે-કર્ણાદિ અવયવોને વિશે આભૂષણોને ધારણ કરનાર... સદાકાળ અવસ્થિત યૌવનવાળા નિરોગી અને સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા હોય છે તેમજ આ દેવો ભવસ્વભાવે જ લીલાયુક્ત સુંદર અનિમેષ નયનવાળા હોય છે એટલે જેના નેત્રમાં કદાપિ પલકારાપણું કે બંધ કરવાપણું હોતું જ નથી. અપરિમિત સામર્થ્યથી મનથી જ સર્વ કાર્યને સાધનારા તેમજ અમ્લાન પુષ્પમાળાને ધારણ કરનારા, વળી પૃથ્વી ઉપર આવે ત્યારે પૃથ્વીને સ્પર્શ ન કરતા ૪ આંગળ અદ્ધર (ઉંચા) રહેનાર, મહાન સંપત્તિ, સૌભાગ્ય, શાતા-સુખને ધારણ કરનારા વળી અર્ધમાગધી ભાષા બોલનારા હોય છે... તેમજ સ્વસ્વકલ્પ, અવસ્થા અનુસારે વિમાન આદિના સ્વામી બનનારા વળી વિકુર્વણા આદિ અનેક લબ્ધિઓના ધારણ કરનારા... આ દેવો હોય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કઇ કઇ નિકાયના કયા કયા દેવોનું અવધિજ્ઞાન ક્ષેત્ર કેવા કેવા આકારે છે તે... ॥


નારકીનું ત્રપાકારે...




ભવનપતિનું પલ્યાકારે...




વ્યંતરોનું પડહાકારે...
(૨ પ્રકારે બતાવ્યા છે.)






જ્યોતિષનું ઝલ્લર્યાકારે...






૧૨ દેવલોકનું મૃદંગાકારે...



૯ ગ્રેવેયકનું પુષ્પચંગેર્યાકારે...



૫ અનુત્તરનું યવનાલકાકારે...



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

દેવોના અવધિજ્ઞાનનું ક્ષેત્ર અને આકાર


86

☞ સિદ્ધાંતમાં (૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યવ અને (૫) કેવળજ્ઞાન આ પાંચ જ્ઞાનો કહેલાં છે. એ જ્ઞાનોમાં સર્વ જ્ઞાનોનો સમાવેશ થઈ જાય છે. એક-એક જ્ઞાન ક્રમશઃ ચઢિયાતું છે. એમાં પ્રથમ ૨ જ્ઞાનો તો જીવમાં ન્યૂનાધિકપણે હોય જ છે ને એટલી પણ જ્ઞાનચેતનાથી જ જીવ તે **"જીવ"** તરીકે સંબોધાય છે અન્યથા તો **"અજીવ"** કહેવાય. વળી અવધિ વગેરે ૩ જ્ઞાનો પ્રાયઃ વિશિષ્ટ ગુણની ભૂમિકાએ પહોંચવાથી પ્રાપ્ત થાય છે. એમાં ય છેલ્લું કેવળજ્ઞાન તો ૧૪ રાજલોકના અને અલોકના પણ સર્વ પદાર્થોને આત્મસાક્ષાત્ બતાવનારુ છે... અસ્તુ. વિશેષ તો અત્યારે એક માત્ર અવધિજ્ઞાનનો જ વિષય જરૂરી હોવાથી અન્ય ચર્ચા છોડી તેને જ સર્વ પ્રથમ સમજીએ...

☞ **અવધિ** - એટલે મર્યાદાવાળું જ્ઞાન. તે મર્યાદા શેની ? રૂપી-અરૂપી એ બે પ્રકારના પદાર્થમાંથી માત્ર રૂપી જ પદાર્થનો આત્મસાક્ષાત્કાર કરાવનાર હોવાથી તે મર્યાદિત થયું. આ અનુગામી આદિ ૬ ભેદે અથવા અસંખ્ય અને અનંત ભેદે પ્રાપ્ત થાય છે. આ જ્ઞાનના માલિકને પોતાના સ્થાને બેઠા બેઠા જે વસ્તુ જોવાની ઈચ્છા થાય ત્યાં ઉપયોગ (ધ્યાન દેવુ) મૂકવો પડે. આ જ્ઞાન બહુ ભેદવાળું અને ક્ષેત્રથી મર્યાદિત ને ભિન્ન ભિન્ન રીતે ઉત્પન્ન થવા વાળું છે. આ જ્ઞાન ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એમ બે રીતે ઉત્પન્ન થાય છે. દેવો તથા નારકોને ભવપ્રત્યયિક તેમજ મનુષ્ય ને તિર્યંચોને ગુણપ્રત્યયિક થાય છે. હવે સામાન્યથી કોનું કેવા આકારે અવધિ ક્ષેત્ર છે તે જાણીએ...

☞ **નારકીનું** અવધિ ક્ષેત્રાકાર : **તરાપાકારે** (ત્રપાકાર) તે કાષ્ઠના સમુદાયથી બનાવેલું સીધું સાદું તરવાનું ત્રિકોણાકાર-જલયાન (નાવ રૂપ) સાધન જેવું છે. ☞ **ભવનપતિનું "પલ્યાકારે"** તે લાટદેશમાં વપરાતું ધાન્ય માપવાનું પાલું-સાધન વિશેષ - જે ઊંચું હોવા સાથે નીચેથી વિસ્તારવાળું અને ઉપરના ભાગે કાંઈક સાંકડું હોય છે. ☞ **વ્યંતરદેવનો** અવધિ ક્ષેત્રાકાર **"પડહાકારે"** તે એક જાતનો લાંબો ઢોલ. જે ઉપર-નીચે બંને ભાગે સરખા પ્રમાણનો બંને બાજુ ગોળ ચામડાથી મઢેલો દેશીવાદ્ય વગાડનારાઓ વગાડે છે તે રૂપે હોય છે. ☞ **જ્યોતિષ્કનો "ઝલ્લરી"** આકાર... બંને બાજુ વિસ્તીર્ણ વલયાકારે ચામડાથી મઢેલી વચ્ચે સાંકડી જે "ઢક્કા"ના ઉપનામથી ઓળખાય છે. તે આથી મદારીઓ જે ડમરુ વગાડે છે તે સમજાય છે, પણ નિશાળમાં રહેલી ચપટી કાંસાની ઘંટા ન સમજવી. ☞ **કલ્પોપપન્ન (૧૨ દેવલોક)નો "મૃંદગાકારે"** આ પણ દેશી વાદ્ય છે. તે એક બાજુનું મૂળ વિસ્તીર્ણ ગોળાકારે, બીજી બાજુ સંકીર્ણ પણ ગોળાકારે ચામડાથી મઢેલું મુખ હોય છે અને વચમાં તેની પીઠ ઊંચી હોય છે. ☞ **નવગ્રૈયકનો** આકાર **"પુષ્પચંગેરી"** ગુંથેલા પુષ્પોથી શિખાપર્યંત ભરેલી ચંગેરી (પરિધિ સહ છાબડી) તે રુપે જાણવું. ☞ **અનુત્તર દેવોનું** અવધિ ક્ષેત્ર **"યવનાલક"** અપરનામ **"કન્યાચોલક"** આકારે છે. એટલે કે કન્યાએ કંચુક સહિત પહેરેલ અધોવસ્ત્ર જેવા આકારે હોય તેવો આકાર એમના અવધિક્ષેત્રનો પડે છે[1]. આથી સાબિત એ થયું કે સ્ત્રીના મસ્તકનો ભાગ છૂટી ગયો. બાકી ગળાથી લઈ પગ સુધીનો ભાગ વસ્ત્રમાં આવી ગયું અને આ ઉપમા આપી છે, તે બરાબર છે. કારણ કે, અનુત્તરના દેવો પુરુષાકૃતિ રૂપ લોકના ભાળ-મસ્તક સ્થાને છે. તે દેવો ત્યાંથી લઈને ઠેઠ સાતમી નરકના તલિયા સુધી જોઈ શકે છે... આ પ્રમાણે દેવોના અવધિક્ષેત્રોના આકાર કહ્યા...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈમાનિક દેવલોકના વિમાનોનું સંખ્યા-દર્શક યંત્ર

87

☞ ચૌદ રાજલોક વિષે તિર્ચ્છાલોકની ઉપર આવેલા જ્યોતિષ્ક વિમાનોથી અસંખ્યાત યોજન ઉપર જતાં વિમાનવાસી દેવોનો વૈમાનિક દેવલોક (સૌધર્મ આદિ ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક તેમજ ૫ અનુત્તર) શરૂ થાય છે. આ પ્રત્યેક દેવલોકમાં વિમાનો કેવા અને કેટલા છે તે જાણવા માટે નીચેનું કોષ્ટક ચાલો જોઈએ...

ક્રમ	નામ	વૃત્ત વિમાન	ત્રિકોણ વિમાન	ચતુષ્કોણ વિમાન	પૂર્વોક્ત ત્રણેની સંખ્યા	પુષ્પાવકિર્ણ વિમાન	સર્વ સંખ્યા[1]
૧	સૌધર્મ	૭૨૭	૪૯૪	૪૮૬	૧,૭૦૭	૩૧,૯૮,૨૯૩	૩૨,૦૦,૦૦૦
૨	ઈશાન	૨૩૮	૪૯૪	૪૮૬	૧,૨૧૮	૨૭,૯૮,૭૮૨	૨૮,૦૦,૦૦૦
૩	સનત્કુમાર	૫૨૨	૩૫૬	૩૪૮	૧,૨૨૬	૧૧,૯૮,૭૭૪	૧૨,૦૦,૦૦૦
૪	માહેન્દ્ર	૧૭૦	૩૫૬	૩૪૮	૮૭૪	૭,૯૯,૧૨૬	૮,૦૦,૦૦૦
૫	બ્રહ્મલોક	૨૭૪	૨૮૪	૨૭૬	૮૩૪	૩,૯૯,૧૬૬	૪,૦૦,૦૦૦
૬	લાંતક	૧૯૩	૨૦૦	૧૯૨	૫૮૫	૪૯,૪૧૫	૫૦,૦૦૦
૭	મહાશુક્ર	૧૨૮	૧૩૬	૧૩૨	૩૯૬	૩૯,૬૦૪	૪૦,૦૦૦
૮	સહસ્ત્રાર	૧૦૮	૧૧૬	૧૦૮	૩૩૨	૫,૬૬૮	૬,૦૦૦
૯ ૧૦	આણત પ્રાણત	૮૮	૯૨	૮૮	૨૬૮	૧૩૨	૪૦૦
૧૧ ૧૨	આરણ અચ્યુત	૬૪	૭૨	૬૮	૨૦૪	૯૬	૩૦૦
૧૩	૧-૨-૩ અધો ગ્રૈવેયક	૩૫	૪૦	૩૬	૧૧૧	૦	૧૧૧
૧૪	૪-૫-૬ મધ્યમ ગ્રૈવેયક	૨૩	૨૮	૨૪	૭૫	૩૨	૧૦૭
૧૫	૭-૮-૯ ઉર્ધ્વ ગ્રૈવેયક	૧૧	૧૬	૧૨	૩૯	૬૧	૧૦૦
૧૬	૫-અનુત્તર	૧	૪	૦	૫	૦	૫
૧૭	કુલ	૨,૫૮૨	૨,૬૮૮	૨,૬૦૪	૭,૫૭૪	૮૪,૯૯,૧૪૯	૮૪,૯૭,૦૨૩[2]

સમૃદ્ધિનું રહસ્ય

જેમ જેમ આ જીવ સ્પૃહા વગરનો થતો જાય છે, તેમ તેમ તેનામાં પાત્રતા આવતી જાય છે અને તેથી તેને સર્વ સંપત્તિઓ મળતી જાય છે તેમજ જેમ જેમ એ સંપત્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો-અભિલાષાવાળો થતો જાય છે તેમ તેમ તેની અયોગ્યતા વિચારીને સંપત્તિઓ તેનાથી વધારે ને વધારે દૂર થતી જાય છે. આવું હોવાથી જેને સંસારમાં પણ સમૃદ્ધિશાળી બનવું હોય તેને સ્વપ્નમાં પણ સાંસારિક પદાર્થોની ઇચ્છા ન કરવી...

(ઉપમિતિ ભવપ્રપંચ કથા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। सद्वांचननो महिमा ।।

☞ સદ્વાંચન અનેક પ્રકારનું હોય છે. એટલા માટે કયું વાંચન કોને હિતકર છે કે કોને અહિતકર છે ? એનો નિર્ણય પોતાની જાતે નહિ કરતાં સદ્ગુરુ દ્વારા કરવો જોઈએ. "જેમ રોગી માણસ પોતાને કયું ઔષધ લાભ કરે તેવું છે, એનો નિર્ણય જાતે નથી કરતો પણ નિષ્ણાંત વૈદ્ય દ્વારા જ કરે છે. સીધો ફાર્મસીમાંથી ઊંચી જાતની દવાઓ લાવીને કાંઈ ખાવા માંડતો નથી.

જગતમાં શરીરની વ્યાધિ મટાડવા માટે જાણકારની સલાહ-સૂચના મુજબ જ ઔષધ અને પથ્યાપથ્યનો ખ્યાલ રાખવો આવશ્યક મનાય છે .... એ બાબતમાં કોઈ પણ સમજદાર માણસ પોતાની બુદ્ધિ ઉપર ચાલતો નથી પણ નિપુણ વૈદ્યની આધિનતા સ્વીકારે છે, એ જ પ્રમાણે કર્મરોગને નાબૂદ કરવા માટે પણ તેનો સમૂળ ઉચ્છેદ કરનાર મહાધનવંતરી વૈદ્ય સમાન સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞા મુજબ શુદ્ધ સંયમને પાલનારા પરોપકાર પરાયણ આચાર્ય ભગવંતાદિની આધિનતાને સ્વીકારી તેમની સલાહ-સૂચન મુજબ જ સદ્વાંચન કરવું જોઈએ...

એ જ સદ્વાંચનના હરોળમાં આવતો એક અદ્વિતીય કક્ષાનો અનમોલ ગ્રંથ... એટલે ....

"Jain Cosmology" (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) જેના ચિંતન-મનનથી સમસ્ત કર્મોનો ક્ષય કરી આપણો આત્મા પરમાનંદનો ભોક્તા બને...

એ જ અભ્યર્થના... સહ...


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકીર્ણક

જૈનશાસનનો સાર હવે તમને અહિ પીરસાય છે,
છુટા છવાયા પદાર્થોને, "પ્રકીર્ણક" કહેવાય છે।
તેનું સ્વરુપ જાણો સહું, માણો સહું ભાવો સહું,
તે "પ્રકીર્ણક"ને વર્ણતા, મુજ રોમરોમ વિકસિત બને...।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ સ્થાવરકાય... ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

88

છ:કાય જીવોની સમજ (સ્થાવરકાય)

☞ જીવોના ૨ પ્રકાર છે : (૧) **મુક્તજીવ** (૨) **સંસારીજીવ**[૧].... મુક્તજીવો આઠ કર્મથી રહિત થઈ સિદ્ધશિલા (મુક્તિ-મોક્ષ)માં બિરાજી રહ્યા છે અને જે સંસારીજીવો છે, તેઓનો સમાવેશ છ:કાયના જીવોમાં થઈ જાય છે. તે છ:કાય જીવોનાં કુલ ૫૬૩ ભેદ છે. આ સંસારી જીવોનાં મુખ્ય ૨ ભેદો છે : (૧) **સ્થાવર** (૨) **ત્રસ**... તેમાં સર્વપ્રથમ સ્થાવર જીવો વિષે... કાંઈક જાણી લઈએ.

☞ જે જીવો સ્થાવર નામકર્મનાં ઉદયથી શાતાર્થે તડકામાંથી છાંયડામાં અને છાંયડામાંથી તડકાદિમાં પોતાની ઈચ્છાથી જઈ શકતા નથી... તે **સ્થાવર** જીવો કહેવાય છે. આ સ્થાવર જીવોનાં મુખ્ય ૫ ભેદ કહેવાય છે .... (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેઉકાય (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય. તે દરેકને એક માત્ર સ્પર્શનેન્દ્રિય (કાયા) હોવાથી આ એકેન્દ્રિય જીવો કહેવાય છે. વળી, તેમને આહાર, શરીર, ઈન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ નામની ૪ પર્યાપ્તિ જ હોય છે.[૨]

☞ **પૃથ્વીકાય :** પૃથ્વી જ શરીર છે જેનું એવા જીવો પૃથ્વીકાય કહેવાય છે. તેના (૧) સૂક્ષ્મ* (૨) બાદર* અને આ બંનેનાં (૩) પર્યાપ્તા* (૪) અપર્યાપ્તા* મલીને કુલ ૪ ભેદ થાય છે. વળી, આ પૃથ્વીકાયનાં પત્થર, માટી, મીઠું, ખડી, ખારો, ફટકડી, પ્રવાલ, પારો, ગેસ, સોનું, ચાંદી, તાંબું વગેરે અનેક પ્રકારો છે. તેમનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષનું હોય છે તેમ જાણવું.

☞ **અપ્કાય :** પાણી જ શરીર છે જેનું એવા જીવોને "અપ્કાય" કહેવાય છે. તેના પણ ૪ ભેદ ઉપરોક્ત પ્રમાણે જાણવા. કૂવા, નદી, તળાવનું પાણી, ઝાકળ કે ઘુમ્મસ, વરસાદ, કરા કે બરફનું પાણી, ઓસ, નલનું પાણી વગેરે અનેક જાતનું પાણી છે. આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૭,૦૦૦ વર્ષનું હોય છે તેમ જાણવું.

☞ **તેઉકાય :** અગ્નિ જ જેનું શરીર છે તે "તેઉકાય" કહેવાય છે. આના પણ ૪ ભેદ પૂર્વની જેમ જાણવા. વીજળીનો, દીવાનો, ઈલેક્ટ્રિકનો, લાકડાનો, ચકમકનો, કોલસાનો, નિભાડાનો વગેરે ઘણી જાતનાં અગ્નિ છે. આ અગ્નિકાયનું જઘન્ય આયુષ્ય - અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૭૨ કલાક (૩ અહોરાત્ર) જાણવું.

☞ **વાયુકાય :** વાયરા સ્વરુપ શરીર છે જેનું તે "વાયુકાય" કહેવાય છે. આના પણ ઉપરોક્તની જેમ ૪ ભેદ જાણવા. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણનો વાયુ, મંડલિયો, વંટોળિયો વાયુ વગેરે અનેક પ્રકારનાં વાયુ છે, તેનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩,૦૦૦ વર્ષનું જાણવું.

☞ **વનસ્પતિકાય :** આના મુખ્ય ૨ ભેદ છે : (૧) સૂક્ષ્મ (૨) બાદર. બાદરનાં ૨ ભેદ : (૧) સાધારણ (૨) પ્રત્યેક. સૂક્ષ્મ તો માત્ર એક સાધારણ રૂપે જ છે. આ ત્રણેના પર્યાપ્તા-અપર્યાપ્તા ગણતાં કુલ ૬ ભેદ થાય છે.

☞ **પ્રત્યેક વનસ્પતિકાય :** જેનાં એક શરીરમાં એક જ જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. જેમકે... મૂળ, સ્કંધ, શાખા, પ્રવાળ, પત્ર, ફળ, ફૂલ, કાષ્ઠ અને છાલાદિ તેમજ એઓનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું જાણવું.

☞ **સાધારણ વનસ્પતિકાય :** જેના એક જ શરીરમાં અનંતા જીવો રહે છે, તે સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. જેમકે - આદુ, મૂળા, ગાજર, રતાળુ, પિંડાળુ, સૂરણ, ડુંગળી, લસણ, નીલ, ફૂગ, શેવાળાદિ... આ સાધારણ વનસ્પતિકાયનું આયુષ્ય જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત જ હોય છે.

આ પ્રમાણે એકેન્દ્રિયનાં કુલ ૪ + ૪ + ૪ + ૪ + ૬ = ૨૨ ભેદ થાય છે.

---

* સૂક્ષ્મનામકર્મનાં ઉદયથી જે જીવો સૂક્ષ્મપૃથ્વીકાયાદિ રૂપે ઉત્પન્ન થાય છે, પરંતુ તે વિશિષ્ટ અવધિજ્ઞાની કે કેવળી સિવાય કોઈને પણ દૃષ્ટિના વિષય બનતા નથી એટલે છદ્મસ્થો માટે જે સર્વથા અદૃશ્ય જ હોય તેવા જીવોને "સૂક્ષ્મ" કહેવાય છે.


❖ જે જીવોનાં શરીર આપણી દૃષ્ટિનો વિષય બને તે "બાદર" જીવો જાણવા... (આ વ્યાખ્યા સ્થૂલ દૃષ્ટિએ જાણવી.)

❀ જે જીવને જેટલી પર્યાપ્તિની જરૂર હોય તેટલી પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી મૃત્યુ પામે તેને "પર્યાપ્તા" કહેવાય છે. (જેમકે એકેન્દ્રિય પ્રાયોગ્ય ૪ પર્યાપ્તિ... વગેરે...)

❀ જે જીવને જેટલી પર્યાપ્તિની જરૂર હોય તેટલી પર્યાપ્તિઓ પૂર્ણ કરતાં પહેલાં જ જો મૃત્યુ પામે તો તે જીવ "અપર્યાપ્તા" કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ વિકલેન્દ્રિય + તિર્યંચ પંચેન્દ્રિય... ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ:કાય જીવોની સમજ (ત્રસકાય) (૩ - વિકલેન્દ્રિય + તિર્યંચ પંચેન્દ્રિય)

89

☞ ત્રસનામકર્મના ઉદયથી જે જીવો ઈચ્છા મુજબ ગમનાગમન કરી શકે... હલનચલન કરી શકે તેને **"ત્રસકાય"**નાં જીવો કહેવાય છે. આ ત્રસકાયના મુખ્ય ૪ ભેદ છે : (૧) બેઈન્દ્રિય (૨) તેઈન્દ્રિય (૩) ચઉરિન્દ્રિય (૪) પંચેન્દ્રિય.

☞ **બેઈન્દ્રિય :** જેની પાસે સ્પર્શ તથા સ્વાદ કરવાની શક્તિ રૂપ ૨ ઈન્દ્રિયો છે, તેને બેઈન્દ્રિય કહેવાય છે. તેના ૨ ભેદ છે : (૧) પર્યાપ્તા (૨) અપર્યાપ્તા. કરમિયાં, અળસિયાં, શંખ, છીપલા, કોડા, કોડી, જળો, પોરા, વાળો વગેરે બેઈન્દ્રિય જીવો છે. તેમનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત ને ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષનું હોય છે તેમ જાણવું.

☞ **તેઈન્દ્રિય :** જેને સ્પર્શ-સ્વાદ અને સુંઘવાની શક્તિ રૂપ ૩ ઈન્દ્રિય હોય છે, તેને **"તેઈન્દ્રિય"** કહેવાય છે. આના પણ પૂર્વોક્તની જેમ પર્યાપ્તા-અપર્યાપ્તા એમ ૨ ભેદ છે. જું, લીખ, માંકડ, ચાંચડ, કિડી, મંકોડા, ધનેડા ઈત્યાદિ તેઈન્દ્રિય જીવો છે. તેમનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૪૯ દિવસનું હોય છે તેમ જાણવું.

☞ **ચઉરિન્દ્રિય :** સ્પર્શ-સ્વાદ-સૂંઘવાની અને જોવાની શક્તિ રૂપ જેને ૪ ઈન્દ્રિય હોય છે, તેને ચઉરિન્દ્રિય કહેવાય છે. તેના પણ ૨ ભેદ છે. (૧) પર્યાપ્તા (૨) અપર્યાપ્તા. વીંછી, પતંગિયું, ભમરો, કરોળિયા, વાંદા, તીડ ઈત્યાદિ ચઉરિન્દ્રિય જીવો છે. તેઓનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬ માસનું જાણવું.

☞ **પંચેન્દ્રિય :** જેને સ્પર્શ-સ્વાદ-સુંઘવાની-જોવાની ને સાંભળવાની શક્તિ રૂપ ૫ ઇન્દ્રિયો હોય, તેને પંચેન્દ્રિય કહેવાય છે. તેમાં પંચેન્દ્રિય તિર્યંચના ૫ ભેદ છે : (૧) જલચર, (૨) ચતુષ્પદ, (૩) ઉરપરિસર્પ, (૪) ભુજપરિસર્પ અને (૫) ખેચર. તે દરેકનાં પણ ૨-૨ ભેદ જાણવા... (૧) ગર્ભજ (૨) સંમુર્ચ્છિમ, અને તેના પણ ૨-૨ ભેદ જાણવા .... (૧) પર્યાપ્તા (૨) અપર્યાપ્તા. એમ કુલ મળી ૫ X ૨ = ૧૦ X ૨ = ૨૦ ભેદ પંચેન્દ્રિય તિર્યંચના થાય છે. એમ તિર્યંચમાં સ્થાવરના-૨૨, વિકલેન્દ્રિયના-૬ અને પંચેન્દ્રિયના-૨૦ ભેદ મળી કુલ ૪૮ ભેદ થાય છે.

☞ **જલચર :** જે પાણીમાં રહે છે, તે માછલાં, મગરમચ્છ, દેડકાં, કાચબા, અષ્ટાપદ વગેરે... તેમનું આયુષ્ય અહીં સંજ્ઞી-અસંજ્ઞી* બંનેનું જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વ ક્રોડ વર્ષનું જાણવું.

☞ **ચતુષ્પદ :** જે સ્થળ (પૃથ્વી) ઊપર ચાલે તે સ્થળચર કહેવાય. તેમાં ૪ પગવાળાને ચતુષ્પદ કહેવાય. હાથી, ઘોડા, ગાય, બળદ, ભેંસ, સિંહ, વાઘ વગેરે... તેમનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંજ્ઞીનું-૩ પલ્યોપમ અને અસંજ્ઞીનું-૮૪,૦૦૦ વર્ષનું જાણવું.

☞ **ઉરપરિસર્પ :** જે છાતી વડે હૈયાભેર ચાલે તે... સર્પ, અજગરાદિ, તેમનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંજ્ઞીનું પૂર્વ ક્રોડ વર્ષ અને અસંજ્ઞીનું ૫૩,૦૦૦ વર્ષનું જાણવું.

☞ **ભુજપરિસર્પ :** જે ભુજાવડે ચાલે તે... જેમ કે : ઉંદર, ઘો, નોળિયો, ખીસકોળી, વાંદરા વગેરે... તેમનું આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંજ્ઞીનું પૂર્વ ક્રોડ વર્ષ અને અસંજ્ઞીનું ૪૨,૦૦૦ વર્ષ જાણવું.

(ચતુષ્પદ, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ એ ત્રણેય સ્થળચર જીવોનાં જ ભેદ છે.)

☞ **ખેચર :** ૪ પ્રકારનાં છે. (૧) રોમજ (રોમવાળા) જેમ કે - મોર, કબૂતરાદિ. (૨) ચર્મજ (ચામડાની પાંખવાળા) ચામાચિડિયાં વગેરે. (૩) સમુદ્ગ પક્ષી (બંધ પાંખવાળા) (૪) વિતત પક્ષી (ખોલેલી પાંખવાળા). છેલ્લા બંને પ્રકારનાં પક્ષીઓ અઢીદ્વીપની બહારનાં જાણવા... તેનું (ખેચરનું) આયુષ્ય જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંજ્ઞીનું પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અસંજ્ઞીનું ૭૨,૦૦૦ વર્ષનું જાણવું.

---

* **સંજ્ઞી :** જેઓ ભૂત-ભવિષ્યનો પણ વિચાર કરી શકે છે, તેવા પ્રકારનાં મનવાળા જીવો. (આ જીવો ગર્ભજ જ હોય છે.)
અસંજ્ઞી : જેઓ ભૂત-ભવિષ્યનો વિચાર કરી શકતા નથી, તેવા પ્રકારનાં મન વગરનાં જીવો. (આ જીવો સંમૂર્છિમજ હોય છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

૯૦ છ:કાય જીવોની સમજ (મનુષ્ય-દેવ-નારકી)

☞ **મનુષ્યના ૩૦૩ ભેદ :** તે જેમકે - ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપ, એમ મળી ૧૦૧ ક્ષેત્રનાં ગર્ભજ મનુષ્યનાં પર્યાપ્તા + અપર્યાપ્તા મળી = ૨૦૨ તથા ૧૦૧ ક્ષેત્રનાં સંમુર્ચ્છિમ અપર્યાપ્તા* .... મળી ૩૦૩ ભેદ થાય છે. (સંમુચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે પણ પર્યાપ્તા હોતા નથી. માટે તેનાં માત્ર અપર્યાપ્તા ભેદો જ કહ્યા છે...)

☞ **કર્મભૂમિ :** જયાં અસિ, મસિ અને કૃષિથી જીવન વ્યવહાર ચાલે... અને મોક્ષની સાધના થઈ શકે તે કર્મભૂમિ કહેવાય છે. આમાં ૫ ભરત, ૫ ઐરાવત અને ૫ મહાવિદેહ ક્ષેત્રો આવે છે .... તે જાણવા.[૧]

☞ **અકર્મભૂમિ :** જયાં જીવો કલ્પવૃક્ષના સહારે અને પૂર્વના પુણ્યના ઉદયથી મનોવાંછિત સુખ ભોગવે છે પણ ત્યાં અસિ-મસિ-કૃષિ કર્મ નથી, તે અકર્મભૂમિ જાણવી. આ અકર્મભૂમિમાં ૫ હિમવંત + ૫ હિરણ્યવંત + ૫ હરિવર્ષ + ૫ રમ્યક્‌વર્ષ + ૫ દેવકુરુ ને ૫ ઉત્તરકુરુ ક્ષેત્રો જાણવાં. (૫૬ અંતર્દ્વીપ પણ અકર્મભૂમિમાં જ જાણવા.)[૨]

☞ **દેવોના ૧૯૮ ભેદ :** તે જેમ કે - દેવોના મુખ્ય ૪ પ્રકાર : (૧) ભવનપતિ (૨) વ્યંતર (૩) જ્યોતિષ (૪) વૈમાનિક. હવે આ (૧) ભવનપતિના અસુરકુમારાદિક-૧૦ તેમજ પરમાધામી-૧૫ મળી ૨૫ ભેદ થાય છે. (૨) વ્યંતરના-૮, વાણવ્યંતરના-૮ અને તિર્યંચ જૃંભકના-૧૦ મળી ૨૬ ભેદ થાય છે. (૩) જ્યોતિષમાં : સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર અને તારાના ૫ ચર અને ૫ અચર મળી ૧૦ ભેદ થાય છે અને (૪) વૈમાનિકમાં-૧૨ દેવલોક + ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર + ૩ કિલ્બિષિક + ૯ લોકાન્તિકના મળી કુલ ૩૮ ભેદ થાય છે. એટલે ૨૫ + ૨૬ + ૧૦ + ૩૮ = ૯૯ ભેદના પર્યાપ્તા + અપર્યાપ્તા કરતા કુલ ૧૯૮ ભેદ દેવોના થાય છે.


☞ **નારકીના ૧૪ ભેદ :** તે જેમકે ૭ નારકીના પર્યાપ્તા + અપર્યાપ્તા ગણીએ તો ૧૪ ભેદ થાય છે. આવી રીતે તિર્યંચના-૪૮, મનુષ્યના-૩૦૩, દેવના-૧૯૮ અને નારકીના-૧૪ ભેદ મળી કુલ-૫૬૩ ભેદ જીવના થાય છે.

---

* પ્રજ્ઞાપના સૂત્રમાં પ્રશ્ન છે કે, "મનુષ્યો કેટલા પ્રકારના કહ્યા છે ? તેના ઉત્તરમાં જણાવ્યું છે કે, "મનુષ્યો બે પ્રકારના કહ્યા છે."... તે જેમકે : (૧) સંમુર્ચ્છિમમનુષ્યો અને (૨) ગર્ભજ મનુષ્યો... ત્યાં ફરી વિશેષ પ્રશ્ન કર્યો છે કે "હે ભગવંત ! સંમુર્ચ્છિમમનુષ્યો ક્યાં ઉત્પન્ન થાય છે ?" તેના ઉત્તરમાં જણાવ્યું છે કે, "હે ગૌતમ! ૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં, અઢીદ્વીપ ને સમુદ્રોમાં, ૧૫ કર્મભૂમિમાં ૩૦ અકર્મભૂમિમાં તથા ૫૬ અંતર્દ્વીપોમાં ગર્ભજ મનુષ્યના જ (૧) વિષ્ટામાં (૨) મૂત્રમાં (૩) કફમાં (બળખામાં) (૪) નાસિકાના મેલમાં (૫) વમનમાં (૬) પિત્તમાં (૭) પરુમાં (૮) લોહીમાં (૯) વીર્યમાં (૧૦) વીર્યના સુકાઈ ગયેલાં પુદ્‌ગલો ભીનાં થાય તેમાં (૧૧) જીવ રહિત કલેવરમાં (૧૨) સ્ત્રી-પુરુષનાં સંયોગમાં (૧૩) નગરની ખાળમાં અને (૧૪) સર્વ અશુચિનાં સ્થાનોમાં સમુર્ચ્છિમ મનુષ્યો અંગુલનાં અસંખ્યાતમાં ભાગ પ્રમાણ અવગાહનાવાળા ઉત્પન્ન થાય છે. તે અસંજ્ઞી, મિથ્યાદષ્ઠિ, અજ્ઞાની તથા સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્ત હોય છે અને અંતર્મુહૂર્તનું આયુષ્ય ભોગવીને કાળ કરે છે.

સંમુર્ચ્છિમ મનુષ્યો અત્યંત સૂક્ષ્મહોવાથી આપણે જોઈ શકતા નથી, પણ જ્ઞાની ભગવંતોએ પોતાની જ્ઞાનદષ્ઠિથી તેમને જોયા છે અને તેથી જ તેમનું યથાર્થ વર્ણન કરેલું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

જીવોના ૫૬૩ ભેદની જુદા જુદા સ્થળે થતી ઉત્પત્તિ

91

ક્રમ	સ્થલ	નારક	તિર્યંચ	મનુષ્ય	દેવ	સર્વ સંખ્યા
૧	ભરત ક્ષેત્રમાં	૦	૪૮	૩[૫]	૦	૫૧
૨	મહાવિદેહ ક્ષેત્રમાં	૦	૪૮	૩[૫]	૦	૫૧
૩	જંબૂદ્વીપમાં	૦	૪૮	૨૭[૬]	૦	૭૫
૪	લવણ સમુદ્રમાં	૦	૪૮	૧૬૮[૭]	૦	૨૧૬
૫	ધાતકીખંડમાં	૦	૪૮	૫૪[૬]	૦	૧૦૨
૬	કાલોદધિ સમુદ્રમાં	૦	૪૮	૦	૦	૪૮
૭	અર્ધ પુષ્કરાર્ધદ્વીપમાં	૦	૪૮	૫૪[૬]	૦	૧૦૨
૮	અધોલોકમાં	૧૪	૪૮	૩[૫]	૫૦[૯]	૧૧૫
૯	નંદીશ્વરદ્વીપમાં	૦	૪૬[૧]	૦	૦	૪૬
૧૦	નંદીશ્વરાદિ સમુદ્રમાં	૦	૪૬[૧]	૦	૦	૪૬
૧૧	તિર્છાલોકમાં	૦	૪૮	૩૦૩	૭૨[૯]	૪૨૩
૧૨	ઉર્ધ્વલોકમાં	૦	૪૮	૦	૭૬[૧૦]	૧૨૪
૧૩	મેરુપર્વતમાં	૦	૪૮	૦	૦	૪૮
૧૪	અઢીદ્વીપમાં	૦	૪૮	૩૦૩	૦	૩૫૧
૧૫	૧૨ દેવલોકમાં	૦	૨૦[૨]	૦	૪૮	૬૮
૧૬	૯ ગ્રૈવેયકમાં	૦	૧૪[૩]	૦	૧૮	૩૨
૧૭	લોકના છેડામાં	૦	૧૨[૪]	૦	૦	૧૨
૧૮	અધોગ્રામમાં	૦	૪૮	૩	૦	૫૧
૧૯	આપની મુઠ્ઠીમાં...	૦	૧૨[૪]	૦	૦	૧૨

☞ **ટીપ્પણકો...**

(૧) નંદીશ્વરદ્વીપ અને સમુદ્ર વગેરે સ્થળે બાદર પર્યાપ્તા-અપર્યાપ્તા તેઉકાય વિના તિર્યંચગતિના ૪૬ ભેદ થાય છે.

(૨) ૧૨ દેવલોકમાં... બાદર તેઉકાય પર્યાપ્તા - અપર્યાપ્તા વિના એકેન્દ્રિયના ૨૦ ભેદ થાય છે.

(૩) ગ્રૈવેયકમાં... પાંચ સૂક્ષ્મ,બાદર પૃથ્વી અને વાયુ એ સાતના પર્યાપ્તા-અપર્યાપ્તા = ૧૪ ભેદ થાય છે.

(૪) લોકને છેડે ને મુઠ્ઠીમાં... પાંચ સૂક્ષ્મ અને બાદર વાયુ એ છના પર્યાપ્તા-અપર્યાપ્તા = ૧૨ ભેદ થાય છે.

(૫) ભરત-મહાવિદેહ - ઐરાવત અને અધોગ્રામ ૧,૦૦૦ યોજન ઊંડી કુબડી વિજય એ દરેકમાં ૧-૧ ગર્ભજ પર્યાપ્તા-અપર્યાપ્તા અને સંમુર્ચ્છિમ અપર્યાપ્તા એમ ૩ ભેદ મનુષ્યના રહે છે.

(૬) જંબૂદ્વીપમાં ભરત-ઐરાવત-મહાવિદેહ અને યુગલિકના ૬ ક્ષેત્રો મળી ૯ ક્ષેત્રોના ૨૭ ભેદ થાય છે તેમજ ધાતકી અને પુષ્કરાર્ધ દ્વીપમાં તેથી બમણાં ક્ષેત્રો (૧૮ હોવાથી) તેના ગર્ભજ પર્યાપ્તા-અપર્યાપ્તા અને સંમુર્ચ્છિમ અપર્યાપ્તા મનુષ્યના ૫૪ ભેદ થાય છે.

(૭) લવણ સમુદ્રમાં ૫૬ અંતર્દ્વીપના ગર્ભજ પર્યાપ્તા-અપર્યાપ્તા ને સંમુર્ચ્છિમ અપર્યાપ્તા મનુષ્ય કુલ ૧૬૮ ભેદ થાય છે.


(૮) અધોલોકમાં ૧૦ ભવનપતિ + ૧૫ પરમાધામી = ૨૫ તેના પર્યા. + અપર્યાપ્તા મળી = ૫૦ ભેદ થાય છે.

(૯) તિર્છાલોકમાં ૮ વ્યંતરદેવ, ૮ વાણવ્યંતર, ૧૦ તિર્યંચજૃંભક દેવ, ૫ સ્થિર - ૫ અસ્થિર જ્યોતિષદેવ કુલ મળી ૩૬ ભેદ થાય છે. તેના પર્યાપ્તા-અપર્યાપ્તા મળી ૭૨ ભેદ દેવોના થાય છે.

(૧૦) ઉર્ધ્વલોકમાં ૩૮ પ્રકારના વૈમાનિક દેવોના પર્યાપ્તા + અપર્યાપ્તા મળી = ૭૬ ભેદો થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


લોકવર્તી સમાવગાહી અસંખ્ય નિગોદ ગોલક ચિત્ર



: ચિત્ર પરિચય :
ચૌદ રાજલોક નિગોદના અસંખ્ય ગોળાઓથી વ્યાપ્ત છે. એક-એક ગોળામાં અસંખ્ય નિગોદો છે.

શ્રી સર્વજ્ઞ પરમાત્માઓએ જ્ઞાનદૃષ્ટિથી એક જ નિગોદમાં અનંતા જીવો કહેલા છે.

નિગોદનું સ્વરૂપ દર્શન ચિત્ર



સૂક્ષ્મનિગોદના ગોળાઓ હોય છે અને તેનો આકાર સ્તિબુક=પાણીના પરપોટા જેવો અર્થાત્ ગોળ હોય છે.

આ રીત એક બીજામાં પ્રવેશ કરીને નિગોદ રહેલી છે.

ઉત્કૃષ્ટ પદવાળા એક ગોળાને છોડીને બીજી નિગોદ થાય છે તેમાં વળી એક બીજો ગોળો થાય છે એવી રીતે લોકાકાશમાં એવા અસંખ્ય ગોળાની નિષ્પત્તિ થાય છે એક એક ગોળામાં અસંખ્ય નિગોદો હોય છે અને એક એક નિગોદમાં અનંત અનંત જીવો એવી રીતે ખીચો ખીચ ભરાયેલા છે કે એમાંથી કોઈ પણ નિગોદ કોઈ પણ કાળે ખાલી થતી નથી.

એક જ નિગોદની અવગાહનામાં ચારે બાજુથી બીજી પણ નિગોદો પ્રદેશની વૃદ્ધિહાનિના ભેદથી રહેલી છે આમ એકબીજાથી દબાઈને રહેલી એવી એ નિગોદો અસાધ્ય નિગોદોનો ઉત્કૃષ્ટ પદવાળો એક ગોળો બનાવે છે.

આવા સ્થાનમાં ઋજુદિશાનું આચરણ હોવાથી ત્યાં આખો ગોળો નથી બનતો પરંતુ ખંડગોળો બને છે અને એની અંદર નિગોદો પણ ઓછા હોવાથી જઘન્ય પદ નિગોદ બને છે. અર્થાત્ તેમાં નિગોદની સંખ્યા અલ્પ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિગોદના ગોળાનું સ્વરૂપ

92

☞ गोला य असंखिज्जा, अस्संखनिगोअओ हवइ गोलो । एक्केकम्मि निगोए, अणंतजीवा मुणेयव्वा ॥

(निगोद षट्त्रिंशिका - १२)[1]

☞ સમગ્ર લોકાકાશમાં ગોળાઓ ભરેલા હોવાથી નિગોદના સર્વ ગોળા અસંખ્યાત છે. એક-એક નિગોદના ગોળામાં નિગોદીયા જીવનાં સાધારણ શરીરો અસંખ્યાત હોય છે. (સમાવગાહી અસંખ્ય નિગોદોનું નામ જ ગોળો છે.) વળી, એક-એક નિગોદમાં જ્ઞાની મહર્ષિઓએ અનંત અનંત જીવો કહેલા છે. આ એક-એક નિગોદાશ્રયી જીવો ત્રણે કાળના સિદ્ધના જીવોથી અનંતગુણ આજે છે અને અનંતકાળ ગયે છતે પણ અનંતગુણ જ રહેવાના છે, માટે જ કહેવાયું છે... "जइआइ होइ पुच्छा, जिणाणमग्गंमि उत्तरं तइआ । इक्कस्स य निगोयस्स, अणंतभागा अ सिद्धि-गओ ॥" (गाथा सहस्त्री-२३६) એથી જ કહ્યું છે કે "घटे न राशी निगोद की, बढे न सिद्ध अणंत ॥" પુદ્ગલોથી જેમ લોક વ્યાપ્ત છે, તેમ જીવોથી પણ આ લોક સર્વત્ર વ્યાપ્ત છે અર્થાત્ નિગોદાદિ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો અંજનચૂર્ણથી ભરેલી દાબડીની જેમ ઠાંસી ઠાંસીને લોકમાં સર્વત્ર રહેલા છે. તે સૂક્ષ્મ જીવોનો મનુષ્યાદિના હલન-ચલનથી, શસ્ત્રાદિકથી, અગ્નિથી પણ નાશ થતો નથી. આ જીવો કોઈપણ કાર્યમાં અનુપયોગી અને શસ્ત્રાદિકના ઘાતથી અવિનાશી, ચર્મચક્ષુથી અદૃશ્ય હોવાથી **"સૂક્ષ્મ"** કહેવાય છે. તેથી વિપરીત લક્ષણવાળા જીવો **"બાદર"** કહેવાય છે.

☞ આ નિગોદના જીવો ૨ પ્રકારના છે : (૧) **સાંવ્યવહારિક**, (૨) **અસાંવ્યવહારિક**[2]. જે જીવો અનાદિ સૂક્ષ્મ નિગોદથી એકવાર પણ નીકળીને શેષ સૂક્ષ્મ-બાદર પૃથ્વ્યાદિ જીવોમાં ઉત્પન્ન થતાં દૃષ્ટિપથમાં આવે છે ત્યાં તે પૃથ્વ્યાદિ વિવિધ નામના વ્યવહાર (અનાદિકાળથી "સૂક્ષ્મ નિગોદ" તરીકેનું સૂક્ષ્મપણું ટાળી અન્ય નામથી વ્યવહાર થવો તે)ના યોગથી "સાંવ્યવહારિક" ગણાય છે. વળી, સાંવ્યવહારિક તરીકેની છાપને પામેલા જીવો દુર્ભાગ્યતાના યોગે પુનઃ નિગોદમાં જાય તો પણ એકવાર વ્યવહારમાં આવી ગયેલા હોવાથી ત્યાં પણ તેનો વ્યવહાર સાંવ્યવહારિક તરીકે જ ગણાય છે. હવે અસાંવ્યવહારિક તે કહેવાય કે જે જીવો અનાદિકાલથી ગુફામાં જન્મ્યા અને ગુફામાં મૃત્યુ પામ્યાની પેઠે સૂક્ષ્મ નિગોદમાં ને સૂક્ષ્મ નિગોદમાં જ રહેલા છે, કદાપિ બહાર નીકળીને બાદરપણું કે ત્રસપણું પામ્યા નથી (મતાંતરે-કદાપિ સૂક્ષ્મ નિગોદ વર્જીને અન્ય પૃથ્વ્યાદિ સૂક્ષ્મ કે બાદરના વ્યવહારમાં નથી આવ્યા તે...)

☞ જેટલા જીવો સાંવ્યવહારિક રાશીમાંથી મોક્ષે જાય તેટલા જ જીવો અસાંવ્યવહારિક રાશીમાંથી નીકળીને સાંવ્યવહારિક રાશીમાં આવે છે.જેથી વ્યવહાર રાશી હંમેશાં સરખી રહે. જ્યારે અસાંવ્યવહાર રાશી હંમેશાં ઘટતી રહે. (પરંતુ કદાપિ અનંત મટીને અસંખ્ય તો ન જ થાય) આ નિગોદમાં ભવ્ય તથા અભવ્ય જીવો સદાકાળ અનંતાનંત જ હોય છે અને એવા પણ અનંત ભવ્ય જીવો (જાતિભવ્યજીવો) છે કે જે ક્યારે પણ મોક્ષાનુકૂલ સામગ્રી પામવાના નથી અને તેથી મુક્તિમાં પણ જવાના નથી... **"નિગોદ"** એટલે અનંતા જીવોનું સાધારણ એક શરીર. જે સ્તિબુકાકારે (પાણીના પરપોટા) સરખું છે. આ નિગોદમાં વર્તતા જીવો સમકાળે ઉત્પન્ન થનારા હોય છે. અનંત જીવોની શરીર રચના, શ્વાસોશ્વાસ, આહારાદિ યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ-વિસર્જન વગેરે એકી સાથે જ સમકાળે હોય છે ને એથી જ સાધારણ (સરખી સ્થિતિવાળા) તરીકે ઓળખાય છે. આપણો પણ આ અનાદિ નિગોદમાં અનંત કાળ ગયો છે એમ જાણવું.

★ **નિગોદના જીવોની ભવગણતરી :** ૧ મિનિટમાં ૧,૩૪૬ ભવ કરે, ૪૮ મિનિટમાં-૬૫,૫૩૬ ભવ કરે, ૧ દિવસમાં-૧૯,૬૬,૦૮૦ ભવ કરે. ૧ મહિનામાં-૫,૯૯,૮૨,૪૦૦ ભવ કરે. ૧ વર્ષમાં-૭૦,૭૭,૮૮,૭૦૦ ભવ કરે. ૧ મિનિટ = ૬૦ સેકન્ડ. ૪૮ મિનિટ = ૨,૮૮૦ સેકન્ડ, ૧ સેકન્ડ = ૧ ભવ કરે તો ૪૮ મિનિટમાં ૨,૮૮૦ ભવ થાય. ૧ સેકન્ડમાં ૧૦ ભવ કરે, તો ૪૮ મિનિટમાં ૨૮,૮૮૦ ભવ થાય. ૧ સેકન્ડમાં ૨૦ ભવ કરે તો ૪૮ મિનિટમાં ૫૭,૬૦૦ ભવ થાય. ૧ સેકન્ડમાં ૨૨ ભવ કરે તો ૪૮ મિનિટમાં ૬૩,૩૬૦ ભવ થાય છતાં ૨,૧૭૬ ભવ બાકી રહે તો તે માટે ત્રેવીસમો ભવ પ્રાયઃ ૭૭% જેટલો પૂર્ણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઔદારીકાદિ પાંચ શરીર... ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫ - શરીરોને વિષે અનેક વિષય સ્થાપના પ્રદર્શક યંત્ર


93

સંસારી તમામ જીવો શરીરવાળા જ હોય છે ને શરીર વગરના હોય તે એક માત્ર સિદ્ધ ભગવંતો. સંસારી સઘળા જીવોનાં શરીર અંગે પાંચ પ્રકાર પડે છે. (૧) **ઔદારિક શરીર :** ઔદારિક વર્ગણાના પુદ્ગલોનું જે બનેલું છે, તે ઔદારિક શરીર કહેવાય. તે આપણા સર્વને (મનુષ્યોને) તથા તિર્યંચોને (પશુ-પક્ષી-ઝાડ-પાનાદિને...) હોય છે. (૨) **વૈક્રિય શરીર :** વૈક્રિય વર્ગણાના પુદ્ગલોનું જે બનેલું છે, તેને વૈક્રિય શરીર કહેવાય છે. તે દેવો તથા નારકી જીવોને ભવાશ્રયી (જન્મથી) હોય છે અને લબ્ધિવાલા મનુષ્યોને તથા અમુક પંચે. તિર્યંચોને તથા બાદર વાયુકાયને પણ હોય છે. (૩) **આહારક શરીર :** આહારક વર્ગણાના પુદ્ગલોમાંથી જે બનેલું છે, તેને આહારક શરીર કહેવાય. તે માત્ર આમર્ષાદિ ઔષધિવાળા ૧૪ પૂર્વધારી મુનિને જ હોય. તત્ત્વોની વિચારણા કરતા ક્યારેક શંકા ઊભી થાય ત્યારે તથા તીર્થંકર પ્રભુની સમવસરણાદિની ઋદ્ધિ જોવા માટે આ શરીર બનાવીને તેને (આહારક શરીરને) વિચરતા તીર્થંકર પ્રભુની પાસે મોકલે છે. (૪) **તૈજસ શરીર :** તૈજસ વર્ગણાના પુદ્ગલોનું જે બનેલું છે તે તૈજસ શરીર કહેવાય. આ શરીર સઘળા સંસારી જીવોને અનાદિકાલથી સાથે જ હોય છે. આ શરીરના કારણે જ આપણાં શરીરમાં ગરમી રહે છે અને જીવ જે ખોરાક લે છે તેનું પાચનાદિ થાય છે. (૫) **કાર્મણ શરીર :** આત્મા ઉપર લાગેલો જે અનાદિકાલથી કર્મોનો જથ્થો-સમૂહ તેનું જ નામ કાર્મણ શરીર. આ શરીર પણ સઘળા સંસારી જીવોને હોય જ છે. ચાલો હવે આ પાંચે શરીરોના વિશેષ ભેદો તરફ એક નજર નાંખીએ...

ક્રમ	ઘટાવવાના દ્વારો	ઔદારિક શરીર	વૈક્રિય શરીર	આહારક શરીર	તેજસ શરીર	કાર્મણ શરીર
૧	કારણકૃત વિશેષ	સ્થૂલ પુદ્ગલોનું	ઔદારિકથી સૂક્ષ્મ	વૈક્રિયથી સૂક્ષ્મ	આહારકથી સૂક્ષ્મ	તેજસથી સૂક્ષ્મ...
૨	પ્રદેશ સંખ્યાકૃત વિશેષ	અતિ અલ્પ	ઔદા.થી અનંતગુણ	વૈક્રિયથી અનંતગુણ	આહારકથી અનંતગુણ	તૈજસથી અનંતગુણ
૩	સ્વામિકૃત વિશેષ	સર્વ તિર્યંચ-મનુષ્ય	દેવ-નારક, ગર્ભજતિર્યંચ નર. । બાદર પર્યા. વાયુકાય	કોઈક ૧૪ પૂર્વધરને... આમર્ષાદિ લબ્ધિથી યુક્ત	સર્વ સંસારી જીવ...	સર્વ સંસારી જીવ...
૪	વિષયકૃત વિશેષ...	ઊર્ધ્વ પાંડુકવને, તિર્છા, રુચકદ્વીપના રુચક પર્વતે, અર્ધોગ્રામમાં	અસંખ્ય દ્વીપ સમુદ્ર	મહાવિદેહ સુધી	લોકાન્ત (ને પરભવ જતા...) સુધી	(વિગ્રહગતિમાં) લોકાન્ત સુધી
૫	પ્રયોજનકૃત વિશેષ	ધર્મધર્મ-મોક્ષપ્રાપ્તિ	એક અનેક, સ્થૂલ-બાદર સંઘ સહાયાદિક નિમિત્તક	સૂક્ષ્મસંશય છેદવા... વા જિનઋદ્ધિ દર્શનાદિ.	શ્રાપ-વરદાન-તેજોલેશ્યા અન્ન-પાચનાદિ	સંસાર-પરિભ્રમણ નવો કર્મબંધ
૬	પ્રમાણકૃત ભેદ	સાધિક ૧૦૦૦ યોજન	સાધિક ૧ લાખ યોજન	૧ હાથ પ્રમાણ...	સંપૂર્ણ લોકાકાશ	સંપૂર્ણ લોકાકાશ
૭	અવગાહનાકૃત ભેદ	આહા.થી સંખ્યગુણ પ્રદેશમાં...	ઔદા.થી સંખ્યગુણ પ્રદેશમાં...	અસંખ્ય-આકાશપ્રદેશમાં	વૈક્રિયથી અસંખ્યગુણ પ્રદેશમાં...	તૈજસ તુલ્ય પ્રદેશ...
૮	સ્થિતિકૃત ભેદ...	જઘ. અન્તર્મુહૂર્ત ઉત્કૃ. ૩ પલ્યોપમ	જઘ. ૧૦૦૦ વર્ષ, ઉત્કૃ. ૩૩ સાગરો. વૈક્રિય સંબંધી જઘ. ૪ અંતર્મુહૂર્ત ઉત્કૃ. અર્ધ માસ...	જઘ.અંતર્મુહૂર્ત ઉત્કૃ. અંતર્મુહૂર્ત	ભવ્યને અનાદિ સાંત અભવ્યને અનાદિ અનંત	તૈજસ વ્યાખ્યા મુજબ
૯	અલ્પબહુત્વ ભેદ	વૈક્રિયથી અસંખ્યગુણ	અસંખ્ય...	૯૦૦૦ ઉત્કૃષ્ટ કાળે	અનંત	અનંત...
૧૦	અન્તર- એક જીવાશ્રયી...	૩૩ સાગરો. સાધિક...	આવલિકાનાં અસંખ્ય ભાગ.પુદ્ગલ પરાવર્ત સમય જેટલા	અર્ધપુદ્ગલ પરાવર્ત	અંતર નથી...	અંતર નથી...
૧૧	અનેક જીવાશ્રયી...	અંતર નથી...	અંતર નથી...	જઘ. ૧ સમય ઉત્કૃ. ૬ માસ } આંતરું	અંતર નથી...	અંતર પડે જ નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૫ - ઈન્દ્રિય ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫-ઈન્દ્રિયોને વિષે ભિન્ન-ભિન્ન વિષયોનું સ્થાપના યંત્ર 94

☞ **જ્ઞાનસાર**ના રચયિતા **મહો.શ્રી યશોવિજયજી મહારાજા** ફરમાવે છે કે...

પતङ्गभृङ्गमीनेभसारङ्गा यांति दुर्दशाम्। एकैकेन्द्रियदोषाच्चेद्, दुष्टैस्तैः किं न पंचभिः ॥ (ज्ञानसार-८/७)

એટલે ફક્ત એકેક ઈન્દ્રિયના દોષની પ્રબળતાથી ઉપર જણાવેલા પતંગાદિના થતા માઠા હાલ આપણે સહુ સાક્ષાત્ જોઈ શકીએ છીએ. એકેક ઈન્દ્રિયના વિષયમાં આસક્ત થનારાં તે પ્રાણીઓ પણ પોતાના પ્રાણ ખોઈ બેસતા નજરે દેખાય છે, તો પછી તે પાંચે ઈન્દ્રિયોના પ્રબળ વિકારને વશ થયેલા પામર પ્રાણીઓનું તો કહેવું જ શું ?

☞ **પ્રશમરતિકારે** આ બાબતમાં બહુ સારો ઉલ્લેખ કરી બતાવ્યો છે, તે આ પ્રમાણે - "મનોહર અને મધુર એવી ગાંધર્વની વીણા અને સ્ત્રીઓના આભૂષણના અવાજ વિગેરેથી શ્રોત્રેન્દ્રિયમાં લીન હૃદયવાળો જીવ હરણની પેઠે વિનાશને પામે છે. ગતિ, વિલાસ, ઈંગિત, આકાર, હાસ્ય, લીલા અને કટાક્ષથી વિહ્વલ થયેલો અને વિચિત્ર રૂપમાં લીન ચક્ષુવાળો જીવ પતંગની જેમ પરવશ થઈ પ્રાણ તજે છે. સ્નાન, વિલેપન, ગંધવટ્ટી, વર્ણક (રંગ), ધૂપ, ખુશબો તથા પટવાસવડે કરીને ગંધભ્રમિત મનવાળો પ્રાણી મધુકરની પેઠે વિનાશ પામે છે. મિષ્ટાન્ન, પાન, માંસ, મદિરા આદિ મધુર રસનાં વિષયમાં ગૃદ્ધ થયેલો આત્મા ગલયંત્રમાં ફાંસથી વિંધાયેલા માછલાની પેઠે વિનાશને પામે છે. શયન, આસન, અંગમર્દન, રતિક્રીડા, સ્નાન અને અનુલેપનમાં આસક્ત થયેલો મૂઢાત્મા સ્પર્શ ઈન્દ્રિયના વિષયમાં મૂંઝાઈને ગજેંદ્રની પેઠે બંધન પામે છે. એવી રીતે જેમની શિષ્ટજનોને ઈષ્ટ એવી દૃષ્ટિ અને ચેષ્ટા પ્રણષ્ટ થઈ છે એવા ઈન્દ્રિયોને પરવશ પડેલા પ્રાણીઓના અનેક દોષો બહુ રીતે બાધાકારી થાય છે. એકેક-એકેક ઈન્દ્રિયની વિષયાસક્તિથી રાગદ્વેષાતુર થયેલા તે પ્રાણીઓ વિનાશને પામે છે, તો પછી પાંચે ઈન્દ્રિયોના વિષયોને પરવશ પડેલા માનવીનું તો કહેવું જ શું ?

તો ચાલો મિત્રો ! હવે એક નજર આ પાંચે ઈન્દ્રિયોના ભિન્ન ભિન્ન વિષયોના સ્થાપના યંત્ર વિષે જાણી લઈએ.

ક્રમ	નવ પ્રકારે વિષય	સ્પર્શેન્દ્રિય'	રસનેન્દ્રિય	ઘ્રાણેન્દ્રિય	ચક્ષુરિન્દ્રિય	શ્રોત્રેન્દ્રિય
૧	દીર્ઘ પ્રમાણ...	અંગુલનો અસંખ્યાતમો ભાગ	અંગુલનો અસંખ્યાતમો ભાગ	અંગુલનો અસંખ્યાતમો ભાગ	અંગુલનો અસંખ્યાતમો ભાગ	અંગુલનો અસંખ્યાતમો ભાગ
૨	વિસ્તાર પ્રમાણ	સ્વદેહ પ્રમાણ	આત્માંગુલ પૃથક્ત્વ	આત્માંગુલનો અસંખ્યાતમો ભાગ	આત્માંગુલનો અસંખ્યાતમો ભાગ	આત્માંગુલનો અસંખ્યાતમો ભાગ
૩	ઉત્કૃ. વિષય ગ્રહણાંતર	૯ યોજન આત્માંગુલે	૯ યોજન આત્માંગુલે	૯ યોજન આત્માંગુલે	સાધિક ૧ લાખ યોજન (આત્માંગુલે)	૧૨ યોજન આત્માંગુલે
૪	જઘ. વિષય ગ્રહણાંતર	અંગુલનો અસં. ભાગ	અંગુલનો અસં. ભાગ	અંગુલનો અસં. ભાગ	અંગુલનો અસં. ભાગ	અંગુલનો અસં. ભાગ.
૫	પ્રાપ્યકારી કે અપ્રાપ્યકારી	પ્રાપ્યકારી	પ્રાપ્યકારી	પ્રાપ્યકારી	અપ્રાપ્યકારી	પ્રાપ્યકારી
૬	બદ્ધસ્પૃષ્ટ-સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ...	બદ્ધસ્પૃષ્ટ	બદ્ધસ્પૃષ્ટ	બદ્ધસ્પૃષ્ટ	અસ્પૃષ્ટ	સ્પૃષ્ટ
૭	પ્રમાણ અલ્પબહુત્વ	રસેન્દ્રિયથી અસં.ગુણ	ઘ્રાણે.થી અસં. ગુણ	શ્રોત્રે.થી સંખ્યે.ગુણ	સર્વથી અલ્પાવગાહના	ચક્ષુથી સંખ્યેયગુણ
૮	કેટલા પ્રદેશવાળી છે ?	રસેન્દ્રિયથી અસં. ગુણ	ઘ્રાણે.થી અસં. ગુણ	શ્રોત્રે.થી અસં. ગુણ...	અનંત પ્રદેશી	ચક્ષુથી સંખ્યેયગુણ
૯	દ્રવ્યેન્દ્રિય કેટલી છે ?	૧	૧	૨	૨	૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વક્રગતિમાં આહાર-અનાહારદર્શક ચિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋજુ અને વક્રગતિ

95

☞ વિવક્ષિત ભવનું આયુષ્ય પૂર્ણ કરી અન્ય ભવે (અથવા મુક્તિએ) પહોંચવા અથવા એક શરીર છોડી ભવાંતરમાં બીજું શરીર ગ્રહણ કરવા માટે જીવ જે બે પ્રકારે પ્રસ્થાન કરે છે... તેમાં (૧) ઋજુ (સરળ), (૨) વક્ર (કુટીલ) જાણવી. આ ગતિઓ ૧ ભવથી ૨જા ભવના વચ્ચેની હોવાથી તેને **"અંતરાલ"** ગતિ પણ કહેવાય છે. (૧) **ઋજુ ગતિ :** આ ગતિ એક સમયની જ હોય છે. વળી, આનું બીજું નામ **"અવિગ્રહા"** પણ છે[1]. આ ગતિ વડે પરભવમાં જતો જીવ મૃત્યુ પામતાની સાથે જ સીધી જ ગતિએ ઉત્પત્તિ સ્થાને સીધો એક જ સમયમાં ઉત્પન્ન થઈ જાય છે અને તેમાં એકથી વધુ સમય કદી થતો નથી. તેનું કારણ એ છે કે સંસારી જીવોના મૃત્યુ સ્થાનનો જે શ્રેણીપ્રદેશ હોય તેની સમશ્રેણીએ જ (છ દિશામાંથી કોઈપણ એક દિશાની) ઉત્પત્તિ પ્રદેશ હોય છે તથા સૂક્ષ્મ શરીરધારી જીવ વાંકોચૂંકો ન જતાં સીધો જ જન્મ સ્થાને પહોંચતો હોવાથી વધુ સમયનો અવકાશ જ નથી રહેતો. (૨) **વક્રગતિ :** આ ગતિ એકથી વધુ સમયવાળી છે અને તેથી તે **एकविग्रहा** = ૨ સમયવાળી, **द्विविग्रहा** = ૩ સમયવાળી, **त्रिविग्रहा** = ૪ સમયવાળી અને **चतुर्विग्रहा**[2] = ૫ સમયવાળી એમ ૪ પ્રકારની છે. આ જ ગતિનું **"विग्रहगति"** એવું નામાંતર છે.

☞ વક્રગતિ એવું નામ કેમ આપ્યું ? તેનું સમાધાન એ છે કે જીવ એક દેહને છોડીને જ્યારે બીજા દેહને ગ્રહણ કરવા માટે પરભવ તરફ પ્રસ્થાન કરે છે ત્યારે સ્વોપાર્જિત કર્મવશથી તેને કુટિલ-વક્રગતિએ પણ ક્યારેક જવું પડે છે અર્થાત્ તે દ્વારા તે ઉત્પત્તિ સ્થાને પહોંચે છે. આમ, સંસારી જીવોનું પરલોકગમન ઋજુ અને વક્ર બે ગતિ દ્વારા થાય છે. ઋજુની વાત તો ઉપર કહી છે, પણ વક્રગમન શા માટે કરવું પડે છે ? તેના સમાધાનમાં જણાવવાનું છે કે, વક્રગતિએ જનારા જીવનું મૃત્યુ સ્થાન અને ઉત્પત્તિ સ્થાન (ઋજુની જેમ) જ્યારે સમશ્રેણીએ હોતા નથી, પણ આડું-અવળું વિશ્રેણીએ હોય છે ત્યારે તે સીધો જઈ જ શકતો નથી તેમજ તે શ્રેણી ભંગ કરીને તિર્છો પણ જઈ શકતો નથી, આ એક અટલ નિયમ છે. તેથી પ્રથમ સીધો જઈને પછી વળાંકો લઈને ઉત્પત્તિની શ્રેણીએ પહોંચી ઉત્પત્તિ પ્રદેશે પહોંચવું પડે છે. આ વળાંકો લેવા એનું નામ જ વક્રગતિ...


☞ **ઋજુગતિ કોને કહેવાય ? :** કર્મથી મુક્ત થઈને મોક્ષે જતાં સર્વ જીવોને તથા સંસારી જીવોને આ ઋજુગતિ હોય છે. મુક્તાત્માનું મુક્તિગમન હંમેશાં ઊર્ધ્વ સમશ્રેણીએ જ થાય છે, એવો અટલ નિયમ છે. આ ઉપરથી એ પણ રહસ્ય સ્પષ્ટ થાય છે કે જીવની મૂળ ગતિ ઋજુ (સરળ) જ છે, પણ કર્મવશવર્તી થઈને તેને વક્રનો અનુભવ કરવો પડે છે. • **વક્રગતિ કોને હોય ? :** માત્ર સંસારમાં જન્મ લેનારાઓને જ આ વક્રગતિ હોય છે. મુક્તિગામીઓને હોતી નથી. તેમાં પણ ચાર પ્રકારની વિગ્રહગતિમાંથી એકવિગ્રહા અને દ્વિવિગ્રહા તો સ્થાવર અને ત્રસ બંનેને હોય છે. જે જીવો સ્થાવરો છે, તેમને (ઋજુ સહિતની) પાંચેય ગતિ હોય છે. કારણ કે તેમને ત્રસનાડીની બહાર પણ ઉત્પન્ન થવાનું હોય છે.... એનો સ્પષ્ટ ખ્યાલ બાજુની આકૃતિઓ જોતાં આવી જશે. વિશેષ - વક્રગતિ કરનારો જીવ આગળ-પાછળના સમયોને છોડીને બાકીના સમયોમાં દા.ત. ૧, ૨, ૩ અણાહારી હોય છે. કારણ કે, તે જીવ ભવના ચરમ સમય સુધી તેમજ અન્ય સ્થાને ઉત્પન્ન થવાના પ્રથમ સમયમાં આહારગ્રહણ કરતો હોવાથી એ બે સમયોનાં વચ્ચેનાં સમયોમાં તે અણાહારી તરીકે હોય છે.

☞ **॥ ઋજુ-વક્રગતિમાં પરભવાયુષ્યનાં ઉદય સમયમાં આહારક અને અનાહારક સમયનું નિર્ણય યંત્ર... ॥**


ક્રમ	ગતિમાન	કેટલા સમયની	પરભવાયુષ્ય ઉદય		આહારીપણું		અણાહારીપણું	
			વ્યવહારનયે	નિશ્ચયનયે	વ્યવહારનયે	નિશ્ચયનયે	વ્યવહારનયે	નિશ્ચયનયે
૧	ઋજુગતિ	૧ સમયની	પ્રથમ સમયમાં	પ્રથમ સમયમાં	પ્રથમ સમયે	પહેલે સમયે	અણાહારીપણું નથી	અણાહારીપણું નથી
૨	એકવક્ર	૨ સમયની	દ્વિતીય સમયમાં	પ્રથમ સમયમાં	પહેલે-બીજે સમયે	બીજે સમયે	૦	૧ સમય
૩	દ્વિવક્ર	૩ સમયની	દ્વિતીય સમયમાં	પ્રથમ સમયમાં	પહેલે-ત્રીજે સમયે	ત્રીજે સમયે	દ્વિતીય સમયે	૨ સમય
૪	ત્રિવક્ર	૪ સમયની	દ્વિતીય સમયમાં	પ્રથમ સમયમાં	પહેલે-ચોથેસમયે	ચોથે સમયે	બીજે-ત્રીજે	૩ સમય
૫	ચતુર્વક્ર	૫ સમયની	દ્વિતીય સમયમાં	પ્રથમ સમયમાં	પહેલે-પાંચમે સમયે	પાંચમે સમયે	ત્રીજે-ચોથે પાંચમે	૪ સમય


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-: સિદ્ધશિલાનું આડું દૃશ્ય :-



-: સિદ્ધશિલાનું ઉપરથી દૃશ્ય :-







સર્વાર્થ સિદ્ધ વિમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધશિલા અને સિદ્ધાત્માઓ

96

☞ સર્વાર્થસિદ્ધ વિમાનના શિખરથી ૧૨ યોજન (ઊંચે) ગયા બાદ જાતિમાન અર્જુન સુવર્ણમય નિર્મલ એવી સિદ્ધશિલા શોભે છે. આ સિદ્ધશિલા તો ૪૫ લાખ યોજન લાંબી-પહોળી છે અને તેની પરિધિ એક ક્રોડ, બેતાલીસ લાખ, ત્રીસ હજાર, બસો ને ઓગણ પચાસ (૧,૪૨,૩૦,૨૪૯) યોજન છે. આ સિદ્ધશિલાના મધ્યભાગની જાડાઈ આઠ (૮) યોજન છે. ત્યારબાદ દરેક યોજને જાડાઈમાંથી અંગુલ પૃથક્ત્વ ઓછું થતું જાય છે. ત્યારબાદ પૂરેપૂરો છેડો આવે ત્યારે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ માખીની પાંખ જેટલી જાડાઈ હોય છે.

☞ બરફ, મોતીની માળા તથા દૂધની ધારા જેવી ધવલ, ઉજ્જવલ કાંતિવાળી પ્રશસ્ય એવી સિદ્ધશિલાના શ્રી જિનેશ્વર પરમાત્માઓએ જે ૧૨ નામો કહ્યાં છે, તે પણ કહેવાય છે. (૧) **ઈષત્**, (૨) **ઈષત્પ્રાગ્ભારા**, (૩) **તન્વી**, (૪) **તનુતન્વીકા**, (૫) **સિદ્ધિ**, (૬) **સિદ્ધાલય**, (૭) **મુક્તિ**, (૮) **મુક્તાલય**, (૯) **લોકાગ્ર**, (૧૦) **લોકસ્તુપિકા**, (૧૧) **લોકાગ્રપ્રતિવાહિની**, (૧૨) **સર્વપ્રાણભૂતજીવસત્ત્વસુખાવહા**... આ પ્રમાણે સિદ્ધશિલાના ૧૨ નામો જાણવાં તેમજ આ સિદ્ધશિલા ઊંધા છત્ર જેવી, ઘીથી ભરેલા કટોરા તુલ્ય છે. આ સિદ્ધશિલાથી ૧ યોજન ગયા બાદ લોકાન્ત આવે છે. (કોઈક એમ કહે છે કે સર્વાર્થસિદ્ધથી ૧૨ યોજન ગયા બાદ (સિદ્ધશિલા નહિ પણ) લોકાન્ત આવે છે. આમાં તત્ત્વ તો કેવલિગમ્ય છે.) આ યોજન ઉત્સેધાંગુલના માનથી કહેલું છે. કારણ કે સિદ્ધોની અવગાહના આ ઉત્સેધાંગુલના પ્રમાણથી જ કહેલી છે. **શ્રી ભગવતીજી સૂત્રની વૃત્તિ**માં પણ કહ્યું છે કે[1], "સિદ્ધશિલા પૃથ્વીથી લોકાન્તનું અંતર ઉત્સેધાંગુલથી હોવું જોઈએ એમ અનુમાન થાય છે. કારણ કે, તેનાં ઉપરના કોશનાં છઠ્ઠા ભાગમાં સિદ્ધની અવગાહના ૩૩૩ $\frac{1}{3}$ ધનુષ્ય કહેલી છે. તે ઊંચાઈના આધારે જ (ઉત્સેધના આધારે જ) ઘટે છે. તે યોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા અંશમાં ૩૩૩ $\frac{1}{3}$ ધનુષ્યને વ્યાપીને વેદરહિત, વેદનારહિત, ચિદાનંદમય, કર્મરૂપી ગરમીના અભાવથી શાંત એવા સિદ્ધો રહેલા છે ત્યાં તેમની સાદિ-અનંતકાળ સુધી સ્થિતિ છે. આ સિદ્ધાત્માઓ અનંત જ્ઞાન-દર્શનાદિ આઠ ગુણોથી યુકત* અનંત સુખમય અવસ્થામાં રહેલા છે.

☞ આ સિદ્ધના જીવોનું **પ્રજ્ઞાપનાદિ** આગમ ગ્રંથોમાં ૨ પ્રકારે વર્ણન જોવા મળે છે... (૧) **અનન્તરસિદ્ધ** (૨) **પરંપરસિદ્ધ**. તેમાં અનંતર સિદ્ધ ૧૫ પ્રકારે બતાવ્યા છે.[2] તે આ પ્રમાણે...

(૧) **તીર્થસિદ્ધ** = તીર્થ (શાસન)ની સ્થાપના થયા પછી જે જીવ સિદ્ધ થાય છે તે... (ગૌતમસ્વામીજી વગેરે)

(૨) **અતીર્થસિદ્ધ** = તીર્થ (શાસન)ની સ્થાપના થયા પહેલાં જ જે જીવ સિદ્ધ થાય તે (મરુદેવા માતા વગેરે)

(૩) **તીર્થંકર સિદ્ધ** = જે જીવ તીર્થંકર બનીને સિદ્ધ થાય તે... (ભગવાન ઋષભદેવાદિ ૨૪ તીર્થંકર)

(૪) **અતીર્થંકર સિદ્ધ** = જે જીવ સામાન્ય કેવળી બનીને સિદ્ધ થાય તે... (બાહુબલી વગેરે)

❖ **સિદ્ધ ભગવંતનાં ૮ ગુણો : (૧) અનંત જ્ઞાન (૨) અનંત દર્શન, (૩) અવ્યાબાધ સુખ (૪) અનંત ચારિત્ર (૫) અક્ષયસ્થિતિ (૬) અરુપીપણું (૭) અગુરુલઘુ (૮) અનંતવીર્ય....**

* **૯ "ક" થી અતીત સિદ્ધ ભગવંતો : (૧) કાલાતીત (૨) કાયાતીત (૩) કાર્યાતીત (૪) કામાતીત (ઈચ્છાતીત) (૫) ક્રમાતીત (૬) ક્રિયાતીત (૭) કષાયાતીત (૮) કલ્પનાતીત (૯) કલ્પાતીત.**

• **૧૧ પ્રકારે સિદ્ધ : (૧) કર્મસિદ્ધ (કૃષિ વગેરેમાં) (૨) શિલ્પસિદ્ધ (૩) વિદ્યાસિદ્ધ (૪) મંત્ર સિદ્ધ (૫) યોગ સિદ્ધ (૬) આગમસિદ્ધ (૭) અર્થસિદ્ધ (૮) યાત્રાસિદ્ધ (૯) અભિપ્રાયઃસિદ્ધ (૧૦) તપસિદ્ધ (૧૧) કર્મક્ષયસિદ્ધ (સિદ્ધ ભગવંતો...)**

(શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર / વંદારુવૃત્તિ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરથી જોતા સિદ્ધશિલાનું વિહંગમ દૃશ્ય...

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

(૫) **સ્વયંસંબુદ્ધ સિદ્ધ** = જે જીવ કોઈના પણ ઉપદેશ વિના જ બોધ પામીને સિદ્ધ થાય તે... (તીર્થંકરો...)
(૬) **પ્રત્યેકબુદ્ધ સિદ્ધ** = જે જીવ કોઈ એકાદ બાહ્ય કારણથી બોધ પામી સિદ્ધ થાય તે... (કરકંડુ વગેરે)
(૭) **બુદ્ધબોધિત સિદ્ધ** = જે જીવ આચાર્યાદિના ઉપદેશથી બોધ પામી સિદ્ધ થાય તે... (ગજસુકુમાલાદિ)
(૮) **સ્ત્રીલિંગ સિદ્ધ** = જે જીવ સ્ત્રી શરીરને ધારણ કરી સિદ્ધ થાય તે... (ચંદનબાળા વગેરે)
(૯) **પુરુષલિંગ સિદ્ધ** = જે જીવ પુરુષ શરીરને ધારણ કરી સિદ્ધ થાય તે... (૧૧ ગણધરાદિ વગેરે...)
(૧૦) **નપુંસકલિંગ સિદ્ધ** = જે જીવ જન્મથી નપુંસક ન હોય પણ પછી કો'ક કારણોસરથી નપુંસક થયેલ હોય તેવો જીવ... (ગાંગેય વગેરે)
(૧૧) **સ્વલિંગ સિદ્ધ** = જે જીવ રજોહરણ-પાત્રા-ગુચ્છા-સાધુવેષ રૂપ દ્રવ્યલિંગમાં સિદ્ધ થાય તે... (જંબૂસ્વામી વગેરે)
(૧૨) **અન્યલિંગ સિદ્ધ** = જે જીવ પરિવ્રાજકાદિ અથવા વલ્કલાદિ રૂપ દ્રવ્યલિંગમાં રહે છે તે સિદ્ધ થાય તે... (વલ્કલચિરી વગેરે)
(૧૩) **ગૃહિલિંગ સિદ્ધ** = જે જીવ ગૃહસ્થાશ્રમમાં રહેતે છતે સિદ્ધ થાય તે... (ભરત મહારાજા વગેરે)
(૧૪) **એક સિદ્ધ** = જે જીવ એક જ સમયમાં એકલો જ સિદ્ધ થાય તે... (ભગવાન મહાવીર વગેરે)
(૧૫) **અનેક સિદ્ધ** = જે જીવ એક સમયમાં અનેકની સાથે સિદ્ધ થાય તે... (ભગવાન ઋષભદેવ વગેરે)

☞ એક સમયમાં અનેક જીવો મોક્ષે જાય છે, તો વધારેમાં વધારે ૧૦૮ જ જાય છે તેથી વધારે નહીં. તે માટે **પ્રવચન સારોદ્ધારની** ૪૭૮મી ગાથામાં બતાવ્યું છે કે...

बत्तीसा अडयाला सट्ठी, बावत्तरी य बोधव्वा । चुलसीई छन्नउइ उ, दुसहियमट्ठुत्तरसयं च ॥ ४७८ ॥

☞ જેનો અર્થ કાંઈક આ પ્રમાણે છે[૩]...
☞ ૮ સમય સુધી નિરંતર ૧ થી માંડી ૩૨ જીવો મોક્ષે જાય... પછી નિયમા અંતર પડે જ...
☞ ૭ સમય સુધી નિરંતર ૩૩ થી માંડી ૪૮ જીવો મોક્ષે જાય... પછી નિયમા અંતર પડે જ...
☞ ૬ સમય સુધી નિરંતર ૪૯ થી માંડી ૬૦ જીવો મોક્ષે જાય... પછી નિયમા અંતર પડે જ...
☞ ૫ સમય સુધી નિરંતર ૬૧ થી માંડી ૭૨ જીવો મોક્ષે જાય... પછી નિયમા અંતર પડે જ...
☞ ૪ સમય સુધી નિરંતર ૭૩ થી માંડી ૮૪ જીવો મોક્ષે જાય... પછી નિયમા અંતર પડે જ...
☞ ૩ સમય સુધી નિરંતર ૮૫ થી માંડી ૯૬ જીવો મોક્ષે જાય... પછી નિયમા અંતર પડે જ...
☞ ૨ સમય સુધી નિરંતર ૯૭ થી માંડી ૧૦૨ જીવો મોક્ષે જાય... પછી નિયમા અંતર પડે જ...
☞ ૧ સમય સુધી નિરંતર ૧૦૩ થી માંડી ૧૦૮ જીવો મોક્ષે જાય... પછી નિયમા અંતર પડે જ...

☞ **પરંપર સિદ્ધ**[૪] = અપ્રથમસમયસિદ્ધ, દ્વિતીયસમયસિદ્ધ, તૃતીયસમયસિદ્ધ, ચતુર્થસમયસિદ્ધ યાવત્ સંખ્યાત-અસંખ્યાત અને અનંતસમયસિદ્ધો પણ હોય છે... તેમ જાણવું.

☞ સિદ્ધ ભગવંતના ૩૧ ગુણ : ગોળ-ચોરસ વગેરે - ૫ સંસ્થાન, શુક્લાદિ-૫ વર્ણ, સુરભિ-દુરભિ-૨ ગંધ, મધુરાદિ-૫ રસ, ગુરુ-લઘુ વગેરે-૮ સ્પર્શ, પુરુષવેદાદિ-૩, અશરીરપણું-૧, અસંગપણું-૧, જન્મરહિતપણું-૧ = ૫ + ૫ + ૨ + ૫ + ૮ + ૩ + ૧ + ૧ + ૧ = ૩૧ ગુણ જાણવા.
(બીજી રીતે) : ૫-જ્ઞાનાવરણીય, ૯-દર્શનાવરણીય, ૨-વેદનીય, દર્શન-ચારિત્ર રૂપ ૨ મોહનીય, ૪-આયુષ્ય, શુભાશુભ રૂપ ૨-નામકર્મ, ઉચ્ચ-નીચ રૂપ ૨ - ગોત્રકર્મ, ૫-અંતરાય = ૫ + ૯ + ૨ + ૨ + ૪ + ૨ + ૨ + ૫ = ૩૧ ગુણ સિદ્ધ ભગવંતના થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

૬ પ્રકારની પર્યાપ્તિ...

97

☞ સંસારી જીવોને જન્મની સાથે જીવનયાત્રામાં (આયુષ્ય કર્મના અંત સુધી) ઉપયોગી સાધનરૂપે પર્યાપ્તિની જરૂર પડે છે. જીવ આ સંસારમાં જન્મ ધારણ કરે કે તરત જ, પુદ્ગલ પરમાણુની સહાયથી પોતપોતાની યોગ્યતા અનુસાર આહાર આદિ પર્યાપ્તિ રૂપ શક્તિ વિશેષનું સર્જન કરે છે.

☞ (૧) સામાન્ય રીતે આહાર વિના શરીર બંધાય નહિ. (૨) શરીર ધારણ કર્યા વિના જીવ સંસારી રૂપે જીવી શકે નહીં. (૩) શરીરની જેમ ઈન્દ્રિયો વિના જીવ દર્શન (જોવું) આદિની ક્રિયા (પ્રવૃત્તિ) કરી શકે નહીં. (૪) તેમ શ્વાસોચ્છ્વાસ વિના શરીરધારી ચૈતન્ય અવસ્થા જાહેર કરી શકે નહીં. તેથી પણ વધુ વિકસિત ચૈતન્યવાળો જીવ બોલવા વિચારવા માટે અનુક્રમે (૫-૬) ભાષા અને મન પર્યાપ્તિની પણ રચના કરે છે. આ રીતે એ છએ પર્યાપ્તિ સંસારી જીવને આયુષ્યાદિ ભોગવવા માટે ઉપયોગી થાય છે.

દા.ત. એક જ ઘઉંના લોટમાંથી રોટલી, પુરી, ભાખરી આદિ બને છે. છતાંય એમાં મોણ-મીઠું-પાણી-ઘી ઈત્યાદિ પદાર્થો આકૃતિ તેમજ રસ ગંધાદિનાં માટે સપ્રમાણ જરૂર પડે છે, તો જ એ ઈચ્છિત આકારને પામે છે, તેમ ઉપરોક્ત વાત સમજવી.

☞ **તો ચાલો મિત્રો ! એ છ પર્યાપ્તિનો પરિચય નીચે મુજબ જોઈ લઈએ[1]...**

(૧) **આહાર પર્યાપ્તિ :** ઉત્પત્તિ સ્થાને રહેલા આહાર યોગ્ય પુદ્ગલોને જીવ જે શક્તિ વડે ગ્રહણ કરી તેને ખલ (મળ-મૂત્રાદિ) તથા રસરૂપે પરિણમાવે તે આહાર પર્યાપ્તિ.*

(૨) **શરીર પર્યાપ્તિ :** જીવ જે શક્તિ વડે રસ યોગ્ય પુદ્ગલોને સાત ધાતુરૂપે (રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ (હાડકાં), મજ્જા અને વીર્યરૂપે) પરિણમાવે તે શરીરપર્યાપ્તિ. (ઔદારિક સિવાયના વૈક્રિય અને આહારકશરીરમાં તે તે પ્રકારની શરીરની સામગ્રી સમજવી.)

(૩) **ઈન્દ્રિય પર્યાપ્તિ :** જીવ જે શક્તિવડે શરીરરૂપે પરિણમાવેલા પુદ્ગલોમાંથી ઈન્દ્રિય યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને ઈન્દ્રિયરૂપે પરિણમાવે છે તે ઈન્દ્રિય પર્યાપ્તિ.

(૪) **શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ :** જીવ જે શક્તિવડે શ્વાસોચ્છ્વાસ યોગ્ય વર્ગણા (પુદ્ગલોનો વિશિષ્ટ સમૂહ)ને ગ્રહણ કરી શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવી, અવલંબી અને વિસર્જન કરે તે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ. (આજની વિજ્ઞાનની ભાષામાં શ્વાસ લે તે Oxygen અને વિસર્જન કરે તે Nitrogen)

(૫) **ભાષાપર્યાપ્તિ :** શ્વાસોચ્છ્વાસ પ્રમાણે માત્ર ભાષા યોગ્ય વર્ગણાને ગ્રહણ કરી, ભાષા રુપે પરિણમાવી પછી વિસર્જન કરે તે ભાષા પર્યાપ્તિ.

(૬) **મનપર્યાપ્તિ :** શ્વાસોચ્છ્વાસ પ્રમાણે માત્ર મન યોગ્ય વર્ગણાને ગ્રહણ કરી, વિચારો રુપે પરિણમાવી પછી વિસર્જન કરે તે મનપર્યાપ્તિ.

☞ ઉપરની છ પર્યાપ્તિનો ટૂંકમાં વિચાર કર્યા પછી એના વિકાસનો ક્રમ - જમીનમાં બી વાવ્યા પછી જેમ તે હવા, પાણી, પ્રકાશ, માટી આદિના સમય-સમયના સંયોગથી ક્રમશઃ વિકાસ પામે છે ને સમય જતાં અંકુર, છોડ, કળી, ફૂલ, ફળ વગેરે રૂપે થાય છે તેમ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો પોતપોતાના પ્રાણ અનુસારે નીચેના કોષ્ટક પ્રમાણે વિકાસ પામે છે.

☞ **॥ પર્યાપ્તિના કાળનું કોષ્ટક ॥**

ક્રમ	પર્યાપ્તિનું નામ	પ્રાણ બને	એકેન્દ્રિય (સ્થાવર)	વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચે.	ઔદારિકશરીર સંજ્ઞી પંચે.	વૈક્રિય તથા આહારકશરીર	દેવો નારક
૧	આહાર	આયુષ્ય	૧ સમય	૧ સમય	૧ સમય	૧ સમય	૧ સમય
૨	શરીર	કાયબળ	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત
૩	ઈન્દ્રિય	પાંચ ઈન્દ્રિય	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	૧ સમય	૧ સમય
૪	શ્વાસોચ્છ્વાસ	શ્વાસોચ્છ્વાસ	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	૧ સમય	૧ સમય
૫	ભાષા	વચનબળ	-	અંતર્મુહૂર્ત	અંતર્મુહૂર્ત	૧ સમય	બંને પર્યાપ્તિને એક સમયમાં પૂરી કરે.
૬	મન	મનોબળ	-	-	અંતર્મુહૂર્ત	૧ સમય	
૭	કુલ પર્યાપ્તિ	-	૪	૫	૬	૬	૬

* **આહારના ત્રણ પ્રકાર : (૧) ઓજાહાર (૨) લોમાહાર (૩) કવલાહાર**


(૧) ઓજાહાર : ઉત્પત્તિ પ્રદેશે આવેલા આત્માનો પ્રથમસમયનો માતા-પિતાના અંશનો આહાર તે.

(૨) લોમાહાર : શરીરનાં છીદ્રો દ્વારા જે આહાર ગ્રહણ કરવામાં આવે તે.

(૩) કવલાહાર : મુખ દ્વારા - કોળિયા વાટે જે આહાર કરવામાં આવે તે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજીવના ૫ સંસ્થાન



૧. પરિમંડલ સંસ્થાન | ૨. વૃત્ત સંસ્થાન | ૩. ત્રિકોણ સંસ્થાન | ૪. ચતુરસ્ર સંસ્થાન | ૫. આયત સંસ્થાન

જીવના ૬ સંસ્થાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજીવનાં ૫ સંસ્થાન અને જીવનાં ૬ સંસ્થાન...

98

☞ કોઈ પણ વસ્તુના આકારને સંઠાણ અથવા સંસ્થાન કહેવામાં આવે છે.[૧]

☞ અહીં અજીવ એટલે જડ વસ્તુ. પુદ્ગલરુપ જડના પાંચ પ્રકારના આકાર છે.[૨] તે જેમ કે ....

☞ (૧) **પરિમંડલ અજીવ સંસ્થાન** = એટલે વલયાકાર જેવું સંસ્થાન જેમાં વચ્ચે પોલાણ અને ફરતું ગોળ ચક્કર (બંગડી જેવું...) જે સંસ્થાન.... તે પરિમંડલ કહેવાય.

☞ (૨) **વૃત્ત અજીવ સંસ્થાન** = એટલે થાળી જેવું ગોળ... વલયાકાર સંસ્થાન તે વૃત્ત કહેવાય.

☞ (૩) **ત્રિકોણ અજીવ સંસ્થાન** = એટલે ત્રિકોણાકાર... સંસ્થાન. (જેમાં ત્રણ જ ખૂણાં મળે તે...)

☞ (૪) **ચતુરસ્ર અજીવ સંસ્થાન** = એટલે ચોરસ... સંસ્થાન. (જેમાં ચાર જ ખૂણાં મળે તે...)

☞ (૫) **આયત અજીવ સંસ્થાન** = એટલે આકારમાં લંબચોરસવાળું હોય તે સંસ્થાન આયત સંસ્થાન કહેવાય.

☞ જીવ સંસ્થાન ૬ પ્રકારનાં છે... શરીરની આકૃતિને જીવનાં સંસ્થાન તરીકે ઓળખાય છે... શરીરધારી દરેક જીવને ૬માંથી ગમે તે ૧ સંસ્થાન તો નક્કી હોય જ છે.

☞ **સામુદ્રિક શાસ્ત્રો**માં શરીરની પ્રમાણોપેત આકૃતિ-વિશેષની જે ચર્ચા કરવામાં આવી છે, તે અનુસાર નામકર્મનાં આધારે થતી શરીરની આકૃતિની રચનાને **"સંસ્થાન"** કહેવાય છે. તે જીવ સંબંધી ૬ પ્રકારે ...

☞ (૧) **સમચતુરસ્ર સંસ્થાન**[૩] = પલાંઠી વાળીને બેઠેલા મનુષ્યનાં ૨ ઘુંટન અને ૨ ખભાનું અંતર કોસમાં તથા ૨ આસન અને લલાટ સુધીનું અંતર જેમાં સમાન હોય છે, તે સમચતુરસ્ત્ર સંસ્થાન કહેવાય છે.

☞ (૨) **ન્યગ્રોધ સંસ્થાન** = નાભિથી ઊપરનો ભાગ પ્રમાણોપેત હોય પણ નીચેનો ભાગ બેડોળ હોય તે ન્યગ્રોધ સંસ્થાન કહેવાય.

☞ (૩) **સાદિ સંસ્થાન** = નાભિથી નીચેનો ભાગ પ્રમાણોપેત હોય પણ ઊપરનો ભાગ બેડોળ હોય તે સાદી સંસ્થાન કહેવાય.

☞ (૪) **વામન સંસ્થાન** = જેના પીઠ, પેટ અને છાતી વર્જીને મસ્તક, ડોક, હાથ અને પગ સારાં લક્ષણવાળા હોય તેને વામન સંસ્થાન કહેવાય.


☞ (૫) **કુબ્જ સંસ્થાન** = વામનથી વિપરીત એટલે જેને પીઠ, પેટ, છાતી સારાં લક્ષણવાળા હોય અને મસ્તક, ડોક, હાથ અને પગ ખરાબ લક્ષણવાળાં હોય તેને કુબ્જ સંસ્થાન કહેવાય.

☞ (૬) **હુંડક સંસ્થાન** = શરીરના બધા જ અંગોપાંગ વિચિત્ર લાગે તેમજ કોઈપણ અંગ પ્રમાણોપેત ન હોય તે હુંડક સંસ્થાનવાળો જાણવો.

☞ એ છએ સંસ્થાનો ગર્ભજ મનુષ્યો તથા તિર્યંચમાં (જુદા જુદા જીવની અપેક્ષાએ) હોઈ શકે છે. દેવો હંમેશાં ભવધારણીયની અપેક્ષાએ સમચતુરસ્ર સંસ્થાનવાળા (ચારે બાજુ સમાન વિસ્તારવાળા-સુલક્ષણા) હોય છે, પરંતુ ઉત્તર વૈક્રિયની અપેક્ષાએ ૬ એ સંસ્થાન હોય છે. શેષ રહેલાં નારકો, એકેન્દ્રિય (આમાં પૃથ્વી-અપ્-તેઉ-વાયુના મસુરચન્દ્ર, પરપોટો, સુઈ, પતાકાદિ આકારો) બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમુર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્યો તથા તિર્યંચો આ સર્વે હુંડક સંસ્થાનવાળા જાણવા. (કાર્મગ્રંથિક ૬એ સંસ્થાન કહે છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ૬ પ્રકારના સંઘયણ ॥



Jain Education International

For Private & Personal Use Only

www.jainelibrary.org

૬ પ્રકારના સંઘયણ

99

☞ સંઘયણ એટલે મનોબલ+કાયબલ સૂચક હાડકાની રચના...શરીરની મજબૂતાઈ હાડકાની રચના ઉપર આધાર રાખે છે.
☞ એક હાડકા સાથે બીજું હાડકું જોડાય તે સાંધાને **"સંઘયણ"** કહેવાય છે. સંઘયણ નામકર્મના ઉદયે તે નક્કી થાય છે, તેના ૬ ભેદ છે.

॥ સંઘયણના ૬ પ્રકાર ॥


(૧) **વજ્રઋષભનારાચ સંઘયણ** = વજ્રનો અર્થ છે ખીલો. ઋષભ એટલે વેષ્ટન (પટ્ટો), નારાચ એટલે મર્કટ બંધ, મર્કટ બંધથી બાંધેલાં બે હાડકાં ઉપર ત્રીજા હાડકાનું વેષ્ટન હોય અને તે ત્રણે હાડકાને ભેદનાર અર્થાત્ મજબૂત બનાવનાર એક હાડકાનો ખીલો હોય છે. (રેલના ડબ્બા એકબીજાને જોડે તેમ.) તેને વજ્રઋષભનારાચ સંઘયણ કહેવાય છે. તે જ ભવે મોક્ષે જનારા તેમજ સર્વે શલાકા પુરુષો આ સંઘયણવાળા જ હોય છે.
(૨) **ઋષભનારાચ સંઘયણ** = હાડકાનો બંને બાજુ મર્કટ બંધ હોય અને તેના ઉપર ૧ હાડકાનું વેસ્ટન હોય, પરંતુ બંનેને જોડનાર ખીલી નથી હોતી તે છે ઋષભનારાચ સંઘયણ...
(૩) **નારાચ સંઘયણ** = બંને બાજુ મર્કટ બંધ હોય પરંતુ વેષ્ટન અને ખીલી બંને ન હોય તે નારાચ સંઘયણ.
(૪) **અર્ધનારાચ સંઘયણ** = જેમાં એક બાજુ મર્કટ બંધ હોય અને બીજી બાજુ ખીલી હોય તે અર્ધનારાચ સંઘયણ.
(૫) **કિલિકા સંઘયણ** = જેમાં મર્કટ બંધ કે વેષ્ટન બંને ન હોય પરંતુ ખીલીથી બંને હાડકાં જોડાયાં હોય તે કિલિકા સંઘયણ કહેવાય.
(૬) **છેવટ્ટું સંઘયણ** = જેમાં મર્કટ બંધ, વેષ્ટન કે ખીલી ન હોય પરંતુ એમ જ બંને હાડકાં માત્ર સામ સામે જોડેલાં હોય તે છેવટ્ટું કે સેવાર્ત સંઘયણ કહેવાય છે.[૧]


☞ આ ૬ પ્રકારનાં સંઘયણો ઔદારિક શરીરમાં જ હોય છે. બીજા અન્ય શરીરોમાં હોતાં નથી.
☞ મોક્ષમાં જનાર જીવ ફરજિયાત વજ્રઋષભનારાચ સંઘયણ વાળો હોય તો જ જઈ શકે છે.
☞ દેવ-નારક અને એકેન્દ્રિય જીવોને કોઈપણ સંઘયણ હોતા નથી, વિકલેન્દ્રિય, સંમુર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને સંમુર્ચ્છિમ પંચેન્દ્રિય મનુષ્યોને સેવાર્ત - છેવટ્ટું સંઘયણ હોય છે તેમજ ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોને ૬ (૬ પ્રકારે) (બધા જ) સંઘયણો હોઈ શકે છે.

સંઘયણાશ્રયી દેવાદિ ગતિ યંત્ર[૨]			સંઘયણાશ્રયી નરકગતિ યંત્ર[૨]		
૧	વજ્રઋષભનારાચ સંઘયણવાળા	ભવનપતિથી સિદ્ધશિલા સુધી	૧	વજ્રઋષભનારાચ સંઘયણ	સાતમી નારક સુધી
૨	ઋષભનારાચ સંઘયણવાળા	ભવનપતિથી અચ્યુત સુધી	૨	ઋષભનારાચ સંઘયણ	છઠ્ઠી નારક સુધી
૩	નારાચ સંઘયણવાળા	ભવનપતિથી પ્રાણત સુધી	૩	નારાચ સંઘયણ	પાંચમી નારક સુધી
૪	અર્ધનારાચ સંઘયણવાળા	ભવનપતિથી સહસ્ત્રાર સુધી	૪	અર્ધનારાચ સંઘયણ	ચોથી નારક સુધી
૫	કિલિકા સંઘયણવાળા	ભવનપતિથી લાંતક સુધી	૫	કિલિકા સંઘયણ	ત્રીજી નારક સુધી
૬	છેવટ્ટું સંઘયણવાળા	ભવનપતિથી ચોથા કલ્પ સુધી	૬	છેવટ્ટું સંઘયણ	બીજી નારક સુધી

☞ **તા.ક.** : હાલના સર્વ તિર્યંચ અને મનુષ્યો છેવટ્ટું સંઘયણ અને હુંડક સંસ્થાનવાળા જાણવા[૩]...
☞ તેમજ પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન આત્મા પુણ્યોદયે પામે. બાકીના પાંચ સંઘયણ અને સંસ્થાન પાપોદયે ભોગવે... તેમ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬ લેશ્યાઓનું સ્વરૂપ

100

☞ જેના દ્વારા આત્મા કર્મોથી લેપાય છે તેને "લેશ્યા" કહેવાય છે અથવા કષાય યુક્ત યોગની પરિણતીને પણ "લેશ્યા" કહેવાય છે.

☞ હવે લેશ્યાના મુખ્ય બે ભેદ છે : (૧) દ્રવ્યલેશ્યા અને (૨) ભાવલેશ્યા. કષાય અને યોગથી અનુરંજિત લેશ્યાનાં પુદ્ગલોને "દ્રવ્યલેશ્યા" કહેવાય છે. **આ લેશ્યા ૬ પ્રકારે છે : (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત (૪) તેજો (૫) પદ્મ (૬) શુક્લ.**[1] તેમજ કષાય અને યોગના નિમિત્તથી થતા પરિણામને "ભાવલેશ્યા" કહેવાય છે.

☞ સામેનાં ચિત્રમાં છ લેશ્યાનાં પરિણામનું જાંબુના વૃક્ષથી નિરૂપણ કરવામાં આવ્યું છે.

એકવાર ૬ પુરુષો જંગલમાંથી પસાર થતાં હતાં અને અચાનક એક જાંબુનું વૃક્ષ નજરમાં આવ્યું - હવે તેમને ફળો (જાંબુ) ખાવાની ઈચ્છા થતાં દરેક પોતપોતાનાં અલગ-અલગ વિચારો રજુ કરે છે... જેમ કે...

(૧) **કૃષ્ણલેશ્યાવાળો** કહે છે કે આપણે જાંબુ ખાવાં છે માટે વૃક્ષને જડમૂળથી જ કાપી નાંખીએ...

(૨) **નીલલેશ્યાવાળો** કહે છે કે વૃક્ષને કાપવાની જરૂર નથી, મોટી શાખાને જ કાપી નાંખીએ...

(૩) **કાપોતલેશ્યાવાળો** કહે છે કે મોટી શાખા શા માટે કાપવી ? નાની-નાની ડાળીઓ જ કાપી નાંખીએ...

(૪) **તેજોલેશ્યાવાળો** કહે છે કે નાની ડાળી પણ શું કામ કાપવી ? જાંબુનાં ઝુમખાં જ કાપી નાખીએ...

(૫) **પદ્મલેશ્યાવાળો** કહે છે કે ઝુમખાં પણ શા માટે કાપવાં ? તેમાંથી ફક્ત જાંબુ જ તોડી લઈએ...

(૬) **શુકલલેશ્યાવાળો** કહે છે કે જાંબુ પણ તોડવાની જરૂર નથી પણ પવનથી નીચે પડેલાં (ખરેલાં) જાંબુ છે તેને જ વીણીને આપણે ખાઈ લઈએ...

☞ આ રીતે ઉત્તરોત્તર દરેક લેશ્યાવાળાનાં પરિણામોમાં સાત્વિકતા વધે છે. (એ જ રીતે ચોરનું પણ દૃષ્ટાંત સમજી લેવું.) હવે કૃષ્ણાદિ લેશ્યાવાળા જીવો પ્રકૃતિથી કેવા હોય છે ? તે જણાવતા કહે છે કે...

(૧) **કૃષ્ણલેશ્યાવાળા** - જીવો હિંસા, ચોરી, અસત્યાદિ પાંચે આશ્રવોને સેવનાર, પ્રચંડ કોધી તથા ક્ષુદ્ર પ્રકૃતિવાળા ને કોઈપણ પ્રકારનાં પાપ કરવામાં સાહસિક હોય છે.

(૨) **નીલલેશ્યાવાળા** - વિષયોમાં લોલુપ, માયાવી, આળસી, ઈર્ષ્યાળુ અને પુદ્ગલ પ્રતિ આસક્ત હોય છે.

(૩) **કાપોતલેશ્યાવાળા** - વક્ર આચારવાળા, ભલા-બુરાનો વિવેક ન કરનારા, પરનિંદા-સ્વપ્રશંસાકારક હોય છે.

(૪) **તેજોલેશ્યાવાળા** - ભલા-બુરાનો વિવેક રાખનાર, દયા-દાન કરનાર, મંદ કષાયી, અચપલ તેમજ તપસ્વી હોય છે.

(૫) **પદ્મલેશ્યાવાળા** - ઉપરોક્ત ગુણો તથા ભદ્ર પરિણામી, સુપાત્રદાની, ક્ષમાવાન, શીલવ્રતાદિનું પાલન કરનાર તેમજ અલ્પભાષી અને શાંત સ્વભાવી હોય છે.

(૬) **શુકલલેશ્યાવાળા** - જીવો ધર્મધ્યાન અને શુકલધ્યાનને ધ્યાવનાર, પ્રશાંતચિત્ત, વીતરાગ સંયમી, સમભાવી અને નિદાનાદિ (નિયાણાદિ) ન કરનારા હોય છે.


☞ દરેક લેશ્યાનું વિશેષથી સ્વરૂપ નીચે આપેલ ચાર્ટમાં લખેલું છે ત્યાંથી સમજવું.

☞ આ લેશ્યાઓનું વિશેષ સ્વરૂપ **શ્રી પ્રજ્ઞાપના, આવશ્યકાદિ ગ્રંથોમાં તેમજ લોકપ્રકાશાદિ ગ્રંથોમાં પણ જાણવા મળે છે તેમજ દિગમ્બરીય ગ્રંથોમાં સર્વાર્થસિદ્ધિ તેમજ ગોમ્મટસાર વળી બોદ્ધગ્રંથમાં દીર્ઘનિકાય વગેરેમાં છે અને મહાભારત, પાંતંજલ યોગદર્શનાદિમાં** પણ તેની અમુક કલ્પના મળે છે.

ક્રમ	લેશ્યા	અધ્યવસાય	વર્ણ	રસ	ગંધ	સ્પર્શ	ગતિ
૧	કૃષ્ણલેશ્યા	અશુભ તીવ્રતમ	કાજલની જેમ	કડવી તુંબડીની જેમ	સડી ગયેલા ગાયના કલેવર કરતાં વધુ દુર્ગંધી...	કરવતથી વધુ કર્કશ	નરકગામી
૨	નીલલેશ્યા	અશુભ તીવ્રતર	નીલની જેમ	સુંઠમરીથી વધુ તીખો	મરી ગયેલા કૂતરા કરતાં વધુ દુર્ગંધી	ગાયની જીભથી વધુ કર્કશ	તિર્યંચગામી
૩	કાપોતલેશ્યા	અશુભ તીવ્ર	કબ્બાડની જેમ	કાચી કેરીથી વધુ ખાટો	મરેલા સર્પ કરતાં વધુ દુર્ગંધી	સાગના પાંદડા જેવું કર્કશ	દુર્ગતિગામી
૪	તેજોલેશ્યા	શુભ તીવ્ર	હિંગળોકની જેમ	પાકી કેરીથી વધુ ખટમીઠો	પીસાતા પદાર્થથી વધુ સુગંધી	રૂ કરતાં વધુ કોમળ	દેવ વા મનુષ્યગામી
૫	પદ્મલેશ્યા	શુભ તીવ્રતર	હળદરની જેમ	મધ કરતાં વધુ મીઠો	સુગંધી પુષ્પ જેવો	માખણ કરતાં વધુ કોમળ	મનુષ્ય વા દેવગામી
૬	શુકલલેશ્યા	શુભ તીવ્રતમ	શંખની જેમ	ક્ષીરસાગરમાં વધુ મીઠો	અત્તરાદિથી વધુ સુગંધી	શિરીષ પુષ્પથી વધુ કોમળ	મોક્ષગામી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪ ગુણસ્થાનક એટલે જીવનો વિકાસક્રમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪ ગુણસ્થાનક એટલે જીવનો વિકાસક્રમ

101

☞ (૧) **મિથ્યાત્વ ગુણસ્થાન :** ગાઢ અંધકારમાં માનવીને જેમ કાંઈ ન સૂજે, તેમ આ અવસ્થામાં જીવને જીવનની સાચી દિશા સૂઝતી નથી. અર્થાત્ જે કરવાનું હોય તે ન કરે અને ન કરવાનું હોય તે કરે છે. આવી અવસ્થામાં અથડાતાં કૂટાતાં સદ્‌ભાગ્યે કોઈ કલ્યાણ મિત્ર યા ત્યાગી-તપસ્વી મહાત્માઓનો સુયોગ સાંપડે અને તેમનાં વારંવાર સત્સંગ-સંપર્કથી, ધર્મોપદેશનાં શ્રવણ-મનનથી અપૂર્વ (અનાદિ સંસારમાં પહેલાં કયારે પણ ન આવેલો) અધ્યવસાય (મનમાં શુભ વિચારોની ધારા) પ્રગટ થાય, કે જેનાથી અનાદિ કાળની રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ કરીને (ગ્રંથી ભેદ પછી અન્તર્મુહૂર્તે) અનાદિની મિથ્યાત્વ દશાના પંજામાંથી છૂટી, સર્વ પ્રથમ જીવ ઉપશમ સમ્યકત્વરૂપ ચોથા ગુણસ્થાનકને સ્પર્શે (પામે) છે. (કોઈ જીવ ૫-૬-૭માં ગુણસ્થાનકને પણ પામે છે.)

☞ (૨) **સાસ્વાદન ગુણસ્થાન :** ઉપશમ સમ્યક્‌ત્વ પામેલો જીવ કોઈ નિમિત્ત વશ બની પડે. (પતન થાય) ત્યારે પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે પહોંચતાં અલ્પ સમય (જઘન્યથી ૧ સમય ઉત્કૃષ્ટથી છ આવલિકા) માટે સમ્યક્‌ત્વનો સ્વાદ રહી જાય છે, તે આ ગુણસ્થાનક. (આ ગુણસ્થાનકથી આત્મા પડતો જ હોય છે.)

☞ (૩) **મિશ્ર ગુણસ્થાનક :** વીતરાગ કથિત ધર્મ પ્રત્યે રાગ-દ્વેષ (રુચિ-અરુચિ) બંનેમાંથી એક પણ ન હોય, તેવી સ્થિતિ આ ગુણસ્થાનકવાળાની હોય છે. જો કે આવાં પરિણામ અન્તર્મુહૂર્તથી વધુ આત્મામાં ટકતાં પણ નથી.

☞ (૪) **અવિરતસમ્યગ્‌દૃષ્ટિ ગુણસ્થાનક :** સમ્યક્‌ત્વ (સમ્યગ્‌દર્શન) ગુણને પામેલો જીવ આ ગુણસ્થાનકે આવે છે. આ રીતે આત્મશુદ્ધિના વિકાસનો એકડો અહીંથી શરૂ થાય છે. આત્માના પૂર્ણ વિકાસમાં (યાવત્ મોક્ષ પ્રાપ્તિ સુધી) આ ગુણસ્થાનક મહત્ત્વનો ભાગ ભજવે છે. વિવેકચક્ષુ જીવનમાં અહીં ખૂલી જાય છે. હેય (છોડવા જેવું) અને ઉપાદેય (સ્વીકારવા જેવું)ની બાબતમાં જ્ઞાનીના વચનોમાં પૂર્ણ વિશ્વાસ જાગે છે.

☞ (૫) **દેશવિરત ગુણસ્થાનક :** સમ્યક્‌શ્રદ્ધા-સમજના બળે આગળ વધતો જીવ સાવદ્ય પાપમય વ્યાપારોના સર્વત્યાગના લક્ષ્યને નજર સામે રાખી, અલ્પ ત્યાગમાં આવે, ત્યારે આ ગુણસ્થાનકને પામે. (ઉપર મુજબ ત્રણે પ્રકારના સમ્યક્‌ત્વી અહીં તેમજ ૬-૭માં ગુણસ્થાનકે પણ હોય છે.)

☞ (૬) **પ્રમત્તસંયત :** સાંસારિક બંધનોમાંથી છૂટી સર્વસાવદ્ય-પાપમય વ્યાપારોના ત્યાગની સર્વ પ્રકારે પ્રતિજ્ઞા-પચ્ચક્‌ખાણ દ્વારા સંસાર (ભવોદધિ) તારક સંયમ માર્ગની આરાધના કરતો જીવ આ ગુણસ્થાનકે હોય છે.

☞ (૭) **અપ્રમત્તસંયત :** સંયમ માર્ગની સર્વોત્તમ આરાધના સાથે સ્વ (આત્મા) ગુણમાં રમતો જીવ આ ગુણસ્થાનકે હોય છે, (૬-૭ આ બંને ગુણસ્થાનકમાં જીવ દેશોન-પૂર્વ કોટિ કાળ સુધી (ક્રોડ પૂર્વ) રહે છે, પરંતુ બંનેમાંના ગમે તે એક ગુણસ્થાનકે અંતર્મુહૂર્તથી વધુ સમય રહેતો નથી. જઘન્યથી ૧ સમય પણ રહે છે.)

☞ (૮) **અપૂર્વકરણ :** અપૂર્વ અધ્યવસાયના બળે ચારિત્ર મોહનીય કર્મના ઉપશમ કે ક્ષય માટેની તૈયારી આ ગુણસ્થાનકે થાય છે.


હવે ઉપશમશ્રેણિ* તથા ક્ષપકશ્રેણિનો* પ્રારંભ અહીંથી થયો કહેવાય.

★ ઉપશમશ્રેણિ એટલે આત્મામાં મોહનીય કર્મની ઉપશમ (અનુદય) અવસ્થા કરવી...

★ ક્ષપકશ્રેણિ એટલે મોહનીય કર્મનો આત્મામાંથી સંપૂર્ણ નાશ કરવો...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪ ગુણસ્થાનક એટલે જીવનો વિકાસક્રમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪ ગુણસ્થાનક એટલે જીવનો વિકાસક્રમ(ચાલુ) 101

☞ ઉપશમશ્રેણિ કરનાર જીવ ઉપશમ યા ક્ષાયિક સમકિતી હોય છે. જ્યારે ક્ષપકશ્રેણિ કરનાર જીવ નિયમા ક્ષાયિક સમકિતી જ હોય છે.

ઉપશમશ્રેણિ કરનાર ૮-૯-૧૦મા ગુણસ્થાનકે થઈ, ૧૧ મે ગુણસ્થાનકે જાય છે.

ક્ષપકશ્રેણિ કરનાર ૮-૯-૧૦માં ગુણસ્થાનકે થઈ સીધો ૧૨મે ગુણસ્થાનકે જાય છે.

☞ ઉપશમશ્રેણિથી જીવનું નિયમા પતન થાય છે. આ પતન બે પ્રકારનું હોય છે.

(૧) આયુષ્ય પૂર્ણ થયે (ભવક્ષયે) (૨) ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થયે (કાળક્ષયે). ભવક્ષયે જીવ વૈમાનિકમાં જાય અને કાળક્ષયે જેમ ચઢ્યો હોય, તેમ નીચે ઊતરે; યાવત્ પહેલે મિથ્યાત્વ ગુણસ્થાનકે પણ પહોંચી જાય.

☞ (૯) **અનિવૃત્તિ બાદર સંપરાય :** ચારિત્ર મોહનીય (સૂક્ષ્મ સંજ્વલન લોભ સિવાય) સર્વ પ્રકૃતિનો અહીં ઉપશમ અથવા ક્ષય થાય છે.

☞ (૧૦) **સૂક્ષ્મ સંપરાય :** સૂક્ષ્મ સંજ્વલન લોભનો અહીં ઉપશમ અથવા ક્ષય થાય છે.

☞ (૧૧) **ઉપશાંત મોહ :** ચારિત્ર મોહનીયની સર્વ પ્રકૃતિઓ અહીં ઉપશાંત હોય છે. આ ગુણસ્થાનકથી નિયમા જીવ પાછો પડે છે.

☞ (૧૨) **ક્ષીણમોહ :** મોહનીયની સર્વ પ્રકૃતિઓનો અહીં ક્ષય હોય છે. અંતર્મુહૂર્ત રહી શેષ ત્રણ ઘાતી કર્મનો (એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મનો) ક્ષય કરી આગળ વધે છે.

☞ (૧૩) **સયોગી કેવળી :** કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય આ ચાર આત્મગુણો અહીં પ્રગટ થાય છે.

પૂર્વનાં ત્રીજા ભવે જે પુણ્યવાન આત્માઓએ તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું છે, તેઓ આ સ્થાનકને પામી સમવસરણમાં બિરાજી ચતુર્વિધ સંઘની સ્થાપના રૂપ ધર્મતીર્થની સ્થાપના કરી સંસારના જીવોને સંસારતારક, મોહમારક, કલ્યાણકારક મોક્ષનો મહામાર્ગ બતાવે છે. આયુષ્ય કર્મ કરતાં શેષ (વેદનીય-નામ-ગોત્રરુપ ત્રણ) અઘાતી કર્મની સ્થિતિ વધારે હોય, તો કેવલી ભગવંતો કેવલી-સમુદ્‌ઘાત કરે છે. છેલ્લા અન્તર્મુહૂર્તમાં બાદર સૂક્ષ્મ યોગનો નિરોધ કરી, અયોગી ૧૪મા ગુણસ્થાનકે જાય છે.


☞ (૧૪) **અયોગી કેવલી :** મેરૂ જેવી નિષ્કંપ અવસ્થામાં રહેલ આત્મા પાંચ હ્રસ્વાક્ષર (અ, ઈ, ઉ, ઋ, લૃ) પ્રમાણ કાળ રહી અઘાતી ચારે કર્મનો ક્ષય કરી, નિર્વાણ પામી અક્ષય, અવ્યાબાધ, શાશ્વત સ્થાનરૂપ મોક્ષપદને પામે છે.[૧]

☞ ટૂંકમાં ઉપરોક્ત ૧૪ ગુણસ્થાનકનો સંક્ષિપ્ત પરિચય કરાવવાની વિચારણા પાછળ ઊંડે ઊંડે એક જ વાત છુપાયેલી છે, કે આત્મા નવતત્ત્વના પદાર્થને સમજે, જાણે, સ્વીકારે, જીવનમાં આચરણમાં ઉતારવાનો પ્રયત્ન કરે અને સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરી પરંપરાએ આ ગુણસ્થાનકમાં આરોહણ કરતાં કરતાં અનુક્રમે મોક્ષને પામે ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


પ્રથમસમયે દંડની રચના

ચિત્ર નં. (૧)




દ્વિતીય સમયે કપાટની રચના

ચિત્ર નં. (૨)



⟵ ⟶ દંડમાંથી આત્મપ્રદેશો નીકળીને લોકાંત પર્યંત તિર્ચ્છા ફેલાય છે.



ચિત્ર નં. (3) :- ત્રીજા સમયે મંથાન (પ્રતર)ની રચના

તૃતીય સમયે કરેલો મંથાન = કપાટમાં રહેલ આત્મપ્રદેશોને ઉત્તર-દક્ષિણ દિશામાં ફેલાવે છે.
દ્વિતીય સમયે કરેલો કપાટ (જાડાઈ = પુરુષના દેહપ્રમાણ)
પ્રથમસમયે કરેલો દંડ (જાડાઈ = પુરુષના દેહપ્રમાણ)
આંતરા સ્થાને જ્યાં આત્મપ્રદેશો ફેલાતા નથી, તેને ચોથા સમયે પૂરે છે.
કપાટમાંથી નીકળીને આત્મપ્રદેશોનું ઉત્તર-દક્ષિણ દિશામાં ફેલાવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલી સમુદ્‌ઘાત

102

☞ શાસ્ત્રોમાં સમુદ્‌ઘાતના ૭ પ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) **વેદના સમુદ્‌ઘાત** (૨) **કષાય સમુદ્‌ઘાત** (૩) **મરણ સમુદ્‌ઘાત** (૪) **વૈક્રિય સમુદ્‌ઘાત** (૫) **આહારક સમુદ્‌ઘાત** (૬) **તૈજસ સમુદ્‌ઘાત** અને (૭) **કેવલી સમુદ્‌ઘાત**[1].

આમાં ૧ થી ૬ છાદ્મસ્થિક સમુદ્‌ઘાત જાણવા અર્થાત્ છદ્મસ્થો દ્વારા કરાતા સમુદ્‌ઘાત, અને ૭મો કેવલજ્ઞાની ભગવંત દ્વારા કરાતો કેવલી સમુદ્‌ઘાત જાણવો. તેમજ પ્રથમના ૧ થી ૬ સમુદ્‌ઘાત અંતર્મુહૂર્ત પ્રમાણવાળા હોય છે. જ્યારે કેવલી સમુદ્‌ઘાત માત્ર ૮ સમયના પ્રમાણવાળો હોય છે... જેની વિશેષ હકીકતો નીચે પ્રમાણે જાણવી...

☞ કેવલી ભગવંતોનું આયુષ્ય જ્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ રહે ત્યારે જો આયુષ્યકર્મ કરતાં વેદનીય આદિ ત્રણ અઘાતિ એટલે વેદનીય-નામ-ગોત્ર કર્મોની સ્થિતિ સત્તા અધિક હોય તો તેને આયુષ્ય કર્મની સ્થિતિ સત્તા સમાન કરવા માટે કેવલી ભગવંતો કેવલી સમુદ્‌ઘાત કરે છે.

☞ (**મતાંતર : આવશ્યક ચૂર્ણિ**ના અભિપ્રાયે આયુષ્યકર્મ અંતર્મુહૂર્તથી માંડીને ૬ મહિના પર્યંત શેષ રહે ત્યારે જે મહાત્માઓએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, તે મહાત્માઓ નિયમા સમુદ્‌ઘાત કરે છે. શેષ મહાત્માઓ વિકલ્પે કરે છે.)

☞ સમુદ્‌ઘાતની પ્રક્રિયા **આઠ સમયની** હોય છે.[2] તેમાં **પ્રથમ સમયે** ઔદારિક કાયયોગમાં રહેલો જીવ જાડાઈથી પોતાના શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊપર-નીચે લોકાંત પર્યંત ૧૪ રાજલોક પ્રમાણ ક્ષેત્રમાં આત્મપ્રદેશોને ફેલાવીને દંડ કરે છે. કેમ કે આત્મ પ્રદેશોનું ગમન અનુશ્રેણીથી જ થાય છે.

☞ **બીજા સમયે** ઔદારિકમિશ્ર કાયયોગમાં રહેલો જીવ દંડના પ્રત્યેક અંશમાંથી આત્મ પ્રદેશોને બહાર કાઢીને પૂર્વ-પશ્ચિમ અથવા ઉત્તર-દક્ષિણ દિશામાં લોકાંત પર્યંત ફેલાવીને કપાટ બનાવે છે. ભરત ઐરાવતનો કેવલી પૂર્વ-પશ્ચિમ દિશામાં ફેલાવે છે, મહાવિદેહનો કેવલી ઉત્તર-દક્ષિણ દિશામાં કપાટ કરે છે એવું સંભવે છે.

☞ **ત્રીજા સમયે** કાર્મણ કાયયોગમાં રહેલો જીવ કપાટના પ્રત્યેક સ્થાનમાંથી આત્મ પ્રદેશોને ઉત્તર-દક્ષિણ અથવા પૂર્વ-પશ્ચિમ દિશામાં ફેલાવીને મંથાન કરે છે. પરંતુ કપાટના માત્ર મધ્ય ભાગમાંથી જ આત્મ પ્રદેશોને ઉત્તર-દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમ દિશામાં ફેલાવીને મંથાન કરતો નથી. કેમ કે, કપાટના મધ્ય ભાગમાંથી જ જો આત્મ પ્રદેશોને ફેલાવે તો મંથાન સમયે લોકનો એક અસંખ્યાતમો ભાગ માત્ર પૂરિત થાય છે. **કર્મપ્રકૃતિ ચૂર્ણિ, આવશ્યકચૂર્ણિ** આદિ દરેક ગ્રંથોમાં મંથાન સમયે લોકના બહુ અસંખ્યાતના ભાગો પૂરિત થઈ જાય છે એવું કહ્યું છે. તે ત્યારે જ ઘટશે જો કપાટના માત્ર મધ્યમ નહીં, પણ બધા ભાગોના આત્મ પ્રદેશોને ફેલાવીને મંથાન બનાવીશું.


☞ **ચોથા સમયે** કાર્મણ કાયયોગમાં રહેલો જીવ લોકના આંતરાઓ અને નિષ્કૂટો પૂરીને ૧૪ રાજલોક વ્યાપી બને છે. આંતરા = મંથાન સમયે લોકનો એક અસંખ્યાતમો ભાગ જે પૂરવાનો શેષ રહે છે તે. નિષ્કૂટ = અલોકથી અંતરિત લોકનો ભાગ.

☞ **પાંચમા સમયે** નિષ્કૂટ ને આંતરાઓને સંહરીને મંથાનસ્થ બને છે. **છઠ્ઠા સમયે** મંથાનને સંહરીને કપાટસ્થ બને છે. **સાતમા સમયે** કપાટને સંહરીને દંડસ્થ બને છે અને **આઠમા સમયે** દંડને સંહરીને શરીરસ્થ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુદ્‌ગલના ભેદો





૧. પરિમંડલ સંસ્થાન
૨. વૃત્ત સંસ્થાન
૩. ત્રિકોણ સંસ્થાન
૪. ચતુષ્કોણ સંસ્થાન
૫. આયત સંસ્થાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુદ્ગલના (અજીવના) ૫૩૦ ભેદ

103

ક્રમ	પુદ્ગલનાં નામો	શ્વેત	પીત	રક્ત	નીલ	કૃષ્ણ	સુરભી	દુરભી	તિક્ત	કટુ	કષાય	અમ્લ	મધુર	શીત	ઉષ્ણ	સ્નિગ્ધ	રુક્ષ	લઘુ	ગુરુ	મૃદુ	કર્કશ	પરિમંડલ	વૃત્ત	ત્રિકોણ	ચતુષ્કોણ	આયત	કુલ
૧	શ્વેતવર્ણ	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૨	પીતવર્ણ	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૩	રક્તવર્ણ	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૪	નીલવર્ણ	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૫	કૃષ્ણવર્ણ	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૬	સુરભીગંધ	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૩
૭	દુરભીગંધ	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૩
૮	તિક્તરસ	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૯	કટુરસ	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૧૦	કષાયરસ	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૧૧	આમ્લરસ	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૧૨	મધુરરસ	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૦
૧૩	શીતસ્પર્શ	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૩
૧૪	ઉષ્ણસ્પર્શ	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૩
૧૫	સ્નિગ્ધસ્પર્શ	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૨	૧	૧	૧	૧	૧	૨૩
૧૬	રૂક્ષસ્પર્શ	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૩
૧૭	લઘુસ્પર્શ	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૩
૧૮	ગુરુસ્પર્શ	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨૩
૧૯	મૃદુસ્પર્શ	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૨૩
૨૦	કર્કશસ્પર્શ	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૨૩
૨૧	પરિમંડલ સંસ્થાન	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૨૦
૨૨	વૃત્ત સંસ્થાન	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૨૦
૨૩	ત્રિકોણ સંસ્થાન	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૨૦
૨૪	ચતુષ્કોણ સંસ્થાન	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૨૦
૨૫	આયત સંસ્થાન	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૨૦
૨૬	કુલ	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૩	૨૩	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૩	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૨૦	૫૩૦

☞ શ્વેતવર્ણના પુદ્ગલના જ ગંધના કારણે ૨, રસ અને સંસ્થાનના કારણે ૫-૫, સ્પર્શના કારણે ૮ એમ કુલ ૨૦ ભેદો થાય છે. એવી જ રીતે પીતવર્ણના ૨૦, એમ કરતાં પાંચે વર્ણના ૨૦ ગુણતા (૨૦ X ૫) ૧૦૦ ભેદ થાય છે.

☞ સુગંધી પુદ્ગલના વર્ણ-રસ અને સંસ્થાનના કારણે ૫-૫ ભેદ અને સ્પર્શના કારણે ૮ ભેદ એમ મળી ૨૩ ભેદ થાય છે. એવી જ રીતે દુર્ગંધનાં પણ ૨૩ ભેદ થાય છે. ૨૩ X ૨ = ૪૬ ભેદ થાય છે.


☞ વર્ણની જેમ ૧-૧ રસની મુખ્યતાએ ૧ રસના ૨૦ ભેદ થતાં કુલ ૨૦ X ૫ = ૧૦૦ ભેદ રસના થાય છે.

☞ શીતસ્પર્શવાળા પુદ્ગલના ગંધના કારણે ૨ વર્ણ-રસ-સંસ્થાનના કારણે ૫-૫ અને શીતસ્પર્શવાળા પુદ્ગલમાં ઉષ્ણસ્પર્શનો તદ્દન અભાવ હોવાથી બાકીના ૬ સ્પર્શના ૬ એમ બધા મળી ૨૩ ભેદ થાય છે. એમ દરેકે દરેક સ્પર્શના ગણતાં ૨૩ X ૮ = ૧૮૪ ભેદ થાય છે.

☞ વર્ણની જેમ જ ૧-૧ સંસ્થાનના ૨૦ ભેદ મળતા ૨૦ X ૫ = ૧૦૦ ભેદ સંસ્થાનના થાય છે.

☞ આ રીતે પુદ્ગલ વર્ણાદિના કારણે ૧૦૦ + ૪૬ + ૧૦૦ + ૧૮૪ + ૧૦૦ = ૫૩૦ ભેદો પુદ્ગલના (અજીવના) થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ કર્મ એટલે શું ?

104

☞ **જ્ઞાનાવરણીય કર્મ : (ઘાતિકર્મ)**[૧] : જ્ઞાનાવરણીયકર્મ વસ્તુના વિશેષ બોધરૂપ જ્ઞાનગુણને ઢાંકે છે માટે તે આંખે પાટા બાંધેલા જેવું છે. આ કર્મના ઉદયથી જીવને અજ્ઞાન-મૂઢતા અને મૂર્ખતાદિ પ્રાપ્ત થાય છે તેમજ આ કર્મનાં ક્ષયથી અનંત જ્ઞાનગુણની પ્રાપ્તિ થાય છે. વળી તેના ક્ષયોપશમથી જીવને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને સંપૂર્ણ ક્ષયથી પાંચમું કેવળજ્ઞાન થાય છે.

☞ **દર્શનાવરણીયકર્મ (ઘાતિકર્મ)** : દર્શનાવરણીયકર્મ વસ્તુનાં સામાન્ય બોધરૂપ દર્શનગુણને ઢાંકે છે. તે રાજ્યના દ્વારપાલ સમાન છે. આ કર્મના ઉદયથી બહેરાપણું-અંધત્વ-મૂકત્વ-ઈન્દ્રિયોની ખોડખાંપણ-નિદ્રાદિ-૫ આવે છે. આ કર્મનાં ક્ષયોપશમથી ચક્ષુદર્શન-અચક્ષુદર્શન-અવધિદર્શનની પ્રાપ્તિ અને સંપૂર્ણ ક્ષયથી કેવળદર્શનની પ્રાપ્તિ થાય છે.

☞ **વેદનીયકર્મ (અઘાતિકર્મ)** = વેદનીય કર્મ આત્માનાં અવ્યાબાધ સુખરૂપ ગુણને ઢાંકે છે. વળી, તે મધથી ખરડાયેલી તલવારની ધાર સમાન છે. આ કર્મના ઉદયથી જીવ સુખ-દુઃખનો, શાતા-અશાતાનો અનુભવ કરે છે તેમજ આ કર્મના ક્ષયથી આત્માને અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે.

☞ **મોહનીયકર્મ (ઘાતિકર્મ)** : મોહનીયકર્મ ક્ષાયિક સમ્યક્ત્વ અને વીતરાગતાને રોકનાર છે. આ કર્મ મદિરાપાન સમાન છે. (નશા જેવું છે.) તેના ઉદયથી રાગ-દ્વેષ, કષાય, વિરતિ, હાસ્યાદિ-૬, ૯-નોકષાય વગેરે થાય છે. આ મોહનીયકર્મના ૨ ભેદ છે. (૧) દર્શન મોહનીય, (૨) ચારિત્ર મોહનીય. આના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ અને વીતરાગતા પ્રગટે છે.

☞ **આયુષ્યકર્મ (અઘાતિકર્મ)** : આયુષ્યકર્મ આત્માના અક્ષયસ્થિતિ ગુણને રોકનાર છે. તે જેલની બેડી સમાન છે. આ કર્મના ઉદયથી જીવને ચતુર્ગતિમાં જન્મ-મરણ કરવા પડે છે. વળી, આ કર્મના ક્ષયથી આત્માને અક્ષયસ્થિતિ ગુણની પ્રાપ્તિ થાય છે, તેમજ સદાને માટે જન્મ-મરણના ભયંકર દુઃખમાંથી જીવ મુક્ત બને છે.

☞ **નામકર્મ (અઘાતિકર્મ)** : નામકર્મ આત્માના અમૂર્ત (અરૂપી) ગુણને ઢાંકનાર છે. તે ચિત્રકાર સમાન છે. આ કર્મના ઉદયથી જીવને ગતિ-જાતિ-શરીર-અંગોપાંગ-યશ-અપયશાદિની પ્રાપ્તિ થાય છે અને આ કર્મના ક્ષયથી અરૂપીપણું પ્રગટે છે.

☞ **ગોત્રકર્મ (અઘાતિકર્મ)** : ગોત્રકર્મ આત્માના અગુરુ-લઘુ ગુણને ઢાંકે છે. તે કુંભારના ઘડા સમાન છે. આ કર્મના ઉદયથી ઊંચ-નીચ, ઉત્તમ-અધમ કુલની પ્રાપ્તિ થાય છે. આ કર્મના ક્ષયથી અગુરુલઘુગુણની પ્રાપ્તિ થાય છે.

☞ **અંતરાયકર્મ (ઘાતિકર્મ)** : અંતરાયકર્મ આત્માના અનંતવીર્યાદિ ગુણને રોકનાર છે. તે રાજાના ભંડારી સમાન છે. આ કર્મના ઉદયથી કૃપણતા-અલાભ-દરિદ્રતા-ભોગોપભોગ-પરાધિનતા-દુર્બલતાદિની પ્રાપ્તિ થાય છે. વળી, આ કર્મના ક્ષયથી અનંત વીર્યાદિ ગુણની પ્રાપ્તિ થાય છે.

☞ આઠ કર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ૪ ઘાતિ કર્મ છે. તેમાં પણ મોહનીય કર્મ તે આઠે કર્મોમાં મુખ્ય (રાજા જેવું) કહેવાય છે.

☞ ઘાતિકર્મ આત્માના જ્ઞાનાદિ ગુણનો ઘાત કરે છે. તેથી તેને **"ઘાતિકર્મ"** કહેવાય છે.


☞ ઘાતિકર્મનો જે ભવે ક્ષય થાય છે તે જ ભવમાં અઘાતિકર્મનો પણ ક્ષય થઈ જાય છે, તેનો ક્ષય કરવા માટે પુરુષાર્થ નથી કરવો પડતો. આ આત્માને મોક્ષ સુધી પહોંચાડવામાં બાધક બનતાં નથી, માટે તેને **"અઘાતિકર્મ"** કહ્યાં છે.

☞ ચાર ઘાતિ કર્મોના સંપૂર્ણ ક્ષય થવાથી સુવિશુદ્ધ કેવલજ્ઞાન-કેવલદર્શનની પ્રાપ્તિ થાય છે. તેના લીધે સમસ્ત લોકાલોકના ભાવ-પર્યાયોને જોઈ-જાણી શકાય છે.

☞ આઠે કર્મોનો ક્ષય થવાથી અવ્યાબાધ અનંત એવા મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે. માટે જ કહેવાયું છે... **"कृत्स्नकर्मक्षयान्मोक्षः" (तत्त्वार्थ सूत्र)**

☞ આ આઠે કર્મોનું વિશેષ સ્વરૂપ... **૧ થી લઈ ૬ કર્મગ્રંથ, કર્મપ્રકૃતિ (કમ્મપયડી), પંચસંગ્રહ-ભાગ ૧-૨, ઉદય સ્વામિત્વ, ઉદીરણા સ્વામિત્વ, સત્તા સ્વામિત્વ, ઉપશમનાકરણ, ઉપશમશ્રેણિ, ક્ષપકશ્રેણિ (ખવગસેઢી)** વગેરે.... અનેક ગ્રંથોમાં જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ક્રમ	અવ.ઉત્સ. કાળ	નામ	કાળ-માન	આયુ. (મનુ.)	શરીર	પાંસળી	આહાર	સંતતિ પાલન
૧	૧-૬	સુષમ-સુષમ	૪ કો.કો. સાગરોપમ	૩ પલ્યોપમ	૩ ગાઉ	૨૫૬	તુવેર	૪૯ દિવસ
૨	૨-૫	સુષમ	૩ કો.કો. સાગરોપમ	૨ પલ્યોપમ	૨ ગાઉ	૧૨૮	બોર	૬૪ દિવસ
૩	૩-૪	સુષમ-દુષમ	૨ કો.કો. સાગરોપમ	૧ પલ્યોપમ	૧ ગાઉ	૬૪	આમળા	૭૯ દિવસ
૪	૪-૩	દુષમ-સુષમ	૪૨,૦૦૦ વર્ષ ન્યુન ૧ કો.કો. સાગરોપમ	પૂર્વકોડવર્ષ	૫૦૦ ધનુ.	૩૨	અનિયત	અનિયત
૫	૫-૨	દુષમ	૨૧,૦૦૦ વર્ષ	૧૩૦ વર્ષ	૭ હાથ	૧૬	અનિયત	અનિયત
૬	૬-૧	દુષમ-દુષમ	૨૧,૦૦૦ વર્ષ	૨૦ વર્ષ	૨ હાથ	૮	અનિયત	અનિયત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના ૬ આરા (અવસર્પિણી કાળના ૬ આરા)

105

☞ (૧) **સુષમ-સુષમ આરો :** (૪ કોડાકોડી સાગરોપમ)[૧] આ પ્રથમ આરામાં મનુષ્યનું દેહ પ્રમાણ-૩ ગાઉનું, આયુષ્ય-૩, પલ્યોપમ, શરીરમાં પાંસળીઓ ૨૫૬ તેમજ મનુષ્યોનું સંઘયણ ૧લું વજ્રઋષભનારાચ અને સંસ્થાન સમચતુરસ્ત્ર હોય છે. સ્ત્રી-પુરુષ યુગલ રૂપે જન્મે છે, ૧૦ પ્રકારના કલ્પવૃક્ષો એમની ભોગસામગ્રીઓ પૂરી પાડે છે. ૩-૩ દિવસે આહારની ઈચ્છા થતાં તુવેરના દાણા જેટલો કલ્પવૃક્ષના સુમધુર ફળોનો આહાર કરે છે. એટલા આહાર માત્રથી જ એમને તૃપ્તિ થઈ જાય છે. પોતાના આયુષ્યના છ મહિના બાકી રહેતાં યુગલ સ્ત્રી એક નવા યુગલને જન્મ આપે છે. ૪૯ દિવસ સુધી અપત્ય (બાલક-બાલિકા રૂપ યુગલ)નું પાલન કરે છે. એ પછી નવ યુગલ સ્વાવલંબી થઈ સ્વતંત્રપણે વિચરે છે અને આયુષ્યની સમાપ્તિ સમયે તે યુગલ મરીને અલ્પકષાય આદિના કારણે દેવગતિ પામે છે.


☞ (૨) **સુષમ આરો :** (૩ કોડાકોડી સાગરોપમ) આ આરામાં પ્રથમ આરા કરતાં દરેક વસ્તુઓ અર્થાત્ શરીર, આયુષ્ય, બળ આદિ)માં હીનતા આવે છે એટલે આયુષ્ય-૨ પલ્યોપમ, શરીર-૨ ગાઉ, પાંસળીઓ-૧૨૮, ૨ દિવસે આહારની ઈચ્છા થતાં બોર જેટલો આહાર કરે, અપત્યનું પાલન ૬૪ દિવસ સુધી કરીને, મરીને દેવગતિ પામે છે.

☞ (૩) **સુષમ-દુષમ આરો :** (૨ કોડાકોડી સાગરોપમ) હવે પછી ઉત્તરોત્તર હીન-હીન થતા કાળરૂપી આ આરામાં દેહપ્રમાણ ૧ ગાઉ, આયુષ્ય ૧ પલ્યોપમ, પાંસળીઓ-૬૪, આહારની ઈચ્છા એકાંતરે આમળા જેટલો, સંતતિ પાલન-૭૯ દિવસ સુધી કરે તેમજ સમય જતાં આ આરાના છેડે જ્યારે ૮૪ લાખ પૂર્વ વર્ષ અધિક ૩ વર્ષ સાડા આઠ માસ બાકી રહે ત્યારે પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે. આયુ, બળ આદિની હાનિ થતી જાય છે. લોકમાં કષાય, આહારની ઈચ્છા વધતી જાય છે, કલ્પવૃક્ષોનો પ્રભાવ ઘટતાં-ઘટતાં સાવ અસ્ત થઈ જાય છે ત્યારે લોકોને ખાવા માટે ધાન્યાદિની ઉત્પત્તિ થાય છે. બાદર અગ્નિ જે અત્યાર સુધી શીતકાળ હોવાથી પ્રગટ થયો ન હતો. તે હવે કાળના પલટાવે પ્રગટ થાય છે. યુગલિઆની વિનંતીથી પ્રથમ તીર્થંકરનો રાજ્યાભિષેક થાય છે અને રાજા બની તેઓ શિલ્પ આદિ કળાઓ લોકોને શીખવે છે એટલે લોકો તેના આધારે નીતિ-સદાચાર યુક્ત જીવનનિર્વાહ કરે છે. સમય જતાં યુગલિકોની ઉત્પત્તિ બંધ થાય છે. પ્રથમ તીર્થંકર પોતાનું આયુ શેષ ૧ લાખ પૂર્વ બાકી રહેતાં સંયમ ગ્રહણ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી ધર્મ પ્રવર્તાવે છે. ૧૮ કોડાકોડી સાગરોપમ પછી પુનઃ ધર્મની શરૂઆત થાય છે. આરાના અંતે ૩ વર્ષ ૮ ½ માસ શેષ રહે ત્યારે પ્રથમ તીર્થંકર નિર્વાણ પામે છે. આ જ આરામાં પ્રથમ ચક્રવર્તીની પણ ઉત્પત્તિ થાય છે.

☞ (૪) **દુષમ-સુષમ આરો :** (૧ કોડાકોડી સાગરોપમ ન્યૂન ૪૨,૦૦૦ વર્ષ) આ આરામાં સુખ કરતાં દુઃખનું પ્રમાણ વધુ હોય છે. લોકોનો કષાય આદિ ક્રમસર વધતો જાય છે. શેષ ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ વાસુદેવ-બળદેવ-પ્રતિવાસુદેવાદિ શલાકા પુરુષો જન્મે છે. ચોથા આરાના અંતે જ્યારે આયુ શરીર આદિ ક્રમસર હાનિ પામતું જાય છે ત્યારે ૩ વર્ષ ૮ ½ માસ બાકી રહેતાં છેલ્લા તીર્થંકરનું નિર્વાણ થાય છે અને દુઃખરૂપ આ આરો પૂર્ણ થતાં પાંચમો આરો બેસે છે.

☞ (૫) **દુષમ આરો :** (૨૧,૦૦૦ વર્ષ) શરીર પ્રમાણ શરૂઆતમાં ૭ હાથ જેટલું, આયુષ્ય-૧૩૦ વર્ષ જેટલું ક્ષણે-ક્ષણે હીન થતું આરાના અંતે માત્ર ૨ હાથ જેટલું શરીર તેમજ ૨૦ વર્ષ જેટલું આયુષ્ય બાકી રહેશે. જેમાં ચરમ તીર્થંકરનું શાસન ચાલે છે. લોકોમાં કષાયો, કામ-આસક્તિ વગેરેની વૃદ્ધિ થતી જાય, સંઘર્ષો વધશે, શહેરો ગામડાં જેવાં, ગામડાં સ્મશાન જેવાં, કુલીન સ્ત્રીઓ આચારહીન વેશ્યા જેવી થશે. સુકુળોમાં ઉત્પન્ન થયેલા દાસપણું કરશે, હીન કુળે ઉત્પન્ન થયેલા રાજા જેવા ધર્મરસિક અને સાધક બનશે, રાજાઓ યમ જેવા ક્રૂર થશે. વિનય-મર્યાદાની હાનિ, ગુણીજનોની નિંદા, ક્ષુદ્ર જીવોની અધિક ઉત્પત્તિ તેમજ દુષ્કાળ ઘણા પડશે, લોકો લોભી-લાલચુ બનશે, હિંસા વધશે, કુતીર્થી-મિથ્યામતિઓનું જોર વધશે, દેવતાઓ પ્રત્યક્ષ ન થશે, વિદ્યા-યંત્ર-ઔષધિઓ પ્રભાવ હીન બનશે. ઘી-દૂધ-ધાન્ય-વનસ્પતિ વગેરે સાર તત્ત્વો સારહીન બનતાં જાશે, પાખંડીઓ પૂજાશે, સંયમીઓ સીદાશે, ધર્મી-સરળ-સુશીલ વ્યક્તિઓ ઓછા મળશે, કપટી-દંભીનું જોર વધશે વગેરે અનેક પ્રકારનાં દુષણો ફૂલે ફાલશે... આમ કષ્ટમય રીતે આ આરો પૂરો થશે... ત્યાં છઠ્ઠો આરો આવશે...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



-: કોષ્ટક :-

૧	અવસર્પિણી	૩ જો આરો	૮૯ પખવાડિયાં	શેષ	સિદ્ધ થાય	પહેલા જિનેન્દ્ર
૨	અવસર્પિણી	૪ થો આરો	૮૯ પખવાડિયાં	શેષ	સિદ્ધ થાય	અંતિમજિનેન્દ્ર
૩	ઉત્સર્પિણી	૩ જો આરો	૮૯ પખવાડિયાં	વ્યતીતે	જન્મે	પહેલા જિનેન્દ્ર
૪	ઉત્સર્પિણી	૪ થો આરો	૮૯ પખવાડિયાં	વ્યતીતે	જન્મે	અંતિમજિનેન્દ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના ૬ આરા

105


☞ **(૬) દુષમ-દુષમ આરો :** (૨૧,૦૦૦ વર્ષ) આ આરામાં સંપૂર્ણપણે પૃથ્વી પર પ્રલય જેવું વાતાવરણ સર્જાતાં ૫ પ્રકારના દુષ્ટ મેઘો વરસશે તેના કારણે પર્વતો, મકાનો, વૃક્ષો બધું નષ્ટ થઈ જશે, નદીઓ સુકાઈ જશે, સખત ગરમી-સખત ઠંડી પડશે. વૈતાઢ્ય પર્વતની ઉત્તર-દક્ષિણ દિશામાં ગંગા-સિંધુના કિનારા પર જે ૭૨-૭૨ બિલો આવેલાં છે, તેમાં મનુષ્યો વસવાટ કરશે. આયુષ્ય શરૂઆતમાં ૨૦ વર્ષનું હશે, દેહ-૧ હાથનો હશે. પાંસળી-૮, આહારની ઈચ્છા અમર્યાદિત, ગમે તેટલું ખાવા છતાં તૃપ્તિ નહિ થાય, ધાન્યાદિનો આહાર નહિ મળે, પરંતુ રથની ચીલા જેટલી વહેતી ગંગા-સિંધુ નદીમાં ઉત્પન્ન થતાં કાચબા, માછલાં વગેરેને પકડીને નદીના રેતીના પટમાં સુકવીને રાત્રિમાં ભક્ષણ કરશે. દિવસે અત્યંત તાપ અને રાત્રે અત્યંત ઠંડીના કારણે તેવા સમયે બહાર નહિ નીકળે, પરંતુ સંધ્યા સમયે બહાર નીકળીને પોતપોતાનું કાર્ય કરી પાછા બિલોમાં પેસી જશે. પરસ્પર ક્લેશવાળા, દીન-હીન-દુર્બળ-દુરાચારી-દુર્ગંધી-રોગિષ્ટ, નગ્ન, અપવિત્ર, માતા-બહેન પ્રત્યેનાં વિવેક વગરના, ૧૬ વર્ષની સ્ત્રી ગર્ભ ધારણ કરશે. ભૂંડણની જેમ ઘણાં બાળકો પેદા કરશે અને આ આરામાં જન્મનારા અત્યંત દુઃખમાં જ આયુષ્ય પૂર્ણ કરશે અને ત્યાંથી મરી પ્રાયઃ નરક-તિર્યંચમાં જ જશે.

(ઉત્સર્પિણી કાળના ૬ આરા)

☞ અવસર્પિણીથી ઉલટી ગતિએ ઉત્સર્પિણી કાળ ચાલે છે, જેમાં પહેલો આરો ૨૧,૦૦૦ વર્ષનો અવસર્પિણી કાળના છઠ્ઠા આરા સમાન જાણવો. વિશેષમાં આ કાળમાં આયુષ્ય-શરીર-બળ આદિ સારભૂત ગુણોની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહેશે. બીજો દુષમ નામનો આરો પણ અવસર્પિણીના પાંચમા આરાની જેમ ૨૧,૦૦૦ વર્ષનો છે. ભરત-ઐરવત ક્ષેત્રમાં ૫ પ્રકારની સુવૃષ્ટિ થશે, ધરતીની ગરમી દૂર થશે, દુર્ગંધ દૂર થશે, સ્નિગ્ધતા વધતી જશે, ૨૪ પ્રકારનાં ધાન્યો ઉગશે, ધરતી રસ-કસવાળી બનશે, બીલવાસી લોકો બીલમાંથી ધીરે-ધીરે બહાર નીકળી આ શસ્યોત્પત્તિ (ધાન્યોત્પત્તિ) નિહાળી ખુશ થશે, ફળફળાદિનો આહાર કરતાં થશે, ખોરાક સ્વાદિષ્ટ લાગવાથી માંસાહાર છોડશે, ધીરે-ધીરે સમાજ વ્યવસ્થા ચાલુ થશે અને પરંપરાએ જ્ઞાન-બુદ્ધિ-સમજ આદિની વૃદ્ધિ થતી જશે. ત્યારબાદ દુષમસુષમ નામનો ત્રીજો આરો આ અવસર્પિણીના ચોથા આરા જેવો આવશે. તેમાં અનુક્રમે ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ વાસુદેવ-બળદેવ-પ્રતિવાસુદેવ થશે, શુભ વર્ણ-ગંધ-રસ આદિ પર્યાયોની ક્રમશઃ વૃદ્ધિ થતી જશે અને પછી સુષમદુષમ નામનો ચોથો આરો શરૂ થશે. અવસર્પિણીના ત્રીજા આરાની જેમ ૨ કોડાકોડી સાગરોપમ કાળવાળો જેની શરૂઆતમાં ૮૪ લાખ પૂર્વ + ૩ વર્ષ સાડા આઠ મહિના પૂર્ણ થતાં ચોવીસમા તીર્થંકર મોક્ષે પધારશે, ૧૨મા ચક્રવર્તી પણ આયુષ્ય પૂર્ણ કરશે. ત્યારબાદ અનુક્રમે અત્યંત રસવાળો કાળ આવવાથી અગ્નિ વિચ્છેદ પામતાં અગ્નિથી પકાવેલ અન્ન, ખાદ્યસામગ્રી, સર્વ સ્થિતિ વિચ્છેદ થશે અને મનુષ્યોની ઈચ્છાઓને પૂરનારા ૧૦ પ્રકારના કલ્પવૃક્ષની ઉત્પત્તિ શરૂ થાય છે. મનુષ્યો-પશુઓ આ કલ્પવૃક્ષો પાસેથી ઈચ્છાનુસાર ફળ પ્રાપ્ત કરે છે. દરેક પ્રકારના વ્યવસાયો બંધ થઈ જાય છે. યુગલિકો ઉત્પન્ન થવા માંડે છે, બાદર અગ્નિ અને ધર્મનો વિચ્છેદ થાય છે. આમ, યુગલિયા અકર્મભૂમિ સમાન બનતા જાય છે. પાંચમો સુષમા નામનો આરો ૩ કોડાકોડી સાગરોપમનો છે, જે અવસર્પિણીના બીજા આરારૂપ વર્ણાદિની અનુક્રમે વૃદ્ધિ સ્વરૂપ યુગલિકકાળ જાણવો. ત્યારબાદ ૪ કોડાકોડી સાગરોપમનો સુષમસુષમા નામનો છઠ્ઠો આરો અવસર્પિણીના પહેલા આરા સમાન ઉત્તરોત્તર શુભ પર્યાયોની વૃદ્ધિ સ્વરૂપ જાણવો. આમ, ૧૦ કોડાકોડી સાગરોપમ પૂરા થતાં ઉત્સર્પિણીકાળ પૂરો થાય છે. એમ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ એક કાળચક્ર પૂર્ણ થાય છે અને આવા અનંતકાળચક્રોનું ૧ પુદ્ગલપરાવર્તન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬ પ્રકારના બાહ્ય તપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ (બાહ્ય-અભ્યંતર ૧૨ પ્રકારે)
(૧) ૬ પ્રકારનો બાહ્ય તપ

106

☞ તપનાં મુખ્ય ૨ પ્રકાર કહેવાય છે. (૧) **બાહ્યતપ,** (૨) **અભ્યંતર તપ** અને આ બંનેના પણ ૬-૬ પ્રકારો શાસ્ત્રોમાં બતાવ્યા છે, તે આ પ્રમાણે (૧) બાહ્યતપનાં ૬ પ્રકાર[1]...

☞ (૧) **અનશન તપ :** "અન્" એટલે નહીં "અશન" એટલે આહાર અર્થાત્ સિદ્ધાંતવિધિએ આહારનો ત્યાગ કરવો... તે **અનશન*** તપ કહેવાય છે. પરંતુ પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ)ની અપેક્ષા રહિત ભૂખ્યા રહેવા માત્રથી અનશન તપ થતો નથી, એ તો લાંઘણ માત્ર કહેવાય છે.

☞ (૨) **ઉણોદરી તપ :** "ઊન" એટલે ન્યૂન ઉદરી = ઉદરપૂર્તિ કરવી તે અહીં ઉપકરણની ન્યૂનતા કરવી અને ક્ષુધા કરતાં ન્યૂન આહાર કરવો તે "દ્રવ્ય ઉણોદરી" કહેવાય તથા રાગાદિ અલ્પ કરવાં તે "ભાવ ઉણોદરી" કહેવાય. આ તપમાં પુરુષોનો આહાર ૩૨ કવલ અને સ્ત્રીનો આહાર ૨૮ કવળ પ્રમાણે ગણીને યથાયોગ્ય પુરુષની ઉણોદરીકા ૮-૧૨-૧૬-૨૪ અને ૩૧ કવલ લક્ષણથી પાંચ પ્રકારે થાય છે અને સ્ત્રીને ઉણોદરીકા ૪-૮-૧૨-૨૦-૨૭ કવલ લક્ષણ વડે પાંચ પ્રકારે થાય છે.

☞ (૩) **વૃત્તિ સંક્ષેપ તપ :** દ્રવ્યાદિક ચાર ભેદે મનોવૃત્તિનો સંક્ષેપ અર્થાત્ દ્રવ્યથી-અમુક વસ્તુનો, ક્ષેત્રથી-અમુક સ્થાનનો, કાળથી-અમુક કાળે અને ભાવથી રાગદ્વેષ રહિતપણે જે ભિક્ષા વગેરેનાં અભિગ્રહ કરવા તે (મનોવૃત્તિઓ પાછી હટાવવા રૂપ) વૃત્તિસંક્ષેપ કહેવાય છે.

☞ (૪) **રસત્યાગ તપ :** રસ એટલે દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ અને તળેલી વસ્તુ એ ૬ લઘુવિગઈ તથા મદિરા-માંસ-માખણ અને મધ એ ૪ મહાવિગઈ. ત્યાં મહાવિગઈનો સર્વથા ત્યાગ અને લઘુવિગઈનો દ્રવ્યાદિ ૪ ભેદે યથાયોગ્ય ત્યાગ કરવો તે રસત્યાગ કહેવાય.

☞ (૫) **કાયક્લેશ તપ :** વીરાસનાદિ આસનોથી બેસવું - કાર્યોત્સર્ગ કરવો અને લોચ-વિહારાદિ કરવા ઇત્યાદિ કાયક્લેશ કહેવાય.


☞ (૬) **સંલીનતા તપ :** સંલીનતા એટલે સંવરવું - સંકોચવું ત્યાં અશુભ માર્ગે પ્રવર્તતી ઈન્દ્રિયો સંવરવી એટલે પાછી હઠાવવી તે **"ઈન્દ્રિય સંલીનતા"**, કષાયોને રોકવા તે **"કષાયસંલીનતા"**, અશુભ યોગથી નિવર્તવું તે **"યોગસંલીનતા"** અને સ્ત્રી-પશુ-નપુંસકતાના સંસર્ગવાળા સ્થાનનો ત્યાગ કરી સારા સ્થાનમાં રહેવું તે **"વિવિક્ત ચર્યા સંલીનતા"** કહેવાય એમ ૪ પ્રકારે સંલીનતા તપ જાણવું... એ પ્રમાણે ૬ પ્રકારનો બાહ્ય તપ છે કે જે તપ મિથ્યાદૃષ્ટિઓ પણ કરે છે અને જેને જોઈ લોક પણ આ તપ કરનારને તપસ્વી કહે છે અને આ તપ બાહ્ય દેખાવવાળો છે તથા શરીરને તપાવે છે માટે **"બાહ્ય તપ"** કહેવાય છે.[2]

---

* આ અનશનનાં ૨ ભેદ છે. (૧) યાવત્કથિક અને (૨) ઈત્વરકથિક. ત્યાં પાદપોપગમન અને ભક્ત પ્રત્યાખ્યાન એ બે અનશન મરણ પર્યંત સંલેખનાપૂર્વક કરાય છે. તેનાં પણ નિહારિમઅને અનિહારિમએવા ૨-૨ ભેદ છે. ત્યાં અનશન અંગીકાર કર્યા પછી શરીરને નિયત સ્થાનથી બાહર કાઢવું તે નિહારિમઅને તે જ સ્થાનકે રહેવું તે અનિહારિમ. એ ચારેય ભેદ યાવજ્જીવ અનશનનાં છે અને ઈત્વરકથિક અનશન સર્વથી અને દેશથી એમ૨ પ્રકારે છે. ત્યાં ચારે પ્રકારના આહારના ત્યાગવાળો (ચઉવિહાર) ઉપવાસ-છઠ્ઠ-અઠમાદિ સર્વથી કહેવાય ને નમુક્કારસહિયં (નવકારશી), પોરસી, સાઢપોરસી આદિ દેશથી કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬ પ્રકારના અભ્યંતર તપ



Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

તપ (બાહ્ય-અભ્યંતર ૧૨ પ્રકારે)
(૨) ૬ પ્રકારનો બાહ્ય તપ

106

☞ હવે ૬ પ્રકારનો અભ્યંતર તપ કહેવાય છે. આ તપ લોકોની બાહ્યદૃષ્ટિથી જાણી શકાતો નથી. આનાથી બાહ્ય શરીર તપતું નથી. લોકો તપસ્વી કહેતા નથી, પરંતુ આ તપ અભ્યંતર આત્માને અને મનને તપાવે છે અને વિશેષતઃ આ તપ અંતરંગ પ્રવૃત્તિવાળો હોય છે, તેવા પ્રાયશ્ચિતાદિને અભ્યંતર તપ કહેવાય છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું...

☞ (૧) **પ્રાયશ્ચિત તપ :** થયેલા અપરાધની શુદ્ધિ કરવી તે "પ્રાયશ્ચિત તપ" કહેવાય અને આના ૧૦ ભેદ છે. (૧) આલોચના, (૨) પ્રતિક્રમણ, (૩) મિશ્ર, (૪) વિવેક, (૫) વ્યુત્સર્ગ, (કાયોત્સર્ગ) (૬) તપ, (૭) છેદ, (૮) મૂલ, (૯) અનવસ્થાપ્ય અને (૧૦) પારાંચિત પ્રાયશ્ચિત.

☞ (૨) **વિનય તપ :** ગુણવંતની ભક્તિ-બહુમાન કરવું અથવા આશાતના ન કરવી તે "વિનય તપ" કહેવાય. તે દર્શન-જ્ઞાન-ચારિત્ર-મન-વચન-કાયા અને ઉપચાર એમ સાત પ્રકારે છે અથવા મનાદિ ૩ યોગ રહિત ૪ પ્રકારનો પણ છે.

☞ (૩) **વૈયાવચ્ચ તપ :** આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, સ્થવિર (ત્રણ પ્રકારે-જ્ઞાનથી, વયથી, પર્યાયથી) ગ્લાન (વ્યાધિગ્રસ્ત સાધુ), શૈક્ષક-(નવદીક્ષિત સાધુ), સાધર્મિક (એક માંડલીમાં ગોચરીના વ્યવહારવાળા) કુલ (ચાન્દ્રાદિ) ગણ (આચાર્યનો સમુદાય), સંઘ (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા)નું યથાયોગ્ય આહાર, વસ્ત્ર, ઔષધ, પાત્ર, આજ્ઞાપાલનાદિથી ભક્તિ-બહુમાનાદિ કરવું તે ૧૦ પ્રકારે "વૈયાવચ્ચ તપ" કહેવાય છે. એ અપ્રતિપાતિ ગુણ સ્વરૂપ છે.

☞ (૪) **સ્વાધ્યાય તપ :** (૧) ભણવું-ભણાવવું... તે વાચના, (૨) સંદેહ પૂછવો... તે પૃચ્છના, (૩) ભણેલ અર્થને સંભારવો... તે પરાવર્તના, (૪) ધારેલા અર્થનું સ્વરૂપ વિચારવું તે અનુપ્રેક્ષા અને (૫) ધર્મોપદેશ આપવો તે ધર્મદેશના આ ૫ પ્રકારે "સ્વાધ્યાય તપ" જાણવો.

☞ (૫) **ધ્યાન તપ :** એમ તો ધ્યાનના ૪ પ્રકાર છે. પરંતુ અહીં માત્ર શુભ ધ્યાન રૂપ હોવાથી ધર્મધ્યાન અને શુક્લધ્યાનનો જ સમાવેશ કરવામાં આવેલ છે. ધ્યાન એટલે - યોગની એકાગ્રતા અથવા યોગનિરોધ એમ ૨ અર્થ છે. અહીં ધર્મધ્યાન અને શુક્લધ્યાનના પણ ૪-૪ ભેદો છે તે આ પ્રમાણે - ધર્મધ્યાનનો (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય, (૪) સંસ્થાનવિચય તેમજ શુક્લધ્યાનનો (૧) પૃથક્ત્વ વિતર્ક સવિચાર, (૨) અપૃથક્ત્વ (એકત્વ) વિતર્ક સવિચાર, (૩) સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ, (૪) વ્યુછિન્ન ક્રિયા અપ્રતિપાતી, એમ ચાર પ્રકારે છે.

☞ (૬) **કાયોત્સર્ગ તપ :** ૨ પ્રકારે... કાય એટલે કાયા વગેરેનઃ વ્યાપારનો ઉત્સર્ગ એટલે ત્યાગ તે કાર્યોત્સર્ગ અથવા (સામાન્ય શબ્દથી) ઉત્સર્ગ કહેવાય. તે ઉત્સર્ગ દ્રવ્યોત્સર્ગ અને ભાવોત્સર્ગ એમ ૨ ભેદે છે. ત્યાં દ્રવ્યોત્સર્ગ ૪ પ્રકારનો અને ભાવોત્સર્ગ ૩ પ્રકારનો છે તે આ પ્રમાણે...

☞ **દ્રવ્યોત્સર્ગ :** (૧) **ગણોત્સર્ગ :** ગણ-ગચ્છનો ત્યાગ કરી જિનકલ્પાદિ કલ્પ અંગીકાર કરવો તે, (૨) **કાયોત્સર્ગ :** (પાદપોપગમનાદિ ભેદવાળા) અનશનાદિ વ્રત લઈને કાયાનો ત્યાગ કરવો, (૩) **ઉપધિ ઉત્સર્ગ :** કલ્પ વિશેષની સામાચારી પ્રમાણે ઉપધિનો ત્યાગ કરવો તે, અને (૪) **અશુદ્ધભક્તપાનોત્સર્ગ :** અધિક અથવા અશુદ્ધાહારનો ત્યાગ કરવો તે...

☞ **ભાવોત્સર્ગ :** (૧) **કષાયોત્સર્ગ :** કષાય (ક્રોધાદિ) ત્યાગ, (૨) **ભવોત્સર્ગ :** ભવના કારણરૂપ મિથ્યાત્વાદિ બંધ હેતુનો ત્યાગ કરવો તે, (૩) **કર્મોત્સર્ગ :** જ્ઞાનાવરણાદિ કર્મનો ત્યાગ કરવો તે.

આ પ્રમાણે ૬ પ્રકારનો અભ્યંતર તપ છે એમ જાણવું[૩]...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



☞ આજના વિજ્ઞાનીઓ બ્રહ્માંડ અને પ્રતિબ્રહ્માંડની કલ્પના કરે છે. બંનેની સીમામાં ઈલેક્ટ્રોન અને પ્રોટોન આ બંને પરમાણુઓ ચુંબકીય ક્ષેત્ર રચે છે. જે એક દીવાલરુપ બની જાય છે. તેથી બંને બ્રહ્માંડના પદાર્થોને ભેગાં થતાં રોકે છે... તેવું પણ માનવામાં આવે છે. આ બાબતમાં સત્ય શું ? એ વાત બાજુએ મૂકીએ, પણ એટલું ખરું કે વિજ્ઞાનીઓ એટલું તો માને છે કે કોઈક બળવાન ચુંબકીય અસર આગળ જોવા માટે કે જવા માટે અવરોધ રુપ બની શકે છે. અષ્ટાપદજી મહાતીર્થ તેમજ અન્ય ઘણાં બધાં ક્ષેત્રો જે આપણી નજરમાં આવતાં નથી કે ત્યાં જઈ શકાતું નથી તેમાં આવું કોઈ બલવાન ચુંબકીય ક્ષેત્ર કુદરતી રીતે કે દૈવી પરિબળોથી રચાતું હોય તેવું પણ બનવા સંભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટાપદજી મહાતીર્થ વિષે જાણવા જેવું... 107

ઘણીવાર આપણે શાસ્ત્રોમાં **અષ્ટાપદજી**નું નામ સાંભળીએ છીએ. સિદ્ધગિરિ-રાણકપુર-કપડવંજ-અમદાવાદાદિ અનેક સ્થળે રહેલ અષ્ટાપદજીનાં દર્શન કરતાં એ તીર્થ કયાં હશે ? શું વિચ્છેદ થઈ ગયું હશે ? આવી જિજ્ઞાસા સહજ થાય છે. કોઈ આ તીર્થ હિમાલયમાં કહે છે તો કોઈ હરિદ્વાર તીર્થ પાસે કહે છે, તો કોઈ ઉત્તર ધ્રુવની પેલે પાર કહે છે. ખરેખર તો જૈન ધર્મનાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજી ભગવાનનું નિર્વાણ શ્રી અષ્ટાપદજી મહાતીર્થ ઉપર થયું હતું. પ્રભુ ઋષભદેવ ભગવાન માઘ માસનાં કૃષ્ણ પક્ષની તેરસે અષ્ટાપદગિરિ ઉપરથી મોક્ષે ગયા હતા. ઋષભદેવ ભગવાનનાં નશ્વર દેહનો જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો, તે પાવનભૂમિ ઉપર ચક્રવર્તી ભરત મહારાજાએ ત્રણ ગાઉ ઊંચાઈવાળો સિંહનિષદ્યા નામનો પ્રાસાદ રત્નમય પાષાણથી બનાવડાવ્યો હતો. તેની ચારે તરફ પ્રભુનાં સમવસરણની જેમ સ્ફટિકરત્નનાં ૪ દ્વાર પણ બનાવડાવ્યાં હતાં. આ ચૈત્યમાં શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિ ઉપરાંત પોતાના ૯૯ ભાઈઓની દિવ્ય રત્નમય મૂર્તિઓ પણ પધરાવી હતી. આ ઉપરાંત પ્રભુની સેવા કરતી પોતાની પણ એક પ્રતિમા અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપિત કરી હતી.

આ અષ્ટાપદજી તીર્થ ભરત ચક્રવર્તી દ્વારા ત્રીજા આરામાં નિર્માણ કરાવેલ અને જ્યાં ૨૪ તીર્થંકર પ્રભુજીની સ્વ-સ્વ અંગ મુજબની સમનાસાએ શોભતી રત્નોની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવેલ અને જ્યાં પ્રથમ તીર્થંકર ઋષભદેવ પ્રભુના પ્રથમ પુત્રે અષ્ટ એટલે આઠ અને પદ એટલે પગથિયાં (આઠ પગથિયાં છે જેને તે) આવા આ અષ્ટાપદ નામે તીર્થનું નિર્માણ કરાવ્યું હતું. એક પગથિયું ૪ ગાઉનું (૧ યોજન), એટલે ૮ પગથિયાં - ૮ X ૪ = ૩૨ ગાઉ ઊંચાઈવાળા, એક ગાઉ એટલે સામાન્યથી ૨ $\frac{1}{4}$ માઈલ ગણીએ તો ૩૨ X ૨ $\frac{1}{4}$ = ૭૨ માઈલ ને એક માઈલનું શિખર ૭૨ + ૧ = ૭૩ માઈલ ઊંચું આ તીર્થ છે. જ્યાં પ્રથમ તીર્થંકર આદિનાથ દાદાનું નિર્વાણ થયું છે. જ્યાં રાજા રાવણે વીણા વગાડી તીર્થંકર નામકર્મ બાંધ્યું તેમજ પ્રભુ વીરના પ્રથમ ગણધર ગૌતમસ્વામીએ સ્વલબ્ધિથી યાત્રા કરી મોક્ષ ગમનનાં સંદેહને દૂર કરી ૧૫૦૦ તાપસોને પ્રતિબોધ કર્યો ઈત્યાદિ... આવા પવિત્ર તીર્થ અંગે કેવળજ્ઞાની પ્રભુના કાળમાં જેઓશ્રી સ્વયં મોજૂદ હતા તે પૂ. સંઘદાસગણી મહારાજા **વસુદેવહિંડી** નામના ગ્રંથમાં જણાવે છે કે... केवइयं पुण काल आययणं अवसिज्झिस्सइ ? ततो तेण अमच्चेण भणियं जाव इमा उसप्पिणित्ति मे केवलि जिणाणं अंतिए सुयं ॥ આ શાસ્ત્ર વાક્ય પ્રમાણે આ અવસર્પિણીનાં બાકીનાં ૩૯$\frac{1}{2}$ હજાર વર્ષ પછી પણ ઉત્સર્પિણી કાળ સુધી આ અષ્ટાપદજી તીર્થ તીર્થરુપે બિરાજતું હશે... એટલે આ તીર્થનો વિચ્છેદ નથી થયો... એ વાત તો શંકા વગરની છે...

આ તીર્થ ભરત ચક્રવર્તીની નગરી વિનીતા (અયોધ્યા) નગરીથી ૧૨ યોજન દૂર છે એટલે ૧ યોજન = ૪ ગાઉ તેના માઈલ કરવા ૨ $\frac{1}{4}$ થી ગુણીએ ૪૮ X ૨ $\frac{1}{4}$ = ૧૦૮ માઈલ થયા. જો ૨ માઈલ ગણીએ તો ૯૬ માઈલ થાય છે. પ્રભુ ઋષભદેવનું નિર્વાણ સાંભળી[1] પગરખાં પહેર્યા વિના ભરત ચક્રી અષ્ટાપદજી ગયેલ હતા. એટલે અષ્ટાપદજી અયોધ્યાથી ખૂબ જ નજીક છે. ભરત ચક્રીની ૫૦૦ ધનુષ્યની કાયા હતી એટલે તેમના માટે આ સરળ હતું...

હવે મુદ્દાની વાત..... **વિશ્વરચનાપ્રબંધ** પાના નં. ૧૧૦ પૂ. ત્રિપુટી મ. સા. આગમશાસ્ત્રોમાં સ્પષ્ટ જણાવે છે કે અષ્ટાપદજી દક્ષિણ ભરતાર્ધે મધ્ય કેન્દ્રમાં વૈતાઢ્યથી દક્ષિણમાં ૧૧૪ યોજન ૧૧ કલા અને લવણ સમુદ્રથી ઉત્તરમાં ૧૧૪ યોજન ૧૧ કલા (અહીં ૧ યોજન=૩૬૦૦ માઈલ તથા ૧ કલા=૧૮૯ માઈલ ૪ ફર્લાંગ) ઉપર છે. તે સ્થાને શાશ્વતો સાથીયો છે. ઋષભદેવ પ્રભુના વખતમાં ઈન્દ્ર મહારાજે કુબેરદેવ દ્વારા ૯ યોજન પહોળી ૧૨ યોજન લાંબી અયોધ્યાનું નિર્માણ કરાવ્યું એટલે અયોધ્યા દક્ષિણ ભરતક્ષેત્રના બરાબર મધ્યભાગે જયાંથી ઉત્તરમાં વૈતાઢ્ય પર્વત ૧૧૪ યોજન ૧૧ કલા=૪,૧૨,૫૮૩ માઈલ અને દક્ષિણમાં લવણ સમુદ્ર પણ ૧૧૪ યોજન ૧૧ કલા=૪,૧૨,૫૮૩ માઈલ દૂર છે. વળી, કવિરાજ શ્રી દીપવિજયજી મ. પણ **શ્રી અષ્ટાપદજીની પૂજા**ની પ્રથમ ઢાળમાં ૧૧મી ગાથામાં કહે છે, "આશરે એક લાખ ઊપર રે, ગાઉ પંચાશી હજાર રે મનવસીયા, સિદ્ધિગિરિથી છે વેગલો રે, અષ્ટાપદ જયકાર રે ગુણરસિયા ॥૧૧॥" અર્થાત્ ગાથા મુજબ શ્રી સિદ્ધગિરિ મહાતીર્થથી શ્રી અષ્ટાપજી મહાતીર્થ ૧ લાખ ૮૫ હજાર ગાઉ દૂર છે. અહીં ૧ યોજન બરાબર ૧,૬૦૦ ગાઉ અથવા ૩,૬૦૦ માઈલનું અંતર ગણવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશ ભૂકંપ



1



2



3

સર્વ ભૂકંપ



1



2



3

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શું તમને ખબર છે ભૂકંપ શા કારણો આવે છે ?

108

☞ તો ચાલો મિત્રો ! આજે એક નજર શાસ્ત્રોની દૃષ્ટિએ આ તરફ પણ જોઈ લઈએ... **ઠાણાંગ સૂત્ર (સ્થાનાંગ સૂત્ર) - તૃતીય અધ્યાય - ચોથો ઉદ્દેશો અને સૂત્ર નંબર-૧૯૮...**માં પૃથ્વી ઊપર ભૂકંપ થવાનાં મુખ્ય ૨ પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૧) દેશથી ભૂકંપ (ઓછા ઝાટકા રૂપે...) (૨) સર્વથી ભૂકંપ (સર્વનાશ-તબાહિ રૂપે). વળી, આ દેશ ભૂકંપ અને સર્વ ભૂકંપ પણ ૩-૩ પ્રકારોથી બતાવવામાં આવ્યા છે. એટલે આ ૩ કારણો ઉપસ્થિત થાય તો દેશ ભૂકંપ થાય... અને ૩ કારણો ઉપસ્થિત થાય તો સર્વ ભૂકંપ થાય[૧]...

દેશ-ભૂકંપ થવાનાં ૩ કારણોમાં **પ્રથમ કારણ...** આ રત્નપ્રભા પૃથ્વીની નીચે મહાન પુદ્ગલો (મોટા પત્થરાદિ) વિસ્રસા પરિણામથી (સ્વાભાવિક રીતે) ઉપરથી પડે ત્યારે તે મોટા પુદ્ગલો પડતાં થકાં પૃથ્વીનો દેશ (કાંઈક ભાગ) ચલાયમાન થાય છે.

☞ **દેશ ભૂકંપ થવાનાં** ૩ કારણોમાં **દ્વિતીય કારણ...** મહોરગ નામનો વ્યંતર જાતિનો દેવ વિશેષ મોટી ઋદ્ધિવાળો - મહા ઐશ્વર્યવાળો એવો દેવ અહંકારથી આ રત્નપ્રભા પૃથ્વીના ભાગથી નીચે ઊપર જવા રૂપ કે નીચે આવવા રૂપ (જેમકે ચમરેન્દ્રે અભિમાનથી ૧ લાખ યોજનનું રૂપ વિકુર્વી ઊંચે સૌધર્મ દેવલોક પ્રત્યે ગમન કર્યું તેવી રીતે જાણવું...) કરતો થકો આ પૃથ્વીનો દેશ (કાંઈક ભાગ) ચલાયમાન થાય છે.

☞ **દેશ ભૂકંપ થવાનાં** ૩ કારણોમાં **તૃતીય કારણ...** નાગકુમાર અને સુવર્ણકુમારનો (સુપર્ણકુમાર - જે ભવનપતિની જાતિવાળા દેવ વિશેષ...) જ્યારે પરસ્પર સંગ્રામ હોતે છતે પૃથ્વીનો દેશ (કાંઈક ભાગ) ચલાયમાન થાય છે.

☞ **સર્વ ભૂકંપનાં** ૩ કારણોમાં **પ્રથમ કારણ...** આ રત્નપ્રભા પૃથ્વીની નીચે સર્વપ્રથમ ઘનવાયુ (ઘનવાત) ક્ષુભિત થાય છે અને તે ઘનવાયુ ક્ષુભિત થતાં તેનાં ઉપર રહેલ ઘનોદધિને ક્ષુભિત કરે છે અને તે ઘનોદધિ ક્ષુભિત (કંપાયમાન) થતાં સર્વ પૃથ્વી કંપિત થાય... તેથી સંપૂર્ણ પૃથ્વી ઉપર ભૂકંપનો અનુભવ થાય.

☞ **સર્વ ભૂકંપનાં** ૩ કારણોમાં **દ્વિતીય કારણ...** કોઈ ઋદ્ધિમાન - મહા ઐશ્વર્યશાળી એવો દેવ તેવા પ્રકારે કોઈ સાધુ (શ્રમણ) વગેરેને પોતાની ઋદ્ધિ (પરિવારાદિ રૂપ...) દ્યુતિ (શરીરાદિની કાંતિ), યશ (પરાક્રમથી કરાયેલ ખ્યાતિ રૂપ), બળ (શરીરનું), વીર્ય (જીવથી ઉત્પન્ન થયેલ જીવની શક્તિ વિશેષ...) અને પુરુષાર્થ (પરાક્રમ = અભિમાન સહિત વ્યવસાય અને નિષ્પન્ન ફળવાળું જે અભિમાન રૂપ...) આદિ દેખાડવા માટે સંપૂર્ણ પૃથ્વીને કંપાયમાન કરે... ત્યારે સર્વ પૃથ્વી ઉપર ભૂકંપનો અનુભવ થાય છે.

☞ **સર્વ ભૂકંપનાં** ૩ કારણોમાં **તૃતીય કારણ...** જ્યોતિષ નિકાયનાં ઉપર રહેલા જે કલ્પોપપન્ન દેવો (એટલે ૧ થી લઈ ૧૨ દેવલોક સુધીના) અને તેમની સાથે ભવનપતિ કે વ્યંતર જાતિવાળા દેવોનું (અસુરોનું) જ્યારે પરસ્પર ભયંકર (યુદ્ધાદિ) વર્તતો હોય ત્યારે આ પૃથ્વી સર્વ રીતે કંપાયમાન થતાં ભૂકંપનો અનુભવ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

PLEASE ONE MINUTE.....

પરમપૂજ્ય **વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજે** કહ્યું છે કે .... (૧) રાગ, (૨) દ્વેષ અને (૩) મોહ ... આ ત્રણ કારણોથી અસત્ય બોલાય છે, પણ સર્વજ્ઞ પરમાત્મામાં તો આ ત્રણમાંથી એકેય કારણનું અસ્તિત્વ નથી. એટલે પરમાત્માનું એકેક વચન સો ટચના સોના જેવું શુદ્ધ, સત્ય અને યથાર્થ છે, તર્કની પરીક્ષામાં પણ ઉત્તીર્ણ છે, પૂર્વાપર અબાધિત અને પ્રમાણ-નયથી પરિપૂર્ણ છે.

એટલે જ તાર્કિક પુરુષોનો ઉદ્‌ગાર છે કે ... **"तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं ..."** અર્થાત્ તે જ નિઃશંકપણે સાચું છે, જે શ્રી સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલ છે અને એટલે જ અન્ય તમામધર્મો કરતાં સર્વજ્ઞ કથિત ધર્મની મહત્ત્વતા અને શિરમોરતા છે.

તે સર્વજ્ઞ ભગવંતનાં વચનોનો રસાસ્વાદ માણવાનો અને તેના પર ઓવારી જવાનો એક સુંદર ઉપાય એટલે જ "જાણવા જેવી ભૂમિકા" - આ ભૂમિકામાં સર્વજ્ઞ પરમાત્માએ બતાવેલા અનેક અદ્‌ભુત પદાર્થોનો સુંદર સંગ્રહ છે.... તે ઉપરાંત ....

- ❖ અનેક ધર્મો સાથે તુલના ....
- ❖ અનેક ધર્મોના વિવિધ મંતવ્યોનું સુંદર નિરૂપણ ....
- ❖ કેટલાક ધર્મોની તર્કબદ્ધ સમીક્ષા ....
- ❖ પૃથ્વી ગોળ નથી તેની સિદ્ધિ માટેના સચોટ તર્કો ....
- ❖ અનેક ગ્રંથોના સાક્ષી પાઠો સહિત પદાર્થ નિર્દેશ ....
- ❖ વિવિધ પદાર્થોની સુંદર છણાવટ ... ઇત્યાદિ ....

આવી અનેકાનેક વિશેષતાઓથી સભર પ્રસ્તુત ભૂમિકાનું સૌંદર્ય .... જિજ્ઞાસુઓને આહ્લાદિત કરી મૂકશે .... અને સર્વજ્ઞ પરમાત્માના આવાં અતીન્દ્રિય પદાર્થ વિષયક જ્ઞાન પર ફીદા કરી મૂકશે .... કરવો છે તેવો અનુભવ .... ! તો તો આજે અને અત્યારથી જ વાંચો .... **"જાણવા જેવી ભૂમિકા"**ના એકેક વિષયો .... એ નિર્મલ પદાર્થોના જ્ઞાનથી, મન પણ નિર્મલ થઈને જ રહેશે .... તો ચાલો ! હવે જઈએ એ ભૂમિકાની સફરે ....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવા જેવી ભૂમિકા

જ્યાં જૈન બૌદ્ધ વૈદિક અને, પાતંજલીનો સાર છે,
ભાગવત પુરાણાદિ મતે, જ્યાં જંબૂદ્વીપ પ્રમાણ છે ।
પૃથ્વી દડા જેવી અને, ફરતી નથી તેના પાઠ છે,
તે "ભૂમિકા"ને વર્ણતાં, મુજ રોમરોમ વિકસિત બને...।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જાણવા જેવી ભૂમિકાની" ની અનુક્રમણિકા

ક્રમ	વિષય	પૃષ્ઠ	ક્રમ	વિષય	પૃષ્ઠ
૧.	જૈન માન્યતાનુસારે લોકવર્ણન...	૨૫૩	૧૦.	શું ! ખરેખર પૃથ્વી ફરે છે ?	૩૨૮
૨.	બૌદ્ધ મતાનુસારે - વિશ્વવર્ણન	૨૬૬	૧૧.	ના ! પૃથ્વી ફરતી નથી.	૩૩૦
૩.	વૈદિક ધર્માનુસારે લોકવર્ણન...	૨૭૦	૧૨.	આધુનિક ભૂગોળ અને જૈનધર્મ...	૩૩૪
૪.	અગ્નિપુરાણના આધારે બ્રહ્માંડ વર્ણન	૨૭૭	૧૩.	આજની ભૂગોળ - ખગોળ પર વિમર્શ...	૩૩૬
૫.	પાતંજલ યોગશાસ્ત્રાનુસારે લોકનું સ્વરૂપ	૨૮૦	૧૪.	જૈન માન્યતા અને વિજ્ઞાનની...	૩૩૮
૬.	શ્રીમદ્ ભાગવત પુરાણના આધારે...	૨૮૮	૧૫.	"ભારત વર્ષ"નું નામકરણ	૩૪૦
૭.	વૈજ્ઞાનિકોના મતાનુસારે આધુનિક વિશ્વ	૨૯૧	૧૬.	પલ્યોપમ અને સાગરોપમનું સ્વરૂપ	૩૪૧
૮.	પૃથ્વી દડા જેવી ગોળ નથી...	૨૯૮	૧૭.	પૃથ્વીના આકાર અને સ્થિરતા...	૩૪૮
૯.	ખ્રિસ્તી ધર્મ પણ પૃથ્વીને સપાટ માને છે	૩૨૭	૧૮.	આ જાણવું છે તો આ વાંચો...	૩૪૯

"જાણવા જેવી ભૂમિકા" ના આધાર ગ્રંથો

૧. ત્રિલોક પ્રજ્ઞપ્તિ
૨. તત્ત્વાર્થવાર્તિક
૩. હરિવંશપુરાણ
૪. લઘુક્ષેત્રસમાસ
૫. અભિધર્મ કોષ
૬. વિષ્ણુ પુરાણ
૭. માર્કંડેય પુરાણ
૮. અગ્નિપુરાણ
૯. પાતંજલ યોગશાસ્ત્ર
૧૦. મત્સ્યપુરાણ
૧૧. વાયુપુરાણ
૧૨. શ્રીમદ્ ભાગવત પુરાણ
૧૩. ગણિતાનુયોગ
૧૪. જૈન ભૂગોળનું તર્કશુદ્ધ વિજ્ઞાન
૧૫. બાઈબલ
૧૬. સૂર્ય પ્રજ્ઞપ્તિ
૧૭. ભગવતી સૂત્ર
૧૮. મંડલ પ્રકરણ ટીકા
૧૯. અથર્વવેદ
૨૦. ઋગ્વેદ
૨૧. યજુર્વેદ
૨૨. શ્રી સાયણ ભાષ્ય
૨૩. પંચસિદ્ધાંતિકા
૨૪. સિદ્ધાંત શિરોમણિ
૨૫. સૂર્ય ગતિ વિજ્ઞાન
૨૬. કુરાને શરીફ
૨૭. તત્ત્વજ્ઞાન સ્મારિકા
૨૮. સંગ્રહણીરત્નમ્
૨૯. તત્ત્વાર્થસૂત્ર
૩૦. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ
૩૧. ક્ષેત્ર સમાસ
૩૨. શતક કર્મગ્રંથ ટીકા
૩૩. લોક પ્રકાશ
૩૪. અનુયોગદ્વાર સૂત્ર
૩૫. ચૈત્યવંદન મહાભાષ્ય
૩૬. આત્માનંદ પ્રકાશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. જૈન માન્યતાનુસારે લોકવર્ણન...

☞ અનંત આકાશની ઠીક વચ્ચે આપણો આ લોક આવેલો છે. તે નીચેથી વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર મૃદંગ જેવો છે. આ લોકનો સંસ્થાન (આકાર) પોતાના બન્ને પગો પહોળા કરી અને પોતાના બન્ને હાથોને પોતાની કમરના પ્રદેશો ઉપર રાખી ગોળ ગોળ ફૂંદડી ફરતા માણસના જેવો છે. અથવા ઊંધા મૂકેલા એક મોટા શરાવના સંપુટ ભાગ પર એક નાનું શરાવ સંપુટ મૂક્યું હોય એવા આકારવાળો આ લોક છે. પુરુષાકાર રૂપ લોકમાં કટિના નીચેના ભાગને અધોલોક, કટિના ઊપરના ભાગને ઊર્ધ્વલોક અને કટિ સ્થાનીય ભાગને મધ્યલોક કહેવાય છે. આવા પ્રકારના ત્રણ વિભાગવાળા લોકને **"લોકાકાશ"** કહેવાય છે કેમ કે આની અંદર જ (લોકાકાશમાં જ) ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાય-જીવાસ્તિકાય-પુદ્ગલાસ્તિકાય અને કાળ રૂપ છ દ્રવ્યો છે અને આ લોકાકાશની ચારે બાજુ પ્રાપ્ત થતા અનંત આકાશને **"અલોકાકાશ"** કહેવાય છે કેમ કે આ અલોકાકાશમાં એક માત્ર આકાશાસ્તિકાય સિવાય અન્ય કોઈપણ ચેતન કે જડ દ્રવ્યો નથી.

(૧-૧). સામાન્યથી લોક સ્વરૂપ

☞ આ લોકાકાશની ઊંચાઈ ૧૪ રાજલોક પ્રમાણ છે તેમજ અધોલોકની સહુથી નીચેનો ભાગ સાત (૭) રાજલોક પહોળો છે અને ક્રમપૂર્વક ક્ષય થતો કટિસ્થાનીય મધ્યભાગ એક (૧) રાજલોક પહોળો છે અને એના ઉપર અનુક્રમે વધતાં બન્ને હાથોની કોણીના સ્થાન પર ઊર્ધ્વલોક... પાંચ (૫) રાજલોક પહોળો છે અને પુનઃ ક્રમપૂર્વક ક્ષય થતો મસ્તકસ્થાનીય લોકનો અગ્રભાગ એક (૧) રાજલોક પહોળો છે.

(૧-૨). અધોલોક...

☞ કટિસ્થાનીય ઝાલરના સમાન આકારવાળા મધ્યલોકની નીચે ૭ પૃથ્વીઓ છે... ઘમ્મા, વંશા, સેલા, અંજના, રિષ્ટા, મઘા અને માધવતી નામક આ ૭ પૃથ્વીઓ... રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા... ગોત્ર નામે ઓળખાય છે. આ ૭ નરકોમાં સર્વ પ્રથમ રત્નપ્રભા નરકના ત્રણ વિભાગ છે. (૧) ખરકાંડ, (૨) પંકકાંડ, (૩) અપ્બહુલકાંડ... આમાં ખરકાંડ ૧૬,૦૦૦ યોજન, પંકકાંડ ૮૪,૦૦૦ યોજન અને અપ્બહુલકાંડ ૮૦,૦૦૦ યોજન પ્રમાણ ઊંચાઈવાળો છે એ પ્રમાણે સર્વ મળી રત્નપ્રભા પૃથ્વીનું ૧,૮૦,૦૦૦ યોજન પ્રમાણ ઊંચાઈ છે. રત્નપ્રભા પૃથ્વીને વીંટળાયેલા ઘનોદધિ-ઘનવાત-તનવાત પછી નીચે અસંખ્ય યોજન આકાશ ગયા બાદ બીજી શર્કરાપ્રભા નામક પૃથ્વી આવે છે. જે ૧,૩૨,૦૦૦ યોજન પ્રમાણ છે. ત્યારપછી તેના પૂર્વોક્ત ૩ વલય (ઘનોદધિ વગેરે) નીચે અસંખ્યાત યોજન આકાશ પછી ત્રીજી વાલુકાપ્રભા નામે પૃથ્વી ૧,૨૮,૦૦૦ યોજન પ્રમાણ છે. આ રીતે ત્યાર પછી નીચે ચોથી પંકપ્રભા નામે પૃથ્વી - ૧,૨૦,૦૦૦ યોજન પ્રમાણ, પછી નીચે પાંચમી ધૂમપ્રભા નામે પૃથ્વી ૧,૧૮,૦૦૦ યોજન પ્રમાણ અને ત્યાર પછી છઠ્ઠી તમઃપ્રભા નામક પૃથ્વી ૧,૧૬,૦૦૦ યોજન પ્રમાણ અને સૌથી નીચે છેલ્લે સાતમી તમસ્તમઃપ્રભા નામક પૃથ્વી ૧,૦૮,૦૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોજન પ્રમાણ આવે છે.(દિગમ્બર પરંપરામાં રત્નપ્રભાદિ પૃથ્વીઓની ઊંચાઈ ક્રમશઃ ૧,૮૦,૦૦૦/૧,૩૨,૦૦૦/૧,૨૮,૦૦૦/૧,૨૪,૦૦૦/૧,૨૦,૦૦૦/૧,૧૬,૦૦૦ અને ૧,૦૮,૦૦૦ યોજન **ત્રિલોકપ્રજ્ઞપ્તિ ગ્રંથા**ધારે માનવામાં આવે છે.)

હવે રત્નપ્રભા પૃથ્વીના ૧,૮૦,૦૦૦ યોજન પ્રમાણ ક્ષેત્રમાં ઉપર નીચે ૧,૦૦૦-૧,૦૦૦ યોજન છોડી મધ્યનાં ૧,૭૮,૦૦૦ યોજનમાં અનુક્રમે ભવનવાસી દેવોનાં ૭ ક્રોડ ને ૭૨ લાખ ભવન છે તેમજ નારકીઓના ૩૦ લાખ નરકાવાસ છે. પરંતુ **ત્રિલોકપ્રજ્ઞપ્તિ** અને **તત્વાર્થવાર્ત્તિક** આદિ દિગંબરીય ગ્રંથોમાં ભિન્ન ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. (**દિગમ્બર પરમ્પરા**નુસારે રત્નપ્રભા પૃથ્વીના ત્રણ ભાગોમાં (કાંડોમાં) સર્વ પ્રથમ ભાગના ઉપર નીચેના ૧,૦૦૦-૧,૦૦૦ યોજન છોડી શેષ રહેલા મધ્યવર્તી ૧૪,૦૦૦ યોજનના ક્ષેત્રમાં કિન્નરાદિ ૭ વ્યંતરદેવોના તથા નાગકુમારાદિ ૯ ભવનવાસી દેવોના આવાસો છે. તેમજ રત્નપ્રભા પૃથ્વીના બીજા ભાગમાં - અસુરકુમાર (ભવનપતિ) અને રાક્ષસ (વ્યંતર) નો આવાસ છે તથા રત્નપ્રભાના ત્રીજા ભાગમાં નારકોના આવાસ છે. જુઓ આ માટે **તિલોયપણણત્તિ અ. ૩. ગાથા-૭, તત્ત્વાર્થવાર્તિક અ.૩. સૂત્ર-૧, હરિવંશપુરાણ સર્ગ-૪**)

બીજી પૃથ્વી શર્કરાપ્રભાના ઉપર નીચે ૧,૦૦૦-૧,૦૦૦ યોજન છોડી મધ્યવર્તી ૧,૩૦,૦૦૦ યોજનમાં ૨૫ લાખ નરકાવાસો આવેલ છે. આ પ્રમાણે ત્રીજીથી લઈ સાતમી નરક સુધી ઉપર નીચે ૧,૦૦૦-૧,૦૦૦ યોજન છોડી મધ્યવર્તી ભાગોમાં અનુક્રમે ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૫ ઓછા એવા ૧ લાખ એટલે ૯૯,૯૯૫ અને છેલ્લીમાં ૫ નરકાવાસો છે. આ નરકાવાસો પ્રતર અથવા પાથડાઓમાં વિભક્ત છે. જે પ્રથમાદિ પૃથ્વીમાં ક્રમશઃ ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩ અને ૧ આ પ્રમાણે કુલ ૭ નારકીઓમાં ૪૯ પ્રતર વ્યવસ્થા છે. આ ૪૯ પ્રતરોમાં વિભક્ત સાતે નરકાવાસોમાં કુલ મળી ૮૪ લાખ નરકાવાસો છે. જેમાં અસંખ્યાત નારકીના જીવો સદા કાળે અનેક પ્રકારે ક્ષેત્રજ, પરસ્પરોદીરિત, પરમાધામીકૃત, શારીરિક, માનસિકાદિ દુઃખો ભોગવે છે. આ ૭ નરકોમાં અતિશય ક્રૂર કર્મ કરવાવાળા પાપી મનુષ્યો તેમજ પશુ-પક્ષીઓરૂપ તિર્યંચો ઉત્પન્ન થાય છે. વળી જો પહેલી પૃથ્વીના પ્રથમ પ્રતરમાં ઉત્પન્ન થાય તો ઓછામાં ઓછું ૧૦,૦૦૦ વર્ષનું આયુષ્ય અને ૭મી નરકમાં જો ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમનું આયુષ્ય ભોગવે છે. તેઓ (નારકીના જીવો) ક્યારેય પણ અકાળે મૃત્યુ પામી શકતા નથી વળી આ નારકોનું શરીર વૈક્રિય અને ઔપપાતિક હોય છે ઇત્યાદિ...

(૧-૩). મધ્યલોક

☞ આ મધ્યલોકનો આકાર ઝાલરી વા ચૂડી (બંગડી)ની સમાન ગોળ છે. આ મધ્યલોકના સહુથી મધ્યભાગમાં ૧ લાખ યોજન વિસ્તૃત જંબૂદ્વીપ નામે દ્વીપ છે. એની ચારે બાજુ ઘેરાયેલો ૨ લાખ યોજન વિસ્તૃત લવણ સમુદ્ર આવેલો છે. એની ચારે બાજુ ઘેરાયેલો ૪ લાખ યોજન પ્રમાણ ધાતકીખંડ આવેલ છે. ત્યાર બાદ આ ધાતકીખંડને ચારે બાજુ વીંટળાયેલો ૮ લાખ યોજન પ્રમાણ કાલોદધિ સમુદ્ર આવે છે. આ કાલોદધિ સમુદ્રની ચારે બાજુથી ઘેરાયેલ ૧૬ લાખ યોજન પ્રમાણ પુષ્કરવરદ્વીપ નામે દ્વીપ આવે છે. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વીપના ઠીક મધ્યભાગમાં મનુષ્ય લોકની દીવાલ સમો માતુષોત્તર પર્વત આવે છે. તેનાથી આ દ્વીપના ૮-૮ લાખ યોજન પ્રમાણવાળા ૨ વિભાગ પડી જાય છે. એટલે હવે આ જંબૂનો-૧, લવણના-૨, ધાતકીના-૪, કાળોદધિના-૮ અને અભ્યંતર. પુષ્કરાર્ધના ૮ મળી કુલ ૪૫ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રને મનુષ્યક્ષેત્ર અથવા સમયક્ષેત્ર પણ કહેવાય છે. કારણ કે આ ૪૫ લાખ યોજન ક્ષેત્રોમાં જ મનુષ્યોના જન્મ અને મરણાદિ થાય છે. તેમજ દિવસ-રાત્રિ વગેરે કાળનો વ્યવહાર પણ માત્ર આ અઢીદ્વીપમાં જ થાય છે. હવે આ માનુષોત્તર પર્વતના પરવર્તી (બાહ્ય) પુષ્કરવરાર્ધ દ્વીપમાં તેમજ તેનાથી આગળ અસંખ્યાત દ્વીપ સમુદ્રોમાં વૈક્રિયલબ્ધિ સંપન્ન અથવા ચારણમુનિ ભગવંતો આદિ સિવાય અન્ય સામાન્ય મનુષ્યોનું આવાગમન થતું નથી. (દેવાદિની સહાયતાથી સામાન્ય માણસ પણ જઈ શકે છે...) (પરંતુ **દિગમ્બર માન્યતા**નુસારે તો આ અઢીદ્વીપની બહાર ઋદ્ધિ સંપન્ન મનુષ્યો પણ જઈ શકતા નથી.)

પુષ્કરવરદ્વીપને ચારે તરફથી ઘેરીને રહેલો અને તેનાથી દ્વિગુણ વિસ્તારવાળો (૩૨ લાખ યોજન) પુષ્કરવરોદધિ સમુદ્ર આવેલો છે. ત્યાર પછી આગળના દ્વીપ-સમુદ્રો અનુક્રમે એક બીજાને પૂર્વોક્ત રીતિએ ઘેરીને રહેલા તેમજ દ્વિ-દ્વિ ગુણ વિસ્તારવાળા અનુક્રમે... વારુણીવર, ક્ષીરવર, ઘૃતવર, ઇક્ષુવર, નંદીશ્વરાદિ દ્વીપ-સમુદ્રો તેમજ ત્યાર પછી ત્રિપ્રત્યાવતારપૂર્વક અસંખ્ય દ્વીપ સમુદ્રો અને અંતે અસંખ્ય યોજન... વિસ્તૃત... સ્વયમ્ભૂરમણ સમુદ્ર છે. આ અસંખ્યાત દ્વીપ-સમુદ્રોવાળા મધ્યલોકના મધ્યભાગમાં ૧ લાખ યોજન વિસ્તૃત જંબૂદ્વીપ છે અને એ જંબૂદ્વીપના પણ મધ્યભાગમાં મૂળમાં ૧૦,૦૦૦ યોજન વિસ્તારવાળો અને ૧ લાખ યોજન ઊંચો મેરુ પર્વત આવેલો છે. આ મેરુ પર્વતની ઉત્તર દિશામાં રહેલા ઉત્તરકુરુ ક્ષેત્રમાં એક અનાદિ-નિધન પાર્થિવ (પૃથ્વીકાયમય) જંબૂવૃક્ષ છે અને તેના નિમિત્તથી જ આ દ્વીપનું નામ જંબૂદ્વીપ પાડવામાં આવેલું છે. આ દ્વીપને વિભાજન કરવાવાળા પૂર્વથી પશ્ચિમ સુધી લાંબા એવા ૬ વર્ષધર પર્વતો છે. જેના નામો અનુક્રમે-હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રુક્મિ અને શિખરી છે. આ વર્ષધર પર્વતોથી વિભક્ત થવાના કારણે જંબૂદ્વીપના ૭ વિભાગ પડી જાય છે. જેનાં નામો દક્ષિણ દિશાથી આ પ્રમાણે જાણવા - ભરત, હૈમવંત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવંત અને ઐરાવત. આ સાત ક્ષેત્રોને વર્ષથી પણ ઓળખાય છે. જેમ કે ભરત વર્ષ વગેરે આ ૭ ક્ષેત્રોમાં જે મહાવિદેહ ક્ષેત્ર છે તેના મધ્યમાં મેરુ પર્વત આવેલ છે. આ મેરુ પર્વતથી દક્ષિણ ભાગમાં ભરતાદિ ત્રણ ક્ષેત્રો રહેલાં છે અને ઉત્તર ભાગમાં રમ્યક્ આદિ ૩ ક્ષેત્રો રહેલાં છે.

(૧-૪). કર્મભૂમિ/અકર્મભૂમિ

☞ ઉપર્યુક્ત ૭ ક્ષેત્રોમાંથી ભરત, ઐરવત અને મહાવિદેહક્ષેત્રને (દેવકુરુ-ઉત્તરકુરુને છોડીને) કર્મભૂમિ કહેવાય છે. કેમ કે, આ ત્રણ ક્ષેત્રના મનુષ્યો જ અસિ-મસિ અને કૃષિ આદિ કરવા દ્વારા સ્વ જીવન નિર્વાહ કરે છે તેમજ અહીંના મનુષ્યો અને તિર્યંચો સ્વ-સ્વ કર્માનુસારે નરક તિર્યંચાદિ ચારે ગતિઓમાં ઉત્પન્ન થાય છે તથા અહીંના મનુષ્યો સ્વપુરુષાર્થાનુસારે સર્વ કર્મનો ક્ષય કરી યાવત્ મોક્ષમાં પણ જાય છે. અને આ કર્મભૂમિઓમાં જ ૬૩ શલાકાપુરુષોની ઉત્પત્તિ થાય છે. ઉક્ત કર્મભૂમિ સિવાયની શેષને (એટલે હૈમવંત, હરિવર્ષ, રમ્યક્, હિરણ્યવંત, દેવકુરુ અને ઉત્તરકુરુ) અકર્મભૂમિ અથવા ભોગભૂમિ પણ કહેવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. કેમ કે, અહીં અસિ-મસિ આદિનાં કાર્યો દ્વારા જીવિકોપાર્જન કરવું પડતું નથી કિન્તુ પ્રકૃતિ દ્વારા અપાયેલાં એવાં ૧૦ પ્રકારના કલ્પવૃક્ષોના દ્વારા જ જીવન નિર્વાહ થઈ જતો હોય છે. આ ભોગભૂમિના જીવોનું અકાળે મૃત્યુ પણ થતું નથી પરંતુ તેઓ સદા સ્વસ્થ રહે છે અને સંપૂર્ણ આયુ પર્યન્ત દિવ્ય એવા ભોગોને ભોગવતા વિચરે છે.

(૧-૫). ૧૦ કલ્પવૃક્ષોથી યુગલિકોને મળતી ૧૦ વસ્તુઓ

☞ **૧. મત્તંગ (મદ્યાંગ) કલ્પવૃક્ષ :** મત્ત = મદ ઉપજાવવામાં અંગ = કારણ રૂપ તે મત્તાંગ કલ્પવૃક્ષ. આ લોકમાં સર્વશ્રેષ્ઠ ચંદ્રપ્રભા આદિ મદિરાઓ આસવો સરકા વગેરે સરખા રસ જેવા મધુર સ્નિગ્ધ અને આલ્હાદક હોય છે તેવો રસ આ વૃક્ષોના ફળોમાં સ્વભાવથી જ મળે છે. જેથી અહીંની કૃત્રિમ પાન વિધિથી જે તૃપ્તિ અને આલ્હાદ થાય છે, તેથી અનેક ગુણી તૃપ્તિને આલ્હાદ એ સ્વાભાવિક મળે છે.

☞ **૨. ભૃતાંગ (ભૃંગાંગ) કલ્પવૃક્ષ :** ભૃત = ભરવું પૂરવું ઇત્યાદિ ક્રિયામાં અંગ = કારણરૂપ કલ્પવૃક્ષો તે ભૃતાંગ કલ્પવૃક્ષો અથવા ભૃંગાગ કલ્પવૃક્ષો કહેવાય છે. આ વૃક્ષોથી યુગલિકોને ઘટ-કળશ-પાત્રી-ઝારી ઇત્યાદિ અનેક પ્રકારનાં વાસણોની પ્રાપ્તિ થાય છે, અને તે પણ સુવર્ણાદિના બનેલાં હોય તેવા અતિ કારીગરીવાળાં નકસીવાળાં જુદા જુદા આકારનાં અને દેખાવમાં અતિ સુંદર હોય છે. અર્થાત્ એ કલ્પવૃક્ષોના ફળપત્ર આદિ એવા સ્વાભાવિક આકારવાળાં બનેલાં છે. જો કે અહીંની માફક યુગલિકોને અનાજ પાણી વગેરે ભરી રાખવાનું નથી તેથી વાસણોની ગરજ નથી, તો પણ કોઈ વખત કારણસર કંઈ અલ્પપ્રયોજન હોય તો આ વૃક્ષથી વાસણની ગરજ સરે છે.

☞ **૩. તુટિતાંગ કલ્પવૃક્ષ :** તુપ્તિ = વાજિંત્રવિધિ, તેનું અંગ = કારણરૂપ કલ્પવૃક્ષ તે તુટિતાંગ કલ્પવૃક્ષ. આ વૃક્ષના ફળાદિ સ્વભાવથી જ વાજિંત્રોની ગરજ સારે છે. અર્થાત્ વાંસળી-વીણા-મૃદંગ-મુરજ ઇત્યાદિ અનેક વાજિંત્ર આકારવાળાં ફળ સ્વભાવથી જ પરિણામ પામેલાં છે.

☞ **૪. જ્યોતિરંગ કલ્પવૃક્ષ :** જ્યોતિ = સૂર્ય સરખી પ્રભાનું અંગ = કારણરૂપ વૃક્ષો તે જ્યોતિરંગ કલ્પવૃક્ષ, આ વૃક્ષના ફળોનો પ્રકાશ સૂર્ય સરખો હોય છે, પરંતુ સૂર્ય સરખો ઉગ્ર નહિ. અનેક જ્યોતિવૃક્ષો હોવાથી એકની પ્રભા બીજામાં અને બીજાની તેમાં સંક્રાન્ત થયેલી હોય છે, જેથી દ્વીપના બહાર રહેલાં સ્થિર જ્યોતિષી સરખાં સ્થિર અને પરસ્પરાકાન્ત પ્રકાશવાળાં છે. આકાશમાં સૂર્ય ઉગેલો હોય તે વખતે એ વૃક્ષોની સાર્થકતા નથી, પરન્તુ રાત્રે તો એ વૃક્ષો એવાં પ્રકાશે છે કે જાણે દિવસ હોય એમ જણાય છે. જેથી રાત્રે પણ પ્રકાશસ્થાનોમાં યુગલિકોનો ગમનાગમન વ્યવહાર સુગમતાથી થઈ શકે છે.

☞ **૫. દીપાંગ કલ્પવૃક્ષ :** દીપ = દીવા સરખું તેજ આપવામાં અંગ = કારણભૂત એવાં વૃક્ષો તે દીપાંગ વૃક્ષો કહેવાય. આ વૃક્ષનાં ફળ આદિ સર્વોત્તમ દીવા સરખા તેજવાળાં છે, જેમ ઘરમાં દીવો પ્રકાશ કરે છે, તેમ તે દીપવૃક્ષો ત્યાંના અંધકાર સ્થાનોમાં રાત્રે પ્રકાશે છે. (જ્યાં જ્યોતિરંગ ન હોય ત્યાં એ દીપાંગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃક્ષથી પણ પ્રકાશ થાય છે.) જેથી યુગલિકક્ષેત્રોમાં કોઈ સ્થાને જ્યોતિરંગથી સૂર્યસરખો તીવ્ર પ્રકાશ હોય છે, અને કોઈ સ્થાને દીપાંગવૃક્ષથી દીપ સરખો પ્રકાશ પણ હોય છે.

☞ **૬. चित्रांग कल्पवृक्ष :** चित्र = વિચિત્ર પ્રકારની પુષ્પમાળાઓ, તેની પ્રાપ્તિમાં अंग = એટલે કારણરૂપ એવાં વૃક્ષો તે ચિત્રાંગ કલ્પવૃક્ષો. આ વૃક્ષોનાં ફળાદિ તથા પ્રકારના સ્વભાવથી જ વિવિધ પ્રકારની પુષ્પમાળાઓ રૂપે પરિણામ પામેલાં હોય છે, માટે યુગલિકોને પુષ્પમાળાઓ પહેરવામાં આ વૃક્ષો ઉપયોગી છે.

☞ **૭. चित्ररसांग कल्पवृक्ष :** ચક્રવર્તી આદિ મહાપુરુષોના વખતે જેવા પ્રકારની રસવતીઓ ક્ષીર દૂધપાક, શીખંડ, બાસુંદી, મોદક, મીઠાઈઓ, ભાત, દાળ, શાક આદિ પાકશાસ્ત્રની વિધિ પ્રમાણે બનતી હતી તેવા પ્રકારની સર્વ રસવતીઓ ભોજનોના સ્વાદવાળાં ફળાદિ આ વૃક્ષનાં હોવાથી चित्र = વિચિત્ર रस = રસવતીઓ ભોજનોનું अंग = કારણ તે चित्ररसांग વૃક્ષો એવું નામ છે. આ વૃક્ષોના ફળાદિકથી યુગલિકોની સર્વપ્રકારના આહારની ઈચ્છા તૃપ્ત થાય છે.

☞ **૮. मण्यंग कल्पवृक्ष :** અહીં મણિરત્ન સુવર્ણાદિકના હાર-અર્ધહાર ઇત્યાદિ આભરણો તે मणि તેનું अंग = કારણભૂત જે વૃક્ષો તે मण्यंग वृक्ष. અથવા मणि એટલે મણિરત્ન વગેરેના अंग = આભરણ રૂપ અવયવો તે मण्यंग.... એવો પણ અર્થ છે. આ વૃક્ષનાં ફળાદિ તથા પ્રકારના સ્વભાવથી જ મણિરત્ન સુવર્ણાદિકના હાર અર્ધહાર મુકુટ, કુંડલ, નુપૂર, કંકણ, બહિરખાં ઇત્યાદિ આભરણો રૂપે પરિણામ પામેલાં હોય છે. જેથી યુગલિક સ્ત્રી તથા પુરુષોને પોતાના સર્વ અંગનાં આભૂષણોની પ્રાપ્તિમાં આ વૃક્ષો ઉપયોગી છે અને યુગલિકો એ જ આભરણો પહેરે છે.

☞ **૯. गृहाकार कल्पवृक्ष :** આ વૃક્ષો તથાસ્વભાવથી જ વિવિધ પ્રકારના ઘરોના આકારમાં પરિણામ પામેલ હોય છે, અને તે પણ એક માળ કે અનેક માળવાળાં ત્રિકોણાદિ અનેક આકારના વિવિધ રચના યુક્ત ગૃહો હોય છે. યુગલિકોને જ્યારે જ્યારે આરામ વા આશ્રય કરવો હોય ત્યારે આ વૃક્ષો ઘર તરીકે રહેવામાં અત્યંત ઉપયોગી બને છે. (અહીં ફળાદિ ગૃહઆકારે નહીં પરંતુ પૂર્ણ વૃક્ષ જ ગૃહ આકારે જાણવું.)

☞ **૧૦. अनियत (अनग्न) कल्पवृक्ष :** ઉપર કહેલા નવ પ્રકારના પદાર્થોથી अनियत = જુદા જુદા પદાર્થો આપવાથી અનિયત એ નામ **क्षेत्रसमासनी स्वोपज्ञ वृत्ति**માં કહ્યું છે, અને સિદ્ધાંતોમાં अणिग એ પદથી अनग्न कल्पवृक्ष એવું નામ કહ્યું છે. ત્યાં એ નવ વૃક્ષોથી પૂરવા યોગ્ય પદાર્થો ઉપરાંતના વસ્ત્ર આસન આદિ વિવિધ પદાર્થો પૂરનાર આ ૧૦મું કલ્પવૃક્ષ છે. અથવા મુખ્યત્વે જેથી નગ્ન ન રહેવાય તેવાં વસ્ત્રોને પૂરનાર આ ૧૦મું અનગ્ન વૃક્ષ છે. આ વૃક્ષનાં ફળો આદિ દેવદૂષ્ય વગેરે ઉત્તમ જાતિનાં વસ્ત્રોરૂપે સ્વભાવથી જ પરિણમેલાં હોય છે. માટે એ ૧૦મું કલ્પવૃક્ષ યુગલિકોને વસ્ત્રાદિ પહેરવામાં ઉપયોગી બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ કલ્પવૃક્ષો વનસ્પતિ પરિણામી છે ॥

☞ એ પ્રમાણે યુગલિકોની દરેક પ્રકારની જરૂરિયાત પૂર્ણ કરનારાં કલ્પવૃક્ષો પોતે વનસ્પતિ છે, તેમજ દેવાધિષ્ઠિત નહીં પણ સ્વાભાવિક પરિણામવાળાં છે. વળી એ દરેક જાતિના વૃક્ષો પગલે પગલે અનેક હોય છે, પરંતુ એક જાતિનું એક હોય એમ નહીં. તેમજ અનેક પ્રકારના પ્રતિભેદવાળાં હોય છે. જેમ ભૃતાંગવૃક્ષ અનેક જાતિનાં છે, અને તે અનેકમાંની એક જાતિના પણ અનેક વૃક્ષો છે.

॥ કલ્પવૃક્ષ ઉપરાંત બીજાં અનેક વૃક્ષ ॥

☞ વળી પહેલા ત્રણ આરામાં કેવળ કલ્પવૃક્ષો જ હોય છે એમ નહીં, પરંતુ આમ્ર-ચંપક-અશોક આદિ બીજાં પણ વર્તમાન સમયમાં વિદ્યમાન દેખાય છે એવાં અનેક જાતિનાં અનેક વૃક્ષો-ગુચ્છા-ગુલ્મ-લતાઓ-વલય-તૃણ-જલરૂહ-કુહણ-ઔષધિ-હરિતકી-વલ્લી અને પર્વ એ બારે પ્રકારની પ્રત્યેક વનસ્પતિઓ તથા અનેક સાધારણ વનસ્પતિઓ પણ ક્ષેત્રસ્વભાવથી અને કાળસ્વભાવથી અત્યંત રસકસવાળી હોય છે, પરંતુ તે યુગલિકોના ઉપયોગમાં આવતી નથી. તથા ઉદ્દાલકાદિ ૯ પ્રકારના વૃક્ષો વગેરે ઘણી વનસ્પતિઓનાં નામ સિદ્ધાન્તમાં દર્શાવ્યા છે ઇત્યાદિ વિશેષ સ્વરૂપ સિદ્ધાન્તોથી જાણવું.

(૧-૬). ૫૬ અંતર્દ્વીપ

☞ પ્રથમ હિમવાન્ પર્વતની ચારે વિદિશાઓમાં ૩૦૦-૩૦૦ યોજન લવણ સમુદ્રની અંદર જઇએ ત્યાં ચાર અંતર્દ્વીપ આવે છે. એ જ પ્રકારે લવણ સમુદ્રમાં અંદર ૪૦૦, ૫૦૦, ૬૦૦, ૭૦૦, ૮૦૦ અને ૯૦૦ યોજન આગળ જઇએ તો ચારે વિદિશાઓમાં ૪-૪ અંતર્દ્વીપો આવેલા છે. આ પ્રકારે લઘુ હિમવાન્ અંતર્દ્વીપ(વંત) પર્વતના (૭ x ૪ = ૨૮) સર્વ અંતર્દ્વીપ ૨૮ થાય છે. એ જ પ્રમાણે છઠ્ઠા શિખરી પર્વતના અંતર્ગત ૨૮ અંતર્દ્વીપો આવેલા છે. બન્ને સાઇડના મેળવીએ તો ૫૬ અંતર્દ્વીપ થાય છે. (**દિગમ્બરીય પરંપરામાં** અંતર્દ્વીપોની સંખ્યા ૯૬ બતાવવામાં આવેલી છે. જે માટે વિશેષ જુઓ - **તિલોયપણણત્તિ-અધ્ય. ૪, ગાથા-૨૪૭૮-૨૪૯૦ તેમજ તત્ત્વાર્થવાર્તિકમાં અધ્ય. ૩/ અને સૂત્ર ૩૭ની ટીકાદિ.**) આ અંતર્દ્વીપમાં યુગલિયા મનુષ્યો રહે છે. જેઓ કલ્પવૃક્ષોના ફળ-ફૂલ ખાઇને સ્વ-જીવન નિર્વાહ કરે છે. સ્ત્રી-પુરુષના રૂપમાં તે યુગલિયાઓ સાથે જ જન્મે છે અને સાથે જ મરે છે. તેમજ મરણના ૬ માસ પૂર્વે તેઓ ૧ યુગલને જન્મ આપી દે છે. (**દિગમ્બર મતાનુસારે** મરણના કાંઇક સમય પૂર્વે યુગલ સન્તાન ઉત્પન્ન થાય છે. જુઓ - **તિલોયપણણત્તિ અધ્ય...૪/ગાથા...૨૪૮૯ તેમજ ૨૫૧૨ આદિ...**)

(૧-૭). ૬ મહાદ્રહો વિષે...

☞ ઉપરોક્ત જે ૬ વર્ષધર પર્વતોનાં નામો બતાવ્યાં છે. તે પર્વતોના મધ્યભાગમાં ક્રમશઃ પદ્મ, મહાપદ્મ, તિગિંચ્છિ, કેશરી, મહાપુણ્ડરિક અને પુણ્ડરિક નામે ૧-૧ મહાદ્રહો એટલે વિશાલ સરોવરો આવ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સરોવરોના મધ્યભાગમાં ૧ મુખ્ય કમળ અને તેને ફરતાં ૬ વલયો વગેરેનું સ્વરૂપ આ જ ગ્રંથમાંથી જોઈ લેવું.

(૧-૮). મહાનદી વિષે...

☞ હિમવાન્ પર્વતસ્થ પદ્મદ્રહના પૂર્વભાગમાંથી ગંગામહાનદી નીકળે છે. જે પર્વતની નીચે પડીને દક્ષિણ ભરતક્ષેત્રમાં વહીને પૂર્વમુખી થઈને પૂર્વના લવણ સમુદ્રમાં જઈને મળે છે. એ પદ્મસરોવરના પશ્ચિમભાગથી સિંધુ મહાનદી નીકળીને ભારતવર્ષના દક્ષિણ ભાગથી થોડે દૂર રહીને પશ્ચિમાભિમુખી થઈને પશ્ચિમી લવણ સમુદ્રમાં જઈને મળે છે. એ સરોવરના ઉત્તરના ભાગમાંથી રોહિતાંશા નદી નીકળે છે કે જે આગળ જતાં હિમવંત ક્ષેત્રમાં વહે છે. અંતિમ શિખરીપર્વત ઉપર આવેલ પુંડરિક સરોવરના પૂર્વી ભાગમાંથી રક્તા મહાનદી અને પશ્ચિમનાં ભાગમાંથી રક્તાવતી મહાનદી નીકળીને ઐરાવત ક્ષેત્રમાં વહે છે. જે ક્રમશઃ પૂર્વ અને પશ્ચિમના સમુદ્રમાં જઈને મળે છે. એ પુંડરિક સરોવરના દક્ષિણભાગમાંથી સુવર્ણકુલા નદી નીકળે છે, જે હૈરણ્યવંત ક્ષેત્રમાં વહે છે. બાકીના મધ્યવર્તી વર્ષધર પર્વતોનાં દ્રહો (સરોવરો)માંથી ૨-૨ નદીઓ નીકળે છે. તે પોતપોતાના ક્ષેત્રોમાં વહેતી એવી પૂર્વ તેમજ પશ્ચિમનાં સમુદ્રમાં જઈને મળે છે. તેમજ આ મુખ્યપ્રધાન મહાનદીઓમાં હજારો અન્ય નાની નદીઓ આવીને મળે છે.

(૧-૯). ગજદન્તાકાર પર્વત...

☞ મહાવિદેહ ક્ષેત્રની મુખ્ય ભૂમિના મધ્યમાં મેરુ પર્વતની ઈશાનાદિ ચારો વિદિશાઓમાં ક્રમશઃ ગન્ધમાદન, માલ્યવંત, સૌમનસ અને વિદ્યુત્પ્રભ નામવાળા ૪ પર્વતો આવેલ છે. ઉપરોક્ત પર્વતોથી વિભક્ત થવાના કારણે મેરુના દક્ષિણી ભાગને દેવકુરુ અને ઉત્તરીભાગને ઉત્તરકુરુ કહેવાય છે એ બન્ને ક્ષેત્રની ભૂમિ ભોગભૂમિ (કર્મભૂમિ) રૂપે જાણવી. મેરુ પર્વતની પૂર્વવર્તી ભાગને પૂર્વવિદેહ અને પશ્ચિમ દિશાવાળા ભાગને પશ્ચિમવિદેહ કહેવાય છે. આ બન્ને જ સ્થાનોમાં સીતા અને સીતોદા મહાનદીઓ વહેતી હોવાના કારણે ૨-૨ ખણ્ડ થઈ જાય છે એટલે ૪ ખંડોમાં વિભાજિત આ (કર્મભૂમિ) મહાવિદેહ ક્ષેત્ર છે જેમાં શ્રી સીમંધરાદિ તીર્થંકરો વિહાર કરતા અને ધર્મોપદેશ આપતા બિરાજે છે તેમજ આજે પણ ત્યાં સંયમાદિમાં પુરુષાર્થ કરી માનવો સર્વ કર્મ ક્ષય કરી મોક્ષમાં જાય છે.

(૧-૧૦). જ્યોતિષ્ક લોક...

☞ આ જંબૂદ્વીપના મેરુપર્વતના સમભૂતલા ભાગથી ૭૯૦ યોજનની ઊંચાઈથી લઈને ૯૦૦ યોજન સુધીની ઊંચાઈ પર્યન્ત જ્યોતિષ્કલોક આવેલ છે. જે ઠેકાણે સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર અને તારા આ પાંચ જાતિનાં જ્યોતિષ્ક દેવોનાં વિમાનો આવેલાં છે. જો કે આ દરેક વિમાન જ્યોતિર્માન અથવા સ્વયં પ્રકાશિત સ્વાભાવિક રૂપે છે એથી જ આ લોક જ્યોતિષ્ક લોક કહેવાય છે. તેમજ આ વિમાનોમાં રહેવાવાળા જ્યોતિષ્ક દેવોના નિવાસને કારણે ઉક્ત ક્ષેત્ર જ્યોતિષ્ક લોક કહેવાય છે. તિર્ચ્છા સ્વરૂપે આ જ્યોતિષ્ક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોક છેક સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત ફેલાયેલો છે. એમાં સર્વપ્રથમ ૭૯૦ યોજનની ઊંચાઈ પર તારાઓનાં વિમાન આવે છે. એનાથી ૧૦ યોજન ઊંચે જઈએ તો સૂર્યનું વિમાન આવે છે. સૂર્યથી ૮૦ યોજન ઊંચે જઈએ ત્યાં ચંદ્રનું વિમાન છે અને ચંદ્રથી ૪ યોજન ઊપર નક્ષત્રોનાં વિમાનો છે ત્યાર પછી નક્ષત્રથી ૪ યોજન ઊપર જઈએ ત્યાં બુધનું વિમાન આવે છે. બુધથી ૩ યોજન ઊપર શુક્રનું વિમાન અને શુક્રના ૩ યોજન ઊપર ગુરુનું વિમાન, ગુરુના ૩ યોજન ઊપર મંગળનું વિમાન છે. છેલ્લે મંગલના ૩ યોજન ઊપર જઈએ ત્યાં તો શનૈશ્ચર (શનિ)નું વિમાન આવે છે. આ પ્રકારે સર્વ જ્યોતિષ્ક વિમાનનો સમુદાય ૧૧૦ યોજનની અંદર પ્રાપ્ત થાય છે. મધ્યલોકવર્તી ત્રીજા પુષ્કરદ્વીપના મધ્યમાં જે માનુષોત્તર પર્વત છે ત્યાં સુધીનું ક્ષેત્ર મનુષ્યલોક કહેવાય છે. આ મનુષ્યલોકની અંદર સર્વ જ્યોતિષ વિમાનો મેરુને પ્રદક્ષિણા આપતાં નિત્ય ફરતાં રહે છે. અહીં સૂર્યના ઉદય અને અસ્તથી જ સર્વ દિવસ અને રાત્રિનો વ્યવહાર થાય છે. મનુષ્યલોકના બહારી ભાગથી લઈ સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત અસંખ્ય યોજન વિસ્તૃત ક્ષેત્રમાં જે જ્યોતિષ વિમાનો છે તે ફરતાં નથી એટલે જ્યાં છે ત્યાં જ સ્થિર અચળ છે. જંબૂદ્વીપના મેરુની ચારે બાજુથી ૧,૧૨૧ યોજન સુધી આ જ્યોતિષ મંડલ (ચક્ર) નથી તેમ જ લોકાન્તમાં પણ ઉપરોક્ત આટલા જ યોજન જ્યોતિષ મંડલનું અસ્તિત્વ નથી. એથી જ આના મધ્યવર્તી ભાગમાં યથાસંભવ અંતરાલ સાથે સર્વત્ર આ જ્યોતિષ મંડલ ફેલાયેલું છે.

જૈન માન્યતાનુસારે જંબૂદ્વીપમાં ૨ સૂર્ય અને ૨ ચંદ્ર છે. એક સૂર્યને મેરુપર્વતની સંપૂર્ણ પ્રદક્ષિણા આપતાં ૧૬ પ્રહર લાગે છે. આ સૂર્યનું પરિભ્રમણ ક્ષેત્ર જંબૂદ્વીપની અંદર ૧૮૦ યોજન અને લવણ સમુદ્રમાં ૩૩૦ $\frac{૪૮}{૬૧}$ યોજનનું છે. સૂર્યને ફરવાના ૧૮૩ માંડલા કહેવાયેલા છે. એક માંડલાથી બીજા માંડલાનું અંતર ૨ યોજનનું હોય છે એ પ્રમાણે પહેલા માંડલાથી છેલ્લા માંડલા સુધી પરિભ્રમણ કરતાં સૂર્યને ૩૬૬ દિવસો લાગે છે. સૌર માસાનુસારે ૧ વર્ષના આટલા જ દિવસ હોય છે. ચંદ્રના પરિભ્રમણના માંડલા માત્ર ૧૫ જ હોય છે. ચંદ્રને પણ મેરુની એક પ્રદક્ષિણા આપતાં ૧૬ પ્રહરથી કાંઈક અધિક સમય લાગે છે. કેમ કે એ ચંદ્રની ગતિ સૂર્યથી અતિ મંદ છે એ જ કારણથી ચંદ્રના ઉદયમાં સૂર્યની અપેક્ષાએ આઘું-પાછું દેખાય છે. ૧ ચંદ્ર પોતાના ૧૫ માંડલામાં ચંદ્ર માસમાં ૧૪ $\frac{૧}{૨}$ + $\frac{૧}{૧૨૪}$ માંડલા પ્રમાણ જ ચાલે છે એથી જ ચંદ્રમાસના અનુસાર વર્ષમાં ૩૫૫ અથવા ૩૫૬ દિવસ થાય છે. તેમજ જંબૂદ્વીપમાં ૨ સૂર્ય-૨ ચંદ્ર, લવણ સમુદ્રમાં ૪ સૂર્ય-૪ ચંદ્ર, ધાતકીખંડમાં ૧૨ સૂર્ય-૧૨ ચંદ્ર, કાલોદધિ સમુદ્રમાં ૪૨ સૂર્ય-૪૨ ચંદ્ર, અને પુષ્કરાર્ધદ્વીપમાં ૭૨ સૂર્ય - ૭૨ ચંદ્ર છે. એમ અઢીદ્વીપ રૂપ મનુષ્યક્ષેત્રમાં ૧૩૨ સૂર્ય-૧૩૨ ચંદ્ર છે. તેમજ પુષ્કરાર્ધના પાછળના અર્ધભાગમાં પણ ૭૨-૭૨ સૂર્ય-ચંદ્ર જાણવા. એથી આગળ સ્વયંભૂરમણસમુદ્ર પર્યન્ત સૂર્ય અને ચંદ્રની સંખ્યા ઉત્તરોત્તર બમણી-બમણી છે. હવે ૧ ચંદ્રના પરિવારમાં ૧ સૂર્ય, ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહો અને ૬૬,૯૭૫ કોડાકોડી તારાઓ છે. જંબૂદ્વીપમાં ૨ ચંદ્ર હોવાથી સૂર્યાદિકની સંખ્યા પણ બમણી થઈ જશે. એ પ્રમાણે સમસ્ત જ્યોતિષલોકમાં અસંખ્ય ચંદ્ર-સૂર્યો છે... ઇત્યાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧-૧૧). ઊર્ધ્વલોક...

☞ મેરુ પર્વતને ત્રણે લોકમાં વિભાજન કરવામાં આવેલો છે. મેરુની સમભૂતલાથી ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે સુધીનો ૧,૮૦૦ યોજન પ્રમાણ મધ્યલોક છે. ૯૦૦ યોજનથી નીચેના ભાગને અધોલોક તો ૯૦૦ યોજનથી ઉપરના ભાગને ઊર્ધ્વલોક કહેવાય છે ઊર્ધ્વલોકમાં **શ્વેતાંબરીય માન્યતા**નુસારે ૧૨ પ્રકારના વૈમાનિક દેવલોકની વ્યવસ્થા બતાવી છે. તેની ઉપર ૯ ગ્રેવેયક અને ૫ અનુત્તર છે. (જ્યારે **દિગમ્બરીય માન્યતા**નુસારે વૈમાનિક દેવોની સંખ્યા ૧૬ છે...) આ વિમાનોમાં કલ્પવાસી (કલ્પોપપન્ન) દેવ અને દેવીઓ રહે છે. તેની ઊપર ૯ અનુદિશ અને તેની ઊપર ૫ અનુત્તર વિમાનો છે અને આ વિમાનોમાં રહેવાવાળા દેવો કલ્પાતીત હોય છે. કેમ કે, એમાં ઈન્દ્ર-સામાનિકાદિ વ્યવસ્થા નથી તેઓ આનાથી પર છે. આ વિમાનોમાં રહેવાવાળા દેવો સમાન વૈભવવાળા હોય છે. તેમજ દરેકે દરેક પોત-પોતાને ઈન્દ્ર સ્વરૂપે અનુભવે છે એ માટે જ તેઓ અહમિન્દ્ર તરીકે ઓળખાય છે.

સ્વર્ગોમાં જે દેવો રહે છે. તેઓ મુખ્ય ૨ પ્રકારે છે. (૧) **કલ્પોપપન્ન,** (૨) **કલ્પાતીત.** તેમાં જે કલ્પોપપન્ન છે તેમાં ઈન્દ્ર-સામાનિક-ત્રાયસ્ત્રિંશ-પારિષાદ્ય-આત્મરક્ષક-લોકપાલ-અનીક-પ્રકીર્ણક-આભિયોગ્ય અને કિલ્બિષિક નામની ૧૦ જાતિઓ છે. (૧) તેમાં પણ સામાનિકાદિ અન્ય સર્વ દેવોનો જે સ્વામી હોય તે **"ઈન્દ્ર"** કહેવાય છે. તેની આજ્ઞા દરેક દેવ શિરોધાર્ય કરે છે. તેમજ એનો વૈભવ-ઐશ્વર્ય અન્ય સર્વ દેવોથી સર્વશ્રેષ્ઠ કક્ષાનો હોય છે. (૨) આજ્ઞા અને ઐશ્વર્ય છોડી દરેક વાતે ઈન્દ્રની સમકક્ષ હોય તે **"સામાનિક"** કહેવાય છે. (૩) મંત્રી અને પુરોહિતનું કામ કરવાવાળા દેવને **"ત્રાયસ્ત્રિંશ"** કહેવાય છે. જેઓની સંખ્યા માત્ર ૩૩ જ હોય છે માટે જ તેઓ **ત્રાયસ્ત્રિંશ** કહેવાય છે. (૪) ઈન્દ્રની સભાને અથવા પરિષદ્‌ના સદસ્યોને **"પારિષાદ્ય"** કહેવાય છે. (૫) ઈન્દ્રના અંગરક્ષક (બોડીગાર્ડ) દેવોને **"આત્મરક્ષક"** દેવો કહેવાય છે. (૬) સર્વ દેવોની રક્ષા કરવાવાળા દેવ **"લોકપાલ"** (કોટવાલ-પોલિસના જેવા) કહેવાય છે. (૭) સેનાનાં કામ કરવાવાળા દેવોને **"અનીક"** (આર્મી જેવા) કહેવાય છે. (૮) સાધારણ પ્રજાના સ્થાનીય દેવોને **"પ્રકીર્ણક"** (નગરવાસી) કહેવાય છે. (૯) નોકર-ચાકર જેવાં કાર્યો કરવામાં કુશલ દાસ તરીકે કહેવાતા **"આભિયોગ્ય"** દેવતાઓ હોય છે. (૧૦) દેવલોકમાં સહુથી હીન પુણ્યવાળા (ચંડાલ સમાન) **"કિલ્બિષિક"** દેવો હોય છે.

દેવોના ૪ ભેદમાં ભવનપતિ-વ્યંતર અને વાણ-વ્યંતર દેવોના નિવાસ સ્થળની વિશેષ માહિતી આ ગ્રંથમાંથી જોઈ લેવી. પંચમ બ્રહ્મ દેવલોકના છેડે ત્રીજા રિષ્ટ નામક પ્રતરની વચ્ચે આઠ કૃષ્ણરાજીમાં નિવાસ કરતા ૯ પ્રકારે લોકાંતિક દેવો રહે છે. તેઓ દેવર્ષિ તરીકે ઓળખાય છે. આ દેવો તીર્થંકરોના દીક્ષા કલ્યાણકના ૧ વર્ષ પૂર્વે પ્રભુને "તીર્થ પ્રવર્તાવો..." એવી વિનંતી કરવા માટે આવે છે તેમજ આ દેવો પ્રાયઃ એકાવતારી પણ કહેવાય છે... આ ચારે નિકાયના દેવોનો જન્મ ઔપપાતિક રૂપે થાય છે. તેઓ પોત પોતાની ઉપપાત સભામાં દિવ્ય શય્યા ઉપર જન્મ બાદ માત્ર અંતર્મુહૂર્તના ગાળામાં જ ૨૫ વર્ષની પૂર્ણ યુવાવસ્થાવાળા માનવ જેવા થઈ જાય છે... ઇત્યાદિ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧-૧૨). તમસ્કાય

☞ જંબૂદ્વીપમાં તિર્ચ્છા અસંખ્યાતા દ્વીપ-સમુદ્રોને ઓળંગ્યા પછી અરૂણવર દ્વીપની વેદીકાના અંતથી અરૂણોદ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન અવગાહીને જલનાં ઉપરનાં ભાગમાં એક પ્રદેશની શ્રેણીવાળા તમસ્કાય (અંધકાર-પિંડ)નો આરંભ થાય છે. વળી તે ૧,૭૨૧ યોજન ઊપર આવીને વિસ્તારને પ્રાપ્ત કરતો એવો સૌધર્માદિ ૪ કલ્પોને આવૃત કરીને પાંચમા બ્રહ્મલોકમાં રિષ્ટ વિમાનને પ્રાપ્ત કરીને સમાપ્ત થાય છે. આ તમસ્કાયનો આકાર નીચેથી મલ્લકમૂલ અને આગળ જતાં મરઘાનાં પિંજરાની સમાન હોય છે. એનાં લોકતમિસ્ત્રાદિ ૧૩ નામો છે અને એમાં ૮ કૃષ્ણરાજીઓ દર્શાવવામાં આવી છે. (વિશેષ આ જ ગ્રંથમાં જુઓ...પેજ નં. = ૧૭૨)

(૧-૧૩). સિદ્ધલોક...

☞ ઊર્ધ્વલોકમાં સૌથી ઉપર રહેલા સર્વાર્થસિદ્ધ વિમાનના અગ્રભાગથી ૧૨ યોજન ઊપર જઈએ ત્યાં ઈષત્પ્રાગ્ભાર નામક પૃથ્વી આવે છે. તે ૪૫ લાખ યોજન લાંબી-પહોળી ગોળાકારે રહેલી છે. તેમજ વચમાં ૮ યોજન જાડી અને પછી ક્રમ પૂર્વક ઘટતી ઘટતી માખીની પાંખથી પણ પાતળી થાય છે. એ અર્જુનસ્વર્ણથી બનેલી અને સ્ફટિકમય સ્વરૂપે છે. આ સિદ્ધક્ષેત્ર અથવા સિદ્ધલોકમાં સર્વકર્મોનો ક્ષય કરી સંસાર ચક્રથી છૂટવાવાળા મુક્ત જીવો નિવાસ કરે છે અને અનંતકાળ સુધી પોતાના આત્મિક એવા અવ્યાબાધ નિરૂપમ સુખને ભોગવે છે.

(૧-૧૪). લોકનું સ્વયંસિદ્ધ અને શાશ્વતાદિપણું

☞ ઈતર દર્શનકારો ભિન્ન વ્યવસ્થાવડે અને પ્રકારોવડે "ચૌદભુવન" ને માનવા સાથે તેના ઉત્પાદક બ્રહ્મા, પાલક વિષ્ણુ, સંહારક મહાદેવ કહે છે અને વિભિન્ન મતે શેષનાગ, કૂર્મ વા કામધેનું વગેરે પૃથ્વીના ધારક છે, એમ કહે છે. આ માન્યતાના આધારે જ તેઓના કેટલાક ગ્રંથો રચાયા છે, પણ એટલું ચોક્કસ વિચારવું જરુરી છે કે જે આત્માઓ નિરંજન, નિરાકાર છે, કૃતકૃત્ય બન્યા છે; સર્વોદ્ધારક છે, સર્વોચ્યપણું પામેલા છે, રાગદ્વેષ રહિત છે, સર્વમુક્ત થવાથી શાશ્વત સ્થાનને પામેલા છે, તેવા આત્માઓને જગતનું ઉત્પાદન, પાલન કે નાશ કરવાનું કશુંએ કારણ રહ્યું જ નથી. આ વિરાટ વિશ્વ કોઈએ બનાવ્યું નથી. તે તો અનાદિકાળથી સ્વતઃ સિદ્ધ છે, તેમજ તે અનંતકાળ સુધી સ્વયં સ્વસ્વભાવે રહેશે. તેને કોઈ ઈશ્વરીય વ્યક્તિ ચલાવતી નથી તેમજ તેનો કોઈ વ્યક્તિ નાશ કરતી નથી તે તેના સ્વભાવે જ ચાલે છે, તેનો નાશ કાળના પરિબળોથી જ થાય છે, એથી જ લોક સ્વયંસિદ્ધ છે, જે માટે કહ્યું છે કે....

"केण वि न कओ न धरिओ णिराधारो सयं सिद्धो" અર્થાત્ આ ૧૪ રાજલોક કોઈએ કર્યો નથી. જેથી સ્વયંસિદ્ધ છે. કોઈએ ધારી રાખ્યો નથી જેથી સ્વયં નિરાધાર એટલે આકાશમાં અદ્ધર છે. કોઈએ બનાવ્યો નથી જેથી તે સદા માટે શાશ્વતો છે, આર્યધર્મનો એક મહાન પ્રભાવ છે કે જેના લીધે આકાશમાં વિશ્વ રુપે ૧૪ રાજલોક અદ્ધર અને સ્થિર રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧-૧૫). ક્ષેત્ર માપ

☞ **જૈન પરમ્પરા**નુસારે ક્ષેત્ર - માપ આ પ્રકારે બતાવવામાં આવેલ છે.

પરમાણું	=	પુદ્ગલનો સહુથી નાનામાં નાનો અવિભાગી અંશ
અનંત પરમાણું	=	૧ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા
૮ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા	=	૧ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા
૮ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા	=	૧ ઊર્ધ્વરેણું
૮ ઊર્ધ્વરેણું	=	૧ ત્રસરેણું
૮ ત્રસરેણું	=	૧ રથરેણું
૮ રથરેણું	=	૧ દેવકુરુ મનુષ્યનો વાલાગ્ર
૮ દેવકુરુ મનુષ્યનો વાલાગ્ર	=	૧ હરિવર્ષક્ષેત્રજ મનુષ્યનો વાલાગ્ર
૮ હરિવર્ષક્ષેત્રજ મનુષ્યનો વાલાગ્ર	=	૧ હૈમવંતક્ષેત્રજ મનુષ્યનો વાલાગ્ર
૮ હૈમવંતક્ષેત્રજ મનુષ્યનો વાલાગ્ર	=	૧ વિદેહક્ષેત્રજ મનુષ્યનો વાલાગ્ર
૮ વિદેહક્ષેત્રજ મનુષ્યનો વાલાગ્ર	=	૧ ભરતક્ષેત્રજ મનુષ્યનો વાલાગ્ર
૮ ભરતક્ષેત્રજ મનુષ્યનો વાલાગ્ર	=	૧ લીખ (લિક્ષા)
૮ લીખ (લિક્ષા)	=	૧ જુ (યુકા)
૮ જુ (યુકા)	=	૧ યવમધ્ય
૮ યવમધ્ય	=	૧ ઉત્સેધાંગુલ
૬ ઉત્સેધાંગુલ	=	૧ પાદ
૨ પાદ	=	૧ વિતસ્તિ (વેંત)
૨ વિતસ્તિ (વેંત)	=	૧ રત્નિ (હાથ)
૨ રત્નિ (હાથ)	=	૧ કુક્ષિ (દિગંબર પરંપરામાં કિષ્કુ)
૨ કુક્ષિ (કિષ્કુ)	=	૧ દણ્ડ (ધનુષ્ય)
૨૦૦૦ દણ્ડ (ધનુષ્ય)	=	૧ ગાઉ
૪ ગાઉ	=	૧ યોજન...ઇત્યાદિ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧-૧૬). કાળ - માપ

નિર્વિભાજ્ય કાળ પ્રમાણ = ૧ સમય
૯ સમય = ૧ જઘન્ય અંતર્મુહૂર્ત
ચોથા જઘન્ય યુક્ત અસં.ની સંખ્યા = ૧ આવલિકા
૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લકભવ
૨,૨૨૩ $\frac{૧૨૨૮૩}{૩૭૭૩}$ આવલિકા = ૧ ઉચ્છ્વાસ વા નિઃશ્વાસ
સાધિક ૧૭ ક્ષુલ્લક ભવ = ૧ પ્રાણ વા શ્વાસોશ્વાસ
૭ પ્રાણ = ૧ સ્તોક
૭ સ્તોક = ૧ લવ
૩૮ $\frac{૧}{૨}$ લવ (૨૪ મિનિટ રૂપ) = ૧ ઘડી
૨ ઘડી = ૧ ચાંદ્ર મુહૂર્ત થાય. = (૧ સામાયિક કાળ)
સમય ન્યૂન ૨ ઘડી = ૧ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત...
અન્ય રીતિએ...
નિર્વિભાજ્ય અસંખ્ય સમય = ૧ નિમેષ
૧૮ નિમેષ = ૧ કાષ્ઠા
૨ કાષ્ઠા = ૧ લવ
૧૫ લવ = ૧ કલા
૨ કલા = ૧ લેશ
૧૫ લેશ = ૧ ક્ષણ
૬ ક્ષણ = ૧ ઘટિકા (૨૪ મિનિટ)
૨ ઘટિકા = ૧ મુહૂર્ત
૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્ર
૧૫ દિવસ = ૧ પખવાડિયું
૨ પખવાડિયાં = ૧ માસ
૨ માસ = ૧ ઋતુ
૩ ઋતુ = ૧ અયન
૨ અયન = ૧ વર્ષ
૫ (સૌર) વર્ષ = ૧ યુગ
૧૦ શત (સૌ) વર્ષ = ૧ સહસ્ત્ર વર્ષ

શત સહસ્ત્ર વર્ષ = ૧ લક્ષ (લાખ) વર્ષ
૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ (૭૦ ક્રોડ ૫૬ લાખ ક્રોડ વર્ષ)
૮૪ લાખ પૂર્વ = ૧ ત્રુટિતાંગ (ઋષભદેવનું આયુષ્ય)
૮૪ લાખ ત્રુટિતાંગ = ૧ ત્રુટિત
૮૪ લાખ ત્રુટિત = ૧ અડડાંગ
૮૪ લાખ અડડાંગ = ૧ અડડ
૮૪ લાખ અડડ = ૧ અવવાંગ
૮૪ લાખ અવવાંગ = ૧ અવવ
૮૪ લાખ અવવ = ૧ હુહુકાંગ
૮૪ લાખ હુહુકાંગ = ૧ હુહુક
૮૪ લાખ હુહુક = ૧ ઉત્પલાંગ
૮૪ લાખ ઉત્પલાંગ = ૧ ઉત્પલ
૮૪ લાખ ઉત્પલ = ૧ પદ્માંગ
૮૪ લાખ પદ્માંગ = ૧ પદ્મ
૮૪ લાખ પદ્મ = ૧ નલિનાંગ
૮૪ લાખ નલિનાંગ = ૧ નલિન
૮૪ લાખ નલિન = ૧ અર્થનિપુરાંગ
૮૪ લાખ અર્થનિપુરાંગ = ૧ અર્થનિપુર
૮૪ લાખ અર્થનિપુર = ૧ અયુતાંગ
૮૪ લાખ અયુતાંગ = ૧ અયુત
૮૪ લાખ અયુત = ૧ નયુતાંગ
૮૪ લાખ નયુતાંગ = ૧ નયુત
૮૪ લાખ નયુત = ૧ પ્રયુતાંગ
૮૪ લાખ પ્રયુતાંગ = ૧ પ્રયુત
૮૪ લાખ પ્રયુત = ૧ ચુલિકાંગ
૮૪ લાખ ચુલિકાંગ = ૧ ચુલિકા
૮૪ લાખ ચુલિકા = ૧ શિર્ષપ્રહેલિકાંગ
૮૪ લાખ શિર્ષપહેલિકાંગ = ૧ શિર્ષપ્રહેલિકા (સંખ્યાનાવધી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંખ્યાતા વર્ષનો = ૧ પલ્યોપમ(છ પ્રકારે)卐
૧૦ કોડાકોડી પલ્યોપમ= ૧ સાગરોપમ(છ પ્રકારે)
૧૦ કોડાકોડી સાગરોપમ= ૧ ઉત્સર્પિણી વા અવસર્પિણી

૨૦ કોડાકોડી સાગરોપમ= ૧ કાળચક્ર
અનંતા કાળચક્ર = ૧ પુદ્ગલ પરાવર્ત કાળ (તે ૪ પ્રકારે છે.)

卐 - ૬ પ્રકારે પલ્યોપમ + સાગરોપમાદિનું સ્વરુપ આ જ "જાણવા જેવી ભૂમિકા" ના અંતે આપવામાં આવેલ છે.

(૧-૧૭). દિગમ્બરીય માન્યતાનુસારે કાળ સંબંધી માપ આ પ્રમાણે જાણવું.

સમય = કાળનો સહુથી નાનામાં નાનો અંશ....
અસંખ્યાત સમય = ૧ આવલી
સંખ્યાત આવલી = ૧ પ્રાણ (શ્વાસોશ્વાસ)
૭ પ્રાણ = ૧ સ્તોક
૭ સ્તોક = ૧ લવ
૭૭ લવ = ૧ મુહૂર્ત
૩૦ મુહૂર્ત = ૧ અહોરાત્ર
૧૫ અહોરાત્ર = ૧ પક્ષ
૨ પક્ષ = ૧ માસ
૨ માસ = ૧ ઋતુ
૩ ઋતુ = ૧ અયન
૨ અયન = ૧ વર્ષ

૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ
૮૪ લાખ પૂર્વ = ૧ પર્વાંગ
૮૪ લાખ પર્વાંગ = ૧ પર્વ
૮૪ લાખ પર્વ = ૧ નયુતાંગ
૮૪ લાખ નયુતાંગ = ૧ નયુત
૮૪ લાખ નયુત = ૧ કુમુદાંગ
૮૪ લાખ કુમુદાંગ = ૧ કુમુદ
૮૪ લાખ કુમુદ = ૧ પદ્માંગ
૮૪ લાખ પદ્માંગ = ૧ પદ્મ
૮૪ લાખ પદ્મ = ૧ નલિનાંગ
૮૪ લાખ નલિનાંગ = ૧ નલિન...ઇત્યદિ

એ પ્રમાણે આગળ કમલાંગ, કમલ, તુટ્યાંગ - તુટ્ય, અટટાંગ - અટટ, અમમાંગ - અમમ, હુહુઅંગ - હુહુ, લતાંગ - લતા, મહાલતાંગ - મહાતલા, શિરપ્રકમ્પિત, હસ્તપ્રહેલિત અને અચલાત્મકને ઉત્તરોત્તર ૮૪ લાખથી ગુણિત જાણવું... આ દરેક સંખ્યા સંખ્યાત ગણનાની અંદરની જ જાણવી... પલ્યોપમ અને સાગરોપમાદિની ગણના અસંખ્યાતમાં જાણવી અને અસંખ્યાત કરતાં ય ઘણું ઘણું વધારે હોય તે અનંત જાણવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. બૌદ્ધ મતાનુસારે - વિશ્વવર્ણન

(૨-૧). મધ્યલોક

☞ આચાર્ય વસુબન્ધુએ પોતાના અભિધર્મ-કોષ નામક ગ્રંથમાં લોક રચના આ પ્રકારે બતાવી છે. જેમ કે લોકના અધોભાગમાં ૧૬ લાખ યોજન ઊંચું અપરિમિત વાયુમંડલ છે.[૧] એની ઉપર ૧૧ લાખ, ૨૦,૦૦૦ યોજન ઊંચું જલમંડલ છે. એમાં ૩,૨૦,૦૦૦ યોજન સ્વર્ણમય ભૂમણ્ડલ છે.[૨] જલમણ્ડલ અને ભૂમણ્ડલનો વિસ્તાર ૧૨,૦૩,૪૫૦ યોજન તેમજ પરિધિ ૩૬,૧૦,૩૫૦ યોજન પ્રમાણ છે.[૩]

સ્વર્ણમય ભૂમણ્ડલની મધ્યમાં મેરુ પર્વત છે. એ ૮૦,૦૦૦ યોજન નીચે જલમાં વ્યાપ્ત છે તો એટલો જ ઊપર ભૂમિમાં પણ છે[૪] એની આગળ ૮૦,૦૦૦ યોજન વિસ્તૃત અને ૨,૪૦,૦૦૦ યોજન પ્રમાણ પરિધિથી સંયુક્ત પ્રથમ સીતા નામે સમુદ્ર છે. જે મેરુને ઘેરીને રહેલો છે. એની આગળ ૪૦,૦૦૦ યોજન વિસ્તૃત યુગન્ધર પર્વત વલયાકારમાં સ્થિત છે. એની આગળ પણ ૧-૧ સીતાને અન્તરિત કરી અડધા અડધા વિસ્તારથી સંયુક્ત ક્રમશઃ યુગન્ધર, ઈશાધર, ખદીરક, સુદર્શન, અશ્વકર્ણ, વિતાનક અને નિમિન્ધર પર્વતો છે. સીતાઓનો વિસ્તાર પણ ઉત્તરોત્તર અડધો અડધો થતો જાય છે.[૫] ઉપરોક્ત પર્વતોમાંથી મેરુ ચતુરત્નમય અને શેષ પર્વતો સ્વર્ણમય હોય છે. સહુથી બહાર અવસ્થિત સીતા (મહાસમુદ્ર)નો વિસ્તાર ૩,૨૨,૦૦૦ યોજન પ્રમાણ છે અને અંતે લૌહમય ચક્રવાલ પર્વત અવસ્થિત છે.

નિમિન્ધર અને ચક્રવાલ પર્વતોના મધ્યમાં જે સમુદ્ર સ્થિત છે તેમાં ક્રમશઃ જંબૂદ્વીપ, પૂર્વવિદેહ, અવર ગોદાનીય અને ઉત્તરકુરુ નામે ૪ દ્વીપો આવેલા છે. એમાં જંબૂદ્વીપ મેરુ પર્વતની દક્ષિણ દિશામાં આવેલો છે. એનો આકાર શકટ (ગાડી) સમાન છે એની ૩ ભૂજાઓમાંથી ૨ ભૂજાઓ ૨,૦૦૦-૨,૦૦૦ યોજન પ્રમાણની છે અને ૧ ભૂજા ૩,૦૫૦ યોજન પ્રમાણની છે.

મેરુ પર્વતના પૂર્વ ભાગમાં અર્ધ ચંદ્રકારે પૂર્વવિદેહ નામે દ્વીપ છે. જેની ભૂજાઓનું પ્રમાણ જંબૂદ્વીપની ત્રણે ભૂજાઓની સમાન જ છે.[૬] મેરુના પશ્ચિમ ભાગમાં મણ્ડલાકારે અવર ગોદાનીય નામે દ્વીપ છે એનો વિસ્તાર ૨,૫૦૦ યોજન અને પરિધિ ૭,૫૦૦ યોજન પ્રમાણ છે.[૭] મેરુના ઉત્તર ભાગમાં સમચતુષ્કોણ ઉત્તરકુરુ દ્વીપ છે. એની એક-એક ભૂજા ૨,૦૦૦-૨,૦૦૦ યોજનની છે. હવે આ ૪ દ્વીપોમાં પૂર્વવિદેહ દ્વીપની સમીપે દેહ-વિદેહ ઉત્તરકુરુના સમીપે કુરુ-કૌરવ, જંબૂદ્વીપના સમીપે ચામર-અવરચામર અને ગોદાનીય દ્વીપના સમીપે સાટા અને ઉત્તરમંત્રી નામક અંતરદ્વીપો આવેલા છે. આ ૮ અંતર્દ્વીપોમાં ચામરદ્વીપ નામે જે અંતર્દ્વીપ છે તેમાં રાક્ષસોના નિવાસ હોય છે અને શેષ અંતર્દ્વીપોમાં મનુષ્યોના નિવાસ હોય છે.[૮]

---

(૧) અભિધર્મ કોષ - અધ્યયન/૩ - સૂત્ર/૪૫ (૨) અભિધર્મ કોષ - ૩-૪૬ (૩) અભિધર્મ કોષ - ૩,૪૭-૪૮ (૪) અભિધર્મ કોષ - ૩-૫૦ (૫) અભિધર્મ કોષ - ૩-૫૧-૫૨ (૬) અભિધર્મ કોષ - ૩-૫૪, (૭) અભિધર્મ કોષ - ૩-૫૫, (૮) અભિધર્મ કોષ - ૩-૫૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરુ પર્વતના ૪ પરિખંડ-વિભાગ માનવામાં આવે છે જેમાં પ્રથમ વિભાગ શીતા-જલથી ૧૦,૦૦૦ યોજન ઊપર સુધીનું છે એના પછી આગળ ક્રમશઃ ૧૦,૦૦૦-૧૦,૦૦૦ યોજન ઊપર જઈ બીજો, ત્રીજો અને ચોથો વિભાગ આવે છે. એમાં પહેલો વિભાગ ૧૬,૦૦૦ યોજન બીજો વિભાગ ૮,૦૦૦ યોજન ત્રીજો વિભાગ ૪,૦૦૦ યોજન અને ચોથો વિભાગ ૨,૦૦૦ યોજન મેરુપર્વતથી બહાર નીકળેલો છે. આ મેરુના પહેલા વિભાગના પૂર્વની બાજુ કરોટ પાણિ યક્ષ રહે છે બીજા વિભાગમાં દક્ષિણની બાજુ માલાધર નામે દેવ રહે છે ત્રીજા વિભાગમાં પશ્ચિમની બાજુ સદામદ નામે દેવ અને ચોથા વિભાગમાં ચાતુર્માહારાજિક દેવ રહે છે એ પ્રમાણે શેષ સાત પર્વતો ઊપર પણ ઉક્ત દેવોનો નિવાસ છે.[૯]

જંબૂદ્વીપની ઉત્તરની બાજુ બન્ને કીટાદિ અને એની આગળ હિમવાન પર્વત આવેલો છે. હિમવાન પર્વતથી આગળ ઉત્તરમાં ૫૦૦ યોજન વિસ્તૃત અનવતાપ્ત નામનું અગાધ સરોવર આવેલું છે અને આ સરોવરમાંથી ગંગા, સિન્ધુ, વક્ષુ અને સીતા નામની ૪ નદીઓ નીકળે છે. આ સરોવરના સમીપમાં જંબૂવૃક્ષ આવેલું છે. તે કારણથી આ દ્વીપનું નામ જંબૂદ્વીપ પડ્યું છે. અનવતાપ્ત સરોવરની આગળ ગંધમાદક નામે પર્વત આવેલો છે.[૧૦]

(૨-૨). નરક લોક...

☞ જંબૂદ્વીપની નીચે ૨૨,૦૦૦ યોજન પ્રમાણ વિસ્તૃત અવીચિ નામક નરક આવેલું છે એની ઉપર અનુક્રમે (૧) પ્રતાપન, (૨) તપન, (૩) મહારૌરવ, (૪) રૌરવ, (૫) સંઘાત, (૬) કાલસૂત્ર અને (૭) સંજીવ નામે સાત નરક આવેલી છે.[૧૧] આ નરકોની ચારે બાજુના ભાગોમાં (૧) કુકૂલ, (૨) કુણપ, (૩) ક્ષુર્માર્ગાદિક (અસિપત્રવન, શ્યામશબલ સ્વસ્થાન અયઃ શાલ્મલીવન) અને (૪) ખારોદકવાળી વૈતરણી નદી આ ચાર ઉત્સદ છે. તેમજ વળી (૧) અર્બુદ, (૨) નિરર્બુદ, (૩) અટટ, (૪) ઉહહલ, (૫) હુહૂબ, (૬) ઉત્પલ, (૭) પદ્મ અને (૮) મહાપદ્મ નામવાળી આઠ શીત નરકો આવેલી છે જે જંબૂદ્વીપના અધોભાગમાં મહાનરકોના ધરાતલમાં અસ્તિત્વ ધરાવે છે એટલે ત્યાં પ્રાપ્ત થાય છે.[૧૨]

(૨-૩). જ્યોતિર્લોક

☞ મેરુ પર્વતના અર્ધ ભાગે અર્થાત્ આ ભૂમિથી ૪૦,૦૦૦ યોજન ઊપર જઈએ ત્યાં ચંદ્ર અને સૂર્ય પરિભ્રમણ કરે છે. ચંદ્ર મણ્ડલનું પ્રમાણ ૫૦ યોજન અને સૂર્ય મણ્ડલનું પ્રમાણ ૫૧ યોજન છે. જે સમયે જંબૂદ્વીપમાં મધ્યાહ્ન થાય છે તે સમયે ઉત્તરકુરુ ક્ષેત્રમાં અર્ધ રાત્રિ હોય છે. પૂર્વવિદેહ ક્ષેત્રમાં અસ્તગમન અને અવર ગોદાનીય ક્ષેત્રમાં સૂર્યોદય થાય છે.[૧૩] ભાદરવા માસની શુક્લ પક્ષની નવમીથી રાત્રિની વૃદ્ધિ અને ફાગણ માસના શુક્લ પક્ષની નવમીથી એની હાનિનો આરંભ થાય છે. (એટલે રાત્રિની વૃદ્ધિ અને દિવસની હાનિ અને દિવસની વૃદ્ધિ અને રાત્રિની હાનિ થાય છે.) સારાંશ - સૂર્યના દક્ષિણાયનમાં રાત્રિની

(૯) અભિધર્મ કોષ - ૩-૬૩-૬૪ (૧૦) અભિધર્મ કોષ - ૩-૫૭ (૧૧) અભિધર્મ કોષ - ૩-૫૮ (૧૨) અભિધર્મ કોષ - ૩-૫૯ (૧૩) અભિધર્મ કોષ - ૩-૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃદ્ધિ અને ઉત્તરાયનમાં દિવસની વૃદ્ધિ થાય છે.[૧૪]

(૨-૪). સ્વર્ગલોક...

☞ મેરુના શિખર ઉપર ત્રાયસ્ત્રિંશ (સ્વર્ગ) લોક છે. એનો વિસ્તાર ૮૦,૦૦૦ યોજન છે. અહીંયાં ત્રાયસ્ત્રિંશ દેવો રહે છે. એની ચારે વિદિશાઓમાં વજ્રપાણિ દેવોનો નિવાસ છે.[૧૫] ત્રાયસ્ત્રિંશ લોકના મધ્યભાગમાં સુદર્શન નામનું નગર છે, જે સુવર્ણમય છે. એના ૧-૧ બાજુનો ભાગ ૨,૫૦૦ યોજન વિસ્તૃત છે. એના મધ્યભાગમાં ઇન્દ્રનો ૨૫૦ યોજન વિસ્તૃત વૈજયન્ત નામક પ્રાસાદ છે. નગરના બાહરી ભાગમાં ચારે બાજુ ચૈત્રરથ, પારુષ્ય, મિશ્ર અને નન્દન નામે ૪ વન આવેલાં છે.[૧૬] અને તેની ચારે બાજુ ૨૦,૦૦૦ યોજનના અંતરેથી દેવોનાં ક્રીડા સ્થળો આવેલાં છે.[૧૭]

ત્રાયસ્ત્રિંશ લોકના ઉપર વિમાનોમાં યામ, તુષિત, નિર્માણરતિ અને પરનિર્મિત-વશવર્તી દેવ રહે છે. કામધાતુગત દેવોમાંથી ચાતુર્મહારાજિક અને ત્રાયસ્ત્રિંશ દેવો મનુષ્યના સમાન જ કામ-સેવન કરે છે વળી યામ, તુષિત, નિર્માણરતિ અને પરનિર્મિત-વશવર્તી દેવો ક્રમશઃ આલિંગન, પાણિસંયોગ, હસિત અને અવલોકન દ્વારા જ તૃપ્તિનો અનુભવ કરી લે છે.[૧૮]

કામધાતુના ઉપર ૧૭ સ્થાનોથી સંયુક્ત રૂપ-ધાતુ છે. તે ૧૭ સ્થાનો આ પ્રમાણે જાણવાં...પ્રથમ સ્થાનમાં (૧) બ્રહ્મકાયિક, (૨) બ્રહ્મ પુરોહિત અને (૩) મહાબ્રહ્મલોક છે. બીજા સ્થાનમાં (૪) પરિતાભ, (૫) અપ્રમાણાભ અને (૬) આભાસ્વર લોક છે. ત્રીજા સ્થાનમાં (૭) પરિત્તશુલ, (૮) અપ્રમાણશુભ અને (૯) શુભકૃત્સન લોક છે. ચોથા સ્થાનમાં (૧૦) અનુભ્રક, (૧૧) પુણ્યપ્રસવ, (૧૨) બૃહત્ફળ, (૧૩) પંચશુદ્ધાવાસિક, (૧૪) અવૃહ, (૧૫) અતપ, (૧૬) સુદૃશ-સુદર્શન અને (૧૭) એકનિષ્ટ નામવાળાં ૮ લોક આવેલાં છે. આ દરેક દેવલોક અનુક્રમે ઉપરા ઉપરી રહેલાં છે. આમાં રહેવાવાળા દેવો ઋદ્ધિબળ અથવા અન્ય દેવોની સહાયતાથી જ પોતાનાથી ઊપર રહેલા દેવલોકોને જોઈ શકે છે.[૧૯]

જંબૂદ્વીપસ્થ મનુષ્યોનું શરીર ૩ $\frac{1}{2}$ થી ૪ હાથ પ્રમાણ, પૂર્વવિદેહવાસીઓનું શરીર ૭-૮ હાથનું, અવર ગોદાનીય દ્વીપવાસીઓનું ૧૪ થી ૧૬ હાથ અને ઉત્તર-કુરુસ્થ મનુષ્યોનું શરીર ૨૮ થી ૩૨ હાથનું હોય છે. કામધાતુવાસી દેવોમાં ચતુર્મહારાજિક દેવોનું શરીર $\frac{1}{4}$ કોશ, ત્રાયસ્ત્રિંશોનું $\frac{1}{2}$ કોશ, યામોનું $\frac{1}{3}$ કોશ, તુષિતોનું ૧ કોશ, નિર્માણરતિ દેવોનું ૧ $\frac{1}{4}$ કોશ અને પરનિર્મિતવશવર્તી દેવોનું ૧ $\frac{1}{2}$ કોશ શરીર ઊંચું હોય છે અને આગળ બ્રહ્મપુરોહિત, મહાબ્રહ્મ, પરિતાભ, અપ્રમાણાભ, આભાસ્વર, પરિત્તશુભ, અપ્રમાણશુભ અને શુભકૃત્સ્ન દેવોનું શરીર અનુક્રમે-૧, ૧ $\frac{1}{2}$, ૨,૪,૮,૧૬,૩૨, અને ૬૪ યોજન પ્રમાણ ઊંચુ હોય છે. અનભ્ર દેવોનું શરીર-૧૨૫ યોજન ઊંચું છે અને એની આગળ પુણ્યપ્રસવ આદિ દેવોનું શરીર ઉત્તરોતર બમણી ઊંચાઈવાળું જાણવું.[૨૦]

---

(૧૪) અભિધર્મ કોષ - ૩-૬૧ (૧૫) અભિધર્મ કોષ - ૩-૬૫ (૧૬) અભિધર્મ કોષ - ૩-૬૬-૬૭, (૧૭) અભિધર્મ કોષ - ૩-૬૮ (૧૮) અભિધર્મ કોષ - ૩-૬૯ (૧૯) અભિધર્મ કોષ - ૩-૭૧, ૭૨ (૨૦) અભિધર્મ કોષ - ૩-૭૫-૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨-૫). ક્ષેત્ર-માપ

☞ બૌદ્ધ ગ્રન્થોમાં યોજનનું પ્રમાણ આ પ્રકારે દર્શાવવામાં આવેલું છે.[૨૧]

૧	૭ પરમાણું = ૧ અણુ	૮	૭ છિદ્રરજ = ૧ લિક્ષા(લીખ)
૨	૭ અણું = ૧ લૌહરજ	૯	૭ લિક્ષા = ૧ યવ (જવ)
૩	૭ લૌહરજ = ૧ જલરજ	૧૦	૭ યવ (જવ) = ૧ અંગુલીપર્વ
૪	૭ જલરજ = ૧ શશરજ	૧૧	૨૪ અંગુલીપર્વ = ૧ હસ્ત (હાથ)
૫	૭ શશરજ = ૧ મેષરજ	૧૨	૪ હસ્ત (હાથ) = ૧ ધનુષ્ય
૬	૭ મેષરજ = ૧ ગોરજ	૧૩	૫૦૦ ધનુષ્ય = ૧ કોષ (ગાઉ)
૭	૭ ગોરજ = ૧ છિદ્રરજ	૧૪	૮ કોશ = ૧ યોજન

(૨-૬). કાળ માપ

☞ બૌદ્ધ ગ્રંથોમાં કાળનું પ્રમાણ આ રીતે બતાવવામાં આવે છે.[૨૨]

૧	૧૨૦ ક્ષણ - ૧ તત્ક્ષણ	૪	૬૦ મુહૂર્ત - ૧ અહોરાત્રી
૨	૬૦ તત્ક્ષણ - ૧ લવ	૫	૩૦ અહોરાત્ર - ૧ માસ
૩	૩૦ લવ - ૧ મુહૂર્ત	૬	૧૨ માસ - ૧ સંવત્સર

કલ્પોના અંતરકલ્પ, સંવર્તકલ્પ અને મહાકલ્પ ઇત્યાદિ અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે.[૨૩]

(૨-૭). તુલના અને સમીક્ષા

☞ બૌદ્ધમત ૧૦ પ્રકારના લોકને માને છે. (૧) નરકલોક, (૨) પ્રેતલોક, (૩) તિર્યકૂલોક, (૪) મનુષ્યલોક અને બાકીના (૫ થી ૧૦) દેવલોક.[૨૪] (૫) ચતુર્માહારાજિક, (૬) ત્રાયસ્ત્રિંશ, (૭) યામ (૮) તુષિત, (૯) નિર્માણરતિ અને (૧૦) પરનિર્મિતવશવર્તી. જૈન મતાવલંબીઓ પ્રેતોને પણ દેવયોનિક માને છે. એથી પ્રેતલોક તથા (૫ થી ૧૦) છેલ્લા ૬ દેવલોકનો દેવલોકમાં જ સમાવેશ કરવાથી નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર લોક જ સિદ્ધ થાય છે... જે જૈન મતાનુસારે ૪ ગતિઓનું સ્મરણ કરાવે છે.

(૨૧) અભિધર્મ કોષ - ૩-૮૫-૮૭. (૨૨) અભિધર્મ કોષ - ૩-૮૮-૮૯. (૨૩) અભિધર્મ કોષ - ૩-૯૦.

(૨૪) નરક - પ્રેત - તિર્યञ્ચો માનુષાः ષડ્ દિવૌકસ : । (અભિધર્મકોષ ૩.૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌદ્ધમતે પ્રેતયોનિને એક અલગ સ્વતંત્ર ગતિ માનીને પાંચ ગતિઓ સ્વીકારી છે... **"नरकादिस्वनामोक्ता गतयः पंच तेषु ताः ।" (अभिधर्मकोष - ३, ४)** ઊપર બતાવેલા દેવોમાંથી ચાતુર્માહારાજિક દેવ - ઇન્દ્રદેવના, તુષિત - લોકાંતિક દેવોના, ત્રાયસ્ત્રિંશ - ત્રાયસ્ત્રિંશ દેવોના અને શેષ ભેદો વ્યંતરદેવોના સ્પષ્ટ રુપથી સ્મરણ કરાવે છે. જૈનો સમાન બૌદ્ધોએ પણ દેવો તથા નારકીનો જન્મ ઔપપાતિક સ્વરૂપે જ સ્વીકાર્યો છે..."**नारका उपपादुकाः अन्तरा भव देवश्च ।" (अभिधर्मकोष - ३, ४)**

બૌદ્ધોએ પણ જૈનોની સમાન જ નારકીના જીવોની ઉત્પત્તિ થવાની સાથે જ ઊર્ધ્વપાદ અને અધોમુખ થઇ નરક ભૂમિમાં પડવું... વગેરે માન્યું છે..."**एते पतंति निरय उद्धपादा अवंसिरा ।" (सुत्तनिपात). "उर्ध्वपादास्तु नरकाः ।" (अभिधर्मकोष - ३, १५)**

૩. वैदिक धर्मानुसारे लोकवर्णन...

(૩.૧) मर्त्यलोक

☞ જે પ્રમાણે જૈન ગ્રંથોમાં ભૂગોળનું વર્ણન કરેલું છે. પ્રાયઃ તે જ પ્રકારે હિન્દુપુરાણોમાં પણ ભૂગોળનું વર્ણન પ્રાપ્ત થાય છે. વિષ્ણુપુરાણના દ્વિતીયાંશના દ્વિતીયાધ્યાયમાં બતાવ્યું છે કે આ પૃથ્વી ઉપર (૧) જમ્બૂ (૨) પ્લક્ષ (૩) શાલ્મલ (૪) કુશ (૫) ક્રૌંચ (૬) શાક અને (૭) પુષ્કર નામે ૭ દ્વીપો આવેલા છે. તે દરેક બંગડીના આકારે ગોળાકાર છે તેમજ અનુક્રમે (૧) લવણોદ (૨) ઇક્ષુરસ (૩) મદિરારસ (૪) ઘૃતરસ (૫) દધિરસ (૬) દૂધરસ અને (૭) મધુરરસવાળા ૭ સમુદ્રોથી વિંટળાયેલ છે આ સાત દ્વીપ - સમુદ્રોની વચમાં (મધ્યભાગે) જમ્બૂદ્વીપ છે. એનો વિસ્તાર ૧ લાખ યોજન પ્રમાણ છે. એના મધ્યભાગમાં ૮૪,૦૦૦ યોજન ઊંચો સ્વર્ણમય મેરુપર્વત આવેલો છે. એની ઊંડાઇ પૃથ્વીની અંદર ૧૬,૦૦૦ યોજન પ્રમાણ છે તેમજ મેરુનો વિસ્તાર (પહોળાઇ) મૂળમાં ૧૬,૦૦૦ યોજન અને પછી અનુક્રમે વધતો વધતો શિખર ઉપર ૩૨,૦૦૦ યોજનનો થઇ જાય છે.[૧]

આ જંબૂદ્વીપમાં મેરુપર્વતના દક્ષિણ ભાગમાં હિમવાન્ - હેમકૂટ અને નિષધ તેમજ ઉત્તર ભાગમાં નીલ, શ્વેત અને શૃંગી આ ૬ વર્ષધર પર્વતો આવેલા છે. તેથી આ ૬ વર્ષધર પર્વતોના કારણે જંબૂદ્વીપના ૭ ભાગ થઈ જાય છે. મેરુના દક્ષિણવર્તી નિષધ અને ઉત્તરવર્તી નીલપર્વત પૂર્વ-પશ્ચિમ લવણ સમુદ્ર સુધી ૧ લાખ યોજન લાંબા અને ૨,૦૦૦-૨,૦૦૦ યોજન ઊંચા અને પહોળા છે. આનાથી પરવર્તી હેમકૂટ અને શ્વેતપર્વત લવણ સમુદ્ર સુધી પૂર્વ-પશ્ચિમ ૯૦,૦૦૦ યોજન લાંબા અને ૨,૦૦૦-૨,૦૦૦ યોજન ઊંચા અને એટલા જ પહોળા હોય છે આનાથી પરવર્તી હિમવાન અને શ્રૃંગીપર્વત લવણ સમુદ્ર સુધી પૂર્વ-પશ્ચિમમાં ૮૦,૦૦૦ યોજન લાંબા અને ૨,૦૦૦-૨,૦૦૦ યોજન ઊંચા અને એટલા જ પહોળા હોય છે. આ પર્વતો દ્વારા જંબૂદ્વીપના ૭ ભાગ થઈ

(૧) વિષ્ણુપુરાણ - દ્વિતીયાંશ - દ્વિતીયાધ્યાય, શ્લોક - ૫/૯ માર્કણ્ડેયપુરાણ :- અધ્યાય-૫૪, શ્લોક ૫-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે જેનાં નામ દક્ષિણથી અનુક્રમે આ પ્રકારે છે. (૧) ભારતવર્ષ (૨) કિમ્પુરુષ, (૩) હરિવર્ષ, (૪) ઈલાવૃત્ત, (૫) રમ્યક (૬) હિરણ્મય, (૭) ઉત્તરકુરુ[૨].

આમાં ઈલાવૃત્ત ક્ષેત્રને છોડીને શેષ ૬ ક્ષેત્રોનો વિસ્તાર ઉત્તર-દક્ષિણમાં ૯,૦૦૦-૯,૦૦૦ યોજન છે, જ્યારે ઈલાવૃત ક્ષેત્રનો મેરુથી પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ અને ઉત્તરમાં ચારે દિશાઓમાં ૯,૦૦૦-૯,૦૦૦ યોજન વિસ્તૃત છે. આ પ્રકારે સર્વ પર્વતો અને સર્વ ક્ષેત્રોનો વિસ્તાર (પહોળાઈ) ભેગો કરતાં જંબૂદ્વીપનો વિસ્તાર ૧ લાખ યોજન પ્રમાણ પ્રાપ્ત થઈ જાય છે. (૬ પર્વત X ૨,૦૦૦ = ૧૨,૦૦૦ + ૬ ક્ષેત્ર X ૯,૦૦૦ = ૫૪,૦૦૦ + ઈલાવૃત ક્ષેત્રના ઉત્તર-દક્ષિણના ૯,૦૦૦ + ૯,૦૦૦ તથા મેરુપર્વતનો વિસ્તાર ૧૬,૦૦૦ મળીને). મેરુ પર્વતની બન્ને બાજુથી પૂર્વ-પશ્ચિમમાં ઈલાવૃત ક્ષેત્રની સીમા સ્વરૂપ માલ્યવાન અને ગન્ધમાદન પર્વત છે. જે નીલ અને નિષધ પર્વત સુધી વિસ્તૃત છે. એ બે પર્વતોના કારણે વધુ ૨ વિભાગ થાય છે જેનાં નામ ભદ્રાશ્વ અને કેતુમાલ રૂપ છે. આ બે અને પૂર્વના ૭ ક્ષેત્રો મળીને જંબૂદ્વીપમાં કુલ નવ ક્ષેત્રો છે.[૩]

મેરુપર્વતની ચારે બાજુથી પૂર્વાદિક દિશાઓમાં ક્રમશઃ મન્દર, ગન્ધમાદન, વિપુલ અને સુપાર્શ્વ નામવાળા ૪ પર્વતો છે વળી એ પર્વતોની ઉપર ક્રમશઃ ૧,૧૦૦ યોજન ઊંચા કદમ્બ, જમ્બૂ, પીપલ અને વટ નામનાં વૃક્ષો છે એમાંથી જંબૂવૃક્ષના નામથી આ દ્વીપનું નામ જંબૂદ્વીપ કહેવાય છે.[૪]

જંબૂદ્વીપસ્થ ભારત વર્ષમાં મહેન્દ્ર, મલય, સહ્ય, સૂક્તિમાન, ઋક્ષ, વિન્ધ્ય, પારિયાત્ર આ કુલ ૭ પર્વતો છે[૫]. એમાં હિમવાનથી શત્તદ્રુ અને ચન્દ્રભાગાદિ, પારિયાત્રથી વેદ અને સ્મૃતિ આદિ, વિન્ધ્યથી નર્મદા અને સુરસા આદિ, ઋક્ષથી તાપી, પયોષ્ણી અને નિર્વિન્ધ્યાદિ, સહ્યથી ગોદાવરી ભીમરથી અને કૃષ્ણવેણી આદિ, મલયથી કૃતમાલા અને તામ્રપર્ણી વગેરે, મહેન્દ્રથી ત્રિસામા અને આર્યકુલ્યાદિ, તેમજ સૂક્તિમાન પર્વતથી ઋષિકુલ્યા અને કુમારી આદિ નદીઓ નીકળી છે[૬]. આ નદીઓના કિનારા પર મધ્યદેશને આદિ લઈને કુરુ અને પાંચાલદેશો... પૂર્વદેશાદિથી લઈ કામરુપાદિ, દક્ષિણાદિથી લઈ પુણ્ડ્ર, કલિંગ અને મગધદેશાદિ... પશ્ચિમાદિથી લઈ સોરાષ્ટ્ર, સૂર, આભીર અને અર્બુદ તેમજ ઉત્તરદેશાદિથી લઈ માલવ, કોસલ, સૌવીર, સૈન્ધવ, હૂણ, શાલ્વ તેમજ પારસીકાદિથી લઈ ભાદ્ર, આરામ તથા અમ્બષ્ઠ દેશવાસીઓ રહે છે.[૭]

ઉપરોક્ત સાત ક્ષેત્રોમાંથી માત્ર ભારતવર્ષમાં જ કેવળ કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ નામક ૪ યુગોથી કાળનું પરિવર્તન થાય છે તેનાથી અન્ય કિમ્પુરુષાદિક શેષ ૮ ક્ષેત્રોમાં કાળનું પરિવર્તન થતું નથી. વળી એ

(૨) વિષ્ણુપુરાણ - દ્વિતીયાંશ - દ્વિતીયાધ્યાય, શ્લોક - ૧૦-૧૫ માર્કણ્ડેયપુરાણ, અધ્યાય-૫૪, શ્લોક ૮-૧૪.
(૩) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - દ્વિતીયાધ્યાય - શ્લોક - ૧૬ માર્કણ્ડેયપુરાણ, અધ્યાય-૫૪, શ્લોક ૧૪-૧૯.
(૪) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - દ્વિતીયાધ્યાય - શ્લોક - ૧૭-૧૯ માર્કણ્ડેયપુરાણ, અધ્યાય-૫૪, શ્લોક ૯.
(૫) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - દ્વિતીયાધ્યાય - શ્લોક - ૧૬ માર્કણ્ડેયપુરાણ, અધ્યાય-૫૪, શ્લોક ૧૪-૧૯.
(૬) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - દ્વિતીયાધ્યાય - શ્લોક - ૧૬ માર્કણ્ડેયપુરાણ, અધ્યાય-૫૪, શ્લોક ૧૪-૧૯, ૧૦-૧૪.
(૭) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - દ્વિતીયાધ્યાય - શ્લોક - ૧૦-૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્રોમાં રહેવાવાળી પ્રજાને શોક, પરિશ્રમ, ઉદ્વેગ અને ક્ષુધાદિથી પીડા પણ થતી નથી. આ ક્ષેત્રોમાં રહેવાવાળી પ્રજા સદા સ્વસ્થ તથા આતંક અને દુઃખથી પ્રાયઃ સર્વદા વિમુક્ત હોય છે. તેઓ સદા જરા (ઘડપણ) અને મૃત્યુથી નિર્ભય રહી આનંદનો ઉપયોગ કરે છે. એ માટે જ એ ભૂમિઓ... ભોગભૂમિઓ તરીકે કહેવાય છે. અહીં પુણ્ય-પાપ કે ઊંચ-નીચનો ભેદભાવ હોતો નથી. આ ક્ષેત્રોમાં સ્વર્ગ-મુક્તિની પ્રાપ્તિના કારણભૂત એવી તપશ્ચર્યાદિનો પણ અભાવ હોય છે. કેવળ ભારતવર્ષના લોકોમાં જ વ્રત-તપશ્ચર્યાદિના દ્વારા સ્વર્ગ-મોક્ષાદિની પ્રાપ્તિનો સંભવ છે. એ માટે જ આ ભારતવર્ષ સર્વક્ષેત્રોમાં સર્વશ્રેષ્ઠ કહેવાય છે. અહીંના લોકો અસિ-મસિ કૃષિ રૂપ કર્મો દ્વારા પોતાની આજીવિકાનું ઉપાર્જન કરે છે માટે જ આ ભૂમિને કર્મભૂમિ પણ કહેવાય છે.[૮]

જંબૂદ્વીપને ચારે બાજુથી ઘેરીને લવણ સમુદ્ર રહેલો છે આ પણ ૧ લાખ યોજન વિસ્તૃત છે.[૯] લવણ સમુદ્રને ઘેરીને ૨ લાખ યોજન વિસ્તારવાળો પ્લક્ષદ્વીપ આવેલો છે. એની અંદર ગોમેધ, ચંદ્ર, નારદ, દુન્દુભિ, સોમક અને સુમના નામે ૬ પર્વતો આવેલા છે. આ ૬ પર્વતોથી વિભાજિત થઈ શાન્તદ્વય, શિશિર, સુખોદય, આનંદ, શિવ, ક્ષેમક અને ધ્રુવ નામે સાત (૭) વર્ષક્ષેત્ર આવેલાં છે. આ વર્ષક્ષેત્રોમાં અને પર્વતો ઊપર દેવો અને ગાંધર્વો રહે છે, જેઓ આધિ-વ્યાધિથી રહિત અને અતિશય પુણ્યવાન છે. ત્યાં યુગોનું પરિવર્તન નથી, ફક્ત સદા ત્રેતાયુગ જેવો સમય રહે છે. તેઓમાં ચાતુર્વર્ણ વ્યવસ્થા તેમજ પાંચ અહિંસા-સત્યાદિ ધર્મોનું પાલન થાય છે. આ દ્વીપમાં ૧ પ્લક્ષ વૃક્ષ છે. તે જ કારણથી આ દ્વીપનું નામ પ્લક્ષ નામથી પ્રસિદ્ધ છે.[૧૦]

પ્લક્ષદ્વીપને ચારે તરફથી ઘેરીને રહેલો ઈક્ષુરસોદ સમુદ્ર છે. જે પ્લક્ષદ્વીપ સમાન જ વિસ્તારવાળો છે. આ સમુદ્રને ચારે બાજુથી ઘેરીને રહેલો ૪ લાખ યોજનના વિસ્તારવાળો શાલ્મલ નામક દ્વીપ છે. આજ ક્રમ પ્રમાણે આગળ જઈએ તો સુરોદ સમુદ્ર, કુશદ્વીપ, ઘૃતોદ સમુદ્ર, ક્રૌંચ દ્વીપ, દધિરસોદ સમુદ્ર, શાક દ્વીપ અને ક્ષીર સમુદ્ર આવે છે. આ દરેક દ્વીપ પોતપોતાના પૂર્વવર્તી દ્વીપોની અપેક્ષાએ બમણા વિસ્તારવાળા હોય છે અને સમુદ્રોનો વિસ્તાર પોતપોતાના દ્વીપ સમાન જ હોય છે. આ આગળના દ્વીપોની રચના પ્લક્ષદ્વીપની જેમ જ જાણવી.[૧૧]

ક્ષીરસમુદ્રને ઘેરીને સાતમો પુષ્કર નામે દ્વીપ આવે છે. આ દ્વીપના મધ્ય ભાગમાં ગોળાકારે માનુષોત્તર પર્વત આવેલો છે. એના બાહ્યભાગનું નામ મહાવીર વર્ષ અને અભ્યંતર ભાગનું નામ ઘાતકી વર્ષ છે. આ દ્વીપમાં રહેવાવાળા લોક પણ રોગ-શોક તથા રાગ-દ્વેષથી રહિત હોય છે. ઊંચ નીચનો કોઈપણ ભેદભાવ નથી. વર્ણાશ્રમ વગેરે વ્યવસ્થા પણ નથી. આ પુષ્કર દ્વીપમાં નદીઓ અને પર્વતો વગેરે પણ નથી.[૧૨] આ દ્વીપને ચારે બાજુથી ઘેરીને રહેલો મધુરોહક નામે સમુદ્ર આવે છે. આની આગળ પ્રાણીઓનો નિવાસ હોતો નથી. મધુરોહક સમુદ્રથી આગળ એનાથી જ દ્વિગુણ વિસ્તારવાળી સ્વર્ણમયી ભૂમિ આવે છે. એની આગળ ૧૦,૦૦૦ યોજન વિસ્તૃત અને એટલો જ ઊંચો લોકાલોક નામે પર્વત આવે છે અને એ પર્વતની આગળ ચારે બાજુથી વીંટળાયેલો તમસ્તમ રહેલો છે. આ અણ્ડકટાહની સાથે ઉપર્યુક્ત દ્વીપ-સમુદ્રોવાળો આ

(૮) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - તૃતીયાધ્યાય - શ્લોક - ૧૯-૨૨.
(૯) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - ચતુર્થાધ્યાય - શ્લોક - ૨૮.
(૧૦) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - ચતુર્થાધ્યાય - શ્લોક - ૧-૧૮.
(૧૧) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - ચતુર્થાધ્યાય - શ્લોક - ૨૦-૭૨.
(૧૨) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - ચતુર્થાધ્યાય - શ્લોક - ૭૩-૮૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમસ્ત ભૂમણ્ડલ ૫૦ કરોડ યોજન વિસ્તારવાળો છે અને આની ઊંચાઈ ૭૦,૦૦૦ યોજન પ્રમાણ છે.[૧૩]

આ ભૂમણ્ડલની નીચે દસ-દસ હજાર (૧૦,૦૦૦-૧૦,૦૦૦) યોજનનાં ૭ પાતાલો છે જેમનાં નામો આ પ્રમાણે અનુક્રમે જાણવાં. (૧) અતલ, (૨) વિતલ, (૩) નિતલ, (૪) ગભસ્તિમત, (૫) મહાતલ, (૬) સુતલ અને (૭) પાતાલ. જે કમશઃ ધોળા, કાળા, લાલ, પીળા, શર્કરા, શૈલ અને કાંચન (સ્વર્ણ)ના સ્વરૂપવાળાં છે. અહીં ઉત્તમ ભવનોથી યુક્ત ભૂમિઓ છે જેમાં દાનવ, દૈત્ય, યક્ષ તેમજ નાગાદિ નિવાસ કરે છે.[૧૪]

પાતાલોની નીચે વિષ્ણુ ભગવાનનું શેષ નામક તામસ શરીર રહે છે. જે અનંત નામથી કહેવાય છે. આ શરીર સહસ્ત્ર ફણાઓથી સંયુક્ત થઈ સમસ્ત ભૂમણ્ડલને ધારણ કરી પાતાળના મૂળમાં રહેલું છે. ક્લ્પાન્તના સમયે અન્ય મુખથી (મોઢાથી) નીકળેલી સંઘર્ષાત્મક-રૌદ્ર વિષાગ્નિ-શિખા ત્રણે લોકનું ભક્ષણ કરી દે છે.[૧૫]

(3-૨). નરક લોક....

☞ પૃથ્વી અને જલની નીચે રૌરવ, સૂકર, તાલ, વિશાસન, મહાજવાલ, તપ્તકુમ્ભ, લવણ, વિલોહિત, રૂધિર, વૈતરણી, કૃમીશ, કૃમિ-ભોજન, અસિપત્રવન, કૃષ્ણ, અલાભક્ષ, દારૂણ, પૂયવહ, વહ્નીજવાલ, અધઃશિરા, સૈદેશ, કાળસૂત્ર, તમ, આવીચિ, શ્વભોજન, અપ્રતિષ્ણ અને અગ્રવી ઇત્યાદિ નામવાળાં અનેકાનેક મહા ભયાનક નરકો છે. આ નરકોમાં પાપી જીવો મરીને જન્મ લે છે[૧૬].અને પછી અનુક્રમે ત્યાંથી નીકળી કમશઃ સ્થાવર, કૃમિ, જલચર, મનુષ્ય અને દેવાદિ યોનિઓને પ્રાપ્ત કરે છે... એમ કહેવાય છે જેટલા જીવ દેવલોકમાં છે તેટલા જ જીવ નરકલોકમાં પણ છે.[૧૭]

(3-3). જ્યોતિર્લોક

☞ ભૂમિથી ૧ લાખ યોજનની દૂરી પર સૌરમણ્ડલ આવેલું છે. તેનાથી ૧ લાખ યોજનની દૂરી પર ચંદ્રમણ્ડલ આવેલું છે. તેનાથી ૧ લાખ યોજન ઊપર નક્ષત્ર મણ્ડલ, એનાથી ૨ લાખ યોજન ઊપર બુધ, એનાથી ૨ લાખ યોજન ઊપર શુક્ર, એનાથી ૨ લાખ યોજન ઊપર મંગલ, એનાથી ૨ લાખ યોજન ઊપર બૃહસ્પતિ, એનાથી ૨ લાખ યોજન ઊપર શનિ અને એનાથી ૧ લાખ યોજન ઊપર સપ્તર્ષિ મણ્ડલ અને એનાથી ૧ લાખ યોજન ઊપર જઈએ ત્યાં ધ્રુવનો તારો સ્થિત છે.[૧૮]

(3-૪). મહર્લોક... (સ્વર્ગલોક)

☞ ધ્રુવથી ૧ કરોડ યોજન ઊપર જઈએ ત્યારે મહર્લોક આવે છે અહીં કલ્પકાળ પર્યન્ત જીવિત રહેવાવાળા કલ્પવાસીઓનું નિવાસ સ્થાન છે. આ સ્થળથી ૨ કરોડ યોજન ઊપર જઈએ ત્યારે જનલોક આવે છે અહીં

(૧૩) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - ચતુર્થાધ્યાય - શ્લોક - ૯૩-૯૬. (૧૪) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ-પંચમાધ્યાય-શ્લોક-૨-૪.

(૧૫) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ-પંચમાધ્યાય-શ્લોક-૩-૧૫/૧૯-૨૦. (૧૭) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - ષષ્ઠાધ્યાય - શ્લોક - ૩૪.

(૧૬) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - ષષ્ઠાધ્યાય - શ્લોક - ૧-૬. (૧૮) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - સપ્તમાધ્યાય - શ્લોક - ૨-૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નન્દનાદિથી સહિત બ્રહ્માજીના પ્રસિદ્ધ પુત્રો રહે છે. આનાથી ૮ કરોડ યોજન ઊપર જઈએ ત્યારે તપલોક આવે છે અહીં વૈરાજ દેવ નિવાસ કરે છે. આનાથી ૧૨ કરોડ યોજન ઊપર જઈએ ત્યારે સત્યલોક આવે છે અહીં ક્યારે પણ ન મરવાવાળા અમર (અપુનમરિક) રહે છે. આને બ્રહ્મલોક પણ કહેવાય છે. ભૂમિ (ભૂલોક) અને સૂર્યના મધ્યમાં સિદ્ધજનો અને મુનિજનો વડે સેવિત સ્થાન ભૂવર્લોક કહેવાય છે. સૂર્ય અને ધ્રુવના મધ્યભાગમાં આ ૧૪ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રને સ્વર્લોક કહેવાય છે.[૧૯]

(૩-૫). તુલના અને સમીક્ષા

☞ વિષ્ણુપુરાણના આધારે જે લોકસ્થિતિ અથવા ભૂગોળનું વર્ણન આપણે જોયું. તેની જૈન માન્યતા સાથે તુલના નીચે પ્રમાણે છે.

☞ **॥ દ્વીપ ॥**

જૈન માન્યતા		વૈદિક માન્યતા
(૧) દ્વીપ-સમુદ્ર	- અસંખ્યાત	દ્વીપ-સમુદ્ર - ૭
(૨) જંબૂદ્વીપ	- પ્રથમ દ્વીપ	જંબૂદ્વીપ - પ્રથમ દ્વીપ
(૩) કુશદ્વીપ	- પંદરમો[૨૦]	કુશદ્વીપ - ચોથો દ્વીપ
(૪) ક્રૌંચદ્વીપ	- સોળમો[૨૦]	ક્રૌંચદ્વીપ - પાંચમો દ્વીપ
(૫) પુષ્કરદ્વીપ	- ત્રીજો	પુષ્કરદ્વીપ - સાતમો દ્વીપ

☞ **॥ સમુદ્ર ॥**

જૈન માન્યતા		વૈદિક માન્યતા
(૧) લવણોદ	- પ્રથમ સમુદ્ર	લવણોદ - પ્રથમ સમુદ્ર
(૨) વારુણીરસ	- ચોથો સમુદ્ર	મદિરારસ - ત્રીજો સમુદ્ર
(૩) ક્ષીરસાગર	- પાંચમો સમુદ્ર	દૂધરસ - છઠ્ઠો સમુદ્ર
(૪) ઘૃતવર	- છઠ્ઠો સમુદ્ર	મધુરરસ - સાતમો સમુદ્ર
(૫) ઈક્ષુરસ	- સાતમો સમુદ્ર	ઈક્ષુરસ - બીજો સમુદ્ર

☞ **॥ ક્ષેત્ર ॥**

જૈન માન્યતા	વૈદિક માન્યતા	જૈન માન્યતા	વૈદિક માન્યતા
(૧) ભરત ક્ષેત્ર -	ભારતવર્ષ ક્ષેત્ર	(૪) મહાવિદેહ ક્ષેત્ર	- ઈલાવૃત ક્ષેત્ર
(૨) હૈમવંત ક્ષેત્ર -	કિમ્પુરુષ ક્ષેત્ર	(૫) રમ્યક્ ક્ષેત્ર	- રમ્યક્ ક્ષેત્ર
(૩) હરિવર્ષ ક્ષેત્ર -	હરિવર્ષ ક્ષેત્ર	(૬) હૈરણ્યવંત ક્ષેત્ર	- હિરણ્મય ક્ષેત્ર
		(૭) ઐરાવત ક્ષેત્ર	- ઉત્તરકુરુ ક્ષેત્ર

(૧૯) વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ - ષષ્ઠાધ્યાય - શ્લોક - ૧૨-૧૮.
(૨૦) તિલોયપણ્ણત્તિ ગ્રંથ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં આ જાણવા યોગ્ય છે કે જૈન માન્યતાનુસારે ઉત્તરકુરુ તે વિદેહ ક્ષેત્રનો જ ૧ ભાગ છે. ઈલાવૃત તે ઐરાવતનું જ રૂપાંતર લાગે છે. હાં, બીજા હૈમવંત ક્ષેત્રના સ્થાન ઉપર જે કિમ્પુરુષ નામ છે તે અવશ્ય નવું લાગે છે.

॥ પર્વત ॥

જૈન માન્યતા	વૈદિક માન્યતા	જૈન માન્યતા	વૈદિક માન્યતા
(૧) હિમવાન્	- હિમવાન્	(૪) નીલ	- નીલ
(૨) મહાહિમવાન્	- હેમકૂટ	(૫) રુક્મિ	- શ્વેત
(૩) નિષધ	- નિષધ	(૬) શિખરી	- શ્રૃંગી

શિખરી એવં શ્રૃંગી આ બન્ને એકાર્થક નામ જ છે. પાંચમો રુક્મિ પર્વત જૈન માન્યતાનુસારે શ્વેત (ધોળો) જ માનેલો છે, જે વૈદિક માન્યતાનુસારે શ્વેત પર્વતનો બોધક છે. માત્ર મહાહિમવાન્ પર્વતના સ્થાને હેમકૂટ પર્વત એવું જૂદું નામ છે. તેમજ ઊંચાઈ અને વિસ્તારમાં ફરક છે.

જૈન અને વૈદિક બંન્નેની માન્યતાનુસારે મેરુ પર્વત જંબૂદ્વીપના મધ્યભાગમાં જ સ્થિત છે અન્તર માત્ર ઊંચાઈનું છે. વૈદિક માન્યતાનુસારે મેરુની ઊંચાઈ ૮૪,૦૦૦ યોજન છે, જ્યારે જૈન માન્યતાનુસારે મેરુ ૧ લાખ યોજન ઊંચો છે વળી પહોળાઈમાં ફરક છે.

॥ નરક સ્થિતિ ॥

જૈન માન્યતાની સમાન જ વૈદિક માન્યતામાં પણ અત્યંત દુઃખ ભોગવવાવાળા નારકી જીવોનું રહેઠાણ આ પૃથ્વીના નીચે જ માનવામાં આવ્યું છે. બન્નેના કેટલાંક નામોમાં સમાનતા છે જ્યારે કેટલાંક નામોમાં વિષમતા છે.

॥ જ્યોતિર્લોક ॥

જૈન માન્યતાનુસારે બતાવેલા સમભૂતલથી સૂર્ય-ચંદ્ર આદિના અંતર (ઊંચાઈ) અને વૈદિક માન્યતાનુસારે બતાવેલા અંતરમાં ઘણો મોટો ફરક છે. જે બન્નેના વર્ણન દ્વારા સ્પષ્ટ રીતે સમજાય છે.

॥ સ્વર્ગલોક ॥

બન્ને માન્યતાનુસારે સ્વર્ગલોકની સ્થિતિ જ્યોતિર્લોકની ઊપર જ માનવામાં આવેલી છે. વૈદિક માન્યતામાં સ્વર્ગલોકનું નામ મહર્લોક આપવામાં આવ્યું છે તેમજ ત્યાંના નિવાસીઓને જૈન માન્યતાના સમાન કલ્પવાસી કહેવામાં આવે છે. વૈદિક માન્યતામાં સ્વર્ગલોકની સ્થિતિ સૂર્ય અને ધ્રુવના મધ્યમાં ૧૪ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રમાં છે જ્યારે જૈન માન્યતાનુસારે મેરુના શિખર બાદ અસંખ્યાતા યોજન ઊપરના ક્ષેત્ર સુધી બતાવેલી છે.

॥ કર્મભૂમિ અને ભોગભૂમિ ॥

જે પ્રમાણે જૈનાગમોમાં કર્મભૂમિ અને ભોગભૂમિનું વર્ણન કરાયું છે તે જ પ્રકારે હિન્દુ-પુરાણોમાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણન જોવા મળે છે. જેમ કે **વિષ્ણુપુરાણમાં દ્વિતીયાંશના તૃતીયાધ્યાયમાં** કર્મભૂમિનું વર્ણન આ પ્રકારે કરવામાં આવ્યું છે.

उत्तरं यत्समुद्रस्य हिमाद्रेश्च दक्षिणम् । वर्ष तद्भारतं नाम भारती यत्र संततिः ॥
नवयोजनसहस्रो विस्तारोऽस्य महामुने ! । कर्मभूमिरियं स्वर्गमपवर्गश्च गच्छताम् ॥
अतः संप्राप्यते स्वर्गो मुक्तिमस्मात् प्रायन्ति वै । तिर्यक्त्वं नरकं चापि यान्त्यतः पुरुषाः मुने ॥
इतः स्वर्गश्च मोक्षश्च, मध्यं चान्तश्च गम्यते । तं खल्वन्यत्र मर्त्यानां, कर्मभूमौ विधीयते ॥

(वि.पु.द्वि.अं.त्री.अ.)

ભાવાર્થ : સમુદ્રથી ઉત્તરે અને હિમાદ્રિના દક્ષિણે આ ભારત વર્ષ અવસ્થિત છે. આનો વિસ્તાર ૯,૦૦૦ યોજન પ્રમાણ છે. આ સ્વર્ગ અને મોક્ષમાં જવાવાળા પુરુષોની કર્મભૂમિ છે. આ સ્થાનથી મનુષ્ય સ્વર્ગ અને મુક્તિને પ્રાપ્ત કરી શકે છે અને અહીંથી તિર્યંચ અને નરકગતિમાં પણ જીવ જાય છે એથી જ આ કર્મભૂમિ કહેવાય છે. આ ભારત વર્ષ વિના અન્ય ક્ષેત્રોમાં ક્યાંય પણ કર્મભૂમિ નથી.

અગ્નિપુરાણ ગ્રંથમાં પણ (ભારત વર્ષને જ કર્મભૂમિ) કહેવાયું છે. જેમ કે...

कर्मभूमिरियं स्वर्गमपवर्गञ्च गच्छताम् ॥ (अग्निपुराण, ११८ अध्याय,श्लोक-२)

વિષ્ણુપુરાણના અંતમાં કર્મભૂમિનો ઉપસંહાર કરતાં લખે છે કે, ભારતવર્ષમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર રહે છે તેમજ તેઓ ક્રમશઃ પૂજન-પાઠ, આયુધ-ધારણ, વાણિજ્યાદિ કર્મ અને સેવાદિ કાર્યોને કરનારા હોય છે.

ब्राह्मणाः क्षत्रियाः वेश्या मध्ये शुद्राश्च भागशः । इज्याऽऽयुध्वाणिज्याद्यैर्वर्तयन्तो व्यवस्थिता ॥

આ અધ્યાયનો ઉપસંહાર કરતાં કહ્યું છે કે, ભારતવર્ષ સિવાયના ક્ષેત્રોમાં ભોગભૂમિ જ છે.

अत्रापि भारतं श्रेष्ठं, जम्बुद्वीपे महामुने । यतो हि कर्मभूरेषा ह्यतोऽन्या भोगभूमयः ॥

ભાવાર્થ : આ જંબૂદ્વીપમાં ભારતવર્ષ સર્વશ્રેષ્ઠ છે. કેમ કે, આ જ સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરાવવાવાળી કર્મભૂમિ છે. ભારતની ભૂમિ સિવાય અન્ય સર્વ ભૂમિઓ તે ભોગ-ભૂમિઓ કહેવાય છે. કેમ કે, ત્યાંના રહેવાવાળા જીવો હંમેશાં કોઈ પણ રોગ-શોક કે પીડાદિ વિના ભોગોને ભોગવે છે.

॥ ઉત્સર્પિણી - અવસર્પિણીકાળ ॥

જૈનાગમોમાં કાળના પરિવર્તનનું વર્ણન કરતાં બતાવવામાં આવ્યું છે કે જે સમયે મનુષ્યનાં આયુ-સુખ-સમૃદ્ધિ-શરીર-બળાદિ બધું જ સતત વધતું હોય તે કાળને ઉત્સર્પિણીકાળ કહેવાય છે અને જે સમયે ઉપરોક્ત બધી જ વસ્તુઓની હાનિ થાય છે ત્યારે તે અવસર્પિણીકાળ કહેવાય છે. આ બન્ને પ્રકારના કાળોની વૃદ્ધિ-હાનિ રૂપ પરિવર્તન તે એકમાત્ર કર્મભૂમિઓમાં જ થાય છે અન્યત્ર ભોગભૂમિની પૃથ્વીઓમાં થતું નથી. વિષ્ણુ-પુરાણમાં પણ આનો ઉલ્લેખ આ પ્રમાણે જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अवसर्पिणी न तेषां वै न चोत्सर्पिणी द्विज ! नत्वेषाऽस्ति युवावस्था तेषु स्थानेषु सप्तसु ॥

અર્થાત્ - હે દ્વિજ ! જંબૂદ્વીપસ્થ અન્ય સાત ક્ષેત્રોમાં ભારતવર્ષની સમાન ન કાળની અવસર્પિણી અવસ્થા છે અને ન ઉત્સર્પિણી અવસ્થા...

॥ વર્ષધર પર્વતો ઉપર સરોવરો ॥

જૈન માન્યતાનુસારે જ માર્કણ્ડેય-પુરાણોમાં પણ વર્ષધર પર્વતો ઉપર સરોવર અને તેમાં કમલોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે જેમ કે -

एतेषां पर्वतानां तु द्रोण्योऽतीव मनोहराः । वनैरमलपानीयैः सरोभिरुपशोभिताः ॥

(માર્કણ્ડેય પુરાણ, અધ્ય. ૫૫, શ્લોક-૧૪-૧૫)

ઉક્ત સરોવરોમાં કમળોનો ઉલ્લેખ આ પ્રકારે પ્રાપ્ત થાય છે.

तदेतत् पार्थिवं पद्मं चतुष्पत्रं मयोदिम् (માર્કણ્ડેયપુરાણ, અધ્ય. ૫૫, શ્લોક-૨૦)

અહીં આ જાણવા યોગ્ય છે કે જૈન માન્યતા પ્રમાણે જ પુરાણકારો પણ પદ્મોને પાર્થિવ રૂપે સ્વીકારે છે.

૪. अग्निपुराणना आधारे ब्रह्मांड वर्णन

લે. રતિલાલ છોટાલાલ પુરોહિત (ઊંઝાવાળા)

અગ્નિપુરાણ પ્રાચિનતમ પુરાણ છે. આ પુરાણના પ્રવક્તા અગ્નિદેવ પોતે છે એટલે આ પુરાણનું મહત્ત્વ અન્ય પુરાણો કરતાં વધારે હોય તે સ્વાભાવિક છે.

અગ્નિદેવ કહે છે કે...

આ ભૂમિનો વિસ્તાર ૭૦,૦૦૦ યોજન છે. તેની ઊંચાઈ ૧૦,૦૦૦ યોજન છે. પૃથ્વીની અંદર ૭ પાતાળ છે. તે દરેક પાતાળ ૧૦,૦૦૦ - ૧૦,૦૦૦ યોજન પ્રમાણ વિસ્તૃત છે. તે સાતે પાતાળોનાં નામ આ પ્રમાણે છે - (૧) અતલ, (૨) વિતલ, (૩) નિતલ, (૪) મહાતલ, (૫) સુતલ, (૬) તલાતલ અને (૭) રસાતલ અથવા પાતાલ. આ પાતાળોની ભૂમિ અનુક્રમે કાળી, પીળી, લાલ, સફેદ, કાંકરાવાળી, પથ્થરોવાળી અને સ્વર્ણમયી છે, આ સર્વ (બધા જ) પાતાળો અત્યંત રમણીય છે. આ પાતાળોમાં દૈત્યો અને દાનવાદિ સુખપૂર્વક નિવાસ કરે છે. સમસ્ત પાતાળોના નીચે શેષનાગ બિરાજમાન છે જે ભગવાન વિષ્ણુનું તમોગુણ પ્રધાન શરીર માનવામાં આવે છે. આ શેષનાગમાં અત્યંત ગુણ છે તેથી એમને "અનંત" પણ કહે છે. તે પોતાના મસ્તક ઊપર આ પૃથ્વીને ધારણ કરે છે અને એ પૃથ્વીની નીચે અનેક નરક છે.

સૂર્યદેવથી પ્રકાશિત થનારી પૃથ્વીનો જેટલો વિસ્તાર છે, તેટલો જ નભોલોક (અંતરિક્ષ વા ભુવર્લોક) નો વિસ્તાર માનવામાં આવે છે. પૃથ્વીથી ૧,૦૦,૦૦૦ યોજન દૂર સૂર્યમંડલ છે. સૂર્યથી ૧,૦૦,૦૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોજન દૂર ચંદ્રમંડલ છે. ચંદ્રમાંથી ૧,૦૦,૦૦૦ યોજન ઊપર નક્ષત્ર મંડળ છે. નક્ષત્ર મંડળથી ૨,૦૦,૦૦૦ યોજન ઊપર શુક્ર છે. શુક્રથી ૨,૦૦,૦૦૦ યોજન ઊપર મંગળનું સ્થાન છે. મંગળથી ૨,૦૦,૦૦૦ યોજન ગુરુ આવેલ છે. ગુરુથી ૨,૦૦,૦૦૦ યોજન ઊપર શનૈશ્ચર છે અને તેનાથી ૧,૦૦,૦૦૦ યોજન ઊપર સપ્તર્ષિઓનું સ્થાન છે. સપ્તર્ષિઓથી ૧,૦૦,૦૦૦ યોજન ઊપર ધ્રુવ પ્રકાશિત થાય છે. આવી રીતે ત્રણે લોકની આટલી જ ઊંચાઈ માનવામાં આવી છે અર્થાત્ ત્રિલોકી (ભૂ. ર્ભૂવઃ સ્વઃ) ના ઊપરના ભાગની ચરમસીમા ધ્રુવ જ છે. ધ્રુવથી ૧ કરોડ યોજન ઊપર "મહર્લોક" છે જ્યાં કલ્પાંત જીવી "ભૃગુઆદિ" સિદ્ધગણ નિવાસ કરે છે. મહર્લોકથી ૨ કરોડ યોજન ઊપર જનલોકની સ્થિતિ છે જ્યાં સનક, સનંદનાદિ સિદ્ધ પુરુષો નિવાસ કરે છે. જનલોકથી ૮ કરોડ યોજન ઊપર તપોલોક છે જ્યાં વૈરાજ નામવાળા દેવતાઓ નિવાસ કરે છે. તપોલોકથી ૯૬ કરોડ યોજન ઊપર "સત્યલોક" બિરાજમાન છે સત્યલોકમાં ફરી મૃત્યુને આધીન ન થનારા પુણ્યાત્મા દેવતાઓ અને ઋષિ-મુનિઓ નિવાસ કરે છે આને જ બ્રહ્મલોક પણ કહેવાય છે.

જ્યાં સુધી પગથી ચાલીને જવાય છે, તે સર્વ "ભૂલોક" કહેવાય છે. ભૂલોકથી સૂર્યમંડળના વચ્ચેનો ભાગ "ભૂવર્લોક" કહેવાય છે. સૂર્યલોકથી ઊપર ધ્રુવલોક સુધીના ભાગને "સ્વર્ગલોક" કહેવાય છે. આનો વિસ્તાર ૧૪,૦૦,૦૦૦ યોજન છે. આ જ ત્રૈલોક્ય છે અને આજ અંડકટાહથી (અંડાકાર કડાઈથી) ઘેરાયેલું વિસ્તૃત બ્રહ્માંડ છે. આ બ્રહ્માંડ ક્રમશઃ જલ, અગ્નિ, વાયુ અને આકાશરૂપ આવરણો દ્વારા બહારથી ઘેરાયેલું છે. આ બધાની ઊપર અહંકારનું આવરણ છે. આ જલાદિ આવરણ ઉત્તરોતર ૧૦ ગણાં મોટાં છે. અહંકારરૂપ આવરણ મહત્તત્ત્વમય આવરણથી ઘેરાયેલું છે. મહત્તત્ત્વને પણ ઘેરીને પ્રધાન (પ્રકૃતિ) છે તે અનંત છે કારણ કે આનો ક્યારેય અંત થતો નથી. એટલા માટે એની કોઈ સંખ્યા કે માપ નથી. આ પ્રકૃતિ સંપૂર્ણ જગતનું કારણ છે તેને જ "અપરા પ્રકૃતિ" કહે છે. આમાં એવા અસંખ્ય બ્રહ્માંડ ઉત્પન્ન થયેલા છે.

સમુદ્રની ઉત્તરે અને હિમાલયની દક્ષિણે જે વર્ષ છે તેનું નામ ભારત છે. તેનો વિસ્તાર ૯,૦૦૦ યોજન છે, સ્વર્ગ અને મોક્ષને ઇચ્છનાર મનુષ્યોના માટે આ કર્મભૂમિ છે. અહીં (૧) મહેન્દ્ર, (૨) મલય, (૩) સહ્ય, (૪) શુક્તિમાન, (૫) હિમાલય, (૬) વિંધ્ય અને (૭) પારિયાત્ર આ સાત પર્વતો છે. (૧) ઇન્દ્રદ્વીપ, (૨) કસેરુ, (૩) તામ્રવર્ણ, (૪) ગભસ્તિમાન, (૫) નાગદ્વીપ, (૬) સૌમ્ય, (૭) ગાંધર્વ અને (૮) વારુણ એમ આઠ દ્વીપો છે. સમુદ્રથી ઘેરાયેલું ભારત નવમો દ્વીપ છે. ભારત દ્વીપ ઉત્તર-દક્ષિણ તરફ હજારો યોજન લાંબો છે. ભારતના ઉપર પ્રમાણે નવ ભાગ છે. ભારતની સ્થિતિ મધ્યમાં છે આમ પૂર્વ તરફ "કિરાતો" અને પશ્ચિમ તરફ "યવનો" રહે છે. મધ્યભાગમાં બ્રાહ્મણાદિ વર્ણો નિવાસ કરે છે. વેદસ્મૃતિ આદિ નદીઓ પારિયાત્ર પર્વતમાંથી નીકળે છે. વિંધ્યાચલમાંથી નર્મદા વગેરે પ્રગટ થઈ છે. સહ્ય-પર્વતમાંથી તાપી, પયોષ્ણી, ગોદાવરી, ભીમરથી અને કૃષ્ણવેળા વગેરે નદીઓનો પ્રાદુર્ભાવ થાય છે. મલયાચલથી કૃતમાલા વગેરે અને મહેન્દ્ર પર્વતમાંથી ત્રિસામા વગેરે નદીઓ નીકળે છે. શુક્તિમાન પર્વતમાંથી કુમારી વગેરે અને હિમાલયમાંથી ચંદ્રભાગા વગેરે નદીઓનો પ્રાદુર્ભાવ થયો છે.

જંબૂદ્વીપનો વિસ્તાર ૧,૦૦,૦૦૦ યોજન છે વળી આ દ્વીપ ચારે તરફથી ૧,૦૦,૦૦૦ યોજન વિશાળ ખારા પાણીના સમુદ્રથી (એટલે લવણથી) ઘેરાયેલો રહે છે. આ ક્ષાર સમુદ્રને ઘેરીને પ્લક્ષ દ્વીપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલો છે મેઘાતિથિના ૭ પુત્રો આ દ્વીપના સ્વામી છે. તે આ પ્રમાણે (૧) શાંતમય, (૨) શિશિર, (૩) સુખોદય, (૪) આનંદ, (૫) શિવ, (૬) ક્ષેત્ર અને (૭) ધ્રુવ. આ સાતે પુત્રોના નામ પરથી જ પ્લક્ષ દ્વીપમાં સાત વર્ષો (ક્ષેત્રો) છે. (૧) ગોમેધ, (૨) ચંદ્ર, (૩) નારદ, (૪) દુંદુભિ, (૫) સોમક, (૬) સુમના અને (૭) શૈલ નામના ત્યાં પર્વતો છે ત્યાંના નિવાસી "વૈભ્રાજ" નામથી પ્રસિદ્ધ છે. આ દ્વીપમાં ૭ પ્રધાન નદીઓ છે. પ્લક્ષથી લઈને શાકદ્વીપ સુધીના લોકોની ઉંમર ૫૦૦૦ વર્ષ છે. અહીં વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવામાં આવે છે. આર્યકુરુ, વિવંશ, ભાવિ વગેરે ત્યાંના બ્રાહ્મણાદિ વર્ણોની સંજ્ઞાઓ છે, ચંદ્રમા તેમના આરાધ્ય દેવ છે.

પ્લક્ષદ્વીપનો વિસ્તાર ૨,૦૦,૦૦૦ યોજન છે. તે એટલા જ મોટા ઇક્ષુરસના સમુદ્રથી ઘેરાયેલો છે. એના પછી શાલ્મલ દ્વીપ છે, જે પ્લક્ષદ્વીપ કરતાં બમણો છે. (૧) શ્વેત (૨) હરિત (૩) જીમુત (૪) લોહિત (૫) વૈદ્યુત (૬) માનસ અને (૭) સુપ્રભ નામના વપુષ્માનના ૭ પુત્રો શાલ્મલદ્વીપના સ્વામી છે. આ નામો ઉપરથી ત્યાંનાં ૭ વર્ષો છે તે પણ પ્લક્ષ દ્વીપ કરતાં બમણાં છે તથા ત્યાં (૧) કુમુદ, (૨) અનલ, (૩) બલાહક, (૪) દ્રોણ, (૫) કંઠ, (૬) મહિષ અને (૭) કકુદ્માન આ મર્યાદા પર્વતો છે. ત્યાં ૭ પ્રધાન નદીઓ છે.કપિલ, અરુણ, પીત અને કૃષ્ણ ત્યાંના બ્રાહ્મણ આદિ વર્ણ છે, ત્યાંના લોકો વાયુ દેવતાની પૂજા કરે છે. તેનાથી બમણા પરિમાણવાળા "સુરોદ" નામક મદીરાના સમુદ્રથી તે દ્વીપ ઘેરાયેલો છે. આના પછી કુશદ્વીપ છે. જ્યોતિષ્માનના પુત્રો (૧) ઉદ્ભિન્ન, (૨) ધેનુમાન, (૩) દ્વૈરય, (૪) લંબન, (૫) ધૈર્ય, (૬) કપિલ અને (૭) પ્રભાકર, આ ૭ દ્વીપના સ્વામી છે. આ પુત્રોના નામ પર સાત વર્ષ (ક્ષેત્ર) છે. દમી, શુષ્મી, સ્નેહ અને મંદે ક્રમે કરીને ત્યાંના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોની સંજ્ઞાઓ છે. (૧) વિદ્રુમ, (૨) હેમશૈલ, (૩) દ્યુતિમાન, (૪) પુષ્યમાન, (૫) કુશેશય (૬) હરિ અને (૭) મંદ્રાચલ આ સાત ત્યાંના વર્ષ પર્વતો છે. આ કુશ દ્વીપ પોતાના જ બરાબર વિસ્તારવાળા ઘીના સમુદ્રથી ઘેરાયેલો છે અને તે ઘૃત સમુદ્ર ક્રૌંચદ્વીપથી પરિવેષ્ટિત છે, રાજા દ્યુતિમાનના પુત્રો (૧) કુશલ, (૨) મનોનુગ, (૩) ઉષ્ણ, (૪) પ્રધાન, (૫) અંધકારક, (૬) મુનિ અને (૭) દુંદુભિ ક્રૌંચ દ્વીપના સ્વામી છે. તેમના નામ ઊપર ત્યાંનાં વર્ષ પ્રસિદ્ધ છે તે દ્વીપના મર્યાદા પર્વતો અને નદીઓ પણ ૭-૭ છે. પર્વતોનાં નામ આ પ્રમાણે - (૧) ક્રૌંચ૨, (૨) વામન, (૩) અંધકારક, (૪) રત્નશૈલ, (૫) દેવાવૃત, (૬) પુંડરિક અને (૭) દુંદુભિ. આ બધા દ્વીપો પરસ્પર ઉત્તરોત્તર બમણા વિસ્તારવાળા છે. તે દ્વીપોમાં જે વર્ષ-પર્વતો છે તે પણ પહેલાંના દ્વીપોના પર્વતોથી બમણા વિસ્તારવાળા છે. ત્યાંના બ્રાહ્મણાદિ વર્ણ ક્રમશઃ પુષ્કર, પુષ્કળ, ધન્ય અને તિથ્ય નામોથી પ્રસિદ્ધ છે.

ક્રૌંચદ્વીપ દધિમંડોદક (છાશ)ના સમુદ્રથી ઘેરાયેલો છે અને તે સમુદ્ર શાકદ્વીપથી પરિવેષ્ટિત છે ત્યાંના રાજા ભવ્યના ૭ પુત્રો (૧) જળદ, (૨) કુમાર, (૩) સુકુમાર, (૪) મણીપક, (૫) કુશોત્તર (૬) મોદાકી અને (૭) દ્રુમ... શાકદ્વીપના સ્વામી છે. આ જ નામોથી ત્યાંના પ્રદેશો પ્રસિદ્ધ છે. (૧) ઉદયગિરિ, (૨) જળધર, (૩) રૈવત, (૪) શ્યામ, (૫) કોદ્રક, (૬) આંબિકેય અને (૭) સુરમ્ય. ત્યાં ૭ મર્યાદા પર્વતો છે અને ત્યાંની પ્રસિદ્ધ ૭ નદીઓ (૧) સુકુમારી, (૨) કુમારી, (૩) નલિની, (૪) ધેણુકા, (૫) ઈક્ષુ, (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેણુકા અને (૭) ગભસ્તિવતી છે. મગ-મગધ-માનસ્થ અને મહંગ ત્યાં બ્રાહ્મણાદિ વર્ણ છે. શાકદ્વીપ ક્ષીરસાગરથી ઘેરાયેલો ક્ષીરસાગર પુષ્કરદ્વીપથી પરિવેષ્ટિત છે. ત્યાંનાં અધિકારી રાજા સવનના ૨ પુત્ર થયા. જેમનાં નામ મહાવિત અને ધાતકી છે તેમના નામથી ત્યાંનાં ૨ પ્રદેશો પ્રસિદ્ધ થયા. ત્યાં એક માનુષોત્તર નામક વર્ષ પર્વત વિદ્યમાન છે જે તે પ્રદેશના મધ્યભાગમાં વળયાકારે રહેલ છે તેનો વિસ્તાર અને ઊંચાઈ ૪૦,૦૦૦ યોજન છે. ત્યાંના લોકો ૨૦,૦૦૦ વર્ષના આયુવાળા છે. પુષ્કરદ્વીપ સ્વાદિષ્ટ જળવાળા સમુદ્રથી ઘેરાયેલો છે. તે સમુદ્રનો વિસ્તાર દ્વીપ જેટલો જ છે. સમુદ્રમાં જે જલ છે તે ક્યારેય ઘટતું કે વધતું નથી. શુક્લ અને કૃષ્ણપક્ષોમાં ચંદ્રમાના ઉદય અને અસ્ત કાળમાં ફક્ત ૫૧૦ આંગળ સુધી પાણી ઘટતું અથવા વધતું જોવા મળે છે. પરંતુ તેનાથી ન્યૂનતા કે અધિકતા જણાતી નથી. મધુર પાણીવાળા સમુદ્રની તરફ ચારેબાજુ તેનાથી બમણા પરિમાણવાળી ભૂમિ સ્વહામયી છે. પરંતુ ત્યાં કોઈપણ જીવ જંતુ રહેતાં નથી તેના પછી "લોકાલોક" પર્વત છે જેનો વિસ્તાર ૧૦,૦૦૦ યોજન છે. લોકાલોક પર્વત એક તરફ અંધકારથી ઘેરાયેલો છે અને તે અંધકાર અંડકટાહથી આવૃત્ત છે. અંડકટાહ સહિત બધી ભૂમિનો વિસ્તાર ૫૦,૦૦,૦૦,૦૦૦ (પચાસ કરોડ) યોજન છે.

૫. પાતંજલ યોગશાસ્ત્રાનુસારે લોકનું સ્વરૂપ

લે. ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી - નવી દિલ્લી.

● યોગસૂત્ર દ્વારા લોકના જ્ઞાનનો સંકેત :

☞ મહર્ષિ પાતંજલે યોગદર્શનમાં "**भुवनज्ञानं सूर्ये संयमात्** "(૩ / ૨૬) આ સૂત્રની રચના કરી સ્પષ્ટ કર્યું છે કે સૂર્યમાં સંયમ કરવાથી સમસ્ત ભુવન - લોકનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ સૂત્ર પહેલાં પતંજલિએ સાત્ત્વિક પ્રકાશનું આલંબન લઈ સૂક્ષ્મ, વ્યવહિત અને વિપ્રકૃષ્ટ સિદ્ધિઓનો સંકેત કર્યો છે અને એથી જ પરમાણુ-મહત્તત્ત્વાદિ સૂક્ષ્મ પદાર્થોના અને સાગરના અંતરાલમાં રહેલ રત્નાદિ, ભૂમિના ગર્ભમાં ગુપ્ત ખનિજાદિ તેમજ દૂર દેશમાં સ્થિત સુમેરુ પર્વતની બીજી બાજુ વિદ્યમાન રસાયન, ઔષધિ વગેરેના જ્ઞાનની વાત સિદ્ધ થાય છે એથી જ આ સૂત્ર ભૌતિક પ્રકાશના વિષયમાં સંયમ કરવા માટેનો સંકેત આપી એનાથી જ લોકજ્ઞાન-સિદ્ધિરૂપ ફળની પ્રાપ્તિ બતાવે છે.

● ટીકાકારો દ્વારા પલ્લવિત લોક-જ્ઞાન :

☞ "પાતંજલ યોગદર્શન" આ એક સૂત્રગ્રંથ છે એથી જ આના સૂત્રોની વ્યાખ્યા અત્યાવશ્યક માનવામાં આવી છે આજ સુધી આ ગ્રંથ ઉપર સંસ્કૃત ભાષામાં ૨૦ ટીકાઓ પ્રાપ્ત થાય છે. હિન્દી, ગુજરાતી, અંગ્રેજી તેમજ અન્ય ભાષાઓમાં પણ આ જ ગ્રંથના આધારે પૂરતા પ્રમાણમાં ચિંતન થયું છે અને વર્તમાનકાળે થઈ પણ રહ્યું છે. વ્યાખ્યાકારોમાં - વ્યાસદેવ, વાચસ્પતિ મિશ્ર, વિજ્ઞાનભિક્ષુ, નાગેશભટ્ટ, હરિહરાનંદ, આરણ્યક અને નારાયણતીર્થાદિએ પણ આ "લોકજ્ઞાન" વિષે વિસ્તારપૂર્વક વર્ણન કરેલ છે. એમ તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોક્ત વ્યાખ્યાનકારોના વિચારોમાં લોકજ્ઞાન-સંબંધી વિચારો પ્રાયઃ સમાન જ છે. તો પણ **"યોગસિદ્ધાંતચન્દ્રિકા"** વ્યાખ્યાના રચયિતા શ્રી નારાયણતીર્થે પોતાના પૂર્વવર્તી વ્યાસ, વાચસ્પતિ આદિના લોકજ્ઞાન સંબંધી વિચારોને પર્યાપ્ત વિસ્તારની સાથે લઈ આગળ વધાર્યા છે. આ જ કારણ છે કે પ્રસ્તુત લેખના શીર્ષકમાં "યોગશાસ્ત્રના અનુસારે" એવું લખેલું છે એમ તો લોકનું વર્ણન પ્રાયઃ કરી પુરાણાદિ ગ્રંથોમાં જ અધિક ઉપલબ્ધ થાય છે.

• "યોગસિદ્ધાંતચન્દ્રિકા" ટીકાન્તર્ગત "લોક-જ્ઞાન" :

☞ યોગશાસ્ત્રોમાં બ્રહ્માંડ શબ્દની જોડે "મહા" શબ્દ જોડી મહાબ્રહ્માંડને અનેક બ્રહ્માંડનો આધાર માન્યો છે. એથી આ મહાબ્રહ્માંડમાં અનેકાનેક સંક્ષિપ્ત બ્રહ્માંડ છે અને એક બ્રહ્માંડ ૧૪ ભુવનોના સમૂહથી નિર્મિત છે. આ દૃષ્ટિથી ભૂલોકને કેન્દ્ર માની **"भूरादिसत्यान्तानि उपरितनानि"** કહી એની ઉપર ૬ લોક માનવામાં આવ્યા છે. તેનાં નામો આ પ્રમાણે - (૧) ભૂવર્લોક (૨) સ્વર્લોક, (૩) મહર્લોક, (૪) જનલોક,(૫) તપોલોક, (૬) સત્યલોક. આ ૬ લોક ઊપર સ્થિત હોવાથી "ઊર્ધ્વલોક" તરીકે પણ કહેવાય છે અને **"अतलादिपातालान्यधस्तनानि"** સૂત્રના અનુસારે ભૂલોકની નીચેનાં "(૧) અતલલોક, (૨) વિતલલોક, (૩) સુતલલોક, (૪) તલાતલલોક, (૫) મહાતલલોક, (૬) રસાતલલોક અને (૭) પાતાલલોક..." આ સાતે અધોલોક જાણવાં.

આ પાતાલ લોકના ઊપર જલાવરણ છે. એમના ઊપર તથા ભૂમિના નીચે તામિસ્ત્ર, અન્ધતામિસ્ત્ર, રૌરવ, કુમ્ભીપાક, મૂળ-અસિપત્ર, બનસૂકર, મુખાન્ધકૂપ, કૃમિભોજન, મદશત, પ્રભૂમિવજ્ર, કણ્ટક, શાલ્મલિ, વૈતરણી, પ્રમોદ, પ્રાણરોધ, વિશમન, લાલાભક્ષન, સારમેયાદન, મદીચિરય, પાનક્ષાર, કદ્દમ, રક્ષોગણ, ભોજનશુલ, પ્રોતદન્દ, શૂકાવટ, નિરોધન, પર્યાવર્તન, સૂચીમુખાદિ... આ બધાં મળી એક બ્રહ્માંડાવયનું સ્વરૂપ છે અને આવા પ્રકારના અસંખ્ય બ્રહ્માંડાવયવ, મહાબ્રહ્માંડમાં સમાયેલાં છે. (**अष्टानां तु सहस्त्राणां, सहस्त्राण्ययुतानि च । ईदृशानां तथा तत्र कोटि कोटि शतानि च ।**) - (**विष्णुपुराण**) ઉપરોક્ત બ્રહ્માંડાવયવનું મહાબ્રહ્માંડમાં એટલું જ સ્થાન છે કે જેટલું આકાશમાં આગિયાનું..."**ब्रह्मांडमध्ये संक्षिप्त ब्रह्मांडं च प्रधानस्यावयवो यथाकाशे खद्योतः**" (**यो. सि. चं. पृ. १२८**)

(૫-૧). ભૂલોક તથા તેના દ્વીપાદિ

☞ ઉપરોક્ત બ્રહ્માંડાવયવમાં સ્થિત લોકમાં ભૂલોકની પણ પોતાની એક વિશિષ્ટતા છે એમાં ૭ દ્વીપ છે. મત્સ્ય એવં વાયુ આદિ પુરાણોમાં **"द्विरापत्वात् स्मृतो द्वीप" (मत्स्य पुराण १२३/३५) (वायु पुराण ४९/१३२)** આ સૂત્ર કહીને સ્પષ્ટ બતાવી દીધું છે કે "જ્યાં બન્ને બાજુએ પાણી હોય તે જ દ્વીપ કહેવાય છે. પરંતુ આ જ પુરાણોમાં અન્યત્ર **"द्वीपस्य मण्डलीभावात्"** કહીને દ્વીપને મંડલાકારે પણ બતાવ્યા છે. તે ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વીપ ક્રમશઃ (૧) જમ્બૂ, (૨) પ્લક્ષ, (૩) શાલ્મલિ, (૪) કુશ, (૫) ક્રૌંચ, (૬) શાક અને (૭) પુષ્કર નામવાળા છે. પ્રત્યેક દ્વીપ ૧-૧ સમુદ્રથી ઘેરાયેલો છે તેમજ તે બન્ને (દ્વીપ-સમુદ્ર) વલયાકારે છે. વલયાકારવાળા આ દ્વીપોમાં **"જમ્બૂદ્વીપ"** સહુથી મધ્યમાં સ્થાપિત છે. સ્વયં ૧ લાખ યોજન વિસ્તૃત અને ૨ લાખ યો. વિસ્તૃત લવણ સમુદ્રથી વીંટળાયેલા આ જંબૂદ્વીપના મધ્યમાં મેરુ-સુમેરુ પર્વત છે.

આ સુમેરુ પર્વતની ઊંચાઈ ૮૪,૦૦૦ યોજન છે. એ ઉપરના ભાગે (શિરોભાગે) ૩૨,૦૦૦ યોજન તેમજ મૂળમાં ૧૬,૦૦૦ યોજનની પહોળાઈ (વિસ્તાર) વાળો છે આ સુમેરુનાં ૪ શિખર છે. પૂર્વમાં રજતમય, પશ્ચિમમાં સ્ફટિકમય, દક્ષિણમાં વૈડુર્યમણિમય તેમજ ઉત્તરમાં હેમમણિમય છે. સુમેરુની ઉત્તરદિશામાં ૩ પર્વતો છે નીલ, શ્વેત તેમજ શ્રૃંગવાન્. આ ત્રણે પર્વતોનો વિસ્તાર ૨,૦૦૦-૨,૦૦૦ યોજન છે. વૈડુર્યમણિની કાન્તિવાળા નીલપર્વત પર બ્રહ્મર્ષિ, રજતાભામય શ્વેતપર્વત પર દેવાસુર તેમજ હેમરત્નાદિમય શ્રૃંગવાન્ પર્વત પર સપત્નીક દેવગણ રહે છે.

આ ત્રણે પર્વતોના વચમાં ૧-૧ વર્ષ (ક્ષેત્ર) છે. જે ક્રમશઃ રમણક, હિરણ્યક તેમજ ઉત્તરકુરુના નામથી વિખ્યાત છે. પ્રત્યેક વર્ષ ૯,૦૦૦-૯,૦૦૦ હજાર યોજનના પહોળાઈવાળા છે. ઉત્તરકુરુમાં એવાં દિવ્યવૃક્ષો છે કે જે સમસ્ત કામનાઓને (ઇચ્છાઓને) પૂર્ણ કરે છે. હેમ તથા સુવર્ણકણની ભૂમિવાળા આ વર્ષમાં ૧૩,૦૦૦ વર્ષના આયુવાળા દેવગણો નિવાસ કરે છે. હિરણ્યક વર્ષના દેવતાઓનું આયુષ્ય ૧૧,૦૦૦ વર્ષનું હોય છે વળી માયા અને મતિ એમના આધીન જ હોય છે અને જે પોતાની સ્ત્રી સહિત વિહાર કરે છે.

રમણક વર્ષમાં મનુષ્યોનો નિવાસ હોય છે પુણ્યકર્મોના કારણે અહીંના નિવાસી ૧૦,૦૦૦ વર્ષ પર્યન્ત પ્રાણ ધારણ કરતા થકી સુખેથી રહે છે અને આ મનુષ્યોની ભોગભૂમિ હોય છે.

સુમેરુના દક્ષિણ ભાગમાં નિષધ-હેમકૂટ તથા હિમશૈલ નામના ૩ પર્વતો આવેલા છે અહીં સાપ, નાગ, ગન્ધર્વાદિ દિવ્ય યોનિયોનો નિવાસ છે. હેમકૂટ પર્વત પર ગુહ્ય જગતના લોકો રહે છે. આ પર્વતો પણ ૨,૦૦૦-૨,૦૦૦ યોજનની પહોળાઈવાળા છે આ પર્વતોના મધ્યભાગમાં ૧-૧ વર્ષ (ક્ષેત્ર) છે જેમનાં નામો ક્રમશઃ હરિવર્ષ, કિંપુરુષ અને ભારત વર્ષ છે. તે પ્રત્યેકનો વિસ્તાર ૯,૦૦૦-૯,૦૦૦ યોજન પ્રમાણ છે. હરિવર્ષમાં બ્રહ્માંડના અનુયાયી દૈત્ય, દાનવ, નૃસિંહાદિ નિવાસ કરે છે. કિંપુરુષ વર્ષ (ક્ષેત્ર)માં કિંપુરુષ, ગાન્ધર્વાદિ સાથે હનુમાન વગેરે રહે છે.... જે અઢાર પુરાણ, ઈતિહાસાદિના દ્વારા શ્રી રામના ગુણગાન કરે છે.

ભારત વર્ષમાં નિવાસ કરવાવાળા મનુષ્ય પોતપોતાના શુભાશુભ કર્માનુસારે સ્વર્ગ-નર્ક, અથવા મોક્ષના અધિકારી થાય છે અન્ય ખંડોની ભ્રાંતિ અહીં કેવળ ભોગભૂમિ જ નથી પરંતુ કર્મભૂમિ પણ છે. અહીં વહેતી ગંગાદિ નદીઓમાં સ્નાન કરી પુણ્યાત્માઓ પાપ કાલુષ્યને દૂર કરતાં પોતાને કૃતકૃત્ય માને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આ આત્માઓ વિન્ધ્યાદિ પર્વતોનાં શિખરો પર ચઢી ભગવત્ ભક્તિમાં નિમગ્ન રહે છે જ્યારે બીજી બાજુ નારકીય દુરાત્માઓ કામ ક્રોધાદિથી પોતાના આત્માને મલિન કરતા વ્યાભિચાર પ્રિય થાય છે કે જેથી તેઓ ક્યારેય પણ મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી.

સુમેરુ પર્વતની પૂર્વદિશામાં ૨,૦૦૦ યોજન વિસ્તારવાળો માલ્યવાન્ પર્વત છે. એની આગળ સમુદ્ર પર્યન્ત વિસ્તારવાળો ભદ્રાશ્વ વર્ષ છે. જે ૩૧,૦૦૦ યોજન વિસ્તૃત છે, અહીં શક્તિ અને તેજ સંપન્ન ૧૦,૦૦૦ વર્ષના આયુવાળા મનુષ્યો નિવાસ કરે છે. આ મનુજોની સિદ્ધચારણો સેવા-શુશ્રૂષા કરે છે અને આ લોકો વનવિહાર પ્રિય હોય છે. સુમેરુના પશ્ચિમ ભાગમાં ૨,૦૦૦ યોજન પહોળાઈવાળો ગન્ધમાદન પર્વત છે. આના પર અનેક સેવકો સહિત કુબેરનું નિવાસસ્થાન છે. જે અનેક સુંદર લલનાઓની સાથે આમોદ-પ્રમોદમાં નિમગ્ન રહે છે. અહીં ૩૧,૦૦૦ યોજન વિસ્તૃત હેતુમાલ નામનો દેશ છે. વળી આ દેશ ભય અને શોકથી રહિત ૧૦,૦૦૦ વર્ષના આયુવાળા મનુજોથી વ્યાપ્ત છે. સુમેરુની ચારે બાજુ ૧૮,૦૦૦ યોજન વિસ્તારવાળો ઈલાવૃત્ત વર્ષ છે. આ પ્રકારે જંબૂદ્વીપમાં કુલ ૯ વર્ષ (ક્ષેત્ર) અને ૯ પર્વત છે. એમ સંપૂર્ણ જંબૂદ્વીપ પૂર્વથી પશ્ચિમની બાજૂ કે ઉત્તરથી દક્ષિણની બાજૂ ૧ લાખ યો. ના વિસ્તારવાળો છે.

(૫-૨) અન્ય દ્વીપ અને તેની વિશેષતાઓ

☞ વૈદિકાદિ શાસ્ત્રોમાં **"सप्तद्वीपा वसुन्धरा"** કહેવામાં આવ્યું છે તદનુસારે પ્રથમ દ્વીપ જંબૂદ્વીપ છે તેમજ શેષ અન્ય (૨) પ્લક્ષ, (૩) શાલ્મલ, (૪) કુશ, (૫) ક્રૌંચ, (૬) શાક અને (૭) પુષ્કરદ્વીપ બતાવવામાં આવ્યા છે. આ દ્વીપોનો પરિચય ચાલો પાતાંજલ શાસ્ત્રાનુસારે જોઈ લઈએ.

☞ **(૨) પ્લક્ષદ્વીપ :** જંબૂદ્વીપથી બમણા માપ (૨ લાખ યોજન) વાળો આ દ્વીપ છે. જે ૪ લાખ યોજનવાળા ઈક્ષુરસ-સમુદ્રથી વીંટળાયેલો છે. આ પ્લક્ષદ્વીપમાં અનુક્રમે - (૧) શિવ, (૨) વયસ્, (૩) સુભદ્ર, (૪) શાંત, (૫) ક્ષેમ, (૬) અમૃત તેમજ (૭) અભય નામનાં ૭ વર્ષો (ક્ષેત્રો) આવેલાં છે. તેમજ આ ૭ વર્ષોમાં (૧) મણિકુટ, (૨) વજ્રકુટ, (૩) ઇન્દ્રસેન, (૪) જ્યોતિષ્માન, (૫) સુપર્ણ, (૬) હિરણ્યષ્ઠીવ અને (૭) મેઘમાલ નામના ૭ પર્વતો છે. અહીંયાં - (૧) અરૂણા, (૨) તૃષ્ણા, (૩) અંગિરસી, (૪) સાવિત્રી, (૫) સુપ્રભાતા, (૬) ઋતમ્ભરા અને (૭) સત્યમ્ભરા નામની ૭ નદીઓ વહે છે. આ નદીઓના જલના સ્પર્શ માત્રથી મનુષ્યોનાં પાપ દૂર થઈ જાય છે. અહીંના નિવાસીઓ સૂર્યોપાસક હોય છે. જે ૧,૦૦૦ વર્ષના આયુવાળા હોય છે.

☞ **(૩) શાલ્મલ દ્વીપ :** આ દ્વીપ પ્લક્ષદ્વીપથી બે ગુણો પહોળાઈવાળો છે. તેમજ પોતાનાથી બમણા વિસ્તારવાળા સુરા નામના સમુદ્રથી વીંટળાયેલો છે. આ દ્વીપમાં પણ ઉપરોક્ત પ્રમાણે જ ૭ વર્ષ, ૭ પર્વત અને ૭ નદીઓ છે. ૭ વર્ષના નામ (૧) સુરોચન, (૨) સૌમનસ્ય, (૩) રમણક, (૪) દેવ, (૫) પારિભદ્ર, (૬) આપ્યાયન અને (૭) અવિજ્ઞાત...૭ પર્વતોના નામ (૧) સ્વરસ, (૨) શતશૃંગ, (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વામદેવ, (૪) કુન્દ, (૫) કુમુદ, (૬) પુષ્પવર્ષ અને (૭) સહસ્ત્રસ્તુતિ...૭ નદીઓના નામ (૧) અનુમતિ, (૨) સિનીવાળી, (૩) સરસ્વતિ, (૪) કુરુ, (૫) રજની, (૬) નન્દા તથા (૭) રાકા. આ વર્ષના રહેવાસીઓ સોમોપાસક હોય છે.

☞ **(૪) કુશદ્વીપ :** શાલ્મલદ્વીપથી દ્વિગુણ વિસ્તારવાળો આ દ્વીપ ૮ લાખ યોજન વિસ્તૃત છે અને ૧૬ લાખ યોજનવાળા ઘૃતસમુદ્રથી ચારે બાજુ વીંટવાયેલો છે. પૂર્વની જેમ જ અહીં પણ (૧) વસુ, (૨) વસુદાન, (૩) દૃઢરુચિ, (૪) નાભિગુપ્ત, (૫) સત્યકૃત, (૬) વિવિકૃત અને (૭) નાભદેવ નામવાળા ૭ વર્ષ છે. તેમજ (૧) ચક્ર, (૨) ચતુઃ શ્રૃંગ, (૩) કપિલ, (૪) ચિત્રકુટ, (૫) દેવનીક, (૬) ઊર્ધ્વરોમ અને (૭) દ્રવિણ નામે ૭ પર્વતો છે. વળી (૧) ઘૃતકુલ્યા, (૨) રસકુલ્યા, (૩) મધુકુલ્યા, (૪) મિત્રવિન્દા, (૫) દેવગર્ભા, (૬) ઘૃતચ્યુતા અને (૭) મન્ત્રમાલા નામે ૭ નદીઓ છે. તેમજ અહીંના નિવાસીઓ અગ્નિની ઉપાસના કરે છે.

☞ **(૫) ક્રૌંચદ્વીપ :** કુશદ્વીપથી ડબલ વિસ્તારવાળો આ દ્વીપ પોતાનાથી ડબલ વિસ્તારવાળા ક્ષીરોદધિથી વીંટળાયેલો છે. (૧) આભ, (૨) મધુરૂહ, (૩) મેષપૃષ્ઠ, (૪) સુધામા, (૫) ભ્રાજિષ્ઠ, (૬) લોહિતાપર્ણ અને (૭) વનસ્પતિ નામથી અહીંનાં ૭ વર્ષ વિખ્યાત છે. તેમજ (૧) શુક્ર, (૨) વર્ધમાન, (૩) ભોજન, (૪) ઉપબર્હણ, (૫) નન્દ, (૬) નન્દન અને (૭) સર્વતોભદ્ર નામના ૭ પર્વતોની અહીં સ્થિતિ છે. વળી (૧) અભયા, (૨) અમૃતૌઘા, (૩) અર્વકા, (૪) તીર્થવતી, (૫) રુપવતી, (૬) પવિત્રવતી અને (૭) શુક્લા નામની ૭ નદીઓ આ દ્વીપમાં વહે છે. આ દ્વીપના રહેવાસીઓ વરુણની ઉપાસના કરે છે.

☞ **(૬)શાકદ્વીપ :** દધિસમુદ્રથી પરિવેષ્ટિત આ દ્વીપ ક્રૌંચદ્વીપથી બમણી પહોળાઈવાળો છે. આમાં પણ (૧) પુરોજવ, (૨) મનોજવ, (૩) પવમાન, (૪) ધૂમ્રાનીક, (૫) ચિત્રરેક, (૬) બહુરૂપ અને (૭) વિશ્વધારા નામથી ૭ વર્ષ પ્રખ્યાત છે. (૧) ઈશાન, (૨) ઉરુશ્રૃંગ, (૩) બળભદ્ર, (૪) શતકેસર (૫) સહસ્રસ્રોત, (૬) દેવપાલ અને (૭) મહાનસ નામના ૭ પર્વતોથી તે વિભૂષિત છે. વળી (૧) અનઘા, (૨) આયુર્દા, (૩) ઉભયસ્પૃષ્ટિ, (૪) અપરાજિતા, (૫) પઞ્ચનદી, (૬) સહસ્ત્રસ્તુતિ અને (૭) નિજધૃતિ નામની ૭ નદીઓ અહીં નિત્ય પ્રવાહિત છે અને અહીંનાં પ્રાણીઓ સમાધિ લગાવીને પ્રાણની ઉપાસનામાં જ જીવન પસાર કરે છે.

☞ **(૭) પુષ્કરદ્વીપ :** સ્વાદૂદક સમૂદ્રથી વલયાકારિત આ દ્વીપ શાકદ્વીપથી દ્વિગુણ વિસ્તારિત છે. અહીં માનુષોત્તર નામવાળો ૧ માત્ર પર્વત છે કે જે ૧ અયુત યોજનની ઊંચાઈવાળો છે. આની ચારે બાજુ ઈન્દ્રાદિ લોકપાલોના ૪ પુર (નગર) છે. સ્વાદૂદક સમુદ્રની આગળની ભૂમિ એક બાજુથી ૧ ક્રોડ, ૫૭ લાખ, ૫૦,૦૦૦ આયામવાળી છે. આ ભૂમિ લોકભૂમિ કહેવાય છે. આની આગળ લોકાલોક પર્વત છે અને આગળ કંચનમયી અલૌકિક દેવતાઓની ક્રિડાભૂમિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫-૩). અન્ય લોક અને તેનું સ્વરૂપ

☞ ભૂલોકનો પરિચય પૂર્વોક્ત બતાવ્યા મુજબ જાણવો. એનાથી અતિરિક્ત અન્ય ૬ લોક પણ વિદ્યમાન છે જેનાં નામ - સ્વરૂપાદિ નીચે પ્રમાણે જાણવાં...

☞ (૧) **ભુવર્લોક :** ભૂલોકની ઊપર આ લોક સ્થિત છે આનું જ બીજું નામ **"અન્તરિક્ષ"** તરીકે ઓળખાય છે. અહીં ગ્રહ, નક્ષત્ર અને તારાગણ જ્યોતિષચક્રમાં નિબદ્ધ થઈ સંચરણ કરી રહ્યા છે.

☞ (૨) **સ્વર્લોક :** અન્તરીક્ષની ઊપર સ્થિત આ લોકને **"માહેન્દ્રલોક"** પણ કહેવાય છે અહીં (૧) ત્રિદશ, (૨) અગ્નિષ્વાત્ત, (૩) યામ્ય, (૪) તુષિત, (૫) અપરિનિર્મિત વશવર્તી અને (૬) પરિનિર્મિત વશવર્તી એવી ૬ દેવજાતિઓ છે. આ સમસ્ત દેવો સિદ્ધ સંકલ્પ અને અણિમાદિ ૮ લબ્ધિ (સિદ્ધિઓ)થી સંપન્ન (યુક્ત) હોય છે આ દેવો શરીર ધારણમાં સ્વતંત્ર હોય છે અને ૧ કલ્પ પર્યન્ત જીવિત રહે છે.

☞ (૩) **મહર્લોક :** આનું બીજું નામ **"પ્રાજાપત્ય-લોક"** છે અને આ લોક સ્વર્લોકની ઊપર હોય છે આ (૧) કુમુદ, (૨) ઋભુ, (૩) પ્રતર્દન, (૪) અજનાભ અને (૫) અમિતાભ નામની સંજ્ઞાવાળા પાંચ દેવજાતિઓની નિવાસભૂમિ છે. આ પાંચે દેવજાતિઓ પંચમહાભૂતોને વશ કરવાવાળા, ધ્યાનપ્રિય તેમજ સહસ્ત્રકલ્પના આયુવાળા હોય છે.

☞ (૪) **જનલોક :** આની સ્થિતિ મહર્લોકની ઊપર જાણવી વળી અહીં ૪ પ્રકારના દેવસમૂહો રહે છે. (૧) બ્રહ્મપુરોહિત, (૨) બ્રહ્મકાયિક, (૩) બ્રહ્મમહાકાયિક અને (૪) અમર આ દેવો ભૂતેન્દ્રિયવશી હોય છે. બ્રહ્મપુરોહિત-૨,૦૦૦ બ્રહ્મકાયિક-૪,૦૦૦ બ્રહ્મમહાકાયિક-૮,૦૦૦ અને અમર સંજ્ઞક દેવો ૧૬,૦૦૦ કલ્પની આયુષ્યવાળા હોય છે.

☞ (૫) **તપોલોક :** જનલોકની ઉપર આ તપોલોક આવે છે અહીં અહંકારને વશમાં રાખવાવાળા એવા (૧) આભાસ્વર, (૨) મહાભાસ્વર તેમજ (૩) સત્ય મહાભાસ્વર નામે ૩ પ્રકારે દેવ-જાતિઓ રહે છે. જે જનલોકના દેવતાઓની અપેક્ષાએ દ્વિગુણ-દ્વિગુણ આયુષ્યવાળા હોય છે અને આ બધા જ દેવો ઊર્ધ્વરેતસવાળા હોય છે.

☞ (૬) **સત્યલોક :** બધા જ લોકથી ઊપર આ સત્યલોક આવે છે આ યોગીઓની નિવાસભૂમિ છે આ સત્યલોકના યોગીઓ ૪ પ્રકારે પ્રાપ્ત થાય છે. (૧) અચ્યુત, (૨) શુદ્ધ નિવાસ, (૩) સત્યાભ અને (૪) સંજ્ઞાસંજ્ઞી... આ ચારે પ્રકારના યોગીઓ અનુક્રમે સવિતર્ક, સવિચાર, સાનન્દ અને સાસ્મિત સમાધિથી સિદ્ધ હોય છે. પ્રણવોપાસક આ યોગીઓનું આયુષ્ય સર્ગ પર્યન્ત હોય છે...

(૫-૪). ભૂલોકના અધોવર્તી લોક

☞ (૧) **અતલલોક :** ભૂલોકની નીચે આ લોક આવેલું છે અને અહીં મયપુત્રાદિ અસુર નિવાસ કરે છે.

☞ (૨) **વિતલલોક :** આ પૂર્વવર્તી લોકની નીચે આવેલ છે અહીં ભગવાન્ શિવ પાર્વતીજીની સાથે વિહાર કરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કેમ કે શિવજીને હાટકી નદીના અધિપતિ માનવામાં આવ્યા છે અને તે હાટકી નદી આ જ વિતલલોકમાં પ્રવાહિત થાય છે. અહીં ભૂત, પ્રેત, પિશાચ, અવસ્મા૨, બ્રહ્મરાક્ષસ, કુષ્માણ્ડ, વિનાયકાદિ નિવાસ કરે છે.

☞ (૩) **સુતલલોક :** આ સુતલલોક વિતલલોકની નીચે આવેલું છે. અહીં ભગવાનની કૃપાથી અનુગૃહિત, આત્મ-સમર્પણના અભિલાષી, પ્રભુના પ્રખર ભક્ત પોતાની ભક્ત મણ્ડલી સાથે નિવાસ કરે છે.

☞ (૪) **તલાતલલોક :** સુતલલોકની નીચે આ લોક (તલાતલ નામે) આવેલું છે અહીં માયાવી મય અને એમના અનુચરો રહે છે.

☞ (૫) **મહાતલલોક :** આ લોક તલાતલની નીચે વિદ્યમાન છે તેમજ અહીં તક્ષકાદિ સર્પગણોની સ્થિતિ છે.

☞ (૬) **રસાતલલોક :** આ લોકની સ્થિતિ મહાતલની નીચે જાણવી અહીં દૈત્ય, દાનવ, નિવાત, કવચ વગેરે રહે છે.

☞ (૭) **પાતાલલોક :** બધા જ લોકથી નીચે (સહુથી નીચે-છેલ્લે) આ પાતાલલોક જાણવું અહીં વાસુકી આદિ સર્પાધિરાજ સપરિવાર નિવાસ કરે છે.

("तत्त्वज्ञान स्मारिका" ગ્રંથમાંથી સાભાર)

"અરિહંતના ધ્યાને અરિહંત બની જશો..."

પરમાત્મા બનવા માટે સૌ પ્રથમ કોઈ પણ વસ્તુની જરુર હોય તો તે છે પ્રભુ સાથે પ્રીત. જેમ સુલસા શ્રાવિકા, શ્રેણિક મહારાજાએ પ્રભુવીર પ્રત્યેના અવિહડ રાગથી જિન નામનું બંધ કર્યું તેમ આપણે પણ જો પરમાત્મા સુધી પહોંચવું જ હશે તો પ્રભુ પ્રત્યે અતિશય પ્રીત વધારવી જ પડશે. પ્રભુ પ્રત્યેની પ્રીતને વધારતી તેમજ હૃદયમાં પ્રભુમિલનના ભાવોને જગાડી તે ઉછળતા ભાવોને પરમાત્મા સુધી પહોંચાડવા સેતુ સમાન અત્યંત હૃદયસ્પર્શી નવનિર્મિત ભક્તિગીત-સ્તુતિઓ વિવિધ વંદનાવલી અને ધુન વગેરેથી ભરપૂર અને ઘર-ઘરમાં અવશ્ય વસાવવા જેવી અદ્‌ભુત પુસ્તિકા એટલે **संवेदना**




કિંમતઃ- માત્ર ૨૦ રૂપિયા

રચયિતાઃ- મુનિ હીરરત્ન વિજય

પ્રાપ્તિસ્થાનઃ- કોહિનુર ફેશન હાઉસ, હાજા પટેલ પોળની સામે, ટંકશાળ, કાલુપુર, અમદાવાદ-૧.
ફોનઃ- ૦૭૯-૨૨૧૭૦૪૧૦, **મો.:-** ૦૯૯૯૮૪૪૬૦૬ - મહેન્દ્રભાઈ
અને જૈન કોસ્મોલોજી ગ્રંથના **મુંબઈના** પ્રાપ્તિસ્થાને પણ મળશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫-૫). પાતંજલ યોગશાસ્ત્રાનુસારે ભૂલોકનું સ્વરૂપ



સર્વજ્ઞ કથિત જૈન ભૂગોળ મુજબ તિચ્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રોનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે વૈદિકાદિ ધર્મનાં શાસ્ત્રોમાં માત્ર સાત જ દ્વીપની વાતો કરવામાં આવે છે. આ વિસંવાદના કારણો પણ ઐતિહાસિક છે. જૈન ધર્મના અંતિમ તીર્થંકર (ચરમ તીર્થપતિ) શ્રી મહાવીરસ્વામી ભગવાનના કાળમાં શિવનામનાં રાજર્ષિ થઇ ગયા. આ રાજર્ષિએ જંગલમાં જઇને ઉગ્ર તપશ્ચર્યા કરી એટલે તેમને મર્યાદિત એવું વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. આ જ્ઞાનના પ્રકાશમાં તેઓ જંબૂદ્વીપ અને તેની ફરતે આવેલા સાત દ્વીપ-સમુદ્રો જ જોઈ શક્યા હતા. આ મર્યાદિત જ્ઞાનનાં આધારે તેમને એવી પ્રરૂપણા કરી કે વિશ્વમાં સાત જ દ્વીપ- સમુદ્રો આવેલા છે અને આ વાત પ્રજામાં બહુ જ મોટા પાયે ફેલાઈ ગઈ. શ્રી મહાવીરસ્વામી ભગવાન તો સર્વજ્ઞ હતા અને તેઓ પોતાના જ્ઞાનમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો જોઈ રહ્યા હતા.

આ બાજુ સર્વજ્ઞ અરિહંત પ્રભુ શ્રી મહાવીર સ્વામીએ અસંખ્ય દ્વીપ-સમુદ્રોની પ્રરૂપણા કરી અને તે વાત કર્ણોપકર્ણ થતાં શિવરાજર્ષિના પણ જાણમાં આવી. હવે સાચી હકિકત શું છે તે નક્કી કરવા તેઓ ભગવાન મહાવીરસ્વામી પાસે આવી પ્રશ્નો કરવા લાગ્યા. ભગવાને તેમની તમામ શંકાઓનું સમાધાન કર્યું એટલે તેમને પરમાત્મા પ્રત્યે અહોભાવ-ભક્તિભાવ પેદા થયો અને એ અહોભાવના પરિણામે પરંપરાએ તેમને અવધિજ્ઞાન-યાવત્ કેવળજ્ઞાન પણ થયું. અને કેવળજ્ઞાનના પ્રકાશમાં તેમને પણ અસંખ્ય દ્વીપ-સમુદ્રો દેખાયા... તેમ છતાં શિવરાજર્ષિએ જ કરેલી ૭ દ્વીપ-સમુદ્રની પ્રરૂપણા... તે આજ લગે સુધી ચાલી આવે છે...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. શ્રીમદ્ ભાગવત પુરાણના આધારે...જંબૂદ્વીપ

લે. રતિલાલ છોટાલાલ પુરોહિત (ઊંઝાવાળા)

શ્રીમદ્ ભાગવત્ પુરાણના આધારે પાંચમા સ્કંધના ૧૬મા અધ્યાયમાં ભૂમંડળનું વિસ્તારપૂર્વક વર્ણન નીચે મુજબ છે.

તે પ્રથમ જંબૂદ્વીપ ભૂમંડળ રૂપી કમળના સાત દ્વીપો રૂપી દોડાઓની વચ્ચેના એક દોડા જેવો છે તેનો વિસ્તાર ૧ લાખ યોજનનો છે અને કમળના પાંદડાની પેઠે તે સમગોળ છે. તે જંબૂદ્વીપમાં ૯ ખંડો આવેલ છે. તે પ્રત્યેક ૯,૦૦૦-૯,૦૦૦ યોજનના વિસ્તારવાળા અને ૮ મર્યાદારૂપી પર્વતોથી સારી રીતે વિભાગ પામેલા છે. સંસ્કૃત ભાષામાં ખંડને જ "વર્ષ" કે "ક્ષેત્ર" કહે છે. આ ૯ ખંડોની વચ્ચે ઈલાવૃત નામનો મધ્યખંડ છે તેની વચ્ચે કુલગિરિરાજ "મેરુપર્વત" રહેલો છે. એ આખોય સોનાનો જંબૂદ્વીપ જેવડો જ ૧ લાખ યોજન ઊંચો અને પૃથ્વીરૂપી કમળની કળી હોય તેવો જણાય છે. એનો ઊપરનો વિસ્તાર ૩૨,૦૦૦ યોજન, મૂળમાં તેનો વિસ્તાર ૧૬,૦૦૦ યોજન અને તેટલો જ ૧૬,૦૦૦ યોજન તે ભૂમિની અંદર પેઠેલો છે.

ઈલાવૃત્ત ખંડનો ઉત્તરે ને ઉત્તરે અનુક્રમે નીલ, શ્વેત અને શ્રૃંગવાન્ નામના ૩ પર્વતો છે. તેઓ ત્રણે રમ્યક, હિરણ્મય તથા કુરુખંડની સીમા સૂચવનાર છે. તેઓ પૂર્વદિશા તરફ લંબાઈવાળા અને બન્ને છેડેથી છેક ખારા સમુદ્ર સુધી પહોંચેલા છે. ૧-૧ પર્વતોનો વિસ્તાર ૨,૦૦૦ યોજનનો છે અને તેઓમાં પ્રથમ-પ્રથમ પર્વત કરતાં બીજો બીજો લંબાઈમાં જ દશાંશથી કાંઈક અંશે ઓછો છે. (ઊંચાઈ કે વિસ્તારમાં નહીં...) એ જ રીતે ઈલાવૃત્તથી દક્ષિણમાં નિષધ, હેમકૂટ તથા હિમાલય નામે ત્રણ પર્વતો આવેલા છે. તેઓ પણ પૂર્વ દિશા તરફ લાંબા ગયેલા છે અને પૂર્વોક્ત નીલ વગેરે પર્વતોની પેઠે જ દરેક ૧૦,૦૦૦ યોજન ઊંચા છે અને અનુક્રમે હરિવર્ષ, કિમ્પુરુષ અને ભારત વર્ષનો સીમાડો સૂચવનાર છે. આ ત્રણ પર્વતો પણ પૂર્વે કહેલા ત્રણ પર્વતોની પેઠે બન્ને બાજુ છેડેથી ખારા સમુદ્ર સુધી પહોંચેલા છે. તેમજ ૨,૦૦૦ યોજનના વિસ્તારવાળા છે તે જ પ્રમાણે ઈલાવૃત્તની પશ્ચિમે તથા પૂર્વે માલ્યવાન્ તથા ગંધમાદન નામના ૨ પર્વતો આવેલા છે. તેઓ બન્ને ઉત્તરથી નીલ પર્વત સુધી અને દક્ષિણથી નીષધ પર્વત સુધી લાંબા-૨,૦૦૦ યોજન પહોળા અને અનુક્રમે કેતુમાલ અને ભદ્રાશ્વ ક્ષેત્રનો સીમાડો કરે છે.

જંબૂદ્વીપનાં મધ્યબિંદુથી દક્ષિણ-ઉત્તર રેખામાં પ્રથમ મેરુપર્વત ૧૬,૦૦૦ યોજનમાં આવેલો છે. તે પછી ઈલાવૃત્ત ક્ષેત્ર ૧૮,૦૦૦ યોજનમાં વિસ્તરેલું છે. તે પછી ૬ ક્ષેત્રો ૫૪,૦૦૦ યોજનમાં ને ૬ મર્યાદા પર્વતો ૧૨,૦૦૦ યોજનમાં રહ્યા છે. એકંદરે બન્ને દિશાઓમાં ૧ લાખ યોજન મળી રહે છે. તે જ પ્રમાણે પૂર્વ-પશ્ચિમમાં રેખામાં પણ મધ્યભાગમાં પ્રથમ મેરુપર્વત ૧૬,૦૦૦ યોજનમાં, ઈલાવૃત્ત ક્ષેત્ર ૧૮,૦૦૦ યોજનમાં અને પછી ૨ પર્વતો ૪-૪ હજાર યોજનમાં અને ૨ ખંડો ૬૨-૬૨ હજાર યોજનમાં એમ એકંદરે બન્ને દિશાઓમાં ૧-૧ લાખ યોજનનું જંબૂદ્વીપનું પ્રમાણ મળી રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરુપર્વતની ચારે દિશાઓમાં ૧૦-૧૦ હજાર યોજન પહોળા અને ઊંચા મન્દર, મેરુમન્દર, સુપાર્શ્વ અને કુમુદ નામના ૪ આધારરૂપ પર્વતો છે. એ ચારે પર્વતો ઊપર અનુક્રમે આંબાનું, જાંબુનું, કદંબનું અને વડનું એમ ૪ ઉત્તમ વૃક્ષો છે. તે વૃક્ષો એ પર્વતોની જાણે ધજાઓ હોય તેવા ૧૧૦૦-૧૧૦૦ યોજન ઊંચા છે અને તેઓનાં ડાળાઓનો વિસ્તાર પણ ચોતરફ એટલો જ છે. તેમજ ૧૦૦-૧૦૦ યોજનની તેઓની જાડાઈ છે... એ પર્વતો ઊપર ૪ ધરાઓ (સરોવરો) છે. તેઓમાં અનુક્રમે દૂધ-મધ-શેરડીનો રસ અને મધુર પાણી ભરેલું છે. તેને પીતાં યક્ષો સ્વાભાવિક-યોગનાં ઐશ્વર્યને ધારણ કરે છે. વળી એ પર્વતો ઊપર અનુક્રમે નંદન, ચૈત્રરથ, વૈભ્રાજક અને સર્વતોભદ્ર નામના ૪ દેવતાઈ બગીચા છે.

તે પર્વતોમાં મંદર પર્વત ઉપર અગ્યારસો યોજન ઊંચું આંબાનું ઝાડ છે. તેની ટોચ ઊપરથી મંદર પર્વતોના મધ્યપ્રદેશ ઊપર અમૃત જેવી કેરીઓ પડે છે. વળી તે કેરીઓ પર્વતના શિખર જેવડી મોટી હોય છે. એ કેરીઓ ત્યાં પડીને ભાંગી જાય છે. તેથી તેમાંથી નીકળી પડતા અતિ મધુર, સ્વાભાવિક ને સુગંધી પુષ્કળ રાતા રસરૂપી જળથી અરૂણોદા નામની નદી બને છે... અને તે મંદર પર્વતના શિખર ઊપરથી પડી પૂર્વ દિશામાં ઈલાવૃત્ત ક્ષેત્રને ભીંજવે છે... વળી એ નદીનો રસ પીવાથી મહાદેવજીના પત્ની ભવાનીની દાસીઓ (યક્ષ-સ્ત્રીઓ...) ના સુગંધી અવયવોનો સ્પર્શ કરવાથી સુગંધીદાર થયેલો વાયુ ચારે તરફ ૧૦ યોજન સુધીના પ્રદેશોને સુગંધિત કરે છે. એ જ પ્રમાણે મેરુમન્દર પર્વત ઉપરના જાંબુનાં ઝાડ ઉપરથી જાંબુનાં ફળો પડે છે. જે હાથીના શરીર જેવડાં હોવા છતાં ઘણા જ નાનાં ઢળીયાવાળાં હોઈ ઘણે ઊંચેથી પડતાં ફાટી જાય છે. તેથી એના રસમાંથી જંબુ નામની નદી એ મેરુમંદર નામના પર્વતના શિખર ઉપરથી ૧૦,૦૦૦ યોજનની ઊંચાઈથી પૃથ્વી પર પડે છે અને ત્યાંથી દક્ષિણમાં વહી આખા ઈલાવૃત્ત ક્ષેત્રમાં ફેલાઈ જાય છે... એ નદીના બન્ને બાજુ સર્વ કિનારે જે માટી છે, તે એ નદીના રસથી મિશ્ર બનીને વાયુ તથા સૂર્યના સંયોગથી પાકી બની જાંબુનદ નામના સોના રૂપે તૈયાર થઈને દેવલોકનાં નિત્ય અલંકાર રૂપ થાય છે. દેવતાઓ અને તેઓની સ્ત્રીઓ એ સોનાનો જ મુકુટ, કડાં તથા કંદોરા વગેરે અલંકાર રૂપે સદાએ ધારણ કરે છે.

તેમજ સુપાર્શ્વ પર્વત ઉપર મોટું કદંબનું વૃક્ષ રહેલું છે તેની કોરોમાંથી પાંચ વામ પહોળી મધની પાંચ ધારાઓ ઝરીને સુપાર્શ્વ પર્વતના શિખર ઊપરથી પડી પશ્ચિમ તરફ ઈલાવૃત્ત ક્ષેત્રમાં વહે છે જેઓનો ઉપયોગ કરતાં પ્રાણીઓના મુખમાંથી નીકળેલો વાયુ ચારે બાજુ ૧૦૦ યોજનના પ્રદેશને સુગંધીવાળો કરી દે છે. તે જ પ્રમાણે કુમુદ પર્વત ઊપર શતવલ્વ નામનું ઝાડ છે તેનાં થડમાંથી દૂધ - દહીં - ઘી - ગોળ તથા અન્ન વગેરેની અને વસ્ત્ર-શય્યા-આસન તથા અલંકાર વગેરેની સર્વ કામનાઓ પૂરનાર મોટી નદીઓ વહે છે જે બધી કુમુદ પર્વતના શિખર ઊપરથી પડી તેની ઉત્તરે ઈલાવૃત્ત ક્ષેત્રમાં વહે છે. એ નદીનાં પાણીને સેવતી પ્રજાઓને કદી વળિયાં, થાક, પરસેવો, દુર્ગંધ, ઘડપણ, રોગ, મૃત્યુ, ટાઢ, ફિકાશ તથા બીજા ઉપદ્રવો વગેરે કોઈપણ જાતના સંતાપ થતા નથી અને જ્યાં સુધી જીવ જીવે છે ત્યાં સુધી તેને નિરતિશય સુખ જ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ કમળની કળીની આસપાસ કેસરો હોય છે તેમ મેરુ પર્વતના મૂળ પ્રદેશમાં ચારે બાજુ (૧) કુરંગ, (૨) કુટર, (૩) કુસંભ, (૪) વૈકંક, (૫) ત્રિકુટ, (૬) શિશિર, (૭) પતંગ, (૮) રુચક, (૯) નિષધ, (૧૦) શિનીવાસ, (૧૧) કપિલ, (૧૨) શંખ, (૧૩) વૈદુર્ય, (૧૪) જારુધી, (૧૫) હંસ, (૧૬) ઋષભ, (૧૭) નાગ, (૧૮) કાલંજર અને (૧૯) નારદ વગેરે પર્વતો છે. તેમજ મેરુની પૂર્વે જઠર અને દેવકૂટ નામના ૨ પર્વતો છે. જે ૧૮,૦૦૦ યોજન ઉત્તર તરફ લાંબા હોઈ ૨,૦૦૦ યોજન ઊંચા અને પહોળા છે. એ જ પ્રમાણે મેરુની પશ્ચિમે પવન અને પારિયાત્ર એમ ૨ પર્વતો છે. દક્ષિણે કૈલાસ અને કરવીર પર્વત છે વળી ઉત્તરમાં ત્રિશૃંગ અને મકર નામે પર્વત છે. આ આઠે પર્વતોથી ચારે બાજુ વીંટાયેલો સુવર્ણગિરિ મેરુ અગ્નિ જેવો શોભે છે તેમજ આ આઠે પર્વતો મેરુથી ચારે દિશામાં મેરુના મૂળ પ્રદેશથી ૧,૦૦૦ યોજન છોડીને રહેલા છે. વિદ્વાનો કહે છે કે મેરુ પર્વતની ઉપર મધ્યપ્રદેશમાં ભગવાન બ્રહ્મદેવની ૧૦,૦૦૦ યોજન વિસ્તારવાળી સમચોરસ સોનાની નગરી છે. એ નગરીની આસપાસ આઠે દિશાઓમાં ૮ લોકપાલોની આઠ નગરી છે જેઓની બ્રહ્મદેવની નગરીના ચોથા ભાગ પ્રમાણે વિસ્તાર છે. મેરુ પર્વત ઉપર બ્રહ્મા ઇંદ્ર વગેરેની અનુક્રમે ૯ નગરી છે તે આ પ્રમાણે - (૧) બ્રહ્માની મનોવતી, (૨) ઇંદ્રની અમરાવતી, (૩) અગ્નિની તેજાવતી, (૪) યમદેવની સંયમતી, (૫) નિઋતની કૃષ્ણાંગના, (૬) વરુણીની શ્રદ્ધાવતી, (૭) વાયુની ગંધવતી, (૮) કુબેરની મહોદયા અને (૯) ઈશાનની યશોવતી... આમાંની પહેલી બ્રહ્માની નગરી સૌની વચ્ચે છે અને ઇંદ્રાદિની નગરી અનુક્રમે પૂર્વદિશામાં માંડી આઠ દિશા તરફ છે.

કેટલાક વિદ્વાનો આ જંબૂદ્વીપના પણ બીજા આઠ ઉપદ્વીપો છે એમ માને છે કે જેઓને સગર રાજાના પુત્રોએ અશ્વમેધ યજ્ઞનો ઘોડો શોધતી વખતે આ પૃથ્વીને ચારે તરફથી ખોદી નાંખી રચ્યા છે જેનાં નામો (૧) સ્વર્ણપ્રસ્થ, (૨) ચંદ્રશુક્લ, (૩) આવર્તન, (૪) રમણક, (૫) મંદરહરિણ, (૬) પાંચજન્ય, (૭) સિંહલ અને (૮) લંકા .... છે. અસ્તુ.

પૂર્વે બતાવેલ બૌદ્ધ મતાનુસારે વિશ્વવર્ણન, વૈદિક ધર્માનુસારે લોકવર્ણન, અગ્નિપુરાણાધારે બ્રહ્માંડવર્ણન, પાતાંજલ યોગશાસ્ત્રાનુસારે લોકનું સ્વરુપ તેમજ શ્રીમદ્ ભાગવત પુરાણના આધારે... જંબૂદ્વીપ... વગેરે લેખોને આ" સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા" નામક ગ્રંથમાં સ્થાન આપવા પાછળ એક જ આશય છુપાયેલો છે કે... જેવી રીતે જૈનદર્શન પૃથ્વીને સ્થિર તેમજ સૂર્ય-ચંદ્રાદિને ફરતા માને છે, તેવી રીતે જ પૂર્વે બતાવેલા અન્ય દર્શનો પણ આ જ માન્યતા ધરાવે છે, માટે શાસ્ત્રીય રીતે જો જોવા જઈએ તો સર્વ ધર્મની એક જ વાત સિદ્ધ થાય છે કે..." પૃથ્વી સ્થિર છે... અને સૂર્ય-ચંદ્રાદિ ફરે છે..."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. વૈજ્ઞાનિકોના મતાનુસારે આધુનિક વિશ્વ

લે. હીરાલાલ "સિદ્ધાંતશાસ્ત્રી" ન્યાયતીર્થ...

(૭-૧). ભૂમંડલ

☞ જે પૃથ્વી પર આપણે નિવાસ કરીએ છીએ તે માટી પથ્થરનો એક નારંગી સમાન ગોળો છે. એનો વ્યાસ લગભગ આઠ હજાર માઈલ $\frac{७९२१.६}{७८९९.९}$-२६.७ અને પરિધિ લગભગ પચ્ચીસ હજાર માઈલ $\frac{२४,९०२}{२४,८९०}$ - ४२ છે.

વૈજ્ઞાનિકોના મતાનુસારે આજથી ખરબો વર્ષ પૂર્વ કોઈ સમયે એ જ્વાલામયી અગ્નિનો ગોળો હતો. એ અગ્નિ ધીરે-ધીરે ઠંડો પડતો ગયો અને હવે પૃથ્વીનું ધરાતળ સર્વત્ર શીતલ થઈ ગયું છે. તો પણ એના ગર્ભમાં તીવ્રતાથી બળી રહ્યો છે, જેના કારણે પૃથ્વીનું ધરાતલ પણ કેટલીક ઉષ્ણતાયુક્ત રહ્યું છે. નીચેની તરફ ખોદકામ કરવાથી ઉત્તરોત્તર અધિક ઉષ્ણતા પ્રાપ્ત થાય છે. કોઈ કોઈ વખતે ભૂગર્ભની એ જ્વાલા ઊગ્ર થઈ ભૂકંપ ઉત્પન્ન કરી દે છે અને કોઈ વખતે જ્વાલામુખીના રૂપમાં ફૂટી નીકળે છે. જેનાથી પર્વત, ભૂમિ, નદી, સમુદ્ર વગેરેના જલ અને સ્થળ ભાગોમાં પરિવર્તન થતું રહે છે. એ અગ્નિના તાપથી પૃથ્વીનું દ્રવ્ય યથાયોગ્ય દબાણ અને શીતલતા પામીને વિવિધ પ્રકારની ધાતુ-ઉપધાતુ તેમજ તરલ પદાર્થોમાં પરિવર્તિત થઈ ગયું છે. જે અમને પથ્થર, કોલસા, લોખંડ, સોનું, ચાંદી વગેરે તથા જલ અને વાયુ મંડલના રૂપમાં દેખાય છે. જળ અને વાયુ જ સૂર્યના તાપથી મેઘ વગેરેનું રૂપ ધારણ કરી લે છે. આ વાયુમંડળ પૃથ્વીના ધરાતલથી ઉત્તરોત્તર વિરલ થતું લગભગ ४०० માઈલ સુધી ફેલાયેલ હોવાનું અનુમાન કરવામાં આવે છે. પૃથ્વીનું ધરાતલ સર્વત્ર સમાન નથી. પૃથ્વીતલનો ઉચ્ચતમ ભાગ હિમાલયનું ગૌરીશંકર શિખર (માઉન્ટ એવરેસ્ટ) માનવામાં આવે છે. જે સમુદ્રના તળિયાથી ઓગણત્રીસ હજાર ફૂટ અર્થાત્ સાડા પાંચ માઈલ ઊંચું છે. સમુદ્રની અધિકતમ ઊંડાઈ ૩૫,४०० ફૂટ અર્થાત્ લગભગ છ માઈલ સુધી માપવામાં આવી છે. આ પ્રકારે પૃથ્વી તળની ઊંચાઈ-નીચાઈમાં સાડા અગિયાર માઈલનું અંતર જોવા મળે છે.

પૃથ્વીનો ઠંડો થઈને જામેલ થર સિત્તર માઈલ માનવામાં આવે છે. એની દ્રવ્ય-રચનાના અધ્યયનથી અનુમાન કરવામાં આવ્યું છે કે એને જામ્યા ને અજબો-ખરબો વર્ષ થઈ ગયાં છે. સજીવ તત્ત્વના ચિહ્ન કેવલ ચોત્રીસ માઈલ ઊપરના થરમાં મળી આવે છે. જેના પરથી અનુમાન કરવામાં આવ્યું છે કે પૃથ્વી પર જીવતત્ત્વ ઉત્પન્ન થયાને બે કરોડ વર્ષથી વધુ સમય થયો નથી. એમાં પણ મનુષ્યનો વિકાસના ચિહ્ન પરથી કેવળ એક કરોડ વર્ષની અંદર થયો હોવાનું અનુમાન કરવામાં આવે છે.

પૃથ્વી તલ ઠંડું થઈ ગયા પછી એના પર આધુનિક જીવ-શાસ્ત્ર અનુસાર જીવનનો વિકાસ આ ક્રમથી થયો... સર્વ પ્રથમ સ્થિર જલની ઉપર જીવ-કોશ પ્રકટ થયા, જે પાષાણાદિ જડ પદાર્થોથી મુખ્યત્વે ત્રણ બાબતમાં ભિન્ન હતા. એક તો તે આહાર ગ્રહણ કરતા હતા અને વધતા હતા. બીજું એક તે અહીં તહીં ચાલી પણ શકતા હતા અને ત્રીજું એ કે તેઓ પોતાના જેવા અન્ય કોશ પણ ઉત્પન્ન કરી શકતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાલ-ક્રમ દ્વારા એમાંથી કેટલાક કોશ ભૂમિમાં જડ જમાવીને સ્થાવરકાય વનસ્પતિ બની ગયા અને કેટલાક જલમાં વિકસિત થતા થતા મત્સ્ય (માછલા) બની ગયા. ક્રમશઃ ધીમે ધીમે એવી વનસ્પતિ અને દેડકાં વગેરે પ્રાણી ઉત્પન્ન થયાં જે જળમાં જ નહિ, પરંતુ સ્થળ-જમીન પર પણ શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરી શકતાં હતા. આજ સ્થળ પ્રાણીઓમાંથી પેટના બલ પર સરકીને-ઘસડીને ચાલનારા કાચબા, સાપ વગેરે પ્રાણી ઉત્પન્ન થયા. એમનો વિકાસ બે દિશાઓમાં થયો-એક પક્ષીના રૂપમાં અને બીજો સ્તનધારી પ્રાણીના રૂપમાં, સ્તનધારી પ્રાણીઓની બે વિશેષતા છે કે તેઓ ઈંડામાંથી ઉત્પન્ન ન થઈને ગર્ભમાંથી ઉત્પન્ન થાય છે અને પક્ષી ઈંડામાંથી ઉત્પન્ન થાય છે.મગરથી આરંભી ઘેટા, બકરી, ગાય, ભેંસ, ઘોડા વગેરે બધા સ્તનધારી જાતિના પ્રાણી છે. એ સ્તનધારી પ્રાણીઓમાં એક વાનર જાતિ ઉત્પન્ન થઈ. કોઈ એક વખત કેટલાક વાનરોએ પોતાના આગળના બે પગ ઊંચા કરીને પાછલા બે પગ પર ચાલવાનું-ફરવાનું શીખી લીધું. બસ, એમાંથી મનુષ્ય જાતિના વિકાસનો પ્રારંભ થયો એમ માનવામાં આવે છે. ઉક્ત જીવકોશથી આરંભી મનુષ્યના વિકાસ સુધી પ્રત્યેક નવી ધારા ઉત્પન્ન થવામાં લાખો કરોડો વર્ષનું અંતર હોવાનું માનવામાં આવે છે. આ વિકાસ ક્રમમાં વખતો વખત તાત્કાલિક પરિસ્થિતિઓ અનુસાર વિવિધ પ્રકારની જીવ-રાશિઓ ઉત્પન્ન થઈ. એમાંથી અનેક જાતિઓ સમયના પરિવર્તન વિપ્લવ અને પોતાની અયોગ્યતાને કારણે વિનષ્ટ થઈ ગઈ. જેનો પતો અમને ભૂગર્ભમાં રહેલા એમના નિઆતકો-અવશેષો દ્વારા (ખોદકામથી) મળી આવે છે.

પૃથ્વી-તલ પર ભૂમિથી જલનો વિસ્તાર લગભગ ત્રણ ગણો છે. (થલ ૨૯% જલ ૭૧%) જલના વિભાગાનુસાર પૃથ્વીના પાંચ પ્રમુખ ખંડ પ્રાપ્ત થાય છે. એશિયા, યુરોપ અને આફ્રિકા મળીને એક, ઉત્તરી-દક્ષિણી અમેરિકા મળીને બીજો, ઓસ્ટ્રેલિયા ત્રીજો, ઉત્તરી ધ્રુવ ચોથો, પાંચમો દક્ષિણ ધ્રુવ આ સિવાય અનેક નાના-મોટા દ્વીપ પણ છે. એ પણ અનુમાન કરવામાં આવે છે કે સુદૂર પૂર્વમાં સંભવતાં એ પ્રમુખ ભૂમિ ભાગ પરસ્પર જોડાયેલો હતો. ઉત્તરી દક્ષિણી અમેરિકાના પૂર્વી સમુદ્ર તટીય રેખા એવી દેખાય છે કે તે યુરોપ-આફ્રિકાની પશ્ચિમી સમુદ્ર-તટીય રેખાની સાથે ઠીક પ્રમાણમાં મળતી આવે છે તથા હિન્દ-મહાસાગરના અનેક દ્વીપ સમુદ્રની શ્રૃંખલા એશિયા ખંડના ઓસ્ટ્રેલિયાની સાથે જોડાતી હોય એમ લાગે છે. વર્તમાનમાં નેહર ખોદીને આફ્રિકાનું એશિયા-યુરોપ ભૂમિ ખંડથી તથા ઉત્તરી અમેરિકાનું દક્ષિણી અમેરિકાથી ભૂમિ સંબંધ તોડી નાંખવામાં આવ્યો છે. આ ભૂમિ-ખંડોનો આકાર, પરિમાણ અને સ્થિતિ પરસ્પર અત્યંત વિષમ છે.

ભારત વર્ષ એશિયા-ખંડનો દક્ષિણી-પૂર્વી ભાગ છે. એ ત્રિકોણાકાર છે. દક્ષિણી કોણ લંકાદ્વીપને પ્રાયઃ સ્પર્શ કરે છે. ત્યાંથી ભારત વર્ષની સીમા ઉત્તરની તરફ પૂર્વ-પશ્ચિમ દિશાઓમાં ફેલાતી જાય છે અને હિમાલય પર્વતની શ્રેણીઓ પર જઈને સમાપ્ત થાય છે. ભારતનો પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણી વિસ્તાર લગભગ બે-બે હજાર માઈલોનો છે. એની ઉત્તરી સીમા પર હિમાલય પર્વત છે. મધ્યમાં વિન્ધ્ય અને સાતપુડાની પર્વતમાલાઓ છે તથા દક્ષિણના પૂર્વી અને પશ્ચિમી સમુદ્ર-તટો પર પૂર્વી-ઘાટ અને પશ્ચિમી-ઘાટ નામવાળી પર્વત-શ્રેણીઓ ફેલાયેલી છે.

ભારત વર્ષની પ્રમુખ નદીઓમાં હિમાલયના પ્રાયઃ મધ્યભાગથી નીકળીને પૂર્વની તરફ સમુદ્રમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડનારી બ્રહ્મપુત્ર અને ગંગા છે. એની સહાયક નદીઓમાં જમના, ચંબળ, વેતવા અને સોન વગેરે છે. હિમાલયથી નીકળી પશ્ચિમ તરફ સમુદ્રમાં પડનારી સિંધુ અને એની સહાયક નદીઓ ઝેલમ, ચિનાવ, રાવી, વ્યાસ અને સતળજ છે. ગંગા અને સિંધુની લંબાઈ લગભગ પંદરસો માઈલની છે. દેશની મધ્યમાં વિન્ધ્ય અને સાતપુડાની વચ્ચે પૂર્વથી પશ્ચિમની તરફ સમુદ્ર સુધી વહેનારી નર્મદા નદી છે. સાતપુડાના દક્ષિણમાં તાપ્તી (તાપી) નદી છે. દક્ષિણ ભારતની પ્રમુખ નદીઓ ગોદાવરી, કૃષ્ણા, કાવેરી પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે.

દેશના ઉત્તરમાં સિંધુથી ગંગાના કછાર (મુખ) સુધી પ્રાયઃ આર્ય જાતિના તથા સાતપુડાથી સુદૂર દક્ષિણમાં દ્રવિડ જાતિના, તેમજ પહાડી પ્રદેશોમાં ગોંડ, ભીલ, કોલ અને કિરાત આદિ આદિવાસી જન-જાતિઓના લોકો રહે છે.

વર્તમાનમાં ઉપલબ્ધ આ આઠ હજાર માઈલ વિસ્તૃત અને પચ્ચીસ હજાર માઈલ પરિધિવાળા ભૂમંડળની ચારેબાજુ અનંત આકાશ છે. જેમા આપણે દિવસે સૂર્ય અને રાત્રિએ ચંદ્રમાં તેમજ તારાઓનું દર્શન થાય છે અને એનાથી પ્રકાશ મળે છે. એમાંથી પૃથ્વીથી બધા કરતા અધિક સમીપ ચંદ્રમા છે, જે આ ભૂમંડળથી લગભગ અઢી લાખ માઈલ દૂર છે. એ પૃથ્વી જેવો જ એક ભૂમંડળ છે જે પૃથ્વીથી ઘણો નાનો છે અને એની ચારે તરફ ઘૂમ્યા કરે છે. જેથી અમારા ત્યાં શુક્લ અને કૃષ્ણ પક્ષ થાય છે. ચંદ્રમા સ્વયં પ્રકાશિત નથી. પરંતુ તે સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે. એટલે પોતાના પરિભ્રમણ અનુસાર ઘટતો-વધતો દેખાય છે. અનુસંધાનથી જ્ઞાત થયું છે કે ચંદ્રમા બિલકુલ ઠંડો થઈ ગયો છે અને પૃથ્વીના ગર્ભની જેમ એમાં અગ્નિ નથી. એની આસ-પાસ વાયુમંડળ પણ નથી અને ન એના ધરાતલ પર જળ છે. એ કારણોથી ત્યાં શ્વાસોચ્છવાસ-પ્રધાન પ્રાણી અને વનસ્પતિ ઉપલબ્ધ નથી. ત્યાં પર્વત તથા કન્દરાઓ સિવાય કાંઈ નથી. તેથી અનુમાન કરવામાં આવે છે કે - ચંદ્રમા પૃથ્વીનો એક ભાગ છે, જેને છૂટા પડ્યાને પાંચ-છ કરોડ વર્ષ થઈ ગયાં છે.

(૭-૨). ચંદ્રનું ક્ષેત્રફળ વગેરે...

☞ આજના વૈજ્ઞાનિકોએ ચંદ્રના વિષયમાં જ તથ્ય સંકલિત કર્યું છે એમાંથી કેટલુંક આ પ્રમાણે છે -

• ચંદ્ર વ્યાસ (પૃથ્વીનો ચતુર્થ ભાગ)	૨,૧૬૦ માઈલ કે ૩,૪૫૬ કિલોમીટર
• ચંદ્રની પરિધિ	૧૦, ૮૬૪ કિલોમીટર
• ચંદ્રથી પૃથ્વીનું અંતર	૩,૮૧,૧૭૧ કિલોમીટર
• ચંદ્રનું તાપમાન	૧૧૭ સેન્ટીગ્રેડ, (જ્યારે સૂર્ય માથા ઊપર હોય.)
• ચંદ્રનું રાતમાં તાપમાન	૧૩૭ સેન્ટીગ્રેડ
• ચંદ્ર તળિયામાં ગુરુત્વાકર્ષણ	પૃથ્વી કરતા છઠ્ઠા અંશ જેટલું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વી પર જે વસ્તુનું વજન ૨૭ કિલો હોય છે એનું ચંદ્ર પર ૪.૫ કિલો થાય છે. ચંદ્રનો વિસ્તાર કે બિમ્બ પૃથ્વીના ૧૦૦ મા અંશ જેટલો છે અને એનું આયતન પૃથ્વીના આયતનના પાંચમા ભાગ જેટલું છે. ચંદ્રમાની ગતિ ૩,૬૬૯ કિલોમીટર પ્રત્યેક કલાકે છે. ચંદ્રને પૃથ્વીની એક પરિક્રમા કરવા માટે ૨૭ દિવસ, ૭ કલાક અને ૪૩ મીનીટ લાગે છે કેમ કે તે લગભગ એટલી ગતિથી પોતાની ધૂરી પર ઘૂમે છે. ચંદ્રમાની પાસે ક્રમશઃ શુક, બુધ, મંગળ, બૃહસ્પતિ અને શનિ આદિ ગ્રહ છે. એ બધા પૃથ્વીની જેમ જ ભૂમંડળવાળા છે અને સૂર્યની પરિક્રમા કર્યા કરે છે. તથા સૂર્યના પ્રકાશથી જ પ્રકાશિત થાય છે. આ ગ્રહોમાંથી કોઈપણમાં આપણી પૃથ્વીની જેમ જીવોની સંભાવના માનવામાં નથી આવતી કેમ કે ત્યાંની પરિસ્થિતિઓ જીવનના સાધનોથી સર્વથા પ્રતિકૂલ છે.

પૃથ્વીથી લગભગ સાડા નવ કરોડ માઈલના અંતરે સૂર્ય-મંડલ છે, સૂર્ય પૃથ્વીથી લગભગ પંદર લાખ ગણો મોટો છે અર્થાત્ પૃથ્વી જેવા લગભગ પંદર લાખ ભૂમંડલ એના ગર્ભમાં સમાઈ શકે છે. સૂર્યનો વ્યાસ ૮,૬૦,૦૦૦ માઈલ છે. એ મહાકાય સૂર્ય-મંડલ અગ્નિથી પ્રજવલિત છે અને એની જ્વાલા લાખો માઈલ સુધી ઉઠે છે. સૂર્યની જ્વાળાથી કરોડો માઈલ વિસ્તૃત સૌરમંડલ આખામાં પ્રકાશ અને ઉષ્ણતા ફેલાય છે. સૂર્યના ધરાતલ પર ૧૦,૦૦૦ ફેરેનહીટ ગરમી હોય છે. જેમ્સ જીન્સ નામના વૈજ્ઞાનિકનો એવો મત છે કે - આ સૂર્યની વિચ્છિન્નતાથી પૃથ્વી, બુધ, બૃહસ્પતિ વગેરે ગ્રહ અને એના ઉપગ્રહ બન્યા છે. જે બધા હજી સુધી એના આકર્ષણથી નિબદ્ધ થઈને એની આસપાસ ઘૂમ્યા કરે છે. અમારું ભૂમંડળ સૂર્યની પરિક્રમા ૩૬૫ $\frac{1}{4}$ દિવસમાં તથા પ્રતિ ચોથા વર્ષે ૩૬૬ દિવસમાં પૂર્ણ કરે છે અને એના આધાર પર અમારું વર્ષ-માન અવલંબિત છે. આ પરિભ્રમણમાં પૃથ્વી નિરંતર પોતાની ધરી પર ૬૦ હજાર માઈલ પ્રતિ કલાકના હિસાબથી ઘૂમ્યા કરે છે. જેના કારણે આપણા ત્યાં દિવસ અને રાત્રિ થયા કરે છે. પૃથ્વીનો જે ગોલાર્ધ સૂર્યની સંમુખ થાય છે, ત્યાં દિવસ અને બાકીના ગોલાર્ધમાં રાત્રિ થાય છે. વૈજ્ઞાનિકોનો એ પણ મત છે, કે એ પૃથ્વી વગેરે ગ્રહ અને ઉપગ્રહ પુનઃ સૂર્યની તરફ આકૃષ્ટ થઈ રહ્યા છે.

ઉપર જે મહાકાય સૂર્ય-મંડળનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એની બરોબરી કરી શકે એવું કોઈ પણ જ્યોતિમંડળ આકાશમાં દેખાતું નથી. પરંતુ એનાથી એ ન સમજવું જોઈએ કે અતિ લઘુ દેખાવનારા તારાઓ સૂર્યની સમાન એક પણ નથી. વસ્તુતઃ આપણને જે તારાઓનાં દર્શન થાય છે, એમાં સૂર્યથી નાના તેમજ સૂર્યની બરોબરીવાળા તારા તો બહુ થોડા છે. એમાં અધિકાંશ તો સૂર્યથી પણ બહુ વિશાળ છે તથા એનાથી સેંકડો, હજારો, લાખો ગણા મોટા છે. પરંતુ એનું નાના દેખાવાનું કારણ એ છે કે તેઓ આપણાથી સૂર્યની અપેક્ષા ઘણા વધુ અંતરે આવેલા છે. જ્યેષ્ઠાનક્ષત્ર એટલું વિશાલ છે કે એમાં ૭૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ પૃથ્વીઓ સમાઈ જાય.

(૭-૩). પ્રકાશવર્ષ

☞ તારાઓના અંતરને સમજવા માટે આપણા સંખ્યાવાચક શબ્દ કામમાં આવી શકતા નથી. એની ગણના માટે વૈજ્ઞાનિકોની બીજી જ વિધિ છે. પ્રકાશની ગતિ પ્રતિ સેકંડ પર એક લાખ છયાસી હજાર (૧,૮૬,૦૦૦) માઈલ તથા પ્રતિમીટરે એક કરોડ અગ્યાર લાખ સાઈઠ હજાર (૧,૧૧,૬૦,૦૦૦) માઈલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માપવામાં આવી છે. આ પ્રમાણથી સૂર્યનો પ્રકાશ, અમારી પૃથ્વી સુધી આવવામાં સાડા આઠ $(૮\frac{૧}{૨})$મીનીટ લાગે છે. તારા અમારાથી એટલા દૂર છે કે એનો પ્રકાશ અમારી સમીપ વર્ષોમાં આવે છે અને જેટલા વર્ષોમાં તે આવે છે એટલા જ પ્રકાશ વર્ષની અંતરે તે તારા હોવાનું કહેવામાં આવે છે. સેંચુરી નામનો અતિ નિકટવર્તી તારો અમારાથી સાડા ચાર - પ્રકાશ વર્ષના અંતરે છે કેમ કે એના પ્રકાશ ને અમારી પાસે આવવામાં સાડા ચાર વર્ષ લાગે છે. આ પ્રકારે દસ, વીસ, પચાસ તેમજ સેંકડો પ્રકાશ વર્ષોના અંતરે જ નહિ, પરંતુ એવા-એવા તારાઓનું જ્ઞાન થઈ ગયું છે કે જેનું અંતર દસ લાખ પ્રકાશ વર્ષ માપવામાં આવ્યું છે તથા જે પરિમાણમાં આ પૃથ્વીથી શું પણ આપણા સૂર્યથી પણ લાખો ગણા મોટા છે.

તારાઓની સંખ્યાનો કોઈ પાર નથી. આપણી દૃષ્ટિથી વધુમાં વધુ છઠ્ઠા પ્રમાણ સુધીના લગભગ છ-સાત હજાર તારા જ દેખાય છે. પરંતુ દૂર-દર્શક યંત્રોની જેટલી શક્તિ વધતી જાય છે. એટલા અધિકાધિક તારા દેખાય છે. આજ સુધી વીસ પ્રમાણ સુધીના તારાઓ જોવા યોગ્ય યંત્રો બની ચૂક્યા છે. જેના દ્વારા તે સરળતાથી પણ વધુ તારા જોવામાં આવ્યા છે. જેની તાલિકા આગળ આપવામાં આવી છે.

(૭-૪). વૈજ્ઞાનિકોની અનુસાર તારાની સંખ્યા

☞ આજના વૈજ્ઞાનિકોએ પ્રકાશની હીનાધિકતા અનુસાર તારાઓને કેઈ કેટલાય મોટા વર્ગમાં વહેંચ્યા છે. પહેલા, બીજા અને ત્રીજા વર્ગના તારા અધિક ચમકીલા છે. પરંતુ એની સંખ્યા બહુ ઓછી છે. આઠમા વર્ગ સુધીના તારાઓ આંખથી જોઈ અને ગણી શકાય છે. પરંતુ એની આગળના વર્ગોના તારાઓને દૂરબીનની સહાયતાથી જ જોવામાં અને ગણવામાં આવ્યા છે.

વૈજ્ઞાનિકો દ્વારા ૨૦ વર્ગોમાં વિભક્ત તારાની સંખ્યા આ પ્રમાણે છે -

વર્ગ		સંખ્યા	વર્ગ		સંખ્યા
૧	-	૧૯	૧૧	-	૮૭,૦૦૦
૨	-	૬૫	૧૨	-	૨૨,૭૦,૦૦૦
૩	-	૨૦૦	૧૩	-	૫૭,૦૦,૦૦૦
૪	-	૫૩૦	૧૪	-	૧,૩૮,૦૦,૦૦૦
૫	-	૧,૬૨૦	૧૫	-	૩,૨૦,૦૦,૦૦૦
૬	-	૪,૮૫૦	૧૬	-	૭,૧૦,૦૦,૦૦૦
૭	-	૧૪,૩૦૦	૧૭	-	૧૧,૫૦,૦૦,૦૦૦
૮	-	૪૧,૦૦૦	૧૮	-	૨૯,૬૦,૦૦,૦૦૦
૯	-	૧૧,૭૦૦	૧૯	-	૫૬,૦૦,૦૦,૦૦૦
૧૦	-	૩૨,૪૦૦	૨૦	-	૧,૦૦,૦૦,૦૦,૦૦૦ (એક અબજ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ્સ જીન્સ સદંશ વૈજ્ઞાનિક જ્યોતિષીનો મત એ છે કે - તારાની સંખ્યા અમારી પૃથ્વીના સમસ્ત સમુદ્ર તટોની રેતીના કણોની બરાબર હોય તો તે આશ્ચર્ય નથી. તે અસંખ્ય તારા એક બીજાથી કેટલા દૂર-દૂર છે, એનું અનુમાન એના પરથી કરી શકાય છે કે સૂર્યથી અતિનિકટવર્તી તારા સાડા ચાર પ્રકાશ-વર્ષ અર્થાત્ ખર્વો માઈલના અંતરે છે. એ બધા તારા ઘણા વેગથી ગતિશીલ હોય છે અને એનો પ્રવાહ બે ભિન્ન દિશાઓમાં પ્રાપ્ત થાય છે.

(૭-૫). નિહારિકા

☞ વિખરાયેલ વરાળના શકૂલમાં જે અનેક તારાઓનો સમૂહ પ્રાપ્ત થાય છે એને **"નિહારિકા"** કહેવામાં આવે છે. વિના દૂરબીન પોતાની આંખો વડે એકાદ નિહારિકા જોઈ શકીએ છીએ અને તે પણ જોવામાં તારા જેવી જ લાગે છે. દૂરબીનમાં જોવાથી એમાંથી કેટલીક ગોળ દેખાય છે અને કેટલીકની આકૃતિ શંખના ચક્કર જેવી છે. ગોળ નિહારિકાઓ આપણા સ્થાનીય વિશ્વના અથવા આકાશ ગંગાના તારા ગુચ્છ છે. ચક્કરદાર નિહારિકાઓ મહાન વિશ્વથી નાની, પરંતુ કરોડો તારા ગુચ્છ મળીને થયેલ નાના વિશ્વ જેવી છે. આજ સુધી વિશેષ વિવરણની સાથે શોધ-ખોળ કરવામાં આવ્યું હોય તેવી નિહારિકાઓથી સૌથી પણ ઓછી છે. પરંતુ દૂરબીનથી વીસ લાખ જેટલી ચક્કરદાર નિહારિકાઓના અસ્તિત્વની જાણકારી થઈ છે. આકાશ ગંગા પણ એવી જ શ્રેણીનું એક દ્વીપ-વિશ્વ છે. અમારી પૃથ્વી ન તો બૃહસ્પતિ જેવો વિશાળ અથવા ન તો શુક્રની જેમ નાનો ગ્રહ છે. સૂર્ય પણ મધ્યમ આકારનો એક ગ્રહ છે. આકાશ-ગંગા પણ એક મધ્યમ આકારની નિહારિકા છે. જેની માત્રા એક અરબ-સૂર્યોથી પણ વિશેષ છે. સૂર્ય અમારી પૃથ્વીથી ત્રણ લાખ તેર હજાર ગણો મોટો છે.

(૭-૬). આકાશ ગંગા

☞ અહીં એ જ્ઞાતવ્ય છે કે આકાશ ગંગા શું વસ્તુ છે ? રાત્રે આકાશમાં એક સફેદ રેતાળ પથ કે ગંગા જેવી સફેદ પહોળી ધારા દક્ષિણ-પશ્ચિમથી ઉત્તર-પૂર્વની તરફ લાંબા આકારે (પડેલી) દેખાય છે એને **"આકાશ-ગંગા"** કહેવામાં આવે છે. એ આકાશ-ગંગા સ્વયં તારાનો એક સમૂહ છે. એમાં સૂર્ય જેવા બે ખરબ જેટલા તારા છે. એની આકૃતિ ઈંડાકાર જેવી ઘડીયાળ અથવા બે જોડાયેલા ગોળ તવાની જેમ વચ્ચમાંથી મોટી અને કિનારા પર પાતળી છે. એનો વ્યાસ ત્રણ લાખ પ્રકાશ વર્ષ અને જાડાઈ ૧૦ હજાર પ્રકાશ વર્ષ છે.

(૭-૭). ગ્રહ

☞ જ્યોતિષ મંડળમાં ગ્રહોનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. એનો થોડોક પરિચય આગળ આપેલ કોષ્ટક પરથી જાણવા મળશે...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહનું નામ	સૂર્યથી સરાસરી અંતર માઈલોમાં	સરાસરી વ્યાસ માઈલોમાં	પરિક્રમાનો સમય વર્ષોમાં	ઉપગ્રહોની સંખ્યા
૧. બુધ	૩,૬૦,૦૦,૦૦૦	૩,૦૩૦	૦.૨૨	૦
૨. શુક્ર	૬,૭૨,૦૦,૦૦૦	૭,૭૦૦	૦.૬૨	૦
૩. પૃથ્વી	૯,૨૬,૦૦,૦૦૦	૭,૯૧૮	૧.૦૦	૧
૪. મંગળ	૧૪,૧૫,૦૦,૦૦૦	૪,૨૩૦	૧.૮૮	૨
૫. બૃહસ્પતિ	૪૮,૩૨,૦૦,૦૦૦	૮૬,૫૦૦	૧૧.૮૬	૯
૬. શનિ	૮૮,૫૯,૦૦,૦૦૦	૭૩,૦૦૦	૨૯.૪૬	૯
૭. અરૂણ	૧,૭૮,૨૨,૦૦,૦૦૦	૩૧,૯૦૦	૮૪.૦૨	૪
૮. વરૂણ	૨,૭૯,૧૬,૦૦,૦૦૦	૩૪,૮૦૦	૧૬૪.૭૮	૧
૯. કુબેર	૩,૭૦,૦૦,૦૦,૦૦૦	૩,૬૦૫	૨૫૦.૦૦	અજ્ઞાત

☞ સૂર્ય તથા એનું ગ્રહ-કુટુંબ મળીને **"સૌર્ય-મંડળ"** કહેવાય છે.

(૭-૮). લોક અથવા બ્રહ્માંડ

☞ જેને આપણે બ્રહ્માંડ કહીએ છીએ, એમાં અનેક સૌર્ય-મંડળો છે એવું અનુમાન કરવામાં આવે છે કે સૌર્ય-મંડળોની સંખ્યા લગભગ ૧૦ કરોડ છે. અમારુ સૌર્ય મંડળ 'ઐરાવત પથ' (મિલ્કીવે) નામના બ્રહ્માંડમાં આવેલ છે. ઐરાવત-પથના ચંદ્રરૂપી પથના લગભગ $\frac{૨}{૩}$ ભાગ પર એક પીળું બિંદું છે. તે બિંદું અમારો સૂર્ય છે. જે પોતાના ગ્રહોને સાથે લઈને ઐરાવત પથ પર બરાબર ઘૂમી રહ્યો છે. પૂર્વ ઐરાવત પથમાં લગભગ ૫૦૦ કરોડ તારા વિદ્યમાન છે. એમાંથી ઘણાખરાને આપણે જોઈ શકતા નથી. કેમ કે તેઓ અમારી સામેથી દિવસ દરમ્યાન નીકળે છે, એટલે સૂર્યના પ્રકાશમાં એનો પ્રકાશ અમને દેખાતો નથી. તારાઓ સિવાય ઐરાવત-પથમાં ધુન્ધ, ગેસ અને ધૂળ પણ અધિક માત્રામાં છે. રાત્રિમાં અનેક તારા ગણોનો પ્રકાશ એકત્રિત થઈને આ ગેસ અને ધૂળને પ્રકાશિત કરી દે છે.

આ પ્રકારે સંપૂર્ણ વિશ્વ અથવા લોકનું પ્રમાણ અસંખ્ય છે અને આકાશનો કોઈ અંત જ દેખાતો નથી. તારાગણોનું આકાશમાં જે પ્રકારે વિસ્તરણ છે તથા આકાશ ગંગામાં જે તારા પુંજ દેખાય છે, એ પરથી અનુમાન કરવામાં આવ્યું છે કે તારામંડળ-સહિત સમસ્ત લોકનો આકાર લેન્સના જેવો છે અર્થાત્ ઉપર નીચે ઉભરાયેલો અને વચ્ચમાં ફેલાયેલો એવો ગોળ છે, જેની પરિધિ પર આકાશગંગા દેખાય છે અને ઉભરેલા એવા ભાગની મધ્યમાં સૂર્ય-મંડળ છે.

"ગણિતાનુયોગ" ગ્રંથની પ્રસ્તાવનામાંથી સાભાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. પૃથ્વી દડા જેવી ગોળ નથી અને ફરતી નથી... તેના ૧૦૧ પુરાવાઓ

લે. સંજય કાંતીલાલ વોરા

૧. અવકાશયાત્રીઓનું નિરીક્ષણ

☞ એરોપ્લેનમાં બેઠેલા પાઈલટને અથવા અવકાશયાનમાં બેઠેલા અવકાશયાત્રીને પણ ક્યારેય પૃથ્વી બહિર્ગોળ હોવાનું જણાતું નથી. કૃત્રિમ ઉપગ્રહમાંથી પૃથ્વીની જે તસવીરો મોકલવામાં આવે છે તે ત્રિપરિમાણી નથી હોતી પણ દ્વિપરિણામી હોય છે. આ તસવીરોમાં પૃથ્વી ગોળ ગોળ દેખાય છે પણ તે દડા જેવી નહીં પણ થાળી જેવી ગોળ હોય છે. પૃથ્વીને દડા જેવી ગોળ સાબિત કરવા માટે ત્રિપરિમાણી તસવીરો બહાર પાડવી જોઈએ. જોકે હજી સુધી ત્રિપરિમાણી તસવીરો પાડી શકે એવા કેમેરા શોધાયા નથી. અવકાશમાંથી કેમેરા વડે પડાતી તસવીરોમાં પૃથ્વી જેવી ગોળ દેખાય છે તેનું પણ કારણ એ છે કે કેમેરાની લેન્સની મર્યાદા બધી દિશામાં એકસરખી હોવાથી તેની સીમાઓ સ્વાભાવિક રીતે જ ગોળાકાર બની જાય છે. આવી જ રીતે આપણી આંખની દૃષ્ટિમર્યાદા કરતાં કોઈપણ મોટી ચીજ આપણને ગોળાકાર જ દેખાય છે. આ રીતે કૃત્રિમ ઉપગ્રહોની તસવીરો પણ પૃથ્વીને દડા જેવી કે નારંગી જેવી ગોળ સાબિત કરી શકતી નથી.

૨. પાણીની સપાટી બહિર્ગોળ નથી

☞ જ્યારે પણ પાણીની સ્થિર સપાટી ઉપર પ્રયોગો કરવામાં આવે છે ત્યારે આ સપાટી હંમેશાં એક સમતલમાં જણાય છે. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો સ્થિર પાણીની સપાટી બહિર્ગોળ હોવી જોઈએ, પણ આવું જોવા મળતું નથી. આ રીતે પ્રયોગો કરીને પણ સાબિત કરી શકાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ નથી. વધુમાં પાણી હંમેશાં એક જ સ્તર ઉપર રહેતું હોવાથી તે બહિર્ગોળ રહી શકે નહીં. સમતળ સપાટી દડા જેવી ગોળ હોઈ શકે નહીં.

૩. રેલવેના બાંધકામમાં પૃથ્વી સપાટ જણાય છે

☞ જ્યારે પણ કોઈ લાંબી રેલવે લાઈન નાખવામાં આવે છે, રોડ બાંધવામાં આવે છે કે નહેર ખોદવામાં આવે છે ત્યારે ક્યારેય પણ તેની ડિઝાઈન બનાવતા એન્જિનિયરો પૃથ્વીનો ગોળાકાર ભાગ લક્ષમાં લઈને ડિઝાઈન બનાવતા નથી પણ સપાટ કાગળ ઉપર સપાટ જમીનની જ ડિઝાઈન બનાવે છે, કારણ કે તેમને ખબર છે કે પૃથ્વીની સપાટી બહિર્ગોળ નથી પણ સપાટ છે.

૪. નદીમાં આરોહ-અવરોહ જોવા મળતા નથી.

☞ વિશ્વમાં એવી અનેક નદીઓ છે કે જેમની સેંકડો માઈલની લંબાઈ છે. ભારતમાં ગંગા, નર્મદા અને ગોદાવરી જેવી નદીઓ દરિયાને મળે ત્યારે પૃથ્વી બહિર્ગોળ ભાગ ઉપરથી નીચે પડતી હોય તેવું જણાતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. ઈજિપ્તની નાઈલ નદીની લંબાઈ એક હજાર માઈલ છે તો પણ તેમાં ક્યાંય આરોહ-અવરોહ જોવા મળતા નથી. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો એવું શક્ય બને જ નહીં.

૫. દીવાદાંડીઓ દૂરથી દેખાય છે.

☞ વિશ્વમાં એવી અનેક દીવાદાંડીઓ છે, જેને ૬૦-૬૫ માઈલ દૂરથી જોઈ શકાય છે. આટલી લંબાઈમાં જો પૃથ્વીના ગોળાકારની ઊંચાઈ માનવામાં આવે તો તે સેંકડો ફૂટ થઈ જાય છે. કેપ હેટેરાસ નામના બંદરની દીવાદાંડી દરિયામાં ૪૦ માઈલ દૂરથી જોઈ શકાય છે. જો પૃથ્વી બહિર્ગોળ હોય તે આ દીવાદાંડી દરિયાની ક્ષિતિજથી ૯૦૦ ફૂટ નીચે હોવી જોઈએ. આ દીવાદાંડી ૪૦ માઈલ દૂરથી જોઈ શકાય છે, કારણ કે પૃથ્વી બહિર્ગોળ નથી પણ સપાટ છે.

૬. દરિયાકિનારે સ્ટીમરનું નિરીક્ષણ

☞ જો આપણે સમુદ્રતટે ઊભા રહીને આપણા તરફ આવી રહેલા કોઈ સ્ટીમરને નિહાળીએ તો ખ્યાલ આવશે કે તે જેમ નજીક આવે તેમ તેની ઊંચાઈમાં વધારો થાય છે. જો આપણે થોડી ઊંચાઈ ઉપર જઈને સ્ટીમરને જોઈએ તો પણ આવું જ પરિણામ જોવા મળે છે. તેમાં પૃથ્વીનો ગોળાકાર કારણભૂત નથી પણ દૃષ્ટિસાપેક્ષતાનો નિયમ કારણભૂત છે. આ નિયમ મુજબ આપણી નજીકની વસ્તુ મોટી દેખાય છે અને દૂરની વસ્તુ નાની દેખાય છે. આ નિયમને કારણે જ દરિયામાં આપણે ઊંચાઈએ જઈએ ત્યારે આપણને ક્ષિતિજ પણ આપણી આંખના સ્તરે ઉપર ઊડતી દેખાય છે. જો આપણે દરિયામાં પાંચ માઈલ દૂરથી આવતી કોઈ સ્ટીમરને જોઈશું તો તે ઢાળ ચડીને આવી રહી હોય તેવી દેખાશે. હવે જો આપણે દરિયાકિનારે આવેલી નાનકડી ટેકરી ઊપર ચડીશું તો આપણે દરિયામાં ૨૫ માઈલ દૂર જોઈ શકીશું. આ ભાગ જો ખરેખર પૃથ્વીની ગોળાકાર નીચે હોય તો તે ટેકરી ઊપરથી પણ દેખાઈ શકે નહીં. આ રીતે સ્ટીમરનાં નિરીક્ષણ પરથી પૃથ્વી દડા જેવી ગોળ છે એવું સાબિત થતું નથી.

૭. સ્ટીમરમાં આવું કેમ બને છે ?

☞ કોઈપણ સ્ટીમર દરિયામાં દૂરથી આવી રહી હોય ત્યારે તેનો ધૂમાડો પહેલાં દેખાય છે, પછી તેની ચિમની દેખાય છે, પછી તેના વચ્ચેનો ભાગ દેખાય છે, પછી તેનું તૂતક દેખાય છે અને સૌથી છેલ્લે તેનું તળિયું દેખાય છે. આનું કારણ તે પૃથ્વીના ગોળાકારમાંથી ઊપર આવી રહી હોવાનું કહેવાય છે. હકીકતમાં આ આપણી દૃષ્ટિનો ભ્રમ માત્ર છે. તેના માટે પૃથ્વીનો તથાકથિત ગોળાકાર બિલકુલ જવાબદાર નથી. જ્યારે આપણને નરી આંખે દૂરથી આવી રહેલી સ્ટીમરનો માત્ર ધૂમાડો જ દેખાતો હોય ત્યારે આપણે જો શક્તિશાળી દૂરબીન વડે જોઈશું તો આખી સ્ટીમર આપણને સ્પષ્ટ દેખાશે. જો સ્ટીમરનો બાકીનો ભાગ પૃથ્વીના ગોળાકર નીચે છુપાયેલો હોય તો તે દૂરબીન વડે પણ જોઈ શકાય નહીં. આ રીતે પૃથ્વી સપાટ સાબિત થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. ખલાસીઓ પૃથ્વીનો ગોળો સાથે નથી લઈ જતા

☞ ખલાસીઓ જ્યારે દરિયાની સફરે નીકળે છે ત્યારે દિશાની અને સ્થળોની માહિતી માટે સ્કૂલોમાં હોય છે તેવો પૃથ્વીનો ગોળો પોતાની સાથે નથી લઈ જતા પણ નકશાઓ સાથે રાખે છે. આ નકશાઓ સપાટ કાગળ ઊપર દોરેલા હોય છે, કારણ કે સમુદ્રનું ખેડાણ કરતા ખલાસીઓને ખબર છે કે પૃથ્વી સપાટ છે. તેઓ જો પૃથ્વીના ગોળાના આધારે પોતાનું વહાણ હંકારે તો વહાણનો પત્તો જ લાગે નહીં. આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી સપાટ છે.

૯. નકશાઓ પણ સપાટ હોય છે

☞ દરિયાઈ મુસાફરીના જે નકશાઓ તૈયાર કરવામાં આવે છે અને તેમાં જે રીતે અક્ષાંશ, રેખાંશ, શહેરો વગેરે દર્શાવવામાં આવે છે તેમાં ક્યાંય પૃથ્વીના ગોળાકારને ગણતરીમાં લેવામાં આવતો નથી. આ નકશાઓ સાબિત કરે છે કે પૃથ્વી સપાટ છે.

૧૦. હોકાયંત્ર પણ પૃથ્વી સપાટ હોવાની સાબિતી છે

☞ કોઈ પણ હોકાયંત્રને જ્યારે સ્થિર સપાટી ઉપર મૂકવામાં આવે છે ત્યારે તેનો ઊપરનો છેડો ઉત્તર ધ્રુવ તરફ અને નીચેનો છેડો દક્ષિણ તરફ હોય છે. જો ઉત્તર અને દક્ષિણ ધ્રુવ એક જ સમતળમાં હોય તો જ હોકાયંત્રની સોય એક સાથે ઉત્તર અને દક્ષિણ દિશા બતાડી શકે. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય અને દડા ઊપર હોકાયંત્રની સોય મૂકવામાં આવે તો આ સોય એક સાથે કદી ઉત્તર અને દક્ષિણ દિશા બતાડી શકે નહીં. ધારો કે સોયનો એક છેડો ઉત્તર દિશામાં હોય તો બીજો છેડો દક્ષિણમાં નહીં પણ આકાશમાં હોય. ધારો કે નીચેનો છેડો દક્ષિણ દિશામાં હોય તો ઊપરનો છેડો આકાશમાં હોવો જોઈએ. આવું બનતું નથી, કારણ કે પૃથ્વી સપાટ છે અને તેનો બન્ને ધ્રુવ એક જ સમતલમાં છે.

૧૧. દક્ષિણ ધ્રુવનું અસ્તિત્વ જ નથી.

☞ હોકાયંત્રની સોય એક સાથે ઉત્તર અને દક્ષિણ દિશા બતાડે છે, તેનાથી પણ સાબિત થાય છે કે પૃથ્વી સપાટ છે. હકીકતમાં પૃથ્વીનું ઉત્તર દિશામાં જે કેન્દ્ર છે તેને ઉત્તર ધ્રુવ ગણવામાં આવે છે. દક્ષિણ દિશામાં પૃથ્વીનું કોઈ કેન્દ્ર જ નથી માટે દક્ષિણ ધ્રુવનું અસ્તિત્વ જ નથી. આ કારણે કોઈ વિજ્ઞાનીઓ કે સાગરખેડુઓ ક્યારેય દક્ષિણ ધ્રુવ સુધી પહોંચ્યા નથી. આપણે જેને દક્ષિણ ધ્રુવ માનીએ છીએ તે હકીકતમાં ઉત્તર ધ્રુવની વિરોધી દિશા છે. પૃથ્વીના જેટલા ભાગમાં ઉત્તર ધ્રુવનો તારો દેખાય છે, તેને આપણે ઉત્તર ગોળાર્ધ કહીએ છીએ. હકીકતમાં આ ઉત્તરનો સપાટ પ્રદેશ છે. જ્યાં ધ્રુવનો તારો નથી દેખાતો તેને ખોટી રીતે દક્ષિણ ગોળાર્ધ કહેવામાં આવે છે. આ પ્રદેશ ધ્રુવના તારાથી અત્યંત દૂર આવ્યો હોવાથી ત્યાં ધ્રુવનો તારો દેખાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨. દક્ષિણમાં માત્ર મહાસાગર છે.

☞ આપણે જોયું કે દક્ષિણમાં કોઈ ધ્રુવ નથી. ઉત્તર ધ્રુવથી ચોક્કસ અંતરે આવેલાં બિંદુઓ ગોળાકારમાં ગોઠવાઈ જઈને એક સપાટ વર્તુળ બનાવે છે, જેને અત્યારે આપણે ભૂલથી દક્ષિણ ધ્રુવ કહીએ છીએ. હકીકતમાં ઉત્તર ધ્રુવથી વિરુદ્ધ દિશામાં આવાં અસંખ્ય બિંદુઓ આવેલાં છે, જેને આપણે ભૂલથી દક્ષિણ ધ્રુવ માની બેઠા છીએ. આ બધાં બિંદુઓ ક્યારેય ઉત્તરની જેમ એક બિંદુ ઊપર ભેગાં થતાં નથી. દક્ષિણમાં માત્ર અફાટ મહાસાગર આવેલો છે. આ ઉત્તર ધ્રુવના આધારે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશાઓ નક્કી થાય છે. જ્યાં સૂર્યનો ઉદય થાય છે તે પૂર્વ દિશા બને છે અને અસ્ત થાય છે તે પશ્ચિમ દિશા બને છે. પૃથ્વીની પ્રદક્ષિણાનો અર્થ હકીકતમાં ઉત્તર ધ્રુવની પ્રદક્ષિણા જેવો થાય છે. આવું સપાટ પૃથ્વીમાં જ સંભવી શકે છે.

૧૩. રેખાંશો સીધી રેખાઓ છે

☞ કોઈપણ હોકાયંત્રની સોયને સ્થિર સપાટી ઉપર રાખવામાં આવે છે ત્યારે તે એકસાથે ઉત્તર અને દક્ષિણ દિશાઓ દર્શાવે છે. આ ઉપરથી કહી શકાય કે ઉત્તર અને દક્ષિણ દિશાને જોડતી સીધી રેખા એક જ સમતલમાં આવેલી છે. હવે પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ધ્રુવને જોડતી રેખાઓ તો રેખાંશ તરીકે ઓળખાય છે. ઊપરની દલીલો ઉપરથી સાબિત થાય છે કે રેખાંશો સીધી રેખાના સ્વરુપમાં છે. જો કોઈ પણ ગોળા ઊપર ઉત્તર અને દક્ષિણને જોડતી રેખાઓ દોરવામાં આવે તો આ રેખાઓ સીધી નથી હોતી પણ અર્ધવર્તુળના આકારમાં હોય છે. આપણે જે રેખાંશ વ્યવહારમાં જોઈએ છીએ તે અર્ધવર્તુળાકાર નથી હોતી પણ સીધી રેખામાં હોય છે. આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ નથી.

૧૪. બે રેખાંશો વચ્ચેનું અંતર સતત વધે છે

☞ પૃથ્વીના ઉત્તર ધ્રુવ બિંદુ ઊપર બધાં જ રેખાંશો ભેગાં થાય છે, માટે બે રેખાંશો વચ્ચેનું અંતર શૂન્ય બની જાય છે. ઉત્તર ધ્રુવથી વિષુવવૃત્ત સુધી બે રેખાંશો વચ્ચેનું અંતર સતત વધ્યા કરે છે. પૃથ્વી જો દડા જેવી ગોળ હોય તો વિષુવવૃત્તની દક્ષિણે બે રેખાંશો વચ્ચેનું અંતર પાછું ઘટવું જોઈએ અને દક્ષિણ ધ્રુવ બિંદુ ઊપર આ અંતર પાછું શૂન્ય થવું જોઈએ. હકીકતમાં આવું બનતું નથી. હકીકતમાં તો વિષુવવૃત્તની દક્ષિણે પણ બે રેખાંશો વચ્ચેનું અંતર સતત વધ્યા જ કરે છે. આપણે અગાઉ જોયું કે દક્ષિણ ધ્રુવનું અસ્તિત્વ જ નથી. આ કારણે દક્ષિણ ધ્રુવમાં બધા રેખાંશો ભેગા થવાનો પ્રશ્ન જ નથી. જે નકશાઓ પૃથ્વી દડા જેવી ગોળ છે એવા સિદ્ધાંતને આધારે બનાવ્યા છે તે નકશાઓ મુજબ દરિયામાં મુસાફરી કરનારાં વહાણો અથડાઈ પડે છે, જેના ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી સપાટ છે.

૧૫. પૃથ્વીની આરપાર નીકળાતું નથી

☞ આજના વિજ્ઞાનીઓના મતે પૃથ્વી દડા જેવી ગોળ છે અને તેનો વ્યાસ આશરે ૧૨,૭૦૦ કિલોમીટર છે. આ વાત જો સાચી હોય અને પૃથ્વીના એક છેડે ૧૨,૭૦૦ કિલોમીટરનું ભોંયરું ખોદવામાં આવે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વીના ગોળાના બીજે છેડે નીકળી શકાય. આજ સુધી વિજ્ઞાનીઓ આવું બોગદું ખોદી શક્યા નથી, જેના ઊપરથી સાબિત થઈ જાય છે કે પૃથ્વીનો આકર ગોળ નથી. વિજ્ઞાનીઓ ધારો કે બોગદું ન ખોદી શકે તો પણ લેસર કિરણો તો એક છેડેથી બીજા છેડા સુધી જમીન સોંસરવાં ઉતારી શકે છે. આમ કરવામાં પણ વિજ્ઞાનીઓને સફળતા મળી નથી. વિજ્ઞાનીઓએ હવે હીડન ફોટોન નામના પ્રકાશના કણોની શોધ કરી છે, જે દીવાલની આરપાર નીકળી જાય છે. આ હીડન ફોટોન પૃથ્વીની આરપાર જઈ શકતા નથી, જેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ નથી.

૧૬. પૃથ્વીની 'પ્રદક્ષિણા' દરમિયાન મળતી સાબિતી

☞ કોઈ વ્યક્તિ ઉત્તર ધ્રુવને કેન્દ્રમાં રાખીને પૂર્વ અથવા પશ્ચિમ દિશામાં સતત મુસાફરી કરે તો વર્તુળાકાર રસ્તે પાછો પોતાના મૂળ સ્થાન સુધી આવી શકે છે. આ માટે પૃથ્વી દડા જેવી ગોળ હોવી જરૂરી નથી. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો ઉત્તર અને દક્ષિણ ગોળાર્ધમાં કોઈ ચોક્કસ અક્ષાંશે તેનો ઘેરાવો એકસરખો હોવો જોઈએ. કોઈ વ્યક્તિ ધારો કે ૪૫ ડિગ્રી ઉત્તર અક્ષાંશે પૃથ્વીની પ્રદક્ષિણા કરે તો તે અમુક અંતર કાપીને તેના મૂળ સ્થાને પાછો આવી શકે છે. હવે આ જ વ્યક્તિ ૪૫ ડિગ્રી દક્ષિણ અક્ષાંશ ઊપર પૃથ્વીની પ્રદક્ષિણા કરે તો પણ તેણે એટલું જ અંતર કાપવું પડવું જોઈએ, પણ હકીકતમાં તેણે ઉત્તર અક્ષાંશની સરખામણીએ દક્ષિણ અક્ષાંશ ઉપર લગભગ બમણું અંતર કાપવું પડે છે, જેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ નહીં પણ સપાટ છે.

૧૭. આપણી આંખો ખોટી નથી

☞ કુદરતે આપણને સૃષ્ટિને અને તેના સ્વરૂપને નિહાળવા માટે આંખો આપી છે. આપણે સગી આંખો દ્વારા પૃથ્વીનું જે સ્વરૂપ નિહાળીએ છીએ તે જ તેનું સાચું સ્વરૂપ છે. આપણે કોઈ પણ વિશાળ મેદાનમાં ઊભા રહીને નિરીક્ષણ કરીએ તો જમીન આપણને બહિર્ગોળ નથી દેખાતી પણ સપાટ જ દેખાય છે, કારણ કે તે હકીકતમાં સપાટ છે. આપણે દરિયાકિનારે ઊભા રહીને પાણીની સપાટી સામે જોઈએ ત્યારે પણ તે સપાટ દેખાય છે, કારણ કે તે હકીકતમાં સપાટ છે. અવકાશમાં ગયા હોવાનો દાવો કરતા કોઈ અવકાશયાત્રીઓ આપને છેતરવા માટે એમ કહે છે કે પૃથ્વી દડા જેવી ગોળ છે તો આપણને તે વાત શા માટે માની લેવી જોઈએ? વિજ્ઞાન એમ કહે છે કે આપણે કોઈ વસ્તુ પ્રત્યક્ષ પુરાવા વિના માની લેવી જોઈએ નહીં. પૃથ્વી ગોળ જેવી હોવાનો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી.

૧૮. પૃથ્વીની ઉત્તર-દક્ષિણ પ્રદક્ષિણા થતી નથી.

☞ આજ સુધી જેટલા વહાણવટીઓ અથવા પાઈલટોએ પૃથ્વીની પ્રદક્ષિણા કરી હોવાનો દાવો કર્યો છે, તેમણે પૃથ્વીની પૂર્વ-પશ્ચિમ પ્રદક્ષિણા જ કરી છે, પૃથ્વી દડા જેવી ગોળ ન હોય તો પણ તેની સપાટી ઉપર ઉત્તર ધ્રુવને કેન્દ્ર બનાવીને વર્તુળાકાર પ્રદક્ષિણા કરી શકાય છે. પૃથ્વી જો દડા જેવી ગોળ હોય તો તેની પૂર્વ-પશ્ચિમ પ્રદક્ષિણા જેટલી જ સહેલાઈથી ઉત્તર-દક્ષિણ પ્રદક્ષિણા પણ થઈ શકવી જોઈએ. આજ સુધી કોઈ સ્ટીમર પૃથ્વીની ઉત્તર-દક્ષિણ પ્રદક્ષિણા કરી શકી નથી. પૃથ્વીની જો ઉત્તર દક્ષિણ પ્રદક્ષિણા કરવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તો ઉત્તર ધ્રુવ અને કહેવાતા દક્ષિણ ધ્રુવની પણ આરપાર નીકળવું પડે. કદાચ તોફાની મહાસાગરને કારણે સ્ટીમર ઉત્તર-દક્ષિણ ધ્રુવની પ્રદક્ષિણા ન કરી શકે, પણ વિમાનને તો આવી પ્રદક્ષિણા કરતાં કોઈ રોકે છે ? આ ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી.

૧૯. એટલાન્ટિક ટેલિગ્રાફ કેબલનો પુરાવો

☞ યુરોપ અને અમેરિકા ખંડને સંદેશવ્યવહારથી સાંકળી લેવા માટે એટલાન્ટિક મહાસાગરમાં ૧૬૬૫ માઈલની લંબાઈનો કેબલ નાખવામાં આવ્યો હતો. આ કેબલ આયર્લેન્ડના વેલેન્ટિયાથી ન્યુ ફાઉન્ડલેન્ડ (અમેરિકા) ના સેંટ જોન સુધી નાખવામાં આવ્યો હતો. આ કેબલ નાખતી વખતે જે સર્વે કરવામાં આવ્યો તેમાં એટલાન્ટિક મહાસાગરની સપાટીને બહિર્ગોળ નહીં પણ સપાટ માનવામાં આવી હતી. જો પૃથ્વીની સપાટીને બહિર્ગોળ ગણવામાં આવી હોય તો કેબલની લંબાઈ પણ ૧૬૬૫ માઈલ કરતાં ૩૦૦ માઈલ જેટલી વધી જવી જોઈએ. વળી આ કેબલ માટે જે ડ્રોઈંગ કરવામાં આવે તેમા પણ આ ગોળાકારને માન્ય કરવો પડે. હકીકતમાં ટ્રાન્સએટલાન્ટિક ટેલિગ્રાફ કેબલ માટે પૃથ્વીને સપાટ ગણીને જ ડિઝાઈન બનાવવામાં આવી હતી. આ ડિઝાઈનને જાહેર પણ કરવામાં આવી હતી, જે સાબિત કરે છે કે પૃથ્વી સપાટ છે.

૨૦. એટલાન્ટિક મહાસાગરની ઊંચાઈ ૧૦૦ માઈલ નથી

☞ આજના વિજ્ઞાનીઓ પૃથ્વી દડા જેવી ગોળ છે એવું માને છે. આ મુજબ તેઓ પૃથ્વીની આકૃતિ બનાવે છે ત્યારે કોઈ પણ બે સ્થળોને એક લેવલ ઊપર બતાવે છે અને તેની વચ્ચેના ભાગને ટેકરીની જેમ ઊપસેલો દર્શાવે છે. પૃથ્વી જો દડા જેવી ગોળ હોય તો આવું જ બનવું જોઈએ. આ વાત સાચી હોય તો એટલાન્ટિક મહાસાગર પણ ૧૦૦ માઈલ ઊંચાઈની ટેકરી જેવો હોવો જોઈએ. વિજ્ઞાનીઓ જ એક સિદ્ધાંત કહે છે કે પાણી હંમેશાં ઉપરના લેવલથી નીચેના લેવલ સુધી જવાની કોશિશ કરે છે. આ સિદ્ધાંત સાચો હોય તો ૧૦૦ માઈલ ઊંચી ટેકરી ઉપર રહેલું પાણી બન્ને બાજુ સરકી જવું જોઈએ અને દરિયો સમતળ જ બની રહેવો જોઈએ. હકીકતમાં આવું જ હોય છે. દરિયામાં પાણીની ટેકરીની ગેરહાજરી સાબિત કરે છે કે પૃથ્વી દડા જેવી ગોળ નથી.

૨૧. ક્ષિતિજ નીચે ઘકેલાવી જોઈએ

☞ જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો બલૂન અથવા વિમાનમાં બેસીને ઊપર જઈ રહેલા મનુષ્યને ક્ષિતિજ ગોળાકારની ખીણમાં સરકતી હોય એમ દૂર જતી દેખાવી જોઈએ. હકીકતમાં પૃથ્વી જો ગોળાકર હોય તો ક્ષિતિજ જેવું જ કંઈ હોવું ન જોઈએ. જેઓ બલૂનમાં કે વિમાનમાં બેસીને આકાશમાં જાય છે, તેમનો અનુભવ કાંઈક અલગ જ કહે છે. તેમને ક્ષિતિજ ખીણમાં સરકતી દેખાવાને બદલે તેમની સાથે ઊપર ઊઠતી દેખાય છે. હકીકતમાં ક્ષિતિજ ઊપર નથી આવતી પણ વધુ ઊંચાઈએ આંખની દૃષ્ટિમર્યાદા વધી જતી હોવાને કારણે તેવો આભાસ થાય છે. પૃથ્વી જો બહિર્ગોળ હોય તો પૃથ્વીની નીચોનો ભાગ એકદમ નજીક દેખાવો જોઈએ અને દૂરનો ભાગ ખીણમાં હોય તેવો દૂર દેખાવો જોઈએ. આવું દેખાતું નથી માટે સાબિત થાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨. સ્ટીમરની સાબિતી છેતરામણી છે

☞ સ્કૂલમાં બાળકોને ભણાવવામાં આવે છે કે કોઈ સ્ટીમર જ્યારે કિનારાની નજીક આવે છે ત્યારે તેનો ઊપરનો ભાગ પહેલાં દેખાય છે અને નીચેનો ભાગ પૃથ્વીના ગોળાકાર હેઠળ છુપાયેલો હોવાથી થોડા સમય પછી દેખાય છે. જો કેટલાક મીટરની ઊંચાઈ ધરાવતી સ્ટીમરનો ભાગ પૃથ્વીના ગોળાકર પાછળ છુપાઈ જતો હોય તો તેના આધારે પૃથ્વીનો વળાંક પણ ભૂમિતિનો ઉપયોગ કરીને માપી શકાય છે. આ માટે સ્ટીમર કિનારાથી કેટલી દૂર છે અને સ્ટીમરની ઊંચાઈ કેટલી છે તેનું માપ જોઈએ. આ ગણતરી કરતાં પૃથ્વીની ગોળાઈ અમુક સો કિલોમીટર જ ગણી શકાય છે. આજના વિજ્ઞાનીઓ કહે છે તેમ પૃથ્વીનો પરિઘ જો ૩૬,૦૦૦ કિલોમીટર જેટલો હોય તો તેની ગોળાઈમાં અડધી સ્ટીમર છુપાઈ જાય અને અડધી બહાર રહે તેવું બને જ નહીં. આ ઉપરથી સાબિત થાય કે પૃથ્વી ગોળ નથી.

૨૩. પૃથ્વી શા માટે ગોળ દેખાય છે ?

☞ ઘણા લોકો એવી દલીલ કરે છે કે જો પૃથ્વી સપાટ હોય તો આપણે કોઈ એક સ્થળ ઊપર ઊભા રહીને ચોતરફ આખી પૃથ્વી જોઈ શકીએ. આ દલીલ અજ્ઞાનમાંથી પેદા થઈ છે. જો આપણે કોઈ વિશાળ ખુલ્લા મેદાનમાં ઊભા રહીએ અને જોઈએ તો ખ્યાલ આવશે કે આપણી નજર ચારે દિશામાં માત્ર ત્રણ-ત્રણ માઈલ સુધી જ પહોંચે છે. જ્યાં આપણી દૃષ્ટિની મર્યાદા આવી જાય છે, ત્યાં આપણને ક્ષિતિજ દેખાય છે. આપણી દૃષ્ટિમર્યાદા બધી દિશામાં સમાન હોવાથી દૃષ્ટિમર્યાદાની જે રેખા બને છે એ ત્રણ માઈલ ત્રિજ્યાનું વર્તુળ બને છે. આપણી નજરથી ત્રણ માઈલ સુધીની જમીન આપણને ઊપર ઊઠતી જણાય છે અને તેની પાછળની વસ્તુ આપણે જોઈ શકતા નથી. જો આ જ સ્થળે આપણે દૂરબીનનો ઉપયોગ કરીએ તો ત્રણ માઈલ કરતાં પણ વધુ દૂર જોઈ શકીએ છીએ. આ ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી પણ સપાટ છે.

૨૪. સુએઝ નહેર સીધી રેખામાં ખોદાઈ છે

☞ સુએઝની નહેર ભૂમધ્ય સમુદ્રને રાતા સમુદ્ર સાથે જોડે છે અને તેની લંબાઈ આશરે ૧૦૦ માઈલ જેટલી છે. આ નહેરનું બાંધકામ ઈ.સ. ૧૮૫૯ થી ૧૮૬૯ દરમિયાન કરવામાં આવ્યું હતું. સુએઝની નહેરની જ્યારે ડીઝાઈન બની રહી હતી ત્યારે તેના ઈજનેરોએ એવો સવાલ કર્યો હતો કે ૧૦૦ માઈલની લંબાઈમાં પૃથ્વીની ઊંચાઈ ૬૬૦૦ ફૂટ વધી જતી હોવોથી બે સમુદ્રને જોડવા માટે તેમણે એટલી ઊંડાઈ સુધી ખોદવું પડશે અને પ્રોજેક્ટનો ખર્ચ એકદમ વધી જશે. ત્યારે તેમને નહેર બાંધનારી ફ્રેન્ચ કંપની દ્વારા એમ કહેવામાં આવ્યું હતું કે તમારે ખોદકામ કરતી વખતે પૃથ્વીને ગોળ ગણીને નહીં પણ સપાટ ગણીને જ નકશાઓ તૈયાર કરવાના છે. ઈજનેરોએ પૃથ્વીને સપાટ માનીને નકશાઓ બનાવી તે મુજબ ખોદકામ કર્યું તો બે સમુદ્રનાં પાણી એક થઈ ગયાં. આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી સપાટ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫. પૃથ્વી ફરતી નથી માટે ગોળ નથી

☞ પૃથ્વી ગોળ છે અને પૃથ્વી ફરે છે આ બન્ને થિયરીઓ એક બીજા પર આધારિત છે. પૃથ્વીને ફરતી સાબિત કરવા માટે તેને ગોળ સાબિત કરવી જરૂરી છે અને તેને ગોળ સાબિત કરવા માટે ફરતી સાબિત કરવી જરૂરી છે. જો આપણે એમ સાબિત કરી શકીએ કે પૃથ્વી ફરતી નથી તો આપણે આપોઆપ સાબિત કરી શકીએ છીએ કે પૃથ્વી ગોળ પણ નથી. આજના વિજ્ઞાનીઓ કહે છે કે પૃથ્વી એક મિનિટમાં ૧૧૦૦ માઈલની ઝડપે પોતાની ધરી ઉપર પશ્ચિમથી પૂર્વ દિશામાં ફરે છે. જો પૃથ્વી ફરતી હોય અને આપણે પૂર્વ દિશામાં ગોળી છોડીએ તો તે પશ્ચિમ દિશામાં છોડવામાં આવેલી ગોળી કરતાં વધુ દૂર જવી જોઈએ. કારણ કે પૃથ્વી પણ પૂર્વ દિશામાં જઈ રહી છે. હકીકતમાં પૂર્વ અને પશ્ચિમ દિશામાં છોડવામાં આવેલી ગોળીઓ સરખા અંતર સુધી જાય છે. તેના ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી ફરતી નથી અને ગોળ પણ નથી.

૨૬. તોપનો ગોળો મૂળ જગ્યાએ પાછો આવે છે.

☞ કોઈ ઊંચા ટાવરની ટોચ ઉપરથી પથરો નીચે ફેંકવામાં આવે તો તે પથરો ટાવરના પાયામાં જ પડે છે. પૃથ્વી સ્થિર હોય કે ફરતી હોય તો પણ આવું જ બને છે. પૃથ્વી જો ફરતી હોય તો ટાવરની સાથે પથરો પણ તે જ દિશામાં ફરતો હોય છે, માટે તે ટાવરના પાયામાં જ આવીને પડે છે. પૃથ્વીથી કાટખૂણે ગોઠવવામાં આવેલી તોપના નાળચામાંથી છોડેલો ગોળો અમુક સેકન્ડ પછી પાછો ત્યાં જ આવીને પડે છે. પૃથ્વી જો ફરતી હોય તો આજના વિજ્ઞાનીઓના મતે તે એક મિનિટમાં ૧૧૦૦ માઈલ જેટલી દૂર જતી રહે છે. આ કારણે તોપનો ગોળો પાછો આવે ત્યારે તોપ અનેક માઈલ આગળ સરકી ગઈ હોવી જોઈએ અને ગોળો માઈલો દૂર પડવો જોઈએ પણ આવું બનતું નથી, જેના ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી ફરતી નથી અને માટે ગોળ પણ નથી.

૨૭. પૃથ્વી ફરતી નથી કારણ કે તે ગ્રહ નથી

☞ ઈંગ્લેન્ડનો ખગોળશાસ્ત્રી જયોર્જ બી. એરી પોતાના 'ઈપસ્વિચ લેક્ચર્સ' નામના વિખ્યાત ગ્રંથમાં દલીલ કરતાં લખે છે કે "ગુરુનો ગ્રહ ખૂબ મોટો છે અને તે પોતાની ધરી ઊપર ફરતો જણાય છે. જો ગુરુનો ગ્રહ પોતાની ધરી ઊપર ફરતો હોય તો પૃથ્વી શા માટે ફરી ન શકે ?" આ સવાલનો સાદો જવાબ એ હોઈ શકે કે "કારણ કે પૃથ્વી કોઈ ગ્રહ નથી." હકીકતમાં આવો જવાબ આપવાને બદલે આપણને પરાણે મનાવી લેવામાં આવે છે કે પૃથ્વી પણ એક ગ્રહ હોવાથી તે સૂર્યની આજુબાજુ અને પોતાની ધરીની આજુબાજુ ફરે છે. પૃથ્વી એક ગ્રહ છે એવી વાત આજ સુધી કોઈ વૈજ્ઞાનિક પ્રયોગથી, તર્કથી, ગણિતથી કે પ્રત્યક્ષ પુરાવાથી સાબિત થઈ શકી નથી. પૃથ્વી સૂર્યમાળાનો ગ્રહ છે તે પણ સાબિત થયું નથી, માટે તે પૃથ્વી ફરતી કે ગોળ પણ સાબિત થતી નથી.

૨૮. બધા ગ્રહો ધ્રુવના તારાની આજુબાજુ ફરે છે.

☞ વિજ્ઞાનીઓ આપણને એવું સમજાવવાની કોશિશ કરે છે કે બુધ, શુક્ર, મંગળ, ગુરુ, શનિ વગેરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહો સૂર્યની આજુબાજુ ફરે છે. હકીકતમાં આપણું નિરીક્ષણ એમ કહે છે કે બધા ગ્રહો, નક્ષત્રો અને તારાઓ ઉત્તર દિશામાં આવેલા ધ્રુવના તારાને કેન્દ્રમાં રાખીને ફરે છે. જ્યારે ખગોળશાસ્ત્રીઓ એમ કહે છે કે બધા ગ્રહો સૂર્યની આજુબાજુ ફરે છે ત્યારે આ વાતનો તેમની પાસે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પુરાવો હોતો નથી. જો અન્ય ગ્રહો સૂર્યની આજુબાજુ ફરતા ન હોય તો પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે એવું માની લેવાની કોઈ જરૂર નથી. જો અન્ય ગ્રહો સૂર્યની આજુબાજુ ફરતા હોય તો પણ પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે એવું માની લેવાની જરૂર નથી, કારણ કે પૃથ્વી ગ્રહ નથી. પૃથ્વી જો સૂર્યની આજુબાજુ કે પોતાની ધરી ઉપર ફરતી ન હોય તો પૃથ્વી ગોળ હોઈ શકે નહીં.

૨૯. ક્ષિતિજની રેખામાં વળાંક નથી

☞ જ્યારે આપણે દરિયાકિનારે જઈને દૂર ક્ષિતિજ તરફ નજર નાખીએ ત્યારે આપણને જણાય છે કે ક્ષિતિજ એક સીધી રેખાના સ્વરૂપમાં છે. આજના વિજ્ઞાનીઓ પૃથ્વીને દડા જેવી ગોળ માનતા હોય તો ક્ષિતિજની રેખા સીધી ન હોવી જોઈએ પણ કમાનના આકારમાં હોવી જોઈએ. ઓગણીસમી સદીના એક મહાન ખગોળશાસ્ત્રી પ્રોફેસર રિચાર્ડ પ્રોક્ટરે પૃથ્વીને ગોળ પુરવાર કરવા માટે કિનારાથી દૂર જતા વહાણનું એક રેખા ચિત્ર બનાવ્યું છે. આ ચિત્રમાં વહાણ જળની ટેકરી ચડીને પાળ ઊતરી જતું હોય એમ દર્શાવ્યું છે. આ ચિત્રમાં પણ ક્ષિતિજને તો એક સીધી રેખા તરીકે જ દર્શાવવામાં આવી છે. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો ક્ષિતિજ રેખા કમાન જેવી હોવી જોઈએ. ક્ષિતિજ રેખા સીધી હોય અને પાણી ટેકરી જેવું હોય તો પૃથ્વીનો આકાર નળાકાર સાબિત થાય છે. શું પ્રોફેસર રિચાર્ડ પ્રોક્ટર જેવા ખગોળશાસ્ત્રીઓ પૃથ્વીને નળાકાર માને છે ?

૩૦. વાદળાંની ગતિ બધી દિશામાં હોય છે

☞ આપણે નિયમિત નિરીક્ષણ કરીએ છીએ કે આકાશમાં વાદળાં બધી દિશામાં ગતિ કરતાં દેખાય છે. ઘણી વખત અમુક વાદળાં પશ્ચિમથી પૂર્વ તરફ ગતિ કરતાં હોય છે તો ત્યારે જ બીજાં અમુક વાદળાં પૂર્વથી પશ્ચિમ દિશામાં જતાં હોય છે. હવે જો પૃથ્વી ગોળ હોય અને અવકાશમાં પશ્ચિમથી પૂર્વ દિશામાં એક સેકન્ડના ૧૯ માઈલની ગતિથી ફરતી હોય તો પૂર્વ દિશામાં જતા વાદળાંની સ્પીડ આપણને વધુ લાગવી જોઈએ અને જે વાદળાં સ્થિર હોય તે પૂર્વ દિશામાં જતાં દેખાવાં જોઈએ. પશ્ચિમ દિશામાં સેકન્ડના ૧૯ માઈલની ઝડપે જતાં વાદળાં આપણને સ્થિર જણાવાં જોઈએ, હકીકતમાં આવું બનતું નથી. વાદળાં પોતાની સ્વાભાવિક ગતિથી જ બધી દિશામાં જતાં હોવાનું સ્પષ્ટ દેખાય છે. તેમની ઉપર પૃથ્વીની કહેવાતી ગતિનો કોઈ પ્રભાવ જોવા મળતો નથી, કારણ કે પૃથ્વી સ્થિર છે અને સપાટ છે.

૩૧. બ્રિટિશ પાર્લામેન્ટનો ઠરાવ

☞ જ્યારે સુએઝની નહેર બંધાઈ રહી હતી ત્યારે બ્રિટનની પાર્લામેન્ટમાં વિવાદ થયો હતો કે આ નહેરના ખોદકામ માટે જે નકશાઓ તૈયાર કરવામાં આવે તેમાં પૃથ્વીને ગોળ ગણવામાં આવે કે સપાટ ? પૃથ્વી જો ગોળ હોય તો ૧૦૦ માઈલ લાંબી નહેરના મધ્ય ભાગમાં જમીનને આશરે ૬૬૦૦ ફૂટ વધું ઊંડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખોદવી પડે તેમ હતું કારણ કે ૧૦૦ માઈલની લંબાઈ માં પૃથ્વીની જાડાઈ ૬૬૦૦ ફૂટ જેટલી થવી જોઈએ. આ કારણે યોજનાનો ખર્ચ બહુ વધી જતો હતો. ત્યારે બ્રિટનની સંસદમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે ભવિષ્યમાં કોઈપણ નહેર બાંધવાની હોય ત્યારે પૃથ્વી સપાટ છે એમ માનીને જ નહેરની 'ડેટમ લાઈન' નક્કી કરવી, જેથી જરૂર કરતાં ઊંડું ખોદકામ કરવું પડે નહીં. આ ઠરાવ આજે પણ બ્રિટનની પાર્લામેન્ટમાં મોજૂદ છે, જે સાબિત કરે છે કે પૃથ્વી સપાટ છે.

૩૨. દક્ષિણ પ્રદેશમાં ઠંડી વધુ હોય છે.

☞ વિષુવવૃત્તની ઉત્તર દિશામાં દૂરના પ્રદેશોમાં બરફની જેટલી જમાવટ થાય છે તેના કરતાં ક્યાંય વધુ બરફ દક્ષિણ દિશામાં એટલા જ અંતરે જામે છે. દાખલા તરીકે કેરગુવેલેન નામનું સ્થળ દક્ષિણ દિશામાં ૫૦ અક્ષાંશ ઉપર આવેલું છે. અહીં જેટલો બરફ જામે છે તેના કરતાં બહુ ઓછો બરફ ૭૫ ડીગ્રી ઉત્તર અક્ષાંશ ઊપર આવેલ આઈસલેન્ડમાં જોવા મળે છે. કેરગુવેલેનમાં માત્ર ૧૮ પ્રકારની વનસ્પતિ જ થાય છે. જ્યારે આઈસલેન્ડમાં ઉનાળામાં સૂર્યનો તાપ વધુ હોવાથી ૮૭૦ જાતની વનસ્પતિઓ થાય છે. તેના ઉપરથી ખ્યાલ આવે છે કે ઉત્તર ધ્રુવની નજીક સૂર્યની જેટલી ઊર્જા મળે છે તેના કરતાં બહુ ઓછી ઊર્જા દક્ષિણ પ્રદેશમાં મળે છે. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો ઉત્તર અને દક્ષિણ દિશામાં સૂર્યની ગરમી એક સરખી હોવી જોઈએ પણ તેવું થતું નથી. આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી.

૩૩. દક્ષિણમાં સૂર્યની ગતિ વધુ હોય છે

☞ દર વર્ષે સૂર્ય વિષુવવૃત્તની ઉત્તર દિશામાં જેટલો સમય રહે છે એટલો સમય વિષુવવૃત્તની દક્ષિણ દિશામાં પણ રહે છે. ઉત્તર દિશામાં સૂર્યને ઓછું અંતર કાપવાનું હોવાથી તેનો વેગ ઓછો હોય છે, જેને કારણે કોઈ એક સ્થળને સૂર્યની ઊર્જા વધુ મળે છે. વિષુવવૃત્તની દક્ષિણનો પ્રદેશ ગોળાની જેમ નીચેથી સંકોચાયેલો નથી પણ વર્તુળની જેમ બહારની તરફ વિસ્તરે છે. આ ભાગમાં પ્રદક્ષિણા કરતાં સૂર્યને ૨૪ કલાકમાં જ મોટું વર્તુળ ફરવાનું હોવાથી તેનો વેગ વધી જાય છે અને દક્ષિણના પ્રદેશમાં સૂર્યની ઊર્જા ઓછી મળે છે. આ કારણે જ દક્ષિણ પ્રદેશમાં વધુ બરફ અને ઓછી વનસ્પતિ જોવા મળે છે. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો ઉત્તર અને દક્ષિણ દિશામાં સૂર્યની ઊર્જા એકસરખી પડવી જોઈએ. આવું બનતું નથી, કારણ કે પૃથ્વી સપાટ છે.

૩૪. બલૂન તેની મૂળ જગ્યાએ પાછું આવે છે.

☞ જૂના જમાનામાં અવકાશયાત્રીઓ બલૂનમાં બેસીને આકાશમાં અનેક માઈલ ઊપર જતા હતા, કલાકો સુધી આકાશમાં રહેતા હતા અને પછી નીચે પોતાની મૂળ જગ્યાએ પાછા ફરતા હતા. પૃથ્વી જો એક મિનિટમાં ૧૧૦૦ માઈલની ઝડપે ફરી રહી હોય તો આકાશમાં ઊડનારાઓ કદી પોતાના મૂળ સ્થાને પાછા આવી શકે નહીં. આજના વિજ્ઞાનીઓ અવી દલીલ કરે છે કે પૃથ્વીની સાથે તેનું વાતાવરણ પણ મિનિટના ૧૧૦૦ માઈલની ઝડપે ગતિ કરે છે અને બલૂન પણ વાતાવરણમાં હોવાથી આ ગતિએ પૃથ્વી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે ઘસડાય છે. હકીકતમાં બલૂનમાં બેસનારને આવી કોઈ ગતિ ક્યારેય જોવા મળતી નથી. વળી આકાશ કોઈ બંધ કેબિન નથી કે તેમાં રહેલી વસ્તુઓ પણ કેબિન સાથે ગતિ કરે. આકાશમાં ઊડનારા યાત્રિકોને પૃથ્વી સ્થિર દેખાય છે તેનું ખરું કારણ એ છે કે પૃથ્વી સ્થિર છે.

૩૫. ચંદ્ર સ્વયં પ્રકાશિત છે

☞ આજના વિજ્ઞાનનીઓ એમ માને છે કે ચંદ્રનો પ્રકાશ સૂર્યના પ્રકાશનું પ્રતિબિંબ છે. આ વાત સાચી નથી. કારણ કે સૂર્યનો પ્રકાશ ગરમ છે પણ ચંદ્રનો પ્રકાશ શીતળ છે. વળી સૂર્યના પ્રકાશમાં પ્રકાશસંશ્લેષણની જેવી ક્રિયા થાય છે તેવી ક્રિયા ચંદ્રના પ્રકાશમાં જોવા મળતી નથી. આ ઊપરથી સાબિત થાય છે કે સૂર્ય અને ચંદ્ર બન્ને સ્વયંપ્રકાશિત છે. હવે જ્યારે ચંદ્ર સ્વયંપ્રકાશિત છે ત્યારે ચંદ્રગ્રહણ વખતે પૃથ્વીનો પડછાયો ચંદ્ર ઊપર પડવાનો સવાલ જ પેદા થતો નથી. પડછાયો ક્યારેય સ્વયંપ્રકાશિત પદાર્થ ઉપર પડતો નથી. પણ પરપ્રકાશિત પદાર્થ ઊપર જ પડે છે. ચંદ્રગ્રહણ વખતે ચંદ્ર ઊપર પૃથ્વીનો પડછાયો નથી પડતો પણ રાહુ-કેતુ નામના કાળા ગ્રહો ચંદ્રની આડે આવી તેને ઢાંકી દે છે. આ ગોળાકાર પડછાયો પૃથ્વીનો નથી હોતો, જેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી.

૩૬. સૂર્ય અને ચંદ્ર એક સાથે દેખાય છે.

☞ ઘણી વખત આપણને આકાશમાં સૂર્ય અને ચંદ્ર એક સાથે જોવા મળે છે. ખાસ કરીને સુદિ ચૌદશની સાંજે સૂર્ય પશ્ચિમાકાશમાં આથમી રહ્યો હોય ત્યારે પૂનમના ચંદ્ર કરતાં થોડો જ નાનો ચંદ્ર પૂર્વના આકાશમાં થોડો ઊપર આવી ગયો હોય છે. આ વખતે સૂર્ય અને ચંદ્ર આમને સામને હોય છે તો પણ સૂર્યનો પ્રકાશ ચંદ્રના પ્રકાશ કરતાં વધુ તેજ હોય છે. ચંદ્ર જો સૂર્યના પ્રકાશનું પરાવર્તન કરતો હોય તો આમને-સામને સ્થિતિમાં ચંદ્રનું તેજ સામાન્ય કરતાં તો વધુ હોવું જોઈએ. આવી જ રીતે વદ એકમના દિવસે સૂર્ય ઊગતો હોય ત્યારે ચંદ્ર આથમતો હોય છે અને બન્ને આમને-સામને હોય છે. દિવસના સમયે સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ચંદ્રનો પ્રકાશ તેનો પોતાનો પ્રકાશ છે અને તે સૂર્ય પાસેથી ઉધાર લીધેલો પ્રકાશ નથી. આ ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી સપાટ છે.

૩૭. ચંદ્રગ્રહણથી પૃથ્વી ગોળ સાબિત થતી નથી

☞ ન્યુટનની થિયરી મુજબ જ્યારે ચંદ્રગ્રહણ થાય છે ત્યારે સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવી જતી હોય છે. યુરોપના દેશોમાં એવાં અનેક ચંદ્રગ્રહણોની નોંધ છે, જેમાં સૂર્ય અને ચંદ્ર આકાશમાં એકબીજાની સામે હોય અને ચંદ્રગ્રહણ થતું હોય. હવે જ્યારે એક જ આકાશમાં સૂર્યનું અને ચદ્રનું સહઅસ્તિત્વ હોય ત્યારે પૃથ્વી વચ્ચે આવવાનો અને ચંદ્રગ્રહણ થવાનો સવાલ જ પેદા થતો નથી. આ ઘટના ઊપરથી ખ્યાલ આવે છે કે ચંદ્રની આડે અન્ય કોઈ પ્રકાશહીન ગ્રહ આવી જાય છે, જે ચંદ્રગ્રહણ માટે જવાબદાર છે. આ ગ્રહ ગોળાકાર અથવા અર્ધગોળાકાર પણ હોઈ શકે છે. આ ગ્રહ અર્ધપારદર્શક હોવાથી ઘણી વખત ગ્રહણ વખતે પણ આછો ચંદ્ર જોવા મળે છે. પડછાયો કદી અર્ધપારદર્શક હોઈ શકે નહીં. આ ઊપરથી સાબિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે કે ગ્રહણ વખતે જે ગોળાકાર પડછાયો જોવા મળે છે તે પૃથ્વીનો પડછાયો નથી, માટે પૃથ્વી ગોળ નથી.

૩૮. ખગોળશાસ્ત્રીઓ એકમત નથી.

☞ આજના વિજ્ઞાનીઓ એમ માને છે કે ચંદ્ર પોતાની ધરી ઊપર ફરી રહ્યો છે અને પૃથ્વીની આસપાસ પણ ફરી રહ્યો છે. તેઓ એમ પણ માને છે કે પૃથ્વી પોતાની ધરી ઊપર ફરી રહી છે અને સૂર્યની આજુબાજુ પણ એક દિવસના ૪૦ લાખ માઈલની ઝડપે ફરી રહી છે. આ રીતે બધા ગ્રહો, ઉપગ્રહો, કૃત્રિમ ઉપગ્રહો વગેરે પણ તીવ્ર ગતિથી સૂર્યની આજુબાજુ પ્રદક્ષિણા કરી રહ્યા છે. વળી આખી સૂર્યમાળા પણ હર્ક્યુલિસ નામના નક્ષત્ર તરફ તીવ્ર વેગથી ધસી રહી છે. આજના વિજ્ઞાનીઓ એમ પણ કહે છે કે આપણું આખું વિશ્વ આકાશમાં સતત પ્રસરી રહ્યું છે અને તેના કેન્દ્રબિંદુથી ભારે વેગથી ધસમસતું દૂર જઈ રહ્યું છે. આ બધી વાતો તર્કબદ્ધ નથી અને તેના કોઈ પુરાવા પણ નથી. આ બાબતમાં બધા ખગોળશાસ્ત્રીઓ એકમત ન હોવાથી પણ આ થિયરી ખોટી પુરવાર થાય છે.

૩૯. સૂર્યનું સ્થાન બદલાય છે

☞ વિખ્યાત ખગોળશાસ્ત્રી પ્રોફેસર રિચાર્ડ પ્રોક્ટર આપણને કહે છે કે "સૂર્ય આપણાથી કરોડો માઈલ દૂર છે; માટે આપણે પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી જઈએ તો પણ આપણને સૂર્ય એક જ દિશામાં દેખાય છે. આ તફાવત એટલો સૂક્ષ્મ છે કે આપણે તેને માપી શકતા નથી." આ વાત સાચી નથી. આપણે વિષુવવૃત્તની દક્ષિણે ૪૫ અક્ષાંશ ઉપર જઈએ તો આપણને મધ્યાહ્નનો સૂર્ય આકાશમાં ઉત્તર દિશામાં દેખાય છે અને ઉત્તરે ૪૫ અક્ષાંશ ઉપર સૂર્ય આકાશમાં દક્ષિણ દિશામાં દેખાય છે. ઉત્તર અક્ષાંશમાં આપણો પડછાયો ઉત્તર દિશામાં દેખાય છે અને દક્ષિણ અક્ષાંશમાં દક્ષિણ દિશામાં પડે છે. સૂર્ય જો ખરેખર આપણાથી કરોડો માઈલ દૂર હોય તો આખી પૃથ્વી ઊપરથી સૂર્ય એક જ દિશામાં દેખાવો જોઈએ. સૂર્ય આપણી ખૂબ નજીક છે અને પૃથ્વી સપાટ છે એટલે જ આવું બનતું નથી.

૪૦. સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર

☞ ખગોળશાસ્ત્રીઓમાં પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર હંમેશાં વિવાદનો મુદ્દો રહ્યો છે. જો સૂર્ય અને પૃથ્વી વચ્ચેના અંદાજિત અંતરમાં ફરક આવે તો બધું જ બદલાઈ જાય છે. આધુનિક વિજ્ઞાનીઓ સૂર્ય અને પૃથ્વી વચ્ચે ૩૦ લાખ માઈલથી માંડીને ૧૦.૪ કરોડ માઈલનું અંતર હોવાના આંકડાઓ આપે છે. આજની તારીખમાં સૂર્ય અને પૃથ્વી વચ્ચે ૯.૧૦ કરોડ માઈલનું અંતર હોવાનું કહેવાય છે. થોડાં વર્ષો અગાઉ હાઈન્ડ નામના વિજ્ઞાનીએ સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર ૯,૫૩,૭૦,૦૦૦ માઈલ હોવાનું જણાવ્યું હતું. સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર માપવા માટે 'પૃથ્વી ગોળ છે અને તે સૂર્યની આજુબાજુ ફરે છે' એવી માન્યતાનો આધાર લેવામાં આવે છે. સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર હકીકતમાં કેટલાક હજાર માઈલથી વધુ નથી તેની અનેક સાબિતીઓ છે. તેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી અને ફરતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૧. સૂર્યનું અંતર માપપટ્ટી તરીકે વાપરવાની ભૂલ

☞ આજના વિજ્ઞાનીઓએ સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર જે પદ્ધતિએ નક્કી કર્યું છે તે પદ્ધતિ જ અવૈજ્ઞાનિક અને અતાર્કિક છે. આ કારણે વિજ્ઞાનીઓને સૂર્યનું અંતર ખોટું મળ્યું છે. હવે વિજ્ઞાનીઓ પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતરનો ફુટપટ્ટી તરીકે ઉપયોગ કરીને અન્ય તારાઓ તેમજ નક્ષત્રોનું અને અવકાશી પદાર્થોનું માપ કાઢી રહ્યા છે. આ અંતરના આધારે તેઓ અમુક તારાઓ આપણાથી આટલાં પ્રકાશવર્ષ દૂર છે, એવા દાવાઓ કરી રહ્યા છે. હવે સૂર્યનું અંતર માપવા માટે જે પાયો પકડવામાં આવ્યો છે તે જ ખોટો છે. આ ખોટા પાયાનો ઉપયોગ કરીને અન્ય અવકાશી પદાર્થોનું અંતર નક્કી કરવામાં આવ્યું છે તે પણ ખોટું છે. અવકાશી પદાર્થોનાં જો સાચાં અંતર જાણવાં હોય તો પૃથ્વી ગોળ છે અને તે સૂર્યની આજુબાજુ ફરે છે એવી માન્યતા જ ધરમૂળથી સુધારવાની જરૂર છે.

૪૨. ગ્રહણની આગાહીઓ

☞ આજના વિજ્ઞાનીઓ એમ કહે છે કે તેઓ પૃથ્વીને ગોળ અને ફરતી ગણીને વર્ષો પછી થનારાં સૂર્ય અને ચંદ્રગ્રહણોની સચોટ આગાહીઓ કરી શકે છે. હકીકત એ છે કે ગ્રહણની સચોટ આગાહીઓ નિયમિત નિરીક્ષણ અને ગણિતને આધારે પણ કરી શકાય છે. ઈસવી સન્ પૂર્વ થઈ ગયેલા ખગોળવિદ્ ટોલેમીએ તે સમયે પૃથ્વી સપાટ હોવાની હકીકતને આધારે ૬૦૦ વર્ષ સુધી થનારાં ગ્રહણોની સચોટ આગાહી કરી હતી. આ માટે તેને પૃથ્વી ગોળ છે અને સૂર્યની આજુબાજુ ફરે છે એવી વિચિત્ર કલ્પના કરવાની જરૂર નહોતી પડી. હકીકતમાં સૂર્ય અને ચંદ્રના ગ્રહણો બાબતમાં ભારતના અને યુરોપના જૂના જમાનાના ખગોળશાસ્ત્રીઓએ જે વિગતો એકઠી કરી હતી તેના આધારે જ આજના વિજ્ઞાનીઓ ગ્રહણની સચોટ આગાહીઓ કરી રહ્યા છે, આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી સપાટ છે.

૪૩. ચીનની ૭૦૦ માઈલ લાંબી નહેર

☞ ચીનમાં સેંકડો વર્ષો અગાઉ એક નહેર ખોદવામાં આવી છે, જેની લંબાઈ ૭૦૦ માઈલ જેટલી છે. આ નહેર જો પૃથ્વીને દડા જેવી ગોળ માનીને ખોદવામાં આવી હોત તો તેમાં હજારો ફૂટ ઊંડી ખોદાઈ કરવી પડી હોત. આમ ન કરતાં પૃથ્વી સપાટ છે, એમ માનીને ખોદકામ કરવામાં આવ્યું હતું. પૃથ્વી જો ખરેખર ગોળ હોત તો ૭૦૦ માઈલ લાંબી નહેરમાં એક છેડેથી બીજા છેડા સુધી પાણી પહોંચે નહીં, કારણ કે પાણીને હજારો ફૂટ ઊંચી ટેકરી ચડીને બીજા છેડે ઊતરવું પડે. આ નહેર બાંધનારા ચીનના જૂના જમાના ઈજનેરો પૃથ્વીને સપાટ માનીને કામ કરતા હતા, જેને કારણે તેમને કોઈ સમસ્યા નડી નહોતી. ગુજરાતમાં નર્મદાની નહેર પણ આશરે ૫૦૦ કિલોમીટર લાંબી છે. તેનું બાંધકામ પણ પૃથ્વીને સપાટ માનીને જ કરવામાં આવ્યું છે, આ ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી.

૪૪. વિજ્ઞાનીઓની કાલ્પનિક વાતો

☞ શ્રી જે. એમ. લોકિર નામના ખગોળશાસ્ત્રી કહે છે કે "સૂર્ય પૂર્વમાં ઊગતો અને પશ્ચિમમાં આથમતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખાય છે; જેના ઉપરથી આપણે કહી શકીએ છીએ કે પૃથ્વી પશ્ચિમથી પૂર્વ દિશામાં ફરે છે" આ વાત એવી છે કે "એક માણસ આપણને રસ્તા ઊપર સામેથી આવતો દેખાય છે; જેના ઊપરથી આપણે કહી શકીએ કે રસ્તો તે માણસ તરફ આવી રહ્યો છે." આગળ વધતાં શ્રી લોકિર કહે છે કે "આપણને સૂર્ય, ચંદ્ર, તારાઓ વગેરે આથમતા અને ઊગતા દેખાય છે તેનું કારણ એ હોઈ શકે કે પૃથ્વી સ્થિર છે અને સૂર્ય-ચંદ્ર-તારાઓ ફરે છે; અથવા સૂર્ય-ચંદ્ર-તારાઓ સ્થિર છે અને પૃથ્વી ફરે છે." આ પણ કોઈ વૈજ્ઞાનિક વાત નથી પણ અટકળો છે. આવી અટકળોના આધારે પૃથ્વીને ગોળ અને ફરતી સાબિત કરી શકાય નહીં, તેના ઊપરથી તો સાબિત થાય છે કે પૃથ્વી સ્થિર અને સપાટ છે.

૪૫. દક્ષિણમાં પણ ધ્રુવનો તારો દેખાય છે

☞ આજના વિજ્ઞાનીઓ પૃથ્વીને દડા જેવી ગોળ માને છે. આ થિયરી જો સાચી હોય તો વિષુવવૃત્તની દક્ષિણે ધ્રુવનો તારો બિલકુલ દેખાવો જોઈએ નહીં અને ઉત્તર ધ્રુવ નજીક તે માથા ઊપર દેખાવો જોઈએ. વ્યાવહારિક અનુભવ એમ કહે છે કે વહાણવટીઓ વિષુવવૃત્તની દક્ષિણે ૨૦ ડીગ્રી અક્ષાંશ સુધી જાય છે તેમને પણ રાત્રિના સ્વચ્છ આકાશમાં ધ્રુવનો તારો દેખાય છે. આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ હોવાની આજના વિજ્ઞાનીઓની માન્યતા ગલત છે. આપણે જેમ ઉત્તર ધ્રુવની દિશામાં આગળ વધતા જઈએ તેમ ધ્રુવનો તારો ક્ષિતિજ ઊપર વધુ ને વધુ ઊંચો દેખાય છે તેનું કારણ પણ પૃથ્વીનો ગોળાકાર નથી પણ દૃષ્ટિસાપેક્ષતાનો નિયમ છે, જે મુજબ નજીકની વસ્તુની ઊંચાઈ વધુ દેખાય છે. તેનાથી પૃથ્વી ગોળ છે એવું સાબિત થતું નથી.

૪૬. લોલકની ગતિ વિપરીત છે.

☞ ઘણા વિજ્ઞાનીઓએ ઘડિયાળના લોલકના પ્રયોગથી પૃથ્વી ગતિમાન છે એવું સાબિત કરવાની કોશિશ કરી છે, પણ તેઓ આ પ્રયોગમાં સરિયામ નિષ્ફળતાને વર્યા છે. આ વિજ્ઞાનીઓએ એક ઊંચા ટાવરના અંદરના ભાગમાં વચ્ચે એક લાંબી દોરી બાંધીને તેના સાથે લોલક લટકાવ્યું હતું. આ લોલક નીચે એક ટેબલ રાખવામાં આવ્યું હતું. વિજ્ઞાનીઓની ધારણા એવી હતી કે જો પૃથ્વી પશ્ચિમથી પૂર્વ દિશામાં ફરતી હોય તો લોલકના આંદોલન પૂર્વથી પશ્ચિમ દિશામાં થવાં જોઈએ. હકીકતમાં જ્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે લોલક તેની વિરુદ્ધ દિશામાં વધુ ગતિથી આંદોલન કરી રહ્યું હતું. આ રીતે ખગોળશાસ્ત્રીઓ લોલકના પ્રયોગથી પૃથ્વી ફરે છે એવું સાબિત કરવામાં નિષ્ફળ ગયા હતા. આવા અનેક પ્રયોગોની નિષ્ફળતાથી સાબિત થાય છે કે પૃથ્વી સ્થિર અને સપાટ છે.

૪૭. આંકડાઓની માયજાળ

☞ બ્રિટનના વિખ્યાત ખગોળવિદ્ રિચર્ડ પ્રોક્ટર કહે છે કે "આશરે ૧૦ લાખ પૃથ્વીઓ ભેગી થાય ત્યારે એક સૂર્ય બને છે. ૫૩૦૦૦ સૂર્યો ભેગા થાય ત્યારે 'વેગા' નામનો તારો બને છે. વળી 'વેગા' તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક નાનકડો તારો છે. આવા તો કરોડો તારોઓ આકાશમાં છે. ઘણા તારાઓ એટલા દૂર છે કે ત્યાંથી પ્રકાશને આપણા સુધી પહોંચતાં ત્રણ કરોડ વર્ષ લાગે છે. પૃથ્વીનું વજન ૬,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૬૦ મેટ્રિક ટન જેટલું છે. આ બધા જ આંકડાઓની માયાજાળ દ્વારા વિજ્ઞાનીઓ સામાન્ય માણસને ભ્રમણામાં નાખીને તેમની પાસે પોતાની કલ્પિત વાત કબૂલ કરાવી લેવા ધારે છે. હકીકતમાં આ બધી જ ગણતરીઓ જે પાયા પર કરવામાં આવી છે તે પાયો ખોટો છે. ગણતરીમાં તર્ક અને વિજ્ઞાનનો અભાવ છે, તેનાથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી.

૪૮. પૃથ્વી સપાટ હોય તો પડી ન જવાય ?

☞ જ્યારે જ્યારે આજના વિજ્ઞાનીઓ સમક્ષ 'પૃથ્વી સપાટ છે' એવી હકીકત રજૂ કરવામાં આવે છે ત્યારે તેઓ એક જ સવાલ અચૂક પૂછે છે કે તો આપણે પૃથ્વીના છેડા ઊપરથી આકાશમાં ગબડી ન પડીએ ? આ સવાલનો સંતોષકારક જવાબ ન મળતાં તેઓ સ્વીકારી લે છે કે પૃથ્વી ગોળ છે. પૃથ્વીને સપાટ માની લેવાથી કોઈ આપત્તિ આવતી હોય તો તેનો ઉકેલ શોધવા જોઈએ, પણ તેટલા માત્રથી કોઈપણ જાતના તર્ક કે પુરાવા વિના તેનાથી ઊંધી વાતને કેમ સાચી માની શકાય ? હકીકતમાં સપાટ પૃથ્વી એટલી વિરાટ છે કે આપણે દક્ષિણમાં બરફના મહાસાગરથી કે ઉત્તરમાં ધ્રુવપ્રદેશથી આગળ વધી જ શક્યા નથી. આ પૃથ્વી આપણે માનીએ છીએ તેના કરતાં લાખો ગણી વિશાળ છે અને દુર્ગમ છે. આ કારણે પૃથ્વીના છેડા ઊપર પહોંચીને ત્યાંથી આકાશમાં ગબડી પડવાનો પ્રશ્ન જ પેદા થતો નથી.

૪૯. દક્ષિણ મહાસાગરમાં સફર

☞ ઓગણીસમી સદીમાં ચેલેન્જર નામની બ્રિટિશ સ્ટિમર દક્ષિણ મહાસાગરમાં ૬૯,૦૦૦ માઈલ ફરી ત્યારે ત્રણ વર્ષે તે પોતાની મૂળ જગ્યાએ પાછી ફરી હતી. વિજ્ઞાનીઓ પૃથ્વીને દડા જેવી ગોળ માને છે તે થિયરી સાચી હોત તો દક્ષિણ ગોળાર્ધમાં પૃથ્વીનો પરિઘ ૧૦ થી ૧૨ હજાર માઈલ જ હોવા જોઈએ. આ કારણે કોઈ પણ સ્ટીમર હોકાયંત્ર મુજબ એક જ દિશામાં સફર કરે તો તે ૧૦ થી ૧૨ હજાર માઈલ પછી પોતાના મૂળ સ્થાને પાછી આવી જવી જોઈએ. ચેલેન્જર નામની સ્ટીમરે ૬૯,૦૦૦ માઈલનો પ્રવાસ કર્યો. એટલા અંતરમાં તો તે છ વખત તથાકથિત ગોળ પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પાછી આવી ગઈ હોય. હકીકત એ છે કે દક્ષિણ દિશામાં પૃથ્વીનો ઘેરાવો વધતો જાય છે, માટે સ્ટીમરને વધુ અંતર કાપવું પડે છે, આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી.

૫૦. પૃથ્વી સ્થિર જ દેખાય છે

☞ આજના વિજ્ઞાનીઓ એમ કહે છે કે પૃથ્વી જૂન મહીનામાં અવકાશમાં જે સ્થળ ઊપર હોય છે ત્યાંથી ડિસેમ્બર મહિનામાં આશરે ૧૯ કરોડ માઈલ જેટલી દૂર આવી જાય છે. જો આ વાત સાચી હોય તો પૃથ્વી ઊપરથી આપણે જે ધ્રુવનો તારો જોઈએ છીએ તેનું સ્થાન પણ આ છ મહિનામાં બદલાતું દેખાવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હકીકતમાં છ મહિના દરમિયાન ધ્રુવના તારાના સ્થાનમાં એક અંશ જેટલો પણ ફરક આપણને દેખાતો નથી. જો આપણે ૧૯ કરોડ માઈલ દૂર ખસીએ અને તેમ છતાં ધ્રુવના તારાનું સ્થાન ન બદલાય તો આ વાત ભ્રમણા જ હોવી જોઈએ. ક્યાં તો ધ્રુવનો તારો પણ સૂર્યની પ્રદક્ષિણા કરે છે અને ક્યાં પૃથ્વી સ્થિર છે. ધ્રુવનો તારો ફરતો હોય એવી કોઈ સંભાવના નથી માટે પૃથ્વીને સ્થિર માનવી જ પડે.

૫૧. ચંદ્રના ઉદયાસ્તની દિશા

☞ આજના વિજ્ઞાનીઓ એમ કહે છે કે ચંદ્ર પશ્ચિમથી પૂર્વ દિશામાં પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. આપણું નિરીક્ષણ એમ કહે છે કે ચંદ્ર પૂર્વ દિશામાં ઊગે છે અને પશ્ચિમમાં આથમે છે. એક જ ચંદ્ર બે પરસ્પર વિરુદ્ધ દિશામાં ગતિ કરી શકે નહીં. સૂર્ય પૂર્વ દિશામાં ઊગે છે અને પશ્ચિમમાં આથમે છે તે માટે આજના વિજ્ઞાનીઓ કહે છે કે પૃથ્વી પશ્ચિમથી પૂર્વ દિશામાં ફરે છે. જો પૃથ્વીને પશ્ચિમથી પૂર્વમાં ફરતી દેખાડવી હોય તો ચંદ્રને પણ પશ્ચિમથી પૂર્વ દિશામાં જ ગતિ કરતો બતાડવો પડેને ? આજનું વિજ્ઞાન કહે છે કે ચંદ્ર પૃથ્વીની આજુબાજુ ફરી રહ્યો છે. આ માન્યતાને કારણે જ ચંદ્રની ગતિ બાબતમાં આ ગૂંચવડો પેદા થયો છે. આ ગૂંચવડો જ સાબિત કરે છે કે પૃથ્વી ફરતી હોવાની આજના વિજ્ઞાનીઓની માન્યતા ભૂલભરેલી છે.

૫૨. ચંદ્રના પ્રદક્ષિણા સમય બાબતમાં ગોટાળો

☞ આજના વિજ્ઞાનીઓ આપણને એવું સમજાવવાની કોશિશ કરે છે કે ચંદ્રને પૃથ્વીની આજુબાજુ એક પ્રદક્ષિણા પૂરી કરતાં ૨૮ દિવસનો સમય લાગે છે અને પોતાની ધરી ઉપર એક ચક્કર ફરતાં પણ ૨૮ દિવસનો સમય લાગે છે. આપણું નિરીક્ષણ એમ કહે છે કે ચંદ્ર આશરે ૨૫ કલાકમાં પૃથ્વીની વર્તુળાકાર પ્રદક્ષિણા કરીને પોતાના મૂળ સ્થાન ઊપર આવી જાય છે. આપણને જે દેખાય છે તે સાચું માનવું કે વિજ્ઞાનીઓ કહે છે તે સાચું માનવું ? આપણું નિરીક્ષણ એમ કહે છે કે સૂર્ય ૩૦ દિવસમાં પૃથ્વીની જેટલી વખત પ્રદક્ષિણા કરે છે તેના કરતાં ચંદ્ર એક પ્રદક્ષિણા ઓછી કરે છે. એટલે કે ચંદ્ર દરરોજ ૧૨ અંશ જેટલો પાછળ જાય છે. ચંદ્ર ૧૨ અંશ પાછો પડે છે તેનો અર્થ વિજ્ઞાનીઓ એવો કરે છે કે તે ઊંધી દિશામાં દરરોજ ૧૨ અંશ આગળ જાય છે, આ વાત અતાર્કિક અને અવૈજ્ઞાનિક છે.

૫૩. રેખાંશ વર્તુળાકાર નથી

☞ પૃથ્વીની જે રીતે પૂર્વ-પશ્ચિમ પ્રદક્ષિણા કરી શકાય છે તેમ ઉત્તર-દક્ષિણ પ્રદક્ષિણા કરી શકાતી નથી અને આજ સુધી કોઈએ કરી પણ નથી. કોઈપણ ગોળો ત્યારે જ સાચો કહેવાય જ્યારે તેની પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર દક્ષિણ સહિતની કોઈપણ દિશામાં પ્રદક્ષિણા કરી શકાય. આપણને એવું પણ કહેવામાં આવે છે કે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવને જોડતી રેખાઓ વર્તુળાકાર છે અને તેને રેખાંશ કહેવામાં આવે છે. હકીકતમાં આ રેખાઓ વર્તુળાકાર નથી, કારણ કે તેમાં એક બિંદુથી એક જ દિશામાં પ્રવાસ કરતાં ફરી પાછા તે બિંદુ ઊપર આવી શકાતું નથી. વિજ્ઞાનીઓ રેખાંશને ૩૬૦ અંશમાં વહેંચે છે તે મોટી ભૂલ છે. ૩૬૦ અંશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તુળના હોય છે, પણ રેખાંશ વર્તુળાકાર ન હોવાથી તેના કોઈ અંશ ન હોઈ શકે. રેખાંશ ઉપર વર્તુળાકારમાં પ્રદક્ષિણા થઈ શકતી નથી, જેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી.

૫૪. ધ્રુવનો તારો નીચે સરકતો જાય છે

☞ જો આપણે કોઈ સપાટ મેદાન ઊપર કોઈ ઊંચી વસ્તુથી દૂર જતા જઈએ તો આપણે જેમ દૂર જઈએ તેમ વસ્તુની ઊંચાઈ ઓછી થતી હોવાનો ભાસ થાય છે. જે વાત નાના સ્તરે લાગુ પડે છે. તે મોટા સ્તરે લાગુ પડવી જોઈએ. વસ્તુ ગમે તેટલી ઊંચી હોય અને આપણે તેનાથી ગમે તેટલા દૂર જઈએ તો પણ નિયમ એક જ રહેવો જોઈએ. આ નિયમ મુજબ જ આપણે ધ્રુવના તારાથી દૂર જઈએ તેમ આકાશમાં તે વધુ ને વધુ નીચે દેખાય છે. આજના વિજ્ઞાનીઓ એમ કહે છે કે પૃથ્વી દડા જેવી ગોળ હોવાથી આવું બને છે. જે પ્રક્રિયા દૃષ્ટિસાપેક્ષતાના સાદા સિદ્ધાંતની મદદથી સમજાવી શકાય તેવી છે તેના માટે પૃથ્વી ગોળ હોવાનું માની લેવું જરૂરી નથી. આ પ્રક્રિયાને પૃથ્વી ગોળ હોવાની સાબિતી ગણાવવી તેના જેવી બીજી કોઈ અપ્રામાણિકતા નથી.

૫૫. નદીઓ બધી દિશામાં વહે છે.

☞ આ પૃથ્વી ઉપર એવી નદીઓ છે કે જેઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ બધી જ દિશામાં વહે છે. હવે જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો બધી નદીઓ ઉત્તર દિશાઓમાંથી નીકળવી જોઈએ અને દક્ષિણ દિશામાં વહેવી જોઈએ. હકીકતમાં ઘણી નદીઓ દક્ષિણ દિશામાંથી નીકળે છે અને ઉત્તર દિશામાં વહે છે. આ નદીઓ પૃથ્વીના ગોળામાં નીચેના ભાગમાંથી નીકળીને ઊપર જતી દેખાય છે. વળી આ નદીઓની લંબાઈ દરમિયાન વચ્ચે પૃથ્વીની જાડાઈ પણ આવવી જોઈએ. તેનો અર્થ એવો થાય છે કે નદીઓ ટેકરીની એક બાજુથી ઊપર ચડે છે અને બીજી બીજુથી નીચે ઊતરી જાય છે. હકીકતમાં પાણી હંમેશાં નીચે તરફ ગતિ કરે છે.કોઈ બાહ્ય બળ વગર તે ઊપર ચડી શકે નહીં. પૃથ્વી દડા જેવી ગોળ હોય તો નદીઓએ ટેકરી ઊપર ચડવું પડે. આ શક્ય નથી, માટે સાબિત થાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ નથી.

૫૬. સમુદ્રનું પાણી બહાર ફેંકાતું નથી

☞ પૃથ્વી જો પોતાની ધરી ઉપર સેકન્ડના ૧૯ માઈલની ઝડપે ગોળ - ગોળ ફરતી હોય તો પૃથ્વીની સપાટી ઉપર રહેલા સમુદ્રનું પાણી કોઈ સંયોગોમાં સ્થિર રહી શકે નહીં. બરફના ગોળામાં વચ્ચે સળી ભરાવીને તેને ગોળ-ગોળ ફેરવવામાં આવે ત્યારે પણ બરફ પીગળે છે અને ચારે તરફ પાણીના છાંટા ઊડે છે, જ્યારે પાણીનો તો ગોળો જ બની શકતો નથી. ધારો કે આવો ગોળો બનાવીને તેને ચક્કર-ચક્કર ઘુમાવવામાં આવે તો ચોતરફ પાણી ઊડ્યા વિના રહી શકે ખરું ? પૃથ્વી ઊપરના મહાસાગરો જો પાણીના ગોળા જેવા હોય અને પૃથ્વી સેકન્ડના ૧૯ માઈલની ઝડપે ગોળ-ગોળ ઘૂમતી હોય તો મહાસાગરોનું પાણી આકાશમાં સેંકડો માઈલ ફંગોળાયા વિના રહે ખરું ? આવું બનતું નથી; જેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ફરતી નથી અને ગોળ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૭. પાણીની સપાટી બહિર્ગોળ હોઇ શકે નહીં.

☞ પૃથ્વીને જો દડા જેવી ગોળ માનવામાં આવે તો પૃથ્વી ઉપર રહેલા મહાસાગરોની સપાટી પણ દડા જેવી ગોળ માનવી પડે. વિજ્ઞાનનો જ એક સિદ્ધાંત કહે છે કે પાણી હંમેશાં એક જ સપાટીએ સ્થિર રહે છે. કોઈપણ પાણીના બે જથ્થાને જોડવામાં આવે તો તેનો સ્તર એક થઈ જાય છે. આ વાત અનેક પ્રયોગો દ્વારા સાબિત થઈ શકે છે. જ્યારે એક ખગોળશાસ્ત્રીને પ્રશ્ન કરવામાં આવ્યો કે "પાણી પોતાની સપાટી શોધે છે એ સિદ્ધાંત સાચો છે ?" ત્યારે તેણે ઉત્તર આપ્યો હતો કે "આ વાત વ્યવહારમાં સાચી છે, સિદ્ધાંતમાં નહીં." પૃથ્વીને દડા જેવી ગોળ સાબિત કરવા માટે વિજ્ઞાનીઓ પૂર્વસ્થાપિત સિદ્ધાંતોને પણ માનવાનો ઈનકાર કરી દે છે. જો પાણી એક જ સપાટી ઊપર રહે છે, એ સિદ્ધાંત સાચો હોય તો પૃથ્વી ગોળ છે એ વાત ખોટી સાબિત થાય છે.

૫૮. અવકાશી પદાર્થો જ ગોળ છે.

☞ યુરોપનો સ્કોડલર નામનો ખગોળશાસ્ત્રી 'બૂક ઓફ નેચર' નામના પુસ્તકમાં એવી દલીલ કરે છે કે "આપણે જોઈએ છીએ કે આકાશમાં રહેલા સૂર્ય, ચંદ્ર,ગ્રહો, તારાઓ વગેરે પદાર્થો દડા જેવા ગોળ છે. આ ઊપરથી આપણે નિઃશંકપણે કહી શકીએ કે પૃથ્વી પણ દડા જેવી ગોળ છે." આજના ખગોળશાસ્ત્રીઓ આવી અવૈજ્ઞાનિક રીતે પૃથ્વીને દડા જેવી ગોળ સાબિત કરવા મથે છે. જો તેઓ એમ કહેતા હોય કે પૃથ્વી પણ અન્ય અવકાશી પદાર્થો જેવી છે તો તેમણે સૌથી પહેલાં તેની સામ્યતાના સ્વતંત્ર પુરાવા આપવા જોઈએ. આવા કોઈ પણ સ્વતંત્ર પુરાવાની ગેરહાજરીમાં પૃથ્વીને અન્ય અવકાશી પદાર્થો જેવી ગોળ ઠરાવી શકાય નહીં. અવકાશી પદાર્થો દડા જેવા ગોળ હોય એટલા માત્રથી પૃથ્વી દડા જેવી ગોળ સાબિત થતી નથી. આવા સ્વતંત્ર પુરાવાના અભાવમાં પૃથ્વી દડા જેવી ગોળ છે એ થિયરી ખોટી સાબિત થઈ જાય છે.

૫૯. આકૃતિઓ છેતરામણી હોઇ શકે છે.

☞ આજના વિજ્ઞાનીઓ પૃથ્વીને દડા જેવી ગોળ સાબિત કરવા એવી કેટલીક આકૃતિઓ દોરે છે, જેમાં પ્રમાણભાન જળવાતું ન હોવાથી તે આકૃતિઓ છેતરામણી બની જાય છે. "કોર્નેલ્સ જ્યોગ્રાફી' નામના પુસ્તકમાં પૃથ્વીના ગોળ હોવાની સાબિતીના રૂપમાં એક ચિત્ર આપવામાં આવ્યું છે. આ ચિત્રમાં એક વહાણને એક વક્ર રેખા ઊપર ચાર જુદાં-જુદાં સ્થળે દર્શાવવામાં આવ્યું છે. અહીં જે વળાંક છે તે ૭૨ અંશનો છે. પૃથ્વીનો પરિઘ ૨૫,૦૦૦ માઈલ હોય તો ૭૨ અંશ એટલે ૫૦૦૦ માઈલ થાય. તેની સામે જ વહાણની લબાઈ દર્શાવવામાં આવી છે તેવા ૧૦ જ વહાણ આ વક્રરેખા ઊપર રહી શકે. આ હિસાબે એક વહાણની લંબાઈ ૫૦૦ માઈલ હોવી જોઈએ. આકૃતિમાં જે દર્શકને બતાડવામાં આવ્યો છે તેની ઊંચાઈ પણ સ્કેલ મુજબ ૨૦૦ માઈલ હોવી જોઈએ. પૃથ્વીને ગોળ સાબિત કરવા આવી છેતરામણી આકૃતિઓ તૈયાર કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૦. તારાઓની અપેક્ષાએ પૃથ્વી ફરતી નથી

☞ બ્રિટનના ખગોળશાસ્ત્રી શ્રીમાન હાઈન્ડ કહે છે કે "ખગોળવિદો જ્યારે પથ્થર ઉપર ફિક્સ કરેલા ટેલિસ્કોપથી તારાઓ નિહાળતા હોઈએ ત્યારે પૃથ્વીની ગતિને કારણે તારાઓ પણ ટેલિસ્કોપમાં એકાદ વાળ જેટલું અંતર ખસતા હોવાનું જણાય છે." અહીં શ્રી હાઈન્ડ એમ કહેવા માગે છે કે તારાઓ સ્થિર છે, પણ પૃથ્વી સૂર્યની આજુબાજુ ૬૦ કરોડ માઈલના પથમાં પ્રદક્ષિણા કરતી હોવાથી લાખો માઈલ દૂર રહેલા તારાઓ જરાક ખસતા દેખાય છે. જો તારાઓ કરોડો માઈલ દૂર આવેલા હોય તો પૃથ્વીની ગતિ તેની સરખામણીએ અત્યંત સૂક્ષ્મ ગણાય અને આ ગતિને કારણે તારાઓ ખસતા દેખાય જ નહીં. તારાઓ ખસતા દેખાતા હોય તો તેનું એકમાત્ર કારણ એ હોઈ શકે કે તારાઓ આકાશમાં ખરેખર ખસતા હોય છે. તારાઓ ખસતા હોય એટલા ઊપરથી સાબિત નથી થતું કે પૃથ્વી ફરે છે.

૬૧. ચીનની લાંબી દીવાલ

☞ આજથી આશરે ૨૫૦૦ વર્ષ અગાઉ ચીનમાં લાંબી દીવાલ બાંધવામાં આવી હતી. આ દીવાલ ઉપગ્રહો દ્વારા ઝડપવામાં આવતી તસવીરોમાં પણ સ્પષ્ટ જોઈ શકાય છે. આ દીવાલ આશરે ૨,૦૦૦ કિલોમીટર લાંબી, ૨૩ ફૂટ પહોળી અને ૫૦ ફૂટ ઊંચી છે. પૃથ્વી જો દડા જેવી ગોળ હોય તો આ દીવાલ કમાનના આકારમાં બાંધવી પડે અને પથ્થરોની ગોઠવણી પણ જે રીતે કમાનમાં કરવામાં આવી છે તે રીતે કરવી પડે. આ દીવાલ બાંધનાર ઈજનેરો તો પૃથ્વીને સપાટ માનતા હોવાથી તેમને તેમની ડીઝાઈન પણ સીધી દીવાલ તરીકે જ બનાવી હતી. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો આ દીવાલમાં અનેક સ્થળે ઉપરના ભાગમાં મોટી તિરાડો પેદા થવી જોઈએ. આવી તિરાડો પેદા નથી થઈ તેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી પણ સપાટ છે. ચીનની દીવાલ પૃથ્વી સપાટ હોવાની સૌથી મોટી સાબિતી છે.

૬૨. એન્ટાર્કટિકા ખંડમાં સફર

☞ ચેલેન્જર નામની બ્રિટિશ સ્ટીમરે જેમ દક્ષિણ મહાસાગમાં ૬૯,૦૦૦ માઈલની મુસાફરી કરી હતી તેમ ઈ.સ. ૧૯૩૮ ની સાલમાં કેપ્ટન જે. રાસ અને ડિ. પ્રેઈજર નામના સાહસિકોએ સ્લેજ ગાડીમાં બેસીને દક્ષિણમાં આવેલા બરફાચ્છાદિત એન્ટાર્કટિકા ખંડની મુસાફરી કરી હતી. ચાર વર્ષ સુધી તેમણે એક જ દિશામાં આશરે ૪૦ હજાર માઈલની મુસાફરી કરી તો પણ તેઓ પોતાના મૂળ સ્થાને પાછા ન આવ્યા. આજના વિજ્ઞાનની માન્યતા મુજબ તો તેમણે ચાર વખત પૃથ્વીની દક્ષિણ ગોળાર્ધની પ્રદક્ષિણા કરી લીધી હોવી જોઈએ. છેવટે કંટાળીને તેઓ ૪૦,૦૦૦ માઈલ ઊંધી દિશામાં આવ્યા ત્યારે પોતાના મૂળ સ્થાને પાછા આવી શક્યા હતા. આજ સુધી એન્ટાર્કટિકા ખંડમાં આટલી લાંબી મુસાફરી બીજા કોઈ સાહસિકોએ કરી નથી. જો કોઈ આ રીતે મુસાફરી કરે તો સહેલાઈથી સાબિત થઈ જાય કે પૃથ્વી ગોળ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૩. કૃત્રિમ ઉપગ્રહની તસવીરો થાળી જેવી ગોળ હોય છે.

☞ પૃથ્વી દડા જેવી ગોળ હોવાની સાબિતી તરીકે આજકાલ અવકાશમાં ચડાવેલા કૃત્રિમ ઉપગ્રહના કેમેરા દ્વારા ઝડપવામાં આવેલી તસવીરો આપણને બતાડવામાં આવે છે. આ તસવીરોમાં પૃથ્વી દડા જેવી નહીં પણ થાળી જેવી ગોળ દેખાય છે. પહેલી વાત તો એ કે પૃથ્વીને દડા જેવી ગોળ દર્શાવવા માટે ત્રિપરિમાણી કેમેરા (થ્રી-ડી-કેમેરો)ની જરૂર પડે છે. આ પ્રકારના કેમેરા કોઈ સેટેલાઈટમાં જોવા મળતા નથી. કૃત્રિમ ઉપગ્રહ દ્વારા ઝડપવામાં આવેલી તસવીરમાં પૃથ્વી થાળી જેવી ગોળ દેખાવાનું કારણ પણ સહજ છે. સૂર્યનું જે પ્રકાશક્ષેત્ર હોય છે તે થાળી જેવું ગોળ હોય છે. સૂર્યનો પ્રકાશ પૃથ્વીના જેટલા ભાગમાં પહોંચે ત્યાં અજવાળું હોય છે અને બાકીના ભાગમાં અંધારું હોવાથી આકાશ જેવો દેખાય છે. આ કારણે કૃત્રિમ ઉપગ્રહ દ્વારા જે તસવીર લેવામાં આવે છે તેમાં પૃથ્વી થાળી જેવી ગોળ જણાય છે, તેથી પૃથ્વી દડા જેવી ગોળ સાબિત થતી નથી.

૬૪. વાયુ બધી દિશામાં વાય છે

☞ આજના વિજ્ઞાનીઓ એવું કહે છે કે પૃથ્વી પશ્ચિમથી પૂર્વ દિશામાં એક સેકન્ડમાં ૧૯ માઈલની ઝડપે ફરે છે. જો આ વાત સાચી હોય તો આપણને પૂર્વથી પશ્ચિમ દિશામાં એક સેકન્ડના ૧૯ માઈલની ઝડપે ફૂંકાતા પ્રચંડ વંટોળિયાનો અનુભવ થવો જોઈએ. વળી વાયુની ગતિ માત્ર પૂર્વથી પશ્ચિમ દિશાની જ હોવી જોઈએ, આવું બનતું નથી. પૃથ્વી ઉપર વાયુ વિવિધ સમયે અને વિવિધ સ્થળે વિવિધ દિશાઓમાંથી ફૂંકાતો જોવા મળે છે. વળી તેનો વેગ પણ એકસરખો નથી હોતો. વાયુ ક્યારેક મંદ હોય છે તો ક્યારેક તેજ હોય છે કયારેક પશ્ચિમથી આવે છે તો ક્યારેક પૂર્વથી આવે છે વાયુની વધુમાં વધુ ગતિ કલાકના ૧૨૦ માઈલની હોય છે. આ ગતિ પૃથ્વીની નહીં પણ વાયુની હોય છે. જો પૃથ્વી પશ્ચિમથી પૂર્વમાં ફરતી હોય તો ધજા પૂર્વથી પશ્ચિમ દિશામાં જ ફરકવી જોઈએ, આવું ન બનતું હોવાથી સાબિત થાય છે કે પૃથ્વી ફરતી નથી.

૬૫. પૃથ્વી સાથે વાતાવરણ ફરતું નથી.

☞ પૃથ્વીમાં વાયુ બધી દિશામાંથી વાય છે તેનો ખુલાસો આપતા કહેવામાં આવે છે કે પૃથ્વી ફરે છે તેની સાથે તેનું વાતાવરણ પણ ફરતું હોવાથી આપણને વાયરાનો અનુભવ થતો નથી. આ માટે ટ્રેનના ડબ્બામાં ઊડી રહેલી માખીનું ઉદાહરણ આપવામાં આવે છે. ટ્રેન કલાકના ૧૦૦ માઈલની ઝડપે દોડતી હોય છે પણ માખી એટલી ઝડપે ઊડી શકતી નથી. તેમ છતાં તે ડબ્બાની દીવાલ સાતે અથડાતી નથી કારણ કે માખી હવામાં ઊડે છે અને ડબ્બામાંની હવા ટ્રેનની સાથે જ ગતિ કરે છે. આવું બનવાનું કારણ એ છે કે ડબ્બો ચારે બાજુથી બંધ છે એટલે અંદરની હવા અંદર જ રહે છે. આ જ માખી જો ડબ્બાની બહાર નીકળી જાય તો ટ્રેન કરતાં પાછળ રહી જાય છે. કારણ કે બહારની હવા ડબ્બા સાથે મુસાફરી કરતી નથી. પૃથ્વી બંધ ડબ્બા જેવી નથી પણ ખૂલ્લા ડબ્બા જેવી છે. આ કારણે પૃથ્વી ફરતી હોય તો પણ વાતાવરણ તેની સાથે ફરી શકે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૬. પૃથ્વીની ગતિની ગણતરી કરાતી નથી.

☞ સમુદ્રના પેટાળમાં રહેલી સબમરીન ટોરપીડો વડે સ્ટીમરને ડુબાડવા માગતી હોય તો ટોરપીડો સીધો બોટની દિશામાં છોડવામાં નથી આવતો. ટોરપીડોની ઝડપ અને બોટની ઝડપની ગણતરી કરીને અમુક સેકન્ડ પછી ટોરપીડો સપાટી ઊપર પહોંચે ત્યારે બોટ કયાં હશે તેની ગણતરી કરીને ટોરપીડો છોડવામાં આવે છે. તેવી જ રીતે સ્વયંવરમાં મત્સ્યવેધ કરવામાં આવે છે. હવે પૃથ્વી ઉપરથી તોપનો ગોળો છોડીને કોઈ વિમાનને ઉડાવી દેવું હોય તો ગોળો છોડતા અગાઉ વિમાનની ગતિ ઉપરાંત પૃથ્વીની ગતિને પણ ગણતરીમાં લેવી જોઈએ. કોઈ તોપચી વિમાનની ગતિ સાથે પૃથ્વીની એટલે કે તોપની ગતિ ગણતરીમાં લેતો નથી, તેમ છતાં તોપના ગોળા વડે વિમાન વીંધાઈ જાય છે, તે પૃથ્વીને અને તોપને સ્થિર માનીને જ ગોળો છોડે છે, જેના ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી સ્થિર છે.

૬૭. સૂર્યની ગતિ એકસરખી રહે છે

☞ આપણે ચકડોળમાં બેઠા હોઈએ ત્યારે આપણને બહારની વસ્તુઓ ફરતી દેખાય છે. બહારની વસ્તુઓ જયારે દૂર હોય ત્યારે ધીરે ધીરે નજીક આવતી દેખાય છે. આ વસ્તુઓ જયારે નજીક આવે ત્યારે ઝડપથી પસાર થતી દેખાય છે. ચકડોળની ઝડપ એકસરખી હોવા છતાં આવું બને છે. જો પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરતી હોય તો આપણને સવારે અને સાંજે સૂર્યની ગતિ ઓછી દેખાવી જોઈએ અને મધ્યાહ્ને સૂર્યની ગતિ વધુ દેખાવી જોઈએ. હકીકતમાં આવું બનતું નથી, કારણ કે સૂર્ય પૃથ્વીના કેન્દ્રની પ્રદક્ષિણા કરે છે.

૬૮. ગોફણ અને દોરીનું ઉદાહરણ યોગ્ય નથી.

☞ સૂર્યની આજુબાજુ ગ્રહોનું પરિભ્રમણ સમજાવવા માટે ગોફણનું ઉદાહરણ આપવામાં આવે છે. એક માણસ દોરી વડે ગોફણમાં પથ્થર મૂકીને તેને ગોળ-ગોળ ઘુમાવે છે ત્યારે તેની ઊપર ક્યાં ક્યાં બળોની અસર હોય છે ? ગોફણ ચલાવનારનું શરીરબળ પત્થરને દૂર ધકેલવાની કોશિશ કરે છે અને દોરીનું બળ પથ્થરને જકડી રાખવાની કોશિશ કરે છે. આ બે બળનો સરવાળો થતાં પથ્થર ગોળ ગોળ ઘૂમે છે. વિજ્ઞાનીઓ કહે છે કે આ ઉદાહરણ મુજબ સૂર્યને કેન્દ્રમાં રાખીને ગ્રહો ગોફણના પથ્થરની જેમ ગોળ-ગોળ ઘૂમે છે. અહીં ગોફણ ચલાવનારના શરીરબળના સ્થાને પોતાની ધરી ઊપર ઘૂમતા ગ્રહોનું કેન્દ્રત્યાગી બળ કામ કરે છે, જે ગ્રહોને સૂર્યથી દૂર લઈ જવાની કોશિશ કરે છે. અહીં દોરીના બળને સ્થાને સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ કલ્પવામાં આવે છે. આ ઉદાહરણમાં જો દોરી તુટી જાય તો પથ્થર ગોળ - ગોળ ઘૂમવાને બદલે એકદમ દૂર ફેંકાઈ જાય છે. પૃથ્વી અને સૂર્ય વચ્ચે એવી કોઈ દોરી છે કે જે પૃથ્વીને સૂર્ય સાથે બાંધી રાખે છે ? ગુરુત્વાકર્ષણ બળની સરખામણી દોરી સાથે કરી શકાય નહીં. આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ફરતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૯. તો બુધ-શુક્ર દેખાય જ નહીં

☞ બુધ અને શુક્રના ગ્રહો પૃથ્વીના સૂર્યની આજુબાજુના પ્રદક્ષિણા પથની અંદર રહીને સૂર્યની પ્રદક્ષિણા કરે છે. એવું આપણને કહેવામાં આવે છે. જો આ વાત સાચી હોય તો આપણે કદી આકાશમાં બુધ અને શુક્ર જોઈ શકીએ નહીં. આ ગ્રહો પૃથ્વી અને સૂર્ય વચ્ચે હોય ત્યારે આપણે જોઈ શકીએ; પણ સૂર્યના તેજને કારણે તે દેખાઈ શકે નહીં. આ ગ્રહો સૂર્યની પાછળ હોય ત્યારે પણ સૂર્યના તેજને કારણે અને સૂર્ય પાછળ ઢંકાઈ જવાને કારણે દેખાઈ શકે નહીં. પૃથ્વીના જે ભાગમાં રાત્રિ હોય તે ભાગ તો સૂર્યથી વિરુદ્ધ દિશામાં હોવાથી આ દિશામાં બુધ અને શુક્ર દેખાય નહીં. કારણ કે તે તેમનો પ્રદક્ષિણાપથ પૃથ્વીના પ્રદક્ષિણા પથની બહારના નહીં પણ અંદરના ભાગમાં છે. જોકે આપણે બુધ અને શુક્રને રાત્રિના સમયે જોઈ શકીએ છીએ, જેના ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરતી નથી.

૭૦. તો પૃથ્વી ઊપર કાયમ દિવસ

☞ આજના વિજ્ઞાનીઓ એમ કહે છે કે સૂર્ય પૃથ્વીથી ૧૨ લાખ ગણો મોટો છે અને સવા નવ કરોડ માઈલ દૂર છે. આ કદ મુજબ સૂર્ય જો બે ફૂટનો વ્યાસ ધરાવતો આગનો ગોળો હોય તો પૃથ્વી તેનાથી ૪૩૦ ફૂટ દૂર રહેલો રાઈનો દાણો છે. સૂર્યનું કદ જો આટલું વિરાટ હોય તો તેનો પ્રકાશ એક સાથે સમગ્ર પૃથ્વી ઉપર પડવો જોઈએ, કારણ કે પ્રકાશના કિરણો પદાર્થની બાજુએથી વાંકા થવાનો ગુણ ધર્મ ધરાવે છે. જેને અંગ્રેજી માં 'ડિફલેકશન ઓફ લાઈટ' કહેવામાં આવે છે. જો આપણે રાઈના દાણાને પાવરફૂલ ટોર્ચના પ્રકાશમાં મૂકીએ તો અડધો નહીં પણ આખો રાઈનો દાણો પ્રકાશિત થઈ જાય છે. સૂર્ય જો પૃથ્વી કરતાં ૧૨ લાખ ગણો મોટો હોય તો પૃથ્વી ઉપર ૨૪ કલાક માટે પ્રકાશ રહેવો જોઈએ. પૃથ્વી ઉપર દિવસ-રાત થાય છે તેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી અને સૂર્ય પૃથ્વી કરતાં નાનો છે.

૭૧. સંધ્યાકાળે સૂર્ય લાલ દેખાય છે.

☞ સૂર્યનો જ્યારે અસ્ત થતો હોય છે ત્યારે તેમાંથી લાલ રંગનાં કિરણો બહાર આવતાં હોવાથી સૂર્ય લાલ દેખાય છે. વિજ્ઞાનીઓ કહે છે કે સંધ્યાકાળે સાત રંગ પૈકી લાલ રંગનું વક્રીભવન વધુ થતું હોવાથી માત્ર લાલ રંગનાં કિરણો જ આપણી આંખ સુધી પહોંચતાં હોવાથી સંધ્યાકાળે સૂર્ય લાલ દેખાય છે. જો આ વાત ખરી હોય તો ઉદયના સમયે પણ સૂર્ય લાલ દેખાવો જોઈએ. વક્રીભવનનો જે નિયમ સંધ્યાકાળે કામ કરે છે તે ઉદયકાળે પણ લાગુ પડવો જોઈએ. હકીકતમાં સૂર્યનો ઉદય થાય છે ત્યારે લાલ દેખાતો નથી. આ વિચિત્રતાને સમજાવવા હવે કેટલાક વિજ્ઞાનીઓ પૃથ્વીને પણ ધૂમકેતુની જેમ પૂંછડું હોવાની વાતો કરવા લાગ્યા છે. હકીકતમાં સૂર્યને પૃથ્વી કરતાં મોટો માનવાને કારણે આ ગુંચવાડો પેદા થયો છે. સૂર્ય પૃથ્વી કરતાં મોટો નથી એ વાત ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૨. ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં સમાનતા નથી

☞ વિજ્ઞાનીઓ કહે છે કે ઉનાળામાં પૃથ્વીનો ઉત્તર ધ્રુવ સૂર્ય તરફ નમેલો હોવાથી ઉત્તર ધ્રુવમાં છ મહિનાનો દિવસ હોય છે. વિજ્ઞાનીઓ કહે છે કે ઉત્તર ધ્રુવમાં શિયાળો હોય ત્યારે દક્ષિણ ધ્રુવમાં ઉનાળો હોય છે. જો કે ઉત્તર ધ્રુવમાં છ મહિનાનો દિવસ હોય છે ત્યારે દક્ષિણ પ્રદેશમાં ક્યાંય છ મહિનાની રાત્રી હોતી નથી. વળી ઉત્તર ધ્રુવમાં છ મહિનાની રાત્રી હોય છે ત્યારે દક્ષિણ પ્રદેશમાં ક્યાંય છ મહિનાનો દિવસ જોવા મળતો નથી. જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં એકસરખી પરિસ્થિતિ જોવા મળતી નથી. દક્ષિણ પ્રદેશમાં ક્યાંય છ મહિનાનો દિવસ અને છ મહિનાની રાત્રી જોવા મળતી નથી, જેના ઊપરથી સાબિત થાય છે કે દક્ષિણ ધ્રુવનું અસ્તિત્વ જ નથી. જ્યારે દક્ષિણ ધ્રુવ ન હોય ત્યારે પૃથ્વી ગોળ હોવાની અને ફરતી હોવાની વાત ખોટી સાબિત થાય છે.

૭૩. પૃથ્વીનો વ્યાસ કેટલો ?

☞ જે વિજ્ઞાનીઓ પૃથ્વીને દડા જેવી ગોળ માને છે તેમની વચ્ચે પણ પૃથ્વીના વ્યાસ બાબતમાં મતભેદો છે. બ્રિટનના ખગોળશાસ્ત્રી શ્રીમાન હાઈન્ડ એવા બે ગણિતશાસ્ત્રીઓની વાત કરે છે, જેમના પૃથ્વીના વ્યાસના અંદાજ બાબતમાં ૫૫ વારનો ફરક આવે છે. જ્યારે જ્યોર્જ હર્શલ નામના ખગોળશાસ્ત્રી પોતાના પુસ્તકમાં તેના કરતાં ૪૮૦ માઈલ ઓછો વ્યાસ ધરાવે છે. જે વિજ્ઞાનીઓ પૃથ્વીના વ્યાસ બાબતમાં અલગ અલગ આંકડાઓ આપે છે, તેમની વાત ઉપર વિશ્વાસ કેમ રખાય ?

૭૪. વિજ્ઞાનીઓની વિચિત્ર ભાષા

☞ બ્રિટનના મહાન ખગોળશાસ્ત્રી રિચર્ડ પ્રોક્ટર એક પુસ્તમાં લખે છે કે "સૂર્યની આજુબાજુ પૃથ્વી ફરે છે એમ ધારી લેવામાં કોઈ હરકત નથી." આ વાક્ય ઉપરથી ખ્યાલ આવે છે કે પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે એ ધારી લેવામાં આવેલી વાત છે; સાબિત થયેલું સત્ય નથી.

૭૫. ગુરુત્વાકર્ષણ કાલ્પનિક વસ્તુ છે

☞ સર આઈઝેક ન્યુટને વૃક્ષ ઉપરથી સફરજન નીચે પડતાં જોયું ત્યારે તેમને વિચાર આવ્યો કે પૃથ્વીમાં બધી ચીજોને પોતાની તરફ આકર્ષવાની શક્તિ છે, જેને ગુરુત્વાકર્ષણ નામ આપવામાં આવ્યું. હકીકતમાં વિજ્ઞાનીઓની આ મોટી ઐતિહાસિક ભૂલ હતી. પૃથ્વી જો બધી જ ચીજોને પોતાની તરફ આકર્ષતી હોય તો શા માટે ધુમાડો નીચે આવવાને બદલે ઊપર તરફ જાય છે ? શા માટે લોહચુંબક વડે જમીન ઊપર પડેલી સોય પણ ઊપર તરફ ખેંચાઈ જાય છે ? તેના જવાબો મળતા નથી. હકીકત એ છે કે વસ્તુઓ પોતાના ગુરુ અથવા લઘુ સ્વભાવને કારણે નીચે અથવા ઊપરની તરફ ગતિ કરે છે. તેમાં ગુરુત્વાકર્ષણની કોઈ ભૂમિકા નથી. ન્યુટનના ગુરુત્વાકર્ષણના નિયમના આધારે જ પૃથ્વીને ગોળ અને ફરતી દર્શાવી શકાય છે. આ નિયમ ખોટો સાબિત થઈ જાય એટલે પૃથ્વી સપાટ અને સ્થિર સાબિત થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૬. સ્પેસ વોક શું છે ?

☞ આજના વિજ્ઞાનીઓ કહે છે કે બાહ્યાવકાશમાં પૃથ્વીના ગુરુત્વાકર્ષણની બિલકુલ અસર ન હોવાથી અવકાશમાં આરામથી ચાલી શકાય છે. આ વાત પણ ભૂલભરેલી છે. જૈન શાસ્ત્રો કહે છે કે આકાશમાં પહેલા તનવાયુ (પાતળો વાયુ), પછી ઘનવાયુ (જાડો વાયુ) અને પછી ઘનોદધિ (ઘન પાણી) આવે છે, જે એક જાતના બરફ જેવું છે અને તેની ઊપર કોઈપણ આધાર વગર ઊભા રહી શકાય છે. આ ઘનોદધિ ઊપર અવકાશયાત્રીઓ સ્પેસ વોક કરે છે. એ માટે ગુરુત્વાકર્ષણની હાજરી અથવા ગેરહાજરીની કલ્પના કરવી જરૂરી નથી.

૭૭. અવકાશમાં ખૂબ ઠંડી છે.

☞ જૈન શાસ્ત્રો મુજબ બાહ્ય આવકાશમાં ઘનવાયુ અને ઘનોદધિ છે, એની અનેક સાબિતિઓ આજના વિજ્ઞાનીઓ પણ આપે છે. ઈ.સ. ૧૮૦૪ માં ગેલુસાક અને બીઓટ નામના ફ્રેન્ચ વિજ્ઞાનીઓ બલૂનમાં બેસીને આશરે ચાર માઈલ આકાશમાં ઊંચા ગયા હતા. તેઓ લખે છે કે ત્યાંની હવા એટલી બધી ઠંડી હતી કે સીસામાં રહેલી શાહી પણ તેમાં સૂકાઈ ગઈ હતી. તેમણે આ હવામાં સાથે લઈ ગયેલા પક્ષીને ઉડાડવાની કોશિશ કરી પણ તે ઊડી શક્યું નહીં. અમુક અંતર સુધી તે પથ્થરની જેમ નીચે પડ્યું અને તે પછી પાંખો ફફડાવી ઊડી શક્યું હતું. ત્યાં ઊપર જતાં ફેફસાં પણ સંગ્રહી ન શકે એવી ઘટ્ટ હવા આવે છે. આ રીતે બાહ્યાવકાશમાં ઘનવાયુ હોવાની જૈન શાસ્ત્રોની વાત સિદ્ધ થઈ જાય છે.

૭૮. ૪૦,૦૦૦ ફૂટ ઊપર ઘનોદધિ છે

☞ તા. ૨૯-૯-૧૯૨૧ ના રોજ અમેરિકાનો વિજ્ઞાની જે.એ. મોકરેડી ૪૦,૮૦૦ ફૂટ ઊંચે પહોંચ્યો હતો. તેના કહેવા મુજબ, "આ સ્થાનની હવા ભારે છે. અહીં વાદળ સ્થિર છે. આગળ જતાં બરફ જેવું કઠણ પાણી આવે છે. તેની ઉપર ગમે તેટલો ભાર નાખીએ તો પણ સ્થિર રહે છે" આ વર્ણન ઊપરથી જૈન શાસ્ત્રોનો ઘનોદધિ સિદ્ધ થાય છે.

૭૯. સૂર્ય પૃથ્વી કરતાં ખૂબ નાનો છે.

☞ આજના વિજ્ઞાનીઓ કહે છે કે સૂર્ય પૃથ્વી કરતાં ૧૨ લાખ ગણો મોટો છે. જો આ વાત સાચી હોય અને પૃથ્વી દડા જેવી ગોળ હોય તો અડધા દડા ઉપર સૂર્યનો એકદમ સીધો પ્રકાશ પડવો જોઈએ. એટલે કે સૂર્યનો પ્રકાશ જેટલી પૃથ્વી ઉપર પડે ત્યાં બધે બપોર જેવો તડકો હોવો જોઈએ. તેને બદલે પૃથ્વી ઉપર ક્યાંક સવાર, ક્યાંક બપોર અને ક્યાંક સાંજ હોય છે; જેના ઉપરથી સાબિત થાય છે કે સૂર્ય પૃથ્વી કરતાં નાનો છે અને પૃથ્વી ગોળ નથી.

૮૦. સૂર્ય સંકોચતો જાય છે ?

☞ આજના વિજ્ઞાનીઓ કહે છે કે સૂર્ય દર ૨૦ વર્ષે ૧ માઈલ જેટલો સંકોચાતો જાય છે. આ વાત માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પના છે. સૂર્ય અનાદિ કાળથી છે અને અનંત કાળ સૂધી પ્રકાશવાનો છે. સૂર્ય જો ખરેખર ઘટતો હોય તો તેનો ક્યારેક નાશ થઈ શકે. આ વાત શક્ય નથી. માટે સૂર્ય પૃથ્વીથી મોટો નથી અને પૃથ્વી ગોળ નથી એ સાબિત થાય છે.

૮૧. ભરદરિયે પૃથ્વી ગોળ દેખાય છે ?

☞ આપણે ભરદરિયે જઈએ અને ચારે તરફ નજર કરીએ તો પૃથ્વી ગોળ દેખાય છે, જેના ઊપરથી આજના વિજ્ઞાનીઓ કહે છે કે પૃથ્વી દડા જેવી ગોળ છે. બલૂનમાં કે વિમાનમાં ઊપર જતાં મનુષ્યને પણ પૃથ્વી ગોળ દેખાય છે. હકીકતમાં આ રીતે પૃથ્વી દડા જેવી નહીં પણ થાળી જેવી ગોળ અને સપાટ દેખાય છે. આજ સુધી કોઈ નાવિકે અથવા વિમાનીએ દડા જેવી ગોળ પૃથ્વી દેખાઈ હોવાનો દાવો કર્યો નથી. આ ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ નથી.

૮૨. શું બધું જ ફરે છે ?

☞ આજના વિજ્ઞાનીઓ કહે છે કે ચંદ્ર પૃથ્વીની આજુબાજુ ફરે છે. પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે, સૂર્યમાળા કોઈ કેન્દ્રની આજુબાજુ ફરે છે. આમ કોઈ વસ્તુ સ્થિર નથી. કેટલાક વિજ્ઞાનીઓ કહે છે કે આખું બ્રહ્માંડ ફુગ્ગાની જેમ વિસ્તરી રહ્યું છે અને એક દિવસ ફૂટી જશે. આ બધી કલ્પનાઓ છે. સત્ય એ છે કે પૃથ્વી સ્થિર છે.

૮૩. દીવાલો સમાંતર હોય છે.

☞ પૃથ્વી જો ગોળ હોય અને તેને કાટખૂણે જમીનથી સરખા અંતરે બે દિવાલો ઊભી કરવામાં આવે તો આ બે દિવાલોની ઊંચાઈ વધે તેમ તેમના ટોચના ભાગ વચ્ચે અંતર વધવું જોઈએ. એક ગોળા ઊપર બે લાકડાની પટ્ટીઓ કાટખૂણે મૂકીને પ્રયોગ કરી જુઓ. હકીકતમાં આ બે દિવાલો છેક સુધી સમાંતર રહે છે, જેના ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી દડા જેવી ગોળ નથી.

૮૪. વિમાને ગતિ કરવાની શું જરૂર ?

☞ જો પૃથ્વી પોતાની ધરી ઉપર એક મિનિટના ૧૧૦૦ માઈલની ઝડપે ફરતી હોય તો કોઈ વિમાને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવા માટે પેટ્રોલ બાળવાની જરૂર નથી. વિમાન પહેલાં આકાશમાં ૩૦,૦૦૦ ફૂટ ઊંચે જાય અને ૧૦ મિનિટ સ્થિર રહીને નીચે આવે તો અમેરિકા આવી જવું જોઈએ. આવું બનતું નથી કારણ કે પૃથ્વી ગોળ નથી અને ફરતી નથી.

૮૫. એક ભૂલને છુપાવવા બીજી ભૂલ

☞ આજના વિજ્ઞાનીઓએ પહેલાં પૃથ્વીને દડા જેવી ગોળ માની લેવાની ભૂલ કરી. પૃથ્વી દડા જેવી ગોળ હોય તો આકાશમાં અધ્ધર કેવી રીતે રહે ? આ સવાલનો જવાબ મેળવવા પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરતી હોવાની કલ્પના કરવી પડી. પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરતી હોય તો સૂર્ય તેને ખેંચી ન લે ? એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમસ્યા હલ કરવા પૃથ્વી પોતાની ધરી ઉપર ફરતી હોવાની કલ્પના કરવી પડી. આ બધી કલ્પનાઓ 'પૃથ્વી દડા જેવી ગોળ છે' એવી મોટી કલ્પના ઊપર આધારિત છે, જેનો કોઈ પુરાવો નથી. પૃથ્વીને જો દડા જેવી ગોળ સાબિત ન કરી શકાતી હોય તો આગળની બધી જ વાતો કાલ્પનિક પુરવાર થાય છે. આજના વિજ્ઞાનીઓ પાસે પૃથ્વીને દડા જેવી ગોળ સાબિત કરતો એક પણ નક્કર પુરાવો નથી, જેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી સ્થિર છે અને સપાટ છે.

૮૬. પક્ષીઓ માળામાં પાછાં ફરે છે

☞ પક્ષીઓ સવાર પડે પોતાના માળાઓ છોડીને ખોરાકની શોધમાં નીકળી પડે છે. દિવસ દરમિયાન અડધો સમય તો તેઓ અવકાશમાં ઊડે છે. આ દરમિયાન પૃથ્વી તો પોતાની ધરી ઊપર હજારો માઈલ ફરી ગઈ હોય, જેનો હિસાબ પક્ષીઓ પાસે ન હોઈ શકે. તેમ છતાં પક્ષીઓ સાંજ પડે પોતાના માળાઓમાં પાછાં ફરે છે, જેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ફરતી નથી અને ગોળ પણ નથી.

૮૭. પક્ષીઓ કેમ આકાશમાં ઊડે છે ?

☞ પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ જો બધી જ ચીજો ઊપર સમાન લાગુ પડતું હો તો પક્ષીઓ કેમ આકાશમાં ઊડે છે અને નીચે પડતાં નથી? પક્ષીના ઊડવાના બળ કરતાં પૃથ્વીનું આકર્ષણ બળ ક્યાંય વધુ હોવું જોઈએ, કારણ કે આકર્ષણ બળ પદાર્થના દળ ઊપર આધાર રાખે છે. આ ઉપરથી સાબિત થાય છે કે ગુરુત્વાકર્ષણ બળ જેવી કોઈ વસ્તુ નથી.

૮૮. પક્ષીઓ ગુમ થવાં જોઈએ

☞ આપણે આકાશમાં ઋતુવિહારી પક્ષીઓ જોઈએ છીએ. પક્ષીઓ પહેલાં ક્ષિતિજમાં પ્રગટ થાય છે, પછી મધ્યાકાશમાં આવે છે અને પાછાં સામેની ક્ષિતિજમાં અદૃશ્ય થઈ જાય છે. આ રીતે એક પક્ષીના વૃંદને આપણે સતત ૧૦ થી ૧૫ મિનિટ સુધી જોઈ શકીએ છીએ. હવે ૧૦ મિનિટમાં તો પૃથ્વી ૧૧,૦૦૦ માઈલ ફરી જવી જોઈએ અને આકાશમાં ઊડતાં પક્ષીઓ આપણને સતત કેટલીક સેકન્ડથી વધુ ન દેખાવાં જોઈએ, આવું નથી બનતું કારણ કે પૃથ્વી ફરતી નથી.

૮૯. ભમરડો રજકોણોને ફેંકી દે છે

☞ જમીન ઊપર ભમરડો ફરતો હોય તેની ઊપર રજકણો નાખવામાં આવે તો તે રજકણો ફગાવી દે છે. આ રીતે પૃથ્વી પરનાં મનુષ્યો અને પશુપક્ષીઓ પણ દૂર ફેંકાઈ જવાં જોઈએ. આવું નથી બનતું; જેના ઊપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી અને ફરતી નથી.

૯૦. પૃથ્વી ઉપર આપણે ચોંટી જતા નથી

☞ વિજ્ઞાનીઓ એવી દલીલ કરે છે કે પૃથ્વી પ્રચંડ વેગે ફરતી હોવા છતાં આપણે આકાશમાં ફંગોળાઈ નથી જતા, કારણ કે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ આપણને જકડી રાખે છે. જો પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કેન્દ્રત્યાગી બળ કરતાં વધુ જોરદાર હોય તો આપણે બધા પૃથ્વી સાથે સજ્જડપણે ચોંટીને જ રહેવા જોઈએ. આપણે મુક્તપણે હલનચલન કરી શકીએ છીએ અને ફેંકાઈ જતા નથી; જેના ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી ફરતી નથી અને ગોળ નથી.

૯૧. પૃથ્વીની ગતિનો અનુભવ થતો નથી.

☞ આપણે કલાકના ૧૦૦ કિલોમીટરના વેગથી જતી ટ્રેનમાં બેઠા હોઈએ ત્યારે તેની ગતિનો અનુભવ થાય છે તો એક મિનિટના ૧૧૦૦ માઈલના વેગથી ફરતી પૃથ્વીની ગતિનો અહેસાસ કેમ નથી થતો ? કારણ કે પૃથ્વી ફરતી જ નથી.

૯૨. દરરોજ ભૂકંપ આવતા નથી

☞ એક ખાલી ગોળાને અડધો પથરાથી ભરો. બાકીના ભાગ પૈકી અડધા ભાગમાં ભીની માટી ભરો. હવે જે ભાગ ખાલી રહે તેના અડધા ભાગમાં પાણી ભરો અને બાકીનો અડધો ભાગ ખાલી રહેવા દો. હવે આ ગોળાની બરાબર મધ્યમાંથી એક સળિયો પસાર કરો અને આ સળિયાની ધરી પર ગોળાને જોરથી ઘુમાવો. આ ગોળામાં માટી, કાંકરા, પાણી વગેરેના અથડાવાનો અવાજ આવ્યા વિના રહેશે નહીં. હવે આ ગોળામાં કેટલાંક છિદ્રો પાડી તેને ઘુમાવો. છિદ્રોમાંથી માટી, પાણી, કાંકરા વગેરે તીવ્ર ગતિએ બહાર આવશે. આજના વિજ્ઞાનીઓના મતે આપણી પૃથ્વી પણ આ ગોળા જેવી છે, જે મિનિટના ૧૧૦૦ માઈલની ઝડપે ગોળ-ગોળ ઘૂમે છે. તો પછી શા માટે તેમાંથી બધું બહાર નથી આવતું ? કારણ કે પૃથ્વી ગોળ નથી અને ફરતી પણ નથી.

૯૩. બધું જ ફર્યા કરતું હોવું જોઈએ

☞ આજના વિજ્ઞાનીઓ પૃથ્વીને સૂર્યની આજુબાજુ અને પોતાની ધરીની આજુબાજુ ફરતી માને છે. પૃથ્વી જો સૂર્યની આજુબાજુ ફરતી ન હોય તો પોતાની ધરીની આજુબાજુના પરિભ્રમણને કારણે અવકાશમાં ફંગોળાઈ જાય. અવકાશમાં સૂર્ય પણ સ્થિર રહી શકતો નથી. ન્યુટનની ગતિના નિયમ મુજબ તેણે પણ કોઈ તારાની આજુબાજુ ફરવું જરૂરી છે. અન્યથા ન્યુટનનો નિયમ ખોટો સાબિત થાય. સૂર્ય જે તારાની આજુબાજુ ફરતો હોય એ તારો પણ કોઈ બીજા મોટા તારાની આજુબાજુ ફરતો હોવા જોઈએ. ન્યુટનના નિયમ મુજબ અવકાશમાં કોઈ વસ્તુ સ્થિર રહી શકે નહીં. આ રીતે પ્રત્યેક અવકાશી પદાર્થ અન્ય પદાર્થની આજુબાજુ ફરતો હોવો જોઈએ. છેવટે તો કોઈ વસ્તુ સ્થિર માનવી પડે. ત્યારે આ સ્થિર વસ્તુ કેમ સ્થિર છે તેનો જવાબ ન્યુટનની થિયરી આપી શકતી નથી. હકીકત એ છે કે આ સ્થિર પદાર્થ જ પૃથ્વી છે.

૯૪. બુધ અને સૂર્ય વચ્ચે કોઈ ગ્રહ નથી

☞ આજના વિજ્ઞાનીઓએ બુધની અને સૂર્યની ગતિનું માપ કાઢીને ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતને આધારે એવું અનુમાન કર્યું હતું કે બુધ અને સૂર્ય વચ્ચે પણ 'વલ્કન' નામનો ગ્રહ હોવો જોઈએ. ટેલિસ્કોપ વડે જોતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ સુધી વિજ્ઞાનીઓને આ નવતર ગ્રહનો પત્તો મળ્યો નથી. આ ઉપરથી ન્યુટનની ગુરુત્વાકર્ષણ થિયરી ખોટી સાબિત થાય છે અને પૃથ્વી ફરતી હોવાની વાત પણ તેવી જ રીતે ખોટી સાબિત થાય છે.

૯૫. ગ્રહો ધ્રુવના તારાની પ્રદક્ષિણા કરે છે.

☞ વિજ્ઞાનીઓ કહે છે કે બુધ, શુક્ર, મંગળ, ગુરુ, શનિ વગેરે ગ્રહો સૂર્યની પ્રદક્ષિણા કરે છે, પણ હકીકતમાં આપણે જોઈ શકીએ છીએ કે તમામ ગ્રહો, નક્ષત્રો અને તારાઓ ધ્રુવના તારાની પ્રદક્ષિણા કરે છે. આ ઊપરથી એવું સાબિત થાય છે કે ગ્રહો સૂર્યની પ્રદક્ષિણા કરતા નથી, માટે પૃથ્વી ગ્રહ નથી અને ફરતી પણ નથી.

૯૬. ગુરુનો ગ્રહ પૃથ્વી જેવો નથી

☞ ગેલિલોયોએ દૂરબીન વડે ગુરુનો ગ્રહ બારીકાઈથી જોયો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે ગુરુના ગ્રહની આજુબાજુ કેટલાક ઉપગ્રહો છે, જેઓ ગુરુની આજુ બાજુ પ્રદક્ષિણા કરે છે. આ નિરીક્ષણ ઉપરથી તેને એવો વિચાર આવ્યો કે ગુરુ સૂર્યની આજુબાજુ પ્રદક્ષિણા કરે છે. આ વિચારનો કોઈ પુરાવો નહોતો છતાં તેણે વાત સાચી માની લીધી. તેના આધારે તેણે એવી કલ્પના કરી કે ગુરુની જેમ પૃથ્વી પણ સૂર્યની પ્રદક્ષિણા કરે છે. આ વાતનો પણ કોઈ પુરાવો નહોતો છતાં તેણે આ વાત સાચી માની લીધી. ત્યાર પછી તેણે એવી કલ્પના કરી કે જેમ ગુરુના ગ્રહની આજુબાજુ ઉપગ્રહો પ્રદક્ષિણા કરે છે તેમ પૃથ્વીનો ઉપગ્રહ ચંદ્ર છે અને તે પણ પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. આ વાતનો પણ કોઈ પુરાવો નથી. આ રીતે કલ્પનાઓને જ હકીકત માની લેવામાં આવી છે.

૯૭. તો મનુષ્યોને બાંધી રાખવા પડે

☞ પૃથ્વી જો ખરેખરે દડા જેવી ગોળ હોય તો આ દડાની એકદમ ઊપરના ભાગમાં રહેલા મનુષ્યો અને પ્રાણીઓ જ સ્થિર ઊભાં રહી શકે. દડાની બાજુએ અને નીચે રહેલા મનુષ્યો તેમ જ પ્રાણીઓ આકાશમાં ગબડી ન પડે એ માટે તેમને પટ્ટાથી બાંધી રાખવાં જોઈએ. આ બાબતનો ઉકેલ આપતાં વિજ્ઞાનીઓ કહે છે કે પૃથ્વી બધી દિશામાં રહેલી ચીજોને પોતાના કેન્દ્ર તરફ આકર્ષે છે, માટે દક્ષિણ ગોળાર્ધમાં લોકો ગબડી પડતા નથી. આ માટે રબરના ગોળામાં બધી બાજુથી ખૂંચાવેલી ટાંકણીનું દૃષ્ટાંત આપવામાં આવે છે. અહીં ફરક એટલો છે કે ટાંકણીઓને રબ્બરમાં ખૂંચાવી દીધી હોવાથી તે સ્થિર રહે છે, જ્યારે મનુષ્યો અને પ્રાણીઓ હલનચલન કરતાં હોય છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણને કારણે પ્રાણીઓ જો જમીન સાથે ચોંટી ગયાં હોય તો તેઓ હલન ચલન કરી શકે નહીં. હકીકતમાં પૃથ્વીના ગોળ હોવાની અને ગુરુત્વાકર્ષણની વાત જ ખોટી છે.

૯૮. વજનમાં ફરક હોવો જોઈએ

☞ જે વિજ્ઞાનીઓ પૃથ્વીને દડા જેવી ગોળ કહે છે તેઓ પણ દાવો કરે છે કે પૃથ્વી વિષુવવૃત્ત આગળ થોડી ફૂલી ગયેલી છે અને ઉત્તર તેમજ દક્ષિણ ધ્રુવ આગળ ચપટી છે. જો આ વાત સાચી હોય તો વિષુવવૃત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વીના ગુરુત્વકેન્દ્રથી દૂર હોવું જોઈએ અને ઉત્તર તેમજ દક્ષિણ ધ્રુવ નજીક હોવા જોઈએ. જો આ વાત પણ સાચી હોય તો એક મનુષ્યનું ઉત્તર અથવા દક્ષિણ ધ્રુવ પર જેટલું વજન થાય તેના કરતાં વિષુવવૃત્ત ઉપર ઓછું વજન થવું જોઈએ. આજ દિવસ સુધી આ વાત વિજ્ઞાનીઓ સાબિત કરી શક્યા નથી. કોઈપણ વ્યક્તિનું વજન પૃથ્વીના કોઈપણ ભાગમાં એકસરખું જ જોવા મળે છે. આ ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી વિષુવવૃત્ત આગળ ફૂલી ગયેલી નથી અને હકીકતમાં પૃથ્વી ફરતી નથી અને ગોળ પણ નથી.

૯૯. ગોળાનો મધ્યભાગ ન હોય

☞ આજના વિજ્ઞાનીઓ એમ કહે છે કે પૃથ્વી ગોળ છે, માટે તેમાં ઊપર, નીચે, ડાબે, જમણે, એવું કંઈ નથી. જો આ વાત સાચી હોય તો તેમાં ઉત્તર, ધ્રુવ, દક્ષિણ ધ્રુવ અને વિષુવવૃત્ત કેમ હોઈ શકે ? ગોળામાં તો કોઈ ઉત્તર, દક્ષિણ કે મધ્ય શક્ય નથી. જો વિષુવવૃત્ત પૃથ્વીના ગોળાના મધ્યમાં દોરેલી કાલ્પનિક રેખા હોય તો ગોળાના મધ્યમાંથી આવી અસંખ્ય વર્તુળાકાર રેખાઓ દોરી શકાય. એ બધાને વિષુવવૃત્ત તરીકે શા માટે ઓળખાવી ન શકાય ? જો પૃથ્વીનો ગોળો બધી બાજુએથી સમાન હોય તો શા માટે વિષુવવૃત્ત તરીકે ઓળખાવી રહેલો ભાગ જ ફૂલી ગયો છે ? શા માટે ધ્રુવ પ્રદેશો ચપટા છે ? શા માટે આ ગોળાની ઉત્તર-દક્ષિણ પ્રદક્ષિણા કરી શકાતી નથી ? આ બધા જ સવાલોના કોઈ જવાબો આજના વિજ્ઞાનીઓ પાસે નથી, કારણ કે પૃથ્વી દડા જેવી ગોળ નથી.

૧૦૦. પૃથ્વી ઉપર અજાણ્યા પ્રદેશો છે

☞ આજના ભૂગોળશાસ્ત્રીઓ પૃથ્વીના ગોળાનો જે આકાર રજૂ કરે છે તે મુજબ આજની તારીખમાં આ પૃથ્વી ઊપર એક પણ પ્રદેશ એવો નથી કે જેની આપણને જાણ ન હોય અને જયાં આપણે પહોંચ્યા ન હોઈએ. તેમ છતાં આજે પણ એટલાન્ટિક મહાસાગરમાં બર્મુડા ટ્રાયેન્ગલ નામનો વિસ્તાર છે, જ્યાં મોટાં મોટાં વિમાનો અને સ્ટીમરો ગુમ થઈ જાય છે પણ તેનો ક્યારેય પત્તો લાગતો નથી. આ સ્ટરીમરોનો કે વિમાનનો કાટમાળ અથવા તેમાં રહેલા મનુષ્યોના મૃતદેહો પણ કદી હાથમાં આવતા નથી. એવું કહેવાય છે કે બર્મુડા ટ્રાયેન્ગલ એવી અજ્ઞાત પૃથ્વીનું પ્રવેશદ્વાર છે, જ્યાં હજી સુધી કાળા માથાનો માનવી પહોંચી શક્યો નથી. પૃથ્વી ઊપર આવો એક પણ પ્રદેશ હોય તો પૃથ્વીનો વર્તમાન નકશો ખોટો સાબિત થાય છે અને પૃથ્વી દડા જેવી ગોળ હોવાની માન્યતા પણ ખોટી પડે છે.

૧૦૧. એન્ટાર્કટિકા ખંડ સાબિતી છે

☞ પૃથ્વી દડા જેવી ગોળ ન હોવાની સૌથી મોટી સાબિતી દક્ષિણ મહાસાગરને છેવાડે આવેળો હિમાચ્છાદિત એન્ટાર્કટિકા ખંડ છે. હજી સુધી કોઈ કાળા માથાનો માનવી સ્ટીમરમાં કે વિમાનમાં બેસીને આ ખંડની આરપાર નીકળી શક્યો નથી. અત્યારે જેટલા લોકો એન્ટાર્કટિકાનો પ્રવાસ કરે છે તેઓ તેના પરિઘ ઊપર જઈને પાછા ફરે છે, પણ કેન્દ્ર સુધી કોઈ પહોંચતું નથી. આધુનિક વિમાનો કે હેલિકોપ્ટરો વડે પણ એન્ટાર્કટિકા ખંડને કોઈ ઓળંગી શક્યું નથી. આ માટેના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. જેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજના વિજ્ઞાનીઓ દક્ષિણ ધ્રુવ કહે છે તે પ્રદેશ સુધી પણ કોઈ પહોંચી શકતું નથી. આ ઉપરથી સાબિત થાય છે કે અજ્ઞાત વિશ્વ બહુ મોટું છે, જેનો પ્રારંભ એન્ટાર્કટિકાથી થાય છે. પૃથ્વીમાં દક્ષિણ ધ્રુવ જેવું કોઈ કેન્દ્ર જ નથી, જેના ઉપરથી સાબિત થાય છે કે પૃથ્વી ગોળ નથી.

"જૈન ભૂગોળનું તર્કશુદ્ધ વિજ્ઞાન" પુસ્તકમાંથી સાભાર...

૯. ખ્રિસ્તી ધર્મ પણ પૃથ્વીને સપાટ માને છે

☞ ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાઈબલમાં પણ અનેક સ્થળે પૃથ્વી સ્થિર છે અને સપાટ છે, એવી માન્યતાનું સમર્થન કરવામાં આવ્યું છે, તે જેમકે....

બાઈબલના જિનેસીસ ૧૧:૧-૯ (૪) માં લખવામાં આવ્યું છે કે "પછી તેમણે કહ્યું કે - ચાલો આપણે એક શહેર બનાવીએ, જેમાં સ્વર્ગમાં પહોંચતો એક ટાવર હોય. " બાઈબલના ઈસાઈહા ૧૧:૧૨ માં લખવામાં આવ્યું છે કે "પછી તેઓ ઈઝરાયલના નાતબહાર મુકાયેલાને ભેગા કરશે અને દુનિયાની ચાર કિનારી ઊપર તેમને મોકલશે." ડેનિયલ ૪:૧૧ માં લખવામાં આવ્યું છે કે "પછી તે મજબૂત વૃક્ષ ઊગ્યું અને તે સ્વર્ગ સુધી ઊંચું ગયું. ત્યાંથી પૃથ્વીનો છેડો દેખાતો હતો." બાઈબલના સાલ્મ ૯૩:૧ માં લખ્યું છે કે "પૃથ્વી એટલી મજબૂત છે કે તેને હલાવી ન શકાય." બાઈબલના એક્સેલેસિયાસ્ટસ ૧:૫ માં લખ્યું છે કે "સૂર્ય ઊગે છે અને સૂર્ય આથમે છે. તે જ્યાંથી ઊગ્યો હોય ત્યાં પાછો ઝડપથી પહોંચી જાય છે." આ વિધાન ઊપરથી ખ્યાલ આવે છે કે બાઈબલના મત મુજબ સૂર્ય ફરે છે અને પૃથ્વી સ્થિર છે.

બાઈબલના ઈસાઈહા ૪૦:૨૨ માં લખવામાં આવ્યું છે કે "તેઓ પૃથ્વીના વર્તુળમાં સિંહાસન ઊપર બિરાજમાન છે." આ વિધાનને કેટલાક આધુનિક વિજ્ઞાનવાદીઓ પૃથ્વી ગોળ હોવાની માન્યતાના સમર્થન તરીકે જુએ છે; પણ બાઈબલમાં જે ગોળાકારની વાત કરવામાં આવી છે તે થાળી જેવા સપાટ ગોળાકારની વાત છે. બાઈબલના જોબ ૩૭:૩૩ માં લખવામાં આવ્યું છે કે "મેં જ્યારે પૃથ્વીનો પાયો નાખ્યો ત્યારે તમે ક્યાં હતા ?" આ રીતે ખ્રિસ્તી ધર્મમાં પણ પૃથ્વીને સ્થિર અને સપાટ જ માનવામાં આવી છે.

"જૈન ભૂગોળનું તર્કશુદ્ધ વિજ્ઞાન" પુસ્તકમાંથી સાભાર.....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. શું ! ખરેખર પૃથ્વી ફરે છે ?

☞ આજે જગત પર પોતાનું વર્ચસ્વ જમાવી રાખવા મથતા વિજ્ઞાનવાદની કેટલીક તદ્દન વિસંવાદી ભ્રામક વાતો પણ બાહ્ય-આડંબર અને પ્રચારના બળે જનતાના માનસમાં સ્થિર થવા પામી છે. તેમાંની એક વાત છે કે - "પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે." પરંતુ વિજ્ઞાન એ પ્રયોગસિદ્ધ મનાય છે જ્યારે "પૃથ્વી ફરે છે" તે બાબત કોણે ક્યા પ્રયોગથી નક્કી કર્યું ? એ જ વાત પ્રમાણસિદ્ધ નથી, માત્ર કલ્પનાના ઘોડા દોડાવીને આ વાત લોકોના માનસમાં ડોલાણ ઊભું કરે તે રીતે રજૂ થઈ છે. પૃથ્વીની ગતિ વિજ્ઞાનની દૃષ્ટિએ ત્રણ જાતની મનાય છે. (૧) ધરી પરની ગતિ, જેનાથી દિવસ - રાત થાય છે. તે કલાકના ૧,૧૦૦ માઈલની હોય છે. (૨) સૂર્યની આસપાસ ગતિ, જેનાથી ઋતુઓ થાય છે તે કલાકના ૬૬,૦૦૦ માઈલની હોય છે અને (૩) સૂર્ય સાથે ગતિ, કલાકના ૭,૨૦,૦૦૦ માઈલની, કેમ કે સૂર્ય પણ શૌરી નામના ગ્રહ તરફ સેકંડના ૨૦૦ માઈલની સ્પીડથી પોતાની આખી ગ્રહમાળાને લઈને ધસી રહ્યો છે. આ ત્રણ જાતની ગતિનો સુમેળ રાખી પૃથ્વી ગતિ કરે છે.

અહીં સવાલ મહત્ત્વનો એ થાય છે કે ☞ કલાકે ૭,૨૦,૦૦૦/૬૬,૦૦૦/૧,૧૦૦ માઈલની ઝડપથી ફરનારી પૃથ્વી પરના પદાર્થો બધા વ્યવસ્થિત શી રીતે રહે ?

☞ વળી આટલી ઝડપથી પૃથ્વી પશ્ચિમથી પૂર્વમાં જતી હોય તો સદા માટે પૃથ્વી પર પવનનો સામી દિશાનો ઘસારો કેટલો બધો અનુભવાય ?

☞ પૃથ્વી આટલી ઝડપથી ફરતી હોય તો આકાશમાં ઊડેલ પક્ષી પાછું પોતાના માળામાં શી રીતે પહોંચી શકે ?

☞ વળી જમીન પર ઊભો રહેલ શિકારી અચૂક નિશાન શી રીતે સાધી શકે ?

આના સમાધાનમાં આપતી દલીલો "વાતાવરણ પણ પૃથ્વી સાથે ફરે છે" તે તર્કસંગત નથી. કેમ કે સંસારમાં કોઈ પણ વાહન, ગાડી, મોટર કે પ્લેન પોતાની સાથે વાતાવરણને પણ લઈને દોડતું હોય એ સંભવિત નથી. વળી તા. ૨૦-૧૨-૧૯૬૭ના ટાઈમ્સ ઓફ ઈંડિયામાં પ્રકાશિત ઈંડિયા સાયન્સ એકેડમી દિલ્હી તરફથી યોજાયેલ બેંગ્લોરની મીટિંગમાં નોબેલ પુરસ્કાર વિજેતા પ્રખ્યાત વૈજ્ઞાનિક **C. V. રામને** "પૃથ્વી સાથે વાતાવરણ નથી ફરતું" એવી વૈજ્ઞાનિક શોધ ઉપર આપેલ મહત્ત્વના પ્રવચન ઉપરથી તો સ્પષ્ટ સાબિત થાય છે કે, "પૃથ્વીની ગતિ અને વાતવરણની ગતિ ભિન્ન છે."

☞ વળી પૃથ્વી ગતિશીલ હોય તો એરોપ્લેનમાં બેસી અદ્ધર આકાશમાં સ્થિર થઈ કલાકના ૧,૧૦૦ માઈલના વેગથી પૃથ્વીનો ગોળો ફરે તો જ્યાં ઈચ્છા હોય ત્યાં ઊતરી શકાય તો પછી પ્લેનને ગતિશીલ કરવાની જરૂર શી ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☞ વળી પૃથ્વી સૂર્યના ગુરુત્વાકર્ષણથી બંધાયેલી છે અને સૂર્ય શૌરી ગ્રહ તરફ ગુરુત્વાકર્ષણથી ખેંચાઈને પોતાની આખી ગ્રહમાળા લઈને ધસી રહ્યો છે તો પૃથ્વી ડિસે. થી જૂન તો સૂર્યની સાથે ખેંચાતી સૂર્યની આસપાસ ફરી શકે. પણ જૂનથી ડિસેમ્બરમાં પૃથ્વી તો પૂર્વથી પશ્ચિમમાં જાય અને સૂર્ય તો ૨૦ ક્રોડ વર્ષે એક ચક્રાવો પૂરો કરતો હોઈ ૧૦ ક્રોડ વર્ષો બાદ પૂર્વથી પશ્ચિમમાં આવે ત્યાં સુધી તો પશ્ચિમથી પૂર્વમાં જાય તો પૃથ્વી જૂનથી ડિસેમ્બરમાં પૂર્વથી પશ્ચિમમાં ૬૬,૦૦૦ માઈલ સ્પીડે જાય અને સૂર્ય તેને પોતાના ગુરુત્વાકર્ષણથી પોતાની સાથે (એટલે ૧૦ ક્રોડ વર્ષ સુધી પશ્ચિમથી પૂર્વમાં જતો હોઈ) ૭,૨૦,૦૦૦ ની ઝડપે ખેંચે, આ ખેંચા-ખેંચીમાં બિચારી પૃથ્વી ગતિ જ શી રીતે કરી શકે ? આ ખૂબ જ ગંભીરતાથી વિચારવા જેવું છે.

☞ જો પૃથ્વી ખરેખર ફરતી હોય તો ધ્રુવનો તારો બારે મહિના એક જ સ્થાને એક જ સરખી રીતે કેમ દેખી શકાય ? કેમ કે, ૨૧ જૂન કે ૨૧ ડિસેમ્બરે તો પૃથ્વી ૨૧ માર્ચના સ્થાન કરતાં ૧૬ ક્રોડ માઈલ દૂર હોય તો ધ્રુવના તારાનો ખૂણો ત્રાંસો થવો જોઈએ.

આજે તો ૨૦૦ ઈંચવાળા વ્યાસનાં વિરાટકાય દૂરબીનો શોધાયાં છે જેમાં ઝીણામાં ઝીણી ચીજનું અંતર પણ જાણી શકાય છે. તો ૧૬ ક્રોડ માઈલ દૂર રહેલા પૃથ્વી ઉપરથી ધ્રુવના તારાનું થતું નિરીક્ષણ ધ્રુવના તારાની સીધી લીટીએ રહેલ પૃથ્વી ઊપરથી થતા નિરીક્ષણને મળતું આવે.... એ સંભવે ખરું ? આ ચોખ્ખો પ્રત્યક્ષ દાખલો છે કે પૃથ્વી નથી ફરતી ...!

પરંતુ આજે વૈજ્ઞાનિક વાતાવરણમાં રંગાઈ ગયેલા હાલના શિક્ષિતોના મગજમાં એક તરફી વલણની નીતિ ખૂબ જ સ્થાન પામતી જાય છે. તેથી સત્ય પણ ઘણીવાર લોકોના અનાદરનો વિષય બની જાય છે. તેથી વર્તમાનકાળે સત્યની જિજ્ઞાસાને યોગ્ય રીતે કેળવવા માટે પ્રસ્તુત લેખના માધ્યમથી અને આ **"જૈન કોસ્મોલોજી"** ગ્રંથના આધારે વિચારક વિદ્વાનોનું લક્ષ્ય આવી બાબતો તરફ ખેંચ્યું છે.

સહુ તટસ્થ રીતે સત્યની જિજ્ઞાસા સાથે વાસ્તવિકતાને ઓળખો... એ જ શુભાભિલાષા... સહ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. ના ! પૃથ્વી ફરતી નથી.

લે. સ્વામી સ્વરુપાનંદ
(સાલવી પાડો - પાટણ (ઉ.ગુ.))

☞

(૧) જૈન શાસ્ત્રોના આધારે

(A) જૈનાગમ **"સૂર્યપ્રજ્ઞપ્તિ"** ના સૂત્રમાં સૂર્યની ગતિનું સ્પષ્ટ પ્રમાણ મળે છે.- તે જેમ કે ગણધર શ્રી ગૌતમસ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને પ્રશ્ન કર્યો કે, "હે ભદંત ! સૂર્ય જ્યારે અંદરના મંડળથી બહારના મંડળમાં જાય અને એ પ્રમાણે જ બહારના મંડળમાંથી અંદરના મંડળમાં આવે ત્યારે આ સૂર્યને આટલી ગતિ કરવામાં કેટલા દિવસ-રાતનો સમય લાગે છે ?" ભગવાન મહાવીર સ્વામીએ જવાબ આપતાં જણાવ્યું કે, "હે ગૌતમ ! આ ગતિ કરવામાં ૩૬૬ (ત્રણસો છાસઠ) રાત અને દિવસનો સમય લાગે છે." **(શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર/પ્રથમ પ્રાભૃત/સૂત્ર-૯)**

(B) ગૌતમ સ્વામીએ ફરી પૂછ્યું કે, "હે ભદંત ! આટલા સમયમાં (૩૬૬ રાત-દિવસ) સૂર્ય કેટલા મંડળોમાં પરિભ્રમણ કરે છે? કેટલાં મંડળોમાં ૨ વાર પરિભ્રમણ કરે છે અને કેટલાં મંડળોમાં એકવાર પરિભ્રમણ કરે છે ?"

ત્યારે ભગવાન શ્રી મહાવીરે કહ્યું કે, "હે ગૌતમ ! સૂર્ય ૧૮૪ (એકસો ચોરાસી) મંડળોમાં પરિભ્રમણ કરે છે. આમાંથી ૧૮૨ મંડળોમાં ૨ વાર પરિભ્રમણ કરે છે. જે આ પ્રમાણે છે. - "બહાર આવતી વખતે અને પ્રવેશ કરતી વખતે એક પહેલું મંડળ અને છેલ્લું મંડળ, આ પ્રમાણે ૨ મંડળ સિવાય બીજા બધા મંડળોમાં ૨ વાર ભ્રમણ સૂર્યનું હોય છે. (૧) સૌથી અંદરના મંડળમાં તથા (૨) સૌથી બહારના મંડળમાં સૂર્યનું ભ્રમણ એકવાર હોય છે." **(શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર/પ્રથમ પ્રાભૃત/સૂત્ર-૧૦)**

(C) જેમ જેમ વખત (સમય) વીતતો જાય તેમ તેમ સૂર્ય આગળ જાય. તેમ તેમ એની પાછળના દેશોમાં રાત્રિ થાય છે. આ પ્રમાણે દેશ-ક્ષેત્રના ભેદ હોવાને કારણે સૂર્યોદય અને સૂર્યાસ્તનો ભેદ પડે છે અને આથી જ કાળભેદ પણ થાય છે. **(શ્રી ભગવતી સૂત્ર-વૃત્તિ/શતક-૫/ઉદ્દેશો-૧)**

(D) પ્રથમ પ્રહર વગેરે સમય જંબૂદ્વીપના ૨ ભાગોમાં એક સાથે મળે છે. આ પ્રમાણે દેશભેદથી પ્રત્યેક સમયનો ભેદ (જંબૂદ્વીપ વગેરેમાં) મળે છે અથવા ભરતક્ષેત્રમાં જે સ્થાન પર સૂર્યોદય થાય તેનાથી પાછળ આવેલા ભાગ માટે તે જ સમય અસ્તકાળ માનવામાં આવે છે. આ ઉદયસ્થાન અને અસ્તસ્થાનની વચમાં (મધ્યભાગમાં) રહેનારાઓ માટે એ જ સમય મધ્યાહ્નનો સમય માનવામાં આવે છે.

આ પ્રમાણે કાળ (સમય) કોઈના માટે પ્રથમ પ્રહર, કોઈના માટે બીજો પ્રહર તો કોઈને માટે ત્રીજો પ્રહર, ક્યાંય સંધ્યાનો સમય બનશે... આ પ્રકારની વિચારણા દ્વારા આઠે પ્રહર સંબંધી સમય એકી સાથે મળી શકશે. જંબૂદ્વીપમાં આવેલા મેરુપર્વતથી ચારે બાજુ સૂર્યના પરિભ્રમણ દ્વારા કાળના આઠે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રહરના સમયની એક સરખા સમયે શક્યતા બને છે. આ પ્રમાણે સંપૂર્ણ નરલોક - અઢીદ્વીપના સંબંધમાં વિચાર કરવો જોઈએ. **(શ્રી મંડલ પ્રકરણ ટીકામાંથી)**

☞ **(૨) અથર્વવેદના આધારે**

(A) "સૂર્ય દ્યુલોક અને પૃથ્વીની ચારે બાજુ પ્રદક્ષિણા કરે છે." **(શ્રી અથર્વવેદ...)**

(B) "દ્યુલોક અને પૃથ્વીની પરિક્રમા કરતો સૂર્ય રાત અને દિવસ એમ બે પ્રકારે સમયના ભાગ પડે છે." **(શ્રી અથર્વવેદ...)**

(C) "પૃથ્વી સ્થિર છે." **(શ્રી અથર્વવેદ ૬/૮૯/૧)**

(D) "દ્યુલોક અને પૃથ્વી સદા સર્વદા સ્થિર રહે છે." **(શ્રી અથર્વવેદ - ૧૦-૮-૨)**

☞ **(૩) ઋગ્વેદના આધારે**

(A) "પૃથ્વી સ્થિર છે." **(શ્રી ઋગ્વેદ- ૧/૫૦/૯)**

(B) "સૂર્ય પોતાની નિશ્ચિત ગતિ પ્રમાણે ચાલતો રહે છે." **(શ્રી ઋગ્વેદ - ૧/૭૨/૯)**

☞ **(૪) યજુર્વેદના આધારે**

(A) "પૃથ્વી ધ્રુવ છે અને સ્થિર છે." **(શ્રી યજુર્વેદ- ૪/૧૨)**

(B) "સૂર્ય સાત ઘોડાવાળા રથ વડે ભુવનને (દ્યુલોક અને પૃથ્વીને) જોતો જોતો પસાર થાય છે. **(શ્રી યજુર્વેદ-૩૩/૪૩)**

(C) "પૃથ્વી અચલ છે... અચળ હોવા છતાં તે સ્થિર સ્વરૂપે અવસ્થિત છે." **(શ્રી સાયણ ભાષ્ય)**

☞ (૫) "દ્યુલોક અને પૃથ્વી સ્થિર છે. **(કોષિતકી બ્રાહ્મણ)**

☞ (૬) (A)બે હજાર બસ્સો (૨,૨૦૦) યોજનનો માર્ગ આંખના પલકારાના અર્ધ ભાગમાં વિચરનાર (હે સૂર્ય !) આપને હું વંદન કરું છું. **(શ્રી આદિત્ય હૃદય)**

(B) ૯ લાખ બે હજાર (૯,૦૨,૦૦૦) યોજન જેટલો માર્ગ બે ઘડીમાં પાર કરવાવાળા (હે સૂર્ય !) આપને હું વંદન કરું છું. **(શ્રી આદિત્ય હૃદય...)**

ઉપર્યુકત પ્રમાણોથી આ વાત સ્પષ્ટ સિદ્ધ થાય છે કે પૃથ્વી સ્થિર છે અને સૂર્ય ફરે છે તે માન્યતા સ્વીકૃત છે આટલું હોવા છતાં પણ ઈ.સ. ૪૭૬માં આર્યભટ્ટ નામના એક ભારતીય વિદ્વાને પૃથ્વી ફરે છે એવો પોતાનો અભિપ્રાય રજૂ કર્યો જેનું ખંડન કરનારાઓનો ઉલ્લેખ પણ મળી આવે છે જેનું વિવરણ આ પ્રમાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☞ (૧) પૃથ્વીના ભ્રમણના વેગથી ઉત્પન્ન થતા વાયુ વડે મોટા- મોટા મહેલ અને પર્વતોનાં શિખર અવશ્ય તૂટી પડે અને બધી ધ્વજાઓ પશ્ચિમ તરફ ફરકવા લાગે. કારણ કે તીવ્ર વેગથી કોઈ પણ વસ્તુનું સ્થિર રહેવું શક્ય નથી. **(શ્રીપતિ પંડિતજી)**

☞ (૨) જેમ સૂર્ય અને અગ્નિમાં ઉષ્ણતા, ચંદ્રમાં શીતલતા, પાણીમાં પ્રવાહિતતા, પથ્થરમાં કઠોરતા, વાયુમાં ચંચલતા હોય છે તેવી જ રીતે પૃથ્વી સ્વભાવથી જ અચલા છે કેમ કે વસ્તુતઃ વસ્તુની અંદર એક વિચિત્ર પ્રકારની શક્તિ હોય છે. આથી સ્થિરત્વ તે પૃથ્વીનો સ્વભાવ છે.

(શ્રી ભાસ્કરાચાર્ય રચિત- શિરોમણિ ગોલાધ્યાય પૂર્વ શ્લોક)

☞ (૩) કેટલીક વ્યક્તિઓનું એવું કથન છે કે પૃથ્વી ફરે છે અને તારા તથા ગ્રહ-ગણાદિ સ્થિર છે. પરંતુ જો એવું હોય તો પોતાનો માળો છોડી આકાશમાં ઊડતાં પક્ષી કેટલાક સમય બાદ ફરી પાછાં પોતાના માળામાં શી રીતે આવી શકે ? **(શ્રી વરાહમિહિર પંચસિદ્ધાંતિકા અ-૧૨, શ્લોક-૬)**

☞ (૪) જો પૃથ્વી ફરતી હોય તો પક્ષી પોતાના માળાઓમાં પાછાં કેવી રીતે આવે છે ? તથા આકાશમાં ફેંકાતું તીર ક્યાંક વિલીન કેમ થતું નથી ? અથવા તે પૂર્વ કે પશ્ચિમમાં વિષમ ગતિવાળાં કેમ બનતાં નથી ? (અથવા પૂર્વ તરફ ફેંકેલું બાણ પશ્ચિમ તરફ અથવા પશ્ચિમ તરફ ફેંકેલું બાણ પૂર્વાભિમુખ કેમ બનતું નથી ?) હવે જો એમ કહેવામાં આવે કે પૃથ્વીની ગતિ મંદ છે આથી આવું બને છે તો ફક્ત એક દિવસમાં જ શી રીતે તે પૂર્વ ગોલાર્ધ ફરી શકે ? એક રાત-દિવસમાં એના ભ્રમણની શક્યતા કેવી રીતે ? **(સિદ્ધાંત શિરોમણિ-શિષ્ય ધીવૃદ્ધિદ તંત્ર- ગોલાધ્યાય / શ્લોક ૩૮-૫૩)**

☞ (૫) ભ્રમણનો સિદ્ધાંત પ્રત્યક્ષ બાધિત છે, કેમ કે "પૃથ્વી ફરે છે" એનો નિર્ણય પ્રત્યક્ષ અનુભવથી થતો નથી જ્યારે "પૃથ્વી સ્થિર છે" એવો અનુભવ બધાને થાય છે આથી પૃથ્વીની સ્થિરતા સંબંધિત અનુભવને ભ્રમ કહી શકાય નહિ કારણ કે બધા દેશ અને બધા કાળમાં બધા મનુષ્યોને "પૃથ્વી ફરે છે" એવો અનુભવ થતો નથી. હોડી વગેરેમાં બેઠેલાને હોડી સ્થિર છે એવો અનુભવ અવશ્ય થાય છે પરંતુ સ્થિરતાનો અનુભવ વસ્તુતઃ ભ્રમ છે. કારણ કે બીજાઓને (હોડીમાં બેઠેલાઓને અથવા કિનારા પર ઊભેલ વ્યક્તિઓને) હોડી વગેરે ચાલે છે તેનો અનુભવ થાય છે આ દલીલથી હોડીની સ્થિરતાનો અનુભવ મિથ્યા સાબિત થાય છે, તેથી સિદ્ધ થાય છે કે પૃથ્વી સ્થિર છે.

☞ (૬) "પૃથ્વી ભ્રમણશીલ નથી" પૃથ્વીમાં ગુરુત્વ અને સ્થિતિસ્થાપક ધર્મ નિહિત છે આથી તે ગતિ કરી શકતી નથી. જો પૃથ્વી ભ્રમણશીલ છે, તો તે ગુરુત્વ અને સ્થિતિસ્થાપક ધર્મવાળી ન હોઈ શકે જેમકે વાયુ અને અગ્નિ - વાયુમાં ગુરુત્વ નથી તેથી તે અસ્થિર છે અને અગ્નિમાં સ્થિતિસ્થાપકતા નથી આથી તે સ્થિર નથી. પૃથ્વીની બાબતમાં આનું કોઈ પ્રમાણ નથી આથી પૃથ્વી ભ્રમણશીલા નથી.

(સૂર્ય ગતિ વિજ્ઞાન)

☞ (૭) ઈસ્લામ ધર્મગ્રંથ **"કુરાને શરીફ"** માં આ વિષયને લગતી એવી જ માન્યતાઓ જોઈએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(A) **"बश्शम सौ तजरौ लो मुसतकरिल्लहा तो या ।"** એટલે કે સૂરજ એક નિશ્ચિત માર્ગ ઊપર ચાલે છે.
(सूरे यामित पारा २२ रुकु पहला आयात ६७)

(B) **"बलकमरा कदरना दो मना जेला दत्ता आदंकल उरजुलि कदीमा ।"** એટલે કે સૂર્ય અને ચંદ્રમાં પણ પોતાની મંજિલના નિશ્ચિત રાહી છે. તે એટલે સુધી કે ઘટતા ઘટતા ખજૂરની જૂની ડાળી (પાતલી) ની માફક તે બની છે. (ઉપરોક્ત એ જ.... **आयत-३८**)

(C) **"लश्शफ सौ यम बग्गोलहा उन तहरे कल कमरा बज्गाललयव भाले कुडा व होरी ब कुल्लुन की हिलनी यस बदुना ।"** એટલે કે નથી સૂરજથી બની શકતું કે તે ચાંદને જઈને પકડે અને સૂરજ પણ દિવસની પહેલા આવી શકતો નથી. દરેક પોતાના નિયત માર્ગ ઊપર જ વિચરે છે. (એ જ - **आयत-३९**)

(D) **"अश्शम सो बल कमरो बें रहुसबान ।"** એટલે કે સૂરજ-ચંદ્ર એક સાથે નિશ્ચિત પણે વિચરે છે.
(सूरे रहमान पारा २७, आयत ८२८)


"बस्मला ह जाति ले बो सजे ।" એટલે કે - आसमान की कलम जिसमें बुर्ज है अर्थात् बुर्जों से मुराद हुवा कि बरा उना की मंजिल है। बुर्जा अरब में महल को कहते हैं, तारों की मंजिल का नाम बुर्ज इसलिए रहा कि वह मानो उनके घर है।"
(सूरे बुर्जे - पारा-३०)

"इन्नल लाहा धूमसेकु रसमा बाते वल अरदा अन तजुला ।"
"वलाउण जलाता इन कहु सक दोमा मिल अहदिम मिमबादेही ।"

એટલે કે ખુદા જ આકાશ અને જમીનને સ્થિર રાખી શકે છે કે જેથી ગબડી ન પડે, અગર જો ગબડી પડે તો ખુદાના સિવાય કોઈ નથી કે જે એને થંભાવી શકે.

(सूरे कातिर पारा-२२, आयत-४१)

("तत्वज्ञान स्मारिका" માંથી સાભાર)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨. આધુનિક ભૂગોળ અને જૈનધર્મ...

લે. પ.પૂ. આ.શ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મ.સા.

☞ ખરેખર જૈનધર્મમાં જીવનનાં બધાં જ અંગોને સ્પર્શનારાં તત્ત્વોની યથાર્થ વ્યાખ્યા આવે છે. શિક્ષણના ક્ષેત્રે કેટલું ? અને શું ઉપયોગી છે ? તે વાત પણ જૈનધર્મે સફળ રીતે વિચારી છે. ભારતીય સંસ્કૃતિના મહત્ત્વને નહિ પિછાણનારાઓ એમ કદાચ બોલી દેતા હોય કે...."શું ધર્મ તે વળી દુન્યવી બાબતોમાં માથું મારતો હશે ? શું ભણવું ? શું ન ભણવું ? એમાં તો વ્યવહાર દૃષ્ટિએ જે અર્થોપાર્જન માટે વધુ ઉપયોગી જણાય, તેવું જ્ઞાન ઉપયોગી માની શકાય, તેમાં વળી ધર્મનું નિયંત્રણ કેમ સંગત થાય ?"

પરંતુ સૂક્ષ્મ રીતે ઊંડાણથી વિચારતાં - **"ધર્મ એટલે જીવન જીવવાની આદર્શ પદ્ધતિ"** એમ સમજાય છે ... આ અર્થ યોગ્ય - રીતે વિચારતાં જીવન જીવવા માટે વ્યવહારિક રીતે જરૂરી લાગતા પદાર્થો જો યથોચિતપણે ન મેળવાય તો શક્તિનો દુર્વ્યય કેમ અટકે ? ખરેખર શક્તિનો દુર્વ્યય ન થાય એજ ધર્મનું પ્રધાન રહસ્ય છે. આ દૃષ્ટિએ વર્તમાનકાળે જે પણ શિક્ષણ અપાઈ કે લેવાઈ રહ્યું છે તેમાં સાંસ્કૃતિક દૃષ્ટિએ માનવ જીવનને અનિષ્ટ રીતે ધક્કો પહોંચાડનાર જે તત્ત્વો હોય છે, તે સામે લાલબત્તી ધરવી એ પણ ધર્મનું અવસરોચિત કર્તવ્ય બની રહે છે.

તેથી સ્કૂલો, વિદ્યાલયો અને કોલેજો વગેરેમાં જે રીતે વિજ્ઞાન, ઈતિહાસ, અર્થકારણ, રાજકારણ, કૃષિવિદ્યા, વાણિજ્ય શાસ્ત્રાદિની અધકચરી અને ભ્રામક બિનાઓ વિદેશીઓએ પોતાના મલિન - સ્વાર્થની સિદ્ધિ માટે ગોઠવી રાખેલી નીતિને અનુરુપ પુસ્તકો આદિ આધારે શિખવાડાય છે. આ જ રીતે વિકૃત અને કલ્પનામય પાયા ઉપર ગોઠવાયેલ ભૂગોળનો વિષય પણ કુમળા માનસવાળા બાળકોના મગજમાં પાંચમા ધોરણથી ઠસાવવામાં આવે છે. જેનાથી પરિણામે હાઈસ્કૂલ કે કોલેજનું અધ્યયન પૂરું થતાં તે વિદ્યાર્થી ધર્મ અને તે જ ધર્મના અનુષ્ઠાનો તરફ અનાદરવાળો અને છૂપી રીતે (અંદરખાને) પણ તે બધું હંબગ કલ્પનામય માનતો થઈ જાય છે.

આ પરિસ્થિતિના સર્જનના પ્રતાપે **"ધર્મમાં વિશ્વાસ ન રાખવો"** એ એક જાતની સિવિલાઈઝેશન કે નવી ફેશનનો નમૂનો બની રહ્યો છે. જે નમૂનાનો માલ લગભગ બધા શિક્ષિતો પાસે ઓછો કે વધારે ગુપ્ત કે જાહેર હોય જ છે... ! તેથી જરા વિચારવાની જરૂર છે કે હકીકતમાં ધર્મ એ શું વહેમનો ભંડાર છે ? ધર્મ એ શું કલ્પનાસૃષ્ટિની ચીજ છે ?

વાત એ છે કે ભારતમાં શક, મુસલમાનાદિ ઘણા વિદેશીઓના આક્રમણો આવ્યાં. વળી તેઓ સ્થૂલ પ્રમાણમાં સંપત્તિ પણ લૂંટી ગયા. તેમજ કતલ કરીને સ્થૂલ પ્રાણીઓનો પણ નાશ કર્યો. પરંતુ પ્રજાની નસેનસમાં ઝણઝણી રહેલું, સાંસ્કૃતિક ખમીર તેવું જ બલ્કે આવા અત્યાચારોથી વધું પ્રબળપણે ટકી રહ્યું.... પરિણામે ગમે તેવી પ્રબળ વિદેશી સત્તાને છેવટે અહીંથી ઊપડી જવું પડ્યું કોઈ સ્થિર ન થઈ શક્યું.

પાશ્ચાત્યોએ આ વસ્તુનો ખૂબ વ્યવસ્થિત અભ્યાસ કરી પોતાની સત્તાને ચિરસ્થાઈ બનાવવા શરૂઆતમાં એલચી રૂપે, પછી વ્યાપારી કંપની રૂપે, તેમાંથી પચાવી પાડનાર સત્તાધીશરૂપે, છેવટે સર્વ સત્તાધીશો બની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાની પેરવી કરતા રહ્યા. બીજી બાજુ પ્રજામાં "અમે તમારા ધર્મમાં જરા પણ ડખલ નહીં કરીએ." એમ વિશ્વાસ પમાડવા ઈ.સ. ૧૮૫૭નાં વિપ્લવ બાદ ઢંઢેરો જાહેર કરીને શિક્ષણ ક્ષેત્રમાં લોર્ડ મેકોલેની નીતિ પ્રમાણે વિવિધ શિક્ષણ આપવાના નામે તેઓએ પોતે ઘડી કાઢેલા કલ્પનામય વિકૃત અસત્યોનો સુગર કૂવોટેડ પોઈઝનની પદ્ધતિએ વિદ્યાર્થીઓના માનસમાં પ્રચાર કર્યો.

આવી રીતે ભારતીય સંસ્કૃતિનાં સત્યોનું અવમૂલ્યન કરી ભારતીય પ્રજાના માનસમાં તે સંબંધી વિકૃત છાપ ઉપજાવી નવી પ્રજાને સાંસ્કૃતિક અસ્મિતાથી વંચિત રાખવા માટે જાણી જોઈને તેઓએ વિરૂપ અસત્યો શિક્ષણમાં વિવિધ રીતે પેસાડયાં છે જેનું ફળ આપણે આજે અનુભવીએ છીએ. ઉદા. તરીકે - ભૂગોળની વર્તમાન ધારણાઓના પાયામાં "પૃથ્વી ગોળ છે, અદ્ધર આકાશમાં લટકતો ગોળો છે, સૂર્યમણ્ડલનો ગ્રહ છે અને તે સૂર્યની આસપાસ બીજા ગ્રહોની જેમ ફરે છે," ઈત્યાદિ...વાતો પ્રચાર બળે જામી પડી છે.

ખરી રીતે વિચારતાં આ વાત વિદેશીઓએ જાણી જોઈને નાસ્તિકવાદના પાયા મજબૂત કરવા માટે કેવળ કલ્પના અને અડસટ્ટા ઉપર નિર્ભર બનીને ઉપજાવેલી છે. કેમ કે આજે પ્રયોગ દ્વારા પૃથ્વી ગોળ કે ફરતી હોવાની એક પણ બાબત તર્કશુદ્ધ ટકતી નથી. તેથી આધુનિક ભૂગોળની માન્યતાઓ સામે જૈનધર્મનાં નક્કર સત્યો દીવાદાંડી રૂપ કે લાલબત્તી રૂપ છે.

વિજ્ઞાનવાદીનો આશ્રય લઈને નાસ્તિકવાદમાં પરિણમનારી આજની ભૌગોલિક બાબતો હકીકતમાં નક્કર નથી. આ વાત ઊંડી સમજણના પરિણામે સમજાય તેવી છે. એટલે આપણે એ વિચારવાનું છે કે જો પૃથ્વી અદ્ધર આકાશમાં લટકતો સૂર્યમાળાનો ગ્રહ જ હોય અને તે સૂર્યની આસપાસ કલાકના ૧,૧૦૦ માઈલ (દૈનિક ગતિ), ૬૬,૦૦૦ માઈલ (વાર્ષિક ગતિ) થી અને ૭,૨૦,૦૦૦ માઈલ (સૂર્યની ગ્રહમાળા સાથે પોતાની ગતિ) થી ઝપાટાબંધ ફરતો હોય તો પછી પુનર્જન્મ, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરે એ બધું હંબગ જ ને ! અને જો તેમજ હોય તો પુણ્ય પાપ કે ધર્મ અધર્મ કે આત્મા પરમાત્મા જે કે ભારતીય - સંસ્કૃતિના તાણાવાણા રૂપ છે તે બધું અશ્રદ્ધેય થયું ને...!

આ રીતે વિદેશીઓએ ડબલ સોગઠી મારી કે શિક્ષણ - ક્ષેત્રે પોતાની મન-ઘડંત રીતિ રિવાજો + નીતિ અપનાવી પોતાની રાજસત્તાનો પગદંડો મજબૂત કર્યો અને પ્રજાના માનસમાંથી પ્રાણ પ્રિય સંસ્કૃતિને ભૂસવાની કુચેષ્ટા કરી જેમાં કાળ બળે પાશ્ચાત્યો ઘણે ખરે અંશે ફાવ્યા હોય, તેમ અત્યારે લાગે છે. આ રીતે "આધુનિક ભૂગોળ" એ ખરેખર ધર્મ સંસ્કૃતિના પાયાને હચમચાવવા માટે કાતિલ સુરંગના જેવી બીજી ઘણી વસ્તુઓની જેમ વિષમ અનર્થકર વસ્તુ છે.

સુજ્ઞ વિવેકી જનતાએ ખૂબ જ વ્યવસ્થિત પણે ભારતીય સંસ્કૃતિનાં તત્ત્વોનો માર્મિક પરિચય મેળવી, જગતનાં પ્રાણીમાત્રનું હિત જેમાં સમાયેલું છે તેવી સર્વ હિતકર આર્ય-સંસ્કૃતિના પાયાને સુદૃઢ રીતે ટકાવવા વિવિધ પ્રયત્નો કરી વર્તમાનની ભૂગોળની ભ્રામક માન્યતાઓને ઝીણવટથી તપાસી સત્ય તત્ત્વને જાહેરમાં આણવા પ્રયત્ન કરવો જોઈએ.

("તત્ત્વજ્ઞાન સ્મરિકા"માંથી સાભાર...)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩. આજની ભૂગોળ - ખગોળ પર વિમર્શ...

લે. પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિજી મ.સા.

☞ આજની અંદાજ અને કલ્પનાના ઘોડા પર આરૂઢ થઈ કલ્પી કઢાયેલી ભૂગોળ - ખગોળ નવી પ્રજાનાં મન બહેકાવી નાંખે છે અને પ્રાચીન આર્ય મહર્ષિઓએ અહિંસા, સંયમ અને તપથી પ્રાપ્ત કરેલ દિવ્ય દૃષ્ટિથી નિહાળેલ વાસ્તવિક ભૂગોળ -ખગોળ પર અશ્રદ્ધા કરાવી દે છે પરિણામે આધુનિકોને એ વિચારવા શક્તિ પણ નથી તો પછી આધુનિક માન્યતાઓ પર ઊઠતા સવાલોનું કેમ ? દા.ત. આજની માન્યતા કહે છે કે પૃથ્વી દડા જેવી ગોળ છે. એમ કહે છે તો સવાલ એ છે કે ઉત્તર અમેરિકાનો માનવી દક્ષિણ - અમેરિકામાં જાય ત્યારે એ દક્ષિણ ગોળાર્ધ પર ઊપરની અપેક્ષાએ શું હવામાં લટકતો ચાલે છે ? દા.ત. અહીં જ કોઈ બહુ મોટા ગોળા ઉપર ચાલતો ચાલતો આગળ વધી નીચેના ગોળાર્ધ પર ચાલી શકશે ?

અગર કહો કે ગુરુત્વાકર્ષણથી પૃથ્વીના નીચેના ગોળાર્ધ પર વાંધો ન આવે તો જ્યારે નીચેના ગોળાર્ધ પર માણસ ઊંચો કૂદકો મારે ત્યારે તો એ ગુરુત્વાકર્ષણથી વધુ બળવાળો થવાથી જ ઊંચે કૂદી શક્યો. એટલે કે, ગુરુત્વાકર્ષણની ઝડપમાંથી બહાર નીકળી ગયો તો પછી એ નીચે આકાશમાં જ પડે ને....? વળી આજની માન્યતા મુજબ ચંદ્ર પૃથ્વી પર ખેંચાઈ નથી આવતો. એ પરસ્પરના ગુરુત્વાકર્ષણના લીધે છે, તો ચંદ્રની પેલી બાજુ ખેંચી રાખનાર બીજો ગ્રહ માનવો પડે. જો એમ હોય તો સમગ્ર ગ્રહોના બ્રહ્માંડ વર્તુળની પરિધિ પર છેડે રહેલા ગ્રહોને હવે ઉપરની બાજુ ખેંચી રાખનાર ગ્રહો નથી. તો એ કેમ અંદરની બાજુનાં ગ્રહોથી પોતાના તરફ ખેંચાઈ ન જાય ? પૃથ્વી અને ગ્રહોને થાળી જેવો ગોળ માનનારને આવી આપત્તિઓ નથી.... વળી કહે છે "પૂર્વમાંથી પશ્ચિમ તરફ જનારુ વહાણ ફરીને પૂર્વમાં જ આવે છે માટે પૃથ્વી ગોળ છે - તો સવાલ એ છે કે એમ ઉત્તરથી દક્ષિણ તરફ જનારુ વહાણ કેમ કરીને ફરીને ઉત્તરમાં નથી આવતું ? એ જ બતાવે છે કે **પૃથ્વી ચારે તરફથી ગોળ નથી.**"

આજની માન્યતામાં પૃથ્વી ઘરી ઊપર ફરી રહી છે. પૂર્વથી પશ્ચિમ તરફ ફરે છે તો સવાલ એ છે કે સૂર્યની વિમુખ ભાગ ફરતો ફરતો સૂર્યની સન્મુખ આવ્યો ત્યારે સૂર્યોદય થયો એ વખતે ધોળો સૂર્ય લાલ કેમ દેખાય છે ? તે પાછો થોડી જ વારમાં સફેદ કેમ દેખાય છે ? તો પછી સાંજે તો દિવસના તપેલું વાતાવરણ સૂર્યાસ્ત તરફ જાય છે તો એ વખતે પાછો સૂર્ય કેમ લાલ દેખાય છે ? પૃથ્વી સ્થિર માનનારને સૂર્યને ફરતો માનનાર તો કહી શકે કે સૂર્ય ઉદયાચલની કિનારીની અંદર હોય ત્યારે સૂર્યનાં કિરણ લાલ ઉદયાચલ પર પડી રિફલેકશન પ્રત્યાઘાતો થતાં જે લાલ પ્રતિકિરણ ઊઠે છે. એમાંથી નીચેના પૃથ્વીના માનવીને સૂર્ય લાલ દેખાય એ સહજ છે. તે થોડી વારમાં સૂર્ય ઉદયાચલની કિનારીની બહાર નીકળી આવતાં હવે સૂર્યનાં કિરણો પર્વત પર અથડાઈ થતાં રિફલેક્શન પેલી બાજુ જવાનાં.... તેથી અહીંથી સૂર્ય સફેદ દેખાય એ સહજ છે.

આજની માન્યતા ચંદ્રને તેજ વિનાનો ચળકતો (ભાસ્વર) પદાર્થ કહે છે. જે સૂર્યનાં કિરણ ઝીલી એનું રિફલેક્શન પૃથ્વી પર પાડે છે તેથી ચંદ્ર પ્રકાશમય દેખાય છે. પરંતુ આના પર સવાલ એ છે કે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી બીજ-ત્રીજના ચંદ્રનું રિફ્લેક્શન ક્ષેત્ર પૂનમના ચંદ્રના રિફ્લેક્શન ક્ષેત્રે જેટલું સમાન કેમ બની શકે? ઊભા દર્પણના ઊપરના થોડા જ ભાગ ઊપર દીવાનો પ્રકાશ પડતો હોય તો ત્યાંથી રિફ્લેક્શન થનાર નીચે ઓછી જમીન ઊપર જ પથરાવાનું અને સંપૂર્ણ દર્પણ પર દીવાનો પ્રકાશ પડતો હોય તો તેનું રિફ્લેક્શન ક્ષેત્ર મોટું થવાનું... અસલમાં ચંદ્રનું પોતાનું જ તેજ હોવાથી એના નાના ભાગનાં કિરણ મોટા ભાગના કિરણના સમાન જ ક્ષેત્ર પર પ્રકાશ ફેંકનાર માત્ર પ્રકાશની ઘનતામાં ફરક પડવાનો.

વળી કહે છે સ્ટીમર દૂરથી આવતી હોય ત્યારે પહેલાં એની ઉપરનો સઢ દેખાય પછી એ કિનારા તરફ આગળ વધતાં સઢનો નીચેનો ભાગ એમ ધીરે ધીરે આખી સ્ટીમર દેખાય. એ સૂચવે છે કે પૃથ્વી ગોળ છે. પરંતુ અહીં સવાલ છે કે તો પછી દૂરથી ટ્રેન આવતી હોય એમાં એ પ્રમાણે કેમ નથી દેખાતું કે પહેલાં ઊપરનો ભાગ પછી નીચેનો પછી એની નીચેનો એમ કેમ નથી દેખાતું?

વળી જો પૃથ્વી ગોળ અને ફરતી હોય તો ઝાડ પરથી પંખી પૂર્વ તરફ કલાકના ૧૦ માઈલની સ્પીડથી ઊડ્યું. આજની માન્યતા મુજબ પૃથ્વી પોતાની ધરી પર કલાકના લગભગ ૧,૧૦૦ માઈલની ઝડપે પૂર્વથી પશ્ચિમ તરફ ગોળ ફરી રહી છે. હવે વિચારો પંખી વિરુદ્ધ દિશા તરફ કલાક ઊડ્યું, તો એ ઝાડથી કેટલે દૂર ગયું?... અહીં એમ દલીલ કરવામાં આવે છે કે જેમ ચાલતી ટ્રેનના ડબ્બામાં માખી અંદરના ચાલતા વાતાવરણ સાથે ઊડે છે તેથી ચાલતી ટ્રેનથી દૂર જતી નથી. એમ અહીં પંખી પૃથ્વી સાથે ચાલતાં ઝાડથી બહુ દૂર ન જાય. પરંતુ એ માખી તો બંધિયાર ડબ્બામાં ઊડે છે તેથી દૂર નથી પડતી કિન્તુ માનો કે ટ્રેન , ડબ્બાની પર બેઠેલી માખી ચાલુ ટ્રેનથી વિરુદ્ધ દિશામાં ઊડે તે જ ટ્રેનની બહાર ટ્રેન સાથે ચાલતા વાતાવરણમાં ઊડી તો ટ્રેન મિનિટના $0\frac{1}{2}$ માઈલની સ્પીડથી જતી હોય. તે માખી પણ એટલી જ સ્પીડથી વિરુદ્ધ દિશામાં ઊડે તો ૧ મિનિટમાં એ પેલા ટ્રેન-ડબ્બાથી ૧ માઈલ દૂર જાય કે નહિ? આમ સામ સામી દિશામાં દોડતી બે ટ્રેન ડબલ અંતર પામે જ છે. આ જ હિસાબે પેલું પંખી પણ ઝાડ પરથી આકાશમાં વિરુદ્ધ દિશામાં ઊડેલું. ૧ કલાકમાં એ ઝાડથી ૧૦૦ માઈલ દૂર જાય કે નહીં? હકીકતમાં એમ બનતું નથી. તેથી પૃથ્વીની પોતાની ધરી પર ફરવાની વાત ખોટી ઠરે છે.

વળી પૃથ્વી દડા જેવી ગોળ છે. તેના હિસાબે ઉત્તર ધ્રુવમાં ૬ મહિના રાત્રી, ૬ મહિના દિવસ માનવામાં આવે છે પરંતુ દક્ષિણ ધ્રુવમાં ય એ પ્રમાણે હોવાનું ક્યાં શોધાયું છે? વળી આજનું વિજ્ઞાન પૃથ્વીને સ્થિર - સૂર્યની આસપાસ ફરતી માને છે. પરંતુ એમ જો હોય તો ઉત્તરધ્રુવનો સ્થિર તારો બારે મહિના બરાબર એક જગ્યાએ ઉત્તર દિશામાં જ શી રીતે જોવા મળે? એ તો જો પૃથ્વી થાળી જેવી ગોળ હોય અને સ્થિર હોય તેમજ સૂર્ય ચંદ્ર પ્રદક્ષિણા દેતા હોય તો જ ઉત્તર ધ્રુવનો તારો બારે માસ એક જ સ્થાને જોવા મળે. તેમ પેલું પંખી કલાકમાં ૧૦ માઈલ ઊડવામાં પોતાના મુકામથી એટલી જ દૂર જવાનું બની શકે? તેમજ બીજાના પ્રતિ પ્રકાશ ક્ષેત્ર કરતાં પૂનમનું પ્રકાશ ક્ષેત્ર વધે નહિ તાત્પર્ય - પૃથ્વી દડા જેવી ગોળ - પૃથ્વી એની ધરી પર ફરતી તેમજ સૂર્યની આસપાસ ફરતી રહેવાની માન્યતાઓ ખોટી છે.

("તત્ત્વજ્ઞાન સ્મારિકા" માંથી સાભાર....)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪. જૈન માન્યતા અને વિજ્ઞાનની માન્યતા વચ્ચે ભિન્નતા

☞ વાચકોને જૈન માન્યતા અને વિજ્ઞાનની માન્યતા વચ્ચે કેવી ભિન્નતા છે તેનો તરત ખ્યાલ આવે માટે અહીં જરૂર પૂરતી થોડી વિગતો આપી છે.

સૂચના : અહીં બ્લેક એટલે મોટા ટાઈપનું લખાણ જૈનદર્શનની માન્યતાને જણાવે છે અને નોર્મલ ટાઈપનું લખાણ વિજ્ઞાનની માન્યતાને જણાવે છે.

૧. **જૈન દર્શન આત્મા, કર્મ, પરલોક અને મોક્ષ આ ચારેયના શાશ્વત અસ્તિત્વને સ્વીકારે છે.**

☞ જ્યારે પરદેશનાં બધાં દર્શનો અને વૈજ્ઞાનિકો આ ચારેયના અસ્તિત્વને બરાબર સ્વીકારતાં નથી.

૨. **જૈન દર્શન દેવ-દેવીઓથી યુક્ત એવા દેવલોકને એટલે દેવોના વસવાટ સ્થાનને માને છે. એમાં બે પ્રકારના દેવોનું સ્થાન ધરતી-પાતાલમાં છે અને બે પ્રકારના દેવાનું સ્થાન આકાશમાં-અસંખ્ય અબજો માઈલના વિસ્તારમાં રહેલું છે.**

☞ જ્યારે વૈજ્ઞાનિકો દેવલોકને જ માનતા નથી પછી આગળ વાત જ ક્યાં કરવાની રહી !

૩. **જૈનો આ ધરતીની નીચે ભૂગર્ભમાં અબજોના અબજો માઈલના દીર્ઘ અવકાશમાં સાત નરક પૃથ્વીઓ છે એવું માને છે.**

☞ જ્યારે પરદેશના અજૈન દર્શનો કે વૈજ્ઞાનિકો આ ધરતીની નીચે નરક જેવી વસ્તુ છે એવું માનતા જ નથી.

૪. **આપણે એક લાખ યોજન જંબૂદ્વીપના કેન્દ્રમાં આવેલ મેરુપર્વત અને મહાવિદેહને તથા તેના છેડે આવેલા ભરત ક્ષેત્રને પણ માનીએ છીએ.**

☞ જ્યારે વિજ્ઞાનને ત્યાં જંબૂદ્વીપ જેવી કોઈ માન્યતા જ નથી, એનું સ્વપ્નું પણ નથી એટલે મેરુપર્વત વગેરેની વાત જ ક્યાં કરવાની રહી !

૫. **આપણે અત્યારે જે ધરતી ઉપર રહ્યા છીએ એ ધરતીની નીચે હજારો માઈલ ગયા બાદ આપણી ધરતીને છેડે જ જોડાયેલી સાત નરકપૃથ્વી પૈકી પહેલી નરક પૃથ્વી રહેલી છે. આ જ પૃથ્વીમાં ભવનપતિ અને વ્યંતર દેવો રહેલા છે.**

☞ જ્યારે વિજ્ઞાન આપણી ધરતીની જોડે જોડાયેલી કોઈ જંગી પૃથ્વી છે એવું સ્વીકારતું નથી એટલે નરકો જેવી સૃષ્ટિ નીચે છે એનું એને સ્વપ્નું પણ ના આવે.

૬. **આપણે (જૈનો), વૈદિક હિન્દુ ગ્રન્થો, બૌદ્ધ ગ્રન્થો અને ઈસુખ્રિસ્તનું લખેલ બાઈબલ વગેરે પ્રાચીન બધા ધર્મો "પૃથ્વી સ્થિર છે અને સૂર્ય ચંદ્ર ફરે છે" એવું જણાવે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☞ જ્યારે વિજ્ઞાન પૃથ્વીને ફરતી અને ગોળાકાર માને છે અને સૂર્ય-ચંદ્ર વગેરે સ્થિર છે એમ માને છે.

૭. **જૈન મતે આકાશમાં દેખાતા સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા જે દેખાય છે તે બધા જ સ્ફટિકરત્નનાં તેજસ્વી વિમાનો હોવાથી દેખાય છે અને તેની અંદર અસંખ્ય દેવ-દેવીઓ આમોદ પ્રમોદમાં જીવન વીતાવી રહ્યા છે. અનાદિથી અનંતકાળ સુધી આ વિમાનો ઘૂમતાં જ રહેવાનાં છે એમ માને છે.**

☞ જ્યારે વિજ્ઞાન આકાશમાં દેખાતા ચમકતા સૂર્યાદિ ગ્રહો વગેરેને વિમાનો છે એવું માનતા નથી. સૂર્યને અગ્નિનો ધગધગતો ગોળો માને છે. ચંદ્ર, મંગળ વગેરે ખડકો, પહાડો વગેરેના બનેલ છે એમ માને છે. ત્યાં કોઈ સજીવ વસ્તુ નથી, દેવ-દેવી, પ્રાણી, વનસ્પતિ કે નાનું - મોટું કોઈપણ જાતનું ચૈતન્ય જીવન નથી એમ માને છે.

૮. **ચંદ્ર સ્વયં પ્રકાશિત છે, ચંદ્રનું વિમાન સ્ફટિકરત્નનું બનેલું છે એમ એ મહાન રત્નનો મહાન પ્રકાશ જ ધરતી ઊપર આવે છે જૈનો એવું માને છે.**

☞ જ્યારે વિજ્ઞાન એ ચંદ્રને પૃથ્વીથી છૂટો પડેલો ટૂકડો છે એમ માને છે. ચંદ્ર ખડકો, પથ્થરનો બનેલો છે એટલે તેઓ ચંદ્રને સ્વયં નિસ્તેજ માને છે. ત્યારે ચંદ્રમાં પ્રકાશ દેખાય છે તેનું શું કારણ ? તેના કારણમાં કહે છે કે સૂર્યનું તેજ ચંદ્ર ઉપર પ્રતિબિંબિત થાય છે અને તેથી ચંદ્ર પ્રકાશિત થાય છે.

૯. **આપણી આ ધરતીથી ઊંચે હજારો માઈલ દૂર જઈએ ત્યારે જ્યોતિષચક્ર આકાશમાં પથરાયેલું આવે છે. સેંકડો માઈલના ક્ષેત્રમાં રહેલા જ્યોતિષચક્રને વટાવીને આગળ જઈએ તો અસંખ્યાતા માઈલ ગયા પછી સ્થિર એવા બાર દેવલોક પૈકીના પહેલા દેવલોકના વિમાનોની શરૂઆત થાય છે. પહેલા દેવલોકથી લઈ આ વિમાનો અસંખ્યોના અસખ્યો માઈલ ઊંચા રહેલાં છે અને તે એકબીજાથી ખૂબ જ દૂર દૂર હોય છે. બાર દેવલોક, તે પછી નવ ગ્રેવેયક દેવો અને તે પછી ૫ અનુત્તર વિમાન આમ ૨૨ પ્રકારના દેવોનો વસવાટ પૂરો થઈ જાય, તે પછી ફક્ત અનુત્તરના મધ્યસ્થ વિમાનની જગ્યાથી બાર યોજન એટલે ૪૮ ગાઉ દૂર અનંત જ્યોતિરૂપ મોક્ષનું સ્થાન રહેલું છે. તેની નીચે એ સ્થાનનું સૂચન કરતી ૪૫ લાખ યોજન જાડી મહાન સિદ્ધશિલા આકાશમાં અદ્ધર રહેલી છે. (આટલી મોટી વિશાળ જંગી સિદ્ધશિલા આકાશમાં નિરાધાર રહી છે.)**

☞ જ્યારે ઉપરોક્ત વિગતોનું જાણપણું આજના વિજ્ઞાનને જરા પણ થયું નથી. અબજો જ નહિ પણ અસંખ્યવાર અબજોના અબજો માઈલમાં ઊંચે ઊંચે આકાશ કે અવકાશ વિસ્તાર પામેલું છે, એ બાબતમાં વૈજ્ઞાનિકોને ખ્યાલ મળ્યો છે કે કેમ ? તે એક મોટો પ્રશ્ન છે.

૧૦. **જૈનમતે જ્યોતિષચક્ર આપણી ધરતીથી ઊંચે ૭૯૦ યોજન ગયા પછી શરૂ થાય છે અને ૧૧૦ યોજનમાં ગ્રહો, નક્ષત્ર, તારા બધું સમાપ્ત થાય છે.**

☞ જ્યારે વિજ્ઞાન એ પ્રમાણે માનતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. જૈનો ગ્રહોને ઉપરાઉપરી રહેલા માને છે અને એક ગ્રહથી બીજા ગ્રહ વચ્ચે બહુ જ ઓછું માપ દર્શાવે છે.

☞ જ્યારે વિજ્ઞાન પ્રાયઃ ગ્રહોને ઉપરાઉપરી છે, એવું ઓછું માને છે અને એક ગ્રહથી બીજા ગ્રહ વચ્ચે લાખો, કરોડો, અબજો માઈલનું અતંર બતાવે છે.

૧૨. જૈનો સૂર્ય, ચંદ્ર વગેરેનું જ્યોતિષચક્ર મેરુપર્વતને પ્રદક્ષિણા આપતું અવિરત ગતિ કર્યા કરે છે એમ માને છે.

☞ જ્યારે વિજ્ઞાને આ બધાના કેન્દ્રમાં સૂર્ય માન્યો છે. સૂર્યને કેન્દ્રીય રાજા બનાવ્યો છે અને તમામ ગ્રહો સૂર્યને ફરતા બતાવ્યા છે. જેને વૈજ્ઞાનિકો સૂર્યમંડળ કે સૂર્યમાળા કહે છે.

("संग्रहणीरत्नम्"માંથી સાભાર...)

૧૫. "ભારત વર્ષ"નું નામકરણ

☞ જંબૂદ્વીપના પ્રથમ વર્ષ અથવા ક્ષેત્રનું નામ 'ભારત વર્ષ' છે. એનું નામ કેવી રીતે પડ્યું, એ વિષયમાં જૈન માન્યતા એ છે કે આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવના સો પુત્રોમાંથી જ્યેષ્ઠ પુત્ર ભરત કે જે પ્રથમ ચક્રવર્તી હતા, એમણે આ ક્ષેત્રમાં સર્વ પ્રથમ રાજ્ય - સુખ ભોગવ્યું, આ કારણે આ ક્ષેત્રનું નામ "ભારત વર્ષ" પ્રસિદ્ધ થયું. શ્રીમદ્ ઉમાસ્વાતિરચિત **તત્ત્વાર્થ - સૂત્ર**ના મહાન્ ભાષ્યકર શ્રીમદ્ અકલંક દેવ **ત્રીજા અધ્યાયના દશમાં સૂત્ર**ની વ્યાખ્યા આપતાં લખ્યું છે કે -

भरतक्षत्रिययोगाद्वर्षो भरत : विजयार्धस्य दक्षिणतो जलधेरुत्तरतः गंगा - सिन्ध्वोर्बहुमध्यदेशभागे विनीता नाम नगरी । तस्यामुत्पन्नः सर्व राजलक्षणसम्पन्नो भरतो नामाद्यश्चक्रधरः षट्खण्डाधिपति : अवसर्पिण्या राज्य विभाग काले तेनार्दी भूक्तत्वात्, तद्योगाद् 'भरत" इत्याख्याते वर्ष : ।।"

હિંદુઓના પ્રસિદ્ધ **માર્કણ્ડેય - પુરાણ**માં પણ વ્યાસ મહર્ષિએ ઉક્ત કથનનું સમર્થન કરતા **તેરમા અધ્યાય**માં કહ્યું છે -

ऋषभाद् भरतो जज्ञे वीर : पुत्रशताद्वरः । सोऽभिषिच्यर्षभः पुत्रं, महाप्राव्राज्यमास्थितः ।।४९।।
तपस्तेपे महाभागः पुलहाश्रमसंश्रयः । हिमाह्वं दक्षिणं वर्ष, भरताय पिता ददौ ।। ४२ ।।
तस्मात्तु भारतं वर्ष तस्य नाम्ना महात्मनः ।। ४३ ।।

અર્થાત્ - ઋષભથી ભરત પેદા થયો, જે એમના સૌ પુત્રમાંથી સર્વશ્રેષ્ઠ હતો. એના રાજ્યાભિષેક કરીને ઋષભ મહાનુભાવ પ્રવ્રજિત થઈને પુલહાશ્રમમાં તપ તપવા લાગ્યા. જંબૂદ્વીપના હિમ નામનું દક્ષિણક્ષેત્ર પિતાએ ભરતને આપ્યું એને કારણે એ મહાત્માના નામથી તે ક્ષેત્ર "ભારત વર્ષ" કહેવાવા લાગ્યું.

આ સિવાય **"જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ"** માં 'ભરતક્ષેત્ર' આ નામનાં વધુ બે કારણ પણ પ્રતિપાદિત કરવામાં આવ્યાં છે. (૧) એ ક્ષેત્રના અધિષ્ઠાયકદેવનું નામ ભરત છે. (૨) આ નામ શાશ્વત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬. પલ્યોપમ અને સાગરોપમનું સ્વરૂપ

☞ **તા.ક.** આ ગ્રંથમાં ભવનપતિ વગેરે દેવોના આયુષ્ય પ્રસંગે તથા અન્ય પદાર્થોનાં વિવરણ પ્રસંગે પલ્યોપમ, સાગરોપમ, પુદ્ગલ - પરાવર્ત વગેરે શબ્દોનો ઉલ્લેખ આવ્યો હતો, જો કે સમાન્ય રીતે અસંખ્યાતા વર્ષનો ૧ પલ્યોપમ અને ૧૦ કોડાકોડી પલ્યોપમનો ૧ સાગરોપમ થાય છે. પરંતુ અસંખ્ય સંખ્યા કેટલી મોટી છે ? તથા પલ્યની ઉપમા દ્વારા અને સાગરની ઉપમા દ્વારા એ કાળ પ્રમાણો કેવી રીતે લાવી શકાય છે તે સમજવું ખૂબ જ જરૂરી હોઈ ગ્રન્થાંતરથી તેનું વિસ્તૃત સ્વરૂપ અહીં આપવામાં આવે છે.

આ જ વિભાગમાં આવેલ ૧. જૈન માન્યતાનુસારે લોકવર્ણનમાં બતાવેલ (૧.૧૬) કાળ-માપમાં પલ્યોપમ (૬ પ્રકારે) કહેવાયું છે તે આ પ્રમાણે જાણવું - (૧) ઉદ્ધાર પલ્યોપમ, (૨) અદ્ધા પલ્યોપમ, (૩) ક્ષેત્ર પલ્યોપમ, તે પ્રત્યેકના સૂક્ષ્મ-બાદર એમ ૨-૨ ભેદ કરતાં એકંદરે ૬ ભેદ થાય છે. એ જ રીતિએ સાગરોપમના પણ ૬ પ્રકાર સમજવા....

☞

(૧) બાદર ઉદ્ધાર પલ્યોપમ

ઉત્સેધાંગુલના માપ વડે[૧] (પ્રમાણ વડે) બનેલા ૧ યોજન (૪ ગાઉ) ઊંડા ઘનવૃત્ત કૂવાને (લંબાઈ, પહોળાઈ અને ઊંડાણ ત્રણેનું પ્રમાણ સમાન હોવાથી ઘનવૃત્ત કહેવાય છે.) જેનો પરિધ ૩$\frac{1}{6}$ યોજન લગભગ થાય છે, તે કૂવાને સિદ્ધાંતોક્ત અભિપ્રાયે મહાવિદેહ ક્ષેત્રવર્તી મેરુપર્વતની સમીપમાં આવેલા દેવકુરુ અને [૨]ઉત્તરકુરુક્ષેત્રનાં યુગલિક મનુષ્યોના મુંડાવેલા [૩]મસ્તકના એકથી સાત દિવસનાં ઊગેલા [૪]વાલાગ્ર વડે ભરવો.

પ્રવચન સારોદ્ધાર અને સંગ્રહણીવૃત્તિમાં તો મસ્તક મુંડાવ્યા બાદ એક, બે યાવત્, ઉત્કૃષ્ટથી સાત દિવસના ઊગેલા વાલાગ્રો લેવા એટલું જ માત્ર કથન કરેલું છે એટલે કે અમુક ક્ષેત્રાશ્રયી લેવાનું સૂચવ્યું નથી. **ક્ષેત્રસમાસસ્વોપજ્ઞવૃત્તિ**ના અભિપ્રાયે દેવકરુ-ઉત્તરકુરુનાં ઉત્પન્ન થયેલા (આ ક્ષેત્રવર્તી યુગલિકોના વાળ સૂક્ષ્મ છે માટે) સાત દિવસના ઘેટાના[૫] એક ઉત્સેધાંગુલ પ્રમાણ એક જ રોમના ૭ વાર, આઠ-આઠ ખંડ કરીએ ત્યારે ૧ ઉત્સેધાંગુલ માપના ૧ વાળના સર્વ મળીને ૨૦,૯૭,૧૫૨ રોમ ખંડ થાય આવા અતિ સૂક્ષ્મ કરેલા રોમખંડો વડે આ પલ્ય ભરવો ઈત્યાદિ સાંપ્રદાયિક (ગુરુ-પરંપરાનો) અર્થ છે.

---

(૧) આપણું ચાલુ માપ તે...

(૨) આ અભિપ્રાય **ક્ષેત્રસમાસ** ને **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ**ની વૃત્તિનો છે. તેમજ જિનભદ્રગણી ક્ષમાશ્રમણનો પણ એ જ અભિપ્રાય છે.

(૩) યુગલિકોને મુંડન હોતું નથી પણ દૃષ્ટાંત ખાતર જણાવ્યું છે.

(૪) વાલાગ્ર એટલે વાળનો અગ્ર ભાગ એમ નહિ પણ "અમુક પ્રમાણ વાળ" લેવો, એટલે ૧ થી ૭ દિવસ સુધીના વધેલા વાળ તે વાલાગ્ર.

(૫) વિવક્ષિત એક રોમના પ્રથમવાર ૮ ખંડ કર્યા - તેને બીજીવાર દરેક ૮ ખંડના આઠ-આઠ વાર કટકા કર્યા ત્યારે ૬૪,૬૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ૧ ઉત્સેધાંગુલ પ્રમાણ વાળના સાત-સાત વાર આઠ-આઠ ટૂકડા કરીને, તે પલ્યને ખીચોખીચ ભરતાં, એક ઉત્સેધાંગુલ પ્રમાણ જાડા પલ્યના તળિયાના ક્ષેત્રમાં ૨૦,૯૭,૧૫૨ રોમખંડો સમાય... એકેક અંગુલના કરેલા રોમખંડોની રાશિને ચોવીસ અંગુલનો એક હાથ હોવાથી ૨૪ ગણા કરીએ તો એક હાથ જેટલી, જગ્યામાં ૫,૦૩,૩૧,૬૪૮ (૫ ક્રોડ, ૩ લાખ, ૩૧ હજાર, છસ્સોને ૪૮) રોમખંડો સમાય. પુનઃ એને ૪ હાથનું ધનુષ્ય હોવાથી ૪ ગણા કરીએ તો ૨૦,૧૩,૨૬,૫૯૨ (૨૦ ક્રોડ, ૧૩ લાખ, ૨૬ હજાર, પાંચસો ને ૯૨) રોમખંડો ૧ ધનુષ્ય પલ્યક્ષેત્રમાં સમાય, પુનઃ તેને જ ૨૦૦૦ ધનુષ્યનો ગાઉ થતા હોવાથી ૨૦૦૦ થી ગણા કરીએ ત્યારે ૪,૦૨, ૬૫,૩૧,૮૪૦૦૦ (૪ ખર્વ, ૨અબજ, ૬૫ ક્રોડ, ૩૧ લાખ, ૮૪ હજાર) રોમ રાશિ ૧ ગાઉ જેટલા પલ્યના ક્ષેત્રમાં સમાય... ચાર ગાઉનું ૧ યોજન હોવાથી ઉપરોક્ત સંખ્યાને ૪ ગણા કરીએ ત્યારે ૧,૬,૧૦,૬૧,૨૭,૩૬,૦૦૦ (૧ નિખર્વ, ૬ ખર્વ, ૧૦ અબજ, ૬૧ ક્રોડ, ૨૭ લાખ, ૩૬ હજાર) રોમખંડો ફક્ત એક પલ્યની ૧ યો. લાંબી શ્રેણીમાં સમાય. જ્યારે બીજા કેટલીક શ્રેણી ભરીએ ત્યારે તો ફક્ત કૂવાનું તળિયું જ ઢંકાય. તેથી તે સમગ્ર તળિયાને વાળાગ્રો વડે સંપૂર્ણ ભરવા માટે ૧,૬,૧૦,૬૧,૨૭,૩૬,૦૦૦ની ઉક્ત સંખ્યાનો વર્ગ કરીએ એટલે કે પુન) તેટલી જ સંખ્યાએ ગુણીએ ત્યારે ૨૫૯૪૦૭૩૩૮૫૩૬૫૪૦૫૬૯૬ રોખ ખંડો વડે કેવળ તળિયું જ પથરાઈ રહે. આટલી વાળ સંખ્યાએ એક જ પ્રતરરચના થઈ કહેવાય. પૂર્વોક્ત સંખ્યા પ્રમાણ બીજા વાળના પ્રતરો (પડો) ભરીએ તો સમગ્ર કૂવો ભરાઈ રહે. આ ગણત્રી ઘનવૃત્ત કરવાની હતી, પરંતુ અત્રે ઘનચોરસ કૂવાની થઈ ત્યારે હવે એ રોમખંડને તેટલા જ રોમખંડ વડે પુનઃગુણીએ તો ૪૧૭૮૦૪૭૬૩૨૫૮૮૧૫૮૪૨૭૭૮૪૫૪૦૨૫૬૦૦૦૦૦૦૦૦ આટલા રોમખંડો વડે ઘનચોરસ કૂવો ભરાય ઘન વૃત્ત કૂવો ભરવા માટે આવેલ સંખ્યાને [૬]૧૯ ગણી કરી ૨૪ વડે ભાગીએ તો ૩૩ ક્રોડ, ૭ લાખ, ૬૨ હજાર, ૧૦૪ કોડાકોડી કોડાકોડી, ૨૪ લાખ,, ૬૫ હજાર, ૬૨૫ કોડાકોડી કોડી, ૪૨ લાખ, ૧૯ હજાર, ૯૬૦ કોડાકોડી, ૯૭ લાખ, ૬૫ હજાર, ૬૦૦ ક્રોડ[૭] (૩૩૦૭૬૨૧૦૪ કોડાકોડી કોડાકોડી, ૨૪૬૫૬૨૫ કોડાકોડી કોડી, ૪૨૧૯૯૬૦ કોડાકોડી, ૯૭,૬૫,૬૦૦,૦૦૦૦૦૦૦) આટલી વાલાગ્રોની રાશિઓ વડે સંપૂર્ણ કૂવો ભરાઈ રહે. આ વાળોને ખીચો ખીચ ભરવાના ને તે એવી રીતે નિબિડ ખીચોખીચ ભરવા કે તે વાલગ્રને અગ્નિ પણ બાળી શકે નહિ. પાણી પલાળી શકે નહિ અને ચક્રવર્તી જેવાની મહાસેના તે વાલાગ્ર ઊપર સ્પર્શ કરતી પસાર થઈ જાય, તો પણ તે વાલાગ્ર નમે નહિ (દબાય નહિ) આવી રીતે વાલાગ્રોથી નિબિડ ભરેલા કૂવામાંથી એકેક સમયે એકેક વાલાગ્ર સમૃદ્ધત કરવો

ખંડમાં પ્રત્યેક ખંડમાં ત્રીજીવાર આઠ-આઠ ખંડ કરીએ ત્યારે ૫,૧૨, ચોથી વાર ૪,૦૧૬, પાંચમીવાર ૩૨,૭૬૮, છઠ્ઠીવાર ૨,૬૨,૧૯૪ અને સાતમી વાર કરીએ ત્યારે ૨૦,૯૭,૧૫૨ ખંડો, ૧ ઉત્સેધાંગુલ-પ્રમાણ એક વાળના થાય.

(૬) **શતક કર્મગ્રંથ ટીકા**ને વિષે ચોરસનું વૃત્ત કરવા માટે આ વિષયમાં ૧૯ વડે ગુણી અને ૨૨ વડે ભાગવાનું જણાવેલ છે.

(૭) જે માટે **લોકપ્રકાશ**માં કહ્યું છે કે -

त्रित्रिखाश्वरसाक्ष्याशावार्द्धयक्ष्यब्धिरसेन्द्रियाः । षट्द्विपञ्चचतुर्द्धर्यैकां - कांकषट्खांकवाजिनः ॥ १ ॥

पञ्च त्रीणि च षट् किञ्चः नवखानि ततः परः । आदितः पल्यरोमांशराशिसंख्यांकसंग्रहः ॥ २ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ અપહરવો, એમ સમયે સમયે વાલાગ્ર અપહરતાં જેટલા કાળે તે પલ્ય સર્વથા વાલાગ્રથી રહિત થાય તેટલા કાળને **"બાદર ઉદ્ધાર પલ્યોપમ"** કહેવાય છે.

કૂવા બહાર ઉદ્ધાર કરવાની મુખ્યતાથી આ નામ આપેલું છે. આ પલ્યોપમનું કાળમાન સંખ્યાતા સમય માત્ર છે કારણ કે, એકેક સમયે વાલાગ્ર કાઢવાનો છે. વાલાગ્રોની સંખ્યા મર્યાદાવાળી છે અને એક નિમેષમાત્રમાં અસંખ્યાતા સમય થઈ જાય છે. આ નિમેષ કાળ કરતાં પણ આ પલ્યોપમનો કાળ ઘણો અલ્પ છે. આ કાળ પ્રમાણ જગતની કોઈ પણ વસ્તુનો કાળ[૮] બતાવવામાં ઉપયોગી નથી કેવળ આગળ કહેવાતો સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ સુખેથી જાણી શકાય માટે જ બાદર ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે.

આવા ૧૦ કોડાકોડી બાદર-ઉદ્ધાર પલ્યોપમે ૧ **બાદર ઉદ્ધાર સાગરોપમ** થાય છે.

॥ इति बादर उद्धार पल्योपम स्वरूपम् ॥

(૨) સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ

પૂર્વે બાદર ઉદ્ધાર પલ્યોપમના નિરૂપણમાં જે પ્રમાણે કૂવો ભરેલો છે તેવી જ રીતે અહીં ભરેલો સમજવો. હવે એ કૂવામાં પૂર્વે જે સૂક્ષ્મ વાલાગ્રો ભર્યા હતા, એમાંના પ્રત્યેક વાલાગ્રોના બુદ્ધિમાન પુરુષોએ બુદ્ધિની કલ્પનાથી અસંખ્ય અસંખ્ય ખંડો કલ્પવા. દ્રવ્ય પ્રમાણથી તે રોમખંડો કેવા હોય ? તો વિશુદ્ધ લોચનવાળો છદ્મસ્થ જીવ જેવા સૂક્ષ્મ (અપેક્ષિક સૂક્ષ્મ) પુદ્ગલ સ્કંધને જોઈ શકે છે તેના સંખ્યાતમા ભાગ જેવડા સૂક્ષ્મ આ વાલાગ્રો હોય છે. ક્ષેત્રથી આ વાલાગ્રનું પ્રમાણ જણાવતાં કહે છે કે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય (નિગોદ) ના જીવનું શરીર જેટલા ક્ષેત્રમાં સમાઈને રહે તે કરતાં અસંખ્ય ગુણાધિક ક્ષેત્રમાં આ રોમખંડો સમાઈને રહી શકે છે. વળી અન્ય બહુશ્રુત ભગવંતો કથન કરે છે કે અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે વાલાગ્રો તે પર્યાપ્તા બાદર પૃથ્વીકાયના શરીર તુલ્ય હોય છે. આ સર્વે રોમખંડો પરસ્પર સમાન પ્રમાણવાળા અને સર્વ અનંત પ્રદેશાત્મક હોય છે.

આ પ્રમાણે પૂર્વની રીતિએ પૂર્વ પ્રમાણવાળા તે પલ્યને વિષે રહેલા જે વાલાગ્રો જેના સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું પ્રમાણ કાઢવા માટે (પ્રત્યેક) ના અસંખ્ય ખંડો કલ્પેલા છે, એ કલ્પેલા વાલાગ્રોમાંથી પ્રતિ સમયે ૧-૧- વાલાગ્રને પલ્યમાંથી બાહર કાઢીએ એમ કરતાં જેટલા કાળે તે પલ્ય વાલાગ્રો વડે ખાલી થઈ જાય... તે કાળને **"સૂક્ષ્મ-ઉદ્ધાર-પલ્યોપમ"** કહે છે. આ પલ્યોપમ સંખ્યાતા કોડ વર્ષ પ્રમાણનો છે.

આવા ૧૦ કોડાકોડી સૂક્ષ્મ[૯] ઉદ્ધાર પલ્યોપમ વડે ૧ **સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ** થાય છે. આ સૂક્ષ્મ

---

(૮) જે માટે કહ્યું છે કે - "एएहिं वावहारिय, उद्धारपालिओवमसागरोवमेहिं किं पउ(ओ)वणं ?
एएहिं वावहारिय उद्धारपलिओवमसागरोवमेहिं णत्थि किंचिप्पओयणं केवलं पन्नवणा पन्नविज्जइ ॥"
(अनुयोगद्वार सूत्र / गाथा - १०७)

(૯) સૂક્ષ્મ વાલાગ્રો વડે ઉદ્ધાર કરતાં કાળ પ્રમાણ નીકળતું હોવાથી આ નામ સાન્વર્થ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્ધાર પલ્યોપમ અને સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ વડે તિર્ચ્છાલોકવર્તી અસંખ્યાતા દ્વીપ સમુદ્રોની સંખ્યાની સરખામણી થઈ શકે છે. કારણ કે ૨૫ કોડાકોડી[૧૦] (૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦) સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યો.ના જેટલા સમયો છે તેટલા જ દ્વીપ સમુદ્રો છે એટલે તો ૨૫ કોડાકોડી કૂવાઓમાં પૂર્વરીતિએ કરેલા અસંખ્ય-અસંખ્ય ખંડવાળા રોમખંડોની જેટલી સંખ્યા થાય તેટલા દ્વીપ - સમુદ્રો છે. સાગરોપમ વડે અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો તેટલા દ્વીપ સમુદ્રો છે.[૧૧]

॥ इति सूक्ष्म उद्धार पल्योपमम् ॥

☞

(3) બાદર અદ્ધા પલ્યોપમ

પૂર્વ બાદર ઉદ્ધાર પલ્યોપમ વખતે જે માપના પલ્યમાં જે રીતે વાલાગ્રો ભર્યા હતા, તેવી જ રીતે અહીં પણ કલ્પના કરવી. તે વખતે એ પલ્યમાંથી પ્રથમ પ્રતિસમય ઉદ્ધાર ક્રિયા કરી હતી ત્યારે અહીં બાદર અદ્ધા પલ્યોપમ કાઢવા માટે, ૧૦૦-૧૦૦ વર્ષે ૧-૧ વાલાગ્ર કાઢવા એટલે કે ૧૦૦ વર્ષ થાય એટલે ૧ વાર ૧ વાલાગ્ર અપહરવો. બીજા ૧૦૦ વર્ષ થાય ત્યારે ૧ બીજો વાલાગ્ર બહાર કાઢવો. આ પ્રમાણે ક્રિયા કરતાં જ્યારે તે પલ્ય વાલાગ્રોથી રહિત થાય ત્યારે **બાદર ઉદ્ધાર પલ્યોપમ** થાય. આ પલ્યોપમ સંખ્યાતા ક્રોડ વર્ષો પ્રમાણ છે અને આનું નિરૂપણ આગળ કહેવાતા સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ સમજવાને માટે છે.

આવા ૧૦ કોડાકોડી બાદર અદ્ધા પલ્યોપમે એક બાદર અદ્ધા સાગરોપમ થાય છે. અહીં "અદ્ધા" એટલે સમયની સાથે સરખાવાતો કાળ.

॥ इति बादर अद्धा पल्योपमम् ॥

---

(૧૦) કોડાકોડી એટલે ક્રોડ સંખ્યાને એક ક્રોડે ગુણતાં જે સંખ્યા પ્રાપ્ત થાય તે સમજવી. જેમ ૧૦,૦૦,૦૦,૦૦૦ દશ ક્રોડને ૧,૦૦,૦૦,૦૦૦ એક ક્રોડે ગુણીએ તો ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (દશ કો.કો.) સંખ્યા આવે. (પરંતુ વર્ગ ગણિતની જેમ તેટલી સંખ્યાને તેટલાએ ગુણવા તેમ નહિ.)

(૧૧) "एएहिं सुहुमउद्धारपलिओवमसागरोवमेहिं दीवसमुद्दाणं उद्धारो घेप्पई" ॥ सिद्धांतेऽप्युक्तं - "केवइयाणं भंते ! दीप समुद्दा उद्धारेणं पन्नता ? गोयमा ! जावइआणं अड्ढाइज्जाणं उद्धारसागरोवमाणं उद्धार समया, एवइयाणं दीपसमुद्दा उद्धारेणं पन्नतं ॥"

★ अन्येप्याहु :- "जावइओ उद्धारो, अड्ढाइज्जाण सागराण भवे । तावइया खलु लोए, हवंति दीवा-समुद्दा य ॥"

(प्रवचन सारोद्धार / द्वार - १५९)

★ उद्धारसागराणं, अड्ढाइज्जाणं जत्तिया समया । एत्थ किर तिरियलोए दीवसमुद्धा उ एवइया ॥

(चैत्यवंदन महाभाष्य / गाथा - ६५७)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ

પૂર્વ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના પ્રસંગે પ્રત્યેક બાદર રોમખંડના જેવી રીતે અસંખ્યાતા અસંખ્યાતા ખંડો કલ્પ્યા હતા. તે જ પ્રમાણે અહીં પણ કલ્પવા (પલ્યપ્રમાણ પૂર્વવત્ સમજવું) કલ્પીને પ્રતિ સમયે નહિ કાઢતાં ૧૦૦-૧૦૦ વર્ષે ૧-૧ વાલાગ્ર કાઢવો, કાઢતાં-કાઢતાં જ્યારે તે કૂવો ખાલી થાય ત્યારે એક **"સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ"** થાય છે.

આવા ૧૦ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમે એક **સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ** થાય છે. આ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અથવા સાગરોપમ વડે નરક વગેરે ચારે ગતિના જીવોની આયુ:સ્થિતિ[૧૨] (ભવસ્થિતિ) તથા જીવોની સ્વકાય સ્થિતિઓ વગેરે મપાય છે.

॥ इति सूक्ष्म अद्धा पल्योपमम् ॥

(૫) બાદર ક્ષેત્ર પલ્યોપમ

પૂર્વે જે માપના વાલાગ્રો સાત વાર, આઠ આઠ ખંડ કરવા દ્વારા કૂવો ભરેલો છે તે જ પલ્યમાં રહેલા પ્રત્યેક રોમખંડોમાં અસંખ્ય અસંખ્ય આકાશ પ્રદેશો અંદર અને બાહરથી પણ સ્પર્શીને રહેલા છે અને અસ્પર્શીને પણ રહેલા છે. તેમાં સ્પર્શીને રહેલા આકાશ પ્રદેશો કરતાં નહિ સ્પર્શેલા આકાશ પ્રદેશો અસંખ્યાતગણા છે તે વાલાગ્રોથી સ્પૃષ્ટ બદ્ધ આકાશ પ્રદેશોને પ્રત્યેક સમયે એકેક બહાર કાઢીએ, કાઢતાં કાઢતાં સ્પર્શેલા સર્વ આકાશ પ્રદેશો જ્યારે ખાલી થાય ત્યારે તેટલો કાળ **બાદર ક્ષેત્ર પલ્યોપમ** કહેવાય છે. આ પલ્યોપમ અસંખ્ય કાળચક્રો પ્રમાણ હોય છે.

આવા ૧૦ કોડાકોડી બાદર ક્ષેત્ર પલ્યોપમે = ૧ **બાદર ક્ષેત્ર સાગરોપમ** થાય છે. આ બાદર પલ્યોપમ - સાગરોપમના કથનનું પ્રયોજન સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ સમજવા માટે જ છે.

॥ इति बादर क्षेत्र पल्योपमम् ॥

(૬) સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ

સૂક્ષ્મ બાદર ક્ષેત્ર પલ્યોપમ પ્રસંગે જેવા પ્રકારના વાલાગ્રોથી ઉક્ત પ્રમાણ પલ્ય ભરેલ છે તેવી જ રીતિએ ભરેલા પલ્યમાં પ્રત્યેક રોમખંડોની અંદર સ્પર્શેલા કે નહિ સ્પર્શેલા આકાશ પ્રદેશોનું વિવરણ કરેલ હતું. ચાલુ પ્રસંગે વિશેષ એટલું સમજવું કે વાલાગ્રો એટલા તો ખીચોખીચ ભરેલા છે કે પ્રચંડ વાયુથી પણ ઊડી શકે નહિ. તો પણ અગાધ જ્ઞાન દૃષ્ટિવાળા ત્રિકાલદર્શી પુરુષોને જે યથાર્થ દેખાયું, તે યથાર્થ પ્રકાશ્યું છે. નિબિડ રીતે ભરેલા અને અસંખ્યવાર ખંડિત કરી કલ્પેલા એ વાલાગ્રોમાં પણ એક વાલાગ્રથી બીજો વાલાગ્ર, બીજાથી ત્રીજો એમ સર્વના આંતરામાં અસંખ્ય આકાશ પ્રદેશો રહેલા છે. એથી ખરી રીતે જોવા જઈએ તો સ્પૃષ્ટ કરતાં અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો ઘણા (અસંખ્યાત ગુણા) મળી આવે.

(૧૨) જે માટે કહ્યું છે કે - "एएहिं सुहुमअद्धापलिओवमसागरोवमेहिं नेरयियतिरिक्खजोणिय-मणुयदेवाणं आउयाइं माविज्जंति" इति ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતિએ સ્પૃષ્ટાસ્પૃષ્ટ આકાશ પ્રદેશો બે પ્રકારના થયા. એક સ્પર્શેલા અને બીજા નહિ સ્પર્શેલા, બન્ને પ્રકારના આકાશપ્રદેશોમાંથી પ્રતિ સમયે સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ આકાશ પ્રદેશને અપહરતાં જયારે પલ્ય તે જ્ઞાનીની દૃષ્ટિએ સ્પૃષ્ટાસ્પૃષ્ટ બન્ને પ્રકારના આકાશ પ્રદેશોથી નિઃશેષ (ખાલી) થઈ જાય ત્યારે **"સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ"** થાય છે.

